ચોથી શ્રેણી

પુસ્તક ૫૦

તા. ૨૩મી ફેબ્રુઆરી , ૨૦૧૮
ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે
થી
તા. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૧૮
ફાલ્ગુન ૮, ૧૯૩૯ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## પહેલુ અધિવેશન

ગુજરાત વિધાનસભાના  અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 1 | 12 |
| અતારાંકિત પ્રશ્નો | 13 | 147 |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | 148 | 170 |
| **તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 171 | 181 |
| અતારાંકિત પ્રશ્નો | 182 | 264 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | 265 | 265 |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | 266 | 274 |
| ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | 275 | 287 |
| ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૧૮ | 288 | 298 |
| **તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ ફાલ્ગુન ૮, ૧૯૩૯ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | 299 | 308 |
| અતારાંકિત પ્રશ્નો | 309 | 391 |
| મંત્રીશ્રીના પ્રસ્તાવ | 392 | 392 |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮ | 393 | 417 |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | 418 | 418 |
| ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮ (ક્રમશ:) | 419 | 423 |
| ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮ | 424 | 433 |
| ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮ | 434 | 445 |

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે**

**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

ખેડા અને છોટાઉદેપુર જિલ્લાને નવી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી

* ૭૧૫ શ્રી કાંતિભાઇ પરમાર (ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર સરકારી, ખાનગી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ કેટલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે, અને

(૧)

| | | ખેડા | છોટાઉદેપુર |
|---|---|---|---|
| સરકારી | માધ્યમિક | ૧૭ | ૨૯ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૦૧ | ૦૬ |
| ખાનગી ગ્રાન્ટેડ | માધ્યમિક | ૧૧૫ | ૨૧ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૧૪૩ | ૪૨ |
| નોન ગ્રાન્ટેડ | માધ્યમિક | ૩૫ | ૧૬ |
| | ઉચ્ચત્તર | ૨૮ | ૦૮ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલી સરકારી, ખાનગી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ નવી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી?

(૨)

| | | ખેડા | છોટાઉદેપુર |
|---|---|---|---|
| સરકારી | માધ્યમિક | ૦૧ | ૦૫ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૦૦ | ૦૦ |
| ખાનગી ગ્રાન્ટેડ | માધ્યમિક | ૦૦ | ૦૦ |
| | ઉચ્ચત્તર માધ્યમિક | ૦૦ | ૦૦ |
| નોન ગ્રાન્ટેડ | માધ્યમિક | ૧૬ | ૧૨ |
| | ઉચ્ચત્તર | ૧૩ | ૦૭ |

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ખાનગી ગ્રાન્ટેડ અને નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક માટે છેલ્લી સ્થિતિ છેલ્લા ૨ વર્ષમાં મંજૂરી માટે કુલ કેટલી અરજીઓ મળી, તે પૈકી કેટલી અરજીઓ પેન્ડિગ છે અને કેટલી અરજી નામંજૂર થઇ છે? ખેડા અને છોટાઉદેપુર જિલ્લાની મંજૂર થયેલી શાળાઓ પૈકી કેટલી શાળાઓ ક્યારથી શરૂ થયેલ છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું સભ્યશ્રીને જણાવવા માગુ છું કે ખેડા જિલ્લામાં કુલ સરકારી માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંલગ્ન વર્ગોની કુલ ૩૭ અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૩૯ છે.

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે નોન-ગ્રાન્ટેડ શાળાઓને સરકાર તરફથી કોઇ ગ્રાન્ટ આપવામાં આવે છે અને કેવી શાળાઓને આપવામાં આવે છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, નોન-ગ્રાન્ટેડ શાળાઓ જે છે એને સરકારશ્રી તરફથી પ્રોત્સાહિત અનુદાન આપવામાં આવે છે. પ્રોત્સાહક યોજના અંતર્ગત ધોરણ ૯ અને ૧૦ ના બાળકોને ખાનગી શાળાઓમાં ૫ વર્ષ પૂર્ણ કર્યા હોય એને આ લાભ આપવામાં આવે છે. આ લાભ ખાનગી શાળાના ગુણાંત્મક ધોરણોને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે

જેમાં ધોરણ ૧૦ માં શાળા દ્વારા ૫૫ થી શરૂ કરી ૭૫% સુધીની વિવિધ સ્તરોએ મેળવેલ પરિણામોને ધ્યાનમાં રાખી શાળામાં વિદ્યાર્થીદીઠ ૭૫૦૦ની પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ જોતા લાગે છે કે સરકારે જે આરોગ્ય અને શિક્ષણ સરકારની પ્રાથમિક જવાબદારી છે એમાંથી •(×××) ખાનગી સંસ્થાઓને વેપાર કરવા દેવામાં આવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨ વર્ષમાં ખેડા જિલ્લામાં ૨૯ જેટલી નોન-ગ્રાન્ટેડ શાળાઓને મંજૂરી આપવામાં આવી છે અને છોટા ઉદેપુરમાં ૧૯ જેટલી નોન-ગ્રાન્ટેડને મંજૂરી આપવામાં આવી છે તો હું માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગુ છું કે આટલી બધી નોન ગ્રાન્ટેડ શાળાઓને જો મંજૂરી આપવામાં આવી હોય અને એની સામે સરકારી શાળાઓ જે શરૂ કરવામાં કેન્દ્ર સરકારનું અનુદાન પણ મળે છે એવી ૧ અને ૫ શરૂ કરવામાં આવી છે તો આપણે વસતિના ધોરણે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવાનું કોઇ ધોરણ છે કે કેમ? અને જે ૧ અને ૫ શાળાઓ મંજૂર કરી છે એમાં મંજૂર મહેકમ કેટલું છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે હાથ ઉંચા નથી કર્યા. ભૂતકાળમાં હાથ ઉંચા કર્યા હતા તો નીચે લાવી દીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આ શાળાઓને મંજૂરી આપવા બાબતે નિયમો છે. ૫ કિ.મી.ની ત્રિજ્યાની અંદર જો શાળા હોય તો ના મળે. ૫ કિ.મી.ની ત્રિજ્યાથી બહાર જાય એના માટે જીઓગ્રાફિક ઇન્ફર્મેશન સિસ્ટમથી મેપિંગ કરવામાં આવે છે. એ મેપિંગના આધારે આની મંજૂરી આપવામાં આવે છે અને આજે મારે એ પણ ગૃહને જાણકારી આપવી છે કે ગુજરાતમાં ૧૫૭ મેપિંગ કરેલી જેને માન્યતા પ્રાપ્ત થઇ શકે એવી શાળાઓ અત્યારે છે. ૧૫૭માં અમે કેન્દ્ર સરકારમાં ૪૦ અને રાજય સરકારમાં ૧૧૭ એટલે કુલ મળીને ૧૫૭ જે કંઇ મેપીંગમાં માન્ય થઇ છે એ બધી શાળાઓમાં મંજૂરી માટેની દરખાસ્ત કેન્દ્ર અને રાજય સરકારમાં કરેલી છે અને આ પાંચ કિલોમીટરની અંદર રાજય સરકારનો, કેન્દ્ર સરકારનો નિયમ છે પણ જો કોઇ આ ક્ષેત્રમાં કામ કરવા માગતા હોય તો રાજય સરકાર એને રોકી શકે નહીં એટલે રાજય સરકારે તો એની ફરજ અને ભૂમિકા બરોબર અદા કરી છે જ અને ખાનગી છે એને પણ ધારાધોરણ મુજબ જ જમીન છે, એન.એ. થયેલી છે, લેબોરેટરી છે, શાળાનું બિલ્ડીંગ છે, આ બધા જે ધારાધોરણો છે એ ધારધોરણોમાં સહેજપણ છુટછાટ વગર અમે આને મંજૂરી આપીએ છીએ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે ખેડા અને છોટાઉદેપુર જિલ્લામાં સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગો અને વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે છોટા ઉદેપુર જિલ્લામાં કુલ સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગોની સંખ્યા ૭૪ છે જયારે વિદ્યાર્થીઓની સંખ્યા ૨૫૧૨ છે. ખેડા જિલ્લામાં કુલ સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા ૩૭ છે અને વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫૩૯ છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આ પાંચ કિલોમીટરનો જે ક્રાઇટેરીયા છે એ પાંચ કિલોમીટરના ક્રાઇટેરીયામાં ખાનગી શાળા હોય તો એ પણ આવી જાય છે ખરી કે કોઇ ખાનગી શાળા હોય તો આપણે સરકારી શાળા ન આપી શકીએ કે સરકારીથી સરકારી પાંચ કિલોમીટર કે ખાનગીથી સરકારીનું પાંચ કિલોમીટર એ સ્પષ્ટતા થાય તો સારું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો સરકારી છે કારણકે સરકાર પૈસા ખર્ચીને મંજૂરી આપે છે એટલે કાયદો એ સરકારનો કાયદો છે અને આપણને લાગુ પડે છે. ખાનગીને લાગુ પડતો નથી.

શ્રી પરેશ ધાનાણી : મારે ખાલી એટલું જ જાણવું છે કે કોઇ ખાનગી શાળાને આપણે મંજૂરી આપી હોય તો પછી પાંચ કિલોમીટરમાં સરકારી શાળા મંજૂર કરી શકાય કે નહીં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હા, કરી શકાય.

### અમદાવાદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકોને તાલીમ

* ૧૫૨૯ શ્રી બાબુભાઇ પટેલ (દસક્રોઇ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ૨૦૧૭-૧૮ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત અમદાવાદ જિલ્લાના શાળા બહારના કેટલા બાળકોને ખાસ તાલીમ વર્ગો અંતર્ગત શિક્ષણનો લાભ આપવામાં આવ્યો, | (૧) ૬૯૬ |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાસ તાલીમ વર્ગોમાં તાલુકાવાર કુલ કેટલા બાળકો અભ્યાસ કરે છે, અને

(૨)

| તાલુકો | બાળકોની સંખ્યા | તાલુકો | બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| બાવળા | ૬૯ | ધંધુકા | ૨૪ |
| સીટી | ૨૧૮ | દેત્રોજ | ૧૩ |
| દસ્ક્રોઇ | ૧૬૯ | માંડલ | ૨૨ |
| ધોળકા | ૮૮ | સાણંદ | ૦ |
| ધોલેરા | ૫૯ | વિરમગામ | ૩૪ |

(૩) ઉક્ત સ્થિતિએ આ વર્ગોમાં કેટલા કુમાર અને કન્યા અભ્યાસ કરે છે?

(૩) ૩૬૦ કુમાર અને ૩૩૬ કન્યા

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા વર્ગો શરૂ કરવામાં આવ્યા અને દરેક વર્ગમાં કેટલા કુમાર અને કન્યા દાખલ થયા છે?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લાની અંદર તાલુકાવાર જો હું વર્ગોની જાણકારી આપું તો બાવળા તાલુકાની અંદર વર્ગોની સંખ્યા ૫, એમાં કુમાર ૩૬ અને કન્યા ૩૩, સીટી એટલે કે અમદાવાદ શહેરની અંદર વર્ગોની સંખ્યા ૧૫, કુમાર ૧૦૭ અને કન્યા ૧૧૩, દસક્રોઇ તાલુકામાં વર્ગોની સંખ્યા ૧૧, કુમાર ૯૭ અને કન્યા ૭૨, ધોળકાની અંદર વર્ગોની સંખ્યા ૭, કુમાર ૫૭ અને કન્યા ૩૧, ધોલેરાની અંદર વર્ગોની સંખ્યા ૫, કુમાર ૩૫ અને કન્યા ૨૪, ધંધુકાની અંદર વર્ગોની સંખ્યા ૨, કુમાર ૧૧ અને કન્યા ૧૩, દેત્રોજની અંદર વર્ગોની સંખ્યા ૧, કુમાર ૫, કન્યા ૮, માંડલની અંદર વર્ગોની સંખ્યા ૨, કુમાર ૫, કન્યા ૧૭, સાણંદની અંદર ઝીરો. વિરમગામની અંદર કુલ વર્ગોની સંખ્યા ૩, કુમાર ૭ અને કન્યા ૨૭ આમ કુલ તાલુકાવાર જિલ્લાની અંદર ૫૧ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. જેની અંદર ૩૬૦ કુમારો અને ૩૩૬ કન્યાઓ લાભ લે છે.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સર્વે શિક્ષા અભિયાન અંતર્ગત જે ખાસ કિસ્સામાં બાળકોને શિક્ષણનું ખૂબ સરસ અભિયાન જે સરકાર દ્વારા ચલાવાઇ રહ્યું છે એ સરાહનીય બાબત છે. એક વર્ષનો તો મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે પણ છેલ્લા ૬ વર્ષમાં કેટલા બાળકોને આપણે તાલીમ આપી?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય અધ્યક્ષશ્રી, જો છેલ્લા ૬ વર્ષની વાત કરું તો ૨૦૧૨–૧૩માં વર્ગોની સંખ્યા ૧૬૧, કુમાર ૭૯૫, કન્યા ૧૦૧૬, એટલે કે કુલ ૧૯૭૨, ૨૦૧૩–૧૪માં વર્ગોની સંખ્યા ૧૦૧, કુમાર ૫૫૭, કન્યા ૫૬૮ એટલે કે કુલ ૧૧૨૫, ૨૦૧૪–૧૫માં વર્ગોની સંખ્યા ૯૮, જેમાં કુમાર ૪૭૭, કન્યા ૬૧૧ એટલે કુલ ૧૦૮૮, વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર વર્ગોની સંખ્યા ૯૪, કુમાર ૫૫૦, કન્યા ૬૦૨ એટલે કે કુલ ૧૧૫૨, ૨૦૧૬–૧૭ ની અંદર વર્ગોની સંખ્યા ૬૦. કુમાર ૩૧૫, કન્યા ૩૫૦ એટલે કુલ ૬૬૫. ૨૦૧૭–૧૮ માં વર્ગોની સંખ્યા ૫૧ કુમાર ૩૬૦ અને કન્યા ૩૩૬ કુલ ૬૯૬ એટલે ટોટલ ૬ વર્ષમાં ૫૬૫ વર્ગોની સંખ્યા ૩૦૫૪ કુમાર ૩૪૮૩ કન્યાઓ કુલ ૬૬૯૮ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

શ્રી કનુભાઇ પટેલ: અમદાવાદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ જે બાળકોને તાલીમ આપવામાં આવે છે તેમાં ખાસ તાલીમ યોજના શું છે?

શ્રીમતી વિભાવરી દવે : સભ્યશ્રીને જણાવવાનું કે રાઇટ ટુ એજ્યુકેશન એકટ ૨૦૦૯ની જોગવાઇ હેઠળ રાજ્યમાં ૬ થી ૧૪ વય જૂથના શાળા બહારના બાળકો એટલે કે કદી શાળાએ ગયેલ ન હોય, અધવચ્ચે ઉઠી ગયેલ હોય, વિકલાંગ સહિતના બાળકોને નજીકની શાળામાં વય કક્ષા મુજબના ધોરણમાં ફરજિયાત નામાંકન થાય બાદ વય કક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ થાય તે માટે નિશ્ચિત સમયગાળા માટે ખાસ તાલીમ આપવામાં આવે છે. બાળકોને ૧૨ માસ સુધી આ ખાસ તાલીમ આપવામાં આવે છે. ખાસ તાલીમ વર્ગો બાળમિત્ર દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. બાળમિત્રને ૩૦ દિવસની તાલીમ સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. પસંદ થયેલ બાળમિત્રને માસિક ૫૫૦૦ ભથ્થું શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા આપવામાં આવે છે. સ્થાનિક સ્નાતક કક્ષાએ શૈક્ષણિક લાયકાત ધરાવતા વ્યક્તિને બાળમિત્ર તરીકે શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા પસંદ કરવામાં આવે છે. એસ.ટી.પી. વર્ગોમાં મોડ્યુલર, સ્વઅધ્યાય પોથી, લેશન કાર્ડ, પ્રોગ્રેસ કાર્ડ અને એક્ટિવિટી કાર્ડ, નોટબુક અને અન્ય સ્ટેશનરી આપવામાં આવે છે. શાળામાં જ શાળા સમયે આ ખાસ તાલીમ આપવામાં આવે છે. બાળકોને મધ્યાહન ભોજનનો લાભ આપવામાં આવે છે. શાળામાં અન્ય બાળકોની જેમ પ્રવૃત્તિમાં ભાગ લેવાની તક પણ આપવામાં આવે છે. તથા એસ.ટી.પી. વર્ગોનું મોનિટરિંગ શાળાના મુખ્ય શિક્ષક, એસ.એમ.સી.ના સભ્યો, સી.આર.સી., વી.આર.સી. કોઓર્ડીનેટર, તાલુકા અને જિલ્લા રિસોર્સ પર્સન એટલે કે સ્ટાફ તેમજ રાજ્ય કચેરીના સુપરવાઇઝર દ્વારા કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જવાબમાં આપ્યું છે કે શાળા બહારના એટલે જે કુટુંબો એક ગામમાંથી બીજા ગામમાં કામ માટે ગયા છે એટલે કે સ્થળાંતર કર્યુ છે તેવા બાળકોનો આમાં સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ? જો એ બાળકોનો સમાવેશ કરવામાં આવેલ હોય તો અમદાવાદ જિલ્લામાં

તાલુકાવાઇઝ આ બાળકો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? બીજો સવાલ એ છે કે રાજ્ય સરકાર આને ગંભીરતાપૂર્વક, ઉંડાણમાં મંત્રીશ્રી લે કારણ કે મોટા ભાગે એક ગામમાંથી બીજા ગામમાં જે બાળકો જાય તે માત્ર કાગળ ઉપર લિસ્ટ બનાવી ખર્ચો પાડવામાં આવે છે. વાસ્તવિક રીતે આ બાળકો હોતા નથી, તો એની તપાસ કરી પગલાં લેવાં માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરી દવે : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે બાળકોની પસંદગી કરવામાં આવે છે. ખાસ તાલીમ બાળકો માટેની ઓળખ કેવી રીતે કરવામાં આવે છે. સર્વ શિક્ષા અભિયાન દ્વારા એરિયા સ્પેસિફિક સરવે કરવામાં આવે છે. એટલે કે નવેમ્બર અને ડિસેમ્બર માસમાં કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારો સવાલ સ્પેસિફિક એ છે કે આ બાળકો કામ માટે એક ગામમાંથી બીજા ગામમાં જાય છે એ બાળકો છે? એ બાળકો હોય તો આમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે એ હું જાણવા માગું છું. આ બાળકો રેકર્ડ ઉપર જ નામ લખીને ઉધારવામાં આવે છે એની તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આનો કોઇ જુદો ખર્ચ નથી હોતો. એ બાળકોનો પણ અમે સમાવેશ કરીએ છીએ. અને અમે એ શાળામાં અલગ રૂમની વ્યવસ્થા કરીએ છીએ. જે બાળમિત્રોને અમે ૫૫૦૦ પગાર આપીએ છીએ એ જ એને ભણાવે છે અને છતા પણ સભ્યશ્રી પાસે કોઇ માહિતી હશે કે માહિતી આપવામાં આવશે તો અમે તપાસ કરાવીશું.

ચેરીટીતંત્રની વડી કચેરી વસ્ત્રાપુર ખાતે ખસેડવા

* ૧૪૨૯ શ્રી રાકેશભાઇ શાહ (એલિસબ્રીજ) : માનનીય કાયદા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ચેરીટીતંત્રની વડી કચેરી વસ્ત્રાપુર ખાતે ખસેડવા બાબતે નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી |
| (૨) જો હા તો, વસ્ત્રાપુર ખાતે આ કચેરી ક્યારે શરૂ કરવામાં આવનાર છે? | (૨) તા. ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ શરૂ કરવામાં આવેલ છે અને હાલ કાર્યરત છે. |

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને આ સરકારની કટિબદ્ધતા જુઓ કે ૨૦૧૭-૧૮ માં કમિશનરની કચેરી બદલવાનો નિર્ણય કર્યો અને ૧૭-૧૮ માં કામ પૂરું પણ થઇ ગયું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવું છે કે નવી ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી વસ્ત્રાપુર ખાતે લઇ ગયા છો તેમાં શું શું વ્યવસ્થા કરવામાં આવી છે, નવું ભવન બનાવ્યું છે તો તેમાં આ કચેરી ખસેડવાના કારણે વિભાગને અને પ્રજાને શું શું ફાયદા થવાના છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ટ્રસ્ટીશીપની ભાવનાથી અનેક ટ્રસ્ટો સામાજિક સેવાઓ કરી રહ્યા છે. સમગ્ર રાજયમાં ટ્રસ્ટ એકટ હેઠળ ર લાખ ૪૪ હજાર કરતાં વધારે અને સોસાયટી એકટ હેઠળ ૮૯ હજાર જેટલા ટ્રસ્ટો રજીસ્ટર્ડ થયેલા છે. પહેલાં આની ઓફિસ લાલ દરવાજા ખાતે મિરઝાપુર રોડ પર આવેલી હતી. ત્યાં ઓફિસની જગ્યા નાની હતી, પાર્કિંગની સમસ્યા હતી, અરજદારોને સમસ્યા થતી હતી. સ્ટાફને બેસવા માટે સમસ્યા થાય એટલા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા વસ્ત્રાપુરની અંદર એક બહુમાળી ભવન બનાવવામાં આવ્યું હતું. તે બહુમાળી ભવનમાં ચેરીટી કમિશ્નરની ઓફિસ માટે માગણી કરવામાં આવી. તે માગણી મંજૂર થઇ એટલે અહીંની જે ઓફિસ હતી તે વસ્ત્રાપુર ખસેડવામાં આવી. ત્યાં ખસેડવાના કારણે જે લીટીગન્સ આવે તેને કોઇપણ પ્રકારની સમસ્યા ન થાય તેવા અનેક ફાયદાઓ મળી રહ્યા છે. આની અંદર જે વ્યવસ્થાઓ કરવામાં આવી છે તેમાં પક્ષકારો તથા વકીલોને બેસવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત ચેરીટી કમિશ્નર, જોઇન્ટ ચેરીટી કમિશ્નરની ઓફિસ તથા તેમના રેકર્ડ માટે રેકર્ડરૂમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જીસ્વાનની કનેક્ટિવિટી, કોમ્પેક્ટર આ બધાની ફેસીલીટી ઉપલબ્ધ કરવામાં આવી છે. પહેલાં કોમ્પ્યુટર અને ઇલેકટ્રોનિકસ આઇટમ ત્યાં પ્રોપર ઇન્સ્ટોલ કરી શકતા ન્હોતા. ત્યાં જૂના મકાનમાં લીફ્ટની સુવિધા ન હતી અને અહીં લીફ્ટની સુવિધા હોવાના કારણે ટ્રસ્ટીઓ જે કામ માટે આવે છે, સિનિયર સીટીઝન આવે છે તેને પણ ઉપયોગી થઇ શકીએ છીએ. આ ઉપરાંત જૂનું મકાન શહેરના મુખ્ય ભરચક વિસ્તારમાં હતું. તેની જગ્યાએ વસ્ત્રાપુરની અંદર ૧૧ હજાર ૦૫ ચોરસ મીટરની જગ્યા મળવાના કારણે ચેરીટી કમિશ્નરશ્રીની ઓફિસ ઉત્તમ પ્રકારની વ્યવસ્થાઓ સાથે કામ કરી શકે તેવી વ્યવસ્થા કરી છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારા વિધાનસભા મત વિસ્તારની અંદર માગણીને ધ્યાને લઇ સરકારે અને મંત્રીશ્રીએ જે ઓફિસ બનાવી છે તે બદલ અભિનંદન પાઠવું છું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, નવી ચેરીટી કમિશ્નરની ઓફિસ બનાવી છે તેમાં ખર્ચ કયા કયા હેડે કરવામાં આવ્યો છે અને કયા કયા અધિકારીઓ તેમાં બેસવાના છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ ૧૯૫૦ના સેકશન ૫૭ હેઠળ ચેરીટી કમિશ્નરમાં જે પીટીએનું ફંડ હોય છે તે ફંડમાંથી આનો ખર્ચ કરવામાં આવ્યો છે. તે પેટે લગભગ ૧.૫૯ કરોડ જેટલો ખર્ચ થયો છે. આમાં જે સુવિધા ઉભી થઇ છે તેમાં ચેરીટી કમિશ્નર વર્ગ-૧, સંયુકત ચેરીટી કમિશ્નર વર્ગ-૧, નાયબ ચેરીટી કમિશ્નર,

હિસાબ નિયામક ઉપરાંત તેનું એક એફસીઆરએસ સેલ હોય છે તે સેલના લોકોને પણ ત્યાં જ બેસવાની વ્યવસ્થા કરી છે. મદદનીશ ચેરીટી કમિશ્નરશ્રીને પણ ત્યાં જ બેસવાની વ્યવસ્થા કરી છે. નાયબ ચેરીટી કમિશ્નરશ્રી શહેર, ગ્રામ્ય અને એડમંડ આ બધાની ત્યાં વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને અભિનંદન આપવા માગુ છું કે સારો એવો ખર્ચ કરીને સારી ઓફિસ લોકોની સુવિધા માટે બનાવી છે. લોકો જે ત્યાં પોતાના કામો માટે આવે છે તો તે કામના નિકાલમાં બહુ જ સમય જાય છે. કારણકે જગ્યાઓ ખાલી છે અને આટલો ખર્ચ કર્યો છે તો આ જગ્યાઓ ખાલી છે તે તાત્કાલિક ભરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એકટનો અમલ આવ્યો અને ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઇ ત્યારથી વધારેમાં વધારે જો ભરતી કરવામાં આવી હોય તો ગત વર્ષમાં ચેરીટી કમિશ્નરની ઓફિસમાં કરવામાં આવી છે. એટલું જ નહીં પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને મોટા જિલ્લાઓમાંથી નાના જિલ્લાઓ બનાવ્યા એના કારણે દૂરના જિલ્લાવાળાને કામ માટે દૂર સુધી જવું પડતું હતું પણ નાના જિલ્લા થવાના કારણે અને એ નાના જિલ્લાને પણ વહીવટી તંત્ર મળી રહે એ માટે તાપી, મહીસાગર, છોટા ઉદેપુર, અરવલ્લી, બોટાદ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, મોરબી વગેરે જિલ્લામાં અગાઉ ચેરીટી કમિશનરની કચેરી ન હતી ત્યાં કરવામાં આવી. આના ઉપરાંત જોઇન્ટ ચેરીટી કમિશનરની રાજયમાં ચાર જગ્યાઓએ ઓફીસો હતી પરંતુ ગત વર્ષમાં ભાવનગર ખાતે સૌરાષ્ટ્ર માટેની અને ઉત્તર ગુજરાતના લોકોને જે અમદાવાદ આવવું પડતું હતું એના માટે મહેસાણા ખાતે જોઇન્ટ ચેરીટી કમિશનરની કચેરીઓ આ બે જગ્યાએ ગયા વર્ષે જ કરવામાં આવી છે. (અંતરાય) હજુ કહેતા હોય તો બધી જ વિગત છે આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ પછી પહેલીવાર આટલી જગ્યાઓ ભરવામાં આવી છે અને એ ગયા વર્ષે જ ભરવામાં આવી છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, રાજયની આ ચેરીટી કમિશનરની કચેરી દ્વારા ચેરીટી તંત્રની ગતિશીલતા માટે કયા કયા પગલાં લેવામાં આવે છે અને મારો બીજો પ્રશ્ન છે કે ચેરીટી તંત્રના કેસોના ઝડપી નિકાલ માટે ચેરીટી કમિશનર કચેરી દ્વારા કોઇ નવો અભિગમ અપનાવવામાં આવે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ચેરીટી તંત્રના જાહેર ટ્રસ્ટોની નોંધણી છે એને લગતી કામગીરી અને એમાં બિન તકરારી ફેરફારના રીપોર્ટ અંગેની કામગીરી એ પહેલા સેન્ટ્રલી થતી હતી હવે એની સત્તા મદદનીશ ચેરીટી કમિશનરને સોંપવામાં આવવાના કારણે એ કામની અંદર ગતિશીલતા આવી છે આના ઉપરાંત સામાન્યતઃ ચેરીટી તંત્રના એકટનું આટલા વર્ષો પછી પણ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને અને વહીવટી તંત્ર માટે સૂમેળ થાય એના માટે અનેક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. તુમાર નિકાલ ઝૂંબેશ અને એના માધ્યમથી ૧૭.૨.૨૦૧૮ના રોજ ૪૩૬ જેટલા કેસો એમાં હતા જેમાં ૨૪૯ જેટલા કેસો નોંધવામાં આવ્યા હતા. આ ટ્રસ્ટોની સંપતિ હોય છે અને એ સંપતિનું જયારે વેચાણ કરવાનું હોય છે ત્યારે એમાં અનેક પ્રકારની સમસ્યાઓ ધ્યાનમાં આવી જેના કારણે એનું નુકસાન ટ્રસ્ટોને થાય છે. ચેરીટી કમિશનરના માધ્યમથી યોગ્ય દિશામાં એની દેખરેખ રાખવાના કારણે ગત વર્ષમાં સો કરોડ કરતા વધારે રકમનો ટ્રસ્ટોને ફાયદો થયો અને એ આ ચેરીટી તંત્રની ગતિશીલતાને કારણે થયું છે. એનું તમામ રેકર્ડ છે એ રોકર્ડનું ડિજીટેલાઇઝેશન કરવામાં આવ્યું. સામાન્યતઃ આટલા જૂના ટ્રસ્ટો હોય એટલે એના રેકર્ડના સંદર્ભમાં અનેક સમસ્યા ઉભી થતી હતી. આના ઉપરાંત કેટલાક ટ્રસ્ટો એવા હતા કે જેમાં મૂળ ટ્રસ્ટીઓ અવસાન પામ્યા હોય અને એવા લોકોના હાથમાં ટ્રસ્ટનો કબજો જતો રહ્યો હોય ત્યારે ટ્રસ્ટની કરોડો રૂપિયાની સંપતિની સમસ્યા થાય, સુઓમોટો એમાં વહીવટદારની નિમણૂક કરીને એ ટ્રસ્ટીઓની મિલકત બચાવવા માટોનો પ્રયાસ કર્યો છે અને ખાસ કરીને આ ટ્રસ્ટોને મોટિવેટ કરીને રાજયમાં ક્યારેય કોઇ સમસ્યા આવે, અતિવૃષ્ટિ આવે કે અન્ય પ્રસંગો આવે તો એવા પ્રસંગોએ આ ટ્રસ્ટોની જે મૂળ ભાવના છે એ મૂળ ભાવનાના હાર્દ સાથે એમને પણ રાજય સરકારના કામ સાથે જોડ્યું છે એટલે ચેરીટી કમિશનરના માધ્યમથી સમગ્ર રાજયમાં આમૂલ પરિવર્તન કરીને એની સમસ્યાઓનું સમાધાન કરવામાં આવ્યું છે.

ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

* ૮૨૬ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીરસોમનાથ અને અમરેલી જીલ્લામાં જીલ્લા પંચાયતનું જિલ્લાવાર અને સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

જવાબ

(૧)

| જીલ્લો | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| ગીરસોમનાથ | ૧૩ | ૧૪ | ૧૦૮ | ૨૩ |
| અમરેલી | ૧૬ | ૫૮ | ૩૫૪ | ૨૦૭ |

(૨)

| જીલ્લો | વર્ગ–૧ | | વર્ગ–૨ | | વર્ગ–૩ | | વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ગીર | ૬ | ૭ | ૯ | ૫ | ૩૨ | ૭૬ | ૬ | ૧૭ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સોમનાથ | | | | | | | | |
| અમરેલી | ૬ | ૧૦ | ૧૯ | ૩૯ | ૧૯૧ | ૧૬૩ | ૪૨ | ૧૬૫ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩)

| જીલ્લો | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર |
| ગીર સોમનાથ | ૩ | ૧ | ૩ | ૧ | ૦ | ૪ | ૨૩ | ૩૨ | ૨૧ | ૨ | ૫ | ૧૦ |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાની અંદર ૬૦ ટકાથી વધારે જગ્યાઓ ખાલી છે એને કારણે લોકહિતના કાર્યો ઉપર વિઘાતક અસર થાય છે કે કેમ? અને જિલ્લા પંચાયત દ્વારા થતા કામના વિલંબને કારણે લોકોને પડતી હાલાકી નિવારવા સરકારે શું પગલાં લીધા? અને વહીવટી અનુકૂળતા મુજબ ખાલી જગ્યાઓ ભરવાના બદલે ચોક્કસ સમય મર્યાદામાં જો ભરતી થાય તો લોકોના કાર્યો વહેલાસર થઇ શકે એમ છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમાં જે જગ્યાઓ ખાલી છે એનો જવાબ તો આપ્યો છે, આ એક ચાલતી પ્રક્રિયા છે, જેમ અહીંયા વાત કરી કે નવા જિલ્લાઓ એ વિસ્તારના સૌ લોકોની અનુકૂળતા માટે બનાવ્યા, એમાં જિલ્લાના વિભાજનના કારણે ભરવાના મહેકમની વાત હોય એમાં બઢતી, બદલી, નિવૃત્તિ, અવસાન, રાજીનામું, શિક્ષાત્મક પગલાંના કારણે જગ્યા ખાલી પડતી હોય અને એ ઝડપથી ભરવા માટેની ચિંતા પણ આ રાજ્ય સરકાર કરે છે, આપણે જોઇએ તો રાજ્ય સરકારે દસ વર્ષીય ભરતી કેલેન્ડરનું આયોજન કર્યું અને એના થકી આપણે ત્યાં આગળ લગભગ ૨૨૧૯૦ જેટલા કર્મચારીઓની ભરતી થઇ અને રાજ્ય સરકારમાં ૭૦ હજાર કરતાં વધારે સરકારી નોકરીઓ મળે એ રીતે અલગ અલગ વિભાગોની અંદર ભરતી રાજ્ય સરકારે કરી છે. આ જે ભરતીની પ્રક્રિયા છે એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી એની શરૂઆત કરી છે. જિલ્લા પંચાયત માટે એમણે વાત કરી તો જિલ્લા પંચાયતમાં જે જગ્યાઓ ખાલી છે એમાં એકલું પંચાયત વિભાગ નથી હોતું, જિલ્લા પંચાયતમાં અલગ અલગ જે શાખાઓ–વિભાગો હોય એ બધી કામગીરીની દેખરેખ જિલ્લા પંચાયત કરતી હોય છે, જે જગ્યાઓ ખાલી છે એનો ચાર્જ પણ સક્ષમ અધિકારીશ્રીને આપ્યો છે, જિલ્લા સરળતાથી, સરસ ચાલે છે અને એના વહીવટમાં ક્યાંય કોઇ તકલીફ છે નહિ. મેં વાત કરી એ પ્રમાણે કેલેન્ડર વર્ષ પ્રમાણે સીધી ભરતી અમારી સરકારે કરી એનો લાભ પણ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લાને થયો છે અને એ ભરતી કેલેન્ડર પ્રમાણે અમારી સરકાર સતત આ ખાલી જગ્યાઓ ભરાય એના માટેની ચિંતા કરે છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર–સોમનાથમાં ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીમાં વર્ગ–૩માં કુલ કેટલી સીધી ભરતી અને બઢતીથી ભરતી કરવામાં આવી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી એ પ્રમાણે આખા રાજ્યમાં જે ભરતી થઇ એનો લાભ અમરેલી અને ગીર–સોમનાથ જિલ્લાને પણ થયો છે અને ગીર સોમનાથમાં સીધી ભરતીથી આપણે જોઇએ તો લગભગ ૧૭ કેડરમાં ૨૯૦ કર્મચારીઓની ભરતી ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી થઇ છે. ગીર સોમનાથમાં બઢતીથી પણ જગ્યા ભરાય છે અને એમાં ૧૩ કેડરમાં લગભગ પચાસ જગ્યાઓ ભરવામાં આવી છે, આમ કુલ જોવા જોઇએ તો ૩૪૦ કર્મચારીઓ–અધિકારીઓની ભરતી આ બન્ને જિલ્લામાં એટલે કે ગીર સોમનાથ અને અમરેલીમાં ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીમાં કરવામાં આવી છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ તાલુકામાં બાંધકામમાં એક ડેપ્યુટી એન્જીનીયર પાસે ચાર તાલુકાનું કામ, ચાર્જ અને જવાબદારી છે અને સરકાર રોડ બનાવવા માટે પાંચ વરસનું આયુષ્ય નક્કી કરે છે. મોનીટરીંગ વગરના કામ થાય છે અને મારું પોતાનું જ ગામ અમરાપુર છે ત્યાં પાંચ વરસ થયાં છે છતાં ત્યાં રોડનું કામ થયું નથી. તો સરકાર વહેલીતકે ભરતી કરીને મોનીટરીંગ સાથે કામ થાય એવું કામ કરવા માગે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન જુનાગઢ જિલ્લાનો છે, આ પ્રશ્ન ગીર સોમનાથ અને અમરેલી જિલ્લા માટેનો છે. એમણે જે વાત કરી (અંતરાય) ભીખાભાઇ, આપનો જ જવાબ આપું છું, માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ જોઇ લ્યો એમણે જુનાગઢની જ વાત કરી છે, એમના તાલુકાની વાત કરી છે. આ પ્રશ્નની અંદર જુનાગઢ જિલ્લો લાગુ પડતો નથી. મેં અગાઉ વાત કરી એમ ભારતીય જનતા પાર્ટીની સરકારે ભરતી કરવાની શરૂઆત કરી છે. ભૂતકાળના વરસોમાં

જે જગ્યાઓ ભરાઇ હોય એ અને આ છેલ્લાં ૨૦૧૪ પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે કેલેન્ડર વર્ષ પ્રમાણે ભરતી કરવાની શરૂઆત કરી એના પછી આખા ગુજરાતના અલગ અલગ વિભાગોમાં ભરતી થઇ છે અને ખાલી જગ્યાઓ પુરાઇ છે. માનનીય ભીખાભાઇનો પ્રશ્ન આમાં લાગુ પડતો નથી.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અમરેલી જિલ્લાની અંદર ૨૦૧૪ થી ૨૦૧૭ દરમિયાન વર્ગ–૩ની કેટલી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી ભરવામાં આવી છે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અમરેલી જિલ્લાની વાત કરી મેં આ સન્માનીય સભાગૃહની સમક્ષ જે વિગતો આપી તેમાં અમરેલી જિલ્લાની અંદર પણ આનો લાભ સીધી ભરતીનો થયો છે. અમરેલી જિલ્લામાં સીધી ભરતીથી ૨૦૧૪ની અંદર ૧૩૬, ૨૦૧૫માં ૧૭૬, ૨૦૧૭માં ૨૬૭ આમ કુલ–૫૭૯ કર્મચારીઓની અલગ અલગ બાર કેડરોમાં ભરતી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં બઢતીથી પણ જગ્યાઓ ભરાઇ છે. ૨૦૧૪માં ૬૬, ૨૦૧૫માં ૪, ૨૦૧૬માં ૧૦૭, ૨૦૧૭માં ૫૪ આમ કુલ–૨૬૧ કર્મચારીઓને બઢતી કુલ તેર કેડરોમાં આપવામાં આવી છે અને આમ, ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી ૮૧૦ કર્મચારીઓની નિમણૂક અમરેલી જિલ્લામાં કરવામાં આવી છે.

શ્રી પ્રવિણભાઇ ટી. મારૂ : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી અને ગીર સોમનાથના પંચાયતમાં ચોથા વર્ગના કર્મચારીને કોન્ટ્રાકટ પદ્ધતિથી કેટલા લોકોને રાખવામાં આવ્યા છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે, માત્ર ચોથા વર્ગના કર્મચારીઓને જ કેમ કોન્ટ્રાકટ પદ્ધતિથી રાખવામાં આવે છે. પ્રથમ વર્ગના અને બીજા વર્ગના કર્મચારીઓ છે તેને પણ કોન્ટ્રાકટથી કેમ રાખવામાં આવતા નથી ? કેમ કે તેમાં સરકારશ્રી દ્વારા મોટું કૌભાંડ ચાલી રહ્યું છે. તો આ જે કૌભાંડ છે તે બંધ કરવા માગે છે કે કેમ ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવિણભાઇએ જે વાત કરી આ સરકારમાં કોઇ કૌભાંડ ચાલતું નથી, આ સરકાર કોઇને છાવરવા માગતી નથી તમારા ધ્યાને કંઇ પણ હોય તમે સરકારના ધ્યાને મૂકજો કોઇની શેહ–શરમ રાખવામાં નહીં આવે. માનનીય અધ્યક્ષશ્રી, કયાંય કોઇ કૌભાંડ ચાલતું નથી અને વર્ગ–૪ની જગ્યા માટે પણ જયાં જરૂર પડે ત્યાં ભરતી કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું અને તેમણે જવાબમાં જણાવ્યું છે કે ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીમાં મારી સરકારે આટલી ભરતી કરી છે. જવાબ ઉપરથી બહુ સ્પષ્ટ થાય છે કે, કુલ ગીર સોમનાથ જિલ્લામાં ૧૫૮ મહેકમ મંજૂર થયુ છે તેની જગ્યાએ ૧૦૫ ખાલી છે. માત્ર ૫૩ જગ્યા જ ભરેલી છે અને આપ વિકાસની વાત કરો છો કે અમે વિકાસ કરીએ છીએ. ૫૩ જગ્યાઓમાં જિલ્લા પંચાયતનું કામ થઇ શકે ખરું ? વર્ગ–૧ અને વર્ગ–૨ની જગ્યાઓ કેટલી ખાલી છે અને તમે જણાવ્યું છે કે વહીવટી અનુકૂળતા, આ સરકારમાં વહીવટી અનુકૂળતાની ડિટેઇલમાં વ્યાખ્યા આપશો ? અનુકૂળતા એટલે કેવી અનુકૂળતા ? ૧૦૫માંથી ૫૩ જગ્યા વડે જ ગીર સોમનાથ જિલ્લાનો વહીવટ કઇ રીતે ચલાવી શકાય ? હું સરકારને પૂછવા માગુ છું કે વિકાસ કરવો હોય તો આ જગ્યા અનુકૂળતા મુજબ નહીં પણ સમય–મર્યાદામાં આપ ભરવા માગો છો કે કેમ ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની ઇચ્છા શકિત વિકાસ કરવાની હોય તો જ વિકાસ થાય. ભારતીય જનતા પાર્ટીની સરકારે જે (અંતરાય) મારો જવાબ પણ તેમણે સાંભળવો પડે.

અધ્યક્ષશ્રી : તેઓ સાંભળે છે, આપ આપનો જવાબ ચાલુ રાખો (અંતરાય) માનનીય પુંજાભાઇ આ દલિલો કરવાની જગ્યા નથી. આપે આપનો પ્રશ્ન પૂછી લીધો હવે જવાબ સાંભળવાની તૈયારી રાખવી પડે, જવાબ સાંભળવો પડે માનનીય પુંજાભાઇ પ્લીઝ બેસી જાવ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે વિકાસ કર્યો એટલે છઠ્ઠી વખત આ ગુજરાતની અંદર સૌએ આશીર્વાદ આપ્યા છે અને આ સન્માનનીય સભાગૃહમાં જ્યારે એમણે વાત કરી ત્યારે હું એમનું ધ્યાન દોરવા માગું છું કે, ૧૯૮૭માં જ્યારે એમની સરકાર હતી ત્યારે એમણે ભરતીમાં ૧૦ ટકા કાપ મૂક્યો હતો. ૧૯૮૭માં જ્યારે એમની સરકાર હતી ત્યારે એમણે પરિપત્ર બહાર પાડ્યો હતો કે એક વર્ષ કરતાં વધારે જગ્યાઓ ખાલી રહે તો ભરવાની નહિ. આખા ગુજરાતમાં ખાલી જગ્યાઓ પડેલ હોય તો એ ભૂતકાળની સરકારોના લીધે પડેલ છે પણ અમારી સરકારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા તે વખતે ૧૦ વર્ષના કેલેન્ડરથી ભરતી કરવાનું નક્કી કર્યું. અત્યારના મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ પણ સતત ચિંતા કરે છે અને એના લીધે ૭૦ હજાર કરતાં પણ વધારે લોકોને સરકારી નોકરી મળી છે.

અધ્યક્ષશ્રી : આપનો જવાબ પૂરો થયો છે. માનનીય પરેશભાઇ ઘણી ચર્ચા થઇ ગઇ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યા મુજબ ૨૮૬ જેટલી જગ્યાઓ તો છેલ્લા ત્રણ વર્ષથી ખાલી છે. માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં વર્ગ–૧ની ૧૭, વર્ગ–૨ની ૪૪, વર્ગ–૩ની ૨૩૯, વર્ગ–૪ની ૧૮૨ જગ્યાઓ ગીર–સોમનાથ અને અમરેલી જિલ્લામાં ખાલી છે. સરકારી કચેરીમાં સામાન્ય માણસ જાય તો અહિંયા સંવર્ગવાર જગ્યાઓ ખાલી, સરકારી કચેરીમાં ખુરશીઓ ખાલી અને રાજ્યમાં તિજોરી ખાલી. સવાલ ખાલી જગ્યાઓનો નથી. સવાલ આ રાજ્યની કથળેલી વહીવટી વ્યવસ્થાને સુધારવા માટેનો છે. રાજ્યના વહીવટી વડા હોય કે રાજકીય વડા બધા જ વધારાની જવાબદારીથી વહીવટી ચલાવી રહ્યા છે. મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ ૨૮૬ જેટલી જગ્યાઓ તો ૩ વર્ષથી ખાલી છે. સારું થયું કે, સભ્યશ્રીને પાંચ વર્ષનો પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી આપ્યો નહિ તો આ જગ્યાઓ પાંચ વર્ષથી

ખાલી આવતી હોત અને જો આ વિધાનસભા ગૃહે ૧૦ વર્ષથી ખાલી જગ્યાઓ વિશે પૂછવાની મંજૂરી આપી હોત તો આ ૨૮૬ જગ્યાઓ ૧૦ વર્ષથી ખાલી આવી હોત. અમારા અમરેલી જિલ્લામાં તો રોજે રોજનો વહીવટ છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ જગ્યા ભરવામાં આવે અને આ જગ્યામાં કરાર આધારિત નોકરીઓમાં રાજ્ય સરકાર ૧૩,૦૦૦ ચૂકવે છે અને એ પાંચ, છ કે સાત હજાર રૂપિયામાં માણસ રાખે છે. ૧૩,૦૦૦માંથી ૫,૦૦૦ ચૂકવે છે તો બાકીના ૮,૦૦૦ રૂપિયા ક્યાં જાય છે. કરાર આધારિત નિમણૂકમાં જે કોન્ટ્રાક્ટર રાજ્યમાં નીમ્યા છે એ સરકારી કર્મચારીઓનું શોષણ કરે છે. રાજ્યની તિજોરી ઉપર ભાર પડવા છતાં પણ વહીવટ કથળે છે અને સામાન્ય માણસને સરકારે ચૂકવેલ રૂપિયા પણ પહોંચતા નથી એટલે આ અંગે માનનીય મંત્રીશ્રી કાંઇ ખુલાસો કરવા માગે છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય પરેશભાઇએ જે વાત કરી એમાં હું ફરી આ સન્માનનીય સભાગૃહને જણાવું છું કે, ક્યાંય કોઇ ગેરરીતિ, કોઇ કૌભાંડ પંચાયતની અંદર આ બંને જિલ્લામાં નથી. એમણે જે વાત કરી ખાલી જગ્યાઓની તો ખાલી જગ્યાઓની અંદર જે ભરાઇ છે એની પણ મેં વાત કરી કે, ક્લાસ-૧, ક્લાસ-૨ની જગ્યાઓ ભરાઇ છે. તાલુકા વિકાસ અધિકારીની ૮૦ જગ્યાઓ ભરાઇ છે. આઉટ સોર્સિંગથી વર્ગ-૪ની જે ભરતી થાય છે એમાં પણ ક્યાંય કોઇ ગેરરીતિ હોય તો કહેજો. આ સરકાર કોઇને છાવરવા માગતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ વારે-વારે ઊભા ન થશો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની તિજોરીમાંથી રૂપિયા ૧૩૦૦૦નો ખર્ચો પડે અને આપણે કરાર આધારિત નિમણૂક માટે જે કોન્ટ્રાક્ટરો નીમ્યા છે એ ૫૦૦૦ કે ૬૦૦૦ રૂપિયામાં માણસ રાખે છે અને અમારી ખાલી જગ્યાઓમાં મેં ખૂદ અનુભવ્યું છે એટલા માટે હું કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ગૃહના નેતાશ્રી ઉભા થયા છે.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે મૂળ વાત છે કે જયારથી કોંગ્રેસની સરકારે બેન મૂક્યો હતો, અને દસ વર્ષ સુધી ભરતી કરી નહીં, એને કારણે (અંતરાય) ભાઇ, સાંભળો.

અધ્યક્ષશ્રી : જવાબ સાંભળો, કોઇ હોબાળો નહીં. જવાબ સાંભળવા માટેની તૈયારી રાખવી પડે.

શ્રી વિજય રૂપાણી : માનનીય પરેશભાઇ, જવાબ સાંભળો, તમને અમે સાંભળતા હતા, સાંભળો, આ આખો ગેપ કોંગ્રેસની ભરતી પરના પ્રતિબંધને કારણે ગુજરાતમાં પડ્યો. ભાઇ, સાંભળો. ભરતી ઉપર પ્રતિબંધ હતો.

અધ્યક્ષશ્રી : માનનીય બળદેવજી, પ્લીઝ, જવાબ સાંભળવો પડશે. માનનીય જોષીજી, તમે એમની વકીલાત ન કરો.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના લોકોએ ભરતી ન કરી.

અધ્યક્ષશ્રી : માનનીય જીજ્ઞેશભાઇ, આપ આપની જગ્યાએ જાઓ, આપ આપની જગ્યાએ જાઓ, આપને ત્રીજીવાર વિનંતી કરું છું આપ આપની જગ્યાએ જાઓ. બધા સભ્યશ્રીઓ બેસી જાઓ. માનનીય જીજ્ઞેશભાઇ, આપને વિનંતી કરવામાં આવે છે કે, આપ આપની જગ્યા છોડશો નહીં, જીજ્ઞેશભાઇ બેસી જાઓ. આપ બેસી જાઓ. આપ બેસી જાઓ, આપને ચેતવણી આપું છું કે, ફરીવાર ઉભા થઇને જો આવી રીતે વેલમાં આવશો તો આપને પરિણામ ભોગવવાં પડે. આમાં કોઇ વાહ વાહ કરવાની જરૂર નથી.

શ્રી વિજય રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ જે મૂળ વાત કરી. વહીવટ ઉપર જગ્યાઓ ખાલી હોવાના કારણે લોકોને તકલીફ ન પડે એટલા માટે સરકારે ભરતી કેલેન્ડર બનાવ્યું છે. સાતમા પગાર પંચનો પણ આ સરકારે અમલ કરી અને ખૂબ સારા પગાર આજે કર્મચારીઓને આપવામાં આવી રહ્યા છે. સવાલ વર્ગ-૪માં કોન્ટ્રાક્ટ બેઝ ઉપર ભરતી કરવામાં આવે છે તે અંગેનો છે. તો સાહેબ, ટેન્ડરની શરત ખૂબ સ્પષ્ટ છે મીનીમમ વેજીસ દેવું પડે. મીનીમમ વેજીસ લોકોને મળે એ રીતના ટેન્ડરમાં શરતો કરીને કોન્ટ્રાક્ટ કરવામાં આવે છે છતાં પણ ક્યાંક અપાતું ન હોય અને અમારા ધ્યાનમાં આવે તો કડકમાં કડક પગલાં સરકાર લેશે અને પૂરતો પગાર લોકોને મળે અને સાહેબ, હું ગૃહનું ધ્યાન દોરું છું કે, એક સાથે આખા ભારતમાં પહેલી વખત કોન્ટ્રાવર્સી વગર ટ્રાન્સ્પેરેન્સી સાથે ૮૦ હજાર ભરતી એક વર્ષમાં આ રાજય સરકારે કરી છે છતાં હજી જગ્યાઓ ખાલી હશે, અમે તબક્કાવાર ભરતા જઇએ છીએ. વહીવટ ઉપર અસર ન પડે એના માટે સરકાર ચિંતિત છે.

### નવસારી અને વલસાડ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ

* ૬૭૫ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, | (૧) નવસારી જિલ્લામાં - ૩ (ત્રણ)<br>વલસાડ જિલ્લામાં - ૫ (પાંચ) |
| (૨) ઉક્ત શાળાઓમાં ઉક્ત સ્થિતિએ ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના કેટલા | (૨) |

વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,

| જિલ્લો | આ.નિ.શા.નું નામ | વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ | કુલ |
| નવસારી | વાંસદા (કુમાર) | ૪૫ | ૪૩ | ૮૮ |
| | ચીખલી (કન્યા) | ૪૧ | ૩૮ | ૭૯ |
| | નવસારી (કન્યા) | ૪૦ | - | ૪૦ |
| વલસાડ | વલસાડ (કન્યા) | - | - | - |
| | ઉમરગામ (કન્યા) | - | - | - |
| | વાપી (કન્યા) | - | - | - |
| | ધરમપુર (કુમાર) | ૨૭ | ૨૩ | ૫૦ |
| | નોગામા (કુમાર) | - | - | - |

(૩) ઉક્ત શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યા મંજૂર થયેલ છે, અને

(૩)

| જિલ્લો | આદર્શ નિવાસી શાળાનું નામ | વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ | | | | | કુલ મંજુર જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત | જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | અંગ્રેજી/ સંસ્કૃત | |
| નવસારી | વાંસદા (કુમાર) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | ચીખલી (કન્યા) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | નવસારી (કન્યા) | - | ૧ | ૧ | - | - | ૨ |
| વલસાડ | ધરમપુર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |

(૪) વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યા ખાલી અને કેટલી ભરાયેલી છે?

(૪) ખાલી જગ્યાઓની વિગતો

| જિલ્લો | આદર્શ નિવાસી શાળાનું નામ | વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાની વિગત | | | | | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત | જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | અંગ્રેજી/ સંસ્કૃત | |
| નવસારી | વાંસદા (કુમાર) | - | ૧ | - | - | - | ૧ |
| | ચીખલી (કન્યા) | - | - | ૧ | - | - | ૧ |
| | નવસારી (કન્યા) | - | - | - | - | - | - |
| વલસાડ | ધરમપુર (કુમાર) | - | ૧ | - | ૧ | - | ૨ |

ભરાયેલ જગ્યાઓની વિગતો

| જિલ્લો | આદર્શ નિવાસી શાળાનું નામ | વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાની વિગત | | | | | કુલ ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત | જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | અંગ્રેજી/ સંસ્કૃત | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| નવસારી | વાંસદા (કુમાર) | ૧ | – | ૧ | ૧ | ૧ | ૪ |
| | ચીખલી (કન્યા) | ૧ | ૧ | – | ૧ | ૧ | ૪ |
| | નવસારી (કન્યા) | – | ૧ | ૧ | – | – | ૨ |
| વલસાડ | ધરમપુર (કુમાર) | ૧ | – | ૧ | – | ૧ | ૩ |

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અમારા આદિવાસી વિસ્તારની અંદર ઘણી બધી આદર્શ નિવાસી શાળાઓ છે, પરંતુ એ શાળાઓમાં શિક્ષક નથી અને વિજ્ઞાન પ્રવાહના કોઇપણ જાતના શિક્ષકો ભરેલા નથી અને અમારા આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓને શિક્ષણની હાટડીઓમાં ભણવા જવું પડે છે અને એ હાટડીઓમાં એકદમ સારું શિક્ષણ મળે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, અમારા આદિવાસી વિદ્યાર્થીઓને ઘરે બેસીની ઘરની આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની ભરતી ક્યારે થશે? ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ ક્યારે મળશે અને મારા આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓને શિક્ષણની ભૂખ ક્યારે પૂરી કરવામાં આવશે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રીના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, એમણે જે પ્રશ્ન પૂછ્યો છે એ નવસારી અને વલસાડ જિલ્લાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાની અંદર ત્રણ જેટલી આદર્શ નિવાસી વિદ્યાલયો ચાલે છે એમાં કુલ ૧૨નું મહેકમ છે એમાંથી ૧૦ શિક્ષકો ભરેલા છે અને માત્ર બે ખાલી છે.

વલસાડ જિલ્લાના શિક્ષકોનું જે મહેકમ છે જે ૫ શિક્ષકોનું છે અને તેમાંથી ૩ શિક્ષકોની જગ્યા ભરેલી છે. સાહેબ, વલસાડ અને નવસારી જિલ્લાનું ટોટલ કરવામાં આવે તો ૧૭ જેટલા શિક્ષકોનું મહેકમ છે અને તેમાંથી ૧૩ જગ્યાઓ ભરેલી છે. ૪ જગ્યા ખાલી છે. હવે રહી વાત સભ્યશ્રીએ કહ્યું કે શિક્ષણની હાટડીઓ ખોલવામાં આવી છે, તો આવી કોઇ હાટડીઓ ખોલવામાં નથી આવી. આદિવાસી વિસ્તારમાં અંતરિયાળ વિસ્તારોમાં આદિવાસીઓના બાળકોને સારું શિક્ષણ મળી તે હેતુથી આ આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર બે જ જગ્યાએ ભાડાના મકાનમાં બેસે છે. તમામ મકાનોની કામગીરી સરકારે પૂરી કરી છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી આપની મારફત હું મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં જે આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે એનું છેલ્લા ત્રણ વર્ષનું કેટલા ટકા રિઝલ્ટ છે ? અને અનંતભાઇએ કહ્યું કે મારા વિસ્તારમાં જે લાખો અને કરોડો રૂપિયાના મકાનો બની ગયા છે તે માટે સરકારશ્રીને અભિનંદન આપું છું. મને આનંદ થાય છે કે મારા મત વિસ્તારના ખેરગાંવ તાલુકામાં આદર્શ નિવાસીશાળા મંજૂર થઇ છે, તેના માટે અભિનંદન આપું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, એમણે પ્રશ્ન પૂછ્યો જ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, મંત્રીશ્રીએ સભ્યશ્રીનો કહેવાનો હાર્દ પકડયો છે, ઘણીવાર જવાબમાં પણ પ્રશ્ન આવી જતો હોય છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય શૈલેષભાઇએ પ્રશ્ન બરાબર સાંભળ્યો જ નથી. એમના વિસ્તારમાં જે આદર્શ નિવાસી શાળા મંજૂર કરી છે તેના અભિનંદન આપ્યા પછી બોર્ડના પરિણામ વિશે પ્રશ્ન પૂછયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજની અંદર આ ભાજપ સરકારની મદદથી આદિવાસી તેજસ્વી વિદ્યાર્થીઓ ખૂબ સારી રીતે ભણી રહ્યા છે. મને જણાવાતાં આનંદ થાય છે કે, નવસારી જિલ્લાની અંદર વાંસદા તાલુકામાં ધોરણ–૧૦ નું પરિણામ ૮૩.૯૪ ટકા છે, ચીખલી તાલુકાની આદર્શ નિવાસી શાળાનું પરિણામ ૧૦૦ ટકા છે. વલસાડની અંદર ૮૬ ટકા છે, ઉમરગામનું ૮૨ ટકા, વાપીનું ૮૬ ટકા, ધરમપુર ૯૩ ટકા અને માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ–૧૨ ના પરિણામની વાત કરું તો વાંસદાની અંદર ૮૮ ટકા, ચીખલીનું ૧૦૦ ટકા અને ધરમપુરનું ૭૧ ટકા રિઝલ્ટ આદિવાસી વિદ્યાર્થીઓ બોર્ડમાં લાવ્યા છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : મારે મંત્રીશ્રીને એ પૂછવું છે કે, વલસાડ, ઉમરગામ અને વાપી જે કન્યા કેળવણીને રાજય સરકાર ખૂબ મહત્વ આપતી હોય છે, ત્યારે આ ત્રણેય આદર્શ નિવાસી શાળાઓ કન્યાઓની છે, તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા નથી અને જે મકાનો બન્યા છે એમાં શાળાઓની મંજૂરી કયા વર્ષમાં મળી છે અને તે ચાલુ છે કે બંધ છે ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય પુનાભાઇએ પૂરા પ્રશ્નનો અભ્યાસ જ કર્યો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અભ્યાસ નથી કર્યો એવું ન કહી શકાય. પણ એમના ધ્યાનમાં આવ્યું નથી એમ કહી શકાય.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો જવાબ સુધારી લઉં છું કે એમના ધ્યાનમાં આવ્યું નથી. આદર્શ નિવાસી શાળા ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ની હોય છે. આ કન્યા શાળા છે ત્યાં અત્યારે ૯ અને ૧૦ ધોરણ સુધી જ પહોંચ્યા છીએ એટલે હજી ધોરણ ૧૧ અને ૧૨ શરૂ થયેલ નથી. એટલા માટે સંખ્યાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

શ્રી અરવિંદ છો. પટેલ : આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસીઓના ઉત્કર્ષ માટે આદર્શ નિવાસી શાળાઓ ચાલુ કરી છે એ ખૂબ જ સરાહનીય બાબત છે. આદિવાસીઓના ઉત્કર્ષ માટે અત્યારે નિવાસી શાળાઓના મકાનો બનાવ્યા છે તેમ છતાં માનનીય સભ્યશ્રીએ પ્રશ્નમાં હાટડીનો ઉલ્લેખ કર્યો છે એ યોગ્ય નથી. અમારા ધરમપુર અને વલસાડ જિલ્લામાં આદર્શ નિવાસી શાળા આપવા બદલ સરકારને અભિનંદન પાઠવું છું. સાથે સાથે વિજ્ઞાન પ્રવાહના શિક્ષકની પરવાનગી આપીને એની ભરતી કરી છે અને પ્રવાસી શિક્ષકની પણ ભરતી કરી છે ત્યારે મારો પ્રશ્ન એ છે કે આદર્શ નિવાસી શાળામાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષકો કાયમી કરવા માટે શું કામગીરી કરી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : ગુજરાત સરકારે દસ વર્ષનું ભરતી કેલેન્ડર બનાવેલ છે એ પ્રમાણે સન ૨૦૧૭માં પણ જાહેરાત આપવામાં આવી હતી. એ જ રીતે સન ૨૦૧૮માં પણ ભરતીની જાહેરાત આપવાના છીએ અને ભરતી પ્રક્રિયા કરવાના છીએ. આ રીતે જયાં પણ ઘટતા શિક્ષકો હશે ત્યાં નિયમિત શિક્ષકો મૂકી આપવા માટે રાજય સરકાર પ્રયત્નો કરશે.

શ્રી અનિલ જોષિયારા : હમણાં માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે નવસારી જિલ્લા મથકે આદર્શ નિવાસી શાળા શરૂ કરવામાં આવી છે. શાળા ચાલુ કરી છે પરંતુ એનું મહેકમ મંજૂર કરતા નથી એના લીધે વિજ્ઞાન, ગણિત અને અંગ્રેજીના શિક્ષક વગર કન્યાઓને કેવી રીતે ભણાવી શકાય. એટલે જે બાળકીઓ ત્યાં છે એને ભણવાનો અધિકાર છે કે કેમ? તમે શિક્ષકો જ મંજૂર કરતા નથી તો એ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : ચીખલી ખાતે આદર્શ નિવાસી કન્યા શાળા ચાલે છે એમાં મહેકમ પાંચ છે એમાંથી ચાર જગ્યાઓ ભરાયેલી છે અને એક જગ્યા ખાલી છે. એ પ્રમાણે નવસારીની શાળામાં બે જગ્યાનું મહેકમ છે અને બંને જગ્યાઓ ભરાયેલી છે એટલે કોઇ જગ્યા ખાલી નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે એ આપણા બધા માટે આનંદ અને ગૌરવની વાત છે. મારા નવસારી જિલ્લામાં આદર્શ નિવાસી શાળા ચાલે છે. પહેલા ત્યાં આર્ટસ અને કોમર્સ જ ચાલતું હતું એના બદલે હવે ત્યાં વિજ્ઞાન પ્રવાહના વર્ગો પણ ચાલુ કર્યા છે. તો આ વિજ્ઞાન પ્રવાહના વર્ગો કયા વર્ષથી શરૂ કરવામાં આવ્યા છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય પિયુષભાઇએ ખૂબ જ સારો પ્રશ્ન પૂછ્યો છે. સમગ્ર ગુજરાતની અંદર ૧૪ જેટલા ટ્રાયબલની વસતિવાળા જિલ્લાઓ છે. મને આ તબક્કે દુઃખ પણ થાય છે અને આનંદ પણ થાય છે. ભૂતકાળમાં ૪૦ વર્ષ સુધી કોંગ્રેસે રાજય કર્યું છે એ દરમિયાન એક પણ ટ્રાયબલ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા કે કોલેજ શરૂ કરવામાં આવી નહોતી. પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા પડે કે એ આવ્યા પછી આદિવાસી વિસ્તારમાં શિક્ષણની ભૂખ જગાડી અને આજે ટ્રાયબલના દરેક તાલુકામાં, મને કહેતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી લગભગ ૬૫ જેટલી સાયન્સની શાળાઓ ચાલુ કરવામાં આવી છે. હું આ તબક્કે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહને પણ અભિનંદન આપીશ કે એમના શિક્ષણ વિભાગે પણ ૨૪ જેટલી સાયન્સની શાળાઓ ચાલુ કરી છે. એટલે આદિવાસીના દીકરા દીકરીઓ આજે ડોકટર અને એન્જિનિયર બનતા થયા છે. એ માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારને આભારી છે. માનનીય પિયુષભાઇએ જે પ્રશ્ન પૂછ્યો કે ધોરણ-૧૧ અને ૧૨માં સાયન્સની સ્કૂલો કયારે શરૂ કરવામાં આવી? તો નવસારી જિલ્લામાં વાંસદામાં ૨૦૦૭માં અને ધોરણ-૧૨ની ૨૦૦૮માં અને ચીખલીમાં ૨૦૦૮-૦૯માં અને નવસારીમાં ૨૦૧૭-૧૮માં વિજ્ઞાન પ્રવાહની સ્કૂલો શરૂ કરવામાં આવી.

### પાવાગઢ (જેપુરા)ખાતે વિરાસત વન

* ૧૪૫૫ શ્રી શૈલેષ મહેતા (ડભોઈ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાવાગઢ (જેપુરા)ખાતેના વિરાસત વન કેટલા વિસ્તારમાં બનાવેલ છે, | (૧) ૬.૫૦ હેક્ટર |
| (૨) આ વનમાં મુખ્યત્વે કયા પ્રકારના કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ અને તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલા ટકા જીવંત છે, અને | (૨) ખાટી આમલી, સપ્તપર્ણી, બોરસલ્લી, વાંસ, રાયણ, ચંદન, ગરમાળો, અર્જુન સાદડ, હરડે, આમળા, બરંડા, બીજોરૂ, લીમડા, અશોકવડ, આંબા, રૂદ્રાક્ષ, કદમ, બીલી, પીપળા, નાળીયેરી, સીમળો, ચંપો, ખાખરો, પાણીનેતર, ફણસ, ખીજડો, મહુડા, અરડુસા, સરગવા, નીલગીરી મળી કુલ ૫૯૬૬૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યુ. તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ ૯૬.૭૮ ટકા વૃક્ષો જીવંત છે. |

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? — (૩) રૂ. ૫.૪૨ લાખ

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પાવાગઢ ખાતે કયારે અને કેટલામો વન મહોત્સવ યોજવામાં આવ્યો ? મારો બીજો પ્રશ્ન છે કે તેને વિરાસત વન નામ કેમ આપવામાં આવ્યું? વિરાસત વનનું લોકાર્પણ કયારે અને કોના હસ્તે કરવામાં આવ્યું? તેની પાછળ તા. ૩૧-૧૨-૧૭ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સૌ પ્રથમ સ્વ. શ્રી કનૈયાલાલ મુન્શી ભૂતપૂર્વ વન અને કૃષિમંત્રી હતા તે વખતે વન મહોત્સવ ૧૯૫૦માં શરૂ કરવામાં આવ્યો. ત્યાર બાદ વન મહોત્સવમાં વખતોવખત વૃક્ષોનું વાવેતર કરીને તેનું અસ્તિત્વ જળવાય, વૃક્ષોનું જતન થાય એટલા માટે વિરાસત વન નામ આપી સાંસ્કૃતિક વનો ઉભા કરવામાં આવ્યા. તેના અનુસંધાનમાં ગુજરાતમાં અત્યારે ૧૭ જિલ્લામાં ૧૭ જેટલા સાંસ્કૃતિક વન ઉભા થયા છે અને ૧૮મું સાંસ્કૃતિક વન આપણે આ વર્ષે કચ્છમાં શરૂ કરવા જઇ રહ્યા છીએ. તેની પાછળ અત્યાર સુધી જે કંઇ ખર્ચ થયો છે તેમાં શરૂઆતમાં પાવાગઢ, જેતપુર ખાતે ૧૧મો વન મહોત્સવ કર્યો તેમાં ૬.૫૦ હેકટર વાવેતર કરવામાં આવેલું અને તેની પાછળ ૨૦૧૭ના અંત સુધી કુલ ૪ કરોડ ૫૮ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે રાજયમાં વનનો વિકાસ થાય એટલા માટે વન મહોત્સવ કરવામાં આવે છે. સારી બાબત છે. અહીં વિરાસત વન, આપે કંઇક નવું ડેવલપમેન્ટ કર્યું છે. તેમાં ખાટલી અમલી, આમલી આ બધા જાતના ઝાડ બતાવ્યા છે. તેમાં આ બરંડા નામનું ઝાડ કયું છે? હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું એટલે આ બરંડા કયું ઝાડ છે? મારે એ જાણવું છે કે દરેક જિલ્લામાં આવું વિરાસત વન જે ઔષધિ પ્રકારના ઝાડ છે એ ઝાડ ઉછેરવા માટે સરકાર અલાયદી જોગવાઇ કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષો આપણાં જીવનમાં મહત્વનો ભાગ ભજવે છે અને વૃક્ષોના આધાર ઉપર આપણું જીવન પણ ટકેલું છે. ખાસ કરીને અત્યારે જે વૃક્ષોનું વાવેતર થાય છે તેમાં ઔષધિય વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવે છે. મહુડા, બહેડા, બરંડા(અંતરાય)

શ્રી ગણપતસિંહ વે. વસાવા : બરંડા એટલે બેડો અને આ વિરાસત વન નામ એટલા માટે આપવામાં આવ્યું કે પાવાગઢમાં ચાંપાનેરમાં સુપ્રસિદ્ધ પાવાગઢ પર્વત ઉપર સાક્ષાત મહાકાળી માતા બિરાજમાન છે. ત્યાં એ પ્રમાણે મુસ્લિમ સમાજ માટે સદનાપીરની દરગાહ છે. જૈન દેરાસર પણ છે અને યુનેસ્કો દ્વારા ૨૦૦૪માં આ સ્થળને હેરીટેજ સાઇટ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

બનાસકાંઠા જિલ્લામાં મૃતક વિદ્યાર્થીઓના વારસદારોને સહાય

* ૭૦૭ શ્રી કાન્તીભાઇ ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિમાં બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં માર્ગ અકસ્માતમાં કેટલા વિદ્યાર્થીઓના મૃત્યુ થયા, | (૧) |

| તાલુકો | બાળકોની સંખ્યા | તાલુકો | બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| પાલનપુર | ૫ | દિયોદર | ૨ |
| વડગામ | ૩ | ભાભર | ૧ |
| દાંતા | ૪ | કાંકરેજ | ૪ |
| અમીરગઢ | ૧ | વાવ | ૧ |
| દાંતીવાડા | ૦ | ડીસા | ૫ |
| ધાનેરા | ૧ | લાખણી | ૦ |
| થરાદ | ૫ | સુઇગામ | ૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલા મૃતક વિદ્યાર્થીઓના વારસદારોને વિદ્યાદીપ યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવેલ છે, અને | (૨) ૧૨ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓમાં સહાય ચૂકવવાની બાકી છે અને તેના શા કારણો છે? | (૩) બાકી રહેલ ૨૦ દરખાસ્તો વિમા નિયામકશ્રીની કચેરી ખાતે વિચારણા હેઠળ છે. ૨ કેસો નામંજુર થયેલા છે. |

---------

ફાલ્ગુન ૪, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નો

"બનાસકાંઠા જિલ્લામાં ટ્રસ્ટ સંચાલિત નોન–ગ્રાન્ટેડ કન્યા શાળાઓ"

* ૧૪૫૦ શ્રી જીગ્નેશ કુમાર મેવાણી (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ટ્રસ્ટ સંચાલિત કેટલી નોન–ગ્રાન્ટેડ કન્યા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ટ્રસ્ટ સંચાલિત આઠ નોન–ગ્રાન્ટેડ કન્યા માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ કાર્યરત છે, જે નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૦૧ | અમીરગઢ | ૦૧ |
| ૦૨ | પાલનપુર | ૦૧ |
| ૦૩ | દાંતીવાડા | ૦૧ |
| ૦૪ | ધાનેરા | ૦૧ |
| ૦૫ | ડીસા | ૦૧ |
| ૦૬ | ભાભર | ૦૧ |
| ૦૭ | દિયોદર | ૦૨ |
| કુલ | ૦૮ શાળાઓ | |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી શાળાઓની ઉક્ત સ્થિતિએ ગ્રાન્ટેડ કરવા અંગેની માંગણી પડતર છે, અને | (૨) નોન–ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે તબદીલ કરવાની સરકારશ્રીની નીતિ અમલમાં ન હોઇ, નોન–ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળામાં તબદીલ કરવાની માંગણી પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત માંગણી પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દેવભૂમિ દ્વારકા અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

* ૮૧૮ શ્રી કાળાભાઈ ડાભી (કપડવંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને સાબરકાંઠા જીલ્લામાં જીલ્લા પંચાયતનું જિલ્લાવાર અને સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| જીલ્લો | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | કુલ |
|---|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૦ | ૮ | ૧૦૨ | ૧૩ | ૧૩૩ |
| સાબરકાંઠા | ૧૪ | ૧૯ | ૧૫૮ | ૨૯ | ૨૨૦ |
| કુલ | ૨૪ | ૨૭ | ૨૬૦ | ૪૨ | ૩૫૩ |

(૨) તે અન્વયે જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| જીલ્લો | વર્ગ–૧ | | વર્ગ–૨ | | વર્ગ–૩ | | વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| દેવભૂમિ દ્વારકા | ૮ | ૨ | ૫ | ૩ | ૭૫ | ૨૭ | ૬ | ૭ |
| સાબરકાંઠા | ૧૦ | ૪ | ૧૨ | ૭ | ૧૦૮ | ૫૦ | ૨૫ | ૪ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩)

| જીલ્લો | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ | ૩ વર્ષ ઉપર |
| દેવભૂમિ | ૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૧૭ | ૧૦ | ૦ | ૦ | ૭ | ૦ |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દ્વારકા | | | | | | | | | | | | |
| સાબરકાંઠા | ૪ | ૦ | ૦ | ૪ | ૦ | ૩ | ૨૧ | ૩ | ૨૬ | ૦ | ૦ | ૪ |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

---------

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ

* ૬૮૧ શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે,

(૧) દાહેદ જિલ્લામાં - ૪ (ચાર)
છોટા ઉદેપુર જિલ્લામાં - ૫ (પાંચ)

(૨) ઉક્ત શાળાઓમાં ઉક્ત સ્થિતિએ ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,

(૨)

| જિલ્લો | આ.નિ.શા.નું નામ | વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ધોરણ-૧૧ | ધોરણ-૧૨ | કુલ |
| દાહોદ | દાહોદ (કુમાર) | ૩૪ | ૨૭ | ૬૧ |
| | ઝાલોદ (કન્યા) | ૪૩ | ૩૪ | ૭૭ |
| | દેવગઢબારીયા (કુમાર) | ૩૯ | ૨૦ | ૫૯ |
| | લીમખેડા (કન્યા) | ૪૬ | ૩૩ | ૭૯ |
| છોટા ઉદેપુર | છોટાઉદેપુર (કન્યા) | ૧૨ | ૨૪ | ૩૬ |
| | છોટાઉદેપુર (કુમાર) | - | - | - |
| | પાવીજેતપુર (કુમાર) | ૪૦ | ૨૪ | ૬૪ |
| | નસવાડી (કુમાર) | ૨૪ | ૨૮ | ૫૨ |

(૩) ઉક્ત શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની જગ્યા મંજૂર થયેલ છે, અને

(૩)

| જિલ્લો | આદર્શ નિવાસી શાળાનું નામ | વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ | | | | | કુલ મંજુર જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત | જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | અંગ્રેજી/ સંસ્કૃત | |
| દાહોદ | દાહોદ (કુમાર) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | ઝાલોદ (કન્યા) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | દેવગઢબારીયા (કુમાર) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | લીમખેડા (કન્યા) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| છોટા ઉદેપુર | છોટાઉદેપુર (કન્યા) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | છોટાઉદેપુર (કુમાર) | - | ૧ | ૧ | - | - | ૨ |
| | પાવીજેતપુર (કુમાર) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | નસવાડી | - | ૧ | ૧ | ૧ | ૧ | ૪ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | (કુમાર) | | | | | | |

(૪) વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યા ખાલી અને કેટલી ભરાયેલી છે?

(૪) ખાલી જગ્યાઓની વિગતો

| જિલ્લો | આદર્શ નિવાસી શાળાનું નામ | વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ખાલી જગ્યાની વિગત | | | | | કુલ ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત | જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | અંગ્રેજી/ સંસ્કૃત | |
| દાહોદ | દાહોદ (કુમાર) | – | – | ૧ | – | ૧ | ૨ |
| | ઝાલોદ (કન્યા) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| | દેવગઢબારીયા (કુમાર) | ૧ | ૧ | ૧ | – | ૧ | ૪ |
| | લીમખેડા (કન્યા) | ૧ | – | ૧ | ૧ | ૧ | ૪ |
| છોટા ઉદેપુર | છોટાઉદેપુર (કન્યા) | ૧ | ૧ | ૧ | – | ૧ | ૪ |
| | છોટાઉદેપુર (કુમાર) | – | ૧ | ૧ | – | – | ૨ |
| | પાવીજેતપુર (કુમાર) | ૧ | ૧ | – | – | ૧ | ૩ |
| | નસવાડી (કુમાર) | – | ૧ | ૧ | – | ૧ | ૩ |

ભરાયેલ જગ્યાઓની વિગતો

| જિલ્લો | આદર્શ નિવાસી શાળાનું નામ | વિષયવાર મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ જગ્યાની વિગત | | | | | કુલ ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત | જીવ વિજ્ઞાન | રસાયણ વિજ્ઞાન | ભૌતિક વિજ્ઞાન | અંગ્રેજી/ સંસ્કૃત | |
| દાહોદ | દાહોદ (કુમાર) | ૧ | ૧ | – | ૧ | – | ૩ |
| | ઝાલોદ (કન્યા) | – | – | – | – | – | – |
૨. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

૩. દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.

૪. ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.

૫. આંગણવાડી કેન્દ્રમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.

૬. હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

---------

મહેસાણા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ટ્રાન્સપોર્ટેશન સુવિધા

* ૧૫૨૬ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન યોજના અંતર્ગત મહેસાણા જિલ્લાની કેટલી શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશનની સુવિધાઓ આપવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૬-૧૭માં ૭૯ શાળાઓ અને ૨૦૧૭-૧૮માં ૭૯ શાળાઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ.૮૮,૯૫,૩૦૦ અને વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૮૮,૧૬,૭૯૫ |
| (૩) આ ટ્રાન્સપોર્ટેશન યોજનાનું સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે? | (૩) શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા. |

---------

સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

* ૮૩૪ શ્રી સોમાભાઈ કોળીપટેલ (લીંબડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, | (૧) *પત્રક-અ મુજબ |
| (૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) *પત્રક-બ મુજબ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૩) *પત્રક-ક મુજબ |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે. |

* (પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનની શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૭૦૧ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ, સુરેન્દ્રનગર જિલ્લામાં રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન | (૧) હા, |

તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

હેઠળ ચાલતી માધ્યમિક શાળાઓમાં મોટા પ્રમાણમાં શિક્ષકોની ઘટ છે તે સરકાર જાણે છે,

(૨) જો હા, તો વિષયવાર, જિલ્લાવાર કઈ શાળમાં કેટલા શિક્ષકોની ઘટ છે, અને

**(૨) રાજકોટઃ–**

| **ક્રમ** | **વિષય** | **સરકારી માધ્યમિક શાળાઓનું નામ** | **શિક્ષકોની ઘટની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ગણિત/વિજ્ઞાન | કાસલોલીયા | ૧ |
| | | હાથીસણ | ૧ |
| | | રેવાનીયા | ૧ |
| | | મોટામાંત્રા | ૧ |
| | | બારવણ | ૧ |
| ૨ | સામાજીક વિજ્ઞાન | ઢેઢુંકી | ૧ |
| | | ગુદાણા | ૧ |
| | | ખડવાવડી | ૧ |
| | | દેવપરા | ૧ |
| | | મોટામાંત્રા | ૧ |
| | | ભુપગઢ | ૧ |
| | | ઈશ્વરિયા | ૧ |
| ૩ | ભાષા | કાસલોલીયા | ૧ |
| | | ખડવાવડી | ૧ |
| | | દેવપરા | ૧ |
| | | મોટામાંત્રા | ૧ |
| | | ભુપગઢ | ૧ |
| ૪ | અંગ્રેજી | પારેવડા | ૧ |

**સુરેન્દ્રનગરઃ–**

| **ક્રમ** | **વિષય** | **સરકારી માધ્યમિક શાળાઓનું નામ** | **શિક્ષકોની ઘટની સંખ્યા** |
|---|---|---|---|
| **૧** | ગણિત/વિજ્ઞાન | નવી રાજવાડ | ૧ |
| | | ચિરોડા | ૧ |
| | | વાવડી | ૧ |
| | | કોટડા | ૧ |
| | | ઈશ્વરિયા(સાયલા) | ૧ |
| | | મોટા સખપર | ૧ |
| | | બાલદાણા | ૧ |
| | | મીઠા ગોઢા | ૧ |
| ૨ | સામાજીક વિજ્ઞાન | સોનગઢ | ૧ |
| | | મેવાસા | ૧ |
| | | મોટા કાંધાગર | ૧ |
| | | વિરન્દ્રગઢ | ૧ |
| | | જીવા | ૧ |
| | | કુડા | ૧ |
| | | કટારીયા | ૧ |
| | | પલાશ | ૧ |

| | | | |
|---|---|---|---|
| | | દઘોડીયા | ૧ |
| | | મોટા સખપર | ૧ |
| | | બાલદાણા | ૧ |
| | | મીઠા ગોઢા | ૧ |
| | | છાબલી | ૧ |
| ૩ | અંગ્રેજી | શિરવાવણી | ૧ |
| | | મેવાસા | ૧ |
| | | મોટા કાંધાગર | ૧ |
| | | વાવડી | ૧ |
| | | જીવા | ૧ |
| | | કુડા | ૧ |
| | | કટારીયા | ૧ |
| | | પલાશ | ૧ |
| | | દઘોડીયા | ૧ |
| | | કોટડા | ૧ |
| | | ઈશ્વરિયા(સાયલા) | ૧ |
| | | મોટા સખપર | ૧ |
| | | બાલદાણા | ૧ |
| | | મીઠા ગોઢા | ૧ |
| | | છાબલી | ૧ |

(૩) આ ઘટ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે? (૩) જેમ બને તેમ જલ્દી.

---------

દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા

*૭૭૯ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધાં ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૪૫૧ | ૩૮૫ | ૧૮૩૬ |
| જામનગર | ૧૯૫૩ | ૪૫૮ | ૨૪૧૧ |

(૨) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે

૧. ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

૨. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

૩. દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં

૨ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફલેવર્ડ દુધ આપવામાં આવે છે.

૪. ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.

૫. આંગણવાડી કેન્દ્રમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.

૬. હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

---------

જામનગર અને મહીસાગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા

* ૭૮૧ શ્રી વલ્લભભાઈ ધારવીયા (જામનગર ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિેએ જામનગર અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| જામનગર | ૧૯૫૩ | ૪૫૮ | ૨૪૧૧ |
| મહીસાગર | ૩૫૧૯ | ૫૩૨ | ૪૦૫૧ |

(૨) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે

૧. ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

૨. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

૩. દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફલેવર્ડ દુધ આપવામાં આવે છે.

૪. ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.

૫. આંગણવાડી કેન્દ્રમાં ધનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.

૬. હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

---------

રાજકોટ અને છોટાઉદેપુર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા

* ૭૮૨ શ્રી લલિતભાઈ વસોયા (ધોરાજી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૬૨૫ | ૩૨૪ | ૧૯૪૯ |
| ૨ | છોટાઉદેપુર | ૧૧૭૭ | ૫૪ | ૧૨૩૧ |

(૨) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે

૧. ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

૨. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.

૩. દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.

૪. ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.

૫. આંગણવાડી કેન્દ્રમાં ધનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ

દવા આપવામાં આવે છે.

૬. હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

--------

રાજ્યમાં પતંગ મહોત્સવનો ખર્ચ

*૯૩ શ્રી વિરજીભાઈ ઠુમ્મર (લાઠી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી ૨૦૧૮માં રાજ્યમાં કયા સ્થળોએ પતંગ મહોત્સવ યોજવામાં આવ્યો, | (૧) જાન્યુઆરી ૨૦૧૮માં રાજ્યમાં નીચેના કુલ ૧૮ સ્થળોએ પતંગ મહોત્સવ યોજવામાં આવ્યો.<br>૧. અમદાવાદ<br>૨. પાલનપુર, જિ–બનાસકાંઠા<br>૩. ડાકોર, જિ–ખેડા<br>૪. ગાંધીધામ, જિ–ભુજ<br>૫. પાવાગઢ, જિ.–પંચમહાલ<br>૬. તિથલ, જિ.–વલસાડ<br>૭. જામનગર<br>૮. રાજકોટ<br>૯. સુરત<br>૧૦. દ્વારકા, જિ.–દેવભૂમિ દ્વારકા<br>૧૧. જેતપુર, જિ.–રાજકોટ<br>૧૨. સાપુતારા, જિ.–ડાંગ<br>૧૩. સોનગઢ, જિ.–તાપી<br>૧૪. અમરેલી<br>૧૫. વડોદરા<br>૧૬. મોડાસા, જિ.–અરવલ્લી<br>૧૭. તલોદ, જિ.– સાબરકાંઠા<br>૧૮. વલ્લભ વિદ્યાનગર, જિ.–આણંદ |
| (૨) આ પતંગ મહોત્સવમાં કેટલા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો, | (૨) આ પતંગ મહોત્સવમાં ૫૪ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ. |
| (૩) ઉક્ત પતંગ મહોત્સવમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓને સરકાર દ્વારા કેવા પ્રકારની સગવડો પુરી પાડવામાં આવી, અને | (૩) ઉક્ત પતંગ મહોત્સવમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓને સરકાર દ્વારા રહેવા, જમવા, આવવા–જવા માટે એર ટિકિટ અને લોકલ ટ્રાન્સપોર્ટેશનની સગવડો પૂરી પાડવામાં આવી. |
| (૪) ઉક્ત પતંગ મહોત્સવ પાછળ સરકારે કુલ કેટલો ખર્ચ કર્યો છે ? | (૪) ઉક્ત પતંગ મહોત્સવ પાછળ સરકારે કુલ રૂપિયા ૪૮૪.૭૯ લાખનો ખર્ચ કરેલ છે. |

---------

ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા

* ૭૭૬ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે. |

| જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની | અતિ ઓછા વજનવાળા બાળકોની | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|

| | સંખ્યા | સંખ્યા | |
|---|---|---|---|
| ગીરસોમનાથ | ૧૧૦૦ | ૨૫૬ | ૧૩૫૬ |
| પોરબંદર | ૩૯૨ | ૧૦૯ | ૫૦૧ |

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધા?

(૨) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

૧. ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
૨. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
૩. દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
૪. ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.
૫. આંગણવાડી કેન્દ્રમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.
૬. હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

---------

અમરેલી જિલ્લામાં સાવરકુંડલા તાલુકામાં ગૌચર જમીન પર ગેરકાયદે દબાણ

* ૬૪ શ્રી પ્રતાપ દુધાત (સાવરકુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં કયા કયા ગામોમાં ડિસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ ગૌચર જમીન પર ગેરકાયદે દબાણ કરી પવનચક્કીઓ ઉભી કરવામાં આવી છે,

(૨) ગૌચર જમીન પર પવનચક્કીઓ ઉભી કરી દબાણ કરનાર કોણ કોણ છે અને કેટલી સમયથી આવા દબાણો ઉભા થયેલ છે, અને

(૩) આવા દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવી છે?

જવાબ

(૧) સાવરકુંડલા તાલુકામાં ગૌચર જમીન પર દબાણ કરી પવનચક્કીઓ બનાવવા અંગેની ફરીયાદ તાલુકા પંચાયત સાવરકુંડલા કે જિલ્લા પંચાયત અમરેલીમાં મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

### પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેન્સનો ખર્ચ

* ૧૪૫૩ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મંત્રીશ્રી, નાગરિક ઉડ્ડયન જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, વર્ષવાર પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટે કેટલો ખર્ચ કર્યો, અને

(૨) ઉક્ત પ્લેન અને હેલીકોપ્ટરનું મેઈન્ટેન્સ ક્યાં અને કોના દ્વારા કરવામાં આવે છે?

જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પ્લેન અને હેલિકોપ્ટરના મેઈન્ટેનન્સ, પાઈલોટ અને અન્ય સ્ટાફ માટે કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| પ્લેન માટેનો ખર્ચ | | |
|---|---|---|
| વર્ષ ૨૦૧૬ | કુલ | ૨,૨૬,૮૯,૩૫૦/– |
| વર્ષ ૨૦૧૭ | કુલ | ૨,૩૫,૨૩,૮૦૦/– |
| હેલિકોપ્ટર માટેનો ખર્ચ | | |
| વર્ષ ૨૦૧૬ | કુલ | ૨,૮૭,૧૧,૫૦૦/– |
| વર્ષ ૨૦૧૭ | કુલ | ૩,૨૩,૪૦,૦૦૦/– |

(૨) પ્લેનનું મેઈન્ટેનન્સ મે. ઈન્ડામર એવીએશન પ્રા.લી. દ્વારા અને હેલીકોપ્ટરનું મેઈન્ટેનન્સ મે. ઈન્ડોકોપ્ટર્સ લી. દ્વારા અમદાવાદ એરપોર્ટ ખાતે કરવામાં આવે છે.

---------

### બનાસકાંઠા અને સુરત જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૭૯૫ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૧) ૩૩૬૫ અને ૧૭૩૩ |
| (૨) તે પૈકી જિલ્લાવાર કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, | (૨) ૩૦૬૧ અને ૧૫૪૭ |
| (૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાન કે અન્ય જગ્યાએ ચાલે છે, અને | (૩) ૩૦૪ અને ૧૮૬ |
| (૪) ઉક્ત સ્થિતિએ જે આંગણવાડીઓને પોતાનું મકાન નથી તેમને સત્વરે મકાન આપવા છેલ્લા બે વર્ષમાં સરકારે શાં પગલા લીધા? | (૪) બનાસકાંઠા જિલ્લો |

(૪) બનાસકાંઠા જિલ્લો

- ૩૦૪ આંગણવાડી કેન્દ્રના મકાન માટે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.
- તે પૈકી ૮૨ આંગણવાડી કેન્દ્રનું મકાન બાંધકામ ચાલુમાં છે

સુરત જિલ્લો

- બાકી રહેતા આંગણવાડીના મકાનો મનરેગા કન્વર્ઝન તથા અન્ય યોજનામાંથી બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

### સુરેન્દ્રનગર અને ભરૂચ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા

* ૭૮૫ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ બાળકોની સંખ્યા |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૪૪૯૮ | ૧૧૭૪ | ૫૬૭૨ |
| ભરૂચ | ૨૩૫૩ | ૨૮૩ | ૨૬૩૬ |

(૨) આવા બાળકોમાંથી કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલા લીધા?

(૨) બાળકોના પોષણ સ્તરમાં સુધારો થાય તે માટે સરકારશ્રી દ્વારા નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

૧. ૬ માસથી ૩ વર્ષના બાળકોને નિદર્શક ભોજન તરીકે બાલભોગમાંથી રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
૨. આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
૩. દુધ સંજીવની યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ તાલુકા અને વિકાસશીલ તાલુકાઓના આંગણવાડી કેન્દ્રમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૨ દિવસ પ્રતિ પાઉચ ૧૦૦ મી.લી. ફ્લેવર્ડ દુધ આપવામાં આવે છે.
૪. ત્રીજું ભોજનઃ ૩ થી ૬ વર્ષના ઓછા અને અતિ ઓછા વજનવાળા બાળકોને ત્રીજુ ભોજન તરીકે ઘરે લઈ જવા કેલેરી પ્રોટીન સભર ૫૦ ગ્રામનો લાડુ બનાવીને આપવામાં આવે છે.
૫. આંગણવાડી કેન્દ્રમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં ૬ માસથી ૬ વર્ષના અને અતિ ઓછા વજનવાળા બાળકોને ૩૦ દિવસ માટે સારવાર દરમ્યાન દિવસમાં ૫ વાર પોષણયુક્ત ખોરાક તેમજ જરૂરિયાત મુજબ દવા આપવામાં આવે છે.
૬. હાલમાં વચગાળાની વૈકલ્પિક વ્યવસ્થા તરીકે તમામ જિલ્લાઓ અને કોર્પોરેશનના આંગણવાડી કેન્દ્રોમાં આવતાં ૬ માસથી ૬ વર્ષના બાળકો, સગર્ભામાતા, ધાત્રી માતા અને કિશોરીઓને ટી.એચ.આર. તરીકે અન્નવિતરણ કરવામાં આવે છે.

---------

## ગાંધીનગર અને ભરૂચ જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

* ૮૩૭ શ્રી સુરેશકુમાર પટેલ(માણસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ગાંધીનગર અને ભરૂચ જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે? | (૧) * પત્રક અ મુજબ |
| (૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) * પત્રક બ મુજબ |
| (૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૩) * પત્રક ક મુજબ |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) વહીવટી અનુકુળતા મુજબ |

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## દાહેદ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત હોસ્ટેલો

* ૧૫૩૧ શ્રી રમેશભાઇ કટારા (ફતેપુરા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ ૨૦૧૭– | (૧) ૧૫૭ |

૧૮ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દાહોદ જિલ્લાના સ્થળાંતર કરતા વાલીઓના બાળકો માટે કેટલી હોસ્ટેલો શરૂ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ હોસ્ટેલોમાં તાલુકાવાર કુલ કેટલા બાળકો અભ્યાસ કરે છે,

(૨)

| તાલુકો | બાળકોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૨૭૦ |
| ગરબાડા | ૪૯૫ |
| ઝાલોદ | ૭૯૦ |
| લીમખેડા | ૧૩૭૦ |
| દેવગઢ બારીયા | ૯૨૫ |
| ધાનપુર | ૧૨૨૦ |
| ફતેપુરા | ૧૩૦ |
| સંજેલી | ૧૦૫ |
| કુલ | ૫૩૦૫ |

(૩) ઉક્ત સ્થિતિએ હોસ્ટેલો કેટલા ગામોમાં શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) ૧૭૨ ગામોમાં

(૪) ઉક્ત સ્થિતિએ હોસ્ટેલોમાં કેટલો ખર્ચ થયો છે?

(૪) રૂ. ૨,૧૩,૦૫,૮૭૨/-

---------

કચ્છ અને દવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મહેકમ

* ૮૪૩ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ ની સ્થિતિએ કચ્છ અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં આવતી તાલુકા પંચાયતનું તાલુકાવાર, સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે?

(૧) * પત્રક અ મુજબ

(૨) તે અન્વયે તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) * પત્રક બ મુજબ

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૩) * પત્રક ક મુજબ

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

મોરબી-રાજકોટ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૮૫૨ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) મોરબી-રાજકોટ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૧) મોરબી જિલ્લામાં ૧૬૦૧.૯૫ હેક્ટર, રાજકોટ જિલ્લામાં ૧૯૮૫.૯૩ હેક્ટર

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા રોપા જીવીત છે, અને

(૨)

| જીવીત રોપા (લાખમાં) | | | |
|---|---|---|---|
| મોરબી જિલ્લો | | રાજકોટ જિલ્લો | |
| તાલુકો | રોપાની સંખ્યા (લાખમાં) | તાલુકો | રોપાની સંખ્યા (લાખમાં) |
| વાકાંનેર | ૦.૩૩ | રાજકોટ | ૦.૬૯ |
| હળવદ | ૦.૦૭ | કોટડા સાંગાણી | બીજ વાવેતર |

| | | | |
|---|---|---|---|
| | | પડધરી | ૧.૩૨ |
| મોરબી | ૦.૩૨ | લોધીકા | ૦.૨૮ |
| ટંકારા | ૦.૩૮ | જસદણ | ૨.૪૧ |
| માળીયા મીયાણા | ૫.૬૨ | ગોંડલ | ૦.૬૩ |
| | | જેતપુર | ૦.૦૭ |
| | | જામકંડોરણા | ૦.૧૭ |
| | | ઉપલેટા | ૦.૨૧ |

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૩) મોરબી જિલ્લામાં રૂ. ૨૮૭.૮૪ લાખ અને રાજકોટ જિલ્લામાં રૂ. ૨૬૬.૭૧ લાખ

---------

**અધ્યક્ષશ્રીની તાકીદ**

**સભ્યશ્રીઓ દ્વારા ગૃહમાં રેકોર્ડીંગ કરવા બાબત**

અધ્યક્ષશ્રી : ગઇકાલે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન બે માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાના મોબાઇલ દ્વારા વિડિયો રેકોર્ડીંગ કરતા હતા. જેમણે રેકોર્ડીંગ કર્યું હોય એ સભ્યશ્રીઓ ઉભા થાય એવી મારી વિનંતી છે. (થોડીવાર બાદ) ફરીવાર વિનંતી કરું છું. (થોડીવાર બાદ) આવી ભૂલ કોઇપણ માનનીય ધારાસભ્યશ્રી કરે નહીં. સમાજની અંદર ખોટો મેસેજ જાય છે, ગૃહની અવમાનના થાય છે, અધ્યક્ષશ્રીની અવમાનના થાય છે. આપણે સભ્ય સમાજમાંથી આવીએ છીએ. એકવાર આપનું ધ્યાન દોર્યા પછી પણ સભ્યશ્રીઓએ આવી ભૂલ કરી છે, તે યોગ્ય નથી. તેઓ મારી વિનંતી પછી પણ ઉભા થયા નથી. એટલે હું એના ઉપર આગળની કાર્યવાહી કરીશ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૯૦થી આ વિધાનસભાગૃહમાં બેસું છું. પહેલી વખત આ પ્રકારના બનાવ બન્યા છે. (અંતરાય) બે દિવસ પહેલા આપે વિનંતી કર્યા પછી પણ આ બનાવ બન્યો છે ત્યારે એ ખૂબ ગંભીર બાબત છે. મારી વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી છે કે ખેડા જિલ્લાના રિસોર્ટમાં ૩ દિવસ રહ્યા હતા ત્યારે તેમને આવી ટ્રેનીંગ આપવી હતી, તમે ત્યાં શું કર્યું? આ બાબતને ગંભીરતાથી લેવામાં આવે એવી મારી આપને વિનંતી અને દરખાસ્ત છે.

અધ્યક્ષશ્રી : આપની દરખાસ્તને હું ગંભીરતાથી લઉં છું અને આ બાબત ઉપર આગળની કાર્યવાહી કરીશ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સભ્યશ્રીઓનું વેલમાં આવવા બાબત**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા.ક.ના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે એક પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવો છે. આજે સભાગૃહની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી રહી હતી ત્યારે અને આ વખતે નવી વિધાનસભામાં રોજની એક ઘટના એવી બને છે. જ્યારે પ્રશ્નોત્તરીનો અગત્યનો કાળ ચાલતો હોય અને સભ્યશ્રીઓ વેલ સુધી આવવા માટેનો પ્રયત્ન કરે છે. ગુજરાત વિધાનસભા નિયમો, પ્રણાલિકાઓ અને પરંપરાથી ચાલે છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૪૭ની અંદર બહુ સ્પષ્ટ લખ્યું છે. આ સભાગૃહમાં દરેક સભ્યે કેવી રીતે પ્રશ્ન પૂછવા એની વિસ્તૃત માહિતી આપી છે. હું બહુ લાંબો સમય નહીં લઉં. આ સભાગૃહના માધ્યમથી સમગ્ર ગુજરાતમાં એના પડઘા પડતા હોય છે. સભ્યશ્રીઓ એનું ઔચિત્ય ન જાળવે ત્યારે લોકોની અંદર અનેક પ્રશ્નો ઉભા થતા હોય છે. આપના દ્વારા માર્ગદર્શન આપવામાં આવે કે કોઇ સભ્ય પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન વેલ સુધી આવે નહીં.

અધ્યક્ષશ્રી : આ બાબતને મેં ખૂબ ગંભીરતાથી લીધી છે. આ બાબત તે વખતે પણ ઉઠાવવામાં આવેલ. સભ્યશ્રીઓએ સમજવું જોઇએ અને તમામે જાણવું જોઇએ કે પ્રશ્નોત્તરીનો કાળ ખૂબ જ મહત્ત્વનો છે. પોતાની જગ્યા ઉપરથી ઉભા થઇને વેલમાં ધસી આવવું જાણે કે કોઇના ઉપર હુમલો કરવા જતા હોય. આ પ્રકારની માનસિકતા બિલકૂલ બરાબર નથી. આ પહેલીવાર બન્યું છે, નવા સભ્ય છે એટલે આ વખતે ક્ષમા કરું છું. ફરીવાર બિલકૂલ ચલાવી લેવામાં આવશે નહીં.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીઓએ નામ-સરનામા આપવા બાબત**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. ૧૪મી ગુજરાત વિધાનસભામાં સભ્યશ્રીઓના નામ સરનામાની યાદી છપાવવાની કામગીરી વિધાનસભા સચિવાલય પાસે ઉપલબ્ધ રેકર્ડના આધારે હાથ ધરવામાં આવી છે. આ અંગે સર્વે સભ્યશ્રીઓને જાણ કરવામાં આવી છે. સભ્યશ્રીઓ પોતાના નામ સરનામામાં ફેરફાર કરવા માગતા હોય તો તેઓએ તા.૧લી માર્ચ ૨૦૧૮ સુધીમાં વિધાનસભા સચિવાલયની વિધાન શાખા-૨માં જાણ કરવા વિનંતી છે.

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

અધ્યક્ષશ્રી **:** રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રી નરેશભાઇ પટેલે અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

‘‘ અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા**(**પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ માનનીય રાજયપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેમને ટેકો આપુ છું. ગઇ કાલે આભાર પ્રસ્તાવની અંદર ચર્ચામાં ભાગ લેતા માનનીય સભ્યશ્રી વિક્રમભાઇ માડમે મારા નામ સાથે એવું કીધેલું કે ૨૦૦૨ની અંદર હું બાવની જળસંપત્તિ યોજના નીચેનો જે ડેમ હતો એનું ખાતમૂહુર્ત કરી આવ્યો હતો તે હજી આજ સુધી પૂરો નથી થયો. આમ તો માનનીય સભ્યશ્રી વિક્રમભાઇ અભ્યાસુ છે પણ એમણે આની અંદર કેમ પૂરી માહિતી લીધા સીવાય આ ગૃહમાં કીધું એ મને ખ્યાલ નથી. મારે આપના માધ્યમથી જણાવવાનું છે કે બાવની જળસંપતિ યોજના એ ધ્રોળ તાલુકાના ખારવા ગામ આગળ આવેલી છે. એની વહીવટી મંજૂરી, યાંત્રિક મંજૂરી, બે વખત ટેન્ડર આ બધી પ્રક્રિયાઓ થઇ ગઇ છે અને જયારે યોજનાનું બાંધકામ ચાલુ કરવાની પ્રક્રિયા કરી ત્યારે જમીન સંપાદનના જે નિયમો છે કે ૬૦ ટકા કરતા વધારે જમીન તમારે સંપાદન થવી જોઇએ એના પછી જ તમે યોજના શરૂ કરી શકો તો આ ૬૦ ટકા જમીન છે એ જે તે વખતે મળી શકેલી નહીં અને એના પછી જે લાભાર્થી ખેડૂતો હતા એ પોતે હાઇકોર્ટમાં પણ ગયેલા પણ એમાં હાઇકોર્ટે પણ ૬૦ ટકા જમીન ના મળવાથી એમની સ્પેસીયલ સી.એ. હતી એને કાઢી નાખેલી અને એટલે ત્યાં અમે ડેમ ના કરી શકયા પણ આ રાજય સરકારે ત્યાં પાંચ ડેમો કર્યા અને આજે ત્યાં ૩૫૦ હેકટર વિસ્તારના ખેડૂતોને એનો લાભ પણ મળે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર એવી છે કે જેની અંદર જે ખાતમુહૂર્ત કરે છે એ ખાતમુહૂર્ત કરનાર જ એનું લોકાર્પણ કરે છે. આ સરકાર એવી નથી કે જેનું ખાતમુહૂર્ત ૬૦ વર્ષ પહેલા થયું હોય અને ૬૦ વર્ષ પછી એ યોજના પૂરી થાય એવી સરકાર નથી. બીજી વસ્તુ એ કહેવી છે કે અહીંયા ચર્ચામાં ખેત ઉત્પાદનના ભાવ બાબતની વાત થઇ કે મગફળી છે એ ૧૨૦૦ રૂપિયાના મણના ભાવે વેચાતી, કપાસ ૧૪૦૦ રૂપિયાના ભાવથી વેચાતો, આ ૧૨૦૦ અને ૧૪૦૦ રૂપિયાના ભાવથી જે જણસી વેચાતી એ પણ ભારતીય જનતા પાર્ટીના સરકારના સમયની અંદર જ વેચાય છે. જો તમે ભૂતકાળમાં જશો તો મારો પોતાનો મારો અનુભવ કહું, હું ખેડૂત પણ છું અને ખેડૂતપુત્ર પણ છું. ૧૯૭૦માં પોરબંદરમાં અમારા ખેતરની અંદર ઉત્પાદન થયેલી મગફળી જયારે હું મારા પિતાજી સાથે વેચવા ગયો ત્યારે મગફળી માત્ર ૧૦ રૂપિયે ૨૦ કિલો એટલે જે કિવન્ટલનો ભાવ છે એ માત્ર ૫૦ રૂપિયા મળ્યો હતો અને ત્યારે એવી કોઇ વ્યવસ્થા પણ નહોતી કે જેથી કરીને ટેકાના ભાવથી સરકાર કયારેય મગફળી ખરીદતી હોય. આજે જયારે મગફળીના ભાવ છે એ ટેકાના ભાવ કરતા નીચા ગયા ત્યારે ૪૪૫૦ રૂપિયા એ કેન્દ્ર સરકારના ટેકાના ભાવ અને રાજય સરકાર એમાં ૫૦ રૂપિયા વધારાના બોનસ આપી અને ખેડૂતોની ૮,૦૮,૭૦૦ મેટ્રીક ટન, ૪,૧૫,૯૮૮ ખેડૂતોને એનો લાભ મળ્યો. ૩૬૩૯ કરોડ રૂપિયાની ખરીદી કરેલી છે. હું માનુ છું કે આ ગુજરાતની અંદર પહેલી વખત ૮ લાખ મેટ્રીક ટન કરતા પણ વધુ ખરીદી થઇ છે એ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના રાજયમાં થઇ છે. આટલી ખરીદી અગાઉ કયારેય નથી થઇ. આ જે ભાવની વાત કરી એ પણ જયારે ખેતીની અંદર ઉત્પન્ન થયેલી જણસી વેચવા જતા ત્યારે વેચવા માટેની જે સગવડતા હોવી જોઇએ એ.પી.એમ.સી.ની. એ એ.પી.એમ.સી.ની સગવડતા પણ અમને મળતી નહીં. આજે રાજયની અંદર ૨૫૦ કરતા પણ વધારે એ.પી.એમ.સી. અને એના સબ યાર્ડો ભારતીય જનતા પક્ષની સરકાર આવી એના પછી અહીં બન્યા છે. ૧૯૮૭–૮૮–૮૯ના સમયમાં જે દુષ્કાળ પડયો હતો, એ દુષ્કાળ પડ્યો હતો ત્યારે વિરોક્ષ પક્ષના સભ્યશ્રીઓને પૂછવા માગું છું કે ક્યારેય તમે ખેડૂતોને પાક વીમો આપ્યો હતો? તમે બીજી કોઇ મદદ કરી હતી? એનો જવાબ ના મળશે. એણે કોઇપણ જાતની મદદ ખેડૂતોને કરી ન હતી. એ સમયે તમે ગામડાંમાં જાઓ અને આખા ગામમાં આંટો મારો તો નાના બાળકો અને વૃદ્ધો સિવાય એક પણ વ્યક્તિ ગામમાં જોવા ન મળતો. આખા ગામના બધા લોકોને ગામના છેવાડે રાહતકામોમાં જવું પડતું, ખેડૂતપુત્ર હોય એણે જવું પડતું હતું એવી પરિસ્થિતિ તમારા રાજમાં હતી. આજે રાજ્ય સરકાર ૩ લાખ સુધીની ઝીરો ટકાના વ્યાજે પાક લોન આપે છે ત્યારે ૧૦ હજારથી વધારે તમારા સમયમાં પાક લોન મળતી ન હતી. ખેડૂતોના હામી થવા નીકળ્યા છો પણ ૧૪ ટકા વ્યાજ તમે આ ખેડૂતો પાસેથી લેતા હતા. વીજળીની પરિસ્થિતિ જોઇએ તો ૧૯૬૦થી ૨૦૦૨ સુધીમાં ૭ લાખ ૩૩ હજાર કનેકશનો આપ્યા એટલે એવરેજ એક વર્ષમાં ૧૭,૪૪૨ કનેકશનો ખેડૂતોને આપતા હતા. આજે છેલ્લા ૨૦૦૨થી ૨૦૧૭ સુધીમાં ૮ લાખ ૩૪ હજાર ૭૯૭ કનેકશનો એટલે કે એવરેજ ૫૫,૬૫૩ કનેકશનો દર વર્ષે ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યા છે ૨૦૧૭–૧૮માં ૧ લાખ ૨ હજાર ૫૧૧ કનેકશનો અને ૨૦૧૮–૧૯માં ૧ લાખ ૨૨ હજાર વીજ કનેકશનો ખેડૂતોને આપવાનો નિર્ણય ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે અને આ બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ જોગવાઇ કરેલી છે. આ જે ૧૦ રૂપિયાના ભાવમાં મગફળી વેચાતી ત્યારે ખેડૂતોને મહેતન પણ વધારે કરવી પડતી હતી. હળ હાંકવું પડે, ઢેફા ભાંગવા પડે, કોસ હાંકવો પડે આ બધી પ્રક્રિયા કરતા ત્યારે તમારા ઘરમાં ૧૦ રૂપિયાના ભાવની મગફળી મળતી હતી. આજે રાજ્ય સરકાર યાંત્રીકરણમાં સહાય આપે છે એટલે ખેડૂતોને શ્રમ ઓછો કરવો

પડે છે અને એના પછી મગફળીના ભાવ પણ સારા આવે છે. આપણને ખ્યાલ છે કે આ વખતે ટેકાના ભાવથી રાજ્ય સરકારે ૯૦૦ રૂપિયાના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરી છે. કૃષિની અંદર બજેટની ફાળવણી ૧૯૮૫ થી ૧૯૯૪ દરમિયાન જે થતી હતી એના આંકડા કાઢીશું તો વાર્ષિક બજેટની ફાળવણી એવરેજ ૫૩ કરોડ થતી હતી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર આ ગૃહના સભ્યશ્રી દુષ્યંતભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારું અનુમોદન, મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે આ ગૃહમાં રાજ્યના રાજ્ય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઇન્દુચાચાને યાદ કરીને પોતાના પ્રવચનની શરૂઆત કરેલી. એમણે ગઇકાલે એમના પ્રવચનમાં જણાવેલ કે આજનો દિવસ એ મહાગુજરાતની ચળવળના સૂત્રધાર, મહાગુજરાતની અસ્મિતા માટે લડત આપી છે અને એના કારણે આપણે અલગ ગુજરાત મળ્યું એવા ઇન્દુચાચાનો જન્મદિવસ છે. આનંદની વાત છે કે ઇન્દુચાચાનું સ્વપ્ન સાકાર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર છેલ્લા ૨૨ વર્ષથી છઠ્ઠી વખત અહીંયા બેઠી છે. ઇન્દુચાચાને યાદ કરીને પ્રદિપસિંહે વાત વ્યક્ત કરી છે કે એમના કારણે અહીંયા બેઠા છે ત્યારે આ ઇન્દુચાચાનો જ્યાં જન્મ થયો છે એ નડિયાદમાં નાગરવાડામાં એમના ઘરની સ્થિતિ છે એ રાજ્યના ગૃહમંત્રીશ્રી સમય કાઢીને નડિયાદ સુધી જાય તો આ સરકારને વાસ્તવિકતાનો ખ્યાલ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્દુચાચાનું ઘર આજે ધૂળ ખાય છે અને ઇન્દુચાચાના નામે વાત કરવી છે. આ વિધાનસભામાં વારંવાર તારાંકિત પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા છે છતાં પણ રક્ષિત સ્મારક ના હોવાના કારણે આ ઇન્દુચાચાના ઘરની જાળવણી થઇ શકતી નથી. એકબાજુ સરકાર ઇન્દુચાચાને યાદ કરે છે અને બીજી બાજુ ઇન્દુચાચાના ઘરને રક્ષિત સ્મારક તરીકે જાહેરાત કરવામાં ના આવે અને આવનારા દિવસોની અંદર આ રક્ષિત સ્મારક જાહેર કરે અને એની કાયમી રીતે જાળવણી કરવા માટે બજેટમાં ફાળવણી કરે. ખરેખર જો સાચી વાત કરતા હોય અને ઇન્દુચાચા પ્રત્યે આપને જો લાગણી હોય, આ સરકારને લાગણી હોય તો આગામી દિવસોમાં રક્ષિત સ્મારકની જાહેરાત કરે. રાજ્યપાલના પ્રવચનમાં સ્વચ્છતાની વાત કરવામાં આવી છે. રાજ્યપાલ છે એ સરકારે લખેલું પ્રવચન, એનો આભાર રાજ્યપાલ પાસે બોલાવતા હોય છે અને ત્યારે મારે ગંભીરતાપૂર્વક આપના માધ્યમ દ્વારા ગૃહનું અને આ સરકારનું ધ્યાન દોરવું છે રાજ્યપાલે એમના પ્રવચનમાં જણાવ્યું છે કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મારી સરકારે ગુજરાતના તમામ ૧૪૦૬૦ ગ્રામ પંચાયત વિસ્તારોમાં કુલ ૩૩ લાખ કરતા વધુ શૌચાલય બનાવી તમામ ગામોને જાહેરમાં શૌચમુક્ત બનાવવાની ઉત્તમ કામગીરી કરી છે. તા.૨-૧૦-૨૦૦૭ ના રોજ કીર્તિ મંદિર પોરબંદર ખાતેથી નામદાર રાષ્ટ્રપતિશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતના તમામ જિલ્લાઓને ઓ.ડી.એફ. જાહેર કરવાની સાથોસાથ ૩૩૦૦ જેટલી ગ્રામ પંચાયતોમાં ઘન કચરાનો સલામત નિકાલ કરવામાં આવે છે. સાહેબ, આ •(×××) છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં તમામ જિલ્લાઓને ઓ.ડી.એફ. જાહેર કર્યા છે. હકીકતમાં ઓ.ડી.એફ. નહીં પણ શૌચાલય પૂરેપૂરા બન્યાં જ નથી અને ઓ.ડી.એફ.ની ક્યા આધારે તમે જાહેરાત કરી દીધી અને આટલું *(×××) બોલવાનું, ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાની? (અંતરાય)

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે. (અંતરાય)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સાહેબ, ધારાસભ્ય તરીકે આ ગૃહમાં ગાંધીજીની સાક્ષીએ સાહેબ જે બોલું છું એ સત્ય બોલું છું. મારા વિસ્તાર ગીર-સોમનાથ જિલ્લામાં ૧૦૦% શૌચાલય બન્યા નથી. આ સરકાર તપાસ કરે જો હું જૂઠું બોલતો હોય તો, જે હકીકત છે એ રેકોર્ડ ઉપર કહું છું સરકાર આને સ્વીકારે ચુડાસમા સાહેબ અને ગંભીરતાથી લે. આ પ્રકારે પ્રજાને ગેરમાર્ગે દોરવાનું કામ સરકારે કરવું જોઇએ નહિ. ઓ.ડી.એફ. થયા નથી આવનારા દિવસોમાં સાચી હકીકત ગુજરાતની પ્રજાને જણાવે. માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની વાત કરવામાં આવી. કાયદો અને વ્યવસ્થા માટે ગૃહ મંત્રીએ ગઇકાલે જે પ્રવચન કર્યું. એ પ્રવચનની અંદર માનનીય અધ્યક્ષશ્રી, આત્મવિશ્વાસ કરતા *(×××) વધારે હતો. *(×××) ત્યારે ગૃહમંત્રીને મારે કહેવું છે કે છેલ્લા ૧૦ વર્ષથી ૭ ડી.જી.પી.ઓ. છે. ૭ ડી.જી.પી.ઓ. પૈકી ૨ ડી.જી.પી.ઓ.ને કાયમી નિમણૂકો આપી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજી..

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ ગઇકાલે માનનીય રાજ્યપાલના આભાર પ્રસ્તાવની અંદર રાજ્ય સરકારની કામગીરીના સંદર્ભમાં માનનીય રાજ્યપાલશ્રી દ્વારા જે ઉલ્લેખો કરવામાં આવ્યા હતા એના સંદર્ભમાં કાયદો, વ્યવસ્થા (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળી લો. (અંતરાય) મને એવું લાગશે તો તમારો સમય હું વધારે આપીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : *(×××) શબ્દનો ઉલ્લેખ કર્યો છે એ ઉલ્લેખ માત્ર કાઢી નાખવા માટે નથી કહેતો માનનીય અધ્યક્ષશ્રી, પણ જ્યારે આ સભાગૃહની અંદર કોઇપણ સભ્યશ્રી જે કોઇ વિષય રાખતા હોય અને એ વિષયને રજૂ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કરવા માટે આ પ્રમાણેના જો સભ્યશ્રી ચેષ્ઠા કરે તો અનુચિત છે. આપના દ્વારા એમને માર્ગદર્શન આપીને આ પ્રમાણેના શબ્દોનો ઉલ્લેખ ક્યારેય ના કરાવવો જોઇએ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : તમારી લાગણીને ઠેસ પહોંચે એવું હું બોલ્યો જ નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ લાગણીને ઠેસ નહિ, મેં આખી ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું પ્રતિબિંબ આ હાઉસમાં પાડવામાં આવે છે. (અંતરાય)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગુ છું (અંતરાય) મારો સમય બગાડવાનું કામ કરે છે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તો આપે ઉલ્લેખ કરવો જોઇતો ના હતો. જો આપને સમયની ચિંતા હોય (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, *(×××) શબ્દની જે વાત કરે છે એ દૂર કરવામાં આવે. (અંતરાય)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : કાયદો અને વ્યવસ્થાના નામે જે વાત (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દો હું જોઇ લઇશ. આપનું પ્રવચન ચાલુ રાખો. (અંતરાય)

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : ગઇકાલે ગૃહમંત્રીશ્રીએ કાયદો અને વ્યવસ્થાનું જે પ્રતિબિંબ આ ગૃહમાં પૂરું પાડ્યું છે એના સંદર્ભે હું માનનીય મંત્રીશ્રીને અને સરકારને કહેવા માગુ છું કે ૭ ડી.જી.પી.ઓ. છે. એમાંથી ર ડી.જી.પી.ઓ.ને કાયમી નિમણૂક આપી છે. સાત ડી.જી.પી.ઓ પૈકી છેલ્લા ૧૦ વર્ષની અંદર બે ડી.જી.પી.ઓને જ માત્ર કાયમી નિમણૂક આપી છે. બાકી ચાર્જમાં ચલાવે છે. ગુજરાત હાઇકોર્ટની અંદર જાહેર હિતની અરજી થઇ, ગુજરાત હાઇકોર્ટે કીધા પછી પણ આ સરકારે કાયમી ડી.જી.પી.ની નિમણૂકો કરી નથી અને કાયદો વ્યવસ્થા જાળવવાની વાત કરે આ *(×××) આ સરકારનું હું ધ્યાન દોરવા માગું છું.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલના પ્રવચનની અંદર કહેવામાં આવ્યું છે કે સવા સો કરોડ દેશવાસીઓ દ્વારા કરેંગે ઔર કરકે રહેંગે આવનારા દિવસોમાં આ સરકાર, દેશની સરકાર અને રાજયની સરકાર આ જ રીતે ચાલશે તો કરેંગે ઔર કરકે રહેંગે એના બદલે કરેંગે ઔર ગુજરાતકો ઔર દેશકો બરબાદ કરેંગે. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન જયારે ગુજરાતમાં હતા ૨૦૧૩ પહેલા, ગુજરાતમાં હતા ત્યારે મનરેગા યોજનાનો વિરોધ કર્યો, દિલ્હી ગયા પછી યોજનાને સારી કહેવામાં આવી. ગુજરાતમાં હતા ત્યારે એફ.બી.આઇ.નો વિરોધ કર્યો, દેશને નુકસાન થશે તેવી વાત કરી, દિલ્હી ગયા પછી સો ટકા લાગુ પાડી દીધી. રાંધણ ગેસમાં ભાવ વધારો, યુ.પી.એ ગવર્મેન્ટમાં વધારો થયો હતો ત્યારે મારી બહેનોનો ચૂલો છે એનું બજેટ ખોરવી નાખ્યું. ૫૦ રૂપિયાનો ભાવ વધારો થયો તો આખેઆખું ભા.જ.પ. અને સ્મૃતિ ઇરાની સહિત રોડ ઉપર આવી ગયેલા અને અત્યારે ૭૫૦ થી ૮૦૦ નો વધારો કરવામાં આવ્યો તો ભા.જ.પ. અત્યારે ચૂપ કેમ છે? પેટ્રોલ ડીઝલના ભાવ વધતા હતા ત્યારે યુ.પી.એ. સરકારને સલાહ દેનારા આજે ભાવ વધારે છે ત્યારે ચૂપ કેમ છૈ એ સરકારને પૂછવું છે. યુ.પી.એ. સરકારને પાકિસ્તાનને લવલેટર લખવાનું બંધ કરવાની સલાહ આપનાર વગર નિમંત્રણે પાકિસ્તાન ચાલ્યા ગયા કેક કાપવા માટે ત્યારે આ સરકાર કેમ ચૂપ છે? પાકિસ્તાન એક માથું વાઢશે તો દશ માથા વાઢીને લઇ આવશું કહેનાર આજે ૫૬ ઇંચની છાતી ધરાવનાર વ્યકિત મૌન કેમ છે, ચૂપ કેમ છે એ હું પૂછવા માગું છું. ભારતના પ્રધાનમંત્રી મને ન બનાવો, મને ચોકીદાર બનાવો. આવું કહેનાર પ્રધાનમંત્રી બની ગયા પછી *(×××) ભા.જ.પ.ના અધ્યક્ષ (અંતરાય)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા કેન્દ્ર સરકારના ઉલ્લેખો અને સભ્ય દ્વારા *(×××) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી કરું.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : *(×××). હું આધારભૂત રીતે કહું છું આ દેશના પ્રધાનમંત્રીએ પોતાના એક પણ ભાષણની અંદર આવા ઉલ્લેખો નથી કર્યા અને એમની પાસે જો પુરાવા હોય, પ્રધાનમંત્રીશ્રીના શબ્દો કે *(×××). જો એ પ્રકારના ઉલ્લેખો હોય તો એ રજૂ કરે નહીંતર એ શબ્દો પાછા ખેંચે.

અધ્યક્ષશ્રી : આમેય માનનીય પ્રધાનમંત્રીશ્રીના સંદર્ભમાં અહીંયા કોઇ ચર્ચા ન થઇ શકે. નામજોગ આવી કોઇ વાત છે નહીં રેકર્ડ ઉપર. રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. આપનું પ્રવચન આગળ ચાલુ રાખો. (અંતરાય) પૂંજાભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આપ મંજૂરી આપો તો એ વખતે જે બોલ્યા છે એ આ ગૃહની અંદર કહેવા માટે, રજૂ કરવા માટે તૈયાર છીએ. આપ મંજૂરી આપો તો રજૂ કરવા માટે તૈયાર છીએ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પૂંજાભાઇ, આપનું પ્રવચન ચાલુ રાખો. ઝડપથી, આપનો સમય જાય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એ વખતે વાત કર્યા પછી આજે ભા.જ.પ.ના રાષ્ટ્રીય પ્રમુખ એ વખતે એક ટી.વી. એન્કરની સામે એમ બોલ્ય કે ૧૫ લાખ તો ચૂંટણી ચુનાવી જુમલો હતો. શહેરી વિકાસ, શહેરોનો વિકાસ કરવા માટે, સ્માર્ટ સીટી બનાવવા માટે સરકારે જાહેરાતો કરી. રાજયના શહેરી વિકાસ વિભાગની વાત કરી ત્યારે મારે ઝાઝી વાત એમાં નથી કરવી. મારે એટલી જ વાત એમાં કહેવી છે કે ચૂંટણીઓ પહેલા રાજયના શહેરી વિકાસ વિભાગ મારફત પાછલા દરવાજેથી ટી.પી. સ્કીમની

અંદર જે મંજૂરીઓ આપવામાં આવી છે . ટી.પી. સ્કીમનો શહેરી વિકાસ કાયદો ૧૯૭૦ ની કલમ –૨૯ (૧) હેઠળ જે વહીવટી પ્રક્રિયા કરીને મંજૂરી આપવાની જોગવાઇ છે. એની વિરુદ્ધમાં જઇને રાજ્ય સરકારે ચૂંટણીઓ પહેલા ફંડ ઉઘરાવવા માટે ૨૯ ટી.પી. સ્કીમોની અંદર ૪ માળના મકાનોને ૧૦–૧૦ માળના મકાનો બાંધવા માટેની ખાસ કિસ્સાઓમાં મંજૂરી આપવામાં આવી અને

અધ્યક્ષશ્રી : આપને એક મિનિટ વધારે મળે છે. જોષી મહારાજ આપ બેસો. આપ બોલશો નહિ એમનો સમય બગડે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : સરકાર પાસે મારે જાણવું છે કે આ ૨૯–ક હેઠળ ખાસ કિસ્સામાં મંજૂરી આપવાની ફરજ શા માટે પડી? કાયદામાં જોગવાઇ છે, નિયમો છે તો ખાસ કિસ્સો ક્યાંથી આવ્યો? ખાસ કિસ્સો આવવા પાછળનું કારણ શું? માર્કેટમાં જે વાતો ચાલે છે. ચૂંટણીઓ પહેલા સુરતમાં કોર્પોરેશન વિસ્તારની અંદર બધાં શહેરો છે એમાં આ મંજૂરીઓ પાછલા દરવાજેથી ખાસ કિસ્સામાં એ વખતે શહેરી વિકાસ મંત્રાલયે...

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવચન કરીએ છીએ એ અધિકૃત હોય છે. માર્કેટની વાતને અધિકૃત રીતે રૂપાંતર કરીને અહીયા કહેવું એ કેટલું વ્યાજબી છે?

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારી પાસે એકથી...

અધ્યક્ષશ્રી : આપને સમય વધારે મળ્યો છે એનો સદુપયોગ કરો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ :૧ થી ૩૭ સુધીની સુરતની અંદર ખાસ કિસ્સામાં મંજૂરી આપી છે. મારી પાસે લિસ્ટ છે. સરકારે આપેલી મંજૂરીઓનું લિસ્ટ છે. હું એમને એમ વાત નથી કરતો. આધારભૂત માહિતી સાથે વાત કરું છું. ખાસ કિસ્સામાં કેમ આવે છે. કહેવાની જરૂર નથી આપ જાણો છો તેમાં કેવી રીતે ગોઠવાય છે અને પછી મંજૂરીઓ અપાય છે. એ મારે કહેવાની જરૂર નથી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદરણીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલના મહામહીમ્ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવને હું સમર્થન કરું છું. સૌ પ્રથમ તો ગુજરાતના ઇતિહાસમાં આજ સુધીનું સૌથી મોટુ બજેટ અને વિકાસલક્ષી બજેટ ૧,૮૩,૬૬૬ કરોડ આપવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી તથા નાણા મંત્રીશ્રીનો હું આભાર વ્યક્ત કરું છું. આજે હું કોંગ્રેસનો પણ આભાર વ્યક્ત કરું છું. સરદાર પટેલને ભારત રત્ન આપ્યો નહિ, તેમના ઉપર રાજકીય દ્વેષ રાખ્યો અને નર્મદા યોજનાનું નામ સરદાર સરોવર હતું, એટલા માટે એને લેઇટ કરી આ કોંગ્રેસના સભ્યો જય સરદાર બોલે એના માટે હું એમનો દિલથી આભાર વ્યક્ત કરું છું. વિજયભાઇ રૂપાણીની સંવેદનશીલ સરકારે અને અમારા માનનીય શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાજીએ શિક્ષણ ક્ષેત્રે ખાનગી શાળામાં ફી નિર્ધારણ કાયદો લાવ્યા. એવો કાયદો લાવ્યા એને હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ અનુમોદન આપ્યુ અને એના કારણે ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો અને એમના વાલીઓને કરોડો રૂપિયાનો ફાયદો થયો છે. આ ભાજપ સરકારની સંવેદનશીલતા છે. આપણે શાળા પ્રવેશોત્સવ કર્યા પછી એના રિઝલ્ટો જોયા છે. હું યાદ કરીશ ભારતના વડાપ્રધાન ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને અમારા મણિનગરને દુનિયામાં પ્રચલિત કરનાર આદરણીય નરેન્દ્ર મોદીએ શાળા પ્રવેશોત્સવ શરૂ કર્યો. આ ઉત્સવ આવે એટલે દરેક ઉત્સવમાં એકબાજુથી એમ કહે કે આ તાયફા કર્યા. આનું રિઝલ્ટ શું છે તે હું તમને કહું છું. આ શાળા પ્રવેશોત્સવની અંદર તે વખતના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ, તેમના પ્રધાનો, સચિવો, આઇ.એ.એસ., આઇ.પી.એસ. અધિકારીઓ, ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા તમામ પદાધિકારીઓ અને સંગઠન ગામોગામ ગયા, ખાસ કરીને કન્યા કેળવણી અને શિક્ષણ ન હતું તેવા ગામમાં આગેવાનો દ્વારા સમજાવી અને શિક્ષણનું મહત્વ સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. તેના કારણે આ શાળા પ્રવેશોત્સવ કર્યા પછી શિક્ષણમાં પરિવર્તન આવ્યું છે. આ પ્રવેશોત્સવ એટલે કેવો ઉત્સવ તો જેની અંદર ઢોલ નગારાં વાગે, નાના નાના ભૂલકાંઓ પ્રવેશ લે, સાંસ્કૃતિક કાર્યક્રમ થાય, ઉનાળાની ગરમીની અંદર ભારતીય જનતા પાર્ટી અને અધિકારી વર્ગ તમામ ...

અધ્યક્ષશ્રી : માનનીય સુરેશભાઇ આપનો સમય પૂરો થાય છે. આદરણીય જીતેન્દ્રભાઇ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪મી વિધાનસભાના પ્રથમ સત્રમાં મહામહિમ રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ સન્માનનીય સભ્ય શ્રી દુષ્યંતભાઇ પટેલ લાવ્યા છે અને તેને આદરણીય સન્માનનીય સભ્ય નરેશભાઇ પટેલે ટેકો આપ્યો છે તેમને હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરવા માટે આપની સમક્ષ ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અમારા સાથી સભ્યશ્રી પુંજાભાઇનો સરકાર અને પાર્ટી વતી આભાર માનું છું કે આ પ્રસ્તાવ ઉપર સૌ પહેલાં અનુમોદન કરું છું એવું બોલ્યા છે. પુંજાભાઇ આપનો આભાર માનું છું કે આપે આનું અનુમોદન કર્યુ છે. શબ્દો છે તમારા. લોકશાહીનું પર્વ એ ચૂંટણીઓ શાંતિમય રીતે પૂરી થઇ છે. રાજયના કરોડો મતદારોએ લોકતંત્રનું મૂલ્ય વધાર્યુ છે. ત્યારે વિપક્ષની અનેક નકારાત્મકતાઓના ભાગરૂપે, વોટબેંકની રાજનીતિ, કોમવાદ, જાતિવાદ જેવા અનેક પ્રકારના પડકારો ઉભા કરવાનો વ્યર્થ પ્રયાસ તેમણે કર્યો છે અને રાજયની જનતાએ તેને ફગાવી દીધો છે. રાજયની જનતાએ વિકાસની રાજનીતિને સ્વીકારીને ભારતીય જનતા પાર્ટીની સરકારને રાજયમાં સતત છઠ્ઠીવાર વિજય અપાવ્યો છે. વારેવારે કેટલાક લોકો

આ પ્રકારની કોમેન્ટો કરે છે, ટીવીમાં બોલ્યા છે તેમને મારે કહેવું છે કે, આખા દેશની અંદર પાંચ દશકા સુધી તમારું રાજ્ય પંચાયતથી પાર્લામેન્ટ સુધી રહ્યું છે. ઠીકરું મૂકો તો ઠીકરું ચૂંટાઇ જાય. તમારી સામે પડકાર ન્હોતો તેવા વખતે પણ, હવે પછી નહીં બોલશો વિરજીભાઇ એટલા માટે કહું છું કે, પચાસ વર્ષમાં આ દેશમાં કોઇપણ રાજ્યમાં છઠ્ઠીવાર તમારી સરકાર આવી હોય તો તમે જાહેર કરો. વારેવારે છાશવારે બોલીને ઉભા થાઓ છો. શું તમે સંખ્યા વધારવા માટે લડો છો? સત્તા લેવા માટે નીકળેલા લોકો, અને મને હમણાં સાંભળવા મળ્યું કે કેટલાક લોકોએ કઇ બેન્ચે હું બેસીશ, સામે હું બેસીશ, અહીં હું મંત્રી થઇશ, એમ શેડો મંત્રીમંડળ બનાવ્યું છે. આ દિવાસ્વપ્ન જોવા માટે થઇ શેડો મંત્રીમંડળ બનાવ્યું છે. મને એવું લાગે છે કે પુંજાભાઇને શહેરી વિકાસ મંત્રી બનવાના સપનાં હશે એટલે કેટલાક આક્ષેપો અહીં કર્યા છે. આવી ન શકે એટલે સ્વાભાવિક છે કે દલા તરવાડી જેવી નીતિ હોય, લઉં ભાઇ બે તો કહે લેને ભાઇ બે–ચાર. કોણે જોયું છે? જંગલમેં મોર નાચા કિસને દેખા, જંગલમેં મોર નાચા કિસને દેખા આ પ્રકારની વૃતિઓ છે. શાંત ગુજરાત, સલામત ગુજરાત

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. તમારો સમય પૂરો થઇ ગયો છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : ભાઇ તમે આક્ષેપો કર્યા એટલા માટે તમને સપનાં આવ્યા હોય એમ કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શાંતિ–સલામતીના સ્વપ્નને વરેલી આ સરકાર છે જેને રાજ્યના વધુ વિકાસ માટે રાજ્યની જનતાએ પાંચ વર્ષની જવાબદારી સોંપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં તકલીફો તો ઘણી હોય, હમણા હું માનનીય નીતિનભાઇને પૂછતો હતો કે કેટલા વર્ષ થયા? માનનીય ભૂપેન્દ્રસિંહજી બેઠા છે, કેટલાક સિનિયર સભ્યશ્રીઓ બેઠા છે, મને કહે મારે ૬૨ થયા, એટલે મેં કહ્યું સાહેબ, કેટલા વર્ષે તમે ધારાસભ્ય થયા હતા? ૩૪–૩૫ વર્ષની ઉંમરે, એટલે મેં કહ્યું સત્તામાં આવ્યા ત્યારે કેટલા વર્ષના હતા? મને કહે જીતુભાઇ ૩૯ના, એટલે હું કાયમ કહેતો હોઉં છે કે ૪૦ વર્ષે માણસ સ્ટેટની રાજનીતિમાં માંડ ઠરીઠામ થાય. હવે ૬૨ના થયા, અહીં તો કોંગ્રેસનો ૪૦ વર્ષનો યુવાન માંડ માંડ સ્ટેટની રાજનીતિમાં આવ્યો હોય આજે એ ૬૨નો થયો હોય ૨૨ વર્ષે, તો પણ એણે રાજ્યની સત્તા ન જોઇ અને વળી ૫ વર્ષ એટલે ૬૮ના થશે એટલે યુવાની જતી રહેશે એટલે તકલીફો તો સ્વાભાવિક છે કે હોય જ. આખી આખી યુવાની જતી રહી, આજે આવશે, કાલે સત્તા હાથમાં આવશે, આમ થઇ જશે, તેમ થઇ જશે એવું વિચારતા હોય એટલે એમને તકલીફો તો થાય જ. નામદાર રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આવતી કાલના ગુજરાતની કલ્પના, કરેલી રાજ્ય સરકારની કામગીરી અને એનો ચિતાર, એની નીતિ રીતિઓ સભાગૃહ સમક્ષ એમણે રજૂ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીનું પ્રવચન સર્વજન સુખાય, સર્વજન હિતાય આ સરકારની કામગીરી છે. સામાન્ય જનતાને ધ્યાનમાં રાખીને તેઓના પ્રશ્નોના નિરાકરણ માટે સતત મથતી આ સરકાર છે. મારે બીજી એક વાત કરવી છે કે, અખંડ ભારતના શિલ્પી, એકતા અને અખંડિતામાં દુનિયામાં જેનું બેજોડ નામ છે એવા સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ બનાવવા માટે જયારે લોખંડ ઉઘરાવવા માટે દેશમાં નીકળ્યા, મહા માનવનો પરિચર કરાવવા દુનિયામાં નીકળ્યા ત્યારે કેટલાક લોકો કહેતા હતા કે આ ભંગારનું શું કરશો? આવો જોવા માટે કેવડીયા કોલોનીની અંદર કેવડું મોટું સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્મારક ઉભું થઇ રહ્યું છે, એ બની રહ્યું છે આવો જોવા માટે આપને આમંત્રણ આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, સરદાર વલ્લભભાઇ પટેલ એકતા અને અખંડિતતા માટે જાણીતા હતા એમણે હિન્દુસ્તાનની એકતા અને અખંડિતતા જાળવી રાખવા માટે પોતાની જાતને ઘસી છે અને આ લોકોએ એકતા તોડવા માટે કોમવાદ, જાતિવાદ, જ્ઞાતિવાદના વેરઝેર રેડવા માટે થઇને કશું બાકી નથી રાખ્યું અને સરદાર વલ્લભભાઇ પટેલની વાતો કરવા નીકળ્યા છે. એમના સિદ્ધાંતો, મારે આપને વિનંતી કરવી છે.(અંતરાય) ભીખાલાલ માંડ માંડ આવ્યા છો. (અંતરાય) મારે આપને બધાને કહેવું છે.

અધ્યક્ષશ્રી : ભાખાભાઇ જોષી, તમે બેસી જાવ, તમે બેસી જાવ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમને કહો મને ડિસ્ટર્બ ન કરે, મેં એટલા માટે કહ્યું તમે બોલ્યા ત્યારે હું કશું બોલ્યો નથી, શાંતિથી મેં બધાને સાંભળ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભીખાભાઇ, આવી રીતે ન કરો નહીં તો મારે પછી નોંધ લેવી પડશે, આપ બેસી જાવ, પહેલા આપ બેસી જાવ, આપ પહેલા બેસી જાવ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બધાના હિતમાં કહું છું કે, કેટલાક લોકો સ્પ્રીંગની જેમ અહીંયા ઉભા થઇને ઉછળતા હતા એને રાજ્યની જનતા પાછા નથી મોકલતી માટે એમના હિતમાં વાત કરું છું, આપ જોઇ લો પહેલી બેચ પર. માનનીય અધ્યક્ષશ્રી, મને દુઃખ થાય છે કે, પહેલી વખત ૧૪મી વિધાનસભાના સભ્ય તરીકેના શપથ આ ગૃહના સભ્યશ્રીઓ લઇ રહ્યા હતા ત્યારે ભગવાનના નામે શપથ લેવામાં કેટલાક લોકોને શરમ આવે છે. મને દુઃખ થાય છે અને ભગવાન પણ કહેતો હશે કે મારા ઉપર ભરોસો નહીં કે? આ પ્રકારની માનસીકતા છે એ લોકોની. કાલે અમારા પ્રદિપસિંહજીએ કહ્યું તેમ જે લોકો ભગવાન રામને ન માનતા હોય એ ભગવાનને કેવી રીતે માને? માનનીય અધ્યક્ષશ્રી, એફિડેવિટ તો કરી છે પણ એને એકસ્ટેન કરવું છે કે ભગવાનના મંદિરે દર્શન કરવા જાય તો એમના નેતા એવું બોલે કે •(×××) . તમારા નેતા બોલ્યા છે. આ પ્રકારની માનસીકતા?

અધ્યક્ષશ્રી : (અંતરાય બાદ) હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : રાહુલ ગાંધી બોલ્યા છે, આપ જોઇ લેજો. આપના નેતા બોલ્યા છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ, હું રેકર્ડ જોઇ લઇશ. પ્રવચનમાં ડીસ્ટર્બ ના કરશો. આપના નેતાશ્રી બોલતા હતા કોઇએ હરકત કરી નથી. ખોટી વાત હશે તો એ હું જોઇ લઇશ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : *(×××), એમના નેતાશ્રીએ સુપ્રિમ કોર્ટમાં રામમંદિર...

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : જે હાજર ના હોય એમનું નામ ન લઇ શકાય.

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ, હું રેકર્ડ જોઇ લઇશ. હું જોઇ લઇશ પછી શું છે?

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : હું નામજોગ વાત કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : જરૂર પડે હું એ કાઢી નાંખીશ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમના નેતા *(×××) સુપ્રિમ કોર્ટમાં એફીડેવીટ કરી હતી એનો ઉલ્લેખ કરે છે. તેઓ નેતા તરીકે નથી ઉલ્લેખ કરતાં માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : *(×××) માટે હું નામજોગ બોલું છું, એમણે સુપ્રિમ કોર્ટમાં જવાબ રજૂ કર્યો છે એમણે કહ્યું છે કે અહીંયા રામ મંદિર બનાવવાની વિરોધપક્ષના નેતા વાત કરતા હતા એટલે કહું છું પુંજાભાઇ, એમ કહેતા હતા કે રામ મંદિર તમે ક્યારે બનાવશો? અમારો એજન્ડા ક્લીયર છે અમારી પાર્ટીની નીતિ ક્લીયર છે. નામદાર અલ્હાબાદ હાઇકોર્ટે કહ્યું છે કે અયોધ્યા એ અમારા ભગવાન રામ લલ્લાની જન્મભૂમિ છે. કપિલ સિબ્બલ એવું કહે છે કે ૨૦૧૯ સુધી રામ મંદિર નહિ બનવા દેતા. તમારું સ્ટેજ એ રાજ્યની જનતા જાણવા માગે છે અને તમે રામ મંદિર બંધાવાની તરફેણમાં હો તો હું તમને વિનંતી કરું છું કે તમે કોંગ્રેસના લોકો ઠરાવ કરો, તમારી પાર્ટીમાં ઠરાવ કરો તો તમારી હિંમતનો ખ્યાલ આવશે, વોટ બેન્કની નીતિ, તૃષ્ટિકરણની રાજનીતિ તમે કરી છે, અમે નથી કરી. કેટલીક તકલીફો એટલા માટે પડતી હશે કે હમણાં જિલ્લા પંચાયતો અમારી નહોતી ખેડા અને બનાસકાંઠા, પણ હવે સમાચાર એવા આવે છે કે દસમાંથી દસ જિલ્લા પંચાયતની બેઠકો અમારામાં આવે છે. આ સમાચાર તમને મળ્યા હશે. એટલા માટે અમે કહીએ છીએ કે કોંગ્રેસ સગવડિયો ધર્મ ન પાળે, સાચો ધર્મ પાળવા માટે વિનંતી કરું છું. જનતાની આશા અને અપેક્ષાઓ પૂરી કરવા માટે અથાગ પરિશ્રમ રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. આ કોઇ રણસંગ્રામનું મેદાન નથી, ચુંટણી પૂરી થઇ છે, ફિલ્ડની અંદર તમારે જે કહેવું હોય તે કહી શકાય. અહીંયા ગુજરાતના ભવિષ્યની નીતિઓ નિર્ધારીત કરવા માટેની જવાબદારીઓ સત્તા પક્ષ અને વિપક્ષ બધાને સોંપી છે. ગૃહમાં ધાંધલ ધમાલ મચાવી કામગીરીને અટકાવવાનો પ્રયાસ લોકતંત્રને શોભે એવો નથી. મૂલ્યનિષ્ઠ જવાબદારી વિપક્ષને નિભાવવા માટે હું વિનંતી કરું છું અને વિધાનસભાની કાર્યવાહી દરમિયાન ગુજરાતના વિકાસ માટેની ચર્ચામાં ભાગ લેવા માટે પણ હું વિનંતી કરું છું. ગૃહની ગરિમા, ગૌરવશાળી ઇતિહાસ જાળવવાની જવાબદારી આપણા સૌની છે. અમારી પાર્ટીની સરકારનું મન ખુલ્લું છે તમારી પાસે કોઇ નવી યોજનાઓ હોય, નવા વિચારો હોય તો ગુજરાતના ઉજ્જવળ ભવિષ્ય માટે તમારા સૂચનો આવકારવા માટે અમને જરા પણ છોછ નથી, આવો અમે તમને જશ આપવા માટે પણ તૈયાર છીએ. તમે રાજ્યના હિત માટે કંઇક કહેતા હશો તો અમે કહીશું કે આ કોંગ્રેસે અમને કહ્યું છે, પણ માત્ર વોટ બેન્કની રાજનીતિ માટે થઇ પક્ષાપક્ષીથી ઉપર રહો એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, વિજયભાઇ અને નીતિનભાઇની સરકાર, આવી ઉચ્ચ પ્રણાલી, વિકાસની રાજનીતિ, ગુજરાતની સવા છ કરોડ જનતાની આશા અને અપેક્ષા પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે. એટલે એમને હું વિશેષ અભિનંદન આપું છું. ''સિર્ફ હંગામા ખડા કરના હમારા મકસદ નહિ, હમારી કોશિષે યે હોની ચાહિયે, સુરત બદલની ચાહિયે''.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભાવ સાથે અમે નીકળ્યા છીએ. ઝુમતા ગુજરાતની અહીંયા કેટલાક લોકો વાત કરતા હતા, મારે કહેવું છે કે પહેલી ધારની વાત કરનાર કોણ હતા, કોણ બેઠું હતું, કોની સભા હતી? તમે રાજ્યને શું કહેવા માગતા હતા એ વાત કરો, ઝુમતા ગુજરાતની વાત પછી કરો. શરમ કરો શરમ કરો, આ પ્રકારની માનસિકતા. એમના દેશના નેતા સ્ટેજ પર બેઠા હોય, એ પ્રકારની રાજનીતિઓ રાજ્યની જનતા જોઇ રહી છે. એટલા માટે (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જોષીભાઇ બહુ થયું હવે. આપને આટલી વખત ટોકવા પડે? આપ તો વડીલ છો.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટી તે જીતી છે જનતાને લાંબો સમય સુધી મૂર્ખ બનાવી શકાતી નથી. જનતાએ અમારી ઉપર વિશ્વાસ મૂકયો છે એટલે તો છઠ્ઠી વખત જીત્યા છીએ તમે બીજી વખત નથી જીતી શકતા આ છઠ્ઠી વખત જીતાડયા છે. કેવા બધા કાવા દાવાઓ આંદોલન કોઇક કરે, પૈસા કોઇક આપે, જ્ઞાતિ–જાતિને ભડકાવાનું કામ હવે કોઇ નામ લેવા પણ તૈયાર નથી કયાં ગયા બધા, કયાં ગયા નામો, કયાં ગયા તમારા પૈસા, કયાં ગયા સંમેલનો, કોને છેતરવા નીકળ્યાં હતા, શું લેવા છેતરવા નીકળાં હતા એના જવાબ રાજ્યની જનતા મેળવવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો વિનંતી કરું છું ૨૦૧૯ની રાહ જોવાનું છોડી દેજો, ૨૦૨૨ની પણ રાહ જોવાનું છોડી દેજો આ રાજ્યની જનતા તે બરાબર રીતે તમને ઓળખી ગઇ છે. કેટલાક લોકો વિપક્ષની પહેલી બેન્ચમાં બેસતાં હતા નરેન્દ્રભાઇની જાહેરાત કરી કે દેશના વડાપ્રધાન બનાવવાના છે તો કેટલાક લોકો દોડી દોડી અને અન્ય રાજ્યમાં ગયા નરેન્દ્ર મોદી જો વડાપ્રધાન બનશે તો દેશનું આમ કરી નાંખશે, દેશનું તેમ કરી નાંખશે, દેશ પતી જશે. અરે ભાઇ, ગુજરાત પતી નથી ગયું ગુજરાત વૈભવશાળી બન્યું છે, વિકાસશીલ બન્યું છે. સભામાં ગયા પ્રેસ કોન્ફરન્સો કરી માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૯માં અહીંયાના વધારે લોકો બહાર જાય એવી વિનંતી કરું છું કારણ કે ૨૮૨ આપી. જેટલો વિરોધ કરવા ગયા ૨૮૨ સીટ નરેન્દ્રભાઇના નેતૃત્વની અંદર ભારતીય જનતા પાર્ટીની આવી, જૂઠ્ઠાણાનો પર્દાફાશ, હંમેશા સત્યનો વિજય થતો હોય છે એટલા માટે મારી વિનંતી છે કે સત્યની સાથે રહી સકારાત્મક રાજનીતિ વિપક્ષના લોકો કરે એવી મારી વિનંતી છે. વિશ્વમાં ઘણાં

બધા એવા દેશો હોય છે આપણે આઝાદી પછી તેમાં આર્થિક અને સામાજીક માપદંડોમાં આજે પણ આ દેશો આપણાં કરતા ઘણાં બધા આગળ નીકળી ગયા છે. આપણે જાણીએ છીએ ભારત દેશ તે સોનાની ચીડીયા તરીકે ઓળખાતો, ઘી–દૂધની નદીઓ વહેતી, વિશ્વ ગુરુના સ્થાનેથી બિરાજતો એ તપોભૂમિ, મા ભારતી આપણે સૌ જાણીએ છીએ આઝાદી પણ આ દેશમાં સૌથી વધારે રાજ કોણે કર્યુ છે ? માનનીય અધ્યક્ષશ્રી, કોણે કરવાનુ હતું ? કેમ ના કર્યુ ? શા માટે ના થયુ તેના જવાબો કોંગ્રેસ પક્ષે આપવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પણ આપણે દેશ અને દુનિયાભરમાં વિકસિત દેશોની શ્રેણીમાં નથી આવી શકયા તે નરી વાસ્તવિકતા છે. આ બધામાં કોંગ્રેસને એક ક્રેડિટ આપી શકાય એવુ છે તેમણે આ દેશને ઓસ્કાર એવોર્ડ અપાવ્યો. ૫૦ વર્ષનું શાસન, શહેર તરફ ગામડાંની દોટ,ગામડાં તૂટયા ના હોત તો શહેરમાં ઝૂંપડપટ્ટીએ આકાર ના લીધો હતો અને ઝૂંપડપટ્ટી ના બની હોત તો વિદેશી ગોરાઓ Slum Dog Millionaire નામની ફિલ્મ ન બનાવી શકયા હોત. આના ઓસ્કાર એવોર્ડના અભિનંદન તે કોંગ્રેસને આપવા પડે તેમની નીતિ–રીતિઓ, તેમની રાજનીતિ તેમના કારણે આ દેશ ગરીબ રહ્યો છે, પછાત માણસ પછાત રહે, ગરીબ માણસ ગરીબ રહે, અભણ માણસ અભણ રહે કારણ કે ભણે ગણે આગળ આવે વિકાસશીલ થાય તો સ્વતંત્ર વિચાર કરતો થાય. સ્વતંત્ર વિચાર કરતો થાય તો કોંગ્રેસને વોટ ના દે આ પ્રકારની રાજનીતિ એ કોંગ્રેસે અત્યાર સુધી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતને વિકાસશીલ દેશમાંથી વિકસિત દેશ તરફ લઇ જવા માટેનું પાયાનું કામ માનનીય અટલબિહારી બાજપાઇએ શરૂ કર્યુ. વર્ષો પછી જયારે આ પ્રામાણિક અને ઇમાનદાર સરકારો ભારતીય જનતા પાર્ટીની આવી છે નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ચાર વર્ષમાં ભારત આજે વિશ્વનું સૌથી વધુ ઝડપથી અર્થતંત્ર બન્યું છે. સૌથી વધુ ઝડપથી વિકસતુ અર્થતંત્ર નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં બન્યું છે. Make in India, Stand up India, Start up India, Digital India મુદ્રા બેન્ક યોજના, ઇનામ યોજના, સાગર માલણ આવી અનેક યોજનાઓ અને તેના સુંદર અમલીકરણ માટે વિકાસશીલમાંથી વિકસિત રાષ્ટ્ર તરીકેનું બિરુદ તે નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારને મળી રહ્યું છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીની વિકાસ નીતિ, ગુડ ગવર્નન્સની સરાહના થઇ રહી છે. નરેન્દ્ર મોદી એ પાવર હાઉસ છે. જ્યાંથી માત્ર વડનગરને નહિ, માત્ર મહેસાણાને નહિ, માત્ર ઉત્તર ગુજરાતને નહિ, માત્ર ગુજરાતને નહિ, માત્ર ભારતને નહિ પણ સમગ્ર વિશ્વને તેમાંથી 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાની ઉર્જા મળે છે. એ મહાપુરુષ આ સન્માનનીય ગૃહના સદસ્ય હતા. એમના માટે આપણે આનંદ અનુભવીએ છીએ. આ દેશ એ યુવાદેશ છે. ૬૫ ટકા વસતી ૨૫ થી ૩૫ની વય–મર્યાદા ધરાવે છે. યુવાધન સકારાત્મક વળે એટલા માટે નરેન્દ્રભાઇએ ડેમોગ્રાફિક ડિવિડન્ડ એ ડેમોગ્રાફિક ડિઝાસ્ટર ન બને પરંતુ ડેમોગ્રાફિક સરપ્લસ બને તે માટેના પ્રયાસો હાથ ધર્યા છે. આ વખતે કેટલાક વિકાસ વિરોધી લોકોએ પોતાના રાજકીય રોટલા શેકવા માટે આ યુવાધનને ભડકાવવાના ભરપૂર પ્રયાસો કર્યા છે. એનું મને દુઃખ છે. તમારી ડાબી બાજુએ બેઠેલા લોકોએ આ યુવાધનને •(×××)

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો કાઢી નાખવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : અહિંયા અમિતભાઇ એ વખતે મારા માટે ખોટી બાબતોની વાતો લઇને આવ્યા હતા. એ વખતે પણ કીધું હતું કે, કાઢી નાખો છો. એ વખતે હું કશું નહોતો બોલ્યો. અમિતભાઇ તમે પણ ન બોલો. હું ગુજરાતના યુવાનોનો આભારી છું કે કોઇ આવા લોકોની વાતમાં ભરમાયા નહિ અને વિકાસની રાજનીતિની કેડી કંડારી. અટલજીએ મુંબઇના અધિવેશનમાં ભારતીય જનતા પાર્ટીની સ્થાપના વખતે એક વાત કરી એ મારા હૃદયપટ ઉપર આજે પણ અંકિત થયેલ છે. '' અંધેરા હટેગા, સૂરજ નિકલેગા, કમલ ખિલેગા''. નરેન્દ્રભાઇના નેતૃત્વની અંદર ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, આસામ, ગોવા, મણિપુર, જમ્મુ–કાશ્મીર, છત્તીસગઢ, બિહાર, ઝારખંડ, અરૂણાચલ પ્રદેશ, હરિયાણા, આંધ્રપ્રદેશ, સિક્કીમ એવા ૧૯ રાજ્યોમાં સાથી પક્ષો સાથે સરકાર ભારતીય જનતા પાર્ટીની થઇ છે. યુવાનોને રોજગારી, આરોગ્ય, શિક્ષણ, આદિવાસી કલ્યાણ, અનુસૂચિત જાતિ, બક્ષીપંચ સમાજ, ગામડાં, શહેરો, મહાનગરો, મહિલાઓ, બાળકો, ખેડૂતો, માતાની કૂખમાં બાળક હોય એમની ચિંતા રાજ્યની સરકારે સૌપ્રથમ વખત કરી છે. આદરણીય વિજયભાઇ અને નીતિનભાઇને હું ખૂબ–ખૂબ અભિનંદન આપું છું. કેશુભાઇ પટેલ હોય, નરેન્દ્રભાઇ મોદી હોય, આનંદીબેન હોય અમારા બે દાયકાના વિકાસનું આ રાજ્ય ગ્રોથ એન્જિન છે. અમિતભાઇ શાહ આ ગૃહના સભ્ય, દેશની સૌથી મોટી પાર્ટીના વડાએ ૧૯૯૫ પહેલાંનું ગુજરાત અને ૧૯૯૫ પછીના ગુજરાતની અહિંયા વાત કરી હતી. શિક્ષણની વાતો કરી છે. સાક્ષરતા અભિયાન એ કોના સમયમાં ચલાવવું પડતું હતું. અક્ષરજ્ઞાન એ કોના સમયમાં ચલાવવું પડતું હતું. ૦ થી ૧૮ વર્ષનું બાળક માતાની કૂખમાં જન્મે ત્યારથી ૧૮ વર્ષ સુધી તેના આરોગ્યની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે. ખેડૂતોને ૦% વ્યાજ દેવામાંથી નહિ, થાગડ–થિગડ વિકાસ નહિ, સંતુલિત વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરવા માગે છે.

''બાધાએ આતી હૈ તો આએ, ઘિરેં પ્રલયકી ઘોર ઘટાએં, પાંવો કે નીચે અંગારે, સીર પર બરસેં યદી જ્વાલાયેં,
નિજ હાથોંમેં હસ્તે હસ્તે, આગ લગાકર જલાના હોગા, કદમ મિલાકર ચલના હોગા, કદમ મિલાકર ચલના હોગા''

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય મનીષાબેન.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રસ્તાવને ખૂબ આવકારું છું, સમર્થન આપું છું. ''વૈભવશાળી બને ગુજરાત, તેરા વૈભવ અમર રહે માં. હમ દિન ચાર રહે ના રહે'' આ ધ્યેય સાથે અમે મરજીવા થઇને નીકળ્યા છીએ.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સદીની શરૂઆત એટલે કે ૨૦૦૧માં જયારે આપણા સૌના લોક લાડીલા દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આ રાજયના મુખ્ય પ્રધાન હતા ત્યારે પહેલીવાર મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ જૂદો થયો. આવા નિર્ણયોથી આજે ભારતીય જનતા પાર્ટીની સરકાર ૬ઠ્ઠીવાર ચૂંટાઇને આવી છે. લોકોનો વિશ્વાસ જીત્યો છે. લોકો એમ કહેતા કે, અમે આ બાજુ આવીને બેસીશું, તમે જોજો, એવાં સ્વપ્નાં જોતા હતા, સ્વપ્નાં જૂએ એમાં મને વાંધો નથી, પરંતુ એના સાથે ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે જોડાવું પડે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં ખુશી થાય છે કે, દેશમાં મહિલાઓનું સન્માન, મહિલાઓનું એજ્યુકેશન આ તમામ વિષયોની અંદર ગુજરાત મોખરે રહ્યું છે. આજે ગુજરાતની મહિલા સશકત બની છે ત્યારે મારે ૧૮૧ અભયમ્ હેલ્પ લાઇન વિશે વાત કરવી છે. અભયમ એટલે કોઇપણ બેન કયાંય પણ મુશ્કેલીમાં હોય એ ૧૮૧ ડાયલ કરે એટલે અભયમના કાઉન્સીલર સીધા એની પાસે દોડી જાય અને એમને મુશ્કેલીમાંથી કાઢવાનું કામ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક પરિવર્તનો સાથે સાથે સમગ્ર વિશ્વમાં સંસ્કૃતિક પ્રદૂષણ એટલે કે કલ્ચરલ પોલ્યુશન વધ્યું છે એના લીધે અઘટિત બનાવો પ્રજામાં વધ્યા છે. આવા સમયે મહિલાઓ પોતાના રક્ષણ માટે શું કરી શકે? તો ગુજરાતમાં મહિલા સશક્તિકરણ માટે સુરક્ષા સેતુના કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને સંરક્ષણ માટે જુડો અને કરાટે શીખવાડવામાં આવે છે. ગુજરાતની બહેનોને સક્ષમ કરવા માટે આપણી સરકારે આ અભિનંદનપાત્ર કાર્ય કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બહુ પહેલાં અંગેજી પિક્ચરો જોતા તો પોલીસ એમાં આવે અને સાથે લેડી પોલીસ હોય, ઘણીવાર છાપામાં વાંચતા હતા, મહિલા પોલીસના સમાચારો આવે એ વિદેશોમાં જોવા મળતું. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત સરકારે ૩૩ ટકાનો અમલ મહિલા પોલીસ ફોર્સમાં કરીને આ દ્રશ્ય ગુજરાતમાં જીવતું અને જાગતું કર્યું છે. ગુજરાતની બહેનોને સ્વાભિમાન પૂરું પાડ્યું છે. રાજયના ૨૬ જિલ્લાઓમાં મહિલા પોલીસ સ્ટેશનમાં કુલ ૧૮૨ જગ્યાઓ મંજૂર કરીને ઇન્વેસ્ટીગેટીવ યુનિટ ઓફ ક્રાઇમ અગેઇન્સ્ટ વીમેન કાર્યક્રમ કરવામાં આવ્યો છે. મહિલાઓ સશક્ત બને ત્યારે મારે બે પંક્તિ કહેવી છેઃ–

"કોઇની બુદ્ધિના પાંજરામાં લાગણીના પંખી થઇને ડૂક્યો કરવાનું મને મંજૂર નથી,
જે બોલે તે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું, મને આવું અડેલવાનું મંજૂર નથી,
પોતાની આંખ હોય, પોતાની પાંખ હોય, પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય,
મનની માલિક હું, મારે તે બીક શી, હું તો મૌલિક છું,
હા માં હા કહીને ઠીક ઠીક રહીને, મને ઠીક ઠીક રહેવાનું મંજૂર નથી.
માફસર બોલવાનું, માફસર ચાલવાનું, માફસર પહેરવાનું, માફસર ઓઢવાનું,
માફસર હરવાનું, માફસર ભણવાનું , આવું હરવાનું, ભણવાનું,
ઓગળવાનું અને આવું પીગળવાનું મંજૂર નથી.
કોઇની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઇને ડૂક્યો કરવાનું મને મંજૂર નથી."

માનનીય અધ્યક્ષશ્રી, મારા કોંગ્રેસના ભાઇઓ કહેતા કે, દુષ્કમર્ના કેસ બને છે. મહિલાઓના અત્યાચારોની વાત કરે છે ત્યારે મને દુઃખ એ વાતનું થાય છે કે, શું આ બધી બાબતોમાં માત્ર આ જે જવાબદારી છે એ માત્ર ને માત્ર સરકારની જ છે? માનનીય અધ્યક્ષશ્રી, આ સામાજિક ચેતનાનો વિષય છે અને સામાજિક જન જાગરણના ભાગરૂપે આ વિષય આગળ ન બને એના માટે ભાજપની મહિલા મોરચાની બહેનો તથા ભાજપનું સંગઠન સામાજિક સંગઠનો સાથે બેસીને અલગ અલગ લેવલ પર જનજાગૃતિ અને અત્યાચારો ના વધે એના માટે કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો આપ સૌનો સહયોગ મળે એની પણ આશા રાખું છું. આ વિષય પર સાથે મળીને કામ કરવું જોઇએ, આ ચર્ચાનો વિષય ના હોવો જોઇએ. આ વિષય પર જયારે બોલીએ ત્યારે એક બહેન તરીકે મને દુઃખ થાય છે. આ વિષયો ગૃહમાં ઉછાળવાના બદલે, બહાર ચૌરે ચર્ચા કરવાના બદલે...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે અને વિરામનો સમય થયો છે.

**(વિરામ સવારે ૧૦.૩૦ થી ૧૧.૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી વિરજીભાઇ ઠુમર (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ •(×××) પોતાનું પ્રવચન વાંચ્યું છે. તેના પર આભાર પ્રસ્તાવ દુષ્યંતભાઇ જે લાવ્યા છે તેની સાથે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, તમે આવી ટીકા ન કરી શકો. તમારા હાથમાં પણ છે, તમે પણ હમણાં વાંચશો. આપના પછી બીજા ટીકા કરશે. મેં એલાઉ કર્યા પછી એની ટીકા નહીં કરવાની.એ તમારા શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, દુષ્યંતભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને સમર્થન આપી શકતો નથી. ગુજરાત છેલ્લા ૧૯૯૫ થી જે બેહાલ પરિસ્થિતિમાં મૂકાતું જાય છે. ગુજરાતની ગરીમા ઝાંખી થતી જાય છે. છાશવારે નિવેદનો કરવામાં આવે છે, દેશના વડા પ્રધાનને યાદ કરીને અને ગૃહમાં પણ વાતો કરવામાં આવે છે. આજના તમામ અખબારોમાં લખ્યું છે કે, જે સરવે થયો છે, એમાં ભારત દેશ ૪૭ માં ક્રમે હતો તેમાંથી ૮૧ મા ક્રમે આવી ગયો છે. આ દેશની ઝાંખપ છતી થઇ ગઇ છે. ભ્રષ્ટાચાર કયાં પહોંચ્યો છે, છતાં પણ ગુજરાત એ ગુજરાત છે, આ ગુજરાત એની ગરીમા એ સરદાર વલ્લભભાઇ પટેલ અને ગાંધીજીના કારણે છે. સત્યની વાતો ભૂલાતી જાય છે.

આજે વિકાસની વાતો લઇને રાજયપાલશ્રી પોતાના પ્રવચનમાં લઇને આવ્યા છે, એમાં શું પરિસ્થિત છે નર્મદા યોજનાની ? નર્મદા યોજના આ નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી સમાન યોજના છે અને જીવાદોરી સમાન યોજના કરવા માટે આપણા પૂર્વજોએ આ દેશના પૂર્વ વડાપ્રધાન જવાહરલાલનહેરૂજીએ પાયો સ્થાપયો. ભાખરા નંગલ યોજના પૂરી થઇ પરંતુ કોઇને કોઇ કારણો સર આપણી નર્મદા યોજના પૂરી થઇ નથી તેનો જશ લેવા માટેનો પ્રયત્ન કરે તો હું સરકારને અભિનંદન આપું છું, પરંતુ સરકારે એ પણ વિચારવું જોઇએ કે, યોજનાની ૮૫ મીટરની કામગીરી કોંગ્રેસના શાસનમાં થઇ છે. તેના કારણે ગુજરાતના લોકો પાણી પી રહ્યા છે. ગુજરાત રાજયની સાથે ચાર રાજયો સાથે ભાગીદારી ધરાવતી આ યોજના છે, રાજસ્થાન મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ ત્યાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યારે છાશ વારે આ દેશના પ્રધાન સેવક આ રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે બોલ્યા છે કે કોંગ્રેસની સરકાર પાસેથી પૈસા વસૂલ કરી શકતી નથી. તેઓ આજે દેશના વડાપ્રધાન બન્યા છે હું અભિનંદન આપીશ એક ગુજરાતી આ દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારે, પરંતુ તમારા ચાર વરસના શાસન દરમ્યાન છ હજાર એકસો કરોડ રૂપિયા આ ગુજરાતના નર્મદા યોજનાના બાકી છે આ ચાર રાજયો પાસેથી વસૂલ કેમ થતા નથી. આ ત્રણેય રાજયોમાં તમારી સરકાર છે, ત્રણેય રાજયોના મુખ્ય મંત્રી ભારતીય જનતા પાર્ટીના બેઠા છે, છતાં વસૂલ કરી શકતા નથી. આજે ગુજરાતના વિકાસની વાતો ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રી માટે તો તેઓ જયારે પ્રવચન લે કરતા હોય ત્યારે એની એક ગરીમા હોય છે. કુંદનલાલ ધોળકીયા કે જે આપણા સ્પીકર રહી ચૂકયા છે જેના અવસાન વખતે તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ એમ કહેલું કે કુદરતી આફતો વખતે તેઓએ આપેલું યોગદાન ભૂલાશે નહીં, તેઓને હું શ્રદ્ધાંજલિ પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી આ જ કુંદનલાલ ધોળકીયાજીએ પોતાનું એક પુસ્તક બહાર પાડયું છે, તે પુસ્તકમાં લખ્યું છે કે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપવો જોઇએ અને હાજર રહવું જોઇએ, પરંતુ દુઃખ સાથે મારે કહેવું પડે છે કે, ૧૯૯૫માં કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી બન્યા પછી કયારે *(×××) અને તેનું પુનરાવર્તન *(×××) તેનું દુઃખ છે. આ મારા શબ્દો નથી, કુંદનલાલ ધોળકીયાએ પોતાના પુસ્તકમાં છાપેલા શબ્દો છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મેં સવારે પણ કહ્યું હતું અને અત્યારે પણ કહું છું કે, ૧૯૯૦ થી હું સભાગૃહમાં બેસું છે, કયારે પણ આખો દિવસ કોઇ મુખ્યમંત્રી બેઠા નથી, ચીમનભાઇ પણ હતા છબીલદાસભાઇ પણ હતા.

અધ્યક્ષશ્રી : એવું જ હોય અને એમને બીજું ઘણું કામ પણ હોય. હું એ શબ્દો કાઢી નાંખું છું. આપ વિનંતી કરી શકો, પણ આપ દુરાગ્રહ ન રાખી શકો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય વિરજીભાઇ, માનનીય મુખ્યમંત્રીશ્રી જવાબ આપવાના છે.

અધ્યક્ષશ્રી : તમે વિનંતી કરી શકો, દુરાગ્રહ ન કરી શકો.

શ્રી વિરજીભાઇ ઠુમર : મારો દુરાગ્રાહ નથી. માનનીય કુંદનલાલ ધોળકીયા વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ છે એમણે પોતાના શબ્દોમાં લખ્યું છે. હું પણ માનનીય મુખ્યમંત્રીને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રી જવાબ આપવાના છે.

શ્રી વિરજીભાઇ ઠુમર : *(×××) તો મને ઘણો જ આનંદ થશે.

અધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું. જવાબ સાંભળ્યા વગર તમે ધારણા ન કરી શકો. આપણા ગૃહના નેતા છે એટલે એમનો આદર થવો જોઇએ.

શ્રી વિરજીભાઇ ઠુમર : આનંદ થશે એમ કહું છું •(×××) આ હું નથી કહેતો પણ વિશ્વની સંસ્થાઓ કહે છે એણે સરવે બહાર પડ્યો છે. એના ઉપરની વાત કરું છું. ત્યારે ગૃહમાં બેઠેલા શાસક પક્ષના સભ્યોનું ધ્યાન દોરવા માગું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અસંસદીય શબ્દોનો પ્રયોગ કરવા બાબત**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોતાના પ્રવચનમાં એવું કહ્યું *(×××)એમની પાસે હકીકત હોય કે પુરાવા હોય તો એ રજૂ કરે નહિતર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આ અંગેની હકીકતો અને પુરાવા મારી સમક્ષ રજૂ કરે. ક્ષતિ હશે તો રેકર્ડ સુધારી લેવામાં આવશે. આધારભૂત વાતો રજૂ કરજો.

શ્રી વિરજીભાઇ ઠુમર : આજના તમામ અખબારોએ લખ્યું છે. મેઇન હેડીંગમાં છે.

અધ્યક્ષશ્રી : અખબારના આધારે ગૃહ નહિ ચાલે.

શ્રી વિરજીભાઇ ઠુમર : આ ગૃહનો શાસક પક્ષ અખબારોને ખોટા માનતા હોય તો મારે કંઇ કહેવું નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ અખબારોના આધારે નિવેદન કરેલ છે એ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી વિરજીભાઇ ઠુમર : આરોગ્ય બાબતે આખા ગુજરાતમાં ચિંતા વ્યાપી રહી છે. દરેક જિલ્લા મથકે સિવિલ હોસ્પિટલો સ્થપાઇ છે. કેટલાય નવા જિલ્લાઓ બન્યા છે ત્યાં પણ સિવિલ હોસ્પિટલ બનેલ છે. પરંતુ રાજકોટને એઇમ્સ મળે એના માટે અમે ચિંતા કરીએ છીએ. વડાપ્રધાનશ્રી રાજકોટના ધારાસભ્ય રહી ચૂકયા હતા. માનનીય સુરેશભાઇ પોતાના પ્રવચનમાં કહેતા હતા કે અમારા મણીનગરનું ગૌરવ વધાર્યું છે ત્યારે હું માનનીય સભ્યશ્રીને કહીશ કે પ્રથમ વખત જયારે પોતે રાજયના મુખ્યમંત્રી બન્યા ત્યારે એ ધારાસભ્ય નહોતા ત્યારે પહેલી વખત ધારાસભ્ય બનવાનું ગૌરવ રાજકોટે આપ્યું છે એ શાસક પક્ષના મિત્રો ભૂલતા નહિ. રાજકોટમાં એઇમ્સ સ્થાપવાની અમારી માગણી છે રાજકોટ એટલે સૌરાષ્ટ્ર રાજય ગણાય છે. સૌરાષ્ટ્ર અંગે કહેવત છે કે કાઠીયાવડમાં કોક દિવસ ભૂલો પડ ભગવાન, તને તારુ સ્વર્ગ ભૂલાવી દઉં સામળા. હું પંચાળ વિસ્તારમાંથી ચૂંટાઇને આવ્યો છું, ત્યાં દ્રોપદીનો સ્વયંવર થયો હતો. આવળ બાવળ અને કાંકરા નહિ પાણાનો પાર વગર દિવે વાળુ કરાવે એવા અમારા પંચાળામાં આવો હું સૌને આમંત્રણ આપું છું. એ અમારો ગરીબડો પાંચાળા આજે ઘણી બધી સમસ્યાઓ વેઠી રહ્યો છે. આરોગ્ય કેન્દ્રો સ્થાપ્યા છે પણ એ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે એમાં એક પણ ડોકટર નથી. ત્યારે બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર આ ભારતીય જનતા પાર્ટીની સરકારનું માનનીય રાજયપાલશ્રીએ પ્રવચન કર્યું છે એને હું અનુમોદન આપી શકતો નથી. એકએક હોસ્પિટલમાં જોઇએ તો કયાંક ગાઇનેક ન હોય કે મહત્વના ડોકટરોની જગ્યા ખાલી હોય. પ્રાઇવેટ ટ્રસ્ટોને આ બધી હોસ્પિટલો આપી દેવાની પેરવી ચાલી રહી છે. સરકારી હોસ્પિટલો હોય તો લોકોને સગવડતા મળી શકે. ડોકટરો વગર ચાલતી મોટા ભાગની હોસ્પિટલોમાં આજે તાળા છે અને કુતરા બેસતા હોય તેવું થઇ રહ્યું છે. શિક્ષણ આજે પ્રાઇવેટાઇઝેશન ઉપર ગયું છે. ગુજરાતનું શિક્ષણ ખાડે ગયું છે દલિતનો દીકરો ભણીને પહેલા કલેકટર બનતો હતો.આજે અમરેલી જિલ્લાના કલેકટર છે, દેશનું બંધારણ ઘડનાર એ પણ દલિત છે. તમે ચિંતા ન કરો.દલિતનો દીકરો ભણી શકતો નથી. એને મજૂરીએ જવાનું નિર્માણ કરવાનું કોઇએ *(×××) કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે એનું મને દુઃખ છે. રસ્તા અને રોડ કઇ પરિસ્થિતિમાં મૂકાણા છે એ બતાવવા માગું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ *(×××) શબ્દનો ઉલ્લેખ કર્યો છે જે બિનસંસદીય છે તેથી રેકર્ડમાંથી દૂર કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નીતિનભાઇ પટેલ : અને આપે કહ્યું કે કોઇ રજૂ કરે તો કહું. અમે એટલા માટે નથી કહેતા કે આમને વારંવાર આવું બધું બોલવની ટેવ છે. અમે જેટલી વાર ઉભા થઇએ એટલી વાર એમના પ્રવચનમાં વિલંબ થાય એટલે અમે એમનો સમય નથી લેતા. વિપક્ષના સભ્યો બોલવામાં વિવેક રાખે એવી સૂચના આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : તમામ સભ્યોને વિનંતી કે પોતાના પ્રવચનમાં વિવેકપૂર્ણ સાતત્ય રજૂ કરે. અન્યથા એને હું મારી રીતે પણ કાઢી નાખીશ. (અંતરાય) ના, પણ એવું હોય જ નહીં. બન્ને પક્ષની વાત કરી. તમામને કહ્યું.

શ્રી વિરજીભાઇ ઠુમર : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જગ્યાઓ ઘટતી જાય છે. ગાયોની વાતો કરનારી સરકારમાં..

અધ્યક્ષશ્રી : હું પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર કરું છું અને તેમાં જે શબ્દો છે એ હું જોઇને કાઢી નાખીશ.

શ્રી વિરજીભાઇ ઠુમર : ગૌચર અત્યારે ઘટતા જાય છે અને એ ગૌચર ઉદ્યોગપતિઓને ફળવાય છે અને *(×××) ત્યારે મને દુઃખ થાય છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો પણ કાઢી નાખવામાં આવે છે. આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાબુભાઇ પટેલ. (અંતરાય)

શ્રી બાબુભાઇ જ. પટેલ (દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના સંબોધન ઉપર દુષ્યંતભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે તેને અનુમોદન આપવા ઉભો થયો છું. (અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : વિરજીભાઇ આપ બેસી જાવ. આમાં એક મિનિટ ન મળે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સામાજીક અને આર્થિક વિકાસમાં પશુપાલન અને ડેરી ઉદ્યોગનું આગવું પ્રદાન છે. ખેતી સાથે સંકળાયેલા રાજયના લાખો કુટુંબો માટે પશુપાલનની વ્યવસ્થા આર્થિક રીતે મદદરૂપ થાય તેમ છે. આ પશુપાલનનો ધંધો એ વર્ષોથી, બાપ–દાદા વખતથી ઘરેલુ ધંધો છે અને ગ્રામીણ અર્થતંત્રમાં પશુપાલન સૌથી સરળ અને પોષણક્ષમ વ્યવસાય છે. કુટુંબ નિર્વાહ માટે, મહિલાઓ માટે અને ગરીબો માટેનો આ સારામાં સારો ધંધો છે. રાજયનું દૂધ ઉત્પાદન સહકારી માળખુ અમૂલના નામે સુવિખ્યાત છે. રાજયમાં પશુપાલન હવે માત્ર ખેતીને પૂરક નહીં પણ આગવો ધંધો બની રહ્યો છે ત્યારે મારે પશુપાલકોને અભિનંદન આપવા જોઇએ. આજે પરિસ્થિતિ એવી થઇ, ગામડાંની અંદર વિધવા બેન હોય તો બે ભેંસો રાખીને તેમનો જીવન નિર્વાહ કરે છે. તેમના દીકરા દીકરીને પણ ભણાવે છે અને તેમના લગ્ન કરી શકે એટલી બચત કરી શકે છે. આ ગુજરાત રાજયના પશુપાલનની વાત કરું છું. ગુજરાત રાજય દૂધ ઉત્પાદનમાં દેશની અંદર પહેલી હરોળમાં છે. અત્યાર સુધીમાં ૨૦ જિલ્લા દૂધ ઉત્પાદક ડેરી સંઘો ચાલે છે અને દૈનિક દૂધ એકત્રિત કરવા માટે આ સરકારે દરરોજનું ૧ કરોડ ૯૭ લાખ લીટરની ક્ષમતાવાળી વ્યવસ્થા કરી છે. મને કહેતા આનંદ થાય કે ૨૦૧૬ અને ૧૭ના વર્ષમાં દૈનિક ૧ કરોડ ૭૧ લાખ લીટર દૂધ એકત્રિત કરવામાં આવ્યું હતું. બીજી વાત કરીએ તો ૨૨૦૦૦ ઉપર લોકોને ડાયરેકટ તેમના ખાતામાં ઇ–પેમેન્ટ દ્વારા પેમેન્ટ જમા કરાવવામાં આવે છે. આ શ્વેત ક્રાંતિ જો બની હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં બની છે. મને મહેતા દુઃખ થાય. હું ગુજરાત ડેરી વિકાસ નિગમનો ચેરમેન હતો. સાહેબ, કચ્છમાં ડેરી ન મળે. સૌરાષ્ટ્રમાં ડેરી ન મળે. આ ડેરીઓ જો શરૂ કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે આખા રાજયમાં કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા દુઃખ થાય કે ગુજરાતમાં વસતિ ઓછી હતી. ત્યારે આ કોંગ્રેસના શાસનમાં દૂધનો પાવડર લાવીને દૂધ બનાવતા હતા. આજે અમૂલ આખા દેશ અને દુનિયામાં પ્રખ્યાત છે. દૂધ લાવતા હતા તેનો વાંધો નહીં પણ સાથે સાથે ઘઉં પણ લાવતા હતા. કોઇ ખાય નહીં એવા ઘઉં લાવતા હતા. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, *(×××)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. હું શબ્દો કાઢી નાખીશ મારા ધ્યાનમાં આવશે તો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : કોંગ્રેસના પ્રમુખ પણ *(×××) આવડી મોટી પાર્ટીના. (અંતરાય) ગુજરાતમાં પશુપાલન ક્ષેત્રે (અંતરાય)

અધ્યક્ષશ્રી : શબ્દો કાઢી નાખ્યા. (અંતરાય) કાઢી નાખ્યો શબ્દ. પ્લીઝ શૈલેષભાઇ. બાબુભાઇ, આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર સભ્યશ્રી દુષ્યંતભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. આ ખેતી પ્રધાન દેશની અંદર આજે ખેડૂત પુત્રોની જે હાલત છે એ કોણે કરી છે? આ સભાગૃહમાં ચર્ચા થતી હતી એમાં આ બાબતની ચર્ચા થતી હોત તો મને ગમત. મારે ભારતીય જનતા પાર્ટીના મિત્રોને કહેવું છે કે સૌરાષ્ટ્રના કોઇપણ જિલ્લાની અંદર આવો અને ખેડૂતોને પૂછો! આજ ગૃહના નેતા અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે અહીંના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે કહેલા શબ્દો મને બરાબર યાદ છે. તેઓ કહેતા હતા કે મારો ગુજરાતનો ખેડૂત આવનારા દિવસોમાં મારૂતિમાં ફરતો હશે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજે મારો સૌરાષ્ટ્રનો અને ગુજરાતનો ખેડૂત બળદ ગાડામાં મગફળી ભરીને ઠેર ઠેર ભટકી રહ્યો છે. એની મગફળી લેવા માટે કોઇ તૈયાર નથી એ શરમજનક બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહે ધર્મની ઘણી બધી વાતો કરી છે. મારે એમને યાદ કરાવવું છે. અહીંયાં લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની વાત કરવામાં આવી છે. અહીંયાં રામ મંદિરની વાત કરવામાં આવી છે ત્યારે મારે યાદ કરાવવું છે કે સોમનાથ મંદિર તૂટ્યું અને ખંડિત થયું ત્યારે એના જીર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો હોય તો એ સરદાર વલ્લભભાઇ પટેલે કર્યો હતો અને સરદાર વલ્લભભાઇ પટેલ એ કોંગ્રેસ પાર્ટીના હતા, નહીં કે ભારતીય જનતા પાર્ટીના. મારે યાદ અપાવવું જોઇએ કે એ સોમનાથ મંદિરથી ભારતીય જનતા પાર્ટીના વયોવૃદ્ધ આગેવાન અને આજે *(×××) મુરબ્બીશ્રી અડવાણીજીએ રથયાત્રા કાઢવાનો સંકલ્પ કર્યો હતો. રામ મંદિર બનાવવાનો શ્રી અડવાણીજીએ સંકલ્પ લીધો ત્યારે અમે નાના હતા. આ સંકલ્પ તેમણે કોંગ્રેસના શાસનમાં લીધો હતો. અમારા જૂનાગઢના મુરબ્બીશ્રી સૂર્યકાન્ત આચાર્ય અને શ્રી નરસિંહભાઇ પઢીયાર જૂનાગઢના ટાવર ચોકમાં આવ્યા હતા. આ વાત મને બરાબર યાદ છે. ત્યાં આવીને એમણે કહ્યું કે યુવાનો, અમે એક વાત લઇને આવ્યા છીએ. રામ મંદિર બનાવવાનું છે. તમે આની અંદર યોગદાન આપો. કોલેજ કાળની અંદર અમને ઘરેથી વાપરવા માટે પૈસા મળતા હતા. એ અમે રામ મંદિર બનાવવા માટેની ઇંટો માટે આપેલ હતા. મારે તમને પૂછવું છે કે રામ મંદિર ક્યાં છે? ઇંટો ક્યાં છે? જે તે સમયે એક યુવાન તરીકે અમે તેમાં યોગદાન આપ્યું છે એનો પહેલા હિસાબ આપો પછી તમે રામ મંદિરની વાત કરો અને સરદાર વલ્લભભાઇ પટેલની વાત કરો. ગઇ કાલે શ્રી પ્રદિપસિંહ જાડેજા કોંગ્રેસ પાર્ટીના નામ ઉપર *(×××) બોલીને સતત પ્રહાર કરતા હતા. એનો જવાબ આપવા માટે હું પૂછવા માગું છું કે આજે રામ મંદિર ક્યાં છે? રામ મંદિરની ઇંટો કયાં છે એ તો બતાવો? અમારા સરદાર વલ્લભભાઇ પટેલે તો સોમનાથનો સંકલ્પ કર્યો, સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો, સોમનાથ

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

મંદિર બનાવ્યું એ કોંગ્રેસના સરદાર વલ્લભભાઇ પટેલે બનાવ્યું છે. તમારા અડવાણીજીને પૂછો ભારતીય જનતા પાર્ટીને હું પૂછું કે તમારા રામમંદિરની ઇંટો અમને બતાવો તો ખરા કે અમે સંતોષ તો કરી શકીએ. આજે મારો સૌરાષ્ટ્રનો ખેડૂત એ પોષણક્ષમ ભાવ માટે દર દર ભટકી રહ્યો છે. મારો દરિયાકાંઠાના માછીમારની મા–બહેન–દીકરીઓ કેરોસીનના ડબલા લઇને કોરોસીન શોધવા માટે દૂર દૂર જઇ રહી છે. એમની પાસે સમસ્યાઓના ઢગલા છે પણ એમની સમસ્યાનો ઉકેલ થતો નથી ત્યારે મારે આપને પૂછવું છે કે આને આપ વિકાસ ગણો છો? ગઇ વિધાનસભાની ચૂંટણીમાં ઘણા બધા સૂત્રો ચાલ્યા હતા એની હું આપને યાદ અપાવી દઉં. માનનીય વડાપ્રધાનશ્રી મારા વિસ્તારમાં પ્રાચી મુકામે જાહેરસભા સંબોધવા આવ્યા ત્યારે એમણે ખેડૂતો માટેની વાત કરી, સુગર માટેની વાત કરી. આજે મારી સુગર મિલો બધી બંધ છે એ આપની ભારતીય જનતા પાર્ટીના શાસનમાં બંધ થઇ છે. કેરીના બગીચાઓ કાઢી નાખવા પડે એ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કાઢી નાખવા પડે છે અને એટલે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ત્યાં જાહેર સભામાં વાત કરી હતી કે આવનાર દિવસોની અંદર સૌરાષ્ટ્રના ખેડૂતો માટે, સૌરાષ્ટ્રના કેરી ઉગાડનાર ખેડૂત માટે હું અહિંયાથી ફોરેન એકસપોર્ટ માટેની સુવિધાઓ ઉભી કરીશ. હું કેનીંગ પ્લાનો ચાલુ કરીશ અને કેરી વિદેશમાં જશે. વિદેશના ગોરા લોકો તાલાલા અને કાઠીયાવાડની કેરોનો સ્વાદ માણશે. મારે આપના મારફત પૂછવું છે કે *(×××) અહીંયાના ખેડૂતોની આ યાતના છે એ મારે પૂછવી છે.

અધ્યક્ષશ્રી : આપના શબ્દો કાઢી નાખવામાં આવે છે અને ફરી આપને ચેતવણી આપવામાં આવે છે કે વડાપ્રધાનશ્રીને ઉલ્લેખ કરીએ ત્યારે સાચવીને વકતવ્ય કરીએ. વિરજીભાઇ સાંભળો છો?

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે કોંગ્રેસના નેતાઓ ઉપર સીધા પ્રહારો કર્યા છે એમનો જવાબ આપુ છું. થોડી વાર પહેલા મારા વડીલશ્રી બાબુભાઇએ ખેડૂતો માટેની વાત કરી. મારે આપને યાદ અપાવવું જોઇએ, અહીંયા બેઠેલા મુખ્યમંત્રીશ્રીને મારે યાદ અપાવવી છે કે બાવીસ વર્ષથી તમારું શાસન છે. મારા વિસ્તારનું સુત્રાપાડા ગામ છે. દરીયાકાંઠાનું ગામ છે. ગરીબ માછીમારો ત્યાં રહે છે ત્યાં એમને આજીવીકા એ માછીમારીનું કામ છે અને ત્યાં ત્રણત્રણ વખત ખાત મુહૂર્ત થયા છતાં પણ કોઇ કામગીરી નથી થઇ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ (સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર અમારા સીનીયર સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને માનનીય સભ્યશ્રી નરેશભાઇ પટેલે જે ટેકો આપ્યો છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા ઉભો થયો છું. આ સન્માનનીય સભાગૃહમાં સન ૨૦૧૮–૧૯ના બજેટમાં માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી જે પ્રજાલક્ષી બજેટ લઇને આવ્યા છે એ ગરીબોના આંસુ લુછવાવાળું છે. મહેસૂલ વિભાગ હોય, શિક્ષણ વિભાગ હોય, ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે, ભૂખ્યાને ભોજન માટે આવી અનેક યોજનાઓનો અમલ કરી જે પૂરાંતવાળું બજેટ લાવ્યા છે તેમને હું આપના માધ્યમથી લાખ લાખ અભિનંદન આપુ છું. ગુજરાતમાં છેલ્લી છ–છ ટમથી પ્રજાએ અમને ભારતીય જનતા પાર્ટીને સત્તાના સુત્રો સોંપ્યા છે. આ પ્રજાના વિશ્વાસની સાથે અમારી પણ એક જવાબદારી છે કે ગુજરાતનો વિકાસ એ અવિરત ગતીથી આગળ વધે. પ્રજાની સલામતી અને પ્રજાની માલમિલકતની સલામતીની જવાબદારી પણ અમારી છે. હું ગુજરાતની મહેસૂલ વિભાગની વાત કરવા ઉભો થયો છું. જમીન કોઇ નીચી વસ્તુ નથી. જમીન સાથે માનવી સીધો જોડાયેલો છે. જમીન પાળે અને પોષે છે. જે જમીનને સાચવે છે તેને જમીન સાચવે છે. જમીનના ટૂકડા સાથે જોડાયેલ તે પ્રકારે જીવન પણ જમીન સાથે જોડાયેલું છે. જમીન એ સર્વાંગી વિકાસ માટે એક મહત્ત્વનું પરિબળ બની રહ્યું છે. જમીન વિના વિકાસની પ્રક્રિયા આરંભવી શક્ય નથી તેનું ધ્યાન રાખી રાજ્યના ખેડૂત ખાતેદારોને તેમજ પ્રમાણિક ઉદ્યોગકારોને મહેસૂલી જમીનોમાં પડતી મુશ્કેલીઓના નિવારણ માટે અમારી સરકારે નવા નિયમો, જમીન સુધારાઓ અને સાથોસાથ મહેસૂલી વહીવટમાં પારદર્શિતા આવે, સંવેદનશીલ, સરળ અને ઝડપી બનાવવા માટેના અનેક નિર્ણયો લીધા છે. સૌથી પહેલા ૧૯૯૫માં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર એટલે કે કેશુભાઇ મુખ્યમંત્રીશ્રી તરીકે આ ગુજરાતમાં હતા ત્યારે ૮ કિલોમીટરનો જમીન માટેનો ખેડૂતોનો કાયદો હતો એને મુક્તિ અપાવવાનું કામ અમારી સરકારે કર્યું છે. ૧૯૭૬માં કેન્દ્ર સરકારની અંદર એક એવો કાયદો આવ્યો કે શહેરી જમીન ટોચ મર્યાદા એટલે કે યુ.એલ.સી.નો કાયદો આવ્યો. એ કાયદાના આધારે એ વખતના ખેડૂતોએ ફોર્મ નં. ૧ ભરવાનું હતું પણ કંઇક એની વિસંગતતાના કારણે એમની જમીનો ખાલસા થઇ અને સરકાર હસ્તક પણ થઇ. એ કાયદામાં કેન્દ્ર સરકારમાં સત્તામાં પરિવર્તન આવ્યું અને માનનીય અટલબિહારી બાજપાઇની સરકાર આવી અને એમણે આ શહેરી વિકાસના કાયદાને એમાંથી તિલાંજલિ આપી અને પ્રજાને મુક્તિ અપાવી. એ કાયદાના આધારે એ વખતે કેન્દ્રમાં અને રાજય સરકારમાં કોંગ્રેસનું શાસન હતું. ગામડાંનો બિચારો માણસ પીવાનું પાણી ન મળે, એને બે ટંક જમવાનું ન મળે, વીજળી ન મળે એવી અનેક સમસ્યાઓના કારણે શહેર તરફ પ્રયાણ કર્યું અને શહેર તરફ આવ્યો ત્યારે રહેવા માટે જ્યાં મળ્યો ત્યાં જમીનનો ટૂકડો લઇ અને પોતાનું મકાન બનાવ્યું. આ કાયદાની જોગવાઇના આધારે એ વખતે એ પોતાના મકાનને કોઇને વેચી ન શકે, મકાન ઉપર દીકરા–દીકરીને ભણાવવા માટે લોન ન લઇ શકે, એ કાયમી ન થઇ શકે, આવા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા હતા. અમારી ભા.જ.પ.ની સરકારે એ કાયદામાં પરિવર્તન લાવી જે ભોગવટો કરતા હતા એ જમીન ઉપર મકાનને કાયદેસર કરવાનું કામ કર્યું. ઇમ્પેક્ટ ફીનો કાયદો લાવી ભા.જ.પ.ની સરકાર આ પ્રકારનું પોતાને ક્યાંય નુકસાન ન પહોંચે એના માટેનો એક અગત્યનો કાયદો લાવ્યા. આવા અનેક કાયદાઓ અમારી સરકારે કર્યા છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન છે. એ વખતે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આ મહેસૂલ વિભાગમાં એમણે કમ્પ્યુટરાઇઝેશન કરવા માટે.....

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ પર વાત લઇને આવ્યા છે એમાં મારું સમર્થન કરી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે આજે આપણી વચ્ચે નથી પણ માનનીય કેશુભાઇ પટેલ જ્યારે મુખ્યમંત્રી હતા એ વખતે હું પણ આ હાઉસમાં એમની સરકારમાં હતો અને કામ કરેલ છે. એ વખતથી જે વાતો મૂકાય છે એમાં મારે આપના મારફતે એક–બે વાતો ધ્યાન ઉપર એટલા માટે મૂકવી છે કે ખેડૂતોની વાતો આવે. એ વખતે પણ ક્યાંક અછતનો સમય થાય, વરસાદ ઓછો પડે ત્યારે ખેડૂતોને સરકાર મારફત રક્ષણ મળે એ માટે પાક વીમાની યોજના ભૂતકાળમાં કોંગ્રેસની સરકારોએ દાખલ કરેલી. ત્યાર પછીથી જ્યારે જ્યારે સરકારો આવે ત્યારે ખેડૂતો મુશ્કેલીમાં હોય ત્યારે મદદ કરવાની વાત આવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે વર્ષ પહેલાની વાત એટલા માટે યાદ કરવી છે કે ભારતીય જનતા પક્ષની સરકારે આ પાક વીમાનું નામ જેતે વખતે કેન્દ્રની કોંગ્રેસ સરકારે દાખલ કર્યા પછી આ સરકાર આવીને સરસ મજાનું રૂપકડું નામ દાખલ કર્યું 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના' આ એક સરસ મજાનું નામ દાખલ કર્યુ છે એ ખેડૂતોની મશ્કરી સમાન આ યોજના દાખલ કરી છે અને એને ઓનલાઇન અરજીઓ કરવાની, એની એટલી બધી અટપટી યોજના દાખલ કરી છે કે જેની અંદર મોટાભાગના ખેડૂતો અરજી કરવામાં પણ ચૂકી જાય છે. એને કારણે જે ખડૂતો ખરેખર જરૂરિયાતવાળા હોય એ તો રહી જાય છે અને બે વર્ષ પહેલા અછતના સમયમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં ફરજિયાત વીમો લેવાનો એટલે વીમાનું પ્રિમિયમ કાપી લેવાનું. વીમા પ્રિમિયમ એમાં જમા થયા પછી આ ખેડૂતોને જેટલું વીમાનું પ્રિમિયમ ભર્યુ છેને એટલો ખેડૂતોનો વીમો મંજૂર થઇને આવ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહિ કપાસના પાક વીમાની વાત કરું તો એ વખતે એના પ્રિમિયમ ફરજિયાત ખેડૂતોના ધિરાણમાંથી કપાણા છે. આજની તારીખમાં ભારતીય જનતા પક્ષની સરકારે એના આંકડાઓ કેન્દ્રમાં મોકલ્યા નથી એના કારણે રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને આજે પાક વીમો મળતો નથી. પાક વીમાની અને ખેડૂતોની ફક્ત અને ફક્ત વાતો કરે છે. એક વર્ષ પહેલાની રાજકોટ જિલ્લાની હું વાત કરીશ. અછતનો સમય હતો. વરસાદ ઓછો થયો હતો. અમુક અમારા વિસ્તારમાં ૨૫ ગામો એવા હતા કે ત્યાં બિલકૂલ વરસાદ નહતો. સરવે કર્યું, ડેપ્યુટી કલેક્ટર અને કલેકટર બધું જોઇ ગયા. એણે સરવે જોઇને કીધું કે આટલા વિસ્તારમાં અછત, ઓછો વરસાદ હોવાથી અર્ધઅછતની જાહેરાત કરી. જાહેરાત કર્યા પછી મોટાભાગનો સમય પૂરો થયો છતાં એ વિસ્તારના લોકોને એક પૈસાની કે એક પાયની સહાય પણ મળી નથી. માનનીય અધ્યક્ષશ્રી, એનો ઉલ્લેખ તો આમાં ક્યાંય છે જ નહિ. કોઇ ખેડૂતનું અકસ્માતે અવસાન થાય તો એ ખેડૂત એક ફોર્મ ભરે તો વીમા કંપનીઓ આ ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી સરકારે અકસ્માત વીમા યોજનાની આખી સ્કીમ સરકાર હસ્તક હોવી જોઇએ એ ખાનગી કંપનીમાં આપી દીધી. ખાનગી કંપનીવાળાએ શું કર્યુ? એણે ઇચ્છા પડે એને, કાં તો કોઇનું રાજકીય દબાણ હોય અથવા તો ઇચ્છા પડે એવા કિસ્સાઓમાં એણે આ કેસ મંજૂર કર્યા છે. બાકીના અનેક કેસ આવા તો પડતર છે અને એના વારસદારોને કોઇપણ પ્રકારની મદદ આના મારફતે મળતી નથી આનો કોઇપણ પ્રકારનો ઉલ્લેખ તો આમાં છે જ નહિ. એટલું જ નહિ, જ્યાં તાજેતરમાં થોડાક જિલ્લાઓમાં અતિવૃષ્ટિ થઇ એવા વિસ્તારોની અંદર જમીનો ધોવાઇ ગઇ, ખેડૂત ૨–૫ વર્ષ સુધી ત્યાં મહેનત કરે છતાં એ વિસ્તારમાં એનું કોઇપણ પ્રકારનું વળતર ના મળી શકે એ રીતે જમીન બિલકૂલ ધોવાઇ ગઇ. રાજ્ય સરકાર પોતે એમ સ્વીકારે છે કે આ ખેડૂતોને ઊભા કરવા માટે મદદ કરવી જોઇએ. એવા ખેડૂતોને આજે કયાંક ક્યાંક થોડા પૈસા ચૂકવાયા છે એ મશ્કરી સમાન છે. પાક ધોવાઇ ગયો, જમીન ધોવાઇ ગઇ, કયાંક તળાવ તૂટી ગયા અને સાફ થઇ ગયું છતાં આજે એનો વિશેષ ઉલ્લેખ આમાં કોઇ છે નહિ. માનનીય અધ્યક્ષશ્રી, તો ખેડૂતોની વાત કરવાવાળી આ સરકારના કોઇ પ્રકારના ઉલ્લેખ આની અંદર તો છે જ નહિ એટલા માટે હું આમાં સમર્થન કરી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત એટલા માટે કરવા માગુ છું કે, કોંગ્રેસની સરકારો વખતે ઘણી બધી નાની સિંચાઇની યોજનાઓ થઇ. એ યોજનાઓ સાહેબ, આ ભારતીય જનતા પાર્ટીની સરકારનો મેઇન્ટેનન્સ અને જાળવણી વિભાગ મારફતે રિપેરિંગના કામ છેલ્લા ૫–૫ વર્ષથી થયા જ નથી અને છેલ્લા કેટલાક સમયથી તો જિલ્લા મથકે સિંચાઇ યોજના અધિકારીઓની મોટાભાગની જગ્યાઓ તો ખાલી છે ત્યારે કોણ આ કામ કરવાનું છે? કોઇ કામ કરવાવાળું છે જ નહિ. ભૂતકાળની અંદર મોટાભાગની સિંચાઇ યોજનાઓ થઇ છે એ યોજનાની જાળવણી મેઇન્ટેનન્સ વિભાગ દ્વારા કોઇપણ પ્રકારની કામગીરી થઇ નથી અને એના માટે આની અંદર જોગવાઇઓ હોવી જોઇએ એ આમાં છે જ નહિ. માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામડાંમાં તો લોકો એમ કહે છે કે આ ભારતીય જનતા પક્ષની સરકાર છે એ ભૂંગળાવાળી સરકાર છે. બધે ભૂંગળા જ નાખ્યા કરે છે. ભૂંગળામાં પાણી–બાણી તો આવવાનું છે જ નહિ તો શું કામ સરકાર આ ભૂંગળાઓ નાંખે છે? કેટલાય ખેડૂતોને ત્યાં આ યોજનામાં પાઇપલાઇન નંખાય છે સૌની યોજના. ક્યાંક ખેડૂતોનું શોષણ થાય છે એનો મારે તમને દાખલો દેવો છે. રાજ્ય સરકારના નિયમો પ્રમાણે જે કાંઇ એનું વળતર મળવું જોઇએ એ મળે પણ ક્યાંક એવા લોકોને મળે કે જે આ સરકારમાં કોન્ટ્રાક્ટરો છે એ ભારતીય જનતા પક્ષની સરકાર સાથે ભળેલા છે અને એવા કોન્ટ્રાક્ટરોને એમ કહેવામાં આવે કે તમે પાઇપલાઇન નાખી દો. પોલીસની ધમકી આપે, અમુક માથાભારે તત્વોની ધમકી આપે, સામાજિક તત્વોને લાવીને ધમકી આપે અને ખેડૂતોને પૂરતું વળતર આપ્યા વીના ભૂંગળા નાખી દે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇની વાત એટલા માટે હું કરું છું કે ભૂતકાળની અંદર આ જ સરકારે બોરીબંધની યોજના લાવી, એનું અસ્તિત્વ પૂરું થઇ ગયું. આ પાઇપ નાખવાનું શરૂ તો થયું છે હવે એમાં પાણી કયારે આવશે એવું લોકો પૂછે છે. ત્યાં

એમ કહે છે કે હવે તો પાણી ઉપરથી બંધ થઇ ગયું છે તો ભૂંગળા નાખીને ફાયદો શું છે? એ બાબતનો કોઇ આની અંદર ઉલ્લેખ નથી એટલા માટે હું સમર્થન કરી શકતો નથી. સૌથી મહત્વની વાત એ છે માનનીય મંત્રીશ્રીએ આની અંદર ખૂબ આંકડાકીય માયાજાળ મૂકી છે. અમે ગામડાંના લોકો છીએ. ગામડાંમાં જયારે પ્રવાસમાં જઇએ અને ત્યાં સરસ મજાનું આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર, માળખા જોવા મળે, અંદર જોઇએ તો તાળા મારેલા હોય. એફ.એસ.ડબલ્યુ કે જે લાયકાત ધરાવતા હોય એવા લોકો ત્યાં આપણને પૂરતા પ્રમાણમાં મળે છે. કદાચ ડોકટરો ઓછા મળતા હશે. પેરા મેડિકલ સ્ટાફ તો મળી શકે તેવું છે. કેમ આ જગ્યાઓ ભરાતી નથી? ગામડાંમાં આરોગ્યની સુવિધાઓ પૂરી અપાતી નથી? ડીગ્રી વિનાના ડોકટરો ત્યાં ગામડાંમાં પ્રેકટીસ કરે છે. લોકોની જિંદગી સાથે ચેડા થાય છે અને ડોકટરોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવતી નથી. આજે તો ઘણા એમ.બી.બી.એસ. ડોકટરો મળે છે, ઉપલબ્ધ છે પણ છતાંય કયાંક આ આરોગ્ય કેન્દ્ર છે, પી.એચ.સી. હોય, સી.એચ.સી. હોય એવાની અંદર તો કોઇ પ્રકારની સુવિધા અહીંયા ગામડાંમાં છે નહીં . આપણે બધા અહીં બેસીને ગમે તે વાત કરતા હોઇએ વાસ્તવિકતા આપણે કહેવાની તૈયારી રાખવી જોઇશે. સૌરાષ્ટ્રમાં હું રાજકોટની વાત એટલા માટે કરીશ હું જયારથી ધારાસભ્ય તરીકે આ વિધાનસભામાં બેસવા આવતો, લોકસભાનો પ્રતિનિધિ બન્યો, ત્યારથી રાજકોટની અંદર સિવિલ હોસ્પિટલમાં ન્યૂરોસર્જન, કાર્ડીયાક અને કીડનીની સુવિધા હોસ્પિટલમાં રાજકોટ ખાતે ઉભી થવી જોઇએ એ અમે બધા બુમો પાડી પાડીને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીઓ પણ ત્યાંથી ચૂંટાઇને જાય છે, દેશના વડાપ્રધાન થઇ ગયા. આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી રાજકોટમાંથી ચૂંટાઇને આવ્યા છે. આજે અકસ્માત થાય તો કાં તો એ લોકોએ ખાનગી હોસ્પટલમાં જવું પડે છે. કોઇની પાસે બેથી અઢી લાખ રૂપિયા ન હોય. એવા અનેક દર્દીઓ હોય કે અકસ્માતમાં ન્યૂરોસર્જન ન હોવાને કારણે જીવ ગુમાવ્યા છે. વાસ્તવિક હકીકત છે અને આંકડાકીય માહિતી રેકર્ડ ઉપર છે. રાજકોટની અંદર જે પી.ડી.યુ. સરકારી હોસ્પટલ છે, મેડિકલ કોલેજ સરકારી છે, મહત્વનું સેન્ટર છે. આખા સૌરાષ્ટ્રનું રાજકોટ મહત્વનું સેન્ટર છે ત્યારે ખરેખર આવી સુવિધા ઉપલબ્ધ થવી જોઇએ. ભલે જયારે એઇમ્સ થવી હોય ત્યારે થાય પણ તે પહેલા પ્રાથમિક સુવિધાઓ મળવી જોઇએ. રાજકોટમાં ન્યૂરોસર્જન ન હોવાને કારણે પ્રાઇવેટમાં જાય તો બેથી અઢી લાખ રૂપિયાનો ખર્ચ થાય અને રાજકોટથી અમદાવાદ સિવિલમાં આવે ત્યાં સુધીમાં સ્વાહા થઇ ગયો હોય, ઉકલી ગયો હોય. અકસ્માત થાય તો બે કે અઢી લાખ રૂપિયા ન હોય તો એને ન્યૂરોસર્જન ન હોવાને કારણે જીવ ગુમાવવાનો થાય છે. રાજકોટની અંદર પી.ડી.યુ. સરકારી હોસ્પટલની અંદર કીડની માટેનું હોય અને એની સાથે ન્યૂરોસર્જનની જગ્યા કોઇપણ હિસાબે સરકારે જે સુવિધા કરવાની ઘટતી હોય એ કરવી જોઇએ અને ન્યૂરોસર્જન માટેની ત્યાં વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. ભૂતકાળની અંદર પણ ઘણી વખત પ્રધાનમંત્રી આવાસ યોજનાની વાતો ખૂબ થઇ છે. આપણે બધાએ વાસ્તવિકતા સ્વીકારવી જોઇશે. રાજકોટ શહેરના મારા સાથી ગોવિંદભાઇ પણ છે. રાજકોટ શહેરની અંદર પી.પી.પી. યોજના હેઠળ કેટલી ઝુંપડપટ્ટીનો ખાત્મો બોલાવી દીધો. કેટલાય ગંદા વસવાટોને પતાવી દીધા. કોના માટે? તો કહે જે બહારથી કોન્ટ્રાકટરો આવ્યા હતા એને ખટવી દેવા માટે થઇને. વાસ્તવમાં જે ખરેખર ગરીબ લોકોને મળવા જોઇએ એ આવાસ યોજનાનો લાભ આજે રાજકોટ શહેરમાં પણ નથી મળ્યો . હું ગામડાંની વાત કરીશ. આજે ભારતીય જનતા પક્ષની માનસિકતા કેવી છે ખબર નથી પડતી. હું એમ કહીશ કે ગરીબ લોકોની યોજના હોય એમાં નામ બદલવાથી આખી યોજનાનો મુળભૂત હેતુ બદલાતો નથી. યોજના બદલો તમે, નામ બદલો પણ જે વાસ્તવિક લાભ મળવો જોઇએ એ નથી મળતો. ઇન્દીરા આવાસ યોજના બંધ કરી. ગામડાંમાં મળતા ખરેખર પાત્રતા ધરાવતા હોય એવા લોકોને સો ચોરસવારનો પ્લોટ આજે નથી મળતો. કઇ રીતે આપણે પ્રધાનમંત્રી આવાસ યોજના બનાવવા માગીએ છીએ. કયાં બનાવવા માગીએ છીએ? બે નંબરમાં ચઢાવવા માટે દરેક ગામડાંની અંદર તલાટી મંત્રી બે – પાંચ હજાર રૂપિયા હોય તો જ બે નંબરમાં જુનું મકાન ચઢાવી આપે છે. નહીંતર ચઢાવી જ દેતા નથી તો આપણે આ યોજના કયાં બનાવવા માગીએ છીએ? ગામતળ નીમ થતા નથી. જગ્યા નથી તો રાજય સરકારે એવા વિસ્તારની અંદર, એવા ગામની અંદર એ જમીનો સરકારે લઇને ગરીબ લોકો જે પાત્રતા ધરાવતા હોય એવા લોકોને જમીન આપવી જોઇએ અને એના ઉપર મુખ્યમંત્રી આવાસ બનાવવા જોઇએ. નગરપાલિકા વિસ્તારમાં નદીના કાંઠે રહેતા અથવા જેના મકાન નથી એવા લોકો અહીંયા આવાસ યોજનામાં...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગૃહના આદરણીય સભ્યશ્રી દુષ્યંતભાઇ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, જેને નરેશભાઇએ અનુમોદન આપ્યું. એમના આ પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

આદિવાસી સમાજની ખૂબ વાત થઇ. સવારમાં એક ધારાસભ્ય એવું બોલતા હતા કે આદિવાસી વિસ્તારમાં કોઇ વિકાસ થયો નથી. નવા હતા. એમણે કદાચ જોયું નહિ હોય, પણ હું આ ગૃહમાં બીજી વખત આવ્યો છું. કોંગ્રેસે ૩૫ વર્ષ રાજ કર્યુ. અંબાજીથી ઉંમરગામ સુધી ૧૫ જિલ્લા આવે છે, ૮૦ લાખની વસતિ હોય, ૫૮૭૨ ગામડાં આવે. આ કોંગ્રેસે ૩૫ વર્ષના શાસનમાં ૬૫૦૦ નું બજેટ વાપરેલું અને ત્યારપછી ભાજપની સરકાર આવી. પહેલા રસ્તા નહોતા. ગામડાંમાં જવું હોય કે કોઇ બહેનની ડિલિવરી થાય તો હોસ્પિટલ નહોતી કે પી.એચ.સી. દવાખાના નહોતા, સ્કૂલો નહોતી. ભણવાનું ઠેકાણું નહોતું. અનિલ ભાઇને ખબર છે કે તે વખતે છાપરા હોય, પતરા હોય એની અંદર શિક્ષકો ભણાવતા હતા. ઝાડ નીચે ભણાવતા હતા. અમે પણ એ રીતે ભણેલા છીએ. આપ સૌ જાણો છો કે આ ભાજપની સરકાર આવ્યા પછી નરેન્દ્રભાઇની સરકાર આવ્યા પછી ૪૪ કલમ હેઠળ વનબંધુ કલ્યાણ યોજના લાવ્યા. તે વખતે હું જિલ્લા પંચાયતમાં ૨૦૦૬ માં સભ્ય હતો. તે વખતે એવું પૂછતા હતા કે ૧૫૦૦૦ કરોડ રૂપિયા સાહેબ કેવી રીતે લાવશે? ત્યારે કોંગ્રેસના વિરોધ પક્ષના નેતાએ પૂછેલું કે આ ૧૫૦૦૦ કરોડ

રૂપિયા કેવી રીતે લાવશો? ત્યારે તે વખતના મુખ્યમંત્રીશ્રીએ કહેલ કે તમારી સરકારમાં બાકોરા બહુ પડી ગયેલા છે. હું પુરાવીશ એ પૈસા આદિવાસી સમાજને માટે વાપરવાના છે. તે વખતે વાત કરેલી. વનબંધુ કલ્યાણ યોજના લાવ્યા. તાલુકા કક્ષાએ પહેલા રસ્તા નહોતા. મારે બીજી વાત ઉપર ધ્યાન દોરવું છે કે આ વિસ્તારના બધા ધારાસભ્યો હશે. ૧૯૯૫ પહેલા તમારા ઘરે, ફળિયામાં રસ્તા હતા તો મને બતાવો? રસ્તા નહોતા, પાણીની ટાંકીઓ નહોતી, પુલો નહોતા. આદિવાસી વિસ્તારમાં જવું હોય તો ચાલીને જવું પડતું. મોટર સાઇકલ પણ નહોતી જતી. આવી પરિસ્થિતિ કોંગ્રેસના સમયમાં હતી. અમારી સરકાર આવ્યા પછી ૪૫ આદર્શ નિવાસી શાળાઓ બની. ૫૫૪ આશ્રમશાળાઓ લાવ્યા, ૯૧ ઇ.એમ.એસ. સ્કૂલ લાવ્યા. કુલ ૬૯૧ જેટલી શાળાઓમાં ૧,૨૫,૯૦૦ વિદ્યાર્થીઓ માટે ૫૦૮ કરોડની જોગવાઇ કરી. આવું પહેલા નહોતું. સરકારી કુમાર છાત્રાલયો, ગ્રામ્ય સ્ટેજ છાત્રાલયો ૧૧૪૭ છાત્રાલયો માટે ૬૬૦૯૮ વિદ્યાર્થીઓ માટે અમારા નાણામંત્રીશ્રી નીતિનભાઇએ ૧૭૧ કરોડની જોગવાઇ કરી (અંતરાય) વાસ્તવિકતા ઉપર ચાલુ છું. તમે આદિવાસી સમાજમાં જોયું નથી. આ લોકોએ કશું જોયું નથી. ગઇ વખતે ઘરના ઘર આપીશું એવું કહીને મત લઇ ગયા. આ વખતે દેવા નાબૂદી કરીશું તેમ છેતરીને લોકોના મત લીધા. અમારી સરકાર છઠ્ઠી વખત આવી છે. આદિવાસી સમાજની પણ આ વખત બેઠકો આવી છે. ભાજપની સરકાર છઠ્ઠી વખત બની છે. અમારા પી.ડી. સાહેબ પ્રોફેસર સાહેબ બેઠા છે, અનુભવી લોકો બેઠા છે તેમને પૂછજો કે તેમના વખતમાં કેટલું કામ થયું અને ભાજપની સરકારમાં કેટલું થાય છે. અમારા આદિજાતિ મંત્રી ગણપતભાઇ વસાવા કેટલું કામ કરે છે તે તેના પુરાવા છે. બીજી વાત સાંભળજો તમે આનંદભાઇ. પહેલાં યુ.પી.એસ.સી. ની પરીક્ષા માટે કોઇ પૈસા આપતું ન હતું. આ સરકારે પર હેડ ૯૦ હજાર આપવાની શરૂઆત કરી છે. જેને કલેકટર બનવું હોય, મામલતદાર બનવું હોય. ૨૦૧૩ થી આદિવાસી વિસ્તારના જિલ્લાઓમાં ડોકટરોની જગ્યાઓ ભરાતી ન હતી. અમારી સરકારના પ્રયાસથી.....

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય હર્ષદભાઇ રીબડીયા.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય શ્રી દુષ્યંતભાઇ રાજ્યપાલશ્રીના પ્રવચન પર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું સહમત થતો નથી અને મારા વિચારો રજૂ કરું છું. કાલે પ્રશ્નોત્તરી દરમ્યાન ક્રોપ ઇન્શ્યોરન્સ બાબતે ચર્ચા થતી હતી. અમારા વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી માનનીય મંત્રીશ્રીને પૂછતા હતા કે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાની અંદર અને આજે માનનીય કુંવરજીભાઇએ યાદ કરાવ્યું છે ત્યારે કે આમાં પ્રિમિયમ કેટલું હોય છે? માનનીય મંત્રીશ્રી જવાબ ન આપી શકયા. આનું પ્રિમિયમ કેવી રીતે હોય તો ૧૪ ટકા પ્રિમિયમ રાજ્ય સરકાર ભરે છે. ૧૪ ટકા કેન્દ્ર સરકાર ભરે છે. ૨ ટકા ખેડૂત ભરે છે. ૩૦ ટકા પ્રિમિયમ ઉઘરાવે છે સરકાર. આ બે એજન્સીઓ છે. પ્રાઇવેટ લિમિટેડ કંપની છે. એચડીએફસી અરબો અને ન્યુ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ. આ પ્રિમિયમ ઉઘરાવીને કંપનીને આપી દીધું. હવે બંને કંપનીઓને સરકાર એમ કહે કે તમે જાણો અને ખેડૂત જાણે. સરકાર આમાંથી નીકળી ગઇ. કુલ ૨૧ હજાર કરોડ રૂપિયા પ્રિમિયમ પેટે ઉઘરાવવામાં આવ્યા. ૨૧ હજાર કરોડ રૂપિયા એચડીએફસી અરબો અને ન્યુ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કંપનીને આપવામાં આવ્યા. તેમાંથી ૧૨ હજાર કરોડ રૂપિયા ખેડૂતોને વીમો આપ્યો. ૯ હજાર કરોડ રૂપિયા આ બે કંપનીઓને નફો કરાવ્યો. મારી લાઇફમાં પહેલીવાર જોયું કે કોઇ પ્રાઇવેટ લિમિટેડ કંપની આ ખેડૂતોના પૈસામાં આવડો મોટો ૯ હજાર કરોડ રૂપિયાનો નફો કરાવ્યો હોય. હું આમાં એવું વિચારું છું કે આ પીએનબીનું કૌભાંડ છે તેના કરતાં મોટું કૌભાંડ આ પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બજેટ પણ જોઇ લે. વિગતો મેળવી લે. ૧૨૦૦ કરોડ રૂપિયા ગુજરાત સરકારે પ્રિમિયમ ભર્યુ છે અને ૧૨૦૦ કરોડ રૂપિયા ભારત સરકારે ભર્યુ છે. એટલે કુલ ૨૪૦૦ કરોડ રૂપિયા છે. આ લોકો કયાંથી ૧૨ હજાર કરોડ લાવ્યા. પરેશભાઇ પણ ૧૨ હજાર કરોડ કહે છે, વિરજીભાઇ પણ ૧૨ હજાર કરોડ કહે છે. આ ભાઇ પણ ૧૨ હજાર કરોડ કહે છે. આ આંકડા ખોટા છે. ૧૨૦૦ કરોડ રૂપિયા પ્રિમિયમ ખેડૂતો વતી ગુજરાત સરકારે ભર્યુ, ભારત સરકારે પણ ખેડૂતોના પાક રક્ષણ માટે ૧૨૦૦ કરોડ ભર્યુ છે. કુલ ૨૪૦૦ કરોડ રૂપિયા પ્રિમિયમ ભરાયું છે. ૨૪ હજાર કરોડ નહીં.

અધ્યક્ષશ્રી : ૧૨ હજાર કરોડના આંકડાનો તમારી પાસે પુરાવો હોય તો અહીં મૂકજો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : હું આપીશ.

અધ્યક્ષશ્રી : નહીં તો તે શબ્દો કાઢી નાંખવામાં આવશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : હા તો કાઢી નાંખજો. માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાન મંત્રી ફસલ વીમા યોજનાનો જી.આર. મેં વાંચ્યો છે.

અધ્યક્ષશ્રી : નાણા મંત્રીશ્રીએ જયારે જાહેર કર્યું છે તો હવે એનાથી વધારે કાંઇ ન હોઇ શકે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર પાના નંબર ૨ ઉપર એમાં એવું લખેલું છે કે રવિ ક્રોપ ઇન્સ્યુરન્સ કમ્પલસી પ્રિમિયમ. રવિ પાકમાં ખેડૂતો પાસેથી ફરજિયાત પ્રિમિયમ લેવામાં આવતું હતું. મારા મત વિસ્તારમાંથી ખેડૂતોએ ફરિયાદ કરી કે જે ખેડૂતે એક લાખ રૂપિયા ધીરાણ ઉપાડ્યું એને એક લાખને ત્રેવીસ હજાર ભરવાના થયા એટલે અમે તપાસ કરી રવિ પાકનું ખેડૂતો પાસેથી કરોડો રૂપિયા રાષ્ટ્રીયકૃત બેન્કોએ જયારે વ્યાજ વસૂલ કર્યું એની સામે ન્યાય સરકારે ન આપ્યો ત્યારે મેં હાઇકોર્ટમાં રીટ પીટીશન દાખલ કરી, હાઇકોર્ટે આદેશ કર્યો એટલે બેન્કો ખેડૂતોને રીફંડ આપવા માંડી છે તો મારું એ કહેવાનું છે કે ખેડૂતોની સંસ્થામાં આવા મોટા કૌભાંડો થઇ રહ્યા હોય તો સરકારે પણ ક્યાંકને ક્યાંક

વિચારવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હમણા એક નવો જી.આર. ખેડૂત ઉપર ઝીંકવામાં આવ્યો કે, ભારત સરકાર દ્વારા ડી.બી.ટી. પદ્ધતિ હેઠળ ૩૦ ડિસેમ્બર ૨૦૧૭થી રાસાયણીક ખાતર પી.ઓ.એસ.મશીનથી ફરજિયાત વેચાણ કરવું. માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંમાં ફિંગર્સ સ્કેન કરવાની વાત છે. ખેડૂતો છે એ મોટી ઉમરના પણ હોય દીકરાના નામે જમીન ન હોય પિતાના નામે જમીન હોય, ખેડૂતના નામે જમીન હોય એટલે કે જેનું સાત બારમાં નામ હોય એ ખેડૂતે આ મશીનમાં ફિંગર્સ આપવાના એ ફિંગર્સ સ્કેન થાય પછી એને ખાતર મળે, આ અન્યાય છે ખેડૂત સાથે. કોઇના બાપા બિમાર હોય, ખાટલામાં હોય, ૨૦ કિલોમીટર દૂધ મંડળી હોય તો એને શું અંગૂઠો આપવા માટે ખાટલા સાથે ત્યાં લઇ જવાના? (અંતરાય)

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ માહિતી ખોટી છે. મારે એક માત્ર રેકોર્ડ કરેકટ કરવા માટે સુધારો સૂચવવો પડે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એનો જી.આર. છે એ હું આપીશ.

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતનો દીકરો વાડીએ પાણી વાળતો હોય, કામ કરતો હોય તો એ ત્યાંથી જ એના ગામના ટેમ્પાવાળાને કહે કે, આ જગ્યાએ ખાતર વિતરણ થાય છે ત્યાંથી તું મારા નામે ૫ બોરી યુરિયા લઇ આવજે, માત્ર એને એનું આધાર કાર્ડ પેલા ટેમ્પાવાળાને આપવાનું ટેમ્પાવાળો આધાર કાર્ડ રજૂ કરશે વિક્રેતા કેન્દ્ર ઉપર અને પોતાની ફિંગર ઇફેક્ટ આપશે અને ફિંગર ઇફેક્ટ કદાચ ન આવે તો પણ પોતાનું આધાર કાર્ડ રજૂ કરીને પણ માલ ખરીદી શકશે. માનનીય અધ્યક્ષશ્રી, એક કરતા વધુ ખેડૂત અગાઉ જે રીતે ટેમ્પાવાળા મારફતે મગાવતા હતા એ રીતે મગાવી શકશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ કલેરીફિકેશન આપી દીધું છે આ બાબતમાં એટલે આપ આપનું પ્રવચન આગળ ચાલુ રાખો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત માટે જે વ્યવસ્થા અગાઉની ચાલુ છે એ એમનમ ચલાવોને તમને વાંધો શું છે? શા માટે ખેડૂત ઉપર નવા નવા જી.આર. કરો છો? માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને આ ગુજરાતમાં એટલા બધા પાયમાલ કરવામાં આવ્યા છે એનો દાખલો આપુ, આજથી ૨૦૧૪ પહેલા વડા પ્રધાનશ્રી બોલતા હતા કે અમારો ગુજરાતનો ખેડૂત ગરીબી રેખા નીચે આવી ગયો છે, અમારી ભાજપની સરકાર કેન્દ્રમાં આવશે તો અમે કપાસના ૧૫૦૦ રૂપિયા કરી દઇશું ભાઇઓ બહેનો, પણ બે મણના આમ આંગળી બે કરતા. સાહેબ, ખેડૂત ભાંગી ગયો છે પોષણક્ષમ ભાવ મળતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, વિકાસે તો ખેડૂતની કમ્મર તોડી નાંખી છે. અત્યારે ઘઉંના ભાવ પહેલા ૪૦૦ હતા આજે ૨૮૦ થઇ ગયા છે આને શું કહેવાય વિકાસ, ચણાના ભાવ ૧૮૦૦ હતા આજે ૬૦૦ થઇ ગયા છે આને શું કહેવાય વિકાસ, ધાણાના ભાવ ૧૪૦૦ હતા આજે ૭૫૦ થઇ ગયા છે આને શું કહેવાય વિકાસ, લસણના ભાવ ૮૦૦ હતા આજે ૫૦ થી ૧૦૦ રૂપિયાનું મણ મળે છે આને શું કહેવાય વિકાસ.

અધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : Hon'ble Speaker Sir. I would like to say few words on the speech of His Highness Governor. I will start with one sentence which is said by Henry David Thoreau - "That Government is best which govern the least". ગુડ ગર્વન્સની દૂહાઇ દેતી આ રાજ્ય સરકારને હું કહેવા માગું છું કે, આપના સુશાસનમાં હ્યુમન બીઇંગ, હ્યુમન ફેઇસ અને હ્યુમન એઇડ વિસરાયા છે, લુપ્ત થયા છે, જે નીવ ઉપર ગુજરાતનું ચણતર થયું એ નીવમાં અંત્યોદયનું કલ્યાણ, ખાદી–ગ્રામોદ્યોગ, નશાબંધી અને પારદર્શક પણ કરકસરયુક્ત વહીવટ એ ખોવાયો છે, વંચિતોની પીડા વકરી છે, સરકાર શ્રીમંતો સામે ઝૂકી છે, ગરીબોના બેલી બનવાનું ચૂકી છે, કૃષિ ક્રાંતિની વાતો ભ્રાંતિમાં પુરવાર થઇ રહી છે, દેવું પણ કેવું અજબ છે. અમીરો પાસે વધે તો દેશને છોડીને જાય છે અને ખેડૂતો પાસે વધે તો દેહને છોડી જાય છે, આ તે કેવી કરૂણતા?

લોકશાહીના ચાર સ્તંભો, આપશ્રી બિરાજમાન છો એ સંસદિય બાબતો, આપ અધ્યક્ષ બન્યા એના માટે અભિનંદન, બીજું ન્યાય, ન્યાય સાથે પણ આપ સંકળાયેલા હતા.

અધ્યક્ષશ્રી : હતો નહિ છું,

શ્રી બ્રિજેશ મેરજા : ત્રીજું જાહેર વહીવટ, આપ મંત્રી થયેલા હતાને એટલે, ચોથી જાગીર મિડિયા, એ મિડિયા દ્વારા આ ગૃહનું જાહેર જનતા જોઇ શકે એવું પ્રસારણ થાય એ જનહિત માટે ઇચ્છનીય છે,

દુષ્યંત પટેલ જ્યારે આ પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે હું ફક્ત એટલું જ કહેવા માગું છું કે પેલો દુષ્યંત તો શકુંતલાને ભૂલી ગયો હતો,

અધ્યક્ષશ્રી : પેલો શબ્દ વાપરીને આપ અપમાનિત ના કરી શકો આપણા ઐતિહાસિક પાત્રને.

શ્રી બ્રિજેશ મેરજા : પેલા દુષ્યંત જ્યારે શકુંતલાને ભૂલી ગયા હતા તો મારી વિનંતી એ છે કે સરકાર પ્રજાને ના ભૂલી જાય એનું ધ્યાન રાખવાની જરૂર છે. વારંવાર મહેણાં મરાય છે, (અંતરાય) સાંભળી લો, બહેન આપ બોલતા હતા ત્યારે હું કંઇ નહોતો બોલતો. ૬૦ વર્ષમાં શું કર્યું એમ મહેણાં મરાય છે. મિત્રો પેન અમે લાવ્યા, પેન ડ્રાઇવ અમે લાવ્યા. તમે તો માત્ર પેઇન (Pain) એટલે કે દુઃખ લાવ્યા. વિકાસની વાતોની છડી પોકારનારા કાન દઇને સાંભળી લો, વિકાસનો માણેકસ્તંભ અમે રોપ્યો છે. શું રંગરોગાન કરવાથી આ વિધાનસભાનું ગૃહ તમે બાંધ્યું છે એમ તમે કહેશો? તમે કહેશો તો લોકો માનશે ખરા? બધેય આવું છે, માત્ર ભ્રામક વાતો, ભ્રમિક ભાષણો, પ્રચારની આંજી નાંખતી આંધી. પણ નરી વાસ્તવિકતા કંઇક ઔર જ છે.

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

અમે શું કર્યું? ખેડૂતોને જમીનના માલિક બનાવ્યા. સહકારી ધિરાણ માળખું સુદ્રઢ બનાવ્યું, તમે શું કર્યું?, સેટેલાઇટ મેપથી ખેડૂતોની જમીન ખોરવી, પાક વિમાની ખેડૂતોને ખો આપી, સહકારી સંસ્થાઓનું સરકારીકરણ કર્યું, વંચિતોને તેમના લાભા લાભથી વંચિત રાખ્યા. માધુપુર જેવી કો-ઓપરેટીવ બેન્ક ફડચામાં લઇ ગયા. સાબરમતી જેલમાં સુરંગ ખોદાય. ડાકોર જેવા મંદિરમાં દર્શનાર્થીઓ ચગદાય. આ બધું શું થઇ રહ્યું છે. 'મુખડા દેખો દર્પણ મેં', 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા' શું નથી દેખાડ્યું હું કહેવા માગતો નથી. માત્ર ટ્રેલર છે, પીક્ચર તો બાકી છે, હું જે મત વિસ્તારમાંથી આવું છું, મને ગૌરવ થાય છે કે અહીંના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા મારા હમવતની છે, મને એમ હતું કે પ્રદિપસિંહજી આ વખતે કેબિનેટ મિનિસ્ટર થશે. તો અમે એમને આવકારીશું.

અધ્યક્ષશ્રી : તમારી શુભેચ્છા હોઇ શકે આ વિષય અહીંયા ના હોઇ શકે ચાલો આગળ ચાલો. આ તમારા અખત્યારનો વિષય નથી.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે મોરબીમાં દૂધ કરતા દારૂ વધુ વેંચાય છે. દારૂના કન્ટેઇનર પકડાય છે અમારી મચ્છુ-૨ જે સૌની યોજનાની મધર ડેમ છે ત્યારે હું કહેવા માગુ છું કે મોરબી-માળિયાના ૫૨ ગામોને તમે મચ્છુમાંથી પાણી આપો. (સમય-સૂચક ઘંટડી ) આજે મોરબીની સિવિલ હોસ્પિટલ અને માળિયાનું સામુહિક આરોગ્ય કેન્દ્ર ડોકટર વિહોણું ચાર્જથી ચાલે છે. મોરબીની પેરીસની ઓળખ આજે શિકાગોમાં પરિવર્તિત થઇ છે એવી ગુનાખોરી વકરી છે. હું છું ગુજરાત એને ગુજરાત પૂછે છે કોસ્ટ બેનીફીટ રેશિયો સુધારી નવા ડેમો કયારે આપશો ? સિંચાઇના દરોમાં ૪૦૦ ટકાનો વધારો, રાસાયણિક ખાતરો પરનો વેટ કયારે નાબૂદ કરશો ? ડિઝલ પેટ્રોલ પરનો વેટ કયારે ઘટાડશો ? કલ્પસર નામની યોજનાનું કયારે કન્યાદાન કરશો ? હું અંતે એટલુ જ કહીશ કે અમારો મોરબી સિરામીકનો હબ છે **"સી "** ફોર્મના સકંજામાંથી મોરબીને કયારે છોડાવશો ? ગુજરાતને "મોડલ સ્ટેટ "ગણાવતી આ સરકારનું મોરલ તૂટતુ જાય છે અંતે એટલુ જ કહીશ, "મારી હસ્તી મારી પાછળ એ રીતે વિસરાઇ ગઇ, આંગળી જળમાંથી નીકળી અને જગ્યા પૂરાઇ ગઇ. કશું જ શાશ્વત નથી, આવો ચૌદમી આ વિધાનસભાને આપણે યાદગાર બનાવીએ." માનનીય અધ્યક્ષશ્રી, એક શેર કહીને હું મારી વાત પૂરી કરીશ.

''શું સિકંદર, શું કુબેરો, ગર્વ સૌનો તૂટશે, હો ગમે તેવો ખજાનો, એક દિન ખૂટશે, કાળની કરડી નજરથી કોઇ બચવાનું નથી, આજ તો ફૂટી છે પ્યાલી, કાલ આખો કૂંજો ફુટશે''.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસથી બન્ને બાજુ ખૂબ ઉંડાણપૂર્વક ચિંતન કરતો કરતો સાંભળી રહ્યો હતો. કોંગ્રેસના ખૂબ વખાણ કર્યા મારે કહેવુ છે કે, ''ન સોચા કરો જયાદા, હમ કમજોર હો જાયેંગે, પૂરા કરેંગે વાદા, આપકો આસમાન સે ધરતી પર લે આયેંગે''

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધી પરિવાર અને નહેરૂ પરિવારની વાત કરીને છાસવારે વિધાનસભામાં સવાલો ઉઠતાં રહ્યાં છે. આતંકવાદની વાત હોય, ત્રાસવાદની વાત હોય શરૂઆત હું ત્યાંથી કરીશ કે જયારે આ દેશ અંગ્રેજોના કબજામાં હતો ત્યારે દેશની આઝાદી માટે જે લડવૈયાઓ લડત લડતા હતા તે લડત લડવામાં પરમ પૂજ્ય મહાત્મા ગાંધી હોય, સરદાર વલ્લભભાઇ પટેલ હોય કે જવાહરલાલ નહેરૂ હોય કે અન્ય બધા યોદ્ધાઓ હતા કે જે અંગ્રેજોથી આઝાદી માટે લડતા હતા. જવાહરલાલ નહેરૂ આ દેશના વડાપ્રધાન બન્યાં ૧૬ વર્ષ સુધી તેમણે રાજ કર્યુ પણ જવાહરલાલ નહેરૂએ આઝાદીની લડાઇમાં લડત આપીને પોતે સ્વતંત્ર સેનાની થયા હતા. અને આ જવાહરલાલ નહેરૂ ભલે આ દેશના ૧૬ વર્ષ વડાપ્રધાન રહ્યાં હોય પણ અંગ્રેજોએ તેમને ૧૮ વર્ષ સુધી જેલમાં રાખ્યાં હતા આ પણ એક ઇતિહાસ છે. સ્વર્ગીય ઇંદિરાજીની વાત થાય વારસાની વાત થાય. ઇંદિરા ગાંધી એ ઇંદિરા ગાંધી છે કે જે ઇંદિરા ગાંધીએ પાકિસ્તાનના બે ટૂકડા કરી દીધા હતા અને બાંગ્લાદેશને છૂટ્ટુ પાડી દીધુ હતું આ એ ઇંદિરા ગાંધી છે. અને ભારતીય જનતા પાર્ટીના આ સન્માનનીય મુરબ્બી, વરિષ્ઠ નેતા શ્રી અટલબિહારી વાજપેયીજીએ કહ્યું કે, આ વિરાંગના છે, દુર્ગાનું જેને નામ આપવામાં આવ્યું હતું અને કોંગ્રેસ પાર્ટી આતંકવાદ અને ત્રાસવાદની ખાલી વાતો નથી કરતી એનું રીઝલ્ટ લાવીને બતાવતી હતી. પંજાબની અંદર જે ત્રાસવાદ થયો એમાં સુવર્ણ મંદિરમાં જે ત્રાસવાદીઓ ઘૂસી ગયા હતા એ ત્રાસવાદીઓનો નાશ કરવાનું કામ પણ આ સ્વર્ગીય ઇન્દિરા ગાંધીએ કર્યું હતું અને એના કારણોસર ઇન્દિરાજીની હત્યા થઇ. સેન્ટ્રલ આઇ.બી.એ એમ કહ્યું કે, ઇન્દિરાજી તમારી જાનને જોખમ છે. તમારા સિક્યોરીટીમાં શીખ કોમ્યુનિટીની કોઇ વ્યક્તિ હોય તો એને તમે ન રાખો. ઇન્દિરાજી માન્યા નહિ અને ઇન્દિરાજી ગોળીથી શહીદ થયા. આ ઇન્દિરાજી હતા જેને પ્રિયદર્શી તરીકે આ દેશ ઓળખે છે. તૃષ્ટિકરણની વાતો કરતાં હોય ત્યારે મારે આ પ્રધાનમંડળને પણ એમ કહેવું છે કે, જો તમે દરેક કોમને સાથે રાખીને કરવાની વાત કરતા હોય તો મને એક તો બતાવો કે •(×××) પછી તમે વાત કરજો.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ વડાપ્રધાનના કમાન્ડોમાં છે કે નહિ એ વડાપ્રધાન જવાબ આપવા ન આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : મેં વડાપ્રધાનની વાત નથી કરી. પ્રધાનમંડળની વાત કરી છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ પરથી કાઢી નાખું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી સલામતીની વ્યવસ્થા સરકાર પૂરી પાડે છે. તમે કઇ જ્ઞાતિના કમાન્ડો રાખ્યા, તમારી ઓફિસમાં કઇ જ્ઞાતિના સ્ટાફને લો છો. આ બધો જાતિવાદ કરવો એ જ કોંગ્રેસનું કામ છે. અમે એમ નથી પૂછતા કે, પરેશભાઇની ઓફિસમાં કઇ જ્ઞાતિનો સ્ટાફ છે. એમના પી.એસ. કઇ જ્ઞાતિના છે. આવી રીતે વાત ના કરો. તમે જાતિવાદ બહેકાવશો નહિ.

શ્રી શૈલેષ મ. પરમાર : બહેકાવતો નથી. સત્ય હકીકત તમારી સામે મૂકી છે. સ્વર્ગીય રાજીવ ગાંધીની ચર્ચા થતી હોય છે. ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા કે જેમણે દેશને ૨૧ મી સદી તરફ જઇ જવાની કૂચ કરી, ૧૮ વર્ષના યુવાનોને મતનો અધિકાર આપ્યો. પંચાયતી રાજની જેણે શરૂઆત કરી અને એની સામે બોફોર્સ કૌભાંડ લઇને રાજકીય રોટલા શેકવા નીકળ્યા હતા. બોફોર્સ કાંડ એ પાર્લામેન્ટ અને વિધાનસભામાં ચગતું રહ્યું છે. ગઇકાલે પણ બોફોર્સની વાત થઇ હતી. મારે એ મિત્રોને યાદ કરાવવું છે કે, કારગીલની અંદર જ્યારે યુદ્ધ થયું, કારગીલમાં જ્યારે પાકિસ્તાન હિન્દુસ્તાનની ધરતી ઉપર આવી ગયું ત્યારે એ ત્રાસવાદીઓને ભગાડવાનું કામ એ અમારી બોફોર્સની તોપે કર્યું હતું. એ રાજીવ ગાંધી લાવ્યા હતા અને એ રાજીવ ગાંધીને બંદૂકથી ઉડાવી દેવામાં આવ્યા હતા અને એ શહીદ થયા હતા. ગાંધી પરિવારના બે સભ્યો આ દેશની એકતા-અખંડિતતા માટે શહીદ થયા છે. મને એક વ્યક્તિ તો બતાવો કે, આ દેશ માટે શહીદ થયા હોય. એમણે સોનિયાજીની વાત કરી. યુ.પી.એ.ની સરકારમાં તમામ લોકોએ ભેગા થઇને સોનિયાજીને વડાપ્રધાન પદની ઓફર કરી તો પણ તેમણે વડાપ્રધાન પદને ઠુકરાવીને આ દેશના મોટામાં મોટા અર્થશાસ્ત્રી ડો. મનમોહન સિંહને દેશના વડાપ્રધાન તરીકે ઊભા કર્યા અને આજે એ ત્યાગની મૂર્તિ તરીકે ઓળખાય છે. માનનીય અધ્યક્ષશ્રી, રાહુલ ગાંધી, ગઇ કાલે વાત થઇ રઇસ જાદા, આ રઇસ જાદાએ પોતાના પિતાની જેમણે હત્યા કરી હોય અને પિતાનો હત્યારો જેલમાં હોય એ હત્યારાને જેલમાં જઇને અમારા રાહુલ ગાંધીએ એમ કહ્યું હતું કે, આને ફાંસીની સજા ન થવી જોઇએ, અને જન્મટીપની સજા થવી જોઇએ. ફાંસીની સજામાંથી મુક્ત કરવાની વાત પણ રાહુલ ગાંધીએ કરી હતી. રાહુલજી મંદિરોમાં ગયા, ટેકેદારો ઉભા થઇ ગયા. માનનીય અધ્યક્ષશ્રી, કાલે કહ્યું કે, ભગવાન રામ અમારી આસ્થાનું પ્રતિક છે. ભગવાન શ્રી રામ એ અમારી આસ્થાનું પ્રતિક છે. ભગવાન શ્રી રામ *(×××) ફકત ને ફકત એમના નામનો ઉપયોગ કર્યો છે.

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો દુર કરીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અયોધ્યામાં રામની પૂજા કરવાની છૂટ આપી હોય તો એ સ્વર્ગીય રાજીવ ગાંધીએ આપી હતી. ગઇ કાલે વાત પારદર્શકતાની કરતા હતા કે, અમારો વહીવટ પારદર્શકતા છે. મારે બે ચાર વાતો આ સભાગૃહમાં કહેવી છે કે, જો પારદર્શકતા હોય તો અને જો સરકાર એમ માનતી હોય તો કેગનો રિપોર્ટ આ સત્રની શરૂઆતમાં રજૂ કરો કે જેથી એની ચર્ચા થઇ શકે. શ્રી એમ.બી. શાહનો રિપોર્ટ વિધાનસભામાં ચર્ચામાં મૂકો. એ ચર્ચામાં લાવો તો પારદર્શકતાની વાત થઇ એમ કહેવાય. વર્ષોથી થાનગઢનો રિપોર્ટ સરકારની વિચારણા હેઠળ છે તો જો સરકારની પારદર્શકતા હોય તો એ રિપોર્ટ હાઉસમાં રજૂ કરવામાં આવે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**અહેવાલ પર પગલાં લેવા બાબત**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, સંજયપ્રસાદનો જે અહેવાલ છે એ કમિશન ઓફ ઇન્કવાયરી એકટ હેઠળ નોંધાયેલું કમિશન નથી, આ મંત્રીમંડળ દ્વારા નિર્ણય લેવાઇને એક અહેવાલ તૈયાર કરાવ્યો હતો. એ અહેવાલ સરકારને મળી ગયો છે. એ અહેવાલ ઉપર પગલાં લેવાઇ ચૂક્યાં છે, એટલે માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો છે એ અયોગ્ય છે.

અધ્યક્ષશ્રી : આ અહીં રજૂ કરવાનો રહેતો નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે કાઢવું હોય એ કાઢી નાખો, માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામનો રિપોર્ટ આજે પણ વિધાનસભાના ગૃહમાં રજૂ થતો નથી તો તમારી પારદર્શકતા બતાવતા હોય તો એ સુજલામ સુફલામનો રિપોર્ટ રજૂ કરો. આવા તો અનેક રિપોર્ટો છે કે જે રિપોર્ટો રજૂ થતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, દોઢ સીટમાંથી ૮૦ ટકા ઉપર માનનીય પ્રદેશ પ્રમુખશ્રી ભારતીય જનતા પાર્ટીની સરકારો બની એની વાત કરતા હતા, હોય, •(×××)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો દૂર કરીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સત્તામાં આવ્યા હોય એનો આનંદ હોય, આનંદ શબ્દ તો ચાલશેને, તો એનો આનંદ હોય. માનનીય અધ્યક્ષશ્રી, એ સત્તા માનનીય અધ્યક્ષશ્રી શું કામની કે, જે સત્તા માટે કાશ્મીરનો મુદ્દો હોય, અલગાવવાદીઓ ત્યાં ત્રાસ ગુજારતા હોય, પોલીસ ઉપર મિલેટ્રી ઉપર પથ્થરમારો કરતા હોય અને અલગાવવાળીઓના ટેકાવાળી પીડીપી સાથે સરકારમાં ભારતીય જનતા પાર્ટી બેસે, એ સત્તા શું કામની? અને એનાથી પણ શરમની વાત તો એ છે કે, પીડીપીએ જાહેર કર્યું કે, જે મિલીટ્રી ઉપર જે પોલીસ ઉપર અલગાવવાદીઓએ પથ્થરમારો કર્યો હતો એના ઉપર પોલીસ કેસ થયા હતા અને પાછા ખેંચવામાં ન આવ્યા અને ભારતીય જનતા પાર્ટીનો નેતા ઉફ પણ ન બોલ્યો એવી સત્તા શું કામની? ગુજરાતમાં સરકાર કોંગ્રેસની બનશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે, વગર આમંત્રણે કોઇક ની બર્થ-ડેમાં કેક કાપવા જનાર

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લોકો કોંગ્રેસની સરકાર માટે પાકિસ્તાનમાં ફટાકડાની વાત કરે છે. આજકાલ દેશમાં મોદીઓની વાહ વાહ થઇ રહી છે. બધા ખૂશ થઇ ગયા.

અધ્યક્ષશ્રી : એ જે ખુશ થયા એ  આ બાજુના ખુશ થયા હતા.

શ્રી શૈલેષ  મ. પરમાર : આજે મોદીઓનો જમાનો છે. પછી એ લલિત મોદી હોય કે નિરવ મોદી હોય એ બધાને બધાય મોદીઓને  વિદેશમાં જવાનો ખરો શોખ જાગ્યો છે. ડો.મનમોહનસિંહે પાકિસ્તાન સાથે ગુપ્ત મંત્રણા કરી, ચૂંટણીની સભામાં ખૂબ સાંભળ્યું, પરંતુ દેશને ચૂનો લગાવી જનાર એ વિજય માલ્યા હોય, નિરવ મોદી હોય કે પછી લલિત મોદી હોય આ લોકોને એની ખબર પડતી નથી. મને એ સમજાતું નથી. કાલે એક વાત થઇ હતી. આપ ગુજરાતસે આતે હો ? નરેન્દ્ર મોદી કે રાજસે આતે હો, યે નરેન્દ્રમોદી કા રાજ હૈ, કાલે એક મંત્રીશ્રી બોલ્યા હતા. આનંદ થાય સાહેબ, જયારે મુખ્ય મંત્રીશ્રી વડાપ્રધાન બન્યા ને સાહેબ ત્યારે મેં પણ આ ગૃહના સભ્ય તરીકે અભિનંદન આપ્યાં હતાં. આજે હું પણ ગુજરાતી છું અને ગુજરાતનો કોઇ પનોતો પુત્ર દેશના વડાપ્રધાન બને ત્યારે સૌને ગૌરવ હોઇ શકે છે. પણ  જયારે એમ કહેવાય  કે યે વહી ગુજરાત હૈ જહાં ગોધરાકા કાંડ હુઆ થા, યે વહી ગુજરાત હૈ જહાં અક્ષરધામ પે હુમલા હુઆ થા, યે વહી ગુજરાત હૈ જહાં ભાજપ કે ગૃહ મંત્રીકી હત્યા હુઇ થી, યે વહી ગુજરાત હૈ  જહાં નકલી આતંકવાદી પકડે જાતે હૈ, યે વહી ગુજરાત હૈ જહાં નકલી એન્કાઉન્ટર હોતે હૈ, યે વહી ગુજરાત હૈ જહાં પાટીદાર યુવાનો પર ગોલીયાં ચલાઇ જાતી હૈ, યે વહી ગુજરાત હૈ જહાં થાનગઢ મેં દલિતોં પર ગોલી ચલાઇ જાતી હૈ, યે વહી ગુજરાત હૈ જહાં એક ટુકડે જમીન કે લીયે દલિત કો જીંદા જલ જાના પડતા હૈ,ઔર ઉદ્યોગ પતિઓં કો જમીન દી જાતી હૈ,  કયા યે વહી ગુજરાત હૈ? માનનીય અધ્યક્ષશ્રી  યે વહી ગુજરાત હૈ જહાં ઉના કાંડ હુઆ થા, યે વહી  ગુજરાત હૈ જહાં કચ્છકા વ્હાઇટ રણ દેખને કે લીયે લોગ આતે હૈ ઔર જહાં નલીયા કાંડ હુઆ થા.

માનનીય અધ્યક્ષશ્રી, એક સૂત્ર ચાલ્યું હતું  વિકાસ ગાંડો થયો છે, ખૂબ ચાલ્યું, એ પછી સૂત્ર આવ્યું કે હું ગુજરાત છું , હું વિકાસ છું, ગુજરાતની પ્રજાએ કેમ કહેવું પડયું કે વિકાસ ગાંડો થયો છે. એટલા માટે કહ્યું  છે કે, યુવાનોને રોજગારી મળતી નથી માટે વિકાસ ગાંડો થયો છે, ખેડૂતોને વીજળી મળતી નથી માટે વિકાસ ગાંડો થયો છે. મહિલાઓ પર અત્યાચારો થાય છે માટે વિકાસ ગાંડો થયો છે, બાળકો કુપોષણથી પીડાય છે માટે વિકાસ ગાંડો થયો છે. નોકરીયાતોને પૂરો પગાર મળતો નથી માટે વિકાસ ગાંડો થયો છે. શાળાઓને ઓરડા નથી માટે વિકાસ ગાંડો થયો છે, હોસ્પિટલો છે પણ ડોકટરો નથી માટે વિકાસ ગાંડો થયો છે. ગુજરાતને દેવામાં ડૂબાડયું માટે વિકાસ ગાંડો થયો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ  : મારે આ તકે જણાવવાનું કે, ખેડાની ૪૪ સીટોમાંથી ૨૫ સીટો જીતીને ખેડા જિલ્લા પંચાયત ભાજપની બની ગઇ છે તમારે તો ત્યાં જ બેસવાનું છે.

શ્રી વિજય  રૂપાણી  મુખ્યમંત્રીશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો  માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારના જનસેવાના કાર્યો અને સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો તેને બિરદાવવા બદલ માનનીય રાજયપાલશ્રીનો હું અંતઃકરણ પૂર્વક, હૃદયપૂર્વક  આભાર વ્યકત કરું છું.

સંસદીય પ્રણાલિકા  રાજયપાલશ્રીનું પ્રવચન એટલે સરકારની કામગીરીની સમીક્ષા, ચર્ચાઓ, પ્રશંસા, ટીકા એ આ લોકશાહીમાં સંસદીય પ્રણાલિકા,પદ્ધતિમાં આવકાર્ય પણ છે. પ્રજાલક્ષી બાબતો, પ્રજાના પ્રતિનિધિઓ આ હાઉસના ફલોર ઉપર આ વાતને મૂકે એ પણ જરૂરી છે. સાચુ શું અને ખોટું શું, કારણ કે સરકારના લોકો સરકારની વાહવાહ કરે અને વિરોધપક્ષના લોકો સરકારની ટીકા કરે અને આ રીતે ચર્ચા ચાલતી જ હોય, પણ આ તકે વિરોધપક્ષના મિત્રોને પણ હું ખાતરી આપું છું કે વાજબી સૂચનો, વાજબી વાતોનો સ્વીકાર કરતા અમે કદી અચકાશું  નહિ  કારણ કે અમે લોકો એ મનના લોકો છીએ, અમને જે સંસ્કારો મળ્યા છે એ અટલજીની પંકિતથી વાત કરું  તો '' છોટે મન સે કોઇ બડે નહિ હોતે, ટૂટે મનસે કોઇ ખડે નહિ હોતે.' આ રીતે મોટા મન સાથે  મોટા ગજાની સરકાર ચાલી રહી છે.

આજે આધુનિક યુગમાં કોમ્પ્યુટરના જમાનામાં ગુગલમાં દરેક કામગીરીની સમીક્ષા અલગ અલગ સંસ્થાઓ દ્વારા કરાતી હોય છે. એટલીસ્ટ એના માપદંડોનો વિચાર કરવાની આવશ્યકતા છે. મેં કહ્યું એ પ્રમાણે પહેલા સરકાર પક્ષે પ્રશંસા થાય એની ચર્ચા થાય એ બધું ચાલતું હોય, વિરોધપક્ષે ટીકા થાય એ પણ ચાલતું હતું, સ્વાભાવિક છે કે એ હોવું પણ જોઇએ.  પરંતુ હવેના સમયમાં માપદંડો નક્કી થયા છે એના લીધે કઇ સરકાર શું કરે છે કઇ સંસ્થા શું કરે છે એનું પરિણામ શું આવે છે  એની સોશ્યલ ઇફેકટ શું છે એ અંગેના માપદંડ દરેક સંસ્થાઓ  નક્કી કરતી હોય છે. એના આધારે હું મારી સરકારની ચર્ચા કરવા આવ્યો છું.

સૌ પ્રથમ તો લોકશાહીમાં માપદંડ એ  કે જનતા ચૂંટણીમાં મત આપતી હોય છે અને ચૂંટણીમાં જનતા નક્કી કરતી હોય છે સરકારની કામગીરીનું સર્ટિફિકેટ આપતી હોય છે. આપણે બધા ગમે તે કહીએ પણ સરકારની કામગીરીનું સર્ટિફિકેટ પ્રજા મત દ્વારા આપતી હોય છે.  મને દુઃખ એ છે કે મારા સાથી પક્ષના મિત્રો એની હારને પચાવી શકતા નથી  એના કારણે જે રીતે હાર્યા છે, ચૂંટણી પહેલા પોતાની સરકાર બનાવવાની વાતો કરતા  હતા મોટા મોટા બણગાઓ ફુંકતા હતા તેમ છતાં લોકોએ તમને વિરોધપક્ષમાં બેસાડ્યા છે  એ વાતને સ્વીકારવાને બદલે  ગાલ ઉપર તમાચો  મારીને ગાલ લાલ રાખી રહ્યા છે. ભાઇઓ-બહેનો, સાથીઓ, સભ્યો આ બધું બહાર જૂએ છે અને આ ચૂંટણીમાં છઠ્ઠી વખત ૨૨ વર્ષ પછી અમારી સરકારને કાયદેસરનો મેન્ડેટ  મળ્યો છે અને સ્પષ્ટ બહુમતી સાથે ભારતીય જનતા પાર્ટીની સરકારને પ્રજાએ ચૂંટીને મોકલી છે. ચર્ચામાં વાત થતી હતી,  અમે ૧૫૦ પ્લસ. તમે પણ ૧૨૦ની વાતો કરતા હતા. અમારી સરકાર બનશે એમ કહેતા હતા અને આજે તમે

પણ ૭૭ એ અટકી ગયા છો એ પણ વાસ્તવિકતા છે. મંત્રીમંડળ પણ બનાવી દીધું હતું અને હજી શેડો મંત્રીમંડળના સપનાઓ પણ આવે છે. માનનીય સભ્યશ્રીઓ, લોકશાહીની આ વાત સ્વીકારીને ચાલવાની આવશ્યકતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત છે કે આ વખતે છેલ્લા ચાર–પાંચ વર્ષથી દેશભરમાં એન્ટી એસ્ટાબ્લીશમેન્ટ અને એન્ટી ઇઇન્કમ્બન્સી ફેક્ટર ચાલ્યુ છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીની સરકાર હતી. સરકાર બદલાઇ. કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સની સરકાર હતી. સરકાર બદલાઇ. પંજાબમાં અકાલીદળની સરકાર હતી. સરકાર બદલાઇ. અનેક જગ્યાએ કોંગ્રેસની સરકારો ગઇ અને ભાજપની સરકાર આવી. પહેલી ચૂંટણી ગુજરાતની છે કે જેમાં પુનઃ ભારતીય જનતા પાર્ટીની સરકાર આજે પ્રસ્થાપિત થઇ છે. આ નાની વાત નથી. આ બહુ મોટી વાત છે. છેલ્લા ચાર વર્ષમાં તમે જોઇ લો. જેટલી ચૂંટણી રાજ્યોની આવી એ તમામ ચૂંટણીમાં ચાલુ સરકાર ગઇ અને વિરોધપક્ષની સરકાર આવી. કર્ણાટકમાં પણ એ જ થવાનું છે. આ પણ તમે યાદ રાખજો અને આ સ્થિતિમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર પુનઃસ્થાપિત થઇ છે. બીજું, ૨૦૧૨માં ભારતીય જનતા પાર્ટીને ૪૫ ટકા મત મળ્યા હતા. આ વખતે ૪૯.૨ ટકા અમારો વોટીંગ રેશિયો પણ વધ્યો છે. એનો મતલબ એ થાય છે, હર બીજી વ્યક્તિએ ભાજપને મત આપ્યો છે. અહીં ઘણાં લોકો બહાર બાઇટ આપે છે. આ નારાજ છે. પેલો વર્ગ નારાજ છે, તો આટલા બધા મત અમને કયાંથી મળ્યા? જનતાએ આપ્યા છે. શરૂઆતમાં તો ઇ.વી.એમ.માં ગોલમાલ છે એમ એમણે ત્રાગા શરૂ કર્યા હતા. હવે એ વસ્તુને આ વર્ગ નારાજ છે અને પેલો વર્ગ નારાજ છે તેમ વાત થાય છે. બધા વર્ગો પાસેથી, બધી જગ્યાએથી ભારતીય જનતા પાર્ટીને મતો મળ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજ્યની પ્રગતિ, હું એટલા માટે કહું છું કે ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં કામ કરી રહી છે. આટલા બધા વર્ષોથી જન સમર્થન એનો મતલબ કે વિકાસ, પ્રગતિ, સુખ સમૃદ્ધિ, સલામતી લોકોની માનસિકતામાં સ્વીકારાઇ ગઇ છે અને એટલે જ આર્થિક રીતે ગુજરાત કયા સ્ટેજે છે એ જોવાની આવશ્યકતા છે. હું ખાલી બે–ત્રણ બાબતોનું ધ્યાન દોરું છું. બજેટ સાઇઝ જે ૧,૬૮,૮૩૮ કરોડ હતું એ ૨૦૧૮–૧૯માં ૧,૮૩,૬૬૬ કરોડનું બન્યું છે. એ જ બતાવે છે કે વિકાસ છે. ૧૪,૮૨૮ કરોડનો છેલ્લા વર્ષોમાં વધારો થયો છે અને એક પણ વાર અમે ઓવરડ્રાફ્ટ લીધો નથી. સાતમા પગાર પંચના અમલમાં આખા ભારતમાં ગુજરાત સરકાર પહેલી સરકાર છે. સાતમું પગાર પંચ જાહેર થયું, આટલો બધો પગાર? આવું લોકો કહેતા હતા અને ગુજરાતની સરકારે કર્મચારીનું સાતમું પગારપંચ સ્વીકારી લીધું હતું. રીઝર્વબેંક ઓફ ઇન્ડિયા દ્વારા પ્રકાશિત આંકડા મુજબ ભારતના મુખ્ય રાજ્યોમાં ૫,૯૪૭ કરોડની મહેસૂલી આવકમાં સરપ્લસ. ગુજરાત અગ્રેસર રહ્યું છે. તેની સામે હું આપને કહું, મહારાષ્ટ્ર ૩,૬૪૦ કરોડ, આંધ્ર ૪,૮૭૦ કરોડ, પંજાબ ૭,૯૮૦ કરોડ, રાજસ્થાન ૮,૮૦૦ કરોડ, હરિયાણા ૧૨,૨૮૦ કરોડ, તામિલનાડુ ૧૫,૮૫૦ કરોડ. આ બધા રાજ્યો માઇનસ છે. ખાધ છે. માત્ર ગુજરાત ૫,૯૮૦ કરોડ સરપ્લસ. એ આપણી ગુજરાતની સદ્ધરતા. આવી કામગીરીના કારણે એક ફાયનાન્શિયલ ડિસીપ્લીન ગુજરાતમાં આ સરકારે કરી છે. આજકાલ જી.ડી.પી.ની ચર્ચા થાય છે. ગુજરાત નાણાકીય ખાધમાં, ઘરગથ્થુ ઉત્પાદનમાં ૧.૮૪ ટકા નાણાકીય ખાધ સાથે ફિસ્કલ ડેફિસિટ સાથે રાષ્ટ્રભરમાં આપણે સૌથી અગ્રેસર છીએ. તામિલનાડુમાં ૨.૭૮ ટકા આંધ્રમાં ૨.૭૯ ટકા તેલંગાણામાં ૨.૯૮ ટકા, બિહારમાં ૭.૪૭ ટકા, આ બધા ફિગરોમાં ગુજરાત માત્ર ૧.૮૪ ટકા એ ફિસ્કલ ડેફિસિટમાં છે. વિરોધપક્ષના સભ્યો ૧૯૯૫ની વાત કરીએ તો અકળાઇ જાય છે. અમારે કમ્પેરીઝન શું કરવું ? ૧૯૯૫થી અમારી સરકાર છે. છેલ્લા ૨૨ વર્ષ થયા, અમે શું કરીએ? પ્રજા તમને તક આપતી નથી. એટલે ૧૯૯૫ સાથે સરખામણી કરીએ છીએ. ૧૯૯૫–૯૬માં કૃષિ ઉત્પાદન ૧૩૪૯૨ કરોડનું હતું. જે લોકોએ ખેડૂતો અને ખેતીના નામે ચર્ચા કરી છે એ લોકો સાંભળી લેજો. ૧૩૪૯૨નું ખેત ઉત્પાદન તે વખતે હતું. જો બધું બગડ્યું હોય, ખેડૂત દુઃખી હોય, ખેતી થતી ન હોય,પાણી મળતું ન હોય તો ઉત્પાદન ઘટવું જોઇએ. એને બદલે હું આનંદ સાથે આંકડા આપું છું કે આજે દસ ગણું વધીને ૧૩૪૯૨ તમારી વખતે હતું આ વખતે ૧.૩૭ લાખ ખેત ઉત્પાદન થયું છે. અનાજનું ઉત્પાદન થયું છે. ૧૯૯૫માં, સાંભળો શ્રી ભીખાભાઇ, સાંભળો ૪૭.૭૪ લાખ અનાજનું ઉત્પાદન થયું છે. ૧.૩૪ લાખ મેટ્રીક ટન હતું એ વધીને ૪૭.૭૪ લાખ અનાજનું ઉત્પાદન ગુજરાતમાં થઇ રહ્યું છે. દૂધનું ઉત્પાદન ૧૯૯૫–૯૬માં ૪૬ લાખ મેટ્રીક ટન હતું. આનંદ થાય છે કે આ આજે વધીને ૧૨૭ લાખ મેટ્રીક ટન દૂધનું ઉત્પાદન થયું છે. જે દૂધની ડેરીઓ કોંગ્રેસના શાસનમાં બંધ થઇ ગઇ હતી એ બધી પુનઃજીવીત કરી અને દૂધનું ઉત્પાદન વધારીને હાઇએસ્ટ મિલ્ક પ્રોડ્યૂસર સ્ટેટ તરીકે ગુજરાત પ્રસ્થાપિત થયું છે. ૧૯૯૫–૯૬માં ૩૫ લાખ હેક્ટર વિસ્તારોમાં સિંચાઇની સવલત હતી. આજે એ વધીને ૭૧ લાખ હેક્ટર વિસ્તારોમાં સિંચાઇની સવલત ઉપલબ્ધ છે. આ સિંચાઇની સવલત નર્મદાના પાણીથી, સૌની યોજનાથી, સુઝલામ–સુફલામ યોજનાથી આ સરકારે કરી છે. ૧૯૯૫–૯૫ ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટ એટલે કે પ્રોડક્શન ૮૪૮૦૮ કરોડનું હતું. એ વધારીને આજે ૧૨૭૦૦૦૦ કરોડ ઉપર ઇન્ડસ્ટ્રીયલ આઉટપુટ પહોંચાડ્યું છે. ૧૯૯૫–૯૬માં સાત યુનિવર્સિટી હતી. આપના શાસનમાં. આજે એ વધારીને અમે લોકોએ આજે ગુજરાતમાં ૬૧ યુનિવર્સિટીઓ ઉભી કરી છે. છેલ્લા ૧૫ વર્ષમાં આ કોઇ નાની વાત નથી. ૧૯૯૫–૯૬માં મેડિકલની સીટ ફક્ત ૮૫૨ હતી. ગુજરાતના છોકરાઓ બહાર ભણવા જતા હતા. ખર્ચા કરતા હતા. રશિયા, પર્શિયા કઝાકિસ્તાન સુધી ભણવા જતા હતા. આજે એ સીટ વધારીને ૪૦૦૦ મેડિકલની થઇ છે. આ વખતે મારી સરકારે પણ એક જાહેરાત કરી છે કે નવી આદિવાસી વિસ્તારમાં, ગરીબ વિસ્તારમાં અમરેલીમાં પણ, બનાસકાંઠામાં, પંચમહાલમાં, દાહોદમાં વાપીમાં આ નવી મેડિકલ કોલેજ શરૂ કરીને ૫૦૦૦ સીટે પહોંચાડવાનો આ સરકારનો લક્ષાંક છે.

## તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, જીડીપીની વાત કરું. મિત્રોને ખ્યાલ હશે કે ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડ્કશનની ચર્ચા થઇ છે. ૨૦૧૫-૧૬માં ૧૩૭.૬૪ લાખ કરોડ અંદાજ હતો. આ વખતે ૧૫૨.૫૪ લાખ કરોડ અંદાજવામાં આવ્યો છે. ગુજરાતનો જીડીપી ૧૦.૨૫ લાખ કરોડથી વધીને ૧૧.૫૮ લાખ કરોડ થયો છે. એટલે દેશની વસતિના ૫ ટકા ભાગ ગુજરાતમાં છે. છતાં ગુજરાતનો જીડીપી ૭.૬ ટકા છે. વસતિ પાંચ ટકા છતાં GDP ૭.૬ આ નાની વાત નથી. GDP અને GSDP વર્ષોવર્ષ ઉત્પાદનમાં થતી વૃદ્ધિ એનો માપદંડ છે. રાષ્ટ્રનો વૃદ્ધિદર ૭.૧ ટકા છે જયારે ગુજરાતનો વૃદ્ધિદર ૧૦.૧ ટકા છે. છેલ્લા દોઢ દાયકામાં આ દસ ટકાનો વધારો થયો છે. આ પણ એક મોટી સફળતા છે. આ દેશની માથાદીઠ આવક ૧,૦૩,૦૦૦ છે જયારે ગુજરાતની માથાદીઠ આવક ૧,૫૬, ૬૯૭ રૂપિયા છે. એમાં પણ ૫૦ ટકાનો વધારો કર્યો છે. રાજેશ વ્યાસ, મિસ્કીનની મને એક પંકિત યાદ આવે છે, ''જીલતી પડકાર સઘળી વીરતા ગુજરાતની, છે લખાય આમ સોનેરી કથા ગુજરાતની'' અને આ રીતે આખા દેશમાં એક ચર્ચા હતી. જયારે આપણે મહારાષ્ટ્રથી છૂટા પડયાને તો લોકોમાં ચિંતા હતી કે આ ગુજરાતનું શું થશે? કારણ કે ૫૮ ટકા ગુજરાતની જમીન સિંચાઇ અને ખેતી માટે હતી નહીં. ત્યારે ગુજરાતમાં સૂકી જમીન, ખારાશવાળી જમીન, પ્રોડકટીવીટી કંઇ ન થાય, નપાણિયા ગુજરાત તરીકે ગુજરાતની જે છાપ હતી અને ગુજરાત અલગ થયું ત્યારે મોટી ઇન્ડસ્ટ્રીઝો બધી બોમ્બેમાં હતી, મહારાષ્ટ્રમાં હતી. ત્યારે ચિંતા હતી કે ગુજરાત શું કરશે? અને સાહેબ કમનસીબે આજ દિવસ સુધી ગુજરાતને બદનામ કરવા માટેના, ગુજરાત વિરોધી કારસાઓ સતત રચાયા હતા છતાં પણ અડીખમ ગુજરાત તરીકે આ ગુજરાતે પ્રગતિ કરી છે. આજે અહીંયા વાત થઇ, હું બેઠો બેઠો સાંભળતો હતો, અરે ધરતીકંપ વખતે પણ ગુજરાતને બદનામ કરવાની શરમ નથી આવતી કે ધાબળા ચોરી જાય છે. ટેન્ટ ચોરી જાય છે. આ ગુજરાતને વિશ્વના નકશા ઉપર બદનામ કરવા માટેના પ્રયત્નો થયા. ગોધરા વખતે એક ખરાબ શબ્દ ડીક્શનરીમાં બાકી ના રાખ્યો. બધા શબ્દ નરેન્દ્રભાઇ માટે વપરાયા. ગુજરાતને બદનામ કરવામાં આવ્યું. મોતના સોદાગર સુધીના શબ્દો આ ગુજરાતમાં નરેન્દ્રભાઇએ સહન કર્યા છે છતાં આ ગુજરાત અડીખમ રહ્યું છે અને આ ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષમાં એક પણ કોમી તોફાન થયું નથી અને માનનીય સભ્યશ્રી સાંભળી લે કે તમારા શાસનમાં છાશવારે કોમી તોફાનો થતા હતા. સ્ટેબીંગ થતા હતા. અરે રથયાત્રા નીકળતી નહોતી. તમે લોકોએ હંમેશા Appeasementની રાજનીતિ કરી છે જયારે ૨૦૦૧થી આજદિવસ સુધી એક પણ કોમી તોફાન થયા નથી અને રથયાત્રા આનંદથી નીકળે છે, તાજીયા અને મહોરમ પણ આનંદથી નીકળે છે. માટે આપના રાજયમાં સ્થિતિ શું હતી? ગુજરાતનું શું થયું હતું એ બધા જાણે છે અને આજે શાંત, સલામત આ ગુજરાત ભારતીય જનતા પાર્ટીના શાસનના કારણે પ્રસ્થાપિત થયું છે. આ બધું ગુજરાતમાં હોવા છતાં કૃષિ ડીઝીટ ડબલ ડીઝીટ થયો છે. રાજયમાં ૧.૬૮ લાખ ચેકડેમ કોણે બનાવ્યા? આટલા વર્ષ કોંગ્રેસની સરકાર હતી, સૌરાષ્ટ્રમાં શું હતું? કચ્છમાં શું હતું? કેમ કયારેય ચેકડેમ કોઇને યાદ ના આવ્યા? આ ભારતીય જનતા પાર્ટીની કેશુભાઇથી શરૂ થયેલી સરકારમાં અમે પોણા બે લાખ ચેક ડેમ બનાવીને જળક્રાંતિ લાવ્યા છીએ. ૨૭ હજારથી વધુ તળાવો ઉંડા કર્યા છે. ૪,૨૪,૦૦૦ હેકટરથી પણ વધુ સિંચાઇની જમીન અમે લોકોએ પ્રસ્થાપિત કરી છે. સૌની યોજના, સૌરાષ્ટ્ર થાકી ગયું. વર્ષો સુધી દુષ્કાળ સહન કરતા રહ્યા. અહીંયા સભ્યો સૌરાષ્ટ્રની ચિંતા કરતા હતા પણ તમારી આગલી સરકારોમાં નર્મદાનો પ્રશ્ન ૬૦-૬૦ વર્ષ સુધી પત્યો નહીં અને સૌરાષ્ટ્રને પાણી ના મળ્યું. આ તો ભલુ થાય નરેન્દ્ર ભાઇનું, નર્મદા, ઢાંકી, સૌની યોજના થઇ, નહીં તો સૌરાષ્ટ્રને કયારની હિજરત કરવી પડી હોત. કચ્છે પણ હિજરત કરવી પડી હોત અને આજે ગુજરાત હેરાન થઇ ગયું હોત, આ તો નરેન્દ્રભાઇએ જે રીતે સૌની યોજના, સુજલામ સુફલામ યોજના દ્વારા કચ્છને પાણી પહોંચાડીને આ ગુજરાતને ધબકતું ગુજરાત બનાવી રાખ્યું છે. આ સિવાય પણ પીયજથી ઉણાદ, ધાંધુસણથી લક્ષ્મીપૂરા, ભાસીયારાથી સામેત્રા, કુડા-ડભોઇ ભીમપૂરા, ખેરવા-વિસનગર, ૧૮હજાર હેકટરને અમે સિંચાઇનું પાણી આપવાનો લાભ આપવા માટે કાર્યક્રમ કરી રહ્યા છીએ. ગુજરાત રાજ્યનું કુલ વાવેતર ૧૦૪ લાખ હેકટરથી વધીને હવે ૧૨૪ લાખ હેકટર સુધી આપણે લઇ ગયા છીએ. માઇક્રો ઈરીગેશન, ટપક પદ્ધત્તિમાં આજે ગુજરાતે નામ કાઢ્યું છે. ખેડૂતોને ટપક પદ્ધત્તિ તરફ લઈ જવા માટે ૭૫ ટકા સબસિડી સુધી આ બજેટમાં પ્રોવિઝન કરીને ડ્રોપ સાથે મોર ક્રોપ એ સાથે રાજ્યે હરિયાળી ક્રાંતિ લાવવાનો પ્રયત્ન કર્યો છે. હમણાં વાત થતી હતી કે બજાર ભાવ આ થઇ ગયા તે થઇ ગયા. (અંતરાય) હવે આપણો વારો છે. ચણાના ભાવ ૩૮૭૫ બજાર ભાવ હોવા છતાં સરકારે ૪૪૦૦ રૂપિયામાં ટેકાના ભાવથી ખરીદ્યા. આને શું કહેવાય? ઘઉંના ભાવ ૧૬૫૦ હોય છતાં ટેકાના ભાવ ૧૭૩૫ હોય અને ટેકાના ભાવથી ખરીદીએ તો શું કહેવાય? મગફળીના ભાવ ૬૫૦ હોય અને ૯૦૦ રૂપિયામાં સરકાર ખરીદે એને શું કહેવાય? કપાસના ભાવ તૂટે નહીં અને ૧૦૦ રૂપિયા સબસિડી આપીએ એને શું કહેવાય? પ્રોપર પ્રાઇઝ મળી રહે એ માટે અમે લોકો ચિંતિત છીએ. ખેતરે ખેતરે લહેરાય હરિયાળી ખુશી, જગતનો તાત કહેવાય એ હાંકે છે હળ એ કહેવાય ગુજરાતી. હું ગુજરાતી, તે ગુજરાતી, આપણે સૌ ગુજરાતી એ વાત મહત્ત્વની છે. કૃષિ ક્ષેત્રે જે ચમત્કારો ગુજરાતમાં થયા છે એ જોઇએ તો બે દાયકા પહેલા મગફળીનું ઉત્પાદન માત્ર ૧૦.૩૨ લાખ મે.ટન હતું એ આ વર્ષે વધીને ૩૨ લાખ મે.ટન ઉત્પાદન ગુજરાતમાં થયું છે. ૧૯૯૫-૯૬માં ફળોનું ઉત્પાદન ૨૧.૨૯ લાખ મે.ટન ગુજરાતમાં હતું એ આ વખતે વધીને ૯૦ લાખ મે.ટન ઉત્પાદન ફળોનું ગુજરાતમાં થયું છે. કપાસનું ઉત્પાદન ૨૫ લાખ ગાંસડી હતું એ વધીને ૧૨૭ લાખ ગાંસડી એટલે ૧ કરોડ ૨૭ લાખ ગાંસડીનું ઉત્પાદન ગુજરાતમાં થયું છે. શાકભાજીનું ઉત્પાદન જે ૨૦.૮૯ લાખ મે.ટન હતું એ ૧૩૧ લાખ મે.ટન આ ગુજરાત કરી રહ્યું છે. ઘઉં ૧૨.૩૨ લાખ મે.ટન હતું એ વધીને ૩૦.૪૦ લાખ મે.ટન થયું છે. તેલિબિયાનું ૨૨ લાખ મે.ટન હતું એ ૫૦ લાખ મે.ટન ઉપર પહોંચ્યા છીએ. આ ગુજરાતે વિકાસ કર્યો છે. ઉદ્યોગોની પણ વાત કરીએ તો ઔદ્યોગિક માપદંડની વાત કરું તો ગ્લોબલ ગેટ-વે ઓફ ઇન્ડિયા આ ગુજરાત બન્યું છે.

૨૦૦૧ પછી જે પગલાંઓ લેવામાં આવ્યાં નેશનલ કાઉન્સિલ ફોર એપ્લાઇડ ઈકોનોમિક્સ રિસર્ચ દ્વારા વાત કરવામાં આવી છે એમાં આપણે નંબર વન થયા છીએ. એન્યુઅલ સર્વે ઓફ ઇન્ડસ્ટ્રીઝ રિપોર્ટ પ્રમાણે ૨૦૧૩–૧૪માં ૧૨.૩૧ લાખ કરોડનું હતું એમાં ૧૨ લાખ કરોડનું વધારાનું થયું છે. સ્થાપેલા ઉદ્યોગો આજે બિમાર નથી, માંદા નથી, ઇન્વેસ્ટમેન્ટ વધતું જાય છે અને આપણે આગળ વધતા જઇએ છીએ. નેટ વેલ્યુ એડિશનમાં ૧.૨૮ કરોડ હતું એ ૧.૭૦ લાખ કરોડ થયું છે. એનો સીધો અર્થ છે કે ઔદ્યોગિક મૂલ્ય વૃદ્ધિમાં ૩૨ ટકાનો વધારો થયો છે. ફિક્સ કેપિટલ ફોર્મેશન છે એમાં ૩.૮૩ લાખ હતા એમાં ૪.૩૮ લાખ વધ્યા છે. એમાં ૧૪ ટકાનો વધારો થયો છે. ૨૦૦૫માં નાના ઔદ્યોગિક એકમો ૨૪ લાખ હતા એ ૪૦ લાખ થયા છે. એમાં ૩૩ ટકાનો વધારો થયો છે. ભારત સરકારના ઉદ્યોગ મંત્રાલયના આંકડા મુજબ ૧૬.૬૫ લાખ બિલિયન ડોલરની ફોરેન ડાયરક્ટ ઇન્વેસ્ટમેન્ટ આ ગુજરાતમાં આવ્યું છે. વર્લ્ડ બેંકે પણ કીધું છે કે એફ.ડી.આઇ.માં ગુજરાત ૧૧૫૦૦૦ કરોડ રૂપિયા, ૪ ગણો વધારો થયો છે અને એફ.ડી.આઇ.માં બેસ્ટ ડેસ્ટીનેશન આજે ગુજરાતને પ્રાપ્ત કર્યું છે. આપણી સરકાર policy driven સરકાર છે. પોલિસી સાથે કામ કરે છે અને એને કારણે નવી ૨૩ પોલિસી બનાવી છે એમાં ઇન્ડસ્ટ્રીયલ પોલિસી, એરહોસ્ટેસ પોલિસી, એગ્રી બિઝનેસ પોલિસી, વિન્ડ પાવર પોલિસી, સ્ટોક પોલિસી, પ્લાસ્ટિક પોલિસી, solar policy, ટુરિઝમ પોલીસી, ટેક્સ ટાઇલ પોલિસી અને આ પોલિસીના કારણે વિદેશમાંથી વધુ ને વધુ રોકાણ ગુજરાતને પ્રાપ્ત થઇ રહ્યું છે. આ બહુ મોટી વાત છે. નાના કારખાના એમ.એસ.એમ.ઇ. એમાં પ્લાન્ટ અને મશિનરીમાં ૫૦ લાખ ૨ કરોડ, ૧૦ કરોડ સુધીનું મૂડી રોકાણ ધરાવતા લોકોને સાહેબ ૮૪૩ કરોડની માતબર સહાય આ રાજ્યની સરકારે કરી છે. આ રાજ્યની સરકાર નાના કારખાનાઓની ચિંતા કરે છે અને આ વખતના બજેટમાં નરેન્દ્રભાઇએ પણ તેની ચિંતા કરી છે. આ ઉદ્યોગોના કારણે ગુજરાતના યુવાનોને રોજી–રોટી મળી છે. ૩ લાખ યુવાનોને ગયે વર્ષે ટેબલેટ આપ્યા અને અમે ટેબલેની જાહેરાત કરી હતી ત્યારે એમ કહેતા હતા કે ચૂંટણીનું વચન છે પણ ૩ લાખના હાથમાં એના આંગળીના ટેરવામાં આ ટેબલેટો પહોંચાડીને દુનિયા સાથે યુવાનોને મૂકીને યુવાનોની ક્ષમતા વધારી છે. કોંગ્રેસે તો ચૂંટણીમાં બેકારી ભથ્થું આપવાનું વચન આપ્યું હતું. અમે બેકારી ભથ્થા આપવા માગતા નથી. બેકારી ભથ્થાથી બેકારોની ફોઝ ઉભી થાય છે. અમે યુવાનોને કામ આપવા માગીએ છીએ અને એનાથી આગળ વધારવા માગીએ છીએ. સાહેબ, ૨૦૦૨થી આજ દિન સુધી એમ્પ્લોયમેન્ટ એક્ષચેઇન્જ દ્વારા રોજી–રોટી આપવામાં ગુજરાત નંબર વન છે. સાહેબ, મારી સરકારે ગયા વર્ષે એક વર્ષમાં ૮૦,૦૦૦ સરકારી નોકરી આપી. આ કોઇ નાની વાત નથી. વર્ષોના ઈતિહાસ તપાસી લો. આટલી બધી નોકરી કોઇ યુવાનોને કદી કોઇ સરકારે નથી આપી. ૮૦,૦૦૦ નોકરી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે લોકોને આપી છે પાછી સાહેબ, આ નોકરી Without any controversy કોઇ જાતનો વિવાદ નહિ, transparency સાથે પારદર્શકતા સાથે, પ્રમાણિકતા સાથે આ સરકારે નોકરી આપી છે. એક પણ કેસ બન્યો નથી. સાહેબ, આ મારી ચેલેન્જ છે. આથી આગળ મુદ્રાના દાખલા આપું. ૧૦ લાખ યુવાનોને ગુજરાતમાં ૬૯૪૯ કરોડનું બેંક દ્વારા ધિરાણ કરવામાં આવ્યું છે અને એને કારણે આ ગુજરાતમાં આપને કહુ તો અન્ય રાજ્યો કરતા ગુજરાતની સ્થિતિ ઘણી સારી છે. અન્ય રાજ્યોમાં એમ્પ્લોયમેન્ટ એક્ષચેઇન્જ બેકારોની નોંધણીમાં સૌથી ઓછા ગુજરાતમાં છે. અરે, કેરળ ગુજરાત કરતા નાનું છે ત્યાં પણ ૩૭૦૦૦ લોકોનું રજિસ્ટ્રેશન છે. પશ્ચિમ બંગાળમાં ૭૨ લાખ લોકોનું રજિસ્ટ્રેશન છે જ્યારે ગુજરાતમાં ૫ લાખ લોકોનું રજિસ્ટ્રેશન છે. સરકારી નોકરી મેળવવા માટે લોકો રજિસ્ટ્રેશન કરાવતા હોય છે અને એ પણ બેકલોગ તોડી ‘હર હાથ કો કામ, હર ખેત કો પાણી ’ સાહેબ, અમે પહોંચાડવા માગીએ છીએ. અમારી સરકાર ગરીબોની સરકાર છે અને ગરીબો માટે ૩૮ ગરીબ કલ્યાણ મેળા કરીને ૧૫.૫૭ લાખ લાભાર્થીને ૩૬૩૩ કરોડની સહાય કરીને અત્યાર સુધીમાં ૧ કરોડ ૩૪ લાખ લાભાર્થીઓને ૨૩૮૯૦ કરોડની આપણે સહાયતા આપી છે. કોઇ ભૂખ્યું ના સૂવે. સાહેબ, બે રૂપિયે કિલો ઘઉં, ૩ રૂપિયે કિલો ચોખા, શ્રમિકો માટે ૧૦ રૂપિયામાં ભોજન આ સરકારે કર્યુ છે. આ ગરીબોની સરકાર છે. મા–અમૃતમ્ અને મા–વાત્સલ્ય યોજના ગુજરાતની જનતાના હૃદયમાં પડેલી છે અને એને કારણે લાખો લોકોને આ રાજ્યની સરકારે બે લાખ રૂપિયા આપીને ઓપરેશનમાં સહાય કરી છે. ગરીબોને સસ્તી દવા મળે એટલા માટે અમે લોકોએ ૧૫૬ જેનરીક મેડિકલ સ્ટોર ઉભા કર્યા. ચૌદ લાખથી વધુ લોકોએ લાભ લીધો છે અને હજુ આવનારા દિવસોમાં એ જેનરીક મેડિકલ સ્ટોર વધારવા માગીએ છીએ. ઉજ્જવલા યોજનામાં ગુજરાતમાં ૧૩ લાખ ગરીબ બહેનોને ગેસના બાટલા આપ્યા છે. કોંગ્રેસના રાજમાં ધુમાડામાં બહેનોને કાયમ રાખીને બહેનોનું આરોગ્ય જળવાતું નહોતું. ભા.જ.પ.ની સરકારે ધુમાડા બંધ કર્યા છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના ભાષણની શરૂઆતમાં ૧૯૯૫–૯૬ ના વર્ષને ટાંકયુ એટલે ૧૯૯૫–૯૬ ની અંદર કોનું શાસન હતું? કોણ નેતૃત્વ કરતું હતું? ભા.જ.પ. ની નિષ્ફળ સરકાર સામે માનનીય વિજયભાઇની સફળ સરકાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર નથી આવતો. પરેશભાઇ, પ્લીઝ, આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી આવતો. આપ જો કમ્પેરીઝનની વાત કરતા હો તો આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. રાજકીય રીતે અવલોકન હોઇ શકે આમાં. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને સાંભળો, ગૃહના નેતાએ એમના ભાષણની અંદર નપાણીયું ગુજરાત કીધું છે, ગુજરાત કયારેય નપાણીયું ન હોય. અસંસદીય શબ્દ છે સાહેબ. નપાણીયું ગુજરાત ન કહી શકાય.

અધ્યક્ષશ્રી : પાણી વગરનું , પાણી નહોતું એવું લોકો કહેતા હતા એ જમાનામાં. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી પ્લીઝ. હું નામંજૂર કરું છું. (અંતરાય) પ્લીઝ, આપ બેસી જાવ.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી પરેશ ધાનાણી : ન પાણીયું ગુજરાત ન કહી શકાય. અસંસદીય શબ્દ છે સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, બેસી જાવ. પ્લીઝ.

શ્રી વિજય રૂપાણી : ૧૯૯૫ સુધી કોંગ્રેસનું શાસન હતું. (અંતરાય) આપણે ટાઇમ નથી બગાડવો. ગરીબો માટેની આ સરકાર છે. સૌથી મોટી ગરીબો માટેની વાત કે જે હૃદય રોગના હુમલા થાય, એના સ્ટેન્ટ મુકવામાં આવે, આ સ્ટેન્ટની કિંમત એક લાખ એકવીસ હજાર, દોઢ લાખ રૂપિયા લેવાતી હતી એ ૩૧૦૦૦ રૂપિયા કરીને આ ગરીબોના હૃદય રોગના હુમલામાં સ્ટેન્ટની કિંમતની પણ રાજય સરકારે અને કેન્દ્ર સરકારે ચિંતા કરી છે. મહિલાઓ અને બાળકોના આરોગ્ય માટે અગાઉ આપણી સરકારોમાં ૩૬ ટકા ઇન્સ્ટીટ્યૂશનલ ડીલીવરી થતી હતી. લોકો હોસ્પિટલોમાં ડીલીવરી નહોતી કરતા. આજે આપણે ૯૮.૯ ટકા હવે બધી ડીલીવરી હોસ્પટલમાં થાય છે એના કારણે મૃત્યુ આંક ઘટયો છે. પ્રાથમિક આરોગ્યમાં ૩૫૭ આરોગ્ય કેન્દ્રો હતા આજે ૧૩૭૩ થયા છે. ૧૧૯૧૦ વિદ્યાર્થીઓને હાર્ટ, કેન્સર, બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ આ બધું કરાવ્યું છે. ૧.૨૭ કરોડ મહિલાઓને બ્રેસ્ટ કેન્સરનું પરીક્ષણ પણ આ રાજયની સરકારે કર્યું છે. નર્મદાની વાતો થાય છે. ઘણીબધી વાતો થઇ ગઇ છે. ૧૭ દિવસમાં દરવાજા નાખ્યા, મંજૂરી આપી, ૬૦ વર્ષમાં કાંઇ કર્યું નહીં પરંતુ નર્મદાના કારણે પીવાના પાણીનો દુષ્કાળ એ હવે ગુજરાતમાં ભૂતકાળ બની ગયો છે. મારે એક દુઃખ સાથે વાત કરવી છે કે પરેશભાઇએ ઝૂમતા ગુજરાત કહીને ગુજરાતનું આપમાન કર્યું છે અને અમે લોકો કહીએ છીએ ઝૂમતા ગુજરાત નહીં, વ્યસનમુકત ગુજરાત બનાવવું છે અને એટલા માટે દારુબંધીના કાયદા અમે લોકોએ કડક કર્યા છે. પાંચ વર્ષમાં ૭૬૪૦૦૦ લોકો ઉપર કેસ કર્યા છે. ૩૫૦૦૦૦૦ બોટલ વિદેશી દારુની પકડી છે. ૩૬૫૯૮ વાહનો અમે જપ્ત કર્યા છે. દારુના અડ્ડા અમારી સરકારોએ બંધ કરાવ્યા છે અને આ કાયદા કડક કરીને આવનારા દિવસોમાં સરકારની કટિબદ્ધતા છે. દારુબંધીની ફકત વાતો નહીં પણ સાચા અર્થમાં અમે દારુબંધી કરવા માગીએ છીએ. મારે આટલું જ આપને કહેવું છે કે દરેક ક્ષેત્રમાં ગુજરાત આગળ વધી રહ્યું છે. અમે વાયદા નહિ, અમે સવાયું કર્યુ છે. ગુજરાતને બદનામ કરવા વાળાઓએ જે કરવું હોય તે કરે, પણ અમે ગુજરાતની પ્રતિષ્ઠાને ઊની આંચ ન આવે તે માટે કટિબદ્ધ છીએ. આ ગુજરાત મહાત્મા ગાંધીનું ગુજરાત છે. આ સરદાર વલ્લભભાઇ પટેલનું ગુજરાત છે. આ શ્યામજી કૃષ્ણ વર્માનું ગુજરાત છે. આ હેમચંદ્રાચાર્યનું ગુજરાત છે. આ નરસિંહ મહેતા, જલારામ બાપાનું ગુજરાત છે. આ પ્રમુખ સ્વામિ મહારાજનું, મોરારી બાપુનું ગુજરાત છે. આ ગુજરાત ભગવતસિંહજી અને કૃષ્ણકુમારનું ગુજરાત છે. આ ગુજરાત આદિવાસી ક્રાંતિવિર ગોવિંદ ગુરુનું ગુજરાત છે. આ ગુજરાત ઠાકોરોના ગુરુ સદારામ બાપુનું ગુજરાત છે. વિર મેઘમાયાનું ગુજરાત છે. આ ગુજરાત મોરારજી દેસાઇ અને નરેન્દ્ર મોદીનું ગુજરાત છે. (અંતરાય) મારે એટલું જ કહેવું છે કે આ ગુજરાતને જ્ઞાતિ, જાતિ, ધર્મ આધારિત વિઘટન કરીને, અપીસમેન્ટ કરીને રાજનીતિ આજસુધી ચાલી છે. હવે ગુજરાતમાં ઉપર ઉઠીને, '' ભૂલસે ન મુખમે જાતિ પંથકી બાતે હો, ભાષા, પ્રાંત કે લિયે કભી ન રક્તપાત હો, આ રહી હૈ ચારો ઓર વહી પુકાર, હમ કરેંગે ત્યાગ માતૃ ભૂમિકે લીએ અપાર ''

ગુજરાત એ ગૌરવવંતુ બને એ જ અપેક્ષા છે. એના માટે આ સરકાર કટિબદ્ધ છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ્ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહની અંદર સંબોધન કર્યુ છે. એમાં આ તમામ સભ્યોનો આભાર માનતા પહેલા ચાર લાઇન તો બને જ છે. '' જો પઢ ન શકે વો કિતાબ માગ રહે હૈ, ખુદ ન રખ પાએ વો હિસાબ માગ રહે હૈ, જો ૪૦ સાલ તક કોઇ વિકાસ ન કર શકે વો આજ હમસે હિસાબ માગ રહે હૈ, કોંગ્રેસ ચલી હમે રાજનીતિ શીખાને, હમને કહ દિયા પહેલે નીતિ પર ચલો રાજ કરના હમ સીખા દેંગે ''

માનનીય અધ્યક્ષશ્રી, આ આભાર પ્રસ્તાવ ઉપર આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, વિરોધ પક્ષના નેતાશ્રી, અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ, માનનીય મંત્રીશ્રીઓ આપ સર્વેનો હું હૃયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. અને વિનંતી કરું છું કે આભાર પ્રસ્તાવ સર્વાનુમતે આપણે સૌ મંજૂર કરીએ.

**સુધારા ક્રમાંકઃ ૧,૨ , ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૩૮, ૩૯, ૪૦ મત માટે મુકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા.**
**સોમવાર તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને.**

## તારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૧૫૮૯ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૭૫

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | દાહોદ | ૭ |
| ૨ | ઝાલોદ | ૯ |
| ૩ | ગરબાડા | ૧૯ |
| ૪ | સંજેલી | ૦ |
| ૫ | ધાનપુર | ૦ |
| ૬ | લીમખેડા | ૩૮ |
| ૭ | દેવગઢબારીઆ | ૦ |
| ૮ | ફતેપુરા | ૦ |
| ૯ | સીંગવડ | ૨ |
| | કુલ | ૭૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી નામંજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ–૩૪
નામંજુર અરજીઓ–૩૭

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩ | ૨ |
| ૨ | ઝાલોદ | ૯ | ૦ |
| ૩ | ગરબાડા | ૧૪ | ૫ |
| ૪ | સંજેલી | ૦ | ૦ |
| ૫ | ધાનપુર | ૦ | ૦ |
| ૬ | લીમખેડા | ૮ | ૩૦ |
| ૭ | દેવગઢબારીઆ | ૦ | ૦ |
| ૮ | ફતેપુરા | ૦ | ૦ |
| ૯ | સીંગવડ | ૦ | ૦ |
| | કુલ | ૩૪ | ૩૭ |

:જીઓ નામંજુર થવાના કારણો શું છે ?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત આવક કરતા આવક વધુ હોવાથી | ૦૨ |
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૧૮ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૭ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૦ |
| અવસાન થવાથી | ૦ |
| કુલ | ૩૭ |

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, દાહોદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય પેન્શન યોજનાના ધોરણો શું છે અને આ યોજના કઇ તારીખથી અમલમાં આવી ? આ યોજનાના શું લાભો છે તેની વિગતવાર માહિતિ આપવા વિનંતી છે.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે, ભારતના માનનીય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સરકારી યોજનાઓના લાભો જરૂરિયાતમંદ છેવાડાના માનવી સુધી પહોંચતા નહતા, તેથી યોજનાઓની મંજૂરીની પ્રક્રિયાઓમાં વચેટિયાઓને દૂર કરવા માટે દરેક લાભાર્થીને સીધો લાભ તેના બેન્કના ખાતામાં જમા કરવા માટેના સંકલ્પનો રાજ્ય સરકારે અમલ કરી, આ યોજના સપ્ટેમ્બર ૨૦૧૭થી આ યોજનાના કુલ ૫૫,૦૦૦ લાભાર્થીઓને તેમના બેન્કના ખાતામાં અથવા તો પોષ્ટ ખાતામાં પેન્શનની સહાય સીધી જમા થાય, ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર (ડી.બી.ટી.) થી કરવામાં આવે છે અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ડી.બી.ટી.ના લક્ષ્યને ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ની નોંધપાત્ર કામગીરી માટે ભારત સરકાર પાસેથી એવોર્ડ મેળવેલ છે, જે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી રૂપાણી સાહેબ તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલ સાહેબની સક્ષમ નેતાગીરી માટે અભનિંદન પાઠવી હું ગૌરવની લાગણી અનુભવું છુ.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રી પાસેથી જાણવા માગુ છુ કે, આ જે ૩૭ અરજીઓ નામંજૂર થઇ છે અને બીજો મારો પ્રશ્ન એ છે કે, પુખ્ત વયનો પુત્ર હોવાથી, સાહેબ અમારા આદિવાસી વિસ્તારમાં પુખ્ય વયના છોકરા હોવાથી ઘણી વખત આ વૃદ્ધોને પોતાની સાથે રાખતા નથી જેથી કરીને આ નિયમો સુધારવા માગો છો કે કેમ અને સહાય વધારવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સુચન છે.

શ્રીમતી સુમનબેન પ્ર. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન, દાહોદ જિલ્લાના નિરાધાર વૃદ્ધોને સહાય પેન્શન યોજનામાં તાલુકામાં કેટલી અરજીઓ પડતર છે અને તેનો નિકાલ કેટલા સમયમાં કરવા માગો છો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જે સમયે અગાઉ ઝાલોદની બે અરજી સીંગરવડની બે અરજીઓ પડતર હતી પરંતુ મને જવાબ આપતા આનંદ થાય છે કે, હું આ જવાબ આપી રહ્યો છું તે પહેલાં આ ચારે-ચાર અરજીઓ આજની સ્થિતિએ મંજૂર કરવામાં આવી છે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે, ૨૦૧૭થી વડાપ્રધાને આ યોજના દાખલ કરી છે. આ ગૃહમાં રેકોર્ડ ઉપર ખોટું જાય છે. આ યોજના ઘણા સમયથી ચાલુ છે અને કેન્દ્ર સરકારમાંથી ૫૦ ટકા અને રાજ્ય સરકારમાંથી ૫૦ ટકા, ૨૦૦ રૂપિયા કેન્દ્રમાંથી મળતા હતા અને રાજ્ય સરકારમાંથી ૨૦૦ રૂપિયા મળે છે, એ ઘણા સમયથી યોજના છે, હમણાં ચાલુ કરી એવુ નથી. મારી તો વિનંતી એ છે મંત્રીશ્રીને કે, અત્યારની મોંઘવારીના સમયમાં અને ખાસ કરીને જયારે વૃદ્ધો, મા-બાપ હોય ત્યારે તમે જે અમુક અરજીઓ પુખ્ત વયનો પુત્ર હોવાના લીધે કેન્સલ કરી છે, પરંતુ આ સમયમાં સાહેબ ઘણા પુત્રો, મા-બાપની સેવા નથી કરતા અને એવા સંજોગોમાં આવા જે મા-બાપો છે કે, જેમને કોઇ સહારો નથી એમના માટે તમે ખાસ કિસ્સામાં સહાયનો લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના માત્ર ૩૦ રૂપિયાની સહાયથી શરૂ થયેલી અને હાલમાં ૫૦૦ રૂપિયા જેટલી સહાય મળે છે અને માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે, એ એમનું સુચન છે અને ડી.બી.ટી.માં જણાવેલ છે જે વડાપ્રધાનશ્રીની યોજના વિશે જે કહ્યું એ માટે પણ એમનું સુચન છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય પેન્શન યોજના હેઠળ મંજૂરીની પ્રક્રિયા શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે અરજી પત્રકો મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, કલેકટર કચેરી અને જન સેવા કેન્દ્રમાંથી વિનામૂલ્યે આપવામાં આવે છે. અરજી પત્રકો સાથે ૨૧ વર્ષથી વધુ વયનો પુત્ર ન હોય, ૬૦ વર્ષથી વધુ વયની ઉંમરના પ્રમાણપત્રો, આવક મર્યાદાના પ્રમાણપત્રો, પુત્રને ટી.બી., કેન્સર જેવી ગંભીર બિમારીથી પિડાતા હોય તેનું ડોકટરી પ્રમાણપત્ર આપવાનું હોય છે. અરજીપત્રક મળ્યાના ૬૦ દિવસમાં મંજૂર કે નામંજૂર કરવાની હોય છે. નામંજૂર અરજીની અપીલ પ્રાંત અધિકારીને અરજદાર કરી શકે છે અને મંજૂર થયા પછીના માસથી સહાય અરજદારના બેંક ખાતામાં કે પોષ્ટ ખાતામાં ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર થી થાય છે. લાભાર્થી હયાત હોય ત્યાં સુધી આ સહાય મળે છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે મારા ગરબાડા, ધાનપુર અને દાહોદ મત વિસ્તારમાં છેલ્લા ૬ વર્ષથી અમુક લોકોને વૃદ્ધ પેન્શન મળતું નથી એના કારણો શું છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે વૃદ્ધ સહાયની અરજીઓની યોગ્ય ચકાસણી કયારે કરવામાં આવી અને સરકારે શું કાર્યવાહી કરી?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ડી.બી.ટી. ખાતાની વાત કરું અને બહેને જે પ્રશ્ન પૂછયો છે તો દાહોદ તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા ૨૫૪ છે, એમની તા. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રૂ. ૪,૨૨,૦૦૦ જેટલી સહાય ચૂકવેલ છે. ગરબાડા તાલુકામાં લાભાર્થીઓની સંખ્યા ૧૭૦ જેટલી છે તેમને રૂ. ૩૧૫૦૦૦ જેટલી સહાય ચૂકવેલ છે. ઝાલોદ તાલુકામાં ૧૧૪ લાભાર્થીઓની સંખ્યા છે એમને ૩૩૮૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. ફતેપુરા તાલુકામાં ૪૯ લાભાર્થીઓ છે. એમને ૧૫૭૦૦૦ રુપિયા સહાય ચૂકવવામાં આવી છે. સંજેલી તાલુકામાં ૧૯ લાભાર્થીઓ છે. એમને ૭૭૦૦૦ ની સહાય ચૂકવવામાં આવેલી છે. લીમખેડા તાલુકામાં ૧૦૯ લાભાર્થી છે. એમને ૭૭૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. તાનપુર

તાલુકામાં ૨૫ લાભાર્થીઓ છે તેમને ૮૯૦૦૦૦ ની સહાય ચૂકવવામાં આવેલી છે. દેવગઢ બારીયા તાલુકામાં ૬૪ લાભાર્થીઓ છે એમને ૧૦૧૦૦૦ ની સહાય ચૂકવવામાં આવી છે. સીંગરવા તાલુકામાં કોઇ લાભાર્થી નથી અને સહાય પણ ચૂકવેલ નથી. આમ કુલ ૮૦૪ લાભાર્થીઓને આ જિલ્લામાં રૂ. ૨૩,૭૭,૦૦૦ ની સહાય ચૂકવવામાં આવેલ છે.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખેતીની જમીનો એન.એ. કરવા બાબત

* ૧૦૨૧ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલી ખેતીની જમીનોને એન.એ. (નોન એગ્રીકલ્ચર) માં ફેરવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ જમીનો એન.એ. કરવાથી બંને જિલ્લાઓમાં ખેતીલાયક કેટલી જમીનો ઓછી થઇ, અને

(૩) બંને જિલ્લાઓમાં ખેતીલાયક જમીનો એન.એ. કરવાથી સરકારને કેટલી રકમની આવક થઇ ?

જવાબ

(૧)

| વર્ષ | અમદાવાદ (ચો.મી.) | ગાંધીનગર (ચો.મી.) |
|---|---|---|
| ૨૦૧૬ | ૧૨૫૬૨૭૮૪ | ૧૭૦૫૧૭૬ |
| ૨૦૧૭ | ૧૦૬૦૭૦૯૫ | ૨૪૪૬૧૭૧ |

(૨) અમદાવાદ-૨૩૧૬૯૮૭૯ ચો.મી.
ગાંધીનગર-૪૧૫૧૩૪૭ ચો.મી.

(૩) અમદાવાદ-રૂ.૨૩,૬૪,૮૫,૪૦૭
ગાંધીનગર-રૂ.૨,૧૧,૪૮,૪૯૮

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી ફક્ત એટલું જ જાણવું છે કે આ બંને જિલ્લાઓની અંદર ૨૭૩૨૧૨૧૬ ચોરસ મીટર જગ્યા જે એન. એ. થઇ, એન.એ. થઇ ગયા પછી, ખેતી લાયક જમીનો ઘટતી જાય છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે દિન પ્રતિદિન ખેતી લાયક જમીનો ઘટતી જાય છે અને એકબાજુ એન.એ. વધારે પડતુ થતુ જાય છે. આ માટે સરકાર કોઇ નકકર પગલાં લઇને જે એન.એ. થતી જમીનો છે એ અટકાવવા માગે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આદરણીય વિજયભાઇ, નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાતમાં વિકાસ થઇ રહ્યો છે એટલે વિકાસ માટે, ઔદ્યોગિક વિકાસ માટે શહેરીકરણનો વ્યાપ વધ્યો છે એટલે એન.એ. ની અરજીઓ આવતી હોય છે એટલે વિકાસનું પ્રતિબિંબ ગુજરાત દ્વારા આખા દેશમાં થઇ રહ્યું છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે આ ખેતીલાયક જમીનો જે બીનખેતી થાય છે તો ખેતીલાયક જમીનો વધારવા માટે સરકારનું શું આયોજન છે? આમ તો આ પ્રશ્ન કદાચ મારા કરતા કૃષિ વિભાગ સાથે વધારે સંકળાયેલો છે. તેમ છતાં માનનીય ધારાસભ્યશ્રીની જાણ માટે અમારી સરકાર ખેડૂતોની સરકાર છે, ખેડૂતો એમની ખેતીની અંદર પાણીની વ્યવસ્થા, વીજળીની વ્યવસ્થા, આજે ગુજરાતની અંદર ૩-૩ પાકો ખેડૂતો લે છે. કૃષિ મહોત્સવ, ટપક પદ્ધતિ, ઓજારો, સાધનો, આ બધી વ્યવસ્થા આપીને ખેતીમાં વધારે ઉત્પાદન કરે એના માટે અમારી સરકારે ખેડૂતોના રક્ષણ માટે એમને સહાય મળે એ માટે ખૂબ જ યોજના બનાવી છે અને આજે ખેતીની આવક છેલ્લાં ૨૦ વર્ષમાં અનેકગણી વધી છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇ અમદાવાદ શહેરના મારા સાથી ધારાસભ્ય છે. જ્યારે અમદાવાદના ધારાસભ્ય તરીકે ૨૬મી ફેબ્રુઆરી અમદાવાદનો ૬૦૮મો સ્થાપના દિવસ છે. તેથી શુભેચ્છા પાઠવું છું. શૈક્ષણિક રાજધાની (અંતરાય) થઇ જશે, ચિંતા ન કરો આ બધુ કરવાની જવાબદારી અમારા ભાગે જ છે અને અમારા ભાગે રહેવાની છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, અંદરો અંદર ચર્ચા નહીં.

શ્રી રાકેશભાઇ જ. શાહ : સાહેબ, મને છેડે નહિ, પછી એમને છોડીશ નહિ.

અધ્યક્ષશ્રી : આપ છેડાઇ કેમ જાઓ છો?

શ્રી રાકેશભાઇ જ. શાહ : મારે મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે બિનખેતીની અરજદાર અરજી કરે છે. એમાં કયા પેપર્સ અરજીની સાથે સામેલ કરવાના હોય છે? આ પ્રક્રિયા ઝડપી થાય એના માટે સરકારે શું કાર્યવાહી કરી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારે જ્યારે બિનખેતી માટે અરજી કરવાની હોય છે, ત્યારે એમની અરજી સાથે ૮(અ), ખાતાના નંબરની નકલ, પ્રિમિયમ પાત્ર જમીનના કેસમાં પ્રિમિયમ ભર્યાની રસીદ, માપણી ફી ભર્યાના ચલણની નકલ, બોજો હોય તો બોજો કમીના પુરાવા, ટી.પી. સ્કીમ લાગુ હોય તો એફ ફોર્મ, અર્બન એરિયા ડેવલપમેન્ટ વિસ્તારમાં જોઇનિંગ અંગેનું પ્રમાણપત્ર આવા ૧૨ થી ૧૪ પ્રકારના પત્રકો ભરીને અરજી સાથે આપવાના હોય છે. બીજો પ્રશ્ન ધારાસભ્યશ્રીએ પૂછ્યો એ પ્રમાણે બિનખેતી ઝડપથી થાય એના માટે સરકારનું શું આયોજન છે? કઇ યોજના અમલમાં મૂકી છે? અમારી સરકારે ૨૦૦૮ અને ૨૦૧૧ ના ઠરાવથી બિનખેતી પ્રકરણો આવે એમાં ઝડપ આવે તે માટે ૨૦૧૩, ૨૦૧૬, ૨૦૧૭ માં જેમ જેમ ફરિયાદો અથવા સરળીકરણના ભાગરૂપે સરકારને યોગ્ય લાગ્યું તે તમામ નિર્ણયો લેવામાં આવ્યા છે. ભૂતકાળમાં ૨૭ જેટલી બાબતો અરજી વખતે કલેકટર ધ્યાનમાં રાખતા હતા. પછી ના વાંધા પ્રમાણપત્ર અમારી સરકારે ૨૭ માંથી ૧૨ કર્યા. એમાંથી ધ્યાનમાં આવ્યું ત્યારે હવે કલેક્ટર કક્ષાએ માત્ર ૬ ના જ ના વાંધા પ્રમાણપત્ર આપવાના હોય છે.

ઝડપથી સરળીકરણ કામગીરી થાય એના માટે અમારી સરકારે નિર્ણયો લીધા છે. અરજી નામંજૂર કરવામાં આવે છે, ત્યારે સ્પષ્ટ કારણો સાથે કલેક્ટરે નોંધ કરવાની હોય છે. મંજૂરી, નામંજૂર, એવા સ્પષ્ટ કારણો આપવાનાં હોય છે એવા નિર્ણય લીધાં છે. અમારી સરકારે મલ્ટી પરપઝ એન.એ. એક વાર એન.એ. થઇ જાય અને પછી બીજા હેતુ માટે લેવાની હોય તો જૂના પેપર્સ મંગાવવાના નહિ, પણ બીજા હેતુ માટેની એને જરૂરી કાર્યવાહી કરવાની રહેશે. ઝડપ આવે એટલે મલ્ટી પર્પઝ એન.એ.ની યોજના દાખલ કરી છે. ૮-૪-૨૦૧૧ ના પરિપત્રથી આ જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન થાય તે માટે જવાબદારી નક્કી કરવાનો અમારી સરકારે નિર્ણય લીધો છે. ૨૪-૧૦-૧૧ ના રોજ અમારી સરકારે ઓપન હાઉસ કદાચ દેશમાં પહેલીવાર આવી એન.એ. ની પ્રથા ઓપન હાઉસ કરીને આપીએ છીએ. જાહેરમાં ભ્રષ્ટાચાર, મોડું આ બધા પ્રશ્નો અમારી સરકારના ધ્યાનમાં આવ્યા. અમે ઓપન હાઉસ કરીએ છીએ. હમણા શનિવારે અમદાવાદ જિલ્લાનો ઓપન હાઉસ થયો. એની અંદર ૪ (અંતરાય)

અધ્યક્ષશ્રી : બળદેવભાઇ આપે સવાલ પૂછવાનો છે ને?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : એનાથી આગળ વધીને એન.એ. ની પ્રક્રયા ઝડપથી થાય તે માટે સંબંધિત અધિકારીઓને એક માસમાં બે વાર આવા પ્રશ્નો માટે મીટિંગ કરવાની અને જરૂર પડે તો સંકલિત સર્ક્યુલેશનથી માહિતીઓ મંગાવવાની, ફાઇલો ફેરવવાની નહિ આવી સૂચના આપી છે. નવી શરતમાંથી જૂની શરત થઇ ગયા પછી કોઇને એન.એ. કરાવવવાની હોય તો જૂના પેપરો ફરી નહિ મંગાવવાના એટલે ઝડપ આવે. એટલે જૂની શરતની જમીનમાં પણ એન.એ. કરવામાં ઝડપી થાય આવાં અનેક પગલાં અને આજે ઓપન હાઉસ દ્વારા ગુજરાતમાં આ કામગીરી સરળતાથી, ઝડપતાથી અને પારદર્શક રીતે થઇ રહી છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, કારણ કે માનનીય મંત્રીશ્રીએ ઘણીબધી વાતો કરી કે નરેન્દ્રભાઇ આવ્યા અને વિજયભાઇ આવ્યા ત્યારથી આ બધુ સરળ થયું. ત્યારે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, ગાંધીનગર જિલ્લાની અંદર ૨૦૧૭ની સાલમાં કલેકટર કચેરીમાં કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓનો નિકાલ થયો, જે બાકી અરજીઓ છે તે બાકી રહેવાના કારણો શું છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં ૧૦૨૨ અરજીઓ મળી છે. તેમાંથી ૬૮૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૨૫૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. ૮૧ અરજીઓ હાલની તારીખમાં ૯૦ દિવસની અંદરની અરજીઓ છે એટલી જ પેન્ડીંગ છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, બિનખેતીની અરજીઓ જે નામંજૂર કરવામાં આવે છે તે કયા કયા કારણોસર નામંજૂર કરવામાં આવે છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નામંજૂર કરવાના કારણોમાં ટાઇટલ ક્ષતિયુકત હોવાથી, પ્લાન વિરુદ્ધ બાંધકામ હોવાથી, રેખા નિયંત્રણનો ભંગ હોવાથી, લીટીગેશન પેન્ડીંગ હોવાથી, કબજેદાર અથવા એક કરતાં વધુ કબજેદાર હોય તેવા સંજોગોમાં તમામ કબજેદારોની સહી ન હોવાના કારણે, રેકર્ડ ઓફ રાઇટસનો ભંગ હોવાથી, ગણોત કેસ કે ગણોત કાયદાનો ભંગ થતો હોવાથી, આર.ટી.એસ.અપીલ રીવીઝન સિવિલ કોર્ટ કે હાઇકોર્ટમાં કેસ ચાલુ હોવાથી આવા અનેકવિધ કારણોસર અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, એગ્રીકલ્ચર જમીનોને નોન એગ્રીકલ્ચર કરીએ એટલે ખેતીલાયક જમીનો ઘટે છે. ખેતીલાયક જમીનો ઘટે છે તેના પ્રમાણમાં જે બંજર જમીનો છે તેને ખેતીલાયક બનાવવા માટેની કોઇ યોજનાઓ છે કે કેમ? જો યોજનાઓ હોય તો આ બે જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષની અંદર કે આજની તારીખ સુધીમાં ખેતીલાયક જમીન નથી તેને ખેતીલાયક બનાવવા માટે શું કરવામાં આવ્યું અને કેટલી જમીનો ખેતીલાયક બનાવવામાં આવી તે મારે જાણવું છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ખેતીનો વિષય છે તેમ છતાં અમારી સરકારે જે પડતર જમીનો છે તેને નવસાધ્ય કરીને ખેતીલાયક બનાવવા માટે અનેકવિધ કાર્યક્રમો કર્યા છે. તેના પરિણામ સ્વરૂપ આજે દેશની અંદર ગુજરાતમાં દસ...

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલી જમીનો નવસાધ્ય કરવામાં આવી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પુંજાભાઇને કહેવું છે કે, આ મહેસૂલને લગતો પ્રશ્ન છે. તેમ છતાં ખેતીલાયક બનાવવા માટે અને નવસાધ્ય જમીનો કરવાથી અનેકગણું ખેત ઉત્પાદન ગુજરાતમાં થયું છે તે વાસ્તવિકતા છે.

### ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરી

* ૮૮૬ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી-સર્વેની કામગીરીમાં ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી | (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી-સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની ગાંધીનગર જિલ્લામાં ૪૧૨૨ અને ડાંગ જિલ્લામાં ૧૨ ફરીયાદો |

ફરીયાદો મળી, — મળી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું, — (૨) ઉક્ત સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તમામ ૪૧૨૨ અને ડાંગ જિલ્લામાં તમામ ૧૨ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધીમા નિકાલ કરવામાં આવશે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે માનનીય મંત્રીશ્રીને જણાવવાનું કે, ગાંધીનગર જિલ્લામાં ૪૧૨૨ ફરિયાદ આવી છે અને ડાંગ જિલ્લામાં ૧૨ ફરિયાદ આવી છે. બીજા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું છે કે નિરાકરણ આવી ગયું છે અને ત્રીજા અને ચોથા પ્રશ્નના જવાબમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવું કહ્યું છે. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આપની પાસે આ માહિતી અપૂરતી છે. કારણ કે માણસા તાલુકામાં મેં જાતે ફરી મુલાકાત લીધી છે. સોલૈયા, પરબતપુરા, બાપુપુરા અને પલીયડ ગામમાં રી–સરવેની કામગીરી બાકી છે તો તમે તપાસ કરી વહેલામાં વહેલી તકે આ ફરિયાદોનો કેટલા ટાઇમમાં નિકાલ કરવા માગો છો અને રીસરવે જે કંઇ વાંધા આવ્યા હોય તેનો તમે કયારે નિકાલ કરવા માગો છો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં માપણી અને રીસર્વે બાબતમાં કેટલીક એની જે કાર્ય પદ્ધતિ છે એની પણ થોડી માહિતી આપવા માગુ છું જેથી સભ્યશ્રીઓને ધ્યાનમાં રહે. માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ૨૦૧૦માં નેશનલ (અંતરાય) સાંભળો, આ રીસર્વેની વાતો તમે બહુ કરો છો તો આ તો તમે લાવ્યા છો, તમે લાવ્યા છો રીસર્વે હું એનું બેગ્રાઉન્ડ આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આ નેશનલ લેન્ડ રેકોર્ડ મોર્ડનાઇઝેશન પ્રોગ્રામ ૨૦૧૦ ભારત સરકારે આખા દેશમાં આપ્યો. આખા દેશમાં ગુજરાત એવું પહેલું રાજય છે કે આ ભારત સરકારની યોજના અમલમાં મૂકી જેમાં ૫૦ ટકા ભારત સરકાર આપે છે અને ૫૦ ટકા ગુજરાત સરકારનો હિસ્સો છે. આ યોજના આપણે ચાલુ કરી રીસર્વે અને માપણીમાં એના સારા પરિણામ આવતા વર્ષોમાં આવશે. ફકત ગુજરાત રાજયએ પહેલ કરી છે અને દેશના ૧૪ રાજયો આપણી સિસ્ટમ છે એ જોવા આવ્યા છે એમાં કોંગ્રેસના રાજય પણ છે. આ રીસર્વે માપણીમાં ઘણું કામ આપણે કર્યું છે. ધારાસભ્યશ્રીનો પ્રશ્ન જે બે જિલ્લા પૂરતો છે એમાં રીસર્વેની કામગીરી ૯૮ ટકા પૂરી થઇ ચૂકી છે, એના હું તમને આંકડા આપુ. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરના ચાર તાલુકામાં ૨૭૦ ગામમાં ૨૦૧૦માં રીસર્વેની કામગીરી ચાલુ કરી અને એ કામગીરી ૨૭૦ ગામમાં પૂરી કરી, ૨૬૬માં આખરી કર્યું અને સભ્યશ્રી વાત કરે છે પ્રમોલગેશનની, એ પ્રમોલગેશનની કામગીરી ક્યાંક બાકી હશે તો પણ અમે નિયમ ૧૦૫ નીચે ૨૫૯ ગામમાં પ્રમોલગેશન પણ કરી નાંખ્યું છે. બીજી વાત એમણે કરી ડાંગમાં તો ડાંગ જિલ્લામાં ત્રણ તાલુકાના ૩૧૦ ગામમાં ૨૦૧૫માં કામગીરી ચાલુ કરી અને ૩૧૦ ગામમાં એની માપણી પૂરી કરી એનો આખરી રેકોર્ડ પૂરો કર્યો અને પ્રમોલગેશન પણ પૂરું કર્યું. એમાં જે ૧૨ ફરિયાદો આવી હતી એ તમામે ૧૨ ફરીયાદોનો નિકાલ કર્યો છે. એટલે ગાંધીનગરમાં ૪૧૨૨ ફરિયાદ અને ડાંગમાં ૧૨ ફરિયાદો પૂરી કરીને આજે ડાંગ અને ગાંધીનગરમાં સર્વેની માપણી સંતોષકારક ગ્રાહકોની સહી સાથે અમે પૂરી કરી છે. ત્યાં ખાતેદારોએ સહી કરી આપી છે ઓ.કે.ની, એવી જ આખા જિલ્લામાં અને ગુજરાત રાજયમાં રીસર્વેની અગત્યની કામગીરી થઇ રહી છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રીસર્વેથી શું ફાયદા થાય છે? અને આની પદ્ધતિ શું છે? કઇ રીતે રી–સર્વે થાય છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રીસર્વે કરવાથી હાલના કબજેદાર ખેતરનો નકશો–માપ સહિત ગામ નમૂના નંબર સાત અને નકશો એને મળશે. ગામ નમૂના નંબર સાતમાં નકશો મળવાથી ખેડૂત ખાતેદારોને પોતાની હદ સ્પષ્ટ થશે અને અંદરો અંદર જમીનનું દબાણ થતું અટકશે. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના પરસ્પરના દબાણ અંગેની તકરારનું નિવારણ થતા દિવાની દાવા ઘટશે. નાગરિક સુવિધા કેન્દ્ર અને કિયોસ્ક દ્વારા પ્રજાને રેકોર્ડની ઉપલબ્ધી અને જાણકારી મળશે. સમગ્ર રાજયમાં તમામ જિલ્લાઓમાં એક સરખા મહેસૂલી રેકોર્ડનો ઉપયોગ થશે. અદ્યતન ભૂલો વગરના રેકર્ડ પ્રજાને પ્રાપ્ત થશે, ચોક્કસ ડિઝિટાઇઝ તેમજ વખતો વખત સુધારેલ સરળતાથી પ્રાપ્ત થાય એવો અપડેટ રેકર્ડ એટલે કે પ્રજા માટે પારદર્શક જમીન વહીવટ, આધુનિક માપણીની ટેકનોલોજી દ્વારા તૈયાર કરેલ રાજય કક્ષાનો સર્વે. આવનારા વર્ષોમાં ગુજરાતમાં એક ચોખ્ખું અને પારદર્શક રેકર્ડ ઉભું કરવાનો આશાય આ રીસર્વે માપણીમાં છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી હાઉસમાં *(×××)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કાં તો વિભાગે આપને આનાથી પરિચિત નથી કર્યા નહીં તો સવાલ બહુ કલીયર છે. ગાંધીનગર અને ડાંગના સર્વે બાબતમાં ૩૧.૧૨.૨૦૧૭ સુધીની શું સ્થિતિ છે? સ્થિતિના આધારે મંત્રીશ્રીએ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જવાબ આપ્યો કે કોઇ ફરિયાદો પેન્ડીંગ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે કાગળ છે, જે રીતે સુરેશભાઇભાઇએ પ્રશ્ન પૂછ્યો એ ૧૦.૧.૨૦૧૮ના રોજ લખેલો કાગળ છે. સોલૈયા ગામના ૮૦૪ ખેડૂતોએ સરવે નંબરોની ખરાઇ કરી, ખેડૂતોએ માપણી કરવા બાબતે કાગળ લખેલો છે, વિભાગે એનો જવાબ આપેલો છે કે તારીખ ૧૫–૧–૨૦૧૮ સુધીમાં સરવેની કામગીરી પૂરી કરી પાંચ દિવસમાં રિપોર્ટ રજૂ કરવો. મંત્રીશ્રી એકબાજુ જવાબ એવો આપે છે કે, ગાંધીનગર જિલ્લામાં કોઇ ફરિયાદ નથી, જ્યારે બીજી બાજુ વિભાગનો આવો કાગળ છે, આ તો એક જ ગામની વાત છે એ ઉપરાંત ઇટાદરાથી માંડીને બીજા બધા ગામોના પુરાવા પણ મારી પાસે છે, માનનીય મંત્રીશ્રીને મારે એટલું જ કહેવાનું છે કે, જે સવાલ અહીંયા ઉત્પન્ન થયો છે એ એટલો જ છે કે આપ જે હાઉસમાં માહિતી આપો છો અને વિભાગ જે જવાબ આપે છે એ બન્ને ડિફર થાય છે, પણ મારો સવાલ એટલો જ છે કે જે સરવે બાકી રહી ગયા છે એ સરવે આપ કેટલા દિવસમાં પૂર્ણ કરવા માગો છો એટલું આપ કહો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ સાચો જ છે, સભ્યશ્રીને માહિતી આપું કે ગાંધીનગરની જે મેં માહિતી આપી એ બરાબર ધ્યાનથી સાંભળી હોત તો ૨૬૬ આખરી રેકર્ડમાંથી ૨૫૯ પ્રમોલગેશન કરેલા છે. એટલે સાત ગામોનું પ્રમોલગેશન બાકી છે, જ્યાં પ્રમોલગેશન બાકી હોય ત્યાં આખરી બાબત થઇ ન કહેવાય, જેટલા પ્રમોલગેશન થઇ ગયા છે એમાં કોઇ ફરિયાદ નથી, જેટલી ફરિયાદ આવી છે તેટલી પૂરી કરી છે. સાત ગામોમાં પ્રમોલગેશન બાકી છે તે હકીકત છે. બાકી એટલે આખરી કામગીરી હોય, જેટલા પ્રમોલગેશન થયા હોય એમાં જેટલી ફરિયાદ આવી ગાંધીનગર હોય કે ડાંગ હોય એ પૂર્ણ કરેલ છે. સોલૈયાનું પ્રમોલગેશન જ બાકી છે, એટલે પ્રમોલગેશન બાકી હોય એમાં ફરિયાદનો નિકાલ કરવાનો બાકી હોઇ શકે છે. એટલે મારો જવાબ સાચો જ છે અને એ જવાબને હું વળગી રહું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. માનનીય મંત્રીશ્રીએ જવાબમાં આપ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં ૪૧૨૨ અને ડાંગ જિલ્લા માત્ર ૧૨ ફરિયાદો મળી છે. આજથી બે વરસ પહેલાં તત્કાલિન માનનીય મહેસૂલ મંત્રીશ્રીને મેં સૌથી પહેલો પત્ર લખ્યો હતો. સવાલ આ વ્યવસ્થા બદલવા માટેનો છે. સેટેલાઇટથી જમીન માપણીની પ્રક્રિયા સમગ્ર દેશમાં લાગુ કરી, એમાં ગુજરાતે એની શરૂઆત કરી આવો માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો. યુ.પી.એ. સરકારે ૨૦૧૦માં પોલિસી આપી હતી. કાયદામાં એવી જોગવાઇ છે કે, દર પચાસ વરસે જમીનનો રિ–સરવે થાય, અનિયમીતતાઓ જે થઇ હોય એ ચોખ્ખી થાય, એના માટે દરેક સરકારે આ કામ કરવું જોઇએ. સેટેલાઇટ જમીન માપણીની જે પ્રક્રિયા હતી એમાં હયાત શેઢાઓ, હદો, એ સ્પષ્ટ થઇ શક્યા નથી, જે માપણીની પ્રક્રિયા હતી એનો મેં પૂરો અભ્યાસ કર્યો છે. મારા કુંકાવાવના ભાયાવદર ગામમાં બ્લોક સિસ્ટમ હતી અને ત્યાંના તત્કાલિન રાજવી એન્જિનિયર હતા, કાટખૂણાના સરવે નંબરો ત્યાં હતા, સેટેલાઇટ માપણીમાં કાટખૂણાના સરવે નંબરોને આપણે એ નકશામાં બેસાડી શક્યા નથી, રેકર્ડ માનનીય મંત્રીશ્રી ચકાસશે તો અભ્યાસ ઉપરથી વાત સ્પષ્ટ થશે, માનનીય મંત્રીશ્રીને મારે એ પુછવું છે કે, ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં કઇ કંપનીને સેટેલાઇટથી જમીન માપણીનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો? જિલ્લાદીઠ કેટલી રકમ ફાળવવા માટેનો એનો કોન્ટ્રેક્ટ મંજૂર કર્યો હતો ? સેટેલાઇટથી જમીન માપણી કરી એણે કાચો અહેવાલ એટલે કે કાચી પ્રમોલગેશનની નોટિસ દરેક ખેડૂતને આપવાની હોય, અજ્ઞાન અથવા તો અભણ ખેડૂત એ નોટિસ વાંચી શકતો ના હોય તો એ જવાબ કેવી રીતે આપવાનો છે? આ ખૂબ મોટો મુદ્દો છે, આ કોઇ રાજકીય અવલોકન નથી પણ આનાથી આવતા દિવસોમાં રાજ્યમાં એકપણ જમીન ટાઇટલ કલીયરવાળી નહિ રહે, કાચી નોંધ આપી દીધી? ખેડૂતોને ખબર નથી કે એની જમીન માપણીની પ્રમોલગેશનની કાચી નોંધ પડી છે, ક્યારે એ નોંધ પાકી પડી, સરકારના રેકર્ડમાં એ પ્રમોલગેશન આખરી કરી દેવામાં આવ્યું છે. એક શેઢાનો ભાગ આડો પડયો હોય તો માનનીય મંત્રીશ્રી એક માંના જણ્યા ભાઇ સામે ૨૦ વરસ સુધી ખેડૂત કોર્ટની અંદર લડતો હોય છે, કેટલાય પોલીસ કેસો નોંધાતા હોય છે, જ્યારે ખેડૂતના દીકરાની જમીનો બે બે પાંચ પાંચ વિઘા કે એકર જમીનનો કબજો બીજા પાસે છે એ સામે આવશે ત્યારે આ રાજ્યમાં વર્ગવિગ્રહ ફાટી નીકળશે એટલે માનનીય મંત્રીશ્રી આપ ગૃહને જણાવવાની કૃપા કરશો કે કોન્ટ્રેક્ટ કઇ કંપનીને આપેલ હતો, એનો અંદાજીત કેટલો ખર્ચ હતો, તેને કાચી પ્રમોલગેશનની નોંધ માટે થઇને કેટલા ખેડૂતોને નોટિસો પાઠવી હતી ? તે નોટિસો પૈકી કેટલા લોકોએ તેનો જવાબ આપ્યો ? માનનીય અધ્યક્ષશ્રી, ડાંગ તો આદિવાસી જિલ્લો છે તે લોકોની ફરિયાદો આવી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપના ચાર પ્રશ્નો થયા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલે સેટેલાઇટ જમીન માપણીમાં જે વિસંગતતાઓ છે તે વિસંગતતનો રાજયમાં જે હવાલો આપતો સરકારે સ્વીકાર્યો છે અને તેની મેન્યુઅલી તપાસ કરી અને હદ નિશાન..

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપે ચાર સવાલો પૂછયાં અને રિપિટ કરીને પૂછયાં.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં પહેલાં જ કહ્યું કે ખૂબજ અગત્યની કામગીરી ગુજરાતમાં થઇ રહી છે. માનનીય પરેશભાઇએ જે સવાલો પૂછયાં છે તો આ રી–સર્વેની જે કામગીરી છે તેની જે પદ્ધતિ છે તે એટલી ટ્રાન્સપરન્ટ છે તેની હું વાત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામસભાઓ યોજી અને રી–સર્વેની કામગીરીનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. તબક્કાવાર સમગ્ર જિલ્લામાં રીસર્વેની એજન્સી ખાતેદારોની હાજરીમાં માપણી કરે છે. એજન્સી માપણી થયા બાદ ખેતરના માપ સહિતના નકશા અને પ્રથમવારનું જમીન રેકર્ડ તૈયાર થાય છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક વખત તેમનો જવાબ તો પૂરો થવા દો. તમને કંઇ અસંતોષ હોય તો તમે એ મુદ્દાઓ લખી રાખો.

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જે માહિતી માગી છે તે હું આપુ છું, એજન્સીનું નામ પણ આપુ છું તેનો કરાર આપુ છું બધુ આપુ છું ધીરજ રાખે. આ પદ્ધતિથી જે કામગીરી થઇ રહી છે અને બે જિલ્લાનો જે પ્રશ્ન છે તેની અંદર જે માપણી થઇ છે તે ખેડૂતોની હાજરીમાં કરી છે અને ખેડૂતોએ સહીઓ કરી છે. ગ્રામસભા થાય છે એટલે..(અંતરાય ) માનનીય પરેશભાઇને જણાવુ કે જે એજન્સીનું નામ છે તેમાં ગાંધીનગરમાં સાયન્ટ લિમિટેડ, બેંગ્લોર અને ડાંગની અંદર આઇ.આઇ.સી. ટેકનોલોજી પ્રાઇવેટ લિમિટેડ, તેની કરારની તારીખ છે ૨૦–૧૨–૨૦૧૦, ડાંગની કરારની તારીખ છે ૨૯–૨–૨૦૧૫. આ કામગીરી ૨૦૧૦માં ચાલુ થયેલી અને ૨૦૧૫માં ચાલુ થયેલી છે અને આ બન્ને જિલ્લાઓની માહિતી મેં તમને આપેલી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસુલ મંત્રી આ ગૃહમાં સત્યથી વેગળી વાત કરી રહ્યાં છે. હું જે જમીનના અનુભવો છે તેના ઉપરથી મેં કોઇ રાજકીય ટીકા કરી નથી માનનીય કૌશિકભાઇ આજે રાજયના ૯૦ ટકા ખેડૂતો ખેતીની માપણીની પ્રક્રિયાથી અજાણ છે તે સેટેલાઇટથી જમીનની માપણી થઇ કે કેમ તેનાથી પણ અજાણ છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વારંવાર કહ્યું કે એમની હાજરીમાં તેમની સહીઓ લઇને થયુ છે પણ જમીનમાં આજે પણ રાજયના ખેડૂતો અજ્ઞાન છે કે અમારી જમીનની માપણી થઇ કે કેમ, માપવા આવ્યા ત્યારે સેટેલાઇટથી રેન્ડમલી માપ લઇ અને જૂનો નકશો બેસાડયો છે અને પછી જે વિસંગતતાઓ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ સેન્સીટીવ મુદ્દો છે અને તમામ સરવે નંબરોની હદ–ચોકસી થઇ શકી નથી માનનીય કૌશિકભાઇ, જયારે ખેડૂતોને સત્યની જાણ થશે ત્યારે આખા રાજયમાં વર્ગ વિગ્રહ થવાનો છે. કારણ કે એક સેઢો જમીન માટે પોતાના મા–જણ્યાં ભાઇ સાથે સમાધાન ના કરી શકનારો ખેડૂત તેની બે–પાંચ વિઘા જમીન જયારે લૂંટાઇ જશે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, હવે આપનો પ્રશ્ન રહ્યો નથી આપે આ વાત ત્રીજી વખત કહી છે. પ્રશ્ન ક્રમાંક : ૪,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કઇ કંપનીને આપ્યું અને તેને કેટલો ખર્ચો ચૂકવ્યો ?

અધ્યક્ષશ્રી : ઝંખનાબેન આપ બેસી જાવ, માનનીય પરેશભાઇનો જવાબ મંત્રીશ્રી આપશે. માનનીય નીતિનભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : આ પ્રશ્ન અંગે અગાઉ પણ માનનીય ભૂપેન્દ્રસિંહજી જ્યારે વિભાગ સંભાળતા હતા ત્યારે આ સન્માનનીય ગૃહમાં ચર્ચા કરી છે. કેબિનેટમાં પણ ચર્ચા કરી છે. અડધો કલાકની સ્પેશિયલ ચર્ચા આ ગૃહમાં આપણે કરી હતી. ખેડૂતોને ક્યાંય પણ અન્યાય ન થાય, કોઇ ખેડૂતની જમીનો કોઇ બીજા ખેડૂતમાં ન જતી રહે. સરકારી જમીન કોઇ ખેડૂતમાં ન જતી રહે અથવા ખેડૂતની જમીન રસ્તામાં ન જતી રહે એ બધું અમે ધ્યાનમાં રાખ્યું છે. એટલા માટે જ અગાઉ પ્રમોલગેશન કરવાની મુદ્દત પૂરી થઇ હતી એ મુદ્દત અમારી સરકારે ફક્ત અને ફક્ત ખેડૂતોના હિતમાં, એમની જમીનની માલિકીને કોઇ નુકસાન ન થાય એ માટે વધારી છે. હજી પણ કોઇ પણ જગ્યાએ કોઇ પણ ખેડૂતને કોઇ અન્યાય લાગતો હોય તો એ ગામનું પ્રમોલગેશન અમે આખરી નહિ કરીએ. આ અમારી સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો છે. જે ગામમાં જ્યાં સુધી સંતોષકારક રીતે ખેડૂતોની સંમતિ ન આવે ત્યાં સુધી એ ગામનું પ્રમોલગેશન કરવાનું નથી. એટલે એ નહિ થાય ત્યાં સુધી બધાને ફરી–ફરીને ચકાસણી કરવાની છૂટ આપી છે. એટલે કોઇ ખેડૂતની જમીનનો હક્ક ડૂબશે નહિ. એની અમારી સરકારે સંપૂર્ણ કાળજી રાખી છે અને હજી પણ રાખશે.

સુરત જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ

* ૧૫૮૪ શ્રીમતિ ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૬૦૧ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૦૧ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૬૦૧ લાભાર્થીઓને રૂ.૫,૦૨,૫૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ બે હજાર પાંચસો પુરા) ની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી. |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું હતું કે, સૂરત જિલ્લામાં વિકલાંગોની શિષ્યવૃત્તિની સહાય યોજનાના ધોરણો શું છે અને એના લાભો શું છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તા.૩/૧૨/૧૫ના રોજ દિલ્હી ખાતે સુગમ્ય ભારત અભિયાનના લોન્ચિંગ પ્રસંગે વિકલાંગો માટે સન્માન સૂચક શબ્દ ‘દિવ્યાંગ’ આપીને દિવ્યાંગોને નવું બળ અને જોમ આપી તેઓ પ્રત્યે સંવેદનશીલતા દર્શાવેલ. સમાજ સુરક્ષા કાર્યક્રમના સૂચારુ અમલ માટે સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં સામાન્ય અને ગરીબ વાલીઓના દિવ્યાંગ બાળકોને અભ્યાસમાં સહાયરૂપ થવા, પ્રાથમિક શિક્ષણથી કૉલેજ સુધીની શિષ્યવૃતિ ચૂકવવામાં આવે છે. આ

યોજના અન્વયે ધો.૧ થી કૉલેજ સુધીના ઉચ્ચ અભ્યાસ માટે ૪૦ ટકાથી વધારે દિવ્યાંગતા ધરાવતા તથા છેલ્લી પરીક્ષામાં ૪૦ ટકાથી વધારે ગુણ મેળવ્યા હોય તેવા દિવ્યાંગને શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે તા.૧૧/૧૨/૧૫થી આ યોજનામાં વાર્ષિક આવક–મર્યાદાની શરત નાબૂદ કરી છે અને તમામ દિવ્યાંગોને આ શિષ્યવૃત્તિ મળવાપાત્ર થાય તેવું ઉદાર ધોરણ અપનાવેલ છે અને માત્ર શિષ્યવૃત્તિ જ નહિ પણ તેને મેરીટમાં પણ લેવામાં આવે છે. ધો.૧ થી ૭માં ભણતા વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/–, ધો.૮ થી ૧૨ અને સમકક્ષ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતાં દિવ્યાંગોને હોસ્ટેલમાં ન રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦/– અને હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને રૂ.૨૦૦૦/– શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે. બી.એ., બી.એસ.સી., બી.કોમ. સમકક્ષ ડિગ્રી અભ્યાસક્રમોમાં હોસ્ટેલમાં ન રહેતા વિદ્યાર્થીઓને રૂ.૨૫૦૦/– અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને રૂ.૩૨૫૦/– ચૂકવવામાં આવે છે. બી.ઇ., બી.ટેક., એમ.બી.એ., એલ.એલ.બી., બી.એડ., ડી.ફાર્મ., એન્જીનીયરીંગ સ્ટડી વગેરેમાં અભ્યાસ કરતાં હોસ્ટેલમાં ન રહેતા વિદ્યાર્થીઓને રુ.૩૦૦૦/– અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને રૂ.૪૦૦૦/– ચૂકવવામાં આવે છે. એમ.એ., એમ.એસ.સી., એમ.કોમ., એલ.એલ.એમ., એમ.એડ, કોર્ષમાં અભ્યાસ કરતાં હોસ્ટેલમાં ન રહેતા વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/– અને હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને રૂ.૪૦૦૦/– શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સૂરત જિલ્લાનું ગૌરવ અને અમારા કેબિનેટ મંત્રીશ્રીએ પ્રથમ વખત આ ગૃહની પ્રશ્નોત્તરીમાં ભાગ લીધેલ છે. આ ગૃહમાં સંતોષકારક રીતે જવાબ આપી રહ્યા છે. એવા માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં દિવ્યાંગોને સહાય મંજૂર કરવા માટેની કાર્યપદ્ધતિ શું છે અને દિવ્યાંગોને મળતી સહાય કયારે બંધ કરવામાં આવે છે ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી સભ્યશ્રીને જણાવવા માગું છું કે, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૭–૧૮ થી આ યોજના હેઠળ ડીઝીટલ ગુજરાત પોર્ટલ હેઠળ અરજદારે ઓન લાઇન અરજી કરવાની હોય છે અને મેં મત્રી બન્યા પછી મારા વિભાગને સૂચના આપી છે કે, અરજદાર જો ઓન લાઇન અરજી ન કરી શકે તો ઓનલાઇન અરજી કરવામાં આપણે મદદરૂપ થવું. અરજદારોએ અરજીઓ શાળાના આચાર્ય મારફતે ઓન લાઇન કરવાની હોય છે. આના માટે જે તે અરજદારનો ખાતા નંબર અને બેન્કની વિગત ચકાસીને બેન્કને ઓનલાઇન મોકલી આપવામાં આવે છે. બેન્કના અધિકારી આ અરજી ચકાસણી કરીને ફરી આચાર્યને પરત મોકલે છે તેના ઉપરથી આચાર્ય દરખાસ્ત તૈયાર કરી અરજી સમાજ સુરક્ષા અધિકારીને મોકલે છે. સમાજ સુરક્ષા અધિકારી આ અરજી ઓન લાઇન મંજૂર કરી, બિલ તૈયાર કરી તે મંજૂર થયા બાદ જે તે વિદ્યાર્થીના ખાતામાં ડી.બી.ટી. થી સીધા જમા થાય છે. જો ખાતા નંબરમાં કોઇ વિસંગતતા હોય તો બેન્ક દ્વારા ડી.ડીથી આ નાણાં મોકલી આપવામાં આવે છે. આમ આ આખી ઓન લાઇન પ્રક્રિયા છે જેના કારણે અરજદારને સીધી અને સરળતાથી સહાય મળી રહે છે.

આ યોજનામાં દિવ્યાંગ નાપાસ થાય કે તેનો અભ્યાસ પૂર્ણ થાય ત્યારે આ સહાય ચૂકવવાની બંધ કરવામાં આવે છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા એ જાણવા માગું છું કે, હાલમાં મોંઘવારીના દિવસો છે તો આ શિષ્યવૃતિની સહાયની રકમમાં વધારો કરવા માગે છે કે કેમ ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી વી. ડી. ઝાલાવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં દિવ્યાંગોને શિષ્યવૃતિ સહાયની યોજના હેઠળ જે સહાય મંજૂર કરવામાં આવે છે તેના માટે કોઇ આવક મર્યાદાનું ધોરણ છે કે કેમ ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી , આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારમાં ૪૭ હજાર રૂપિયાનું અને શહેરી વિસ્તારો માટે ૬૮ હજાર રૂપિયાનું ધોરણ હતું , પરંતુ તા.૧૧.૧૨.૨૦૧૫ ના ઠરાવથી આ આવક મર્યાદા નાબૂદ કરવામાં આવી છે. અને આનંદની વાત એ છે કે ગુજરાત રાજયમાં કોઇ પણ જગ્યાએ દિવ્યાંગો આવક મર્યાદાના બાધ સિવાય આ પ્રકારની સહાય મેળવી શકે છે.

આણંદ અને વડોદરા જિલ્લામાં જમીન તકેદારી સમિતિમાં ફરિયાદો

* ૧૫૩૯ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં જમીન તકેદારી સમિતિ (સીટ) માં છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૫૧ અને વડોદરા જિલ્લામાં જમીન તકેદારી સમિતિ (સીટ)માં ૬૮ ફરિયાદો મળી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદોનો નિકાલ થયો અને કેટલી પેન્ડીંગ છે, | (૨) ઉકત સ્થિતિએ તે પૈકી આણંદ જિલ્લામાં ૪૪ અને વડોદરા જિલ્લામાં ૫૮ ફરિયાદોનો નિકાલ થયો અને આણંદ જિલ્લામાં ૭ અને વડોદરા જિલ્લામાં ૧૦ ફરિયાદો પેન્ડીંગ છે. |
| (૩) સીટમાં બે વર્ષ કરતાં વધારે સમયથી પેન્ડીંગ ફરિયાદો કેટલી છે, અને | (૩) વડોદરા જિલ્લામાં બે વર્ષ કરતાં વધારે સમયથી ૫ ફરિયાદો પેન્ડીંગ છે. જ્યારે આણંદમાં આવી કોઈ ફરિયાદ |

| | |
|---|---|
| | પેન્ડીંગ નથી. |
| (૪) ઉક્ત ફરિયાદમાં તથ્ય જણાયેલ કેસો સંદર્ભે ઉક્ત સ્થિતિ સુધીમાં શું કાર્યવાહી કરવામાં આવી ? | (૪) ફરિયાદમાં તથ્ય જણાયેલ કેસો સંદર્ભે આણંદ જિલ્લામાં ૧ કેસમાં અને વડોદરા જિલ્લામાં ૭ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂબ જ ચિંતાનો વિષય અને પ્રશ્ન છે. એટલા માટે કે, ભાજપના રાજમાં •(×××) થયા છે અને રાજયમાં ...

અધ્યક્ષશ્રી : તમારે પ્રશ્ન પૂછવાનો છે, તમારી જે બીજી ટીકા છે એ કાઢી નાંખું છું. તમે પહેલાં પ્રશ્ન તો મૂકો.

શ્રી અમિત ચાવડા : ગુજરાતમાં સરકારી તંત્રનો દૂરપયોગ કરીને ગરીબ લોકોની જમીનો સાથે ચેડાં કરી અને જમીનો પડાવી લેવામાં આવે છે. એટલા માટે પૂછવા માગું છું કે, આ જે જવાબ આપવામાં આવ્યો છે, તેમાં આ બાબતે ગંભીર પ્રકારની ફરિયાદો સીટમાં આવતી હોય છે. એટલા માટે આમાં કોઇ ચોકકસ સમય મર્યાદા નકકી કરી ૯૦ દિવસમાં આવી ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે એવું નકકી કરવા માગો છો? અને આ જવાબમાં જણાવ્યા પ્રમાણે વડોદરા જિલ્લામાં પાંચ વર્ષથી વધુ સમયથી ફરિયાદો પેન્ડીંગ છે, તો આટલા બધા લાંબા સમય સુધી પેન્ડીંગ રહેવાનાં કારણો શાં છે ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પોલિટીકલ વાત કરી છે એટલે હું પણ પોલિટીકલ ભાષામાં જ જવાબ આપીશ. આ રાજયમાં ભૂમાફિયા ન ફાવે એટલા માટે સીટ બનાવી છે. એમના વખતમાં સીટ નહોતી બનાવી પરંતુ અમારી સરકારના ધ્યાનમાં આવ્યું કે રાજયની અંદર આવા લોકો ગેરકાયદેસર દસ્તાવેજો બનાવીને, ખોટા દસ્તાવેજો બનાવીને લોકોની જમીનો ઉપર આ રીતે કબજો કરતાં હોય છે એની સામે પગલાં લેવા માટે રાજયકક્ષાએ અને જિલ્લા કક્ષાએ સીટ બનાવી છે. એમાં દર મહિને આવા કેસોનો રીવ્યુ કરવામાં આવે છે અને એનો નિકાલ કરવામાં આવે છે. એના પુરાવા આપું તો આણંદ જિલ્લામાં આવા ગંભીર પ્રકારના ૫૧ જેટલા કેસો આવ્યા હતા એમાંથી ૪૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. હજી સાત કેસો બાકી છે. આ છેલ્લા સાત મહિનાથી બાકી છે. એ જ રીતે વડોદરા જિલ્લામં ૬૮ જેટલા ગંભીર પ્રકારના કેસો આવ્યા હતા એમાંથી ૫૮ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. આણંદ જિલ્લામાં એક કેસમાં ફોજદારી કરવામાં આવી છે જયારે વડોદરા જિલ્લમાં પાંચ કેસમાં ફોજદારી કરવામાં આવી છે. આ રીતે સરકાર એટલે કે મહેસૂલ વિભાગ અને ગૃહ વિભાગ દ્વારા આવા ભૂમાફિયાઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે છે એની પાછળનો સરકારનો આશય એ છે કે આવા ગુનાઓ અટકે.

શ્રી મહેશકુમાર ક. રાવલ : રાજય સરકાર દ્વારા સીટની રચના કરવામાં આવે છે તો જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ એમાં કોની નિમણૂક કરવામાં આવે છે અને કુલ કેટલા સભ્યો હોય છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આ સીટની રચના સૌ પ્રથમ રાજયકક્ષાએ સન ૨૦૦૮માં કરવામાં આવી હતી. એ વખતે અમદાવાદ, સુરત ખાતે કરવામાં આવી હતી. જે તે વખતે બોટાદના ચાર-પાંચ ગંભીર ગુનાઓ રાજય સરકારના ધ્યાનમાં આવ્યા હતા એટલે સરકાર લેવલે મહેસુલ વિભાગ અને પોલીસ ખાતાના અધિકારીઓની સીટ બનાવવામાં આવી હતી. ત્યારબાદ રાજયમાં આવા પ્રકારના કેસો વધતા ગયા ત્યારે જિલ્લા કક્ષાએ પણ સીટની રચના સન ૨૦૧૦માં કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાની સીટ છે એમાં જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોરપોરેશન વિસ્તાર હોય તો પોલીસ કમિશ્નર તથા તેમના પ્રતિનિધિ જે નાયબ પોલીસ કમિશ્નરશ્રીથી ઉતરતા ન હોવા જોઇએ. જિલ્લા પોલીસ અધિક્ષક, નિવાસી કલેકટર અને એ.ડી.એમ એમ કુલ પાંચ અધિકારીઓની જિલ્લા કક્ષાએ સીટ બનાવવામાં આવે છે. આ સીટ દ્વારા જિલ્લા કક્ષાએ આવા ગંભીર પ્રકારના ગુના આવે એની ચર્ચા કરીને ગુનેગારોને યોગ્ય સજા કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : આ પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવવા માટેનો આશય એ છે કે સામાન્ય માણસોની વડીલોપાર્જિત કે સ્વપાર્જિત મિલ્કતોનું રક્ષણ કરવુ અને એ રાજય સરકારની જવાબદારી છે. એમાં કયાંક કાયદાની જેમના ઉપર અમલવારી નહિ થવાના કારણે આતંકવાદીઓ, માફિયાઓ અને પોલીસ તંત્રની અમુક મિલીભગત જેની અંદર અમુક અધિકારીઓ મળીને કરતાં હોય છે. રાજયનો સામાન્ય માણસ કોઇ ખેડૂત હોય, વિધવા બહેન હોય કે ત્યકતા બહેનનો કબજો હોય એ જમીનો પચાવી પાડવાનું આખા રાજયમાં એક મોટુ ષડયંત્ર ચાલે છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા જિલ્લામાં બે વર્ષ કરતાં વધુ સમયથી પેન્ડિંગ છે, કુલ પાંચ ફરિયાદ પડતર પડી છે. આ સીટ સામે કેસ આવ્યો એટલે સીધી રીતે માનનીય મંત્રીશ્રીએ સ્વીકાર્યું કે ખોટા દસ્તાવેજો કરી પારકી જમીન પચાવી પાડવાના કેસો હતા એમાંથી કેટલા લોકોને ગુનેગાર ઠેરવ્યા અને જેલમાં પૂરી શકયા એ મંત્રીશ્રી જણાવશે તો ઓક્કસ આનંદ થશે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇએ વાત કરી. તો મારે સભ્યશ્રીને જણાવવું છે કે સીટ જ એના માટે બનાવી છે. આવા ગંભીર પ્રકારના ગુન્હાઓમાં જે લોકો સંકળાયેલા હોય, રાજય સરકારનું હિત હોય, ક્યાંક ખાતેદારનું હિત હોય એ જળવાય એમને અન્યાય ન થાય અને ન્યાય મળે અને ગુનેગારોને ફોજદારી કેસની જેમ સજા થાય એ માટે જ સીટ બનાવી છે. આણંદ જિલ્લામાં ૫૧ કેસોમાંથી ૪૪ કેસોનું નિરાકરણ લાવ્યા છીએ. એમાં પોલીસ કેસ કરી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

એફઆઈઆર ફાઇલ કરેલ છે. કુલ ૧૫૪ અરજીઓ આવેલ હતી. એના આધારે ૨૩૨ ઇસમોની અટકાયત કરેલ છે. આ આંકડા બતાવે છે કે સરકાર આ બાબતે ગંભીર છે. કોઇપણ પ્રકારના ગુન્હાઓ ચલાવી લેવા માટે સરકાર તૈયાર નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો. આણંદ અને વડોદરા જિલ્લામાં સીટની અંદર ૧૧૯ ફરિયાદ નોંધાયેલ છે. સરકાર ખૂબ ગંભીર રહી આ મુદ્દા અંગે કામગીરી કરી રહી છે. આ કામગીરી અંતર્ગત માનનીય મંત્રીશ્રી વહેલામાં વહેલી તકે આ કામગીરી કરી કેટલા જવાબદાર લોકોને જેલના હવાલે કર્યા છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમાં અરજીઓની સંખ્યા ૧૫૪ છે અને એમાં એફઆઇઆર ફાઇલ કરેલ છે. ૨૩૨ ઇસમો સામે ફોજદારી ગુન્હાની કાર્યવાહી ચાલે છે. આ રીતે આ કેસોમાં આગળની કાર્યવાહી ચાલશે.

અધ્યક્ષશ્રી : આપને પરમીટ કર્યા નથી. આપે પેટા પ્રશ્ન પણ પૂછ્યો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પ્રશ્ન પૂછ્યો એનો જવાબ મળ્યો નથી. એ જવાબ મને મળવો જોઇએ. પહેલો પ્રશ્ન પૂછ્યો કે ૯૦ દિવસ માટેની કોઇ ચોક્કસ સમય મર્યાદા કરવા માગો છો કે કેમ? બીજો પ્રશ્ન– વડોદરા જિલ્લામાં ૫ ફરિયાદો બે વર્ષ કરતાં પણ વધારે સમયથી પેન્ડીંગ છે, આ પેન્ડીંગ રહેવાના કારણો શું છે? માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે દર મહિને રેગ્યુલર સીટની મિટિંગ મળે છે. વડોદરા જિલ્લામાં સીટની કેટલી મિટિંગો મળી? માનનીય મંત્રીશ્રી આટલા જવાબ આપે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ચોક્કસ સમય મર્યાદામાં કેસનો નિકાલ થાય એવી સમય મર્યાદા નક્કી કરવી જોઇએ. અમારી સરકાર નિર્ણાયક છે. કોઇપણ ગુનેગારને છોડવા માગતા નથી. વહેલામાં વહેલી તકે કેસોનો નિકાલ થાય એ અમારી સરકારનું ધ્યેય છે. ૯૦ દિવસમાં કસનો નિકાલ કરવાની બાબતમાં સભ્યશ્રીનું સૂચન છે અને સરકાર એને ધ્યાનમાં લેશે. (અંતરાય) અમે અસરકારક કાયદો કર્યો છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં ૬૮ ફરિયાદો નોંધાઇ છે એમાંથી ૫૮ ફરિયાદોનો નિકાલ થયો છે અને ૭ કેસોમાં પોલીસ કેસ થયા છે. એમાં સરકારી જમીન પચાવી પાડવાના કેટલા કેસ છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ જિલ્લામાં ૧ અને વડોદરા જિલ્લામાં ૭ કેસમાં પોલીસ ફરિયાદ થઇ છે. માનનીય સભ્યશ્રીને આઠ કેસોની ડિટેઇલ્સ જોઇતી હોય તો મારી પાસે આવશે તો હું આપીશ. (અંતરાય) મારી પાસે વિગતો છે. હું આપું છું. આણંદની અંદર શ્રી હરિશભાઇ અંબાલાલ પિતાંબરદાસ પંચાલ, રહેવાસી ૨૪, ક્રિષ્ના ટાઉનશીપ, જોગણી માતાના મંદિર પાસે, મોજે મોગલ, તા.જી.આણંદ. એમના ઉપર ઈપીકો કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) અને ૫૦૪. વડોદરા જિલ્લામાં શ્રી વિનોદભાઇ છનાભાઇ પરમાર, ફતેહગંજ. એમના ઉપર ઇ.પી.કો. કલમ નં. ૧૮૬, ૧૮૭, ૧૪૩, ૨૯૪, ૩૨૫. વડોદરાની અંદર મંજૂરા કેમ્પ.....

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પૂછયું જ નથી.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : પૂછયું છે સર, આણંદમાં એક, વડોદરામાં સાત, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ બેસી જાવ. પ્રશ્ન ક્રમાંક :૬, (અંતરાય) સભ્યશ્રી એકની એક વાત ફરી ફરીને પૂછે, ફરી જવાબ આવે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : સભ્યશ્રીને પ્રશ્ન પૂછવાનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : અધિકાર આપ્યો, ઘણી વખત આપ્યો. આવા અનેક પ્રશ્નો આપણે લીધાને? ઘણાં બધા પ્રશ્ન લીધા. પ્રશ્ન ક્રમાંક–૬

### જુનાગઢ જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૧૫૮૮ શ્રી દેવાભાઈ માલમ (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧) ૫૮૯

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | જૂનાગઢ (શહેરી) | ૧૧૭ |
| ૨ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૭૪ |
| ૩ | વંથલી | ૪૫ |
| ૪ | માણાવદર | ૮૩ |
| ૫ | મેંદરડા | ૫૪ |
| ૬ | માળીયા હાટીના | ૪૩ |
| ૭ | વિસાવદર | ૪૧ |
| ૮ | ભેંસાણા | ૨૪ |
| ૯ | કેશોદ | ૫૫ |
| ૧૦ | માંગરોળ | ૫૩ |

તારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| કુલ | ૫૮૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ–૩૯૦

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર |
|---|---|---|
| ૧ | જૂનાગઢ (શહેરી) | ૯૪ |
| ૨ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૪૩ |
| ૩ | વંથલી | ૩૩ |
| ૪ | માણાવદર | ૫૬ |
| ૫ | મેંદરડા | ૨૪ |
| ૬ | માળીયા હાટીના | ૨૩ |
| ૭ | વિસાવદર | ૨૬ |
| ૮ | ભેંસાણા | ૧૩ |
| ૯ | કેશોદ | ૪૪ |
| ૧૦ | માંગરોળ | ૩૪ |
| | કુલ | ૩૯૦ |

(૩) કેટલી અરજીઓ ના મંજૂર કરી ?

(૩) નામંજુર અરજીઓ–૧૪૪

| ક્રમ | તાલુકાનું નામ | નામંજુર |
|---|---|---|
| ૧ | જૂનાગઢ (શહેરી) | ૧૧ |
| ૨ | જૂનાગઢ (ગ્રામ્ય) | ૨૧ |
| ૩ | વંથલી | ૯ |
| ૪ | માણાવદર | ૧૫ |
| ૫ | મેંદરડા | ૨૪ |
| ૬ | માળીયા હાટીના | ૧૨ |
| ૭ | વિસાવદર | ૧૪ |
| ૮ | ભેંસાણા | ૧૧ |
| ૯ | કેશોદ | ૧૧ |
| ૧૦ | માંગરોળ | ૧૬ |
| | કુલ | ૧૪૪ |

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારો પ્રશ્ન પૂછવા માગુ છું કે જુનાગઢ જિલ્લામાં એક વર્ષમાં નિરાધાર વૃદ્ધ સહાય અને પેન્શન યોજના તાલુકાવાર કેટલા લાભાર્થીને મંજૂર કરેલ છે અને કેટલી સહાયની રકમ ચૂકવેલ છે અને કેટલી રકમ બાકી છે? સહાય લાભાર્થીઓને કેવી રીતે ચૂકવવામાં આવી છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે જુનાગઢ શહેરમાં લાભાર્થીની સંખ્યા ૯૪ છે અને ચૂકવવામાં આવેલ સહાય ૩,૦૪,૦૦૦ છે. જુનાગઢ ગ્રામ્યમાં લાભાર્થીની સંખ્યા ૪૩ છે અને ચૂકવવામાં આવેલ સહાય ૪૬,૫૦૦ છે. વંથલી તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૩૩ છે અને ચૂકવવામાં આવેલ સહાય ૧,૪૪,૭૦૦ છે. માણાવદર તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૫૬ છે અને ચૂકવવામાં આવેલ સહાય ૧,૪૨,૦૦૦ છે. મેંદરડા તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૨૪ છે અને ચૂકવવામાં આવેલ સહાય ૧,૦૭,૨૦૦ છે. માળીયા હાટીના તાલુકાના લાભાર્થીની સંખ્યા ૨૩ છે અને ચૂકવવામાં આવેલ સહાય રૂ. ૧,૨૦,૦૦૦ છે. વિસાવદર તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૨૬ છે અને ચૂકવવામાં આવેલ સહાય રૂ. ૯૦,૦૦૦ છે. ભેંસાણા તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૧૩ છે અને ચૂકવવામાં આવેલ સહાય ૬,૫૦૦ રૂપિયા છે. કેશોદ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૪૪ છે અને ચૂકવવામાં આવેલ ૬૯,૦૦૦ રૂપિયા છે. માંગરોળ તાલુકામાં લાભાર્થીની સંખ્યા ૩૪ છે અને ચૂકવવામાં આવેલ સહાય રૂ. ૧,૯૩,૮૦૦ છે. આમ કુલ મળીને લાભાર્થીઓની સંખ્યા ૩૯૦ છે અને ૧૨,૨૩,૭૦૦ જેટલી રકમો ચૂકવવામાં આવી છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમ મારફત એ પૂછવા અને જાણવા માગુ છું કે નિરાધાર વૃદ્ધ સહાય મંજૂર થયા પછી દર વર્ષે એ વૃદ્ધની હયાતી, એના પરિવારના દીકરા દીકરી ૧૮ વર્ષના અને ૨૧ વર્ષના થાય પછી એની ખરાઇ માટે એને જાણ કરવામાં આવતી નથી અને એના કારણે એક વર્ષ પછી આપોઆપ એની વૃદ્ધ સહાય મળતી બંધ થઇ જાય છે એટલે મંત્રીશ્રી એની વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ? એક વર્ષ પૂરું થાય એના એક મહિના અથવા એમાં થોડો સમય બાકી હોય તો જે વૃદ્ધ સહાય મેળવતા હોય એને અગાઉથી નોટિસ આપીને અથવા તો જાણ કરવામાં આવે કે આ વ્યકિત હયાત છે કે કેમ? એમનો દીકરો કે દીકરી ૧૮ કે ૨૧ વર્ષના થયા કે કેમ એની જાણ માટે અગાઉથી વ્યવસ્થા ગોઠવવા માગે છે કે કેમ? અને મારો બીજો પ્રશ્ન કે એમાં ઘણી વખત વૃદ્ધ સહાય યોજનામાં ૩–

૩, ૪-૪ મહિના સુધી સહાય ચૂકવાતી નથી. ૬-૬ મહિના પછી એક સાથે ચૂકવાય છે તો આ સહાય દર મહિને રેગ્યુલર ચૂકવવા માટેની વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગુ છું કે આવી સહાય સરકાર દ્વારા બંધ કરવામાં આવતી નથી અને બંધ કરતા પહેલા એની ખરાઇ કરવામાં આવે છે. એની ચોકકસ ખાતરી કરવામાં આવે છે અને આજ સુધી લગભગ આવી કોઇ ફરિયાદ મળી નથી કે આ પહેલા આવી સહાય બંધ થઇ હોય.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**
**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બાંધકામ શ્રમિકોને સહાય

* ૮૯૫ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૯૧૯૩૫ |
| ગાંધીનગર | ૮૮૬૪ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરી

* ૧૦૨૫ શ્રીમતિ ચંદ્રિકાબેન બારીયા(ગરબાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી-સર્વેની કામગીરીમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરીયાદો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલી ઉક્ત ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી-સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની દાહોદ જિલ્લામાં ૧૭ અને પંચમહાલ જિલ્લામાં ૧૬૩ ફરીયાદો મળી.

(૨) દાહોદ જિલ્લામાં તમામ ૧૭ અને પંચમહાલ જિલ્લામાં ૧૫૯ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) પંચમહાલ જિલ્લામાં ૪ ફરીયાદોનો નિકાલ બાકી છે.

- મૂળ સરવે નંબરના પૈકી ભાગની માપણી અગાઉ થયેલ ન હતી. રી સરવે માપણી દરમિયાન સદર નંબરોના ક્ષેત્રફળમાં વધ-ઘટ મળતાં ખાતેદાર તરફથી મોટા પ્રમાણમાં વાંધા મળેલ છે. તથા સર્વેયરોની ખાલી જગ્યાઓના કારણે નિકાલ કામગીરીમાં વિલંબ થયેલ હોઈ ફરીયાદોનો નિકાલ બાકી છે.

(૪) પડતર ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

ગાંધીનગર જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ

* ૧૫૭૯ શ્રી બલરાજસિંહ ચૌહાણ(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

જવાબ

(૧) ૩૦૧.

(૨) ૩૦૦.

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી ?

(૩) કુલ ૩૦૦ લાભાર્થીઓને રૂ.૩,૯૧,૫૦૦ (અંકે રૂપિયા ત્રણ લાખ એકાણું હજાર પાંચસો પુરા) ની શિષ્યવૃતિ ચુકવવામાં આવી.

---------

દાહોદ જિલ્લામાં નિરાધાર વૃદ્ધોને સહાય

* ૧૫૬૮ શ્રી શૈલેષભાઈ ભાભોર (લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૭૫

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | દાહોદ | ૭ |
| ૨ | ઝાલોદ | ૯ |
| ૩ | ગરબાડા | ૧૯ |
| ૪ | સંજેલી | ૦ |
| ૫ | ધાનપુર | ૦ |
| ૬ | લીમખેડા | ૩૮ |
| ૭ | દેવગઢબારીઆ | ૦ |
| ૮ | ફતેપુરા | ૦ |
| ૯ | સીંગવડ | ૨ |
| | કુલ | ૭૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી ના મંજુર કરી, અને

(૨) મંજુર અરજીઓ-૩૪
નામંજુર અરજીઓ-૩૭

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર | નામંજુર |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩ | ૨ |
| ૨ | ઝાલોદ | ૯ | ૦ |
| ૩ | ગરબાડા | ૧૪ | ૫ |
| ૪ | સંજેલી | ૦ | ૦ |
| ૫ | ધાનપુર | ૦ | ૦ |
| ૬ | લીમખેડા | ૮ | ૩૦ |
| ૭ | દેવગઢબારીઆ | ૦ | ૦ |
| ૮ | ફતેપુરા | ૦ | ૦ |
| ૯ | સીંગવડ | ૦ | ૦ |
| | કુલ | ૩૪ | ૩૭ |

(૩) અરજીઓ ના મંજુર થવાના કારણો શું છે ?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| કારણો | સંખ્યા |
|---|---|
| નિયત આવક કરતા આવક વધુ હોવાથી | ૦૨ |
| પુખ્ત વયનો પુત્ર હોવાથી | ૧૮ |
| ઉંમર ઓછી હોવાથી | ૧૭ |
| સ્થળે રહેતા ન હોવાથી | ૦ |
| અવસાન થવાથી | ૦ |
| કુલ | ૩૭ |

---------

નવસારી અને વલસાડ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૦૦૮ શ્રી અનંતકુમાર પટેલ(વાંસદા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર

(૧)

| ક્રમ | જિલ્લાનું | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|

નોંધાયેલ છે,

| | નામ | (લાઇવ રજિસ્ટર મુજબ) | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | નવસારી | ૧૧૭૯૯ | ૪૪૫ | ૧૨૨૪૪ |
| ૨ | વલસાડ | ૧૪૬૪૪ | ૩૨૩ | ૧૪૯૬૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ:૨૦૧૬ | વર્ષ:૨૦૧૭ | કુલ |
| ૧ | નવસારી | ૬૧૩૧ | ૬૦૧૨ | ૧૨૧૪૩ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી ?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર નોકરી અપાયેલ બેરોજગારો | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | નવસારી | ૨૦૧૬ | ૦૦ | ૬૧૩૧ | ૬૧૩૧ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૬૦૧૨ | ૬૦૧૨ |
| | | કુલ | ૦૦ | ૧૨૧૪૩ | ૧૨૧૪૩ |
| ૨ | વલસાડ | ૨૦૧૬ | ૦૦ | ૨૦૦૮૬ | ૨૦૦૮૬ |
| | | ૨૦૧૭ | ૦૬ | ૨૦૯૫૯ | ૨૦૯૬૫ |

---------

સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ

* ૯૧૦ શ્રી ઋત્વિકભાઈ મકવાણા(ચોટીલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૧) કુલ રૂ.૧૮૪૪.૬૧ કરોડ.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | સુરેન્દ્રનગર | દાહોદ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧.૬૮ | ૧.૧૦ |
| ૨૦૧૭ | ૦.૯૬ | ૧.૫૭ |

---------

અમદાવાદ જિલ્લામાં દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના

* ૧૬૦૦ શ્રી બાબુભાઈ પટેલ(દસક્રોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓની અરજીઓ મળી,

(૧) ૩૩૩.

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓની અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૨૯૧.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૧૫૬.૮૦ લાખ.

---------

આણંદ અને ડાંગ જિલ્લામાં આઇ.ટી.આઇ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૬૦ શ્રી કાંતિભાઈ સોઢાપરમાર(આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં

(૧) હાજી.

આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે, અને

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) આ ટેબલેટ કઇ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ?

(૩) – તા.૦૧/૦૮/૨૦૧૭ પહેલાં (૧) Lenovo (૨) Acer અને (૩) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂ.૯૦૦૦/-
– તા.૦૧/૦૮/૨૦૧૭ પછી (૧) Acer અને (૨) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂ.૫૫૦૫.૮૮/- (GST સહિત)

પત્રક

| આણંદ અને ડાંગ જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને આપવામાં આવેલ ટેબલેટની વિગત દર્શાવતુ | | | |
|---|---|---|---|
| ક્રમ | જીલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
| ૧ | આણંદ | આણંદ | ૩૦૭ |
| | | આંકલાવ | ૭૨ |
| | | ઉમરેઠ | ૭૨ |
| | | ખંભાત | ૧૦૫ |
| | | તારાપુર | ૪૨ |
| | | પેટલાદ | ૯૯ |
| | | બોરસદ | ૧૦૧ |
| | | સોજિત્રા | ૬૪ |
| | | કુલ | ૮૬૨ |
| ૨ | ડાંગ | આહવા | ૩૧૬ |
| | | સુબીર | ૯૫ |
| | | વઘઇ | ૯૯ |
| | | કુલ | ૫૧૦ |

---------

કચ્છ અને સાબરકાંઠા જિલ્લામાં બાંધકામ મજુરોના કલ્યાણ માટે ખર્ચ

* ૮૫૭ સંતોકબેન આરેઠીયા(રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજુરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૧) કુલ રૂ.૧૮૪૪.૬૧ કરોડ

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને સાબરકાંઠા જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | કચ્છ | સાબરકાંઠા |
|---|---|---|
| ૨૦૧૬ | ૦.૦૬ | ૧.૨૬ |
| ૨૦૧૭ | ૧.૩૨ | ૧.૪૭ |

---------

છોટા ઉદેપુર તાલુકાના વરઘી ફળિયાને અલગ ગામનો દરજ્જો આપવા બાબત

* ૨ શ્રી મોહનસિંહ રાઠવા(છોટા ઉદેપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૨૦-૦૧-૨૦૧૮ ની સ્થિતિએ છોટા

(૧) સદર દરખાસ્ત સરકારશ્રીને મળેલ નથી.

ઉદેપુર જિલ્લાના છોટા ઉદેપુર તાલુકાના રાયસીંગપુરા(હ) ગામમાંથી વરઘી ફળિયાને અલગ ગામનો દરજ્જો આપવાની દરખાસ્ત સરકારને ક્યારે મળી,

(૨) સદર દરખાસ્ત હાલ ક્યા સ્થળે કેટલા સમયથી પડતર છે, અને કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

(૨) સદર દરખાસ્ત સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફ્તર નિયામકશ્રી, ગાંધીનગર ખાતે તા.૪/૫/૨૦૧૭થી પડતર છે, અને સદર દરખાસ્ત સરકારશ્રીને મળ્યા બાદ જરૂરી ચકાસણી કરી નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

જુનાગઢ અને ભરૂચ જિલ્લામાં બાંધકામ શ્રમિકોને સહાય

* ૯૩૬ શ્રી હર્ષદકુમાર રીબડીયા(વિસાવદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ જુનાગઢ અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| જુનાગઢ | ૧૮૬૩૧ |
| ભરૂચ | ૧૦૪૫૭ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવાવામાં આવેલ નથી.

---------

બનાસકાંઠામાં માનવ ગરીમા યોજના

* ૧૫૯૯ શ્રી શશીકાંત પંડ્યા (ડીસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં માનવ ગરીમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ વિકસતી જાતિની કેટલી અરજી મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી કીટ્સ વિતરણ કરવામાં આવી ?

જવાબ

(૧) ૭૧૫.

(૨) ૭૧૫.

(૩) ૭૧૫.

---------

મોરબી–માળિયા તાલુકામાં મામલતદાર કચેરીમાં સેટ–અપ મંજૂર કરવા બાબત

* ૪૧ શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૮ ની સ્થિતિએ મોરબી જિલ્લા કલેક્ટર કચેરી તથા મોરબી અને માળિયા મામલતદાર કચેરીઓમાં કેટેગરી વાઇઝ કેટલી જગ્યાઓનું સેટઅપ મંજૂર કરવામાં આવ્યું છે,

જવાબ

(૧) ઉક્ત સ્થિતિએ મોરબી જિલ્લા કલેક્ટર કચેરી તથા મોરબી અને માળિયા મામલતદાર કચેરીઓમાં કેટેગરી વાઇઝ મંજૂર સેટઅપ નીચે મુજબ છે.

કલેક્ટર કચેરી, મોરબીઃ

| સંવર્ગ | મંજુર સેટઅપ |
|---|---|
| કલેક્ટર | ૧ |
| નિવાસી અધિક કલેક્ટર | ૧ |
| નાયબ કલેક્ટર | ૨ |
| મામલતદાર | ૨ |
| સ્ટેનોગ્રાફર (ગ્રેડ–૧) | ૧ |
| સ્ટેનોગ્રાફર (ગ્રેડ–૨) | ૧ |

| | |
|---|---|
| નાયબ મામલતદાર | ૧૭ |
| કારકૂન | ૧૭ |
| મહેસૂલી તલાટી | ૧ |
| પટાવાળા | ૧ |

મામલતદાર કચેરીઓઃ

| સંવર્ગ | મોરબી | માળિયા |
|---|---|---|
| મામલતદાર | ૧ | ૧ |
| નાયબ મામલતદાર | ૧૨ | ૧૦ |
| સર્કલ ઑફીસર | ૨ | ૧ |
| કારકૂન | ૧૨ | ૯ |
| મહેસૂલી તલાટી | ૩૬ | ૧૧ |
| પટાવાળા | ૫ | ૪ |

(૨) તે પૈકી સંવર્ગ દીઠ કેટલી જગ્યાઓ હાલ ખાલી છે, અને

(૨) સંવર્ગ દીઠ ખાલી જગ્યાઓ

| સંવર્ગ | જગ્યા |
|---|---|
| મામલતદાર | ૧ |
| સ્ટેનોગ્રાફર (ગ્રેડ-૧) | ૧ |
| સ્ટેનોગ્રાફર (ગ્રેડ-૨) | ૧ |
| નાયબ મામલતદાર | ૧૯ |
| કારકૂન | ૮ |
| મહેસૂલી તલાટી | ૧૪ |
| પટાવાળા | ૮ |

(૩) ખાલી જગ્યાઓ ભરવા સરકારનું શું આયોજન છે, ક્યારે ભરવામાં આવશે ?

(૩) દશ વર્ષિય ભરતી કેલેન્ડર અંતર્ગત વર્ગ-૨ અને વર્ગ-૩ની ખાલી જગ્યાઓ ભરવાનું આયેજન છે. જ્યારે પટાવાળાની સેવાઓ આઊટ સોર્સીંગથી લેવાની રહે છે.

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં આઇ.ટી.આઇ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૮૫૪ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા(અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં આઇ.ટી.આઇ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે, અને

(૩) આ ટેબલેટ કઇ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) - તા.૦૧/૦૮/૨૦૧૭ (૧) Acer (૨) Lenovo અને (૩) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂા.૯૦૦૦/-

- તા.૦૧/૦૮/૨૦૧૭ પછી (૧) Acer (૨) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂા.૫૫૦૫.૮૮/- (GST સહિત)

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કચ્છ | અબડાસા | ૧૨૦ |
| | | અંજાર | ૨૪૩ |
| | | ભચાઉ | ૧૧૨ |
| | | ભુજ | ૨૫૧ |

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| | | ગાંધીધામ | ૧૦૭ |
| | | લખપત | ૧૧૫ |
| | | માંડવી (કચ્છ) | ૧૭૮ |
| | | મુન્દ્રા | ૧૭ |
| | | નખત્રાણા | ૧૧૮ |
| | | રાપર | ૮૭ |
| | | કુલ | ૧૩૪૮ |
| ૨ | બનાસકાંઠા | અમીરગઢ | ૭૯ |
| | | ભાભર | ૩૧ |
| | | દાંતા | ૭૧ |
| | | દાંતીવાડા | ૫૪ |
| | | ડીસા | ૧૬૭ |
| | | દિયોદર | ૫૬ |
| | | ધાનેરા | ૫૦ |
| | | કાંકરેજ | ૧૦૨ |
| | | લાખણી | ૦૪ |
| | | પાલનપુર | ૩૦૬ |
| | | સુઈગામ | ૪૬ |
| | | થરાદ | ૭૫ |
| | | વડગામ | ૪૧ |
| | | વાવ | ૩૫ |
| | | કુલ | ૧૧૧૭ |

---------

વલસાડ અને નવસારી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૦૧૧ શ્રી જીતુભાઈ ચૌધરી(કપરાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વલસાડ અને નવસારી જિલ્લાની રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર અંડર ગ્રેજ્યુએટ, સ્નાતક અને અનુસ્નાતક કેટલા બેરોજગાર નોંધાયેલા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલા શિક્ષિત બેરોજગારોને સરકારી અને ખાનગી એકમોમાં નોકરી આપવામાં આવેલ છે ?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ શિક્ષિત બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧૪૬૪૪ |
| ૨ | નવસારી | ૧૧૭૯૯ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો | | | |
|---|---|---|---|---|---|
| | | અંડર ગ્રેજ્યુએટ | સ્નાતક | અનુ. સ્નાતક | કુલ |
| ૧ | વલસાડ | ૯૬૦૭ | ૪૪૫૦ | ૫૮૭ | ૧૪૬૪૪ |

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર નોકરી અપાયેલ બેરોજગારો | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | વલસાડ | ૨૦૧૬ | ૦૦ | ૧૯૮૪૩ | ૧૯૮૪૩ |
| | | ૨૦૧૭ | ૦૬ | ૨૦૯૫૯ | ૨૦૯૬૫ |
| | | કુલ | ૦૬ | ૪૦૮૦૨ | ૪૦૮૦૮ |
| ૨ | નવસારી | ૨૦૧૬ | ૦૦ | ૪૬૦ | ૪૬૦ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૯૨ | ૯૨ |

## અતારાંકિત પ્રશ્નો

---------

### ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના છાત્રાલયો

* ૧૫૭૨ શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર દક્ષિણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા છાત્રાલયો ચાલે છે, | (૧) સરકારી છાત્રાલય–૦૨<br>ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય–૪૦. |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં આવેલ છાત્રાલયોની માન્ય સંખ્યા કેટલી છે, | (૨) સરકારી છાત્રાલય કુલ–૨૪૫<br>ગ્રાન્ટ ઈન એઈડ કુલ–૧૭૪૯. |
| (૩) વર્ષ ૨૦૧૭–૧૮ માં ઉક્ત સ્થિતિએ છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે, અને | (૩) સરકારી છાત્રાલય કુલ–૨૩૯<br>ગ્રાન્ટ ઈન એઈડ કુલ–૧૬૯૦. |
| (૪) ઉક્ત સ્થિતિએ છાત્રાલયમાં શું શું સગવડતાઓ આપવામાં આવે છે ? | (૪) છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમત ગમતના સાધનો, બુકબેંક પુસ્તકો વિગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

---------

### વિભાગ દ્વારા વિવિધ વર્ગો માટે ફાળવેલ બજેટ

* ૯૦૭ શ્રી સોમાભાઈ કોળી પટેલ (લીંબડી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને લઘુમતીઓ માટે કેટલું બજેટ ફાળવવામાં આવ્યું, અને

(૨) ફાળવેલ બજેટ પૈકી ઉક્ત વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

| ક્રમ | ૨૦૧૬–૧૭ (રૂ.લાખમાં) | ૨૦૧૭–૧૮ (ડીસેમ્બર–૨૦૧૭) (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૧,૮૫,૭૩૮.૮૧ | ૧,૫૮,૩૩૯.૭૨ |
| ૨ | ૧,૬૬,૦૬૪.૫૫ | ૧૦૧,૭૪૧.૯૦ |

---------

### બનાસકાંઠા જિલ્લાના પુર પ્રભાવિત ખેડૂતોને ચૂકવાયેલ વળતર

* ૧૦૪૨ શ્રી શિવાભાઈ ભુરીયા (દિયોદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ગત વર્ષે થયેલ અતિવૃષ્ટિથી પ્રભાવિત થયેલ ખેડૂત ખાતેદારોને ઉક્ત સ્થિતિ સુધીમાં વળતર ચૂકવાયેલ નથી તેમને વળતર ચૂકવવાનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ગત વર્ષે થયેલ અતિવૃષ્ટિથી પ્રભાવિત થયેલ ખેડૂત ખાતેદારોને ઉકત સ્થિતિમાં પાક નુકશાની/જમીન ધોવાણનું ચુકવણું તા.૩૧–૧–૧૮ સુધીમાં પૂર્ણ થયેલ છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં વળતર ચૂકવવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### વડોદરા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ

* ૧૫૮૨ શ્રી શૈલેષભાઇ મહેતા (ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૭૬૬ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૬૬ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૭૬૬ લાભાર્થીઓને રૂ.૧૧,૦૯,૫૦૦/– (અંકે રૂપિયા અગીયાર લાખ નવ હજાર પાંચસો પુરા) ની |

શિષ્યવૃતિ ચુકવવામાં આવી.

---------

ભાવનગર અને અમરેલી જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી બાબત

* ૯૫૭ શ્રી કનુભાઈ બારૈયા (તળાજા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં ભાવનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) આવી પડતર ફરીયાદનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની ભાવનગર જિલ્લામાં ૪૯૪ અને અમરેલી જિલ્લામાં ૮૪૯ ફરીયાદો મળી.

(૨) ભાવનગર જિલ્લામાં તમામ ૪૯૪ અને અમરેલી જિલ્લામાં ૭૨૦ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) અમરેલી જિલ્લામાં ૧૨૯ ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે.

મૂળ સરવે નંબરના પૈકી ભાગની માપણી અગાઉ થયેલ ના હતી. રી સરવે માપણી દરમિયાન સદર નંબરોના ક્ષેત્રફળમાં વધ–ઘટ મળતાં ખાતેદાર તરફથી મોટા પ્રમાણમાં વાંધા મળેલ છે. તથા સર્વેયરોની ખાલી જગ્યાઓના કારણે નિકાલ કામગીરીમાં વિલંબ થયેલ હોઈ ફરીયાદોનો નિકાલ બાકી રહેલ છે.

(૪) પડતર ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવનાર છે.

---------

મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૮૭૫ ડૉ. આશા પટેલ (ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી ?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | મહેસાણા | ૨૭૮૧૮ | ૬૪૩ | ૨૮૪૬૧ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ:૨૦૧૭ | વર્ષ:૨૦૧૭ | કુલ |
| ૧ | મહેસાણા | ૯૦૦૯ | ૯૭૩૩ | ૧૮૭૪૨ |
| ૨ | પંચમહાલ | ૧૬૪૮૦ | ૧૭૭૫૦ | ૩૪૨૩૦ |

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર અપાયેલ રોજગારી | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | મહેસાણા | ૨૦૧૬ | ૯૪ | ૮૯૧૫ | ૯૦૦૯ |
| | | ૨૦૧૭ | ૧૯૮ | ૯૫૩૫ | ૯૭૩૩ |
| | | કુલ | ૨૯૨ | ૧૮૪૫૦ | ૧૮૭૪૨ |
| ૨ | પંચમહાલ | ૨૦૧૬ | ૦૦ | ૧૬૪૮૦ | ૧૬૪૮૦ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૧૭૭૫૦ | ૧૭૭૫૦ |

---------

ફાલ્ગુન ૭, ૧૯૩૯ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### ભરૂચ જિલ્લામાં વૃદ્ધોને પેન્શન

* ૧૫૯૩ શ્રી અરૂણસિંહ રણા (વાગરા): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૧૩૩૭

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૯૬ |
| ૨ | વાગરા | ૪૯ |
| ૩ | અંકલેશ્વર | ૯ |
| ૪ | હાંસોટ | ૨૦ |
| ૫ | ઝઘડીયા | ૨૧૫ |
| ૬ | વાલીયા | ૬૩ |
| ૭ | નેત્રંગ | ૪૬૬ |
| ૮ | જંબુસર | ૧૧૦ |
| ૯ | આમોદ | ૩૦૯ |
| | કુલ | ૧૩૩૭ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરી, અને

(૨) ૧૧૨૭

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજી |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૮૫ |
| ૨ | વાગરા | ૪૫ |
| ૩ | અંકલેશ્વર | ૮ |
| ૪ | હાંસોટ | ૧૬ |
| ૫ | ઝઘડીયા | ૧૮૯ |
| ૬ | વાલીયા | ૬૩ |
| ૭ | નેત્રંગ | ૪૪૪ |
| ૮ | જંબુસર | ૫૩ |
| ૯ | આમોદ | ૨૨૪ |
| | કુલ | ૧૧૨૭ |

(૩) કેટલી નામંજુર કરી ?

(૩) ૧૮૭

| ક્રમ | તાલુકાનું નામ | નામંજૂર અરજી |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૧ |
| ૨ | વાગરા | ૩ |
| ૩ | અંકલેશ્વર | ૧ |
| ૪ | હાંસોટ | ૪ |
| ૫ | ઝઘડીયા | ૨૬ |
| ૬ | વાલીયા | ૦ |
| ૭ | નેત્રંગ | ૨૨ |
| ૮ | જંબુસર | ૩૫ |
| ૯ | આમોદ | ૮૫ |
| | કુલ | ૧૮૭ |

---------

### મહેસાણા જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ

* ૧૫૮૧ શ્રી રમણભાઈ પટેલ (વિજાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૧૧૩૯.

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને — (૨) ૧૧૩૫.

(૩) કેટલી રકમ ચુકવવામાં આવી ? — (૩) કુલ ૧૧૩૫ લાભાર્થીઓને રૂ.૧૩,૪૫,૯૦૦/- (અંકે રૂપિયા તેર લાખ પીસ્તાલીસ હજાર નવસો પુરા) ની શિષ્યવૃતિ ચુકવવામાં આવી.

---------

વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના અન્વયે મળેલ અરજીઓ

* ૧૫૭૧ શ્રી અભેસિંહ તડવી (સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજી આવી, | (૧) ૧૬૩. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૫૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩૩,૮૧,૦૦૦/-. |

---------

નવસારી જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૧૬૦૬ શ્રી નરેશભાઈ પટેલ (ગણદેવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારી મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૭-૧૮માં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૧,૪૭૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૪૭૫. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧,૪૭૫. |

---------

ભાવનગર જિલ્લામાં વિકલાંગોને સાધન સહાય

* ૧૫૮૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૬૫. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૬૩. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) કુલ ૨૬૩ લાભાર્થીઓને રૂ.૧૭,૫૫,૭૫૧/- (અંકે રૂપિયા સત્તર લાખ પંચાવન હજાર સાતસો એકાવન પુરા)ની સહાય ચુકવવામાં આવી. |

---------

મહિસાગર અને સુરત જિલ્લામાં બાંધકામ શ્રમિકોને આવાસ સહાય

* ૯૭૨ શ્રી કાંતિભાઈ પરમાર (ઠાસરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ મહિસાગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| મહિસાગર | ૧૦૭૩૯ |
| સુરત | ૧૯૯૭૧ |

(૨) નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

---------

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ પડવાથી મકાનોને થયેલ નુકશાન સહાય

* ૧૦૧૫ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પડેલ ભારે વરસાદના કારણે થયેલ મકાનોના નુકશાનની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧૬૨. |
| (૨) તે અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ મંજુર કરી, કેટલી સહાય ચુકવવામાં આવી, | (૨) ૧૪૧૬૨ અરજીઓ પૈકી નીચે દર્શાવ્યા મુજબ તાલુકાવાર ચુકવવા પાત્ર ૧૦૭૩૭ અરજીઓ મંજૂર કરી રૂ. ૧૨૯૮.૯૫ લાખની સહાયનું ચુકવણુ કરવામાં આવેલ છે. |

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ પૈકી મંજુર કરેલ અરજીઓ | ચુકવાયેલ સહાયની વિગત (લાખમાં) |
|---|---|---|
| અમીરગઢ | ૧૧૬ | ૨.૯૭ |
| ભાભર | ૧૨૪ | ૧૦.૩૮ |
| દાંતા | ૧૪૯ | ૧૩.૭૦ |
| દાંતીવાડા | ૨૩૩ | ૧૯.૮૪ |
| ધાનેરા | ૨૪૦૬ | ૩૩૮.૯૫ |
| દિયોદર | ૩૬૮ | ૩૦.૭૯ |
| ડીસા | ૧૬૨૯ | ૧૪૫.૫૩ |
| કાંકરેજ | ૨૪૭૭ | ૩૪૭.૧ |
| પાલનપુર | ૩૪૯ | ૨૦.૫૩ |
| થરાદ | ૧૫૪૩ | ૨૨૪.૦૬ |
| વાવ | ૮૯૭ | ૯૧.૩૫ |
| વડગામ | ૧૭૬ | ૨૭.૬૮ |
| લાખણી | ૧૮૧ | ૧૯.૭૫ |
| સુઇગામ | ૮૯ | ૬.૫૦ |

| | |
|---|---|
| (૩) કેટલી અરજીઓ શા કારણો થી પડતર છે, અને | (૩) પડતર નથી. |
| (૪) અને ઉકત અરજીઓનો ક્યા સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન નથી. |

---------

ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી

* ૯૪૨ શ્રી વિમલભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરીયાદો મળી, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની ગીર–સોમનાથ જિલ્લામાં ૪૨૯ અને પોરબંદર જિલ્લામાં ૩૬૭૬ ફરીયાદો મળી. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું, | (૨) ગીર–સોમનાથ જિલ્લામાં તમામ ૪૨૯ અને પોરબંદર જિલ્લામાં ૩૫૦૬ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું. |
| (૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) પોરબંદર જિલ્લામાં ૧૭૦ ફરીયાદોનો નિકાલ બાકી છે.<br>– મૂળ સરવે નંબરના પૈકી ભાગની માપણી અગાઉ થયેલ |

ન હતી. રી સરવે માપણી દરમિયાન સદર નંબરોના ક્ષેત્રફળમાં વધ-ઘટ મળતાં ખાતેદાર તરફથી મોટા પ્રમાણમાં વાંધા મળેલ છે. તથા સર્વેયેરોની ખાલી જગ્યોઓના કારણે નિકાલ કામગીરીમાં વિલંબ થયેલ હોઇ ફરીયાદોનો નિકાલ બાકી છે.

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે ?

(૪) પડતર ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

જૂનાગઢ જિલ્લામાં નવી જમીન માપણીની ફરીયાદોનો નિકાલ

* ૬૭ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૭ની સ્થિતિએ તાલુકાવાર નવી જમીન માપણીની ૩૧૫૭ ફરીયાદો પડતર હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે પૈકી કેટલી ફરીયાદોનો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) તમામ ૩૧૫૭ ફરીયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલ ફરીયાદોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમરેલી અને મહીસાગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૫૪ શ્રી અમરીષભાઈ ડેર (રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે, અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ? | (૩) - તા. ૦૧-૦૮-૨૦૧૭ પહેલાં Lenovo અને (૨) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂ. ૯૦૦૦/-<br>- તા. ૦૧-૦૮-૨૦૧૭ પછી (૧) Acer અને (૨) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂા. ૫૫૦૫.૮૮/-<br>( GST સહિત) |

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | અમરેલી | ૪૦૧ |
| | | કુંકાવાવ | ૭૨ |
| | | ખાંભા | ૭૭ |
| | | જાફરાબાદ | ૪૮ |
| | | ધારી | ૭૬ |
| | | બગસરા | ૮૫ |
| | | બાબરા | ૮૪ |
| | | રાજુલા | ૬૬ |
| | | લાઠી | ૭૩ |

અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| | | લીલીયા | ૬૧ |
| | | વડીયા | ૭૪ |
| | | સાવરકુંડલા | ૮૦ |
| | | કુલ | ૧૧૯૭ |
| ૨ | મહીસાગર | કડાણા | ૧૨૮ |
| | | ખાનપુર | ૯૬ |
| | | બાલાસિનોર | ૨૪ |
| | | લુણાવાડા | ૧૧૬ |
| | | વીરપુર | ૧૧૫ |
| | | સંતરામપુર | ૧૧૦ |
| | | કુલ | ૫૮૯ |

---------

અમદાવાદ અને બોટાદ જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

* ૯૦૦ શ્રી રાજેશભાઈ ગોહિલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર મળી,

(૧)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે. અંતિત) |
|---|---|---|
| અમદાવાદ | ૪૯ | ૩૫ |
| બોટાદ | ૧૩ | ૧૨ |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે. અંતિત) |
|---|---|---|
| અમદાવાદ | ૩૧ | ૧૭ |
| બોટાદ | ૧૧ | ૬ |

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૩)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે. અંતિત) |
|---|---|---|
| અમદાવાદ | ૧ | ૧૫ |
| બોટાદ | ૦ | ૬ |

(૪) આવી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બને તેટલી ઝડપથી

---------

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકા મથકે આવેલ જનસેવા કેન્દ્ર બાબત

* ૭૨ શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકા મથકે આવેલ જનસેવા કેન્દ્રમાં ૩૧મી ડિસેમ્બરની સ્થિતિએ ઓછી સંખ્યામાં કોમ્પ્યુટર તથા કોમ્પ્યુટર ઓપરેટરોને કારણે અરજદારોને ગા.નં.નં.૭/૧૨, ૮–અ તથા નમૂના નં.–૬ મેળવવા માટે મુશ્કેલી ભોગવવી પડે છે તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી

(૨) જો હા, તો મુશ્કેલી નિવારવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ એક વર્ષમાં શાં પગલાં લીધા છે?

(૨) પ્રશ્ન નથી

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

અતારાંકિત પ્રશ્નો

---------

ખેડા જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૧૬૦૫ શ્રી ગોવિંદભાઈ પરમાર (ઉમરેઠ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૭–૧૮ માં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૦,૮૬૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦,૮૬૭. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૦,૮૬૭. |

---------

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૯૯૦ શ્રી અક્ષયકુમાર પટેલ (કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | વડોદરા | ૩૬૫૪૯ | ૧૩૮૮ | ૩૭૯૩૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ:૨૦૧૬ | વર્ષ:૨૦૧૭ | કુલ |
| ૧ | વડોદરા | ૨૮૬૪૭ | ૨૯૫૪૮ | ૫૮૧૯૫ |
| ૨ | છોટા | ૪૨૨૦ | ૩૬૩૮ | ૭૮૫૮ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી ?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર અપાયેલ રોજગારી | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | વડોદરા | ૨૦૧૬ | ૦૪ | ૨૮૬૪૩ | ૨૮૬૪૭ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૨૯૫૪૮ | ૨૯૫૪૮ |
| | | કુલ | ૦૪ | ૫૮૧૯૧ | ૫૮૧૯૫ |
| ૨ | છોટા | ૨૦૧૬ | ૪૩ | ૪૧૭૭ | ૪૨૨૦ |
| | ઉદેપુર | ૨૦૧૭ | ૨૦ | ૩૬૧૮ | ૩૬૩૮ |

---------

ભરૂચ અને રાજકોટ જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

| | | ગોંડલ | ૩૫૨ |
| | | જસદણ | ૧૧૬ |
| | | જામકંડોરણા | ૫૬ |
| | | જેતપુર | ૩૭ |
| | | ધોરાજી | ૭૪ |
| | | પડધરી | ૯૪ |
| | | રાજકોટ | ૬૨૨ |
| | | લોધિકા | ૩૮ |
| | | વિછીંયા | ૭૩ |
| | | કુલ | ૧૭૧૧ |
| ૨ | મોરબી | ટંકારા | ૭૧ |
| | | માળીયા (મીયાણા) | ૨૬ |
| | | મોરબી | ૧૦૩ |
| | | વાંકાનેર | ૧૨૯ |
| | | હળવદ | ૭૪ |
| | | કુલ | ૪૦૩ |

---------

દાહોદ અને સુરત જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૮૨ શ્રી ભાવેશભાઈ કટારા(ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આઈટીઆઈના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી |
| (૨) જો હા તો, તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે,અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ? | (૩)<br>– તા. ૦૧/૦૮/૨૦૧૭ પહેલાં Lenovo કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂા. ૯૦૦૦/–<br>– તા.૦૧/૦૮/૨૦૧૭ પછી (૧) Acer અને Lenovo કંપની દ્વારા નિર્મિત રૂા. ૫૫૦૫.૮૮/–(GST સહિત) |

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ગરબાડા | ૧૪૦ |
| | | ઝાલોદ | ૧૦૮ |
| | | દાહોદ | ૬૯૧ |
| | | દેવગઢ બારીયા | ૧૧૩ |
| | | ધાનપુર | ૧૦૭ |
| | | ફત્તેપુરા | ૧૧૨ |
| | | રણધીકપુર | ૧૨૭ |
| | | લીમખેડા | ૧૬૬ |
| | | સંજેલી | ૧૨૮ |
| | | કુલ | ૧૬૯૨ |
| ૨ | સુરત | ઉમરપાડા | ૧૩૫ |
| | | ઓલપાડ | ૫૦ |

| | | | |
|---|---|---|---|
| | | કામરેજ | ૬૨ |
| | | ચોર્યાસી | ૬૫ |
| | | પલસાણા | ૩૧ |
| | | બારડોલી | ૨૨૭ |
| | | મહુવા | ૧૫૪ |
| | | માંગરોલ | ૧૪૪ |
| | | માંડવી | ૧૪૩ |
| | | સુરત સીટી | ૮૫૨ |
| | | કુલ | ૧૮૬૩ |

---------

દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૩૨ શ્રી વિક્રમભાઈ માડમ(ખંભાળિયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આઈટીઆઈના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી |
| (૨) જો હા તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે,અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ? | (૩)<br>– તા. ૦૧/૦૮/૨૦૧૭ પહેલાં (૧) Lenovo અને (૨) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂ. ૯૦૦૦/–<br>– તા.૦૧/૦૮/૨૦૧૭ પછી (૧) Acer અને (૨) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂ. ૫૫૦૫.૮૮/– (GST સહિત) |

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ઓખામંડલ | ૧૧૭ |
| | | કલ્યાણપુર | ૪૧ |
| | | ખંભાળિયા | ૧૩૪ |
| | | ભાણવડ | ૧૪૪ |
| | | કુલ | ૪૩૬ |
| ૨ | પોરબંદર | કુતીયાણા | ૧૧૪ |
| | | પોરબંદર | ૧૦૮ |
| | | રાણાવાવ | ૧૪૩ |
| | | કુલ | ૩૬૫ |

---------

પંચમહાલ અને વડોદરા જિલ્લામાં બાંધકામ શ્રમિકોને આવાસ સહાય

* ૯૭૭ શ્રી કાળાભાઈ ડાભી(કપડવંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ પંચમહાલ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને | (૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે. |
| (૨) ઉક્ત નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા | (૨) છેલ્લા બે વર્ષમાં ઉકત જિલ્લાઓમાં આવાસ બાંધવા |

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| પંચમહાલ | ૧૨૭૮૪ |
| વડોદરા | ૨૦૭૬૬ |

## અતારાંકિત પ્રશ્નો

શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | માટે કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

### બનાસકાંઠા જિલ્લામાં સીપુ જળાશયમાં ડુબમાં ગયેલ જમીન

* ૧૫૪૭ શ્રી મહેશકુમાર પટેલ પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના રામપુરા કરજા ગામના ખેડુતોને સીપુ જળાશય યોજનામાં ડુબમાં ગયેલ જમીનની અવેજીમાં જે જમીનની ફાળવણી કરેલ તે જમીનમાં જવાના સીમ રસ્તા જુના નકશામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બતાવેલા છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નવી–માપણીમાં રસ્તાઓને નવા નકશામાં દર્શાવેલ નથી તે ફરિયાદથી પણ સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા તો આ ફરિયાદના નિવારણ માટે સરકારે શા પગલા ભરેલ છે? | (૩) આ ફરિયાદના નિવારણ માટે સરકારે ખેડૂત ખાતેદારો તરફથી વાંધા અરજી આપતાં ખેડૂત ખાતેદારોની હાજરીમાં તા.૦૭/૦૨/૨૦૧૭ ના રોજ માપણી પુર્ણ કરી સ્થળ સ્થિતિ તથા જુના માપણીશીટના રેકર્ડ આધારે રસ્તાઓ બતાવવામાં આવેલા છે. |

---------

### અરવલ્લી અને આણંદ જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ

* ૮૮૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર(મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજૂરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને | (૧) કુલ રૂા.૧૮૪૪.૬૧ કરોડ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને આણંદ જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મજુરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે. |

(રૂા. કરોડમાં)

| વર્ષ | અરવલ્લી | આણંદ |
|---|---|---|
| ૨૦૧૬ | ૧.૨૪ | ૦.૨૦ |
| ૨૦૧૭ | ૦.૭૬ | ૦.૯૦ |

---------

### ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૮૯૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગાંધીનગર અને મહીસાગર જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | ગાંધીનગર | ૧૪૦૧૦ | ૨૧૪૫ | ૧૬૧૫૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ:૨૦૧૬ | વર્ષ:૨૦૧૭ | કુલ |
| ૧ | ગાંધીનગર | ૧૦૬૬૪ | ૧૧૫૬૨ | ૨૨૨૨૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | મહીસાગર | ૧૩૫૮ | ૧૨૭૬ | ૨૬૩૪ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર અપાયેલ રોજગારી | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | ગાંધીનગર | ૨૦૧૬ | ૧૨૨૪ | ૯૪૪૦ | ૧૦૬૬૪ |
| | | ૨૦૧૭ | ૨૩૬ | ૧૧૩૨૬ | ૧૧૫૬૨ |
| | | કુલ | ૧૪૬૦ | ૨૦૭૬૬ | ૨૨૨૨૬ |
| ૨ | મહીસાગર | ૨૦૧૬ | ૦૦ | ૧૩૫૮ | ૧૩૫૮ |
| | | ૨૦૧૭ | ૧૫ | ૧૨૬૧ | ૧૨૭૬ |

---------

જામનગર અને ભાવનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૨૬ શ્રી વલ્લભભાઈ ધારવિયા(જામનગર ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આઈટીઆઈના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી |
| (૨) જો હા તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે,અને | (૨) સામેલ પત્રક મુજબ |
| (૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ? | (૩)<br>- તા. ૦૧/૦૮/૨૦૧૭ પહેલાં (૧) Lenovo કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂા. ૯૦૦૦/-<br>-તા.૦૧/૦૮/૨૦૧૭ પછી (૧)Acer અને (૨) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂા. ૫૫૦૫.૮૮/- (GST સહિત) |

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જામનગર | કાલાવાડ | ૪૯ |
| | | જામ-જોધપુર | ૯૩ |
| | | જામનગર | ૧૧૨૨ |
| | | જોડીયા | ૬૦ |
| | | ધ્રોલ | ૧૨૮ |
| | | લાલપુર | ૧૪૬ |
| | | કુલ | ૧૫૯૮ |
| ૨ | ભાવનગર | ઉમરાળા | ૮૦ |
| | | ગારિયાધાર | ૧૧૪ |
| | | ઘોઘા | ૭૨ |
| | | જેસર | ૯૬ |
| | | તળાજા | ૧૦૫ |
| | | પાલીતાણા | ૧૦૪ |
| | | ભાવનગર | ૭૧૬ |
| | | મહુવા | ૧૧૭ |
| | | વલ્લભીપુર | ૨૭ |
| | | શિહોર | ૧૧૮ |
| | | કુલ | ૧૫૪૯ |

## અતારાંકિત પ્રશ્નો

------ ---

### ખેડા અને આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૯૮૦ શ્રી અજીતસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | ખેડા | ૨૦૫૨૧ | ૪૬૭ | ૨૦૯૮૮ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષ:૨૦૧૬ | વર્ષ:૨૦૧૭ | કુલ |
| ૧ | ખેડા | ૭૭૦૪ | ૧૦૨૭૨ | ૧૭૯૭૬ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર અપાયેલ રોજગારી | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | ખેડા | ૨૦૧૬ | ૦૦ | ૭૭૦૪ | ૭૭૦૪ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૧૦૨૭૨ | ૧૦૨૭૨ |
| | | કુલ | ૦૦ | ૧૭૯૭૬ | ૧૭૯૭૬ |
| ૨ | આણંદ | ૨૦૧૬ | ૦૨ | ૧૧૮૨૩ | ૧૧૮૨૫ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૧૨૩૪૬ | ૧૨૩૪૬ |

---------

### ખેડા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

* ૯૭૧ શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર (મહુધા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ ખેડા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર મળી,

(૧)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ખેડા | ૭ | ૪ |
| દેવભૂમિ દ્વારકા | ૪ | ૯ |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જીલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ખેડા | ૩ | ૩ |
| દેવભૂમિ દ્વારકા | ૩ | ૨ |

(૩) જીલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૩)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ખેડા | ૦ | ૦ |
| દેવભૂમિ દ્વારકા | ૦ | ૬ |

(૪) આવી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બને તેટલી ઝડપથી

---------

અમદાવાદ અને દાહોદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૮૯૩ શ્રી લાખાભાઇ ભરવાડ (વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને દાહોદ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધ શિક્ષિત | કુલ |
| ૧ | અમદાવાદ | ૫૭૨૦૮ | ૫૪૦૦ | ૬૨૬૦૮ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષઃ૨૦૧૬ | વર્ષઃ૨૦૧૭ | કુલ |
| ૧ | અમદાવાદ | ૪૪૧૨૭ | ૫૫૫૧૭ | ૯૯૬૪૪ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાને ખાનગી રોજગારી મળી?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર નોકરી અપાયેલ બેરોજગારો | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | અમદાવાદ | ૨૦૧૬ | ૧૧૭ | ૪૪૦૧૦ | ૪૪૧૨૭ |
| | | ૨૦૧૭ | ૨૯૪ | ૫૫૨૨૩ | ૫૫૫૧૭ |
| | | કુલ | ૪૧૧ | ૯૯૨૩૩ | ૯૯૬૪૪ |
| ૨ | દાહોદ | ૨૦૧૬ | ૪૮૨ | ૧૬૮૦ | ૨૧૬૨ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૩૩૭૪ | ૩૩૭૪ |

---------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં શિક્ષિત બેરોજગારો

* ૧૦૧૯ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લા રોજગાર કચેરીઓમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) | | |
|---|---|---|---|---|
| | | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| ૧ | ગીર સોમનાથ | ૭૫૦૧ | ૧૮૬ | ૭૬૮૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષવાર અપાયેલ રોજગારી | | |
|---|---|---|---|---|
| | | વર્ષઃ૨૦૧૬ | વર્ષઃ૨૦૧૭ | કુલ |
| ૧ | ગીર સોમનાથ | ૩૭૪૨ | ૫૫૧૦ | ૯૨૫૨ |

(૩) આપવામાં આવેલ રોજગારી પૈકી જિલ્લાવાર કેટલા બેરોજગારોને સરકારી અને કેટલાના ખાનગી રોજગારી મળી?

(૩)

| ક્રમ | જિલ્લાનું નામ | જિલ્લાવાર અપાયેલ રોજગારી | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | ગીર સોમનાથ | ૨૦૧૬ | ૦૨ | ૩૭૪૦ | ૩૭૪૨ |
| | | ૨૦૧૭ | ૦૧ | ૫૫૦૯ | ૫૫૧૦ |
| | | કુલ | ૦૩ | ૯૨૪૯ | ૯૨૫૨ |
| ૨ | જૂનાગઢ | ૨૦૧૬ | ૦૪ | ૨૯૯૯ | ૩૦૦૩ |
| | | ૨૦૧૭ | ૫૯ | ૩૩૧૫ | ૩૩૭૪ |

---------

અમદાવાદ અને નર્મદા જિલ્લામાં જમીન રી-સર્વેની કામગીરી

* ૧૦૦૧ શ્રી પુનાભાઇ ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી-સર્વેની કામગીરીમાં તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરીયાદો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી-સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની તાપી જિલ્લામાં ૨૨૧ અને સુરત જિલ્લામાં ૫૭૮ ફરીયાદો મળી.

(૨) તાપી જિલ્લામાં તમામ ૨૨૧ અને સુરત જિલ્લામાં ૫૩૦ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) સુરત જિલ્લામાં ૪૮ ફરીયાદોનો નિકાલ બાકી છે.
- મૂળ સરવે નંબરના પૈકી ભાગની માપણી અગાઉ થયેલ ન હતી. રી સરવે માપણી દરમિયાન સદર નંબરોના ક્ષેત્રફળમાં વધ-ઘટ મળતાં ખાતેદાર તરફથી મોટા પ્રમાણમાં વાંધા મળેલ છે. તથા સર્વેયરોની ખાલી જગ્યાઓના કારણે નિકાલ કામગીરીમાં વિલંબ થયેલ હોઇ ફરીયાદોનો નિકાલ બાકી છે.

(૪) પડતર ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

અમરેલી અને મહેસાણા જિલ્લામાં બાંધકામ શ્રમિકોને આવાસ સહાય

* ૯૫૩ શ્રી જે.વી.કાકડીયા (ધારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૨૯૪૨ |
| મહેસાણા | ૧૦૭૯૨ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં જમીન રી-સર્વેની કામગારી

* ૮૬૭ શ્રી અલ્પેશ ઠાકોર (રાધનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે

વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરીયાદો મળી,

વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની પાટણ જિલ્લામાં ૯૮૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૭૭૭૧ ફરીયાદો મળી.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૨) પાટણ જિલ્લામાં તમામ ૯૮૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૮૩૫૦ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ૯૪૨૧ ફરીયાદોનો નિકાલ બાકી છે.
– મૂળ સરવે નંબરના પૈકી ભાગની માપણી અગાઉ થયેલ ન હતી. રી સરવે માપણી દરમિયાન સદર નંબરોના ક્ષેત્રફળમાં વધ–ઘટ મળતાં ખાતેદાર તરફથી મોટા પ્રમાણમાં વાંધા મળેલ છે. તથા સર્વેયરોની ખાલી જગ્યાઓના કારણે નિકાલ કામગીરીમાં વિલંબ થયેલ હોઇ ફરીયાદોનો નિકાલ બાકી છે.

(૪) આવી પડતર ફરીયાદોનો કયાં સુધી નિકાલ કરવામાં આવશે?

(૪) પડતર ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

મહેસૂલ વિભાગનું સંવર્ગવાર મંજુર મહેકમ

* ૧૫૪૪ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મેહસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહેસૂલ વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) સામેલ પત્રક–૧ મુજબ % |
| (૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી ખાલી છે, અને | (૨) સામેલ પત્રક–૧ મુજબ % |
| (૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલ છે, અને | (૩) સામેલ પત્રક–૧ મુજબ % |
| (૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) ઉક્ત ખાલી જગ્યાઓ વહીવટી અનુકૂળતાએ ભરવામાં આવશે. |

પત્રક–૧

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | કરાર આધારીત | ફિક્સ પગાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | અધિક મુખ્ય સચિવશ્રી | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૨ | કમિશ્નરશ્રી (જ.સુ) અને સચિવશ્રી | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૩ | સંયુક્ત/નાયબ સચિવશ્રી | ૧૦ | ૦૮ | ૦૨ | ૦૧ | – |
| ૪ | ઉપસચિવશ્રી | ૧૧ | ૦૯ | ૦૨ | ૦૧ | – |
| ૫ | સીનીયર નગર નિયોજક | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૬ | કાયદા અધિકારી | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૭ | અંગ્રજી સ્ટેનો ગ્રેડ–૧ | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૮ | સેકશન અધિકારી | ૪૨ | ૨૩ | ૧૯ | ૦૭ | – |
| ૯ | મામલતદાર | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૧૦ | જુનીયર નગર નિયોજક | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૧૧ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૧ | ૦૩ | ૦૩ | ૦૦ | – | – |
| ૧૨ | નાયબ સેકશન અધિકારી | ૧૩૨ | ૧૧૬ | ૧૬ | ૦૧ | ૬૧ |
| ૧૩ | નાયબ મામલતદાર | ૦૩ | ૦૩ | ૦૦ | – | |
| ૧૪ | પ્લાનીંગ આસિસ્ટન્ટ | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ મહેકમ | ભરેલ જગ્યા | ખાલી જગ્યા | કરાર આધારીત | ફિક્સ પગાર |
|---|---|---|---|---|---|---|
| ૧૫ | કારકૂન | ૦૧ | ૦૧ | ૦૦ | – | – |
| ૧૬ | ઓફિસ આસિસ્ટન્ટ | ૪૭ | ૩૮ | ૦૯ | ૦૧ | ૩૭ |
| ૧૭ | અંગત મદદનીશ (ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૨) | ૧૦ | ૦૬ | ૦૪ | – | ૦૧ |
| ૧૮ | અંગત મદદનીશ (અંગ્રેજી સ્ટેનો ગ્રેડ–૨) | ૦૩ | ૦૦ | ૦૩ | – | – |
| ૧૯ | ગુજરાતી સ્ટેનો ગ્રેડ–૩ | ૦૧ | ૦૧ | ૦૦ | – | ૦૧ |
| ૨૦ | ગુજરાતી ટાઇપિસ્ટ | ૧૮ | ૦૨ | ૧૬ | – | – |
| ૨૧ | અંગ્રેજી ટાઇપસ્ટ | ૦૪ | ૦૦ | ૦૪ | – | – |
| ૨૨ | ડ્રાઇવર | ૦૫ | ૦૫ | ૦૦ | – | – |
| ૨૩ | હવાલદાર | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૨૪ | નાયક | ૦૬ | ૦૧ | ૦૫ | – | – |
| ૨૫ | રોનિયો ઓપરેટર | ૦૧ | ૦૦ | ૦૧ | – | – |
| ૨૬ | પટાવાળા | ૩૩ | ૧૩ | ૨૦ | – | – |
| ૨૭ | હમાલ | ૦૩ | ૦૦ | ૦૩ | – | – |

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ

* ૯૨૨ શ્રી પ્રવીણભાઇ મુસડીયા (કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજુરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

જવાબ

(૧) કુલ રૂ. ૧૮૪૪.૬૧ કરોડ

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | જામનગર | દેવભુમિ દ્વારકા |
|---|---|---|
| ૨૦૧૬ | ૦.૬૨ | ૦.૦૮ |
| ૨૦૧૭ | ૦.૫૧ | ૦.૦૪ |

---------

ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

* ૮૮૮ શ્રી સુરેશકુમાર પટેલ (માણસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ ગાંધીનગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

જવાબ

(૧)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ગાંધીનગર | ૧૦ | ૧૨ |
| પંચમહાલ | ૧ | ૨ |

(૨)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ગાંધીનગર | ૭ | ૪ |
| પંચમહાલ | ૦ | ૦ |

(૩)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ગાંધીનગર | ૦ | ૬ |
| પંચમહાલ | ૦ | ૨ |

(૪) આવી પડતર અરજીઓનો કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

(૪) બને તેટલી ઝડપથી.

---------

આણંદ અને વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારો

* ૧૫૪૨ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને વડોદરા જિલ્લામાં કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને સ્થાયી અને અસ્થાયી રોજગારી આપવામાં આવી?

જવાબ

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | નોંધાયેલ બેરોજગારો (લાઈવ રજિસ્ટર મુજબ) |
|---|---|---|
| ૧ | આણંદ | ૨૨૫૫૫ |
| ૨ | વડોદરા | ૩૬૫૪૯ |

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | સ્થાયી | અસ્થાયી | કુલ |
|---|---|---|---|---|
| | | વર્ષઃ૨૦૧૬ | વર્ષઃ૨૦૧૭ | કુલ |
| ૧ | આણંદ | ૪૭૧૦ | ૧૯૪૬૧ | ૨૪૧૭૧ |

---------

અમદાવાદ અને નર્મદા જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી

* ૮૯૭ શ્રી હિંમતસિંહ પટેલ (બાપુનગર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં અમદાવાદ અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરીયાદો મળી,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની અમદાવાદ જિલ્લામાં ૧૦૪૮૭ અને નર્મદા જિલ્લામાં ૮૦ ફરીયાદો મળી.

(૨) અમદાવાદ જિલ્લામાં ૬૫૬૬ અને નર્મદા જિલ્લામાં ૭૪ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) ઉક્ત સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૩૯૧૨ અને નર્મદા જિલ્લામાં ૬ ફરીયાદોનો નિકાલ બાકી છે.

– મૂળ સરવે નંબરના પૈકી ભાગની માપણી અગાઉ થયેલ ન હતી. રી સરવે માપણી દરમિયાન સદર નંબરોના ક્ષેત્રફળમાં વધ–ઘટ મળતાં ખાતેદાર તરફથી મોટા પ્રમાણમાં વાંધા મળેલ છે. તથા સર્વેયરોની ખાલી જગ્યાઓના કારણે નિકાલ કામગીરીમાં વિલંબ થયેલ હોઇ ફરીયાદોનો નિકાલ બાકી છે.

(૪) પડતર ફરીયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવશે.

---------

નવસારી અને વલસાડ જિલ્લામાં આઇ.ટી.આઇ તાલીમાર્થીઓને ટેબલેટ

* ૧૦૧૦ શ્રી અનંતકુમાર પટેલ (વાંસદા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આઈટીઆઈના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) હા,જી

(૨) સામેલ પત્રક મુજબ

વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે,અને

(૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ?

(૩)
– તા. ૦૧/૦૮/૨૦૧૭ પહેલાં (૧) Lenovo અને (૨) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂા. ૯૦૦૦/–
– તા.૦૧/૦૮/૨૦૧૭ પછી (૧) Acer અને (૨)Lenovo કંપની દ્વારા નિર્મિત રૂા. ૫૫૦૫.૮૮/– (GST સહિત)

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નવસારી | ખેરગામ | ૧૧૮ |
| | | ગણદેવી | ૯૪૧ |
| | | ચીખલી | ૨૩૯ |
| | | જલાલપોર | ૨૪ |
| | | નવસારી | ૨૪૩ |
| | | વાંસદા | ૧૦૨ |
| | | કુલ | ૧૬૬૭ |
| ૨ | વલસાડ | ઉમરગામ | ૧૧૨ |
| | | કપરાડા | ૧૦૭ |
| | | ધરમપુર | ૧૩૫ |
| | | પારડી | ૪૨૫ |
| | | વલસાડ | ૨૦૪ |
| | | વાપી | ૮૪ |
| | | કુલ | ૧૦૬૭ |

---------

આણંદ અને ડાંગ જિલ્લામાં બાંધકામ શ્રમિકોને આવાસ સહાય

* ૯૬૨ શ્રી કાન્તીભાઇ સોઢા પરમાર (આણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ આણંદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૭૫૬૪ |
| ડાંગ | ૨૩૨૮ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

કચ્છ અને બોટાદ જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી બાબત

* ૮૫૯ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં કચ્છ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરિયાદો મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની કચ્છ જિલ્લામાં ૫૭૩ અને બોટાદ જિલ્લામાં ૧૫૫૦ ફરીયાદો મળી.

(૨) ઉક્ત સ્થિતિએ કચ્છ અને બોટાદ જિલ્લામાં તમામ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં બાધકામ શ્રમિકોને સહાય

* ૯૦૯ શ્રી સોમાભાઇ કોળી પટેલ (લીંબડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવમાં આવી ?

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૧૦૪૫ |
| ભાવનગર | ૧૦૭૦૦ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૮૭૭ શ્રી આશા પટેલ(ઉંઝા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે, અને

(૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) (૧) Acer (૨) Lenovo અને (૩) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂ.૯૦૦૦/-

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | મહેસાણા | બહેચરાજી | ૪૪ |
| | | જોટાણા | ૦૦ |
| | | કડી | ૦૦ |
| | | ખેરાલુ | ૪૫ |
| | | મહેસાણા | ૪૮ |
| | | સતલાસણા | ૦૦ |
| | | ઉંઝા | ૧૧ |
| | | વડનગર | ૫૩ |
| | | વિજાપુર | ૪૦ |
| | | વિસનગર | ૦૦ |
| | | કુલ | ૨૪૧ |
| ૨ | ગાંધીનગર | દહેગામ | ૭૬ |
| | | ગાંધીનગર | ૨૪૬ |
| | | કલોલ | ૦૦ |
| | | માણસા | ૦૦ |
| | | કુલ | ૩૨૨ |

## અતારાંકિત પ્રશ્નો

---------

### માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન અને નિરાધાર વૃધ્ધ સહાય યોજના

* ૬૯ શ્રી જવાહરભાઇ ચાવડા (માણાવદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર, વંથલી અને મેંદરડા તાલુકામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના તથા નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) ઉક્ત તમામ પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પડતર અરજીઓ | |
|---|---|---|---|
| | | ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | નિરાધાર વૃધ્ધ પેન્શન યોજના |
| ૧ | માણાવદર | ૧૭ | ૧૨ |
| ૨ | વંથલી | ૧ | ૩ |
| ૩ | મેંદરડા | ૦ | ૬ |
| | કુલ | ૧૮ | ૨૧ |

(૨) ઉક્ત અરજીઓ તલાટી કમ મંત્રીશ્રી/સર્કલ ઓફીસરશ્રી પાસે ખરાઇમાં હોવાના કારણે પડતર છે.

(૩) ઉક્ત તમામ પડતર અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે

---------

### બોટાદ અને નવસારી જિલ્લામાં બાંધકામ શ્રમિકોને આવાસ સહાય

* ૯૫૬ શ્રી અમરીષભાઇ ડેર (રાજુલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ બોટાદ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવમાં આવી ?

**જવાબ**

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| બોટાદ | ૧૩૬૩૮ |
| નવસારી | ૫૫૦૯ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

### સાવરકુંડલા તથા લીલીયા આઈ.ટી.આઇમાં ટ્રેડવાર ખાલી જગ્યા

* ૭૦ શ્રી પ્રતાપ દૂધાત (સાવરકુંડલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા આઈ.ટી.આઇમાં તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા ટ્રેડવાર કઇ કઇ જગ્યાઓ મંજુર થઇ છે.

(૨) ઉક્ત મંજુર થયેલ જગ્યાઓ પૈકી કઇ કઇ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ

(૨) પત્રક-૧ મુજબ

(૩) વહીવટી અનુકુળતા ધ્યાને લઈ બનતી ત્વરાએ

| પત્રક-૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું | આઇ.ટી.આઇ.નું | ટ્રેડનુ નામ | મંજુર થયેલ | ખાલી | જગ્યા ક્યારથી ખાલી |

| | નામ | નામ | | સુપરવાઇઝર (ટ્રેડ)ઇન્સ્ટ્રક્ટરની જગ્યાની સંખ્યા | જગ્યાની સંખ્યા | છે. |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમરેલી | સાવરકુંડલા | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ એન્ડ આસીસ્ટન્ટ | ૩ | ૧ | તા.૧/૫/૨૦૧૩ |
| | | | વાયરમેન | ૩ | ૩ | તા.૧૦/૯/૨૦૧૫ |
| | | | | | | તા.૧૧ /૧૦/૨૦૧૬ |
| | | | | | | તા.૧૧ /૧૦/૨૦૧૬ |
| | | | ઇલેક્ટ્રીશીયન | ૨ | ૧ | તા.૧/૫/૨૦૧૩ |
| | | | મીકેનીક મોટર વ્હીકલ | ૨ | ૧ | તા.૧૮/૧૦/૨૦૧૭ |
| | | લીલીયા | ફીટર | ૨ | ૧ | તા.૨૧/૬/૨૦૧૧ |
| | | | વાયરમેન | ૨ | ૨ | તા.૧/૯/૨૦૧૩ |
| | | | | | | તા.૬/૧૦/૨૦૧૫ |
| | | | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ એન્ડ આસીસ્ટન્ટ | ૨ | ૧ | તા.૧૮/૪/૨૦૧૩ |
| | | | મીકેનીક ડીઝલ | ૨ | ૨ | તા.૨૧/૬/૨૦૧૧ |
| | | | | | | તા.૨૭/૫/૨૦૧૩ |
| | | | સુઇંગ ટેક્નોલોજી | ૧ | ૦ | – |

---------

### વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બાંધકામ મજૂર કલ્યાણ માટે થયેલ ખર્ચ

* ૯૯૨ શ્રી અક્ષયકુમાર પટેલ(કરજણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ મજુરોના સેસના કાયદા મુજબ વેલ્ફેર ફંડમાં સેસની કુલ કેટલી રકમ જમા થયેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાઓમાં જિલ્લાવાર બાંધકામ મજૂરોના કલ્યાણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કુલ રૂ઼ા. ૧૮૪૪.૬૧ કરોડ

(૨) છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની જિલ્લાવાર માહિતી નીચે પ્રમાણે છે.

(રૂ઼ા. કરોડમા)

| વર્ષ | વડોદરા | છોટાઉદેપુર |
|---|---|---|
| ૨૦૧૬ | ૦.૫૧ | ૦.૨૨ |
| ૨૦૧૭ | ૧.૮૬ | ૦.૯૬ |

---------

### ભરૂચ અને સાબરકાંઠા જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૯૫ શ્રી સંજયભાઇ સોલંકી(જંબુસર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં આઈ.ટી.આઈ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉકત જાહેરાત ક્યારે કરી, તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજનાની જાહેરાત સરકારના તા.૩૦/૮/૨૦૧૪ ના ઠરાવથી થયેલ છે. જ્યારે, ટેબલેટ અપાયેલ તાલીમાર્થીઓની સંખ્યા સામેલ પત્રક મુજબ છે.

(૩) આ ટેબલેટ કઈ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ?

(૩) – તા. ૦૧–૦૮–૨૦૧૭ પહેલાં (૧) Acer (૨) Lenovo (૩) Samsung અને (૪) Dell કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂ. ૯૦૦૦/–
– તા. ૦૧–૦૮–૨૦૧૭ પછી (૧) Acer અને (૨) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂા. ૫૫૦૫.૮૮/– ( GST સહિત)

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | અંકલેશ્વર | ૫૧૭ |
| | | આમોદ | ૩૪ |
| | | જંબુસર | ૧૦૩ |
| | | ઝગડીયા | ૮૬ |
| | | નેત્રંગ | ૧૧૧ |
| | | ભરૂચ | ૬૬ |
| | | વાગરા | ૬૩ |
| | | વાલીયા | ૧૮૯ |
| | | હાંસોટ | ૫૦ |
| | | કુલ | ૧૨૧૯ |
| ૨ | સાબરકાંઠા | હિંમતનગર | ૧૪૯ |
| | | ઇડર | ૧૭૩ |
| | | ખેડબ્રહ્મા | ૧૨૭ |
| | | તલોદ | ૧૧૭ |
| | | પોશીના | ૪૨ |
| | | પ્રાંતિજ | ૧૧૦ |
| | | વડાલી | ૧૬૦ |
| | | વિજયનગર | ૧૧૮ |
| | | કુલ | ૯૯૬ |

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં બાધકામ શ્રમિકોને સહાય

* ૯૧૭ શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| રાજકોટ | ૧૪૫૧૫ |
| મોરબી | ૯૨૭૦ |

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

* ૮૬૨ ગેનીબેન ઠાકોર (વાવ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ બનાસકાંઠા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર

જવાબ

(૧)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| બનાસકાંઠા | ૪૧ | ૩૮ |

મળી,

| | | |
|---|---|---|
| ડાંગ | ૦ | ૦ |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| બનાસકાંઠા | ૩૬ | ૧૬ |
| ડાંગ | ૦ | ૦ |

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૩)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| બનાસકાંઠા | ૦ | ૧૯ |
| ડાંગ | ૦ | ૦ |

(૪) આવી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બને તેટલી ઝડપથી.

---------

ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

* ૯૪૭ શ્રી ભગાભાઈ બારડ (તાલાલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ ગીર–સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર મળી,

(૧)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ગીર–સોમનાથ | ૨૩ | ૧૫ |
| પોરબંદર | ૨ | ૨ |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી,

(૨)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ગીર–સોમનાથ | ૨૦ | ૧૩ |
| પોરબંદર | ૨ | ૨ |

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૩)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| ગીર–સોમનાથ | ૦ | ૦ |
| પોરબંદર | ૦ | ૦ |

(૪) આવી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ

* ૯૪૧ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની શૈક્ષણિક લોન મેળવવા માટેની કેટલી અરજીઓ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર મળી,

(૧)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| જૂનાગઢ | ૧૨ | ૨૪ |
| ભાવનગર | ૪૬ | ૬૮ |

(૨) મળેલ અરજીઓ પૈકી વર્ષવાર, જિલ્લાવાર

(૨)

કેટલી અરજીઓ મંજૂર કરી,

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| જૂનાગઢ | ૮ | ૮ |
| ભાવનગર | ૩૪ | ૨૧ |

(૩) જિલ્લાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૩)

| જિલ્લો | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ (ડિસે.અંતિત) |
|---|---|---|
| જૂનાગઢ | ૦ | ૧૧ |
| ભાવનગર | ૪ | ૩૬ |

(૪) આવી પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) બને તેટલી ઝડપથી.

---------

સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં આઇ.ટી.આઇ. તાલીમાર્થીઓને ટેબલેટ

* ૯૦૫ શ્રી નૌશાદજી સોલંકી (દસાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ રાજ્યમાં આઇ.ટી.આઇ. ના છ માસ કે તેથી વધુ સમયના કોમ્પ્યુટર ટ્રેડ કોર્સમાં પાસ થનાર તાલીમાર્થીઓને ટેબલેટ આપવાની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા તાલીમાર્થીઓને ટેબલેટ આપવામાં આવેલ છે, અને | (૨) સામેલ પત્રક મુજબ. |
| (૩) આ ટેબલેટ કઇ કંપની દ્વારા નિર્મિત છે અને તેની કિંમત શું છે ? | (૩) તા.૧–૮–૨૦૧૭ પહેલાં (1) Lenovo (2) Samsung કંપની દ્વારા નિર્મિત મહત્તમ રૂ.૯૦૦૦/–.<br>– તા.૧–૮–૨૦૧૭ પછી (1) Acer (2) Lenovo કંપની દ્વારા નિર્મિત રૂ.૫૫૦૫.૮૮/– (GST સહિત). |

પત્રક

| ક્રમ | જિલ્લો | તાલુકો | ટેબલેટની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ચુડા | ૭૦ |
| | | ચોટીલા | ૧૦૯ |
| | | થાનગઢ | ૧૪૮ |
| | | દસાડા | ૬૫ |
| | | ધાંગધ્રા | ૨૦૯ |
| | | મુળી | ૨૦૯ |
| | | લખતર | ૪૨ |
| | | લીંબડી | ૬૯ |
| | | વઢવાણ | ૬૦૮ |
| | | સાયલા | ૧૦૩ |
| | | કુલ | ૧૬૩૨ |
| ૨ | બોટાદ | બોટાદ | ૨૧૪ |
| | | ગઢડા | ૧૨૫ |
| | | બરવાળા | ૬૯ |
| | | રાણપુર | ૧૩૦ |
| | | કુલ | ૫૩૮ |

---------

રાજકોટ જિલ્લામાં આશ્રમશાળા/છાત્રાલયો માટેની અરજીઓ

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## અતારાંકિત પ્રશ્નો

* ૧૦૩૦ શ્રી કુંવરજીભાઈ બાવળીયા (જસદણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિ કલ્યાણ માટે નવી આશ્રમશાળા કે છાત્રાલયો શરૂ કરવાની કેટલી અરજીઓ આવી, અને | (૧) આશ્રમશાળા – ૦૦<br>છાત્રાલય – ૦૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી ? | (૨) આશ્રમશાળા – પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>છાત્રાલય – ૦૨. |

---------

બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં બાંધકામ શ્રમિકોને સહાય

* ૮૬૫ શ્રી નાથાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને | (૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે. |

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૧૫૫૩૫ |
| કચ્છ | ૫૮૮૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી. |

---------

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી બાબત

* ૯૮૩ શ્રી ભાવેશભાઈ કટારા (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરિયાદો મળી, | (૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં માપણી રેકર્ડમાં ક્ષતિઓની દાહોદ જિલ્લામાં ૧૭ અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૫ ફરીયાદો મળી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું, | (૨) ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં ૧૭ અને છોટાઉદેપુર જિલ્લામાં ૧૫ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું. |
| (૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) ઉક્ત સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કોઈ ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી નથી. જેથી ફરીયાદો બાકી રહેવાના કારણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે ? | (૪) ઉક્ત સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં કોઈ ફરીયાદ પડતર ન હોઈ નિકાલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બનાસકાંઠા જિલ્લામાં અતિવૃષ્ટિથી મૃત્યુ પામેલ પશુ સહાય

* ૧૬૧૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં જુલાઈ–૨૦૧૭ માં આવેલ ભયાનક પુર તથા અતિવૃષ્ટિમાં તાલુકાવાર કેટલા પશુ મૃત્યુ પામ્યા, | (૧) |

| (૧) | તાલુકાનું નામ | પશુ મૃત્યુ |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૧૦૩ |
| ૨ | ભાભર | ૬૦૪ |
| ૩ | દાંતા | ૪૯ |

| | | |
|---|---|---|
| ૪ | દાંતીવાડા | ૬૧૪ |
| ૫ | ધાનેરા | ૧૯૨૨ |
| ૬ | દિયોદર | ૧૨૫૬ |
| ૭ | ડીસા | ૭૪૬ |
| ૮ | કાંકરેજ | ૩૩૧૬ |
| ૯ | પાલનપુર | ૧૧૦ |
| ૧૦ | થરાદ | ૧૯૭૩ |
| ૧૧ | વાવ | ૧૭૧ |
| ૧૨ | વડગામ | ૭૦ |
| ૧૩ | લાખણી | ૧૪૭૩ |
| ૧૪ | સુઇગામ | ૧૧૬ |
| | કુલ | ૧૨૫૨૩ |

(૨) મૃત્યુ પામેલા પશુઓ પૈકી કેટલા પશુઓની મૃત્યુ સહાય ૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ચુકવવાની બાકી છે,

(૨) પાત્રતા ધરાવતા કુલ ૬૭૧૮ પશુઓના મૃત્યુ પેટે રૂ. ૧૪૭૯.૫૧ લાખની સહાય ચુકવવામાં આવેલ છે. કોઈ ચુકવણી બાકીમાં નથી.

(૩) તે બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન નથી.

(૪) બાકી રહેલી સહાય વહેલામાં વહેલી ક્યાં સુધીમાં ચુકવી આપવામાં આવનાર છે?

(૪) પ્રશ્ન નથી.

---------

અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં બાંધકામ શ્રમિકોને સહાય

* ૮૮૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

જવાબ

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| અરવલ્લી | ૯૭૩૭ |
| બનાસકાંઠા | ૧૧૩૧૨ |

(૨) ઉક્ત નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઇ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

ગીર–સોમનાથ જિલ્લામાં જમીન રીસર્વે માપણી અંગે ફરિયાદો

* ૧૦૨૦ શ્રી પુંજાભાઇ વંશ (ઉના) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની કેટલી ફરિયાદો મળી,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જમીન રી–સર્વેની કામગીરીમાં ગીર–સોમનાથ જિલ્લામાં તાલુકાવાર માપણી રેકર્ડમાં ક્ષતિઓની નીચે મુજબ ફરિયાદો મળી,

| તાલુકો | માપણી રેકર્ડમાં ક્ષતિઓ ની મળેલ ફરિયાદો |
|---|---|
| વેરાવળ | ૬૮ |
| ઉના | ૧૪૮ |
| સુત્રાપાડા | ૨૧૩ |
| તલાલા | ૦ |

| | |
|---|---|
| કોડીનાર | ૦ |
| ગીર | ૦ |
| ગઢડા | |
| કુલ | ૪૨૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલી ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું,

(૨) તે પૈકી તમામ ફરીયાદોનું નિરાકરણ કરવામાં આવ્યું.

(૩) કેટલી ફરીયાદોનો નિકાલ કરવાનો બાકી છે, બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આવી પડતર ફરીયાદોનો ક્યાં સુધી નિકાલ કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

શ્રમ અને રોજગાર વિભાગમાં મંજૂર મહેકમ

* ૧૫૪૫ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧) પત્રક-૧ સામેલ છે

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી અને કેટલી જગ્યા ખાલી છે,

(૨) *પત્રક-૨ સામેલ છે

(૩) ઉક્ત ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારિત અને કેટલી જગ્યા ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૩) *પત્રક-૩ સામેલ છે

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવાની બાબત સામાન્ય વહીવટ વિભાગના કાર્યક્ષેત્રમાં આવે છે, જેથી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ફાળવણી થયે જગ્યાઓ ભરી શકાશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

જામનગર અને પોરબંદર જિલ્લામાં બાંધકામ શ્રમિકોને સહાય

* ૯૨૩ શ્રી પ્રવિણભાઈ મુસડીયા (કાલાવડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જામનગર અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે, અને

(૧) નોંધાયેલા બાંધકામ શ્રમિકોની સંખ્યા નીચે પ્રમાણે છે.

| જિલ્લો | નોંધાયેલ બાંધકામ શ્રમિકોની સંખ્યા |
|---|---|
| જામનગર | ૭૬૯૮ |
| પોરબંદર | ૨૫૯૫ |

(૨) ઉક્ત જિલ્લામાં નોંધાયેલ બાંધકામ શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને આવાસ બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાઓમાં આવાસ બાંધવા માટે કોઈ સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરી કાળ દરમિયાન જવાબ આપવામાં મંત્રીશ્રીએ રાખવાની કાળજી અંગે.**

## પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શૈલેષ  મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.  માનનીય અધ્યક્ષશ્રીઓના અગત્યના નિર્ણયો સને ૧૯૮૫ થી ૨૦૦૨ દરમિયાન જે અગત્યના નિર્ણયો લેવાયા એમાં પાન નં. ૫૮ ઉપર માનનીય મંત્રીશ્રીએ રાખવાની કાળજી છે.  પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મંત્રીશ્રીએ જવાબ આપવામાં કાળજી રાખવી જોઇએ.  ૮મી માર્ચ ૧૯૯૩ના રોજ સભ્યશ્રી નલિનભાઇ ભટ્ટે પ્રશ્નોત્તરી દરમિયાન પૂરી તૈયારી વિના માનનીય મંત્રીશ્રી દ્વારા જવાબ આપવાના કારણે થતા સમયના બગાડ સંબંધમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો હતો.  ઉપરોક્ત બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું.

અધ્યક્ષશ્રી : આજે એવુ કંઇ બન્યું નથી.

શ્રી શૈલેષ  મ. પરમાર : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થવા દો.  આમાં ચોખ્ખું લખ્યું છે કે પ્રશ્નોત્તરી દરમિયાન મંત્રીશ્રીએ કાળજી રાખવી જોઇએ.  આજે જે પણ ઘટના બની એમાં અમારા દંડક માનનીયશ્રી અમિતભાઇ ચાવડાએ ખૂબ કલીયર પ્રશ્ન પૂછ્યો હતો કે, વડોદરામાં ૫ ફરિયાદો છે કે જેનો છેલ્લા બે વર્ષથી નિકાલ આવતો નથી.  ૯૦ દિવસની વાત કરો છો. અમારા વિપક્ષના નેતાશ્રીએ પણ પૂછ્યું પણ માનનીય મંત્રીશ્રીએ એનો જવાબ ન આપ્યો.  ત્રીજો પ્રશ્ન ધારાસભ્ય યોગેશભાઇ પટેલે પૂછ્યો કે વડોદરા અને આણંદમાં જે કિસ્સા બન્યા એમાં કેટલી સરકરી જમીન ઉપર કબજો કરવામાં આવ્યો? આ ત્રણેય પ્રશ્નોના જવાબ માનનીય મંત્રીશ્રીએ સંતોષકારક આપ્યા નથી.  ધારાસભ્ય તરીકે અમારો પૂછવાનો અધિકાર હોય ત્યારે મંત્રીશ્રી પણ એ રીતે બંધાયેલા છે.  અમારા સવાલોનો પૂરેપૂરો એમણે જવાબ આપવો જોઇએ.  હું આપનું રક્ષણ માગું છું અને આપના દ્વારા નિર્ણય લેવામાં આવે કે સભ્યશ્રી દ્વારા પૂશ્ન પૂછવામાં આવે એનો કમ્પ્લીટલી જવાબ આપવામાં આવે એવી વિનંતી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇનો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. કારણ કે વધારે કોઇ સમય ગયો નથી.  માગ્યા મુજબના જવાબો આપ્યા છે.  એ જે નિયમ બતાવે છે તો નિયમ એવો પણ છે કે કોઇ સભ્ય એવો આગ્રહ ન રાખે કે હું ઇચ્છું એવો જવાબ મંત્રીશ્રી આપે.  એવો જવાબ પણ ન હોઇ શકે.  પણ માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇએ આજે ખૂબ વિગતવાર જવાબ આપ્યો છે, નામ સાથે આપ્યો છે અને સમયમર્યાદામાં જવાબ આપ્યો છે એટલે એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એમાં આપનું ધ્યાન દોરવા માગું છું. આ ગૃહમાં સત્તા પક્ષ હોય કે વિપક્ષ, તંદૂરસ્ત ચર્ચાઓથી લોકોની વધુમાં વધુ સમસ્યાઓનું સમાધાન થાય એના માટે આપણે પ્રયાસ કરતા હોઇએ છીએ.  અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫ થી ૨૦૦૨ ના પાન. ૫૮ ઉપર ૫૫ નંબરનો મુદ્દો છે એમના તરફ આપનું ધ્યાન આકર્ષિત કરી અને પ્રશ્નોત્તરીકાળની તંદૂરસ્તી જળવાય, જવાબ સ્વયંસ્પષ્ટ રીતે અપાય તો મને લાગે છે કે આ પ્રશ્ન ઉભો ન થાય.  અમારા સભ્યશ્રીએ બહુ સ્પષ્ટ પ્રશ્ન પૂછ્યો હતો કે બે વર્ષ સુધી વિલંબના કારણો શું છે?  આનો જવાબ જો મંત્રીશ્રીએ આપ્યો હોત તો સારું હતું.  માનનીય યોગેશભાઇનો પ્રશ્ન પણ સ્વયંસ્પષ્ટ હતો કે આ જે ૧૧૯ ફરિયાદો આવી છે એમાં સરકારી જમીન કે મિલકતના દબાણના કેટલા પ્રશ્નો છે?  એનો પણ જો જવાબ માનનીય મંત્રીશ્રીએ વિસ્તૃત ચર્ચામાં વણી લીધો હોત તો સારું હતું.  મેં પણ બહુ સ્પષ્ટ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો પણ માનનીય મંત્રીશ્રી પ્રશ્ન અગાઉ પૂરતું લેસન કરીને આ સભાગૃહ સમક્ષ આવ્યા નહીં. એટલે માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : આવા તારણ પર જશો નહિ. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો આપે મૂકી દીધો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : મૂકી દઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર આપનો નિર્ણય આ કાર્યવાહીને વધુ તંદૂરસ્ત બનાવશે. માનનીય મંત્રીશ્રી પ્રશ્નોત્તરી દરમ્યાન જે જવાબો ઉપસ્થિત થવા જોઇએ. અંગે પુરતું લેશન કરીને આવ્યા નથી. (અંતરાય )

અધ્યક્ષશ્રી : આ સૂચના આમાં મંત્રીશ્રીને આપવાની હોય નહિ. આપનો સીધો પ્રશ્ન મેં ધ્યાને લીધો.

શ્રી પરેશ  ધાનાણી : આ વિધાનસભા (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર મેં ધ્યાને લીધો.

શ્રી પરેશ  ધાનાણી : પોઇન્ટ ઓફ ઓર્ડરમાં મને સાંભળો કે મારો પ્રશ્ન શું છે? મારા સભ્યની રજૂઆત શું છે?

અધ્યક્ષશ્રી : એ સાંભળી લીધું. હવે સમય બચાવવો પડે. (અંતરાય)

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સમય બચાવવા માટે જ આ મુદ્દો ઉપસ્થિત કર્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સાંભળી લીધું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૩ પ્રશ્ન પૈકી એક પણ પ્રશ્નનો માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરીમાં જવાબ નથી આપ્યો. ભળતા જવાબો આપીને સભ્યોની જાણકારી મેળવવાનો અધિકારનું હનન થયું છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત વિનંતી કરીએ છીએ અને મંત્રીશ્રીને ઠપકો આપવામાં આવે અને આવતા દિવસોમાં ટ્રેઝરી બેંચ જે પ્રશ્નોત્તરી છે એ પ્રશ્નોત્તરી અંગે પૂરક લેસન કરીને આવે તો આ રીતે ગુજરાતની જનતાને સચોટ સવાલોનો સચટો જવાબ મળે, વ્યવસ્થા સુધરે અને તંદૂરસ્ત પ્રણાલી એને આપણે સૌ સાથે મળીને નવી ઉંચાઇઓ સુધી લઇ જઇએ. માનનીય અધ્યક્ષશ્રી, અમારે તો આપના મારફત રક્ષણ માગવું છે (અંતરાય)

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જે ચર્ચા થઇ. જે વાત રજૂ થઇ છે, એમાં મારે પણ એટલા માટે થોડું કહેવું છે કે માનનીય નીતિનભાઇ સાહેબે કહ્યું કે, છાપેલો જે જવાબ હોય એમાંથી ઉપસ્થિત થતી બાબત હોય એ જ મંત્રીશ્રી પાસે અવેલેબલ હોય. મારે આમાં જવાબમાં જ આપ્યું છે ત્રણ નંબરમાં વડોદરા જિલ્લામાં બે વર્ષ કરતાં વધારે સમયથી પાંચ ફરિયાદો પેન્ડિંગ છે. સાહેબ તમે મને બે વાર ચાન્સ આપ્યો, બન્ને વખત મેં સ્પષ્ટ પ્રશ્ન પૂછ્યો છે કે આ પાંચ ફરિયાદો (આ તકે મંત્રીશ્રી નીતિનભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં) અરે સાહેબ, આ બધી વાત તમે સાંભળી નથી રેકોર્ડ, તમે ખોટી વાત કરો એવું થોડું ચાલે. (અંતરાય) તમે રેકોર્ડ કઢાવીને જોઇ શકો છો. સાહેબ પહેલી વખત મેં પ્રશ્ન પૂછ્યો ત્યારે પણ સ્પષ્ટ પૂછ્યો છે કે, આ પાંચ ફરિયાદો (અંતરાય) સાહેબ, મને બોલવા તો દો, બે વર્ષ કરતાં પણ વધારે સમયથી.

અધ્યક્ષશ્રી : તમે કહી તો દીધું.

શ્રી અમિત ચાવડા : બે વર્ષ કરતાં વધારે સમયથી પેન્ડિંગ રહેવાના કારણો શું છે?

અધ્યક્ષશ્રી : આવી ગઇ બન્ને વાત.

શ્રી અમિત ચાવડા : સાહેબ, પહેલી વખત પણ એવુ કહ્યું હતું (અંતરાય) એક જ મિનિટ નીતિનભાઇ, તમે બોલ્યાં, અમને બોલવા દો. પહેલી વખત હું ઉભો થયો, મારો પ્રશ્ન છે, મેં મૂવ કર્યો છે, પહેલા જ પેટા પ્રશ્નમાં પૂછ્યું કે, આ પાંચ ફરિયાદો બે વર્ષ કરતાં વધારે સમયથી પેન્ડિંગ રહેવાના કારણો શાં છે? ત્યારે પણ જવાબ ના આપ્યો, ફરી બીજી વખત તમે મને તક આપી ત્યારે પણ ફરી આનો આ જ પ્રશ્ન પૂછ્યો કે, આ પાંચ ફરિયાદો બે વર્ષથી વધારે સમયથી પેન્ડિંગ રહેવાના કારણો શાં છે? અને આ સ્પષ્ટ માહિતી ત્રણ નંબરના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ છાપીને આપેલી છે.

અધ્યક્ષશ્રી : વિગતો આવી ગઇ, હું જોઇ લઇશ.

શ્રી અમિત ચાવડા : એટલે વધારાની કોઇ વાત નથી અને માનનીય પ્રદિપસિંહભાઇએ આ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં જે જુના ક્વોટ કરીને કહ્યું કે, પૂર્વ ભૂમિકા ખૂબ લંબાણથી બાંધેલી હોય, મેં મૂવ કરતી વખતે કોઇ પણ જાતની પૂર્વ ભૂમિકા કોઇ પણ લંબાણથી કરી નથી એટલે મને જે પ્રશ્ન પૂછવાનો અધિકાર છે, મારે ટૂંકમાં પૂછવો જોઇએ, સ્પષ્ટ પૂછવો જોઇએ, એજ રીતે મંત્રીશ્રી પણ બંધાયેલા છે કે, એમણે ટૂંકમાં જ જવાબ આપવો જોઇએ અને સ્પષ્ટ જવાબ આપવો જોઇએ એટલે આપનું રૂલિંગ માગું છું.

અધ્યક્ષશ્રી : સારું તમામ વિગતો ચકાસીને નિર્ણય પછી જાહેર કરીશ. નેકસ્ટ.

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**દલિત યુવાને કરેલ આત્મવિલોપન બાબત**

અધ્યક્ષશ્રી : આ ૧૧૬ના અન્વયે હું સ્પષ્ટતા કહી દઉં કે, સીધો પ્રશ્ન જ પૂછજો. પ્રશ્નની અંદર પછી પ્રસ્તાવના બાંધશો તો હું પ્રશ્ન ડિસએલાઉ કરીશ અને આગળ વધીશ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરમાં પાટણ જિલ્લામાં સમી તાલુકાના દુદખા ગામના દલિત પરિવારની જમીનની માગણી સંબંધમાં કલેકટર કચેરી સામે એક દલિત યુવાને કરેલ આત્મવિલોપન અને આ યુવાન ગંભીર રીતે દાઝી જતાં સારવાર બાદ તેનું મૃત્યુ થતાં આમ જનતામાં ભય અને રોષની લાગણી ફેલાયેલ છે જે દૂર કરવા રાજ્ય સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં.''

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પાટણ જિલ્લાના દુદખા ગામના અનુસૂચિત જાતિના પરિવારની જમીન માટેની માંગણી અંગે શ્રી ભાનુભાઇ વણકર (નિવૃત્ત તલાટી ઉ.વ. ૬૨ )ની ફાઇવ કાસ્ટ યુથ ફેડરેશન – ઉંઝાના લેટરહેડ પરની તા.૧૮-૦૧-૨૦૧૮ની માનનીય મુખ્યમંત્રીશ્રીને સંબોધિત અરજીમાં જણાવવામાં આવ્યું હતુ કે, હેમાબેન વણકર તથા રાજાભાઇ કુબેરભાઇ મકવાણાની અરજીઓ સંબંધમાં તા.૩૧-૦૧-૨૦૧૮ પહેલાં ન્યાય નહીં મળે તો અરજદારો તથા ઉંઝાના શ્રી ભાનુભાઇ વણકર સહિત ત્રણ ઇસમો પાટણ કલેકટર કચેરી આગળ અગ્નિસ્નાન કરીશું. સદર અરજી પોલીસ અધિક્ષક, પાટણને મળતા અરજી સંબંધમાં અરજદારનું નિવેદન મેળવી જરૂરી કાર્યવાહી કરવા પોલીસ ઇન્સ્પેકટર, સમી પોલીસ સ્ટેશનને જણાવવામાં આવ્યું હતુ. ત્યારબાદ હેમાબેન કાન્તિભાઇ તથા રામાભાઇ મઘાભાઇએ કલેકટર પાટણને સંબોધિત તા.૦૭-૦૨-૨૦૧૮ની અરજીમાં જણાવ્યું હતુ કે, તેઓની લાંબા સમયથી પડતર પ્રશ્ન અંગે કાર્યવાહી ન થતા અરજદાર (૧) વણકર હેમાબેન કાન્તિભાઇ (૨) રામાભાઇ મઘાભાઇ તથા (૩) ભાનુપ્રસાદ જેઠાલાલ વણકર દ્વારા તા.૧૫-૦૨-૨૦૧૮ના રોજ બપોરે ૦૧.૦૦ કલાકે કલેકટર કચેરી પાટણ ખાતે આત્મવિલોપન કરવામાં આવશે.

આ બન્ને અરજીઓની બાબતની ગંભીરતા ધ્યાને લઇ સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા અરજદારોને રૂબરૂ મળી તેઓને સમજાવવાના હેતુસર તા.૦૩-૦૨-૨૦૧૮, તા.૦૯-૦૨-૨૦૧૮, તા.૧૦-૦૨-૨૦૧૮, તા.૧૧-૦૨-૨૦૧૮, તા.૧૩-૦૨-૨૦૧૮ અને તા.૧૪-૦૨-૨૦૧૮ના રોજ પોલીસ દ્વારા દુદખા, ઉંઝા, ગાંધીધામ, શંખેશ્વર તથા બાસ્પા ખાતે આ અરજદારોના સગા સંબંધીઓને મળી અરજીઓની ભાળ મેળવવાના પ્રયાસો કરવામાં આવેલ. પરંતુ તેઓના સગા સબંધીઓ તરફથી અરજદારો વિશે કોઇ માહિતી મળેલ ન હતી. તેમજ શ્રી ભાનુભાઇ વણકર તથા રામાભાઇ માઘાભાઇના મોબાઇલ ફોન

બંધ હોવાથી મોબાઇલ ફોન પર પણ સંપર્ક થઇ શકેલ નહીં.

તા. ૧૫-૦૨-૨૦૧૮ના રોજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંપૂર્ણ તકેદારી રાખવામાં આવેલ હતી. કલેકટર કચેરી ખાતે વધારાનો ફોર્સ મુકવામાં આવેલ હતો. જેમાં મહિલા પોલીસ પણ રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધાબળા, ફાયર એક્ષટેન્ગ્યુશર તથા ફાયર ફાઇટર તેમજ એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. તા.૧૫-૦૨-૨૦૧૮ના રોજ આશરે ૧૨.૩૦ કલાક પછી હેમાબેન વણકર તથા અન્ય બે વ્યક્તિઓએ રિક્ષામાંથી ઉતરી શરીર ઉપર કેરોસીન નાખવાની કોશિષ કરતા સ્થળ પણ હાજર પોલીસોએ તેમને પકડી બચાવી લીધેલ હતા અને આમ તેઓનો આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ બનાવેલ હતો. આ કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન અચાનક જિલ્લા પંચાયત તરફથી શ્રી ભાનુભાઇ વણકર સળગતી હાલતમાં કલેકટર કચેરી પ્રાંગણમાં પ્રવેશ કરતા પોલીસે ધાબળા તથા ફાયર એક્ષટેન્ગ્યુશરથી આગ બુજાવી દીધેલ અને એમ્બ્યુલન્સ વાનમાં તાત્કાલિક ધારપુર સિવિલ હોસ્પીટલમાં લઇ ગયેલ. આ કામગીરીમાં પોલીસના એક કોન્સ્ટેબલ દાઝી ગયેલ તથા પો.સ.ઇ.ને ઇજા થયેલ.

શ્રી ભાનુભાઇ વણકર ગંભીર રીતે દાઝી ગયેલ હોવાથી તેઓને એપોલો હોસ્પીટલ, અમદાવાદ ખાતે ખસેડવામાં આવેલ હતા. શ્રી ભાનુભાઇ વણકરનું તા.૧૬-૦૨-૨૦૧૮ના રોજ અવસાન થયેલ. ત્યારબાદ તેઓના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પીટલ ગાંધીનગર ખાતે લાવવામાં આવેલ હતા.

શ્રી ભાનુભાઇના પરિવાર દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરી કેટલીક માગણીઓ કરવામાં આવી હતી અને સરકાર દ્વારા આ માગણીઓનો ઉકેલ લાવવામાં આવે ત્યારબાદ જ મૃતદેહનો કબજો સંભાળવામાં આવશે તેમ જણાવેલ હતું. રાજ્ય સરકારે હકારાત્મક અભિગમ દાખવી ઉચ્ચ અધિકારીઓએ બે દિવસ સુધી તેઓની સાથે વાટાઘાટો કરી હતી અને સંવેદનશીલતા પૂર્વક તેમની રજૂઆતોનો નિકાલ કરવાના પ્રયાસ જારી રાખ્યા હતા. તેઓની માગણી પર સકારાત્મક કાર્યવાહી કરવા રાજ્ય સરકારે તૈયારી દાખવતા શ્રી ભાનુભાઇનો મૃતદેહ સ્વીકારવામાં આવેલ અને ઉંઝા ખાતે તેમની અંતિમવિધિ કરવામાં આવેલ હતી.

પરિવારની માગણીઓ સંબંધમાં રાજ્ય સરકારે સકારાત્મકતા દાખવી છે.

૧. મહેસૂલ વિભાગ દ્વારા તા. ૧૯-૦૨-૨૦૧૮ના રોજ પરિપત્ર કરી તમામ જિલ્લા કલેકટરશ્રીઓને જણાવેલ છે કે, રાજ્યમાં ખેત જમીન ટોચ મર્યાદા ધારો ૧૯૬૦(સુધારેલ) હેઠળ ફાજલ થયેલ તેમજ સરકારી પડતર સદરની જમીન સાથણીથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય જાતિના નબળા વર્ગોના લાભાર્થીઓને ફાળવવામાં આવે છે. આવી ફાજલ જમીન તથા સરકારી પડતર જમીન સાથણીથી જે લાભાર્થીઓને ફાળવવામાં આવેલ હોય અને તેઓને કાયદેસરનો હુકમ આપવામાં આવેલ હોય અને સ્થળ પર તેનો પ્રત્યક્ષ કબજો લાભાર્થીઓને સોંપાયેલ ન હોય તેવા કેસોમાં છ માસ સુધીમાં પ્રત્યક્ષ કબજો સોંપવા તજવીજ કરવા જણાવેલ છે.

૨. ભાનુભાઇ વણકરે હેમાબેનને જમીન મળે તે માટે લેખિત રજૂઆતો કરી હતી. અરજદારની માગણીવાળી જમીન પ્રાંત ઓફિસરશ્રીના તા.૩૧-૦૮-૧૯૫૫ના હુકમના આધારે ખાલસા કરી સરકારી પડતર સદરે દાખલ થયેલ હોય અને નિયમોનુસાર મળવાપાત્ર ન હોઇ જમીન આપવામાં આવેલ ન હતી. આમ છતાં પાટણ જિલ્લાના સમી તાલુકાના દુદખા ગામ ખાતેની સર્વે નંબર.૧૦૨૨ની હે.આરે.૮-૨૩-૫ ચો.મી.જમીનનું અનધિકૃત દબાણ સહાનુભૂતિ દર્શાવી ખાસ કિસ્સા તરીકે શરતોને આધિન હેમાબેન કાન્તિભાઇ વિગેરેને નિયમબદ્ધ કરી આપવા કલેકટર પાટણ દ્વારા તા.૧૯-૦૨-૨૦૧૮ના રોજ હુકમ કરવામાં આવેલ છે.

૩. આ સમગ્ર કેસની તપાસ બાબતે રાજ્ય સરકારે શ્રી નરસિમ્હા તોમર, પોલીસ મહાનિરીક્ષક - અધ્યક્ષ, શ્રી કિરીટભાઇ અધ્વર્યુ, નિવૃત્ત અધિક સચિવ - સભ્ય અને શ્રી મકરંદ ચૌહાણ, પોલીસ અધિક્ષક - સભ્ય સચિવની બનેલી S.I.T.ની રચના કરેલ છે. પાટણ ખાતે આત્મવિલોપનનો દુ:ખદ બનાવ અટકાવી શકાયો હોત કે કેમ? તેમજ તંત્ર દ્વારા આ સંબંધમાં કરવામાં આવેલ કાર્યવાહીની સંપૂર્ણ તપાસ કરી ખાસ તપાસ દળ (S.I.T.)ને તા.૩૧-૦૩-૨૦૧૮ સુધીમાં રાજ્ય સરકારને અહેવાલ રજૂ કરવા જણાવેલ છે.

૪. સ્વ.શ્રી ભાનુભાઇ વણકરના પુત્ર ભાર્ગવકુમાર ભાનુપ્રસાદ મેઉવા, કે જેઓ જામવાડા પ્રાથમિક શાળા, તાલુકો સાતલપુર ખાતે શિક્ષક તરીકે ફરજ બજાવે છે, તેઓની સિદ્ધપુર તાલુકાની ઇન્દિરાનગર(કાકોશી) પ્રાથમિક શાળામાં તા.૨૧-૦૨-૨૦૧૮ના રોજ બદલી કરી આપવામાં આવેલ છે.

આમ, ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતાં, રાજ્ય સરકાર દ્વારા ત્વરિત પગલાં લેવામાં આવેલ છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન પૂછવા માગુ છું કે, આપણી સરકાર સંવેદનશીલતાની વાતો કરે છે. આ પરિવાર દ્વારા છેલ્લા ચાર-પાંચ વર્ષથી જમીન માટે માગણી કરવામાં આવી હતી. આવા જ ચાર કિસ્સાઓ હતા તો ચાર કિસ્સાઓમાંથી ત્રણ જણાની જે દલિત પરિવાર નહતો, એમની માગણી મંજૂર કરવામાં આવી અને છેવટે આ પરિવારે તા.૦૭-૦૨-૨૦૧૮ના રોજ એક લેખિત આપેલું માનનીય મુખ્યમંત્રીશ્રીને...

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્ન પૂછો.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : પ્રશ્ન જ છે સાહેબ.

અધ્યક્ષશ્રી : કિરીટભાઇ આ પ્રશ્ન નથી, સીધો પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : એ લેખિતમાં એમણે આત્મવિલોપન કરવાનું પણ કહેલું હતું, એ દિવસે જે દિવસે એ

આત્મવિલોપન કરવા માટે આવ્યા, આપણે બધાએ વિડિયો જોયો છે, ત્યાં જે બધા સાધનો હતા સુરક્ષાના ત્યાં ઉપસ્થિત હતા, હાજર હતા. જેવા ભાનુભાઇએ આત્મવિલોપન કર્યું અને જે ફાયર ફાયટર હતુ એ પણ ચાલુ ન થયું...

અધ્યક્ષશ્રી : કિરીટભાઇ, આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : ફાયર ફાયટર ચાલુ કેમ ના થયું, તમે ત્યાં સુવિધા રાખી હતી તો?

અધ્યક્ષશ્રી : હા, એ તમારો પ્રશ્ન થયો, માનનીય મંત્રીશ્રી.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : બીજો પ્રશ્ન છે કે (અંતરાય)

અધ્યક્ષશ્રી : એક જ પ્રશ્ન પૂછવાનો. (અંતરાય) આ પ્રભારી સભ્ય છે. મને એવું લાગશે તો હું પ્રશ્ન પૂછવા દઇશ. આદરણીય પરેશભાઇ, પ્રશ્ન પૂછવા દઇશ. નહીંતર પછી પહોંચી નહીં વળાય. ચાર જણા તો સાથે છે. ચોકકસ. સરકાર પણ એનો જવાબ આપે છે. માનનીય મંત્રીશ્રી, આપ જવાબ આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે ૧૧૬ ની નોટિસ સભાગૃહની અંદર લાવવામાં આવી છે. આ પ્રશ્ન એ અત્યંત સંવેદનશીલ પ્રશ્ન છે. જે ઘટનાના કારણે ભાનુભાઇએ પોતે જીવ ગુમાવવો પડયો એના કારણે આપણને સૌને, આ સન્માનનીય સભાગૃહના એકેએક લોકોને આ દુઃખદ ઘટના માટે બધાના મનની અંદર શોકની લાગણી છે. માનનીય ધારાસભ્યશ્રી દ્વારા જે મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા એના સંદર્ભમાં એમણે જે કહ્યું એ પ્રમાણે કુલ સાતમી તારીખે એમણે અરજી આપી અને એ અરજી આપી ત્યારથી પોલિસ તંત્ર, કલેકટર તંત્ર દ્વારા આને એકદમ સંવેદનશીલતાથી લેવામાં આવી છે. જેવી અરજી મળ્યા બાદ સૌથી પહેલા ૯ મી તારીખે દુદકા ખાતે જઇને રામાભાઇના માતા, હેમાબેનના ભત્રીજા વહુ અને અન્ય લોકોના દુદકા ખાતે સાત જેટલા વ્યક્તિઓના નિવેદન લેવામાં આવ્યા. ત્યારબાદ ૧૦ મી તારીખે ઉંઝા ખાતે ભાનુભાઇના જે કુટુંબીભાઇઓ છે એના બે વ્યક્તિઓના નિવેદન લેવામાં આવ્યા. ત્યારબાદ એમની ભાળ મેળવવા માટે એવી ખબર પડી કે આમના ગાંધીધામમાં પણ સંબંધીઓ રહે છે તો ગાંધીધામ ખાતે જઇને પણ ૬ વ્યક્તિઓના નિવેદનો લેવામાં આવ્યા. ત્યારબાદ શંખેશ્વરમાં જઇને પણ એક વ્યક્તિનું નિવેદન લેવામાં આવ્યું. એમ ૧૪ મી તારીખે બાષ્પા ખાતે જઇને પણ પોલિસ વિભાગ દ્વારા એટલે આમણે આત્મવિલોપનની અરજી આપ્યા બાદ જયાં જયાં સંભવિત સ્થાનો હતા તે દરેક સ્થાનો ઉપર પોલિસે જઇને એમના સ્થળ ઉપર અથવા એમના સંદર્ભની કોઇ માહિતી અમને મળે એના માટે પૂરતા પ્રયાસો કર્યા. એના ઉપરાંત એમના જે બે મોબાઇલ નંબર હતા એ મોબાઇલ નંબરના આધાર ઉપર લોકેશન મેળવવા માટેનો પ્રયાસ કર્યો. (અંતરાય)

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ફાયર ફાઇટર શરૂ કેમ ન થયું એ છે આ તો લંબાણથી પ્રશ્નનો જવાબ આપે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કિરીટભાઇ, આ પ્રશ્નની અંદર જે અમારી ગંભીરતા છે એ ગંભીરતાના મુદ્દાઓ આપના માધ્યમથી સભાગૃહ સમક્ષ મૂકું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બધા બેસી જાવ. આ ગંભીર મુદ્દા પ્રત્યે આપણે વિગતથી જવાબ સાંભળીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર એક પી.આઇ., ત્રણ પી.એસ.આઇ. ૩૩ પોલિસ, બે હોમગાર્ડ મહિલા પોલિસ સહિત કુલ ૪૨ માણસોનો તે દિવસે સ્થળ ઉપર બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ૯ પોલિસને સર્વેલન્સ અને વોચની અંદર આમાં ગોઠવ્યા હતા. કોઇપણ હિસાબે આમાં આવીને આગ ન લાગે એના માટે જરૂરી વ્યવસ્થામાં ત્યાં ધાબળા રાખવામાં આવ્યા હતા, ફાયર એક્સ્ટીંગવિશર રાખવામાં આવ્યા હતા, એમ્બ્યૂલન્સ રાખવામાં આવી હતી અને આ અરજદારો જેને આ બધા પોલિસવાળા ન ઓળખતા હોય એટલે અરજદારોને ઓળખી શકે એવા ત્રણ પોલિસવાળાની એની અંદર સમી પોલિસસ્ટેશનની અંદર ત્યાં રાખવામાં આવ્યા હતા ઓળખીતા પછી એસ.ઓ.જી.ના ૯ પોલિસ કર્મચારીઓને રાખવામાં આવ્યા હતા એટલે આ ઘટનાની માત્ર અરજી નહીં પરંતુ અરજીના આધાર ઉપર આ અરજદારોને શોધવા માટે અરજદારો અહીંયા આવે અને કોઇ ખરાબ ઘટના ન બને એના માટે પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા છે. જે ફાયર ફાઇટરની વાત કરે છે. ફાયર ફાઇટરના સંદર્ભમાં ત્યાંની નગરપાલિકા કોંગ્રેસની નગરપાલિકા છે. હવે એ ફાયર ફાઇટર કેમ ન ચાલ્યું એના સંદર્ભનો જવાબ માનનીય અધ્યક્ષશ્રી..

અધ્યક્ષશ્રી : અરે, આપ બેસી જાઓ. જવાબ ચાલે છે. ફાયર ફાઇટર કેમ ચાલુ ન થયું. તેની વાત ચાલે છે. કિરીટભાઇ આપ બેસી જાઓ. જવાબ ચાલે છે. માનનીય કિરીટભાઇ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એમના જે જવાબ હતા એ આ પ્રમાણે આપી દીધા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ફાયર ફાઇટર મહેસાણાથી લાવવામાં આવ્યું હતું. જે મહેસાણા નગરપાલિકા ભાજપની જ છે. માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિભાવરીબેન પ્લીઝ. શૈલેષભાઇ, આપ પ્રશ્ન શરૂ કરો. આપનું માઇક ચાલુ છે. આપ જરા જોરથી બોલશો ને. આપ પ્રશ્ન શરૂ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : જે રીતનો આ મુદો હાઉસમાં આવ્યો છે. સમી તાલુકાના દુદખા ગામના એક દલિત પરિવારે પસાયતાની જગ્યા માટે અરજી કરી હતી. સવાલ આમાં મહેસૂલનો આવે છે. સવાલ ગૃહ ખાતાનો નથી. એણે દરખાસ્ત મૂક્યા પછી તા. ૨૫-૩-૨૦૧૩ ના રોજ એણે પૈસા ભર્યા છે. ચલણની કોપી મારી પાસે છે. ત્યારબાદ પાટણ કલેકટર કચેરી દ્વારા

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

તા. ૨૯-૯-૨૦૧૫ ના રોજ દરખાસ્ત કરેલી અરજી કલેક્ટરશ્રીની સહીથી સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. એનાથી વધી ૬-૨-૨૦૧૮ ના રોજ જે જમીન માટે વણકર હેમાબેન રાજાભાઇ કુબેરભાઇ..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ આ સેન્સીટીવ છે. આપ કહો તો નહિ પૂછું.

અધ્યક્ષશ્રી : આપની ઉલટ તપાસ ઉપર મને વિશ્વાસ છે. આપનો પ્રશ્ન જ એવો હશે કે મંત્રીશ્રીએ જવાબ આપવો પડશે.

શ્રી શૈલેષ મ. પરમાર : હું પ્રશ્ન પૂછવા માગુ છું. ડીટેઇલમાં એટલા માટે જવા માગુ છું કે..

અધ્યક્ષશ્રી : આમાં ડીટેઇલ ન હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : મારો આ ડીટેઇલમાં પ્રશ્ન છે એટલા માટે કહું છું.

અધ્યક્ષશ્રી : ખબર જ નથી પડતી કે ક્યારથી પ્રશ્ન શરૂ થયો. પ્રશ્ન તો શરૂ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : હું ફરી સમજાવું.

અધ્યક્ષશ્રી : ના સમજાવશો નહિ. પ્રશ્ન જ્યાંથી અટક્યો છે ત્યાંથી આગળ ચાલો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પરિવાર આ રાજ્યના કેબિનેટ મંત્રી દિલીપકુમાર ઠાકોરને છઠ્ઠી તારીખે મળ્યો. અને છઠ્ઠી તારીખે દિલીપભાઇ ઠાકોરે આ જ પરિવારને માનનીય કૌશિકભાઇને પત્ર લખી આપ્યો જેની કોપી મારી પાસે છે કે આ પરિવાર આવે છે અને આ પરિવારને પ્રોબ્લેમ છે તેની કાર્યવાહી કરશોજી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન કહોને?

શ્રી શૈલેષ મ. પરમાર : અરે, માનનીય અધ્યક્ષશ્રી, મને સાંભળો તો ખરા?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવતા જ નથી. ખૂબ ઝડપથી પ્રશ્ન પર આવો.

શ્રી શૈલેષ મ. પરમાર : હું પ્રશ્ન ઉપર આવું છું. આટલો સેન્સીટીવ પ્રશ્ન છે. સરકાર દરેક મુદામાં આમાં પોઝિટિવ રહેલ છે.

અધ્યક્ષશ્રી : આ સૂચના ગૃહમાં આવેલ છે અને ગૃહમાં દાખલ કરેલ છે. મહેસૂલનો પ્રશ્ન હશે. જોઇએ. આપ ઝડપથી શરૂ કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : ૬ તારીખે આ પરિવાર દિલીપકુમાર ઠાકોરને મળ્યો હતો. મહેસૂલમંત્રીને કાગળ લખી આપ્યો. મહેસૂલ મંત્રીશ્રીએ એમને સાંભળ્યા પણ હતા. સવાલ ઉત્પન્ન થાય કે ૭-૨-૧૮ ના રોજ મંત્રીશ્રીએ જવાબ આપ્યો. આ પરિવારે આત્મવિલોપન કરવા માટે કલેક્ટરશ્રીને લેટર લખ્યો હતો અને સંબંધિતને આની માહિતી આપી હતી. આ પરિવારે તા. ૭-૨-૨૦૧૮ ના રોજ નહિ, એ પહેલા રાજ્યના મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક કાર્યાલયમાં તા. ૧૭-૧-૨૦૧૮ ના રોજ પત્ર લખ્યો હતો. એમાં જણાવ્યું હતું કે જો અમને જમીન નહિ મળે તો અમે અગ્નિસ્નાન કરીશું. સવાલ માનનીય અધ્યક્ષશ્રી, જે પાંચ પ્રોસેસ ચાલી તે પ્રોસેસને આધીન એક દલિતે આત્મવિલોપન કરવું પડયું, અગ્નિદાહ આપવો પડયો અને તેનું મૃત્યુ થયું. જયારે આ ઘટના બની ત્યારે અમે પાંચ ધારાસભ્યશ્રીઓ તે સ્થળે ગયા હતા. હું હતો, અલ્પેશભાઇ હતા, શ્રી કિરીટભાઇ હતા, નૌશાદભાઇ હતા અને ચંદનસિંહભાઇ હતા. તે દિવસે મેં પ્રદિપસિંહ સાથે વાત કરી હતી. સરકારશ્રી પાસે અમે જે પાંચ માગણીઓ તે દિવસે રાત્રે મૂકી હતી, તેના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે આનો મેડિકલનો ખર્ચ છે તે અમે ઉપાડીશું. સવાલ એટલો છે કે જે રીતે પ્રશ્ન ઉત્પન્ન થયો છે, મહેસૂલ વિભાગને લગતી બાબતના પ્રશ્નની અંદર એક દલિતે જે આત્મવિલોપન કર્યુ છે અને તેનું મૃત્યુ થયું છે. સવાલ એટલો છે કે આ જે ઘટના બની તે ઘટનાની અંદર સરકારશ્રીએ જે માગણીઓ છે તે સ્વીકારી છે. તે માગણીઓ થાનગઢ જેવી, ઉનાકાંડ જેવી ચોપડામાં ન રહી જવી જોઇએ. સરકાર પાસે હું પ્રોમીસ માગુ છું, એમણે જે માગણીઓનો લેખીતમાં સ્વીકાર કર્યો છે તે તમામ માગણીઓ આ સભાગૃહમાં ચર્ચામાં છે અને સમય પૂરો થાય ત્યારે અમે માહિતી માગીએ તો અમને તેની પૂરી માહિતી મળવી જોઇએ તેવી સરકાર પાસેથી અપેક્ષા રાખુ છું.

અધ્યક્ષશ્રી : આપણે બીજા પ્રશ્નો સાથે જ લઇ લઇએ માનનીય મંત્રીશ્રી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હા, મારી તૈયારી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાની અંદર પહેલા પ્રશ્નમાં એક વાત કહેવાની રહી ગઇ હતી. અમારા પોલીસ ડિપાર્ટમેન્ટવાળા લોકોએ આ આગ માત્ર ૪૧ સેકન્ડની અંદર ઓલવી નાંખી હતી અને તેને બચાવવા માટેનો પ્રયાસ કર્યો હતો. આપણે પોલીસની આલોચના કરવી હોય તો અમારી સાંભળવાની તૈયારી છે. પરંતુ પોતાની જાતની ચિંતા કર્યા સિવાય ભાનુભાઇને બચાવવા માટે આ પોલીસ તંત્રએ પૂરતા પ્રયત્નો કર્યા, તેના કારણે અમારા એક પોલીસ કોન્સ્ટેબલ દાઝી ગયા, બીજા પોલીસ સબ ઇન્સપેકટરને ઇજા થઇ અને છતાં પણ જો આલોચના કરવી હોય તો તે સાંભળવા માટેની અમારી તૈયારી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ચંદનસિંહ ભાઇ, હવે બીજા પ્રશ્નો સાથે લઇ લઇએ. માનનીય ચંદનસિંહ ઠાકોર. માનનીય જિગ્નેશભાઇ.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભાનુભાઇ વણકર સાથે મારે અંગત ઘરોબો હતો. હું લાંબો સમય નહીં લઉં. એક અતિ કમિટેડ સંનિષ્ઠ આંબેડકરવાદી કાર્યકર્તા હતા. તેવા કયા એકસ્ટ્રા ઓર્ડિનરી સંજોગો ઉભા થયા કે એમને ગળા સુધી આવી ગયું અને..

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

અધ્યક્ષશ્રી : માનનીય જિગ્નેશભાઇ આપ સાંભળો.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, સમજયા વગર એવા માણસે આ પગલું ભર્યુ એટલા માટે આ •(×××).

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછતા નથી.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી *(×××) સવાલ એ પૂછવા માગુ છું કે...

અધ્યક્ષશ્રી : માનનીય જિગ્નેશભાઇનું માઇક બંધ કરવામાં આવે. આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. આપ પહેલાં બેસી જાઓ. આપ બેસી જાઓ. આપ બેસી જાઓ, આપ બધા જ બેસી જાઓ. (સતત અંતરાય) રિસેસ સુધી ગૃહ મોકૂફ રાખવામાં આવે છે.

**(સભાગૃહ બપોરના ૧.૨૮ કલાકે મુલતવી રહ્યું)**

**સભાગૃહ બપોરના ૩–૧૫ કલાકે મળ્યું**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬ની નોટિસ દરમ્યાન હાઉસ રિસેસ સુધી એડજોર્ન રાખ્યું તો મારી વિનંતી છે કે જીજ્ઞેશભાઇને જે પ્રશ્ન પૂછવાનો હતો એ પ્રશ્ન પૂછવાનો આપ મોકો આપશો.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, હાઉસ એટલા માટે એડજોર્ન કરવું પડ્યું કેમ કે, તમામ આદરણીય સભ્યશ્રીઓ ઉભા થઇ ગયા હતા અને મારા ઉભા થયા પછી પણ આદરણીય સભ્યશ્રીને વારંવાર કહેવા છતાં તેઓ બેઠા નહીં, અન્યથા હવે કેવા આપણે શાંતિથી બેઠા છીએ. માનનીય જીજ્ઞેશભાઇ,

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર પક્ષે ભાનુભાઇ વણકર આત્મવિલોપન કેસમાં જે જવાબ રજૂ કરવામાં આવ્યો છે એના પૅરેગ્રાફ ૨ માં એવું લખ્યું છે કે, જમીનનું અનઅધિકૃત દબાણ સહાનુભૂતિ દર્શાવી ખાસ કિસ્સા તરીકે શરતોને આધિન હેમાબેન કાંતિભાઇ વગેરેને નિયમબધ્ધ કરી આપવા કલેકટરશ્રી, પાટણ દ્વારા તા.૧૯.૨.૨૦૧૮ના રોજ હુકમ કરવામાં આવેલ છે. મતલબ કે, સરકારનું એવું કહેવું છે કે, સ્પેશિયલ કેસમાં સહાનુભૂતિ દાખવીને જમીન ફાળવી છે, અરજદારની પાત્રતા હતી નહીં. હવે જો અરજદારની પાત્રતા નથી એવી પોઝિશન રાજયની સરકાર જો આ ક્ષણે લેતી હોય તો જે એસ.આઇ.ટી.ની રચના થઇ એ કોની લાયાબીલીટી ફિક્સ કરશે? મુદા નંબર ૨, ભાનુભાઇ વણકર છે એમણે પોતાના માટે કે પોતાના પરિવારજનો માટે જમીન જોઇતી ન હતી બીજા કોઇ ગરીબ માણસને જમીનનો ટૂકડો મળે એના માટે તેઓ જમીન માગતા હતા, બીજા કોઇ ગરીબ માણસને જમીન મળે એટલા માટે એમણે આ બલિદાન આપ્યું. પૅરેગ્રાફ નંબર ૧માં જે આવતા ૬ મહિનામાં તમામ જમીનો જે ટોચમર્યાદાના કાયદા નીચે ફળવાય કે જે સાથણીની સરકાર હેડે ફળવાય એ બધાના કબજા સુનિશ્ચિત કરવાની સરકારે વાત કરી છે એ કઇ રીતે સુનિશ્ચિત કરશે? મહેસૂલ વિભાગની અંદર પ્રાન્ત અધિકારી, કલેકટર કે મામલતદાર દ્વારા દર અઠવાડિયે, દસ દિવસે, પંદર દિવસે કોઇ રીપોર્ટ સબમીટ કરવામાં આવશે કે કેમ? ઉપરાંત નીતિનભાઇ પટેલે પ્રેસ કોન્ફરન્સ કરીને પીડિત પરવારજનોને ૮ લાખનું વળતર ચૂકવવાની બાયંધરી આપેલી, ૮ પૈસા પણ ચૂકવ્યા છે કે કેમ એ આ ગૃહને જણાવે. અને છેલ્લી વાત જેટલી ડિમાન્ડ ભાનુભાઇ વણકરના પરિવારજનોના સંદર્ભમાં રાજયની સરકારે સ્વીકારી એ તમામ માગણી બાબત રાજયની સરકારે જે બાયંધરી આપી છે એનો એક ડિટેઇલ રીપોર્ટ આવતા સત્રમાં રાજયની સરકાર આ ગૃહમાં રજૂ કરશે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાના સંદર્ભમાં માનનીય ધારાસભ્યશ્રીઓએ જુદા જુદા જે પ્રશ્ન પૂછ્યા અને એમાં આપના દ્વારા કહેવામાં આવ્યું કે બધાના પ્રશ્નો એકત્રિત થાય પછી સંકલિત કરીને એના જવાબો આપવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, નૌશાદભાઇ હું આપનો ઉલ્લેખ કરી લઇશ, હું જાણું છું કે, આપે બહુ હકારાત્મક ભૂમિકાથી આ પ્રશ્નના નિરાકરણ માટે પ્રયત્નો કરેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાના ભીતરમાં હું પહેલેથી જ આ સન્માનીય સભાગૃહનું આપના માધ્યમથી ધ્યાન દોરું છું. સૌથી પહેલા "૩૧.૧.૨૦૧૮ એના પહેલા ન્યાય નહીં મળે તો અમે આ પ્રમાણે આત્મવિલોપન કરીશું." એની ૧૮.૧.૨૦૧૮ના મુખ્ય મંત્રીને સંબોધીત કરેલી અરજી એ ૨૯.૧.૨૦૧૮ના રોજ પોલીસ અધિક્ષક પાટણને મળવામાં આવી અને આમાં જે હેમાબેનની અરજી છે એમાં સરકારશ્રીનો હકારાત્મક અભિગમ રજૂ કરેલ તેમ છતાં "માગણી સ્વીકારવામાં આવેલી નથી આના કારણે અમે ત્રણ જણા આ પ્રકારનું કરીશું." એવો એ અરજીમાં ઉલ્લેખ હતો. ત્યાર પછી મેં કહ્યું તેમ અમારા પોલીસ તંત્ર દ્વારા દૂદકા ખાતે, ઉંઝા ખાતે, ગાંધી)ધામ ખાતે, શંખેશ્વર ખાતે બાસ્પા ખાતે વગેરે એમના તમામ જગ્યાએ જઇને નિવેદનો લેવામાં આવ્યા અને એ નિવેદનો પછી પણ અમારી ચિંતા હતી કે ગમે તેમ કરીને આમને આપણે ગમે ત્યાંથી શોધી કાઢવા જોઇએ, કોલ ડિટેઇલ્સ સહિત, મારા અગાઉના જવાબમાં મેં કહ્યું તે પ્રમાણે પોલીસ અધિકારીઓની પણ તપાસ કરવામાં આવી, ત્યાં પોલીસ ઇન્સ્પેક્ટર જે ફરજ પર હતા એમની સાથે આમનો સંઘર્ષ થયો, એમનું કહેવું એવું હતું કે અમને ઉપર જવા દો, એમણે એવું કહ્યું કે જો હું ઉપર જઇને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

કલેકટરશ્રી સાથે વાત કરું અને સ્થળ ઉપર જો બીજી કોઇ ઘટના થાય તો મુશ્કેલી પડે એટલા માટે હું આપ સૌને ઉપર ન જવા દઇ શકું, આ ઘટનાના સંદર્ભમાં સી.સી.ટી.વી.ના સંપૂર્ણ ફૂટેજ જોયા અને મેં જેમ કહ્યું તેમ માત્ર ૪૧ સેકન્ડ્સની અંદર આગ ઓલવી દેવામાં આવી અને બે મિનિટ અને ૧૯ સેકન્ડ્સની અંદર તમામ કાર્યવાહી આની અંદર પૂર્ણ કરવામાં આવી. ત્યારબાદ એપોલો હોસ્પિટલમાં ગયા, એના સંદર્ભમાં શૈલેષભાઇ પરમારનો મારા ઉપર રાત્રે ફોન આવ્યો હતો, મેં માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોર્યું હતું, તેઓશ્રીએ પણ હકારાત્મક અભિગમ રાખીને બાકીના મુદ્દાઓ પછી જોઇશું પહેલાં એમને એપોલો હોસ્પિટલમાં સારામાં સારી સારવાર થઇ જાય. વધુમાં એમણે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓના માધ્યમથી એપોલો હોસ્પિટલમાં વાત કરી અને માનનીય શૈલેષભાઇ અને એમની સાથે જે ધારાસભ્યશ્રીઓ હતા એમની રજૂઆત એવી હતી કે એફ.આઇ.આર. તમે રજિસ્ટર કરો, એટલે એફ.આઇ.આર. રજિસ્ટર કરવામાં આવી અને ત્યારબાદ અમારા હિતુભાઇ કનોડિયા, બધું છોડીને ત્યાં સ્થળ ઉપરનો માહોલ જે હતો તે, એમણે કહ્યું કે આ પ્રમાણેની ઘટના બની છે, એટલે તેઓ અને નરેશભાઇ કનોડિયા બન્ને જણા એપોલો હોસ્પિટલ પર પહોંચ્યા, પરંતુ આપણા પ્રયાસો છતાં એમને આપણે ના બચાવી શક્યા. અમારા કરસનભાઇ સોલંકી પણ ત્યાં જોખમ લઇને ગયા, એમની સાથે કેવો વ્યવહાર કોણે કર્યો તે આપણે સૌ જાણીએ છીએ. એક ધારાસભ્ય હોય અને પોતાના સમાજની કોઇ વ્યક્તિ સાથે આ પ્રમાણેની ઘટના થાય અને એમની સાથે કોઇના દ્વારા ઉશ્કેરાઇને આ પ્રમાણેનું વર્તન થાય. એક ધારાસભ્યનું માન સન્માન જાળવવું જોઇએ એ ન જળવાય તે આપણને નથી શોભતું. આજે એ ધારાસભ્યશ્રીની હાલત થાય, આવતીકાલે કોઇ ટોળાની વચ્ચે આપણે પણ હોઇશું. આ સમગ્ર સભાગૃહના સન્માનનીય સભ્યોના સ્વાભિમાનનો સવાલ છે, આ પ્રમાણેનું વર્તન કોઇપણ ઘટનામાં ન થવું જોઇએ. જે મેં કહ્યું તેમ શૈલેષભાઇ, નૌશાદભાઇ આ બધા સતત સંપર્કમાં હતા અને મુખ્યમંત્રીશ્રીએ એમની જે માગણીઓ હતી એના માટે કમિટી નીમી. સૌથી પહેલાં કમલ દયાની, અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, અમારા આર.બી. બ્રહ્મભટ્ટ આઇ.જી., મયંકસિંહ ચાવડા, રેન્જ આઇ.જી. સતીષ પટેલ, ગાંધીનગરના અમારા કલેકટરશ્રી, એસ.પી. લોકલ અને શ્રી કાપડિયા આ બધાએ સંયુક્ત રીતે સ્થળ ઉપર મુલાકાત લીધી. આ મુલાકાત દરમિયાન એમને એવું હતું કે અમારા ભાનુભાઇની આ પ્રમાણેની ઘટના બની છે તો અમારી કેટલીક માગણીઓ છે અને સરકાર અને આ તમામ વચ્ચેના માગણીઓના જે મુદ્દા હતા એની વિસ્તૃત ચર્ચા થઇ. એમાં રાજકીય આગેવાનોએ પણ ચોક્કસ મદદગારી કરી છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પાસે પણ પાટણના દસ-બાર લોકોનું એક ડેલીગેશન આવ્યું, નીતિનભાઇ સાથે હું પણ હાજર હતો, એક કલાક સુધી એમને સાંભળ્યા હતા. અમારા ઇશ્વરભાઇ પરમાર જેઓ મંત્રીશ્રી છે તેઓ પણ અમારા ભારતીય જનતા પાર્ટીના જે આગેવાનો છે, શંભુનાથજી ટૂંડિયા, અમારા આત્મારામભાઇ પરમાર, આ બધા લોકો અમારી પાસે આવ્યા. આ પક્ષ કે પેલા પક્ષની વાત નહિ, આ ઘટનાના કારણે તમને પણ દુ:ખ હતું અને અમને પણ દુ:ખ હતું અને એ દુ:ખનું નિવારણ કરવા માટે બન્ને પક્ષોએ સંવેદનાપૂર્ણ વ્યવહાર કર્યો છે. આ ઘટનામાં અમે સરકાર તરીકે માત્ર સંવેદના દાખવી છે, કોઇપણ રાજકીય હિસાબ પૂર્ણ કરવા માટે આ પ્રસંગને અમે ક્યારેય ગણેલ નથી. એમના જે મુદ્દાઓ હતા એ મુદ્દાઓના સંદર્ભમાં હું ચોક્કસ કહીશ કે એમનો જે એક મુદ્દો હતો કે રાજ્યના તમામ જિલ્લામાં જે કિસ્સામાં સાંથણીના કાયદેસર હુકમો કર્યા હોય, સનદ આપી હોય, પરંતુ કબજા આપવાના બાકી હોય તેવા કિસ્સામાં રાજ્ય સરકાર કલેકટરશ્રીઓને પરિપત્ર કરીને છ માસમાં કબજા આપી દેવા. માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર પણ બહુ સ્પષ્ટ કર્યું કે રાજયમાં સાંથણીની પાત્રતા ધરવાતા લાભાર્થીઓને સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા જમીન ફાળવણીના કાયદેસરના હુકમ આપેલ હોય તેમ છતાં જે લાભાર્થીને પ્રત્યક્ષ કબજો સુપ્રત કરેલ ના હોય તેવા લાભાર્થીઓને પ્રત્યક્ષ કબજો છ માસમાં સુપ્રત કરવામાં આવે. અને તે અંગે રાજ્ય કક્ષાએ ૧૯-૨-૨૦૧૮ના રોજ પરિપત્ર કર્યો છે અને આના અંગે માત્ર સૂચના નહીં પરંતુ આમાં સ્પષ્ટ લખ્યું છે કે કબજો છ માસમાં સુપ્રત કરવામાં આવે અને તે અંગેની માહિતી પ્રત્યેક માસ પછીની પાંચમી તારીખ સુધીમાં સરકારને મોકલવામાં આવે એટલે કોન્સ્ટન્ટ છ મહિના સુધી રાહ નથી જોવી દર મહિને તેનું મોનીટરીંગ કરવામાં આવે. કલેકટરશ્રી દ્વારા પણ દર માસે જે માહિતી રજૂ થાય તેનુ સંકલન કરી ઉચ્ચકક્ષાએ આનો રીવ્યુ કરી અને જયાં જરૂર પડે ત્યાં સરકાર કક્ષાએ પણ ઉલ્લેખ થાય એના સંદર્ભનો આખો મહેસૂલ વિભાગની કલેકટરને સૂચના સાથે આ સરકારનો જે નિર્ણય છે આ નિર્ણયના અમલીકરણ માટેની એક કટિબદ્ધતા છે એ કટિબદ્ધતા હું આપશ્રીના માધ્યમથી સૌના ધ્યાને મૂકવા માગુ છું. માનનીય અધ્યક્ષશ્રી, એક પી.આઇ.એલ. થઇ અને એ પી.આઇ.એલ.ની અંદર એવુ કન્ટેઇન બતાવવામાં આવ્યુ કે આ રાજયની અંદર દલિતો અથવા અન્ય સમાજના જે લાકે ા છે તે લોકોને જે સાંથણીની મળવાપાત્ર જમીન છે તે જમીન આપવામાં નથી આવતી. માનનીય અધ્યક્ષશ્રી, ૧૬૩/૨૦૧૨ એ પી.આઇ.એલ.ની અંદર રાજ્ય સરકારે એફિડેવીટ કરી અને ઓન રેકોર્ડ જણાવવામાં આવ્યુ કે એગ્રીકલ્ચર લેન્ડ સિલિંગ એકટ-૧૯૬૦ અન્વયે સરકારને મળેલ જમીન પૈકી ૧૪,૧૬૪ હેકટર એટલે કે ૩૯,૯૫૮ એકર એટલે કે ૫૯,૦૦૦ વીઘા જમીન જે મળી તે પૈકી રાજયના ૭,૩૨૭ લાભાર્થીઓને ૧૨,૩૫૧ હેકટર એટલે કે ૫૧,૯૩૮ વીઘા જમીન જે લાભાર્થીઓ હતા તેને ફાળવી દેવામાં આવી છે. ( અંતરાય ) આ પૈકી...

અધ્યક્ષશ્રી : જીજ્ઞેશભાઇ, આપ બેસી જાવ. (અંતરાય ) આપ શેના માટે ઉભા થાવ છો, પહેલાં જવાબ તો સાંભળો. ભાઇ, બધા જ બેસી જાવ. તમે ગોકીરો શેના મચાવો છો? અરે, જવાબ સાંભળવાની તૈયારી તો જોઇએ કે નહીં ? આપ બેસી જાવ. (અંતરાય ) પ્લીઝ.

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે હું એ કહેવા માગુ છું કે, કુલ ૮૭ ટકા જમીનની ફાળવણી કરવામાં આવી છે તે પૈકી ૧૧,૪૯૮ હેકટર એટલે કે જે ૮૭ ટકા ફાળવી હતી તેના ૯૩ ટકા જમીનનો કબજો સોંપી દેવામાં આવ્યો છે. અને આ મહેસૂલ વિભાગે જે ૧૯–૨નો પરિપત્ર કર્યો છે તે પરિપત્ર અનુસાર અમે છ મહિનામાં અત્યાર સુધી અમે ૯૩ ટકા કામ પૂર્ણ કર્યુ છે. તેમાં કોઇ રજૂઆતોના આધાર ઉપર નથી કર્યુ સરકારે આ કરેલા નિર્ણયોની નામદાર હાઇકોર્ટની અંદર એફિડેવીટ કરી છે. ગુજરાતની અનુસૂચિત જાતિના લોકોની, ગુજરાતના ગરીબ લોકોની, ગુજરાતના પીડિત, શોષિત લોકોની ચિંતા ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે એના કારણે આ નિર્ણય લેવાયો છે. ત્યારબાદ જમીનની ફાળવણી સંદર્ભમાં જે અમે નિર્ણય લીધો એમાં કેટલીક જે ચર્ચા થઇ છે. એના સંદર્ભમાં સદર જમીન એ જમીનના માગણીદાર અન્વયે સહાનુભૂતિ દર્શાવીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ખાસ કિસ્સા તરીકે નિર્ણય લેવામાં આવ્યો છે કેમ કે, સરકારશ્રીના તા. ૯/૧૦/૨૦૧૩ના ઠરાવની જોગવાઇઓ લાગુ કરી જમીન આપવા અંગે સરકારશ્રી કક્ષાએ નિર્ણય કરી તા.૧૯/૨/૨૦૧૮ના પત્રથી રેકર્ડ ઓફ રાઇટ્સની જોગવાઇ ચકાસી કલેક્ટરશ્રીને આ હુકમો કરવા માટે જણાવેલ પરંતુ તા.૧૯/૨/૨૦૧૮ના રોજ અરજદારશ્રીની માગણી મુજબ તા. ૯/૧/૨૦૦૩ના ઠરાવની જોગવાઇઓ આ જમીનના કિસ્સામાં લાગુ કરી મોજે. દુદખા, તા.સમી, પાટણ સર્વે નં–૧૦૨૨ની હેક્ટર આર.એ.૮ હેક્ટર – ૨૩, ૫૪ ચો.મી. જમીન અરજદારશ્રીને આપવા માટે હુકમ કર્યો હતો. આ સમગ્ર ઘટનાની અંદર આ જે જમીન છે એના રેકર્ડ મુજબ એના ગામ નમૂના નં–૬ની નોંધ નં.૨૭૭ પ્રમોલગેશનની વિગતો ઇનામી જમીનોના ધારણ કરનાર જે હતા એના નામ નોંધાયેલા છે. એના ઉપરથી જમીન પ્રાંત ઓફિસર હુકમ નં.૬૨, તા.૩૧/૭/૫૫થી ખાલસા કરી સરકારી પડતર તરીકે આ જમીન દાખલ થયેલ છે અને આ અંગેના ફેરફારની નોંધ નં.૨૯૨ની અંદર ઉલ્લેખ છે કે, પ્રસ્તુત જમીન ૧૯૫૫ પહેલાં શ્રી સરકાર ખાલસા થયેલ છે અને રાજ્ય સરકારે જેનું અર્થઘટન કરીને એમની માગણી હતી એ માગણીની અંદર એના તા.૯/૧૦/૧૩ના મુખ્ય ઠરાવની જોગવાઇઓ આ પ્રસ્તુત જમીનને લાગુ પડતી નથી એટલે કલેક્ટરશ્રીએ જ્યારે અહિંયા મોકલ્યું ત્યારે સરકારે એનું એ અર્થઘટન કરીને આજ દિવસ સુધી એનો નિર્ણય નહોતો લીધો. એનું કારણ એ હતું કે, આમાં ૨૦૧૩નો ઠરાવ પ્રસ્તુત જમીનમાં નહોતો લાગતો. આ જમીન ૧૯૫૫ પહેલાં શ્રી સરકાર થયેલ હતી પરંતુ છતાંય અમારા સમાધાનના ભાગ સ્વરૂપે સંવેદનશીલતાથી આ નિર્ણય અમારા દ્વારા લેવામાં આવ્યો છે. સામાન્ય રીતે શૈલેષભાઇએ ઉલ્લેખ કર્યો કે, એમણે પૈસા ભર્યા હતા છતાં પણ નથી મળી. સામાન્ય રીતે આપણે સૌ જાણીએ છીએ કે, સરકારનો મહેસૂલ વિભાગનો તા.૨૬/૪/૨૦૧૧ના ઠરાવનો જે નંબર છે એ મુજબ સરકારી જમીન મેળવવા માટે અરજદાર વ્યક્તિ એ અરજીકર્તા માગણી મુજબની જમીનના કુલ ક્ષેત્રફળના પ્રવર્તમાન જંત્રીના ૧ ટકા લેખે સર્વિસ ચાર્જ ભરવાનો રહેશે. આ સરકારની અંદર કોઇપણ જમીન માટે આપણે જ્યારે એપ્લાય કરીએ, એની માપણી કરવી, એનો બધો વહીવટી ખર્ચ થાય ત્યારે એના માટે આ ૧ ટકા પૈસા લેવામાં આવે છે. જેના ભાગ સ્વરૂપે એમણે પોતાનો દાવો ૨૦૧૩ની જમીનના અન્વયે પ્રસ્થાપિત કરવા માટે એમણે જે દાવો કર્યો હતો એની પણ સંબંધિત પહોંચ છે એ અમારી પાસે છે. ત્યારબાદ મેં આ પી.આઇ.એલ.ના સંદર્ભમાં કહ્યું કે, શરૂઆતમાં આ પી.આઇ.એલ.ના સંદર્ભમાં હાઇકોર્ટની અંદર જે મેં આપ સૌને આંકડા આપ્યા એ પ્રમાણે અમે સૌએ નિર્ણયો લીધા છે. આખી ઘટનાને સંવેદનાથી જોડવા માટે એમના દ્વારા એવું કહેવામાં આવ્યું હતું કે, રાજ્ય સરકારની અંદર એના સંદર્ભમાં કાયમ માટે એમની યાદગીરી રહે એના માટે કોઇ જોગવાઇ કરવી જોઇએ અને એના માટે એને અનુરૂપ એવોર્ડ આપવા માટે તેમના તરફથી જે દરખાસ્ત મળશે તેના આધાર ઉપર રાજ્ય સરકાર તૈયાર છે. એમના પરિવારના મુખ્ય મોભી હતા. આ ઘટનાના કારણે આ પરિવારની જે માગણી હતી તે અનુસાર તેમના પુત્ર શિક્ષક તરીકે ફરજ બજાવ છે, તેમની માગણી પ્રમાણે સ્પેશ્યલ કેસમાં તેમની બદલી કરી આપવામાં આવી છે. તેમની બીજી માગણી ઉંઝા નગરપાલિકામાં તેમની પ્રતિમા મૂકવામાં આવે તેના માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના માધ્યમથી ઘટતી કાર્યવાહી કરવા નિયામકશ્રી નગરપાલિકા અને કલેકટરશ્રી મહેસાણાને જણાવવામાં આવ્યું છે અને તે રીતે એમાં આપણે હકારાત્મક રીતે આગળ વધ્યા છીએ.

પોલીસની કામગીરી સંદર્ભમાં મેં સવારે વિસ્તૃત ઉલ્લેખ કર્યો છે. જે તે વખતે રજૂઆત થઇ તેના આધાર ઉપર બે પોલીસ કોન્સ્ટેબલોની જેની અત્યારે હું ચર્ચા કરવા માગતો નથી. આ બે પોલીસ કોન્સ્ટેબલોની સામે પગલાં ભરી બન્નેને ફરજ મોકૂફ કરવા માટે કાર્યવાહી કરી છે.

આ ઘટના બન્યા બાદ સ્વ. ભાનુભાઇનો પરિવાર આખો ચિંતાગ્રસ્ત હતો અને ફીકરમાં હતો હોસ્પીટલમાં હતો અને સતત આગેવાનોને મળતો હતો. સરકારના અધિકારીઓને મળતો હતો, પરંતુ બીજા દિવસે જે બંધનું એલાન આપવામાં આવ્યું તેના કારણે ગુજરાતની શાંતિ ડહોળવા માટેના પ્રયાસો થયા હતા. જે માગણીદારો હતા એ એકદમ લાગણીથી સરકારની સાથે જોડાયેલા હતા, તેમની લાગણી સરકાર સાથે હતી. આમ છતાં એવા સંજોગોમાં અમદાવાદ શહેરની અંદર કયાંક કયાંક માનનીય અધ્યક્ષશ્રી, ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલ મ હેઠળ ગુના બન્યા છે તે રીતે એસ.ટી બસોના કાચને પથ્થ ર મારો કરી નુકસાન કરવામાં આવ્યું. આમ કરીને ગેરકાયદેસર મંડળી બનાવી મોટર સાઇકલના ડીલરને ત્યાં આગ લગાડવમાં આવી આ બન્ને ગુના તપાસ હેઠળ છે. એમના પરિવાર તરફથી જે માગણીઓ કરવામાં આવી હતી તે તમામની રાજ્ય સરકાર તરફથી વિચારણા કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દવારા જુદા જુદા પ્રશ્નોના સંદર્ભમાં જયારે પણ આ પ્રમાણે આત્મવિલોપનના કે અન્ય પ્રકારના હોય બનાવો બને ત્યારે એ જ પર રૂલ્સ તેના માટેની સ્પેશિફીક વર્ષોથી સ્પષ્ટ ગાઇડ લાઇન છે. એમાં એમેન્ડેડ એકટ પ્રમાણે જ્યારે

આવા બનાવોમાં એફ.આઇ.આર રજીસ્ટર કરવામાં આવી છે અને નિયમ પ્રમાણે એમને મળવા પાત્ર લાભ સહાય જે આપવાની થાય છે તે એકટ પ્રમાણે રૂ.૪,૧૨,૫૦૦ પણ એમણે પહોંચાડી દેવામાં આવ્યા છે. આના સિવાય રાજય સરકાર દ્વારા અનેક નાની મોટી જે યોજનાઓ છે તેનાથી એમને મદદરૂપ થવાના પ્રયાસો થયા છે. ટૂંકમાં ઘટનાની અંદર રાજય સરકારે તેમને હોસ્પીટલમાં મળતી સારવાર હોય, તેમના પરિવાર દ્વારા જે જે અપેક્ષાઓ હતી તે અપેક્ષાઓ હોય તે રાજય સરકારે કોઇ પણ અનુસૂચિત જાતિને મળવા પાત્ર જમીનો પછી એ સાંથણીની જમીન હોય, ચાકરીયાતની જમીન હોય કે કોઇ પણ પ્રકારની જમીન હોય તેમને મળવા પાત્ર લાભો હતા તે ઓન રેકોર્ડ હાઇકોર્ટની અંદર એફીડેવીટ કરીને આપેલ છે.

પ્રસ્તુત ઘટના ક્રમમાં પણ મેં આપને જણાવ્યું તેમ તેમની બધી જ માગણીઓનો સમાવેશ કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશનથી તેમના સમાધાનના ભાગરૂપે રાજયના આઇ.જી.શ્રી નરસિંહરાવ તોમર, નિવૃત અધિક સચિવશ્રી કિરીટભાઇ અધ્વર્યુ અને એસ.પી. શ્રી મકરંદ ચૌહાણ એમ ત્રણ જણાની કમિટીની નિમણૂંક કરવમાં આવી છે. તેના આધારે આખી ઘટનાની તપાસ થશે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ આમાં લાંબો સમય લેવો આવશ્યક નથી એમ જણાવી તા.૩૧મી સુધીમાં આનો રિપોર્ટ સરકારને પહોંચે અને આવી ઘટના બની તો કેમ બની અને આવી ઘટનાઓના જે કાંઇ પાસા હોય અને આવી ઘટનાઓ ન બને તેના માટે પ્રયાસો કર્યા છે. સમગ્ર ઘટનાની વિસ્તૃત વિગત હતી તેના સંદર્ભમાં સરકારે સંવેદનાથી આ તમામ નિર્ણયો લીધા છે તે આપના ધ્યાન પર મૂકયા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજીએ ખૂબ સુંદર રીતે સર્વ સન્માનનીય સભ્યશ્રીઓને આખી ઘટનાક્રમનો ઉલ્લેખ કરીને મિનિટ ટુ મિનિટ કહેવાય એ પ્રમાણેની તમામ બાબતોની આ સભાગૃહને જવાબદારીપૂર્વકની જાણકારી આપી છે. મારે એટલા માટે ઉભા થવું પડ્યું કે જીગ્નેશભાઇએ એમ કહ્યું કે નીતિનભાઇએ એવી જાહેરાત કરી કે આઠ લાખ રૂપિયા આપવામાં આવશે. એ ટોન્ટમાં એવું બોલ્યા કે આ પૈસા આપ્યા છે કે નહિ એની માહિતી આપો. હું આ સભાગૃહ દ્વારા કહેવા માગું છું, માનનીય જીગ્નેશભાઇ ભાનુભાઇ પરિવાર સાથે એમના પત્ની ઇન્દિરાબેન સાથે લગાતાર સંપર્કમાં હોય એ સ્વાભાવિક છે. સરકારના અધિકારીઓ ૧૯ તારીખે જઇને ૪ લાખ ૧૨ હજાર ને ૫૦૦ રૂપિયાનો ચેક રૂબરૂ ઇન્દિરાબેનને, જે સ્વ. ભાનુભાઇના ધર્મપત્નિ છે એમને આપી આવ્યા છે. આજે ૨૬ તારીખ થઇ હું નથી માનતો કે આ સાત દિવસ દરમિયાન જીગ્નેશભાઇને એની ખબર ન પડી હોય કે ગુજરાત સરકારે જે વચન આપ્યું હતું એ પ્રમાણે આ રકમ પરિવારને ચૂકવી આપી છે. મારે એટલા માટે ઉલ્લેખ કરવો પડે છે ખાલી પોતે આ પરિવાર માટે કંઇક કરે છે એવું બતાવવા માટે મારા નામનો ઉલ્લેખ કરીને પાછો શબ્દો કેવો વાપર્યો છે કે જાહેરાત કર્યા મુજબના આઠ લાખ રૂપિયા આપ્યા છે કે કેમ, માનનીય જીગ્નેશભાઇ એમ કહેતા હોય કે મને ખબર નથી તો તમે કહો, તમે એમ કહો કે આ રકમ ચૂકવાઇ એની મને ખબર નથી એ પહેલા કહો એ પછી આગળ વાત કરીએ. બાકી બનાવટી વાતો, આ ગૃહની ખોટી સહાનુભૂતિ મેળવવા માટે હમદર્દી મેળવવા નહિ કરવાની, અમારી સરકારે સંપૂર્ણ સહાનુભૂતિથી અનુસૂચિત જાતિ માટે બધું જ કરેલું છે અમે જમીનો આપેલી છે. એટલે કોઇએ દલિતોને, ગરીબોને, નિરીક્ષર લોકોને પોતાનો હાથો બનાવવાની જરૂર નથી. ગુજરાત માટે અમે બેઠા છીએ.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ. (અંતરાય) માનનીય નૌશાદજી.. માનનીય જીગ્નેશભાઇ, આપ બેસી જાવ.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં અને ભારતની અંદર પાટણમાં જે કરૂણ ઘટના ઘટી એના જબરજસ્ત પ્રત્યાઘાત પડ્યા છે. માનનીય ગૃહમંત્રીશ્રીએ સંવેદના વ્યકત કરી એ બદલ એમનો પણ આભાર માનું છું. પરંતુ આ ઘટના ખૂબ ગંભીર છે અને ભવિષ્યમાં આવી ઘટના ન બને એના માટે થોડી એની પ્રસ્તાવનામાં પણ આપણે જવું જોઇએ. આ સન્માનનીય ગૃહના સન્માનનો પ્રશ્ન છે. આ ગૃહના એક સન્માનનીય ધારાસભ્યના જીવના જોખમનો પણ પ્રશ્ન છે એટલા માટે હું બે ત્રણ બાબતો ઉપર આ સભાગૃહનું ધ્યાન આકર્ષિત કરવા માગું છું. જે પ્રકારે ઉનાની ઘટના ઘટી હતી ત્યારે ગુજરાતના પ્રત્યેક નાગરિકને હું માનું છું કે આ પક્ષના કે સામેના પક્ષનું માથું શરમથી ઝૂકી ગયું હશે, ગાંધી અને સરદારના ગુજરાતમાં આ પ્રકારની વરવી ઘટના બની શકે ખરી? આપણે બધા એના સાક્ષી બન્યા હતા ત્યારે કોંગ્રેસ પક્ષના હાલના અમારા આદરણીય અધ્યક્ષ રાહુલજીએ ઉનાની મુલાકાતની જાહેરાત બાદ, મને બે મિનિટ આપો.

અધ્યક્ષશ્રી : આમાં કોઇ મિનિટ ન હોય, આપ સ્કોપની બહાર જઇ રહ્યા છો, આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ ઘટનાના અનુસંધાનમાં અમદાવાદની અંદર જે બંધનું એલાન આપવામાં આવ્યું હતું. (અંતરાય) હું એના અંદરથી વાંચીને કહું છું એટલા માટે. એનો ઉપયોગ કરતો નથી. •(×××)

અધ્યક્ષશ્રી : આ કોઇ બાબત રેકર્ડ ઉપર ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પહેલા મોબાઇલ બંધ કરી દો. એમનું માઇક બંધ કરી દો, હવે ઘણું થયું. હવે ઇનફ છે. જે વાત કહેવી હોય એ કહો. ઘણીવાર તક આપી. એક તો મોબાઇલ ચાલુ કરીને વાંચે છે. મોબાઇલ ચાલુ કરીને વાંચવા દેવામાં આવશે નહીં. જે વાત કહેવી હોય એ કહો. (અંતરાય) ના, ના મોબાઇલ ચાલુ કરવાની ખોટી ટેવ પડે છે.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની સૂચના પ્રમાણે મોબાઇલ મૂકી દઉં છું. પરંતુ આવી નાની બાબતમાં શ્રી કરશનભાઇ સાથે ઘટના ઘટી. એ તમામ ધારાસભ્યશ્રીઓના સ્વાભિમાનનો પ્રશ્ન હતો એ ઉઠાવવા માગું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

*(×××) શ્રી જીગ્નેશભાઇ મેવાણી આ સન્માનનીય સભાગૃહના ધારાસભ્યશ્રી છે અને હંમેશાં અનુસૂચિત જાતિના, તમામ સમાજના ગરીબ માણસોના પ્રશ્નોને લઇને ચળવળ ચલાવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : આ તમારો પ્રશ્ન નથી. ચાલો, એમનું માઇક બંધ કરવામાં આવે છે. આપે ઘણી વાતો કરી લીધી. આપ બેસી જાઓ. આમાંની અમુક વાતો વાંચીને રેકર્ડ ઉપરથી દૂર કરીશ. આપ બેસી જાઓ. ઘણું કહ્યું. નેક્સ્ટ..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને ચલાવવાની જવાબદારી ટ્રેઝરી બેંચની પણ છે એટલી જ જવાબદારી વિરોધપક્ષની છે. અમે આ ગૃહના સંચાલનમાં સકારાત્મક રીતે સહકાર આપીએ છીએ. *(×××) આપ આ ગૃહના વડા છો.

અધ્યક્ષશ્રી : આવું કશું રેકર્ડ ઉપર આવ્યું નથી.

શ્રી પરેશ ધાનાણી : કોઇ સભ્યનો અધિકાર છે, હું એ વાત કરવા માગતો નથી. કોઇ વાત રજૂ થાય તો અમે અપેક્ષા રાખીએ છીએ.

અધ્યક્ષશ્રી : મારી પાસે વિગતો આવશે તો હું જોઇશ. અત્યારે આ અપ્રસ્તુત છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ રાજકીય મુદ્દો નહોતો. આપે ગૃહને મુલત્વી રાખ્યું. એ પછી અમારા વરીષ્ઠ આગેવાનોને આપની સમક્ષ મોકલ્યા. આ સંવેદનશીલ મુદ્દો છે. આ લડાઇ લડતા વ્યક્તિએ શહીદ થવું પડે. આ આખું ગૃહ મળીને પણ સ્વ. ભાનુભાઇનો જીવ પાછો નહીં આપી શકે. એના પરિવારને પાછા સ્વ. ભાનુભાઇ નહીં અપાવી શકે. પણ આ વ્યવસ્થાની સામે લડતા બીજા કેટલાય ભાનુભાઇ *(×××) શહીદ ન થાય એવી વ્યવસ્થા તો આપી શકાય. આ મુદ્દો એ જ હતો. માનનીય પ્રદિપસિંહે ખૂબ સરસ વાત કરી. ૫૧૦૦૦ વિઘા જમીન આપી. ૧૯૫૫માં જમીન ટોચ મર્યાદા ધારાથી ફાઇનલ થયેલી જે જમીનો હતી એમાં શ્રી સરકાર દાખલ થઇ અને શ્રીસરકાર દાખલ થયેલી જમીનો પૈકી સાંથળી માટેની જમીનો નીમ કરી અને સાંથળીની જમીનો ખેતી વિહોણા ખેતમજૂરો, અનુસુચિત જાતિના ભાઇઓ, અનુસુચિત જનજાતિના ભાઇઓ આ બધા જ લોકોને ખેતીમાંથી એમનો જીવન નિર્વાહ થાય છે. એના માટેની વ્યવસ્થા કરી હતી. આ ૫૧૦૦૦ વીઘા જે આપે આંકડાઓ આપ્યા છે આ આકડાઓમાંથી મારે માત્ર એટલું જાણવું છે કે ૧૯૬૦ થી ૨૦૧૮ના આંકડા માનનીય મંત્રીશ્રીએ આપ્યા છે એમાં ૨૦૦૨ થી ૨૦૧૮ની વચ્ચે કેટલા હેકટર કે કેટલા એકર જમીન સાંથળી માટે આપી એની સ્પષ્ટતા પણ સન્માનનીય ગૃહમાં થવી જોઇએ. આ વ્યવસ્થાનો મુદ્દો હતો. જો આપણે સમઢીયાળામાં બનાવ બન્યો ત્યારે જાગી ગયા હોત તો આ પ્રશ્ન ન આવત. થાનમાં પોલીસની ગોળીએ ત્રણ દીકરાઓને શહીદ થવું પડ્યું એની સરકારે જવાબદારી નકકી કરી હોત તો આ પ્રશ્નના આવત. (અંતરાય) કૌશિકભાઇ, મુખ્યમંત્રીશ્રીની કચેરીની જાણ તળે એક દલિતના દીકરાએ કલેકટર કચેરીમાં શહીદ થવું પડે આ સ્થિતિ શું કામ નિર્માણ થઇ? આ વ્યવસ્થા સામે એમણે શહીદી વહોરી છે. એના વ્યકિતગત સ્વાર્થ માટે નહીં. તો આ વ્યવસ્થા સુધારવા માટે સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં, રાજયના ૩૩ જિલ્લાઓમાં અધિકાર માટે આંદોલન, આપણે બધા જોઇએ છીએ, આપણે બધા જનપ્રતિનિધિઓ છીએ. કલકેટર કચેરી સામે, એસ.પી. કચેરી સામે, ડી.ડી.ઓ. કચેરી સામે કોઇ ૧૫ દિવસથી ઉપવાસ ચલાવે છે. કોઇ મહિનાથી ચલાવે છે, કોઇ છ મહિનાથી ચલાવે છે. આંદોલનનું બોર્ડ લઇને બેઠા છે. મારી સરકારને વિનંતી છે કે એવી કોઇ વ્યવસ્થા ઉભી કરવામાં આવે કે જે લોકો આંદોલન કરવા માટે બઠા છે તો આવા લોકો સાથે ચર્ચા કરવા માટેની કોઇ વ્યવસ્થા ઉભી કરીએ કે ભવિષ્યમાં સમસ્યાથી અકળાયેલો માણસ એનું જીવન સમાપ્ત ન કરે. પહેલો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને એ છે કે ૨૦૦૨ થી ૨૦૧૮, અત્યાર સુધીમાં કુલ ફાળવેલ જમીન પૈકી કેટલા ટકા જમીન સાંથળીમાં ફાળવવામાં આવી? બીજો મુદ્દો એ છે કે જે આંદોલનકર્તા છે એ જે મુદ્દાને લઇને આંદોલન કરે છે એના દર્દને સાંભળવા, સમજવા અને એને હલ કરવા માટે કાયમી કોઇ એવી વ્યવસ્થા ઉભી કરવા માગે છે કે જેનાથી બીજા કોઇ ભાનુભાઇએ શહીદ ના થવું પડે આ બે મુદ્દા ઉપર માનનીય મંત્રીશ્રી ગૃહને જાણકારી આપશે તો મને ગમશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે મુદ્દા ઉપસ્થિત કર્યા છે. સામાન્ય રીતે ૧૧૬ની નોટિસમાં એક કે બે પ્રશ્નો હોય. મેં જેટલા પ્રશ્નો હતા તેના ૪૦ મિનિટ સુધી જવાબો આપ્યા છે. (અંતરાય) મારી પાસે જેટલા મુદ્દાઓ હતા એ માનનીય વિપક્ષના નેતાશ્રી કે માનનીય ધારાસભ્યશ્રીઓના હતા એ મેં મૂકયા છે. હું એટલું જ કહીશ કે સરકાર સંવેદનશીલ છે. અમારા હાઇકોર્ટના આકડાઓ છે. હજી પણ કંઇ હોય તો અમે છ મહિનામાં પૂર્તતા કરવાના છીએ પરંતુ આ સમાજને ઉશ્કેરીને કેટલાક લોકો આંદોલન કરીને આ ગુજરાતની શાંતિ ડહોળવા માટેનો પ્રયાસ કરે છે એ કોઇપણ હિસાબે ચાલે નહીં.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના માટેની આ વાત નથી. આપના માટે આ વાત નથી લાગતી. માનનીય પરેશભાઇ, વાત પૂરી થઇ જવા દો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય પરેશભાઇ, હું વાત કરુ છું. મારું એટલું જ કહેવું છે આ સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માનનીય નીતિનભાઇ પટેલ, આવા પ્રકારના તમામ નિર્ણયો લેવા માટે સરકાર સંવેદનશીલ છે. સરકાર નિર્ણય લેશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હવે ઘણું આવી ગયું પરેશભાઇ, ખૂબ સમય ગયો. નિયમ-૧૧૬માં આટલો ટાઇમ અગાઉ કોઇએ આપ્યો છે? આપ્યો હોય તો યાદ કરજો.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮.

શ્રી પરેશ ધાનાણી : વિરોધ પક્ષના નેતા તરીકે મેં માત્ર બે જ મુદ્દા માનનીય મંત્રીશ્રીને કહ્યા હતા. મેં કોઇ રાજકીય અવલોકન નથી કર્યુ.

અધ્યક્ષશ્રી : ઓ. કે. પૂરું થયું નેકસ્ટ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**સન ૧૯૭૨ના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના જાહેરનામા**

શ્રી સૌરભ પટેલ ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ અન્વયેના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના જાહેરનામા,

(૧) તા. ૯-૮-૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક-જીએચયુ-૨૦૧૭-(૬૪)-જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ ફાઇલ)

(૨) તા.૫-૨-૨૦૧૮ના જાહેરનામા ક્રમાંક-જીએચયુ-૨૦૧૮-(૧૨) -જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક (પાર્ટ ફાઇલ)ને સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

**વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો**

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક:૧**

**ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮.**

**ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ, ૨૦૧૧ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સન ૨૦૧૭નો વટહુકમ ક્રમાંક-૩ સન ૨૦૧૭નો ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વટહુકમ નામંજૂર કરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ ( રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, રાજપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૮ના ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૮ના ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક-૩ ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત અધિનિયમ ૨૦૧૧ વધુ સુધારો કરવા બાબતે વટહુકમ સંદર્ભમાં જે સરકારી વિધેયક લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તે સંદર્ભમાં અને મારા વટહુકમ નામંજૂર કરવાના પ્રસ્તાવ સંબંધે મારા વિચારો રજૂ કરવા જઇ રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ •(×××)

અધ્યક્ષશ્રી : *(×××)એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માનનીય રાજ્યપાલ બંધારણની જોગવાઇઓ પ્રમાણે કોઇ વટહુકમ પોતાની જાતે બહાર પાડતા નથી. પરંતુ સરકાર જ્યારે વટહુકમ લઇને જાય છે ત્યારે તેઓ તેને મહોર મારતા હોય છે. હું રાજ્યપાલશ્રીનો વટહુકમ લઇને આવ્યા છે તેનો વિરોધ નથી કરતો પરંતુ સરકાર વિધાનસભાના *(×××)

અધ્યક્ષશ્રી : *(×××) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા :માનનીય અધ્યક્ષશ્રી, મારો સુજાવ છે કે વટહુકમ બહાર પાડવાના કારણો જણાવે કે આ વટહુકમ બહાર પાડવા પાછળના કારણો જણાવ્યા છે કે રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં રહેતા અનુસૂચિત આદિજાતિના સભ્યને તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી લીધા સિવાય, કોઇ નાણા ધીરવા જોઇશે નહીં. તેના બદલે ગ્રામસભાની મંજૂરી સિવાય કોઇ નાણા ધીરશે નહીં એટલો નાનો સુધારો કર્યો છે. સુધારો ૧૯૯૬ના કાયદા પછી ૨૦૧૭ના નિયમો પછી કરવામાં આવ્યો છે. વિધાનસભાનું સત્ર ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ પછી તરત જ મળવાનું હતું તો આ વટહુકમ બહાર પાડવાની અરજન્સી દેખાતી ન હતી. માનનીય મંત્રીશ્રીને ખાસ કરીને આ વટહુકમ બહાર પાડ્યા પછી કેટલી સહકારીઓ અને સરાફીઓને ગ્રામસભાની મંજૂરી લઇને આદિજાતિના લોકોને ધીરણ કર્યું છે? ધિરાણ ઉપર નિયંત્રણ માટેનો કાયદો આપણે વિધાનસભામાં ૨૦૧૧માં કર્યો છે પરંતુ સરકાર કાયદાનો કડક રીતે અમલ કરી શકતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય કુંવરજીભાઇ, જ્યારે કોઇ સભ્ય બોલતા હોય ત્યારે આપ વચ્ચેથી ક્રોસ થયા છો. આવી રીતે અધ્યક્ષ અને બોલનાર સભ્યશ્રી વચ્ચેથી પસાર થઇ શકાતું નથી. ભવિષ્યમાં કાળજી રાખશો.

---

* વિધેયક તા. ૧૨મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : જેના કારણે (અંતરાય)વેપાર ચાલે છે. આજે લતે લતે વ્યાજે પૈસા આપવાની હાટડીઓ ખૂલી ગઇ છે. એટલું જ નહિ આવી હાટડીઓ રોજે રોજ વધતી જાય છે. કારણ કે, અમુક લોકો એ ખોટા રસ્તા અપનાવીને અઢળક ધન ભેગું કર્યુ છે અને સમાજના મોટાભાગના લોકો બેકારી, રોજગાર અને વેપાર–ધંધામાં આર્થિક મંદીના કારણે સામાજિક પ્રસંગોએ ઉધાર–ઉછીના નાણા લેવાના કિસ્સા વધતા જાય છે. જરૂરિયાતવાળા લોકો પાસે બીજો વિકલ્પ ના હોવાથી, ગરજ હોવાથી વ્યાજખોરો પાસેથી ૫ થી ૧૦% ઉંચા વ્યાજે લોકો પૈસા લે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં કિસ્સાઓમાં વ્યાજખોરો એટલું દમન અપનાવે છે કે ગુંડાગીરી આમ થઇ જાય છે. કેટલાંક કિસ્સામાં તો વ્યાજ લેનારને આપઘાત કરવાના પણ કિસ્સાઓ બન્યાં છે. કોઇ જમીન, મિલ્કત અંગૂઠા પડાવીને જબરજસ્તીથી તેમની જમીનો ઉપર કબજો આ વ્યાજથી પૈસા આપવાવાળા લેતા હોય છે. સરકાર ૨૦૧૧ના કાયદાનો અમલ કરવી શકતી નથી જેના કારણે જેના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ખાસ કરીને હું અમદાવાદ શહેરની વાત કરું. અમદાવાદ શહેરની અંદર અમરાઇવાડી, ખોખરા, ગોમતીપુર, બાપુનગર, અસારવા, રખિયાલ જેવા કેટલાક શ્રમજીવી વિસ્તારો આવેલા છે તે વિસ્તારોની અંદર વ્યાજખોરોનું વિષચક્ર ફેલાયેલું છે જે અઠવાડિયે ૧૦ થી ૧૫% વ્યાજ ઉપર પેનલ્ટી નહિ ભરનારને ૮ થી ૧૦ યુવાનોએ તાજેતરમાં આત્મહત્યા કરી છે. અમદાવાદ શહેરની અંદર રબારી કોલોનીમાં રહેતા ભગવાનદાસ જયશ્વાલે મુખ્યમંત્રીશ્રી, પોલીસવડા અને માનવ અધિકારમાં ફરિયાદ કરી છે કે તેમનો પુત્ર ભોલાએ ૧૦,૦૦૦ રૂપિયા વ્યાજે લીધા હતા અને ૨૦,૦૦૦થી પણ વધુ ચૂકવી દીધા છતાં પણ વ્યાજખોરોએ ઉઘરાણી ધાક–ધમકી–ત્રાસ આપીને ચાલુ રાખતા તેની રીક્ષા અને મોબાઇલ ફોન ઝૂંટવી લેતા પુત્રએ ઘરમાં આવીને ફાંસો ખાઇને આત્મહત્યા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમની ફરિયાદ પછી કોઇ પોલીસે આજ સુધી કોઇ ગુનેગારને પકડ્યા નથી કે ફાઇનાન્સ નામનો ઉલ્લેખ પણ નથી, લૂખા તત્વોનુ પણ આર્થિક રીતે શોષણ કર્યુ હોય તેવું, ત્રાસ આપ્યો હોય તેવું જાણવા મળે છે. આ લોકો જે વ્યાજે પૈસા લે છે. ખાસ કરીને વ્યાજે પૈસા લેવા જાય છે એ લોકો પહેલા બેંકોમાં જતા હોય છે પણ બેંકો તેમને લોન નથી આપતી. બેંકોમાં લોન નથી મળતી એટલા માટે આ લોકો વ્યાજે પૈસા લે છે. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ વટહુકમ માત્ર ગ્રામ પંચાયતમાંથી ગ્રામસભા એટલા ફેરફાર પૂરતો જ છે. બાકી બધું બોલે એનો વાંધો નહિ. (અંતરાય) માનનીય ખેડાવાલા હું માનનીય અધ્યક્ષશ્રી દ્વારા કહું છું, પછી તો આપ જેટલું બોલવું હોય એટલું બોલો પણ આપના ધ્યાને આપના દ્વારા મૂકું છું કે પંચાયત અને ગ્રામસભા આટલા પૂરતું જ છે.

અધ્યક્ષશ્રી : માનનીય ખેડાવાલા આપની વાત.. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત પૂરી જ કરું છું. બે મુદ્દા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : હા, એક તો પહેલીવાર બોલી રહ્યાં છે પણ એ બાબતમાં થોડું રિસ્ટ્રિક્ટ કરો. (અંતરાય)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી બેંકો લોનો આપતી નથી. (અંતરાય) નાના માણસોને લોન નથી મળતી એટલા માટે કહું છું. નીરવ મોદીને અને વિજય માલ્યા જેવાને જ લોન મળે છે. એટલે આ લોકો આત્મહત્યા કરી લે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, બધા કારણોને ધ્યાનમાં રાખીને મારો વટહુકમ ના–મંજૂર કરતો પ્રસ્તાવ રજૂ કર્યો છે તેમાં આશા છે કે સભાગૃહના બધા સભ્યો મારા પ્રસ્તાવને ટેકો આપશે, થેંક યુ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનિયમ ૨૦૧૧ની કલમ ૧૭(૨)માં સુધારો કરતો વટહુકમ તા.૧૩–૧૧–૨૦૧૭ ના રોજ પ્રસિદ્ધ કરેલ હતો. ભારતના સંવિધાનની કલમ ૨૧૩/૨/૧ મુજબ આ વટહુકમને ગુજરાત વિધાનસભા ગૃહમાં મૂકવાની તેમજ આ વટહુકમને કાયદાનું સ્વરૂપ આપવા વિધાનસભા ગૃહને સને ૨૦૧૮–ગુજરાત વિધેયક ક્રમાંક–૧થી રજૂ કરેલ છે. નાણા ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ –૨૦૧૧ની કલમ–૧૭ (૨)ની હાલની જોગવાઇ નીચે મુજબ છે. કોઇ નાણા ધીરધાર કરનારે ભારતના સંવિધાનના અનુચ્છેદ – ૨૪૪ના ખંડ– ૧માં ઉલ્લેખેલા રાજ્યના અનુસૂચિત વિસ્તારોમાં રહેતા અનુસૂચિત આદિજાતિના કોઇ સભ્યને તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી સિવાય કોઇ નાણા ધીરવા જોઇશે નહીં.

ભારત સરકારના પંચાયતની જોગવાઇઓ અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબતના અધિનિયમ–૧૯૯૬, પેશા –૧૯૯૬ ની કલમ – ૪ (ટ) (મ) અંતર્ગત સદરહુ સત્તા યોગ્ય સ્તરે પંચાયતોને તેમજ ગ્રામ સભાઓને પણ સોંપવામાં આવી છે. તેના અનુસંધાને ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગે ગુજરાત પંચાયતની જોગવાઇઓ અનુસૂચિત વિસ્તારોને લાગુ પાડવા બાબતના નિયમો– ૨૦૧૭ , પેશા નિયમો–૨૦૧૭ પણ ઘડ્યા છે. જેના નિયમ–૪૦થી ગામના નાણાની ધીરધારના વ્યવહાર ઉપર નિયંત્રણ રાખવા માટે ગ્રામસભાની શાંતિ સમિતિને સત્તા આપવામાં આવી છે.

ગુજરાત નાણા ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ ૨૦૧૧ની કલમ ૧૭(૨)ની જોગવાઇ સાથે પેશા એક્ટ ૧૯૯૬ અંતર્ગત બનેલો પેશા એક્ટ–૨૦૧૭ના નિયમ–૨૪ની જોગવાઇ સાથે સરખાવતાં વિસંગતતા જણાતી હોઇ આ વિસંગતતા દૂર કરવા તથા પેશા એક્ટ્ –૧૯૯૬ અને ગુજરાત નાણા ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ–૨૦૧૧ની જોગવાઇઓમાં સામ્યતા રહે તે હેતુથી કાયદામાં સુધારો કરવાની આવશ્યકતા જણાતા અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી ગુજરાત નાણા ધીરધાર કરનારાઓ બાબત (સુધારા) વટહુકમ –૨૦૧૭ પ્રસિદ્ધ કરવામાં આવેલ. આ વટહુકમ અનુસૂચિત વિસ્તારોમાં રહેતા આદિજાતિના ઇસમોના હિતોનું રક્ષણ કરવા તથા તેમનું શોષણ ન થાય એવા શુભ

આશયથી પ્રસિદ્ધ કરવાનું સર્વથા યોગ્ય હોઇ માનનીય વિધાનસભાના સદસ્ય શ્રી ઇમરાનભાઇ ખેડાવાલાના પ્રસ્તાવને નામંજૂર કરવા સન્માનનીય સભાગૃહના સભ્યોને હું અપીલ કરું છું.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક– ૨૦૧૮, વિધેયક ક્રમાંક–૧ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય સંસદીય મંત્રીશ્રીએ જેમ ગૃહને જણાવ્યું, આ બિલની અંદર માત્ર એક શબ્દથી બીજા શબ્દ તરફ ફેરફાર માટેનો સુધારા કાયદો છે, માત્ર બે શબ્દો ફેરવવા માટે થઇને સરકારે વિધાનસભા ગૃહ સમક્ષ આવવું પડ્યું છે. બિલના ઉદેશ્યો એમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, નાણાની ધીરધાર કરનારા દ્વારા ભોગવવી પડતી હાડમારી દૂર કરવા માટે થઇને જે અત્યાર સુધી ગ્રામ પંચાયત એટલે કે, પંચાયતના સરપંચને કોઇ ગામના આદિવાસી વ્યક્તિએ લોન લેવી હોય તો મંજૂરી લેવી પડતી એના બદલે હવે ગ્રામ સભા આવી મંજૂરી આપી અને લોન લેવા માટેનો દરવાજો ખોલી આપશે આવી સરળતા માટે આ બિલ લાવ્યા છે. બિલનો હાર્દ ખૂબ સરસ છે પણ આપના મારફતે માનનીય મંત્રીને મારે પૂછવુ છે કે, અત્યાર સુધી સરપંચશ્રીઓને અનુમતિનો અધિકાર આપી પોતાના પરિવારના ઘર ગુજરાન માટે સરકારી મંડળીઓમાં, સહકારી સંસ્થાઓમાં, સરકારી બેન્કોમાં સસ્તુ અને સરળ ધિરાણ લેવા માટે દરદર ભટકતો મારો સામાન્ય જન સરળતાથી ધિરાણ ન મળે, એના છોકરાને ભણાવવા માટે, એની દીકરીને વરાવવા માટે, એના કુટુંબના ભરણપોષણ માટે એણે ખાનગી ધીરધારોને તાબે થવું પડે અને ખાનગી ધીરધારોને તાબે થવા માટે પણ જે તે પંચાયતની મંજૂરી લેવાની. પંચાયત એટલે ગામના સરપંચ. મને લાગે છે કે વિતેલા વર્ષોના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સરપંચોને હથિયાર બનાવી સામાન્ય માણસોને ધિરાણ માટે ટટળાવવાનો, મત ભેગા કરવા માટે આ કાયદાનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ થયો. સરકારે એક સામાન્ય માણસની વેદના સાથે રાજકારણને ન જોડવું જોઇએ એવી આપના મારફત હું વિનંતી કરું છું. આ લોકશાહી શાસન વ્યવસ્થામાં ખાનગી ધીરધારોના બોજ તળે દબાયેલું હિન્દુસ્તાન, ખાનગી ધીરધારોની ગુલામીમાંથી દેશના દરેક વ્યક્તિને એ ગરીબ હોય, દલિત હોય, પછાત હોય, આદિવાસી હોય, ખેડૂત હોય, મજૂર હોય એ સ્વમાનથી જીવન જીવી શકે, એ હકકથી પોતાના જીવનની જરૂરિયાતો માટે સરળતાથી ધિરાણ મેળવી શકે એટલે બેંકોનું રાષ્ટ્રીયકરણ થયું. જયાં દરેક માણસને જીવન જીવવાનો અધિકાર મળતો હતો, એના જીવનની જરૂરિયાતોને પોષવા માટે સરળતાથી, સસ્તુ ધિરાણ મળે. આ રાજયના કોઇ ગરીબને, દલિતને, પછાતને એના જીવનની જરૂરિયાતો પોષવા માટે કયાંય હાથ ન લંબાવવો પડે એવી વ્યવસ્થા આ દેશની અંદર ઉભી કરવામાં આવી. આજે કઇ સ્થિતિ નિર્માણ થઇ? છેલ્લા ૨૨ વર્ષથી રાજયમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. નીતિઓ ઘડવાનો અધિકાર એ હંમેશા સત્તા પક્ષે હોય છે. ગુજરાતની જનતાએ લોકોને અનુકૂળ નીતિઓ બનાવવા માટે સરકારને બહુમતી આપી. હું તો રાજકીય ટીકાટીપ્પણીઓથી ઉપર ઉઠીને ગુજરાતના લગભગ ગામડાંઓની અંદર જે ખાનગી ધિરધારોની દુકાનો શરૂ થઇ છે એના તરફ સરકારનું ધ્યાન દોરવા માગું છું. આપણે શું કામ એવી વ્યવસ્થા ઉભી ન કરીએ કે આ ગુજરાતનો ગરીબ હોય, દલિત હોય, પછાત હોય, આદિવાસી હોય, ખેતમજૂર હોય, ખેડૂત હોય એને ધિરાણ પણ લેવું હોય તો એ પોતાના સ્વમાનનું રક્ષણ કરીને સરકારી બેંકોમાં, સહકારી બેંકોમાં એને સરળતાથી સસ્તા દરે ધિરાણ મળે એવી વ્યવસ્થા કરવા માટે આ સરકાર બિલ શું કામ ન લાવી? હું વિચારતો હતો કે આ રાજયમાં સામાન્ય માણસે ખાનગી ધીરાધારોના પગથીયા શું કામ ચડવા પડે? હું સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાનો વતની છું. મારા અમરેલી શહેરની અંદર લગભગ ત્રણસો, સાડી ત્રણસો, ચારસો દુકાનોની અંદર રૂપિયા ભાડે આપવાનો વેપાર ચાલે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહમાં ઉપસ્થિત નથી. એ રાજકોટથી આ વિધાનસભાગૃહમાં પ્રતિનિધિત્વ કરે છે. ગુજરાતનું નેતૃત્વ કરી રહ્યા છે. રાજકોટથી પ્રસિદ્ધ થતા કોઇપણ છાપાની અંદર એક દિવસ એવો નહીં હોય કે વ્યાજકવાદીઓના ભોગનો બદલો ભરડો બની અને ગુજરાતના યુવાને આત્મહત્યા કરવા મજબુર થવું ન પડ્યું હોય. આ સ્થિતિ કેમ ઉભી થઇ? ખાનગી ધીરધારો સુધી ગુજરાતના ગૌરવવંતા યુવાનને ન પહોંચવું પડે આવી વ્યવસ્થા સરકારે ઉભી કરવી જોઇતી હતી. આ વ્યવસ્થામાં સરકાર નિષ્ફળ નીવડી છે. આજે ગુજરાતના સામાન્ય માણસને કયાંય સરકારી કે સહકારી સંસ્થાઓમાં સરળતાથી ધિરાણ નથી મળતું. સસ્તુ ધિરાણ નથી મળતું. કોઇ વ્યક્તિએ સહકારી કે સરકારી સંસ્થામાં કદાચ લોન લીધી હોય એના પરસેવાની કમાણીથી જે આવક ઊભી થાય એમાંથી ઇમાનદારીપૂર્વક લોન પરત ચુકવવી છે, પણ ગુજરાતનો સામાન્ય માણસ રોજગારી મેળવવા માટે દરદર ભટકે છે. એને સ્વમાનનો રોટલો ખાવો છે. પરસેવાના ટીપે પેટનો ખાડો પુરવો છે. પણ દરદર ભટકતા કયાંય એને રોજગાર પ્રાપ્ત થતો નથી. એ આવકના સ્ત્રોતો બંધ થયા, એટલે ગુજરાતનો ગરીબ, ખેડૂત, દલિત, મજદૂર, પછાત, આદિવાસી સહકારી કે સરકારી સંસ્થાનું ધિરાણ લીધું છે. એ ધિરાણ પરત ચુકવવામાં એના હપ્તોઓ નિયમિત ચુકવવામાં નિષ્ફળ જાય છે. એને સહકારી કે સરકારી સંસ્થાની સાજે જે નાણાનો વ્યવહારનો દરવાજો કાયમી બંધ થાય છે. મારે આપની મારફત મંત્રીશ્રીને કહેવું છે કે આવા ટૂંકા ધિરાણ લઇને રોજગારીના અભાવે જે માણસ લોનનો હપ્તો ચુકવવામાં નિષ્ફળ જાય તો આવા લોકો માટે આપણે સહકારી કે સરકારી બેન્કોના દરવાજા બંધ કરી દઇએ છીએ. આ દેશની પ્રજાના પરસેવાની કમાણી એની બચત, જીવનની મરણમૂડી, એની પાઇપાઇ એ બેન્કની અંદર માણસ ડિપોઝિટ તરીકે મુકતો હોય, એની મરણ મૂડીમાંથી વ્યાજબી આવકનું ઉપાર્જન થશે તો એ બુઝર્ગ, વડીલ હશે એની માસિક જીવન નિર્વાહની આવક એમાંથી થશે. લોકો ધિરાણ બેન્કમાં મુકવા જાય તો એના દર દિન–પ્રતિદિન ઘટતા જાય છે. લોકોની મરણ મૂડીમાંથી જે બેન્કોની તિજોરી ભરીને એમાંથી લલીત મોદી હોય, નિરવ મોદી હોય કે

વિજય માલ્યા હોય કરોડો રૂપિયા સરકારની જાણ તળે લઇ દેશમાંથી રફુચક્કર થઇ જાય છે. આને રાજકીય રીતે નહિ મુલવતા. એ ગરવા ગુજરાતી તરીકે મને અને તમને સ્વાભાવિક છે કે શરમ થાય કે આપણી પરસેવાની કમાણી જે બેન્કની તિજોરીમાં ભરી છે એ મોદી હોય કે માલ્યા સરકારની જાનતળે લઇ વિદેશમાં રફુચક્કર થઇ જશે તો આ દેશની બેન્ક વ્યવસ્થા આવતા દિવસોમાં ભાંગીને ભૂક્કો થઇ જશે. સહકારી અને સરકારી રાહે સામાન્ય માણસના ધિરાણના સ્ત્રોત છે એ બંધ થઇ જશે. અને ના છુટકે આ રાજના સામાન્ય માણસને ફરી પાછું આઝાદી પહેલાના દિવસોની માફક ખાનગી ધીરધારના દુકાને સલામો મારવા મજબૂર થવું પડશે. હું વિનંતી કરું છું કે રાજ્ય સરકાર આ બિલમાં સામાન્ય માણસ, ખેડૂત, દલિત, પછાત, ખેતમજૂર, આદિવાસીને સરળતાથી, સસ્તા દરે ધિરાણ મળે, રખેને આવી વ્યક્તિઓ નાની લોન હોય અને અને આવો નાનો હપ્તો ચુકવવામાં નિષ્ફળ જાય તો એને ચોર નહિ ગણી પણ એના આવકના સ્ત્રોતો વધે એના માટેનો વિચાર લઇને આવ્યા હોત તો આનંદ થાત. હું આપની મારફત ગંભીર મુદા તરફ સરકારનું ધ્યાન દોરીશ. લગભગ કદાચ બધા લોકો વાકેફ હશે. એક તો નાના માણસ રોજગારનો દરવાજો બંધ થાય ત્યારે સહકારી બેન્કમાં નાના હપ્તાઓ માટે ડિફોલ્ટર થાય અને બેન્કના દરવાજા બંધ થાય છે. અને એને ખાનગી ધીરધારનું પગથિયું ચાડવું પડે છે. બીજી બાબત ધ્યાનમાં આવી જે ખૂબ ગંભીર બાબત છે. મને લાગે છે કે આખું ગૃહ એમાં સમર્થન આપશે. આજકાલ મારે નવી પેઢીના જવાનોને આ વ્યાજ વાદીઓની ટોળી ગંભીર પ્રકારનું દૂષણ, વ્યસન કહેવાય. એ દારૂનું વ્યસન હોય, પાન બીડી સિગારેટનું કે ગુટકાનું વ્યસન હોય, કેફી દ્રવ્ય, ગાંજો, હેરોઇનના આ વ્યસનો તરફ નવી પેઢી વળી રહ્યો છે.માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના યુવાનો વ્યસનની અંદર ફસાય છે. તેનું પોકેટ મની આપવા માટે તેના વાલીઓ આટલી મોટી આર્થિક મંદીનો સામનો કરી રહ્યા છે ત્યારે તે પોકેટ મની ઉપર કાપ આવ્યો છે. એટલે વ્યસનમાં જે માણસ ઢસડાઇ રહ્યો છે તેની મજબૂરીનો લાભ લઇને આ ખાનગી ધીરધાર કરનારા વ્યાજકવાદીઓ તેને એક હજાર રૂપિયાની, બે હજાર રૂપિયાની લોન આપે, પાંચ હજારની લોન આપે અને નીતિનભાઇ દસ હજાર રૂપિયાની લોન તો દસ લાખ બરાબર ગણાય. આ નવી પેઢીનો યુવાન, અમારો સાથી ખાનગી વ્યાજકવાદીઓની જાળમાં ખૂંપી રહ્યો છે. આ વ્યસનોના ભરડામાં અટવાયેલો અમારો યુવાન તેની મજબૂરીનો લાભ લઇ આ ખાનગી ધીરધારો તેની કોરી પ્રોમીસરી નોટમાં સહી લઇ લે, કોરા ચેકમાં સહી લઇ લે, કોરા સ્ટેમ્પ પેપર ઉપર સહી લઇ લે છે અને આ ખાનગી ધીરધાર કરનારી દુકાનેથી ભાડે રૂપિયા આપવાનો જે વ્યવસાય ફૂલ્યો ફાલ્યો છે તે દૈનિક ધિરાણ કરે છે. ૧૦૦ રૂપિયાની લોન લેવાની અને સાંજે ૧૦૦ ની સામે ૨૦૦ રૂપિયા જમા કરાવવાના. તેને અઠવાડિક લોન આપવામાં આવે, તેને માસિક લોન આપવામાં આવે. મેં આનો ખૂબ બારીકાઇથી અભ્યાસ કર્યો છે. મારા અમરેલીની અંદર ખાનગી ધીરધાર કરનાર દુકાનોનો રાફડો ફાટયો છે. માથે બોર્ડ માર્યુ હોય કે રાણો રાણાની રીતે. આ ધીરધાર ઉપર સરકારની કોઇ લગામ નથી. હું સરકારનું ધ્યાન આકર્ષિત કરવા માગુ છું. આજ મારી કે તમારી પેઢી આ વ્યસનની જાળમાં ફસાસે. આ ખાનગી ધીરધારોના દરવાજે ચઢવા મજબૂર બનશે અને મારી ને તમારી બાપ દાદાની જે વડીલોપાર્જિત મિલકત છે તે મિલકતો પણ કોરા ચેક, કોરા સ્ટેમ્પ પેપર અને કોરી પ્રોમીસરી નોટ ઉપર સહી કરીને મારી અને તમારી પરસેવાની કમાણી ખાનગી ધીરધારોના ત્યાં બારોબાર અજાણતામાં ગીરવે મૂકીને આવે છે. ઇમાનદારીનો રોટલો ખાનારો દરેક વાલી મજબૂરીવશ તેની પરસેવાની કમાણીથી ઉપાર્જન કરેલી મિલકતને બચાવા માટે આ ખાનગી ધીરધારો સાથે તેને સમાધાન કરવું પડે છે. એક જ વાત સાથે મારી વાત પૂરી કરી દેવી છે. આ ખાનગી ધીરધાર કરનારા લોકો તેમાં અમરેલી હોય, રાજકોટ, જૂનાગઢ, ગીર સોમનાથ હોય મને લાગે છે કે નીતિનભાઇ ગુજરાતનો એકપણ જિલ્લો કે એકપણ તાલુકો આ ખાનગી ધીરધાર કરનારા લોકોની ચુંગાલમાંથી, વ્યાજકવાદીઓની જાળમાંથી બચ્યો નથી. લોન આપે છે. ૧૦ હજારની લોન ૧૫ ટકા વ્યાજ ગણે છે. ૧૦ હજારમાંથી ૧૫૦૦ રૂપિયા એડવાન્સમાં કાપી લેવાના એટલે ૮૫૦૦ રૂપિયાનું ફાઇનાન્સ. દરરોજના ૧૦૦ રૂપિયા લેખે ૧૦૦ દિવસના હપ્તા. એટલે સરેરાશ ૪૨૫૦ રૂપિયાનું ધિરાણ કરવાનું. એક મહિનામાં માત્ર ૪૨૫૦ રૂપિયાના ધિરાણ સામે ૧૫૦૦ રૂપિયા વ્યાજ. આ ૩૦ ટકાના દરથી આ ખાનગી ધીરધારોની દુકાને વ્યાજની રકમ વસૂલવાની શરૂઆત થાય છે. મને કહેતાં દુઃખ થાય છે કે અગાઉથી વ્યાજ વસૂલ્યા પછી તે ૧૦ હજાર રૂપિયા માટે દરરોજના ૧૦૦ રૂપિયાનો હપ્તો હોય, રોજગાર ન મળે, દરદર ભટકે, એક દિવસે ૧૦૦ રૂપિયા ન કમાઇ શકનારો ગરીબ માણસ, દલિત માણસ, પછાત માણસ, આદિવાસી માણસ ખાનગી ધીરધારોનો હપ્તો ચુકવી ન શકે તો ૧૦૦ રૂપિયા સામે ૧૦૦ રૂપિયા પેનલ્ટી. ખાનગી ધીરધારોની દુકાને ૧૦ ટકાના દરે વ્યાજ મેળવવું તે તો શરીફનો દરજજો કહેવાય. કોઇ ઇમાનદાર માણસ લોન લેવા જાય તો ૧૦ ટકા(અંતરાય)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**બિલના સ્કોપ રીલેટેડ વાત કરવા અંગે**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા બોલતા હતા એટલે હું વચ્ચે દરમ્યાનગીરી કરવા માગતો નથી પણ વિધાનસભાના નિયમોના નિયમ ૧૩૦ અને ૧૩૦ની પેટા કલમ ૨ પ્રમાણે વિધેયકના પહેલા વાચન અને વિધેયકનો સિદ્ધાન્ત અને એના અંગે આખું નથી વાચતો પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે આ જે બિલ છે એ બિલનો સ્કોપ બહુ લિમિટેડ છે. બિલની અંદર બહુ સ્પષ્ટ લખેલું છે કે, "ગ્રામ પંચાયત એ શબ્દોને બદલે ગ્રામ સભા એ શબ્દો મૂકવા." માનનીય અધ્યક્ષશ્રી, એના ઓબ્જેક્ટ છે એમાં પણ બહુ સ્પષ્ટ લખેલું છે કે, "આના અંગે ગ્રામ સભાની શાંતિ સમિતિને સત્તા આપવામાં આવે. એથી આગળ કલમ ૧૭ની સદરહુ પેટા કમલ ૨ સુધારવા જરૂરી જણાયું છે અને અનુસૂચિત આદિજાતિ સભ્યને નાણાની ધીરધાર કરવા માટેની તેની મંજૂરી આપવા ગ્રામ સભાને સત્તા

આપી શકાય." માનનીય અધ્યક્ષશ્રી, મારું સબમીસન એટલું જ છે કે, આના સ્કોપ રીલેટેડ એમનું આખું પ્રવચન મેં સાંભળ્યું છે પરંતુ એ આજના બિલના સાથે મને સુસંગત નથી લાગતું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર ગ્રાહ્ય રાખવામાં આવે છે અને વિપક્ષના મિત્રોને વિનંતી કરું છું કે બિલના સ્કોપ રીલેટેડ પોતાની વાત કરે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે તો એમાં મારે બોલવું પડશે એટલા માટે કે, આ ગૃહમાં સરકાર જે બિલ લાવી છે એ બિલના ઉદેશો અને કારણો રજૂ કર્યા છે એમાં સરકારે સ્પષ્ટ કર્યું છે કે, "નાણાંની ધીરધાર કરનારા દ્વારા ભોગવવી પડતી હાડમારી દૂર કરવા માટે આ બિલથી સુધારો લાવવામાં આવ્યો છે." માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહભાઇ સંસદીય બાબતોના ખૂબ જાણકાર મંત્રીશ્રી છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ૧૩૦ નો ઉલ્લેખ કર્યો છે તો હું એ ઉલ્લેખ પણ વાંચી જાવ. હું એક વિરોધ પક્ષના જવાબદાર આગેવાન તરીકે મારી મર્યાદાઓ સમજુ છું, સરકાર પણ એની નિષ્ફળતાઓ અમારી ટીકાઓને સકારાત્મક રીતે લઇ અને લોકોને અનુકૂળ વાતાવરણ ઉભું કરવા માટે જો સૂચન લાવશે તો અમને ગમશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી હતી કે, કોઇ અનુસૂચિત આદિજાતિના સભ્યએ ખાનગી ધીરધાર કરનારના દરવાજા સુધી ન પહોંચવું પડે એવી વ્યવસ્થા કરવામાં સરકાર શા માટે નિષ્ફળ ગઇ? આ વ્યવસ્થા કરવામાં સરકાર નિષ્ફળ ગઇ એટલે ખાનગી ધીરધાર કરનારાઓના પગથિયે મારા આદિવાસી સમાજના ભાઇને ચડવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૧૦,૦૦૦ની લોન લે ૮૫૦૦ રૂપિયાનું ધિરાણ મળે ૧૫૦૦ રૂપિયા વ્યાજમાં કપાઇ જાય અને દરરોજના ૧૦૦ રૂપિયાનો હપ્તો એક હપ્તો ચૂકી જાય તો હપ્તા સામે હપ્તા જેટલી પેનલ્ટી આ વ્યાજનો દર ૧૦ ટકાના શરાફી વ્યાજથી લઇને ૬૦ ટકા જેટલું માસીક વ્યાજ ચૂકવવું પડે એવી પીડાનો ગુજરાતમાં સામાન્ય માણસો સામનો કરી રહ્યા છે. માનનીય મંત્રીશ્રીને હું આપના મારફત વિનંતી કરવા માગુ છું કે, આ શબ્દો ફેરવે, સમસ્યાનો હલ નહીં થાય, વ્યવસ્થા બદલો, વ્યવસ્થા બદલવા માટે આપ આ સન્માનીય ગૃહ સમક્ષ ધિરાણની જોગવાઇ લઇને આવો કે આ ગુજરાતનો કોઇ ગરીબ, કોઇ દલિત, કોઇ પછાત, કોઇ ખેત મજદૂર, કોઇ આદિવાસી એ રોજગારને અભાવે ૧૦,૦૦૦ કરતા ઓછી લોન લીધી હશે, ૨૦,૦૦૦ કરતા ઓછી લોન લીધી હશે અને રખેને હપ્તો ચૂકવવામાં નિષ્ફળ જશેને તો બેન્કનો દરવાજો એમના માટે બંધ નહીં થાય, ખાતુ એન.પી.એ. કરવામાં નહીં આવે, એની જીવનની જરૂરિયાતોને સંતોષવા માટે, એના બાળકોની ફી ભરવા માટે, એના પરિવારનું ગુજરાન ચલાવવા માટે ફરી પાછી એને જરૂરિયાત ઉભી થાય તો આ સરકાર બજેટની અંદર જોગવાઇ કરી આવા લોકોને વાજબી દરે તરત ધિરાણ મળે એવી વ્યવસ્થા કરશે તો અમે આ બિલને આવકારત, કમનસીબે સરકાર આ મુદાઓ ઉપર સ્પષ્ટતા કરવાનું ચૂકી ગઇ છે એટલે આ બિલ સાથે હું સંમત થઇ શકતો નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સહકાર મંત્રીશ્રી આજરોજ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ, ૨૦૧૧ની કલમ-૧૭(૨) ની જોગવાઇમાં સુધારો કરવા માટેનું વિધેયક ગૃહની મંજૂરી માટે લાવેલ છે. જુની જોગવાઇ મુજબ રાજ્યના આદિજાતિ વિસ્તારના લોકોને નાણાં ધીરતી વખતે જે તે નાણાં ધીરનાર શાહુકાર દ્વારા જે તે ગ્રામ પંચાયતની મંજૂરી લેવાની જોગવાઇ થયેલ છે તેમાં સુધારો લાવી ગ્રામ પંચાયતના બદલે ગ્રામસભાની મંજૂરી લેવા બાબતનો સુધારો સૂચવેલ છે. તે મુજબ કોઇ નાણાં ધીરનાર કરનારે ભારતના સંવિધાનની જોગવાઇ મુજબ અનુસૂચિત આદિજાતિના કોઇપણ સભ્યને જે તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી વગર નાણાં ધીરી શકશે નહિ તેવી જોગવાઇ છે, જ્યારે રાજ્યના જ અન્ય એક પેસા એક્ટ, ૧૯૯૬ અને તે અન્વયે બનેલા પેસા નિયમ-૪૦માં રાજ્યના પછાત વિસ્તારમાં રહેતા અનુસૂચિત જનજાતિના સભ્યને ગ્રામસભાની મંજૂરી વગર નાણાં ધીરી શકાશે નહિ, તેવી જોગવાઇ છે તેમાં સમાનતા લાવવા માટે આ સુધારો લાવવામાં આવેલ છે. તે નિયમની જોગવાઇ જોતાં નાણાં ધીરવા બાબતે રાજ્યના આ બન્ને કાયદાની જોગવાઇમાં વિસંગતતા જોવા મળેલ છે, જેથી આ વિસંગતતા દૂર કરવા અને બન્ને કાયદામાં એકસમાનતા આવે એ હેતુથી આવા આદિજાતિ વિસ્તારના લોકોને નાણાં ધીરતા પહેલાં ફક્ત ગ્રામ પંચાયતની મંજૂરીની જોગવાઇ હતી તેના બદલે ગ્રામસભાની મંજૂરી મેળવવાની જોગવાઇ કરી. બન્ને કાયદાની જોગવાઇ એકસમાન રહે તે હેતુથી ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ ૨૦૧૧ની કલમ-૧૭(૨) ની જોગવાઇમાં રાજ્યના અનુસૂચિત જનજાતિના વિસ્તારના લોકોને ગ્રામ પંચાયતના બદલે ગ્રામસભાની મંજૂરીથી જ નાણાં ધીરી શકશે એવી નવી જોગવાઇ કરતું આ વિધેયક લાવવામાં આવેલ છે. આના પરિણામે કાયદાના અમલીકરણમાં સરળતા રહેશે અને ગ્રામપંચાયતના બદલે ગ્રામસભાની મંજૂરીની જોગવાઇ થવાથી બિનજરૂરી મંજૂરીઓ આપવા સામે બાન આવશે અને આવી મંજૂરી આપતી વખતે ફક્ત ગ્રામ પંચાયતના સભ્યો જ નહિ પરંતુ સમગ્ર ગ્રામજનોના દ્વારા નિર્ણય લેવાનો હોવાથી પારદર્શકતા આવવાની છે જેથી રાજ્ય સરકારશ્રીના આ પ્રયાસને હું ગૃહના તમામ સભ્યો વતી આવકારું છું અને આ વિધેયકને સર્વાનુમતે મંજૂર રાખવા આપ સન્માનનીય સભ્યશ્રીઓને હાર્દિક અપીલ કરું છું.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧, ગુજરાત નાણાં ધીરધાર કરનાર બાબત (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતનો જે ૨૦૧૧નો પંચાયત ધારો હતો અને એમાં નાણાં ધીરધાર માટેનો જે અધિનિયમ આવેલો હતો એમાં તે વખતે જ્યારે આ કાયદો લાવ્યા ત્યારે પેસા એક્ટ ૧૯૯૬થી લાગુ હતો અને ૧૯૯૬થી લાગુ હોવા છતાં તે વખતે નાણાં ધીરધાર માટેની જોગવાઇ કરવામાં આવી હોવા છતાં ગ્રામસભાની સંમતિ આપવાની, ગ્રામસભાની સર્વસંમતિ હોય

છે છતાંપણ આ રાજ્ય સરકારે એના ઉપર ધ્યાન દોર્યું નહિ અને એના લીધે આજે ૨૦૧૧ પછી એટલે કે સાત વરસે આ કાયદો લાવવાની જરૂર પડી. પહેલાં શરૂઆતનો જે કાયદો હતો અને એમાં બંધારણની કલમ-૨૪૪ની કલમ-૧ પ્રમાણે પંચાયતને અધિકાર હતા, હવે જ્યારે ગ્રામસભાને અધિકાર આપવાની વાત છે ત્યારે અમારા નેતાશ્રીએ વાત કરી તેમ, પહેલાં તો એ બાબત છે કે આદિવાસી વિસ્તારોમાં લોકોને જે ખાનગી નાણાં ધીરનાર છે તેમની પાસે કેમ જવું પડે છે ? અમારો વિસ્તાર ખાણ-ખનિજથી ભરેલો છે. ખેડૂતો પણ ખૂબ જ કામ કરે છે પણ સરકાર એક તો પોષણક્ષમ ભાવ આપતી નથી તેથી બિચારો ગરીબનો ગરીબ રહે છે ચોવીસ કલાક મજૂરી કરે છે પણ પૈસા મળતાં નથી. બીજી બાજુ પૂર્વ પટ્ટીમાં ખાણ-ખનીજ એટલી બધી છે પણ ખાન-ખનીજના માફીયાઓ ત્યાં એટલા બધા છે કે આ પેશા કાયદો હોવા છતાં અમારા લોકોને તેનો લાભ મળી શકતો નથી. હમણાં જ ત્રણ દિવસ પહેલાં અમારા પ્રભારી મંત્રીશ્રી આવેલા અને ત્યારે પણ મેં આ બાબતની વાત કરી હતી કે આદિવાસી વિસ્તારના, જે અનુસૂચિત વિસ્તારની જે ગ્રામ પંચાયતો છે તેને આ ખાણ-ખનીજની રોયલ્ટી છે તે રોયલ્ટીમાંથી કોઇ હક્ક મળે છે કે કેમ ? તો તપાસ કરતાં ખબર પડી કે ફક્ત ત્રણ જ ગામને મળે છે. આ કાયદો છે અને આવી કંઇ રકમો મળી શકે તો આદિવાસી લોકોને આવી લોન લેવાની જરૂર ના પડે. આમાં એક બીજો સુધારો સરકારે કર્યો છે તેમાં બે-ત્રણ બાબતોનું મારે ધ્યાન દોરવું છે એક તો આ અનુસૂચિત વિસ્તારમાં જે પેશા કાયદો આવ્યો પંચાયત એક્સ્ટેન્શન ટુ શિડ્યુલ્ડ એરિયા જે ૧૯૯૬માં પાસ થયેલો. રાજ્ય સરકારે, ગુજરાતની સરકારે ૧૯૯૮માં તેને કાયદાનું સ્વરૂપ આપ્યું અને ૧૯૯૮ પછી આજે સાહેબ ૨૦ વર્ષ થયા અને આ ૨૦ વર્ષ પછી તેના નિયમો બન્યાં છે. અને તે કયારે બન્યાં છે કે આ જ વિધાનસભામાં મેં રજૂઆત કરી કે આ જે પેશા કાયદો બન્યો છે તેના નિયમો કયારે બનાવવામાં આવશે ? ત્યારે તેના નિયમો બનાવ્યાં છે પણ તે ઉતાવળે બનાવ્યાં છે. ઉતાવળે એટલા માટે કહું છું કે પંચાયત અધિનિયમ-૧૯૯૩ની જે ૨૭૪ની કલમ-૫ છે તેમાં સ્પષ્ટ જોગવાઇ છે કે તમારે કોઇ પણ કાયદો બનાવતાં પહેલાં તેના નિયમો જે છે તે નિયમોને પ્રસિદ્ધ કરવા પડે. પણ રાજ્ય સરકારને એવુ નહીં લાગ્યું રાજ્ય સરકારે એમ કહ્યું છે કે, આ નિયમો પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું સરકારને યોગ્ય લાગ્યું. આદિવાસી વિસ્તારમાં જયારે નિયમો બનતાં હોય ત્યારે આદિવાસી વિસ્તારની શું જરૂરિયાત છે, તેમના વિસ્તારની અને તેમની પોતાની શું જરૂરિયાત છે તે પ્રમાણે કાયદો બનવો જોઇએ, તે પ્રમાણે નિયમો બનવા જોઇએ પણ સરકારને એવુ નહીં લાગ્યું. અને જયારે ગતિશીલ ગુજરાતની વાત કરતી સરકાર ૨૦-૨૦ વર્ષ સુધી તેનો અમલ નથી કરતી અને જો પહેલાં અમલ કર્યો હોત તો તેનો ૧૯૯૬માં અમલ થયો હોત. આ કાયદો પહેલાં આવેલો છે ૧૯૯૬માં અને આજદિન સુધી તેનો અમલ થયો નથી ત્યારે મારે મંત્રીશ્રીને વિનંતી છે કે તેમાં થોડોક ફેરફાર પણ તમે કર્યો છે કે ગ્રામસભાને બદલે ગ્રામ સમિતિ ગ્રામ સભાને તેને નાણાં ધીરવાની તેની સંમતિ લેવાની પણ શાંતિ સમિતિ કયાંથી આવી ? આ તમે જે નિયમો બનાવ્યાં છે તે ઉતાવળે બનાવ્યાં છે જે પેશા કાયદો છે ફક્ત અને ફક્ત ગ્રામસભાને અધિકારો આપેલાં છે નહીં કે શાંતિ સમિતિને. એટલે જે તે વખતે જયારે અમે વિરોધ કરેલો •(×××) પણ હજુ તેમાં કોઇ આગળ વધ્યું હોય એવુ દેખાતું નથી એટલે મારી વિનંતી છે કે આમાં ફેરફાર કરો જયાં જરૂર જણાય ત્યાં આદિવાસીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નિયમો બનાવો એવી મારી વિનંતી છે. આ ચૂંટણીમાં આ લોકોએ પેશા કાયદો બનાવ્યો, તેના નિયમો બનાવ્યાં એમ કરીને વોટ લીધાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી હતી તે કહ્યું છે તે રેકર્ડ ઉપર તમારી પાસે કંઇ વિગત હોય તો રજૂ કરજો નહીંતર એ રદ કરવામાં આવશે.

ડો. અનિલ જોષિયારા : હાલનાં મુખ્યમંત્રી સાહેબે તે દિવસે એટલે કે ૩૦-૫-૨૦૧૭એ તેમણે આ ખાતરી આપેલી

અધ્યક્ષશ્રી : આપ રેકર્ડ ઉપર રજૂ કરજો નહીંતર રદ કરવામાં આવશે.

ડો. અનિલ જોષિયારા : આ સરકારે નોંધ્યુ હોય તો કારણ કે કમિટી હતી અને તેમાં આ નિર્ણય થયો હતો.

અધ્યક્ષશ્રી : એટલે જોઇને તે રેકર્ડ ઉપર આપે રજૂ કરવાનુ રહેશે.

ડો. અનિલ જોષિયારા : આમાં તો એવુ છે કે ટ્રાયબલ એડવાઇઝરી કાઉન્સિલની મિટિંગની જે મિનિટસ છે તે આમ તો બધા સભ્યોને વહેંચવાની હોય છે પણ આ સરકારે આપ્યા નથી અને મેં તપાસ કરી, વિભાગમાં તપાસ કરી અને સેક્રેટરીને મળ્યો કે આની મિનિટસ મને આપો. પણ આ મિનિટસ આજદિન સુધી મને મળી નથી એટલે તેમની જ ભૂલ છે કે તેઓ આપતાં નથી. જયારે સરકાર જ આમાં ગંભીર નથી ત્યારે બીજુ કંઇ કહી શકાતું નથી પણ મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં જે નિયમો થયા તેમાં થોડુંક ગંભીરતાપૂર્વક ધ્યાન આપે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, પંચાયતના નિયમો બનાવ્યા છે એમાં ઘણી બધી વિસંગતતાઓ છે. આપણા ટ્રાયબલ મિનિસ્ટર છે એમને પણ સાથે રાખીએ. આ વિસંગતતા કેમ ઊભી થઇ છે. કારણ કે, આ પંચાયતે નિમયો બનાવ્યા છે એમાં આદિજાતિ વિકાસ વિભાગનો કોઇ સંપર્ક કરવામાં આવ્યો નથી એટલે આ મુશ્કેલી ઊભી થઇ છે. એટલે આપ જો આમાં ધ્યાન આપશો તો આમાં ઘણા બધાં ફેરફારને અવકાશ છે અને એનાથી અનુસૂચિત વિસ્તારના આદિવાસીઓને ઘણો બધો ફાયદો થશે. મારે વિશેષ વાત નથી કરવી કારણ કે, આમાં કાયદામાં ફક્ત આટલો જ ફેરફાર છે. પંચાયતને બદલે ગ્રામસભા છે એટલે મારે બહુ વિશેષ ચર્ચા નથી કરવી પણ હું ફક્ત એટલું જ કહું છું કે, આમાં શાંતિ સમિતિનો જે ઉલ્લેખ કર્યો છે, જે નિયમો બનાવ્યા છે એમાં આપની ભૂલ છે એવું હું નથી કહી શકતો પણ નિયમો બનાવવામાં જ ભૂલ થઇ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

છે. એટલે આમાં ફેરફાર કરવામાં આવે. આમાં ગ્રામસભાને જે અધિકાર છે કારણ કે, પેશા કાયદામાં અધિકાર ગ્રામસભાને આપવામાં આવે છે તો ફરી પાછો ગ્રામસભાને અધિકાર આપવામાં આવે એટલા ફેરફાર સાથે આ વિધેયકને સંમતિ આપું છું.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સહકાર મંત્રીશ્રી આજ રોજ ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ – ૨૦૧૧ની કલમ – ૧૭(૨)ની જોગવાઇમાં સુધારા માટેનું વિધેયક ગૃહની મંજૂરી માટે લાવેલ છે જેને હું સમર્થન આપું છું અને મારો સૂર પુરાવું છું. જૂની જોગવાઇ મુજબ રાજ્યના આદિવાસી વિસ્તારના લોકોને નાણાં ધીરતી વખતે જે તે નાણાં ધીરનાર શાહુકાર દ્વારા જે તે ગ્રામ પંચાયતની મંજૂરી લેવાની જોગવાઇ થયેલ છે. તેમાં સુધારો લાવી ગ્રામ પંચાયતના બદલે ગ્રામસભાની મંજૂરી લેવાની બાબતનો સુધારો સૂચવેલ છે. તે મુજબ કોઇ નાણાં ધીરધાર કરનારને ભારતના સંવિધાનની જોગવાઇ મુજબ અનુસૂચિત આદિજાતિના કોઇપણ સભ્યને જે તે ગામની ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી વગર નાણાં ધીરી શકાશે નહિ તેવી જોગવાઇ છે જ્યારે રાજ્યના અન્ય એક પેશા એક્ટ – ૧૯૯૬ અને તે અન્વયે બનેલ પેશા નિયમ – ૪૦માં રાજ્યના પછાત વિસ્તારમાં રહેતા અનુસૂચિત જનજાતિના સભ્યને ગ્રામસભાની પૂર્વ મંજૂરી વગર નાણાં ધીરી શકાશે નહિ તેવી જોગવાઇ છે તેમાં સમાનતા લાવવા માટે આ સુધારો લાવવામાં આવ્યો છે. સુધારાનો ઉદ્ધેશ અને હેતુ જે છે એ મની લોન્ડરીંગ એક્ટ – ૨૦૧૧ તે મુખ્યત્વે પંચાયત અધિનિયમની જોગવાઇની બાબતોથી નિશ્ચિત થયેલ છે. પ્રવર્તમાન સમયમાં જ્યારે ગુજરાતના આદિવાસી વિસ્તારમાં પેશા એક્ટનું અમલીકરણ થઇ ગયેલ છે ત્યારે રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં સંસદ કે રાજ્ય સરકારે બનાવેલ કાયદાઓ તેના મૂળ સ્વરૂપે આ વિસ્તારમાં લાગુ પાડી શકાશે નહિ તેથી ગુજરાત સરકાર મની લોન્ડરીંગ એક્ટ – ૨૦૧૧માં સુધારો કરીને તેમાં આદિવાસી વિસ્તારને ઉક્ત કાનૂન અનુકૂળ બનાવવા માટે તેમાં સુધારા કરીને તેમાં પેશા એક્ટની જોગવાઇઓને આધીન આદિવાસી વિસ્તારમાં આ કાનૂન અસરકારક બને તેવો રાજ્ય સરકારનો એક સરાહનીય પ્રયાસ છે. આ સુધારા અધિનિયમ તે શિડ્યુલ એરીયામાં પેશા એક્ટનું અધિકરણ સૂચવે છે. પેશા એક્ટની કલમ– ૪, ખંડ – ૫ અનુસાર આદિવાસી વિસ્તારમાં વ્યાજે નાણાં ધીરનાર સામે નિયંત્રણની બાબત દર્શાવેલ છે. જેને આ સુધારા અધિનિયમ દ્વારા બળ મળશે અને નિયંત્રિત કરવાની સત્તા પણ મળશે. આ સુધારા અધિનિયમ દ્વારા આદિવાસી વિસ્તારોમાં નાણાં ધીરધાર પ્રવૃત્તિથી આદિવાસીઓની મુશ્કેલીઓ નિવારી શકાશે અને હાલમાં આ પેશા એક્ટનો કાયદો ભારતના ગુજરાત, આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઓરીસ્સા, ઝારખંડ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ એમ કુલ ૯ રાજ્યોમાં અમલીકરણમાં છે. સાથે સાથે આદિવાસી સમાજની જે પરંપરાઓ છે એ પરંપરાઓથી આદિવાસી સ્થાનિક સ્થળે નાણાં ધીરધાર કરનાર પાસેથી વ્યાજે નાણાં લેતા આવ્યા છે અને હાલમાં પણ કેટલાક અંશે લે છે તેમાં વ્યાજે નાણાં આપનાર મનમાની ન કરે, ઊંચા દરે વ્યાજ વસૂલ ન કરે. ૧૦ ટકા, ૧૫ ટકા અને ૨૦ ટકા સુધી જે વ્યાજ લે છે અને ઊંચા વ્યાજે જે પૈસા આપે છે એ ના લઇ શકે. જે ઉંચા વ્યાજ લે છે તે ન લઇ શકે નાણાં ધીરનાર આદિવાસીઓને રંજાડી રહ્યા છે અને જે ત્રાસ આપી રહ્યા છે તે ત્રાસ ન આપી શકે તેને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી દ્વારા આ વિધેયક લઇને જે સૂધારા સૂચવવામાં આવ્યા છે. તેના દ્વારા આ પ્રયાસો કરવામાં આવ્યા છે. નાણાં મેળવવા માટે સરકાર અને સહકારી પ્રવૃતિને પ્રોત્સાહન આપવા અને વ્યાજે નાણાં ધીરનાર પર$_{ત}$ નિયંત્રણ અને આદિવાસીઓને સાથે સાથે નાણાં મેળવવામાં અનુકુળતા પડશે. પેસાની જોગવાઇ મુજબ ગ્રામ સભાઓને આ માટે સત્તા આપવામાં આવી છે જે મુજબ આદિવાસીઓને જે નાણાં મેળવવામાં જે તકલીફ પડતી હતી તે દૂર થશે સાથે સાથે આ કાયદાથી આદિજાતિ વિસ્તારની ગ્રામ સભાઓને સત્તા આપવામાં આવી છે. ધીરાય છે એમાં જે તકલીફ પડે છે તે દૂર થશે. સાથો સાથ આ મની લોડરીંગ એકટના સુધારાની જોગવાઇઓથી નાણાં ધિરનાર ઉપર ગ્રામ સભામાં અસરકારક સત્તાની સોંપણી કરવાના કારણે નિયંત્રણ આવશે. આ વિધેયકમાં જોગવાઇના માધ્યમથી જે સત્તા ગ્રામ પંચાયતને હતી તે ગ્રામસભાઓને પૂરેપૂરી સત્તા પણ આપવામાં આવી છે. નેતા એવી વાત કરતા હતા કે પણ જે ૪૨૫૦ રૂપિયા આપીને ૧૫૦૦ રૂપિયા વ્યાજ વસૂલ કરે છે લોકો. એટલા માટે આ સત્તા આપવામાં આવી છે. ખાનગી ધિરાણ કરનારઓની વ્યાજનો દરની અને લેવદેવડની સત્તાઓ આ સત્તા ગ્રામસભાઓને આપવામાં આવી છે તે આ કાયદાથી પ્રસ્થાપિત થાય છે સાથે સાથે જે નાણાં ધીરનારાઓ આ બાબતોમાં રાજ્ય સરકાર આ બન્ને કાયદામાં વિસંગતાઓ જોવા મળે છે એટલા માટે આ સુધારાથી આદિવાસીઓને નાણાં ધીરવાની મંજૂરીની જોગવાઇ જે ગ્રામ પંચાતો પાસે હતી તેને બદલે ગ્રામ સભાની મંજૂરી લેવાની જોગવાઇ કરવામાં આવી અને તેના કારણે બન્ને કાયદાઓની જોગવાઇ એક સમાન રહે એ હેતુથી ગુજરાત નાણાં ધીરધાર વિનિયમ વિધેયક, ૨૦૧૧ ના કલમ–૧૭ (૨) જોગવાઇ પ્રમાણે રાજયના અનુસૂચિત જાતિના વિસ્તારના લોકોને નાણાં ધીરવાની જે બાબત છે ગ્રામ પંચાયતને બદલે ગ્રામ સભામાં મંજૂર થાય તેવી જોગવાઇ કરતું આ વિધેયક લાવવામાં આવ્યું છે, તેના કારણે નાણાં ધીરધાર કરનાર ઉપર નિયંત્રણ આ વિધેયકથી આવશે. પરિણામે આ કાયદાનો અમલ સરળતાથી થશે. ગ્રામ પંચાયતને બદલે ગ્રામસભાની મંજૂરીની જોગવાઇ થવાથી બિન જરૂરી મંજૂરીઓ આપવા સામે બાન આવશે. પડતી હતી તેનો અંત આવશે. આ મંજૂરી આપતાં પહેલાં ગ્રામ પંચાયતના સભ્ય જ નહીં પરંતુ સમગ્ર ગ્રામજનો અને ગ્રામ પંચાયતે પણ ગ્રામ જનો દ્વારા નિર્ણય લેવાના હોવાથી તેને કારણે પારદર્શિતા આવશે. આ પ્રમાણે રાજય સરકાના આ પ્રયાસને ગૃહના તમામ સભ્યો વતી હું આવકારું છું. એટલા માટે આ વિધેયકને સર્વાનુમતે મંજૂર રાખવા માટે સન્માનીય સભ્યશ્રીઓ અપીલ કરું છું અને સાથો સાથ આપણા પૂર્વ રાષ્ટ્રપતિશ્રી મહામહીન એ.પી જી.કલામજીએ કહ્યું છે એ મુજબ ‘‘ઇંતજાર કરનેવાલો કો સિર્ફ ઇતના મિલતા, હૈ ઇંતજાર કરનેવાલો કો સિર્ફ ઇતના મિલતા હૈ, કોશીશ કરને વાલે જીતના છોડ જાતે હૈ’’. અમારી કોશીષ ગરીબ માણસો માટેની છે.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર નાણાં ધીરધાર વ્યવહાર ખાસ કરીને શીડયુલ કાસ્ટના વિસ્તારો છે. એમાં પૂર્વના રાજયો છે અને બીજા ૯ રાજયો છે દેશના તેમાં શીડયુલ પાંચમાં અમલમાં આવે છે. ૧૯૯૬ ના કાયદા અને પેશા એકટનો અમલ ૨૦ વર્ષ પછી આપણે કરીએ છીએ. જે સુધારોઓ આવ્યો છે એ પેશા એકટની વાત કરીએ તો ૨૦૧૬-૧૭ માં માનનીય જીતુભાઇ વાઘાણી અને એમની આખી ટીમ આ પેશા એકટના અલમ માટે ગુજરાતમ ગૌરવ યાત્રા કરી સેઇમ ડે તેમાં ગણપતભાઇ વસાવા સાહેબ મંત્રીશ્રી પણ હતા. એક બાજુ પેશા એકટના અમલની વાત કરે છે અને થર્મલ પાવર કૉર્પોરેશનમાં સરકાર દ્વારા અને અધિકારીઓ દ્વારા જે પેશા એકટ ની અંદર પેટા એકટની જોગવાઇ આપવામાં આવી છે કે ભૂમિ અધિગ્રહણ માટે ગ્રામસભાની મંજૂરી જરૂરી છે તેમ છતાં અધિકારીઓ દ્વારા વાંસદા ગામમાં જઇને આદિવાસી લોકોને દૂર કરવાના પ્રયત્નો થયેલા છે. એક વાત નક્કી છે કે આપણે અમલ કરવા માગીએ છીએ કે કેમ એની પહેલા સરકાર સ્પષ્ટતા કરે. મૂળ કાયદો હતા જે નાણા ધીરધારની વાત છે. આદિવાસી વિસ્તારમાં કોઇની પાસે ૫૦૦, ૧૦૦૦ કે ૨૦૦૦ માગવા હોય તો એ વ્યાજ સાથે લઇ આવે. હમણાં ગ્રામસભામાં લોકોની એવી માનસિકતા છે કે સરકારી યોજના દાખલ કરે એનો કોઇને લાભ આપવો હોય તો ગ્રામસભા મંજૂરી આપતી નથી તેથી એને લાભ મળતો નથી. અહીંયા નાણાંની વાત છે તો કોઇ જવાબદારી લેવાનું નથી. પરંતુ આ બિલમાં એવો સુધારો કર્યો હોત કે પૂર્વ મંજૂરી સિવાય કોઇ પઠાણી ઉઘરાણી કરે તો ગ્રામ સભાની મંજૂરી સિવાય એ ગામમાં પ્રવેશી શકશે નહિ એવો કાયદો લાવ્યા હોત તો આનંદ થાત અને આદિવાસીઓને રક્ષણ મળેત. ધીરવાની વાત છે એ તો ગમે ત્યાંથી લઇ આવશે. પણ ઉઘરાણીની વાત છે જેમ પોલીસવાળા કંઇ દારૂ ગાળવાની મંજૂરી આપતી નથી છતાં ગાળે છે એ જ રીતે પોલીસે ગામમાં આવવું હોય તો ગ્રામ સભાની મંજૂરી લઇને આવવાની જોગવાઇ છે. માઇનોર ફૉરેસ્ટની વાત છે એમાં કંઇ કરવું હોય તો ગ્રામસભાની મંજૂરી લેવાની હોય છે. વિસંગતતા ફરી ઉભી થઇ છે. ઉઘરાણી માટે પૈસા ધીરવા માટે ગ્રામસભાની મંજૂરી લેવાની તો કોઇ આદિવાસીને નાણાં ધીરવાનું નથી. પણ પઠાણી ઉઘરાણી કરવા આવે તો એના માટે ગ્રામસભાની મંજૂરી લેવી પડે એ કાયદો દાખલ કરે તેવી મારી વિનંતી છે.

જે શાસન વ્યવસ્થા હજારો વર્ષની ગુલામી પછી શોષિત, દમીત લોકોનુ શોષણ કરવા માટે આ મુઠ્ઠીભર લોકોએ વ્યવસ્થા કરી એના માટે આ નાણાં ધીરવાની વ્યવસ્થા ઉભી થઇ પરંતુ સ્વ. ઇન્દિરા ગાંધીએ ઐતિહાસિક કાયદો કર્યો કે જે દેવકરણ નાનજી જેવી શરાફી પેઢીને પણ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરીને એમાં ભેળવી દીધી અને નાના માણસને બેંકના ઓટલે ચડતો કર્યો છે. મારા બાપ દાદા કંઇ લઇને જતાં હોય તો ઓટલા ઉપર ઉભું રાખવું પડે અને કદાચ કરે તો અમારા વિસ્તારમાં એક કહેવત છે. '' બી બમણું અને ખાવટી દોઢી'' એમ વાવવા માટે અનાજ લાવવું હોય તો બમણું આપવાનું અને ખાવા માટે દોઢું આપવાનું. ખળીમાંથી અનાજ શાહુકારો ભરી જાય અને એ ખેડૂત આદિવાસી એ જ વિષચક્રમાં ચાલ્યા કરે છે પરંતુ આ બેંકોના રાષ્ટ્રીયકરણથી ગુજરાતમાં જ નહિ દેશના લોકો સ્વાભીમાનથી જીવવા લાગ્યા છે એ સ્વ. ઇન્દિરા ગાંધીને ફાળે જાય છે. પેસાની ખૂબ બધી જોગવાઇઓ ૧૯૯૬માં સ્વ. ભૂરિયા સાહેબે કરી પરંતુ એનો પૂર્ણ અમલ ખાસ કરીને ગુજરાતમાં દસ વર્ષ સુધી નથી કર્યો. સન ૨૦૦૬માં કાયદો પસાર કર્યો, અને એનો પૂરો અમલ ૨૨ વર્ષ પછી થયો છે એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે. એટલે આ જે વ્યવસ્થા અને વિસંગતતા છે એમાં સુધારા કરીને સરકાર આદિવાસીઓને લાભ આપે એવી મારી વિનંતી છે.

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી ઇશ્વરસિંહભાઇ પટેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧ ગુજરાત નાણાંની ધીરધાર કરનારા સુધારા વટહુકમ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

હમણાં જ માનનીય સભ્યશ્રી આનંદભાઇ બોલતા હતા કે પેસા એકટનો અમલ મોડો થયો, મોડો કેમ થયો? ૨૨ વર્ષ પહેલાં તમારી સરકાર હતી. ૪૦ વર્ષ કોંગ્રેસનું શાસન રહ્યું. લોકસભામાં કોંગ્રેસની સરકાર હતી. એ સમયે તમને કેમ આ ન સૂઝ્યું? આદિવાસી સમાજની આપણે વાતો કરીએ છીએ. એને ખાણ-ખનીજના અધિકારો મળે, એને રોજગારી મળે. એવા વિષયો તમે પહેલા કેમ ન લાવ્યા ! અમારા શ્રી બાજપાઇ સાહેબ આ પેસા એક્ટ ૧૯૯૬માં લાવ્યા. એમને કેટલીક મુશ્કેલીઓ નડી. એમને નડવાવાળા તમે જ હતા. એને પસાર થવા દેતા નહોતા. આ સરકારે નિયમ દાખલ કર્યો. આદિવાસી સમાજના પરિવારમાં કોઇના ઘરે લગ્નનો પ્રસંગ આવે ત્યારે બેંકો ધિરાણ કરતી નહોતી. એના ત્યાં કોઇ લગ્ન પ્રસંગ આવે ત્યારે શાહુકારના ત્યાં રૂ.૧૦૦/-નું રૂ.૨૫/- વ્યાજ આપવું પડતું હતું. આદિવાસી સમાજના લોકોએ ઘણું ભોગવ્યું છે. એમને ત્યાં લગ્ન પ્રસંગ હોય, છોકરા ભણાવવાના હોય. આવા વિષયો તમને તે વખતે સૂઝ્યા જ નથી. ત્યાર પછી સરકારે ધીરે ધીરે આ કાયદાનો અમલ કર્યો. શ્રી ઇશ્વરભાઇ જે ૨૦૧૭નું વિધેયક લઇને આવ્યા છે તેની કલમ ૪૦માં રાજ્યના આદિવાસી વિસ્તારમાં શાહુકારે ધીરધાર કરવું હોય તો તેઓ ગ્રામ પંચાયતની મંજૂરી લઇને ધિરાણ કરી શકશે. એવી જોગવાઇ હતી. અધિનચમની જોગવાઇ ૧૭માં ગ્રામ પંચાયતની મંજૂરી લેવાની હતી. ત્યાર પછી આ સુધારામાં આદિજાતી વિસ્તારના લોકોને નાણાં ધીરતી વખતે જે નાણા ધીરનાર શાહુકાર દ્વારા ગ્રામ પંચાયતની મંજૂરી લેવાની થયેલ તેમાં સુધારો લાવી ગ્રામ પંચાયતને બદલે ગ્રામ સભા બાબતનો સુધારો સૂચવેલ છે. તો આમાં ફેર એટલો છે કે આવા શાહુકારો વધારે પૈસા લઇ શકશે નહીં અને બેંકો પણ હવે શૂન્ય ટકાના દરે પૈસા ધિરાણ કરે છે. આદિવાસી સમાજના લોકોને પોતાની ખેતી કરવી હોય તો શૂન્ય દરે ત્રણ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે અને આખા વિસ્તારમાં ભાજપની સરકાર થકી દૂધ મંડળીઓ દ્વારા આદિવાસી સમાજ જીવતો થયો છે. એ પણ આપણે ભૂલવું જોઇએ નહીં. એટલે મારો કહેવાનો મતલબ એ છે કે માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ જે સુધારો લઇને આવ્યા

છે જેમાં આપ સર્વેનું હિત છે, આદિવાસી સમાજનું હિત છે એ માટે બધા સભ્યો મંજૂર કરો એવી વિનંતી છે. આ સુધારાને સમર્થન આપું છું.

શ્રી બ્રિજેશ મેરજા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સમક્ષ ૨૦૧૭ના વટહુકમ ક્રમાંક–૩ સન ૨૦૧૭નો ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત(સુધારા) વટહુકમ ઉપર મારા મંતવ્યો આપવા આપશ્રીની પરવાનગી માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રત્યેક વ્યકિતના આર્થિક વ્યવહારમાં નાણું એ મહત્વનું પરિબળ હોય છે. જ્યારે નાણાં ધીરનારની બાબત પણ એટલી જ મહત્વની હોય છે. તે જોતાં આ બાબત વટહુકમને બદલે વિધાનસભામાં પૂર્વે પુખ્ત ચર્ચાને અંતે વિધેયક સ્વરૂપે આપણે બિલ મંજૂર કરી શક્યા હોત અને વટહુકમ લાવવાનું નિવારી શક્યા હોત. ખેર, હવે જ્યારે ૨૦૧૮નું સુધારા વિધેયક ક્રમાંક–૧ જ્યારે ચર્ચા માટે રજૂ થયું છે ત્યારે હું એટલું કહીશ કે, બિલનો ઉદ્ધેશ ધીરનારની અગવડતા અને લેનારની સગવડતા સચવાય એવું એનું હાર્દ હોવું જોઇએ. આ બિલના હાર્દને બેઉ લેનાર અને આપનારની ઉભય જરૂરિયાત અને ધિરાણની જે ખાસિયત છે એના ઉપર અવલંબે છે. સામાન્ય રીતે કોઇ વ્યક્તિ નાણાં ઉછીના લેવા માગતું હોતું નથી. પરંતુ સંજોગો, સામાજીક પ્રસંગો, સંતોનાના અભ્યાસો એને નાણાં ઉછીના લેવા માટે મજબૂર કરતા હોય છે. હવે જયારે વ્યકિત નાણા ઉછીના લેવા માગે ત્યારે સૌથી પહેલા એની દ્રષ્ટિ સહકારી સંસ્થાઓ તરફ દોડતી હોય છે. કમનસીબે ગુજરાતમાં સહકારી ધિરાણનું માળખું જે ઉદાસીન અને વિલંબિત થઇ રહ્યું છે ત્યારે વ્યકિત શાહુકાર તરફ પરાણે ઘસડાતી હોય છે. આવા શાહુકારી ધીરધારના લાયસન્સ ધરાવતી વ્યકિતઓ પાસેથી નાણા લેવા માટે એમની શાખ એમણે ઉભી કરવી પડતી હોય છે. જયારે સરકારી લાયસન્સ ધરાવનાર શાહુકારો પણ એમને શરાફી વ્યાજે લોન નથી આપતા ત્યારે કમનસીબે એમણે નવા ફાલીફૂલેલા ફાઇનાન્સરો પાસે એમને દોડવું પડતું હોય છે અને એ એમની મજબૂરીનો લાભ ઉઠાવતા હોય છે. અહીં જે સુધારા વિધેયક દાખલ કરાયું છે તે અનુસુચિત વિસ્તારોમાં નાણા ધિરાણ વ્યવહારો ઉપર નિયંત્રણ રાખવા ગ્રામસભાને સત્તા આપવાની બાબત નિર્ધારીત કરે છે. આપણી સંસ્કૃતિ રહી છે કે નાણા ઉછીના કે લોન સ્વરૂપે મેળવવા માગતી વ્યકિત જાહેરમાં પોતાની આબરૂ ના જાય એનું ધ્યાન રાખતી હોય છે અને એ પ્રમાણેના આર્થિક વ્યવહારો ગોઠવતી હોય છે. આપણે ત્યાં તો છાશ લેવા જઇએ ત્યારે દોણી સંતાડવી પડે એવી પરિસ્થિતિ થતી હોય છે ત્યારે અહીં તો આ અનુસુચિત જાતિના વિસ્તારમાં જે સત્તા નાણા લેનારની સરપંચને આપેલી હતી એ ગ્રામસભાને આપવાની વાત છે. ગ્રામસભામાં નાણા લેનારની જાહેરમાં આબરૂ ખુલ્લી કરવામાં આવે છે એ એને શરમજનક દશામાં મૂકનાર છે ત્યારે આપ જાણો છો ગ્રામ પંચાયતોમાં પણ આજે રાજકારણ હાવી થઇ ગયું છે. ધિરાણ લેનાર શખ્સને આવી સંકુચિત રાજનીતિનો ભોગ ન બનવું પડે એ જોવાની સરકારની ફરજ બની રહે છે. ગુજરાતમાં ખાનગી ધિરાણનું નિરંકુશ વિષચક્ર ફુલ્યું ફાલ્યું છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ જે ચિંતા વ્યકત કરી છે એ સો ટકા સાચી છે. અમારા આનંદભાઇ ચૌધરી કહેતા હતા કે તત્કાલિન વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરી અને જે ધિરાણ મેળવવા માગે છે એને ચાવીરૂપ સગવડતા આપી. અહીં અભેસિંહભાઇ ઉભા થયા અને કહેતા હતા, આપના દ્વારા હું અભેસિંહભાઇને કહેવા માગુ છું કે અમે જે તે વખતે સોના, ચાંદીના દાગીના સામે વીસ મુદ્દા કાર્યક્રમ હેઠળ વ્યકિતની જરૂરિયાતો સંતોષવા માટે ધિરાણ આપવા માગતા હતા પણ અભેસિંહભાઇને આપના દ્વારા યાદ કરાવવા માગુ છું કે તમે શું કરો છો? માલિયા, મોદી એવાને એન.પી.એ. બેન્કનું વધારીને ધિરાણ આપો છો. પરિણામે જે ખરેખર જરૂરિયાતવાળો છે એને ધિરાણ મળતું નથી. અમે બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યુ. આજે એન.ડી.એ. સરકાર બેન્કોનું રાજકીયકરણ કરે છે. કેન્દ્રીકરણ કરે છે ત્યારે મારે એ કહેવું છે કે આ ગુજરાતમાં આપઘાત કરનારાઓની સંખ્યા વધતી જાય છે. ગુજરાતમાં ખાનગી ધિરાણનું એક નિરંકુશ વિષચક્ર ફુલ્યુ ફાલ્યું છે. સટ્ટાખોરી બેલગામ બની છે. ગરજવાન વ્યકિતની મજબુરીનો ગેરલાભ ઉઠાવાય છે. નાણા ધીરનાર એને નીચોવી નાખે છે. વ્યાજનો દર ૨૫–૨૫ ટકા જેટલો ઉઘારાય છે. એની કલ્પના પણ કરવી એ ધ્રુજારી જન્માવે છે. નવો આર્થિક આતંકવાદ આ સરકારમાં ફુલ્યોફાલ્યો છે. એને જેર કરવું જરૂરી છે. જમીનો પડાવી લેવી, જરૂરિયાતમંદો સામે માફિયાગીરી કરીને, લુખ્ખાગીરી કરીને આ લોકો એનો ભોગ બને અને એ પોતે આપઘાત કરે અને એના આપઘાતની સ્યુસાઇડ નોટમાં લખીને જાય છે કે મારે ફલાળી વ્યક્તિના વ્યાજના આતંકનો ભોગ બનવું પડ્યું છે. પરંતુ એની સામે કોઇ પગલાં લેવાતા નથી. કારણ કે ક્યાંકને ક્યાંક રક્ષક પણ ભક્ષક બને છે. રાજકીય ઓથ હેઠળ આવી વ્યાજની વિકરાળ પ્રવૃત્તિઓ ફુલેફાલે છે ત્યારે એમને રક્ષણ આપવું એ રાજ્ય સરકારની ફરજ બને છે. એક દ્રષ્ટાંત આપીને મારી વાત પૂરી કરું છું. મારે ત્યાં એક યુવાન દીકરાને લઇને એની નિરાધાર માતા કુટિર ઉદ્યોગ ચલાવવા માટે લોનની માગણી કરવા માટે આવે છે. હું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજરને ભલામણ કરું છું. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર એને રાષ્ટ્રીયકૃત બેન્કમાં મોકલે છે. પરંતુ કમનસીબી કે એવી પરિસ્થિતિ પેદા થાય છે કે મધર ઈન્ડિયા ફિલ્મ જેવી પરિસ્થિતિ ઉદભવે છે. આજે પણ મધર ઈન્ડિયા જેવી ઘટનાઓ બને છે એ કમનસીબી છે.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.

સભાગૃહનો સમય લંબાવવા અંગે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિમાં બતાવેલા બિલો પ્રમાણે તા. ૨૬ અને ૨૭ દરમિયાન જે હાથ ધરવાના બિલો છે એમાં આજે ૩ બિલો દર્શાવેલા છે. એમાંથી પહેલાં બે બિલો છે એની ચર્ચા કરીને પૂરા કરીએ ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવીએ અને ત્રીજું બિલ બાકી રહે એ આવતી કાલ ઉપર રાખીએ.

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮.

અધ્યક્ષશ્રી : આજે જ લઇ લઇએ એમાં શું વાંધો છે? મારી વિનંતી છે કે આજે આ બિલો પૂરા થાય એમ છે. આપણે પ્રયાસ કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર (વિરોક્ષ પક્ષના ઉપનેતાશ્રી): સવા પાંચ તો થયા છે. બોલનારા વધારે છે.

અધ્યક્ષશ્રી : આપણે શરૂઆત તો કરીએ. અત્યારે તમારી સંમતિ લઇ લઇએ.

શ્રી શૈલેષ મ. પરમાર : આપનો નિર્ણય માન્ય રહેશે પણ કામકાજ સલાહકાર સમિતિની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે જે બિલો ચર્ચામાં ન આવે એને બીજા દિવસે લઇ લઇશું. આ બિલ વહેલું પૂરું થશે તો લઇ લઇશું. બધા લેવા જઇએ તો સમય ખૂબ લંબાવવો પડે. આ પહેલા બિલમાં હજી અમારા પક્ષના બે સભ્યશ્રીઓને બોલવાનું બાકી છે. બીજા બિલમાં પણ અમારા ૫ સભ્યો બોલવાના બાકી છે. હું માનું છું કે એક બિલ આવતીકાલે લો તો સારું રહેશે.

અધ્યક્ષશ્રી : ત્રીજું બિલ બાકી રાખીએ છીએ. બે બિલો પૂરા થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી બ્રિજેશ મેરજા : માનનીય અધ્યક્ષશ્રી, સહકારનો મૂળ ઉદ્દેશ શાહુકારોની નાગચૂડમાંથી ધિરાણ લેનારને છોડવાવાનો હતો પણ કમનસીબે આ મૂળ ઉદ્દેશ ચરિતાર્થ નથી થયો. એના પરિણામે આવી પરિસ્થિતિ ઉદભવી છે ત્યારે હું ચોક્કસ કહીશ કે નવી સહકારી મંડળીઓની જે જરૂરિયાત ઉદભવી રહી છે એને મંજૂરી આપો. શહેરી વિસ્તારમાં નવી સરાફી સહકારી મંડળીઓને તમે મંજૂરી આપો અને ખેડૂતોને ખેતપેદાશના પૂરતા પોષણક્ષમ ભાવો મળતા નથી એના કારણે એને સામાજિક વહેવારમાં, પ્રસંગો પાર પાડવા માટે ખાનગી ધિરાણ લેવાની જે મજબૂરી ઉભી થઇ છે એમાંથી એને ઉગારો એ જ વિનંતી કરું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્યકક્ષાના સહકાર મંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવવા અને એને સહમતિ આપવા ઉભો થયો છું.

વધારે મુદ્દા નથી પણ જ્યારે પંચાયત અને ગ્રામસભા એ બન્નેમાં થોડો તફાવત છે. જૂની જોગવાઇ પ્રમાણે જે પંચાયતની મંજૂરી લેવામાં આવતી હતી ત્યારે સરપંચ અને શાહુકાર અને નાણા લેનાર ત્રણ જણા હતા. ત્યારે સરપંચની મંજૂરી લેવામાં આવતી હતી ત્યારે જે જે જૂની જોગવાઇઓ પ્રમાણે આજે ગ્રામ સભાની અંદર ગ્રામ સરપંચ એ અધ્યક્ષ અને ગામ લોકો વચ્ચે જાણકારી મળે અને ખરેખર હકીકત જોતા ગામ લોકોની જાગૃત્તિ પણ આવશે અને લોકોને પણ ખરેખર હકીકતનો ખ્યાલ આવશે કે ગ્રામ સભાની અંદર જ્યારે એનું વ્યાજ કેટલું, એનો દર નક્કી કરવામાં આવે છે અને કેટલા એણે નાણા લેવાના એનો દર નક્કી કરવામાં આવે છે. તે વખતે જૂની જોગવાઇ પ્રમાણે એટલે કે જૂના કાયદાઓ કે જે કોંગ્રેસના શાસનમાં હમણાં આનંદભાઇએ કહ્યું કે ૨૦ કિલો અનાજ લેવાનું હોય તો સામે ૪૦ કિલો અનાજ આપવું પડતું હતું. અમારા પૂર્વજો કહેતા હતા કે કોંગ્રેસના શાસન વખતે આવી તકલીફ અને મજબૂરી હતી પણ અમારી ભાજપની સરકારે આજે દરેક ગામ દીઠ સસ્તા અનાજની દુકાનોથી પૂરેપૂરો પુરવઠો પૂરો પડે છે એટલે હવે અમારા આદિવાસીભાઇઓ ખરેખર અનાજ ગીરવે લાવતા નથી. જ્યારે રૂપિયા લેતા હોય ત્યારે અનાજ પણ ગીરવે મૂકીને લાવતા હતા અને તે વખતે ૨૦ કિલો અનાજ લાવવાના બદલે ૪૦ કિલો અનાજ સીઝન પ્રમાણે આપવું પડતું હતું કોગ્રેંસના શાસનમાં આવું હતું. હવે ખરેખર અનાજ લાવવું પડતું નથી. આવી રીતે નાણા ધીરધારનો પ્રસંગ આવે ત્યારે સરપંચ સમક્ષ, ગ્રામ પંચાયતના બદલે ગ્રામ સભા મંજૂરી આપે. આ ગૃહના સર્વે સન્માનનીય સભ્યશ્રીઓ આ બિલને સંમતિ આપે તેવી આશા સાથે ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નાણાંની ધીરધાર કરનારા વિધેયકમાં એક સામાન્ય ફેરફાર ગ્રામ પંચાયતના બદલે ગ્રામસભા આની ઉપર ઘણો સમય ગૃહે ચર્ચા કરી. સમયનો અભાવ છે એટલે લાંબી ચર્ચામાં પડતો નથી. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ ગૃહના દરેક સભ્યને ૨૦૧૧ની અંદર આ ગ્રામ પંચાયતની મંજૂરી લેવી એ જે વિધેયક મંજૂર કરવામાં આવ્યું કે નાણાં ધીરનાર કરનારે અને નાણાં લેનારે ગ્રામ પંચાયતની મંજૂરી લેવી. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધી હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું કે ગૃહને અવગત કરે કે આજ સુધીમાં એકપણ ગ્રામ પંચાયત દ્વારા મંજૂરી આપવામાં આવી નથી અથવા તો ધીરધાર કરનાર દ્વારા મંજૂરી લેવામાં આવી નથી આ વાસ્તવિક પરિસ્થિતિ છે. કાયદો આપણે અહીંથી બનાવીએ પણ કાયદાની અમલવારી કરવા માટેની પ્રોસીઝર આપણે વિચારતા નથી. ગુજરાતની અંદર આવા ૭ જિલ્લાઓ છે. ૭ જિલ્લાઓની અંદર મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર ધીરધારની જગ્યા હોય છે એ ૭-૭ જગ્યા આજની તારીખમાં ખાલી છે એટલે આ કાયદો બનાવીશું પણ આ કાયદાની અમલવારી આ સરકાર કે સમગ્ર ગૃહ કરાવી શકવાના નથી. ૨૦૧૧ના વિધેયકની અંદર શાહુકારોનું ઓડિટ સહકાર વિભાગના ઓડિટરો દ્વારા કરવામાં આવશે એવું વિધેયક પસાર કરીને આપણે કાયદો બનાવ્યો હતો. પરંતુ અત્યાર સુધી એકપણ શાહુકારોનું ઓડિટ સહકાર વિભાગ દ્વારા કરવામાં આવ્યું નથી અને કરવામાં આવ્યું હોય તો માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે ગૃહને એની જાણ કરે. ફક્ત ગૃહની અંદર કાયદા બનાવવા પણ કાયદાની અમલવારી કરવી નહિ. શાહુકારો દ્વારા ઉઘાડી લૂંટ કરવામાં આવે. વિધેયકની અંદર જોગવાઇ છે કે ૧.૫% થી વધારે વ્યાજ શાહુકાર લઇ ના શકે. શાસક પક્ષના ધારાસભ્યશ્રીએ પણ કીધું કે ૧૦૦ રૂપિયાના ૧૨૫ રૂપિયા આપવા પડે. માનનીય મંત્રીશ્રી આ વાતનો પણ એમના પ્રવચનની અંદર જવાબ આપે તો મને આનંદ થશે. કાયદાની અમલવારી માટે જે આદિવાસી વિસ્તારોના સાત જિલ્લાઓ છે એ સાત જિલ્લાઓની અંદર કાયદાની અમલવારી કરવા માટેની જે જગ્યાઓ છે એ જગ્યાઓ ખાલી છે એ મંત્રીશ્રી કે સરકાર તાત્કાલિક પુરવા માગે છે કે નહીં એ ગૃહને જણાવે, આ સુધારાઓ સાથે વિધેયક પસાર કરવામાં આવે તો એને મારું સમર્થન છે.

ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ચર્ચાઓ આ વિષય ઉપર થઇ છે, માનનીય મંત્રીશ્રી આ વિધેયક લઇને આવ્યા છે તેમાં કેટલાક વિચારો મારે રજૂ કરવા છે પણ એ રજૂ કરતા પહેલાં મારે થોડીક આપની પરવાનગીથી આ પેશા એક્ટને લગતી ગ્રામસભાને આપણે સત્તા આપવાની છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છે કે, આદિવાસી વિસ્તારોમાં હોળીની પરંપરા, એના મેળાઓ અને સાત દિવસ મેળા અને નવમા દિવસે, દસમા દિવસે ગેરનો પ્રખ્યાત મેળો અને કવાંઠનો મેળો એવો આજે દિવસ છે માનનીય મંત્રીશ્રી કે મંત્રીશ્રી બિલ લઇને આવ્યા છે તે વિશે આજે તો અમારા કવાંઠમાં બંગીરાનો મેળો છે અને એ બંગીરાના મેળામાં પાવા પણ વાગતા હશે અને ઢોલ પણ વાગતા હશે. અમારા આદિવાસીમાં કહેવત છે કે, આદિવાસીની કમાણી હોળી સુધી અને ઢોલ જે વાગે અને એનો નાદ જે નીકળે એ નાદ એવું કહે કે, આદિવાસી પાસે હશે કાંઇ અને લેશે કાંઇ. હોય શું અને લેશે શું, એટલે આદિવાસીની કમાણી હોળી સુધી જ. એટલે જે કાંઇ પૈસા ભેગા કર્યા તે હોળીમાં ખર્ચી નાખનાર એવો અમારો આદિવાસી સમાજના સુધારા માટે, એને ધિરાણ સારું મળે એટલા માટે એક સરકારનો આશય સારો હશે એવું હું સમજું છું. આમાં ગ્રામ સભાને આપણે જે અધિકાર આપ્યા છે એ સારા છે, ખોટા નથી પણ કેટલીક જગ્યાએ ગ્રામ પંચાયતો એક ગામની નહીં પણ જુથ પંચાયતો પણ છે, ગ્રામ સભાનું તમારે અર્થઘટન કરવું પડશે. જે તે ગામની ગ્રામ સભા, પંચાયત નહીં, ગ્રામ સભા નહીં પણ જે તે ગામની ગ્રામસભા એવો સુધારો હું સુચવું છું. અને આપણે બધા જાણીએ છીએ કે, આ ધિરાણ પર આપણે અંકૂશ મેળવવા માટે ચેનકેન પ્રકારે કાયદાઓ લાવીએ છીએ તેમ છતાં કાયદાની છટકબારીમાં આદિવાસી વિસ્તારોમાં શાહુકારોનું રાજ હજુ પણ ચાલુ છે અને તેમાં આદિવાસીઓ પોતાના ઘરેણાં, અમારા આદિવાસીઓ સોનું તો નથી પહેરતા પણ ચાંદી પહેરે ગણપતભાઇ સાહેબ તમારે ત્યાં પણ ચાંદી પેહેરે, આ ચાંદી ઉપર ધિરાણ, દેવગઢ બારીયામાં અમારા ખાબડ સાહેબને ત્યાં પણ ચાંદી, સારી ચાંદી તો ક્યાંની? બારીયાની વખણાય છે, બરાબર ને? તો આ ચાંદી ઉપર ધિરાણ મેળવે છે અને એ જ્યારે ચાંદી છોડાવવા જાય છે ત્યારે એનું જે વ્યાજ આકારવામાં આવે છે એ લેનાર અને વેચનાર બે ને જ ખબર પડે છે. આ છૂપુ ધિરાણ કરનાર, આદિવાસીઓને છૂપુ ધિરાણ કરનાર જે શાહુકારો છે, વેપારીઓ છે, સોના-ચાંદીના ઘરેણાઓ બનાવનાર છે એના ઉપર અંકૂશ કેમ નહીં? આ સરકારનું તંત્ર જો જાગતું હોય તો એના ઉપર સવિશેષ પગલા લેવાની જરૂર છે. આ ગૃહમાં વસતા તમામ પ્રતિનિધિત્વ કરતાં મારા માનનીય ધારાસભ્યો એ બધાને ખબર છે કે, આદિવાસી વિસ્તારમાં, અનાજની પણ વાત આવી એની સાથે સાથે કેટલીક જગ્યાએ બિયારણ, દવાના સ્ટોકિસ્ટો, બિયારણ જ્યારે પાકશે ત્યારે તમને પૈસા આપીશ, દવા પાકશે ત્યારે આપીશ, આ સ્ટોકિસ્ટો પણ ધિરાણ કરતા હોય છે એ પણ વ્યાજ લેતા હોય છે આ પણ એક ધિરાણ છે, આદિવાસીઓનું શોષણ છે તો તેની સામે કાંઇ પગલા લઇ શકાય ખરા કે કેમ ?અને આ પગલા લેવાની સત્તા કોને આપી છે આપણે? ગ્રામ સભાને આપી છે કે, રાજ્ય સરકાર પાસે છે કે જિલ્લા કલેકટર પાસે છે? આ બાબતમાં પણ માનનીય મંત્રીશ્રી તમે આનો થોડોક ઉલ્લેખ કરો તો સારું. માનનીય મંત્રીશ્રી ઘણી વાત ચાલી, રાજકીય અવલોકનો થયા, હું તો એમ માનુ અને ઇચ્છું અને આપણે બધા જાણીએ છીએ કે આદિવાસી વિસ્તારમાં જો ધિરાણ કરવાની શરૂઆત થઇ હોય તો આદિવાસી ચળવળના પ્રણેતા આપણા, તમારો વિડચનો વડલો, અમારા દાહોદનું ભીલ સેવા મંડળ, અમારા વડોદરાના રંગપુર આનંદ નિકેતનના સ્થાપક હરીવલ્લભભાઇ પરીખ, ઇન્દિરાજીને કહેલું કે, અમારો આદિવાસી આ વિસ્તારમાં લૂંટાય છે, ઠગાય છે, ભીંસાય છે, ત્યારે બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીએ અને તે પછી આપણા ગામડાંમાં બેન્કો આવી અને બેંકો આવ્યા પછી આદિવાસીઓની સ્થિતિ સુધરી છે અને દિન પ્રતિદિન સુધરતી જાય છે. આ એક સારો ઉદ્દેશ છે પણ મેં પેલું જે કીધું તેમ ગ્રામસભા તો જે તે ગામની ગ્રામસભા એ શબ્દ હોવો જોઇશે એટલા માટે કહું છું કે ગ્રામ પંચાયતોની ચૂંટણી થઇ એમાં રાજકીય રંગ આવ્યો છે. હવે કયા પક્ષનો સરપંચ ચૂંટાયો છે તો કહે ભા.જ.પ.નો, કયા પક્ષનો સરપંચ ચૂંટાયો છે તો કહે કોંગ્રેસનો. ગ્રામસભામાં જયારે એ પોતે જશે મંજૂરી લેવા માટે ત્યારે કેટલાક પોતાના ઉદ્દેશોને કારણે કદાચ ન પણ લખી આપે એવું બને તો એના માટે દેખરેખ કોણ રાખશે?, મોનીટરીંગ કોણ કરશે? આદિવાસી વિસ્તારોમાં સહકારી મંડળીઓ ચાલે છે. હું સહકારી ક્ષેત્રમાંથી પણ આવું છું. એ સહકારી મંડળીઓમાં વહાલા દવલાની નીતિ ન થાય અને ઠરાવો પોતે ઘરે બેઠા ન લઇ લે એની કાળજી રાખવી પડશે. અમારા આદિવાસી વિસ્તારોમાં સરપંચો જે ચૂંટાઇને આવ્યા છે એમાં ૫૦ ટકા બહેનો અને ૫૦ ટકા ભાઇઓ. સાચુ કહું તો મારા પત્ની પણ તાલુકા પંચાયતના પ્રમુખ છે. બે જ ચોપડી ભણેલા છે એટલે ઘણીવખત વહીવટમાં પણ તકલીફ પડે છે. અમારા આદિવાસી વિસ્તારોમાં જે સરપંચો ચૂંટાયા છે એનો વહીવટ એના ઘરવાળા કરતા હોય છે. કેટલીક અંગુઠાછાપ બહેનો પણ આવી છે તો શું થશે? તમે સત્તા આપો છો તો એમાં તલાટીની પણ જવાબદારી છે એવું નોંધો. માત્ર ગ્રામસભા નહીં, એમાં જે તલાટી ગ્રામ સભા ભરશે એમાં તલાટી, સરપંચ અને ગામના જે આગેવાન સભ્ય હશે તેની પણ જવાબદારી રહેશે એવું તમે નોંધો. આ બિલનું જે હાર્દ છે એ હાર્દને અમે સમજી શકયા છીએ પણ મારો પોતાનો જે હાર્દ હતો એ આમાં હું જોતો નથી જેથી કરીને આ બિલને હું સમર્થન આપતો નથી. અસ્તુ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ ( રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નાણા ધીરધાર કરનારાઓના અધિનિયમ-૨૦૧૧ની કલમ -૧૭(૨) ના સુધારા વિધેયક બાબતે મારા વિરોધ પક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા, શ્રી મોહનભાઇ ઢોડીયા, શ્રી અનિલભાઇ જોષીયારા, શ્રી કુબેરભાઇ ડીંડોર, શ્રી આનંદભાઇ ચૌધરી, શ્રી અભેસિંહભાઇ તઢવી, શ્રી બ્રિજેશભાઇ મિરઝા, શ્રી રમેશભાઇ કટારા, શ્રી લલિતભાઇ વસોયા, શ્રી સુખરામભાઇ રાઠવા આમ કુલ ૧૧ જેટલા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા છે ત્યારે આ જોગવાઇ માત્ર અનુસૂચિત

વિસ્તાર પૂરતી જ મર્યાદિત છે. પેસા રૂલ ફેબ્રુઆરી–૨૦૧૭માં બહાર પાડવામાં આવેલ છે. શાહુકાર ધારાની જોગવાઈની સામે વિસંગતતા નિવારવી જરૂરી હોઈ આ વટહુકમ લાવવામાં આવેલ છે. જયારે બૃહદ મુંબઇ રાજયમાંથી ગુજરાત રાજય છુટું પડયું ત્યારથી ગુજરાતમાં ૧૯૪૬ નો મુંબઇ શાહુકાર ધારો અમલમાં હતો અને ગુજરાતમાં સહકારી કાયદાનું અમલીકરણ થતું હતું. ત્યારબાદ ૨૦૧૧માં મુંબઇ શાહુકાર ધારો સંપૂર્ણપણે સુધારી તેના સ્થાને ગુજરાત નાણા ધીરધાર કરનારાઓનો અધિનિયમ ૨૦૧૧ અમલમાં આવેલ છે અને તેની હેઠળના શાહુકાર બાબતોના નિયમો–૨૦૧૩ થી અમલમાં આવેલ છે. રાજયમાં આ કાયદા અમલીકરણ માટે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજયના મહાનિબંધક તરીકે જાહેર કરવામાં આવેલ છે અને જિલ્લા કક્ષાએ જિલ્લા રજીસ્ટ્રારોને સહકારી મંડળીઓના નિબંધક તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ ઉપરાંત જિલ્લા રજીસ્ટ્રારની નીચેના કાયદાનો અમલ કરવા માટે સમગ્ર ગુજરાત રાજયને સાત વિભાગમાં વહેંચીને દરેક વિભાગવાર મદદનીશ જિલ્લા રજીસ્ટ્રારની નિમણૂક કરવામાં આવી છે. એનું કાર્યમથક અમદાવાદ, મહેસાણા, વડોદરા, ગોધરા, સુરત, રાજકોટ તથા ભાવનગર ખાતે આવેલ છે. રાજયના આદિજાતિ વિસ્તારમાંથી અત્યારે જે સુખરામભાઇએ વાત કરી કે છુપું ધિરાણ કરે છે એ છુપા ધિરાણ માટે પણ અમે ૧૫ જેટલા સહકારી અધિકારીઓની મનીલેન્ડર ઈન્સ્પેકટર તરીકે નિમણૂક કરી છે. જે રીતે એમણે વાત કરી કે આદિવાસીભાઇઓનું શોષણ થાય છે તો હું એટલું જ કહીશ કે આ બાબતની કોઇ ફરિયાદ અમારી પાસે આવી નથી. જો અમારી પાસે આવશે તો અમારી સરકાર આવા શાહુકારોને કોઇપણ સંજોગોમાં છોડવા માગતી નથી અને જે પણ થશે એ દંડનીય સજા કરવા માટે અમે તૈયાર છીએ. સુખરામભાઇએ અત્યારે જે વાત કરી કે ગ્રામ પંચાયતની જગ્યાએ ગ્રામસભામાં કોઇ સરપંચ ભા.જ.પ.નો છે, કોઇ કોંગ્રેસનો છે. તો ભાજપનો હોય તે કોંગ્રેસને ના પાડશે. અને કોંગ્રેસનો હશે તે ભાજપને ના પાડશે. એટલા માટે જ ગ્રામસભા હશે તો ગામના તમામ લોકોનો ઓપિનિયન લેવાશે અને એ ઓપિનિયન નિષ્પક્ષ રીતે લેવાશે. ગ્રામ પંચાયતને સત્તા હતી, એમાં કેટલાય લોકોને અન્યાય થતો હતો, પણ ગ્રામસભાને લઇને કેટલાય બહોળા લોકોને ન્યાય થવાનો છે. તંત્ર દ્વારા પણ આ રાજ્યમાં શાહુકાર ધારાનો અમલ થાય છે. એ શાહુકારોનું રજિસ્ટ્રેશન તાજુ કે રિન્યુ કરાવવું હોય તો એની સાથે જે ફરિયાદો આવી હોય તેનો નિકાલ કરવામાં આવે છે. શાહુકાર ધારાની કલમ–૧૯ મુજબ લેણદારો, દેણદારોની તપાસ કરવાની કામગીરી અધિકારી દ્વારા કરવામાં આવે છે. હાલ રાજયમાં તા. ૧૫–૨–૨૦૦૦ ના રોજ ૧૨,૩૨૧ જેટલા શાહુકારોના રજિસ્ટ્રેશન કરવામાં આવેલ છે. આ શાહુકારોની ૩ વર્ષની નોંધણીની વાત કરીએ તો ૨૦૧૫ માં ૧૨૯૮, ૨૦૧૬ માં ૧૩૯૯, ૨૦૧૭ માં ૧૫૪૧ જેટલા નવા શાહુકારોના રજિસ્ટ્રેશન થયેલા છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૭ ની વાત કરું તો અનુક્રમે ૪૩૦, ૮૦ અને ૧૨૫૯ જેટલા રજિસ્ટ્રેશન રિન્યુ કરવામાં આવેલ છે. છેલ્લાં ૩ વર્ષમાં અનુક્રમે ૮૨, ૭૩, ૭૮ મળીને કુલ ૨૩૩ ફરિયાદ મળેલ હતી તો તે ફરિયાદને આધારે કલમ–૨૧ હેઠળ આ કાયદાના ભંગ હેઠળ શાહુકારો સામે કોર્ટ કેસ કરવામાં આવેલ છે. આમ કુલ મળીને છેલ્લાં ૩ વર્ષમાં અનુક્રમે ૩૦૮, ૨૮૪, ૨૬૨ એમ ટોટલ ૮૫૬ કેસ કરવામાં આવેલ છે. અગાઉ મુંબઇ શાહુકાર ધારામાં જે રીતે ઇન્કવાયરી સંક્ષિપ્ત તપાસ કરવાની જોગવાઇ હતી. સને ૨૦૧૧ ના મની લેન્ડિંગના એકટમાં રદ કરીને તેના સ્થાને ઓડિટની જોગવાઇ કરવામાં આવેલ છે. જે શાહુકારો ધીરધારનો ધંધો કરે છે એનું વાર્ષિક ટર્નઓવર ૫૦ લાખથી વધુનું હોય તેનું સી.એ. દ્વારા ઓડિટ કરવામાં આવે છે. જે ૫૦ લાખથી નીચેનું ધિરાણ કરતા હશે એવા શાહુકારોનું ઓડિટ અમારા સહકાર વિભાગના ઓડિટર દ્વારા કરવામાં આવે છે. તે જ રીતે શાહુકારોનું કામ કરવા માગતી વ્યક્તિ હોય એને માટે સહકારી ધારા મુજબ લાઇસન્સ રજિસ્ટ્રેશન મેળવવા માટે નિયત નમૂનામાં ફોર્મ ભરવાનું હોય છે. તેમાં સંપૂર્ણ વિગતો ભરીને શાહુકાર ધંધા માટે જવાબદાર વ્યક્તિનું નામ, કયા વિસ્તારમાં રહે છે, ધંધો શું કરે છે. ધીરધારના ધંધામાં રકમનું રોકાણ કરવા ઇચ્છતો હોય તો તેનો મૂળ સ્ત્રોત ક્યાંથી લાવવાના છે? મોટી રકમ વગેરે ચેક કરવામાં આવે છે. સાથે સાથે એના રજિસ્ટ્રેશન ફીની વાત કરીએ તો ૫૦૦૦ રજિસ્ટ્રેશન ફી ભરવાની હોય છે. ૨૫૦ રૂપિયા અરજી ફી ભરવાની હોય છે. આ રીતે શાહુકારને રજિસ્ટ્રેશન મળે છે. પરેશભાઇ, ઇમરાનભાઇ, અનિલભાઇ, અનંતભાઇ વાત કરીને ગયા કે આદિવાસીનું શોષણ થાય છે. લોકોનું શોષણ થાય છે. હું એટલું જ કહીશ કે સહકારી બેન્ક કે અન્ય બેન્ક દ્વારા ૧૬ લાખ કરતા વધુ ખેડૂતોને ૨૩,૦૦૦ કરોડનું ટૂંકી મુદતનું ધિરાણ સહકારી બેન્ક અને અન્ય બેન્ક દ્વારા આપવામાં આવ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતમાં ભૂતકાળના વર્ષોની વાત કરીએ તો ભૂતકાળમાં આ બેન્કોમાં ૧૮ થી ૨૧ ટકા જેટલું વ્યાજ લેવાતું હતું. મને કહેતા આનંદ થાય છે કે આ રાજ્યના મુખ્યમંત્રી આદરણીય શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇના શાસનમાં ઝીરો ટકા એટલે કોઇ ખેડૂત ખાતેદારને લોન લેવી હોય તો ૩ લાખ રૂપિયા સુધીનું ધિરાણ ઝીરો ટકા વ્યાજે આપવાનું કામ આ સરકારે કર્યુ છે. આનંદભાઇએ વાત કરી અમારા આદિવાસીને દૂર કરવાનું કામ આ સરકારે કર્યુ છે. એટલું જ કહેવાનું કે ભૂતકાળમાં જે રીતે ગરીબ, આદિવાસી, ઇન્ટિરિયર વિસ્તાર હોય એમાં શિક્ષણની ચિંતા કરતા નહોતા. અમારી ભાજપની સરકારે સારા પ્રયાસોના માધ્યમથી આદિવાસી, ગરીબ હોય તે તમામને ભણાવવાનું કામ કર્યુ છે. ભૂતકાળમાં તમારી સરકારમાં ૩૭ ટકા જેટલો ડ્રોપ આઉટ રેશિયો હતો. તમારી સરકારે આ આદિવાસીના દીકરાઓને ભણાવવાની ચિંતા કરી નથી, ત્યારે શાળા પ્રવશોત્સવના માધ્યમથી, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી, આદિવાસીઓને આરોગ્યની સુવિધા આપવામાં આવી. આવી પાયાની સુવિધા આપવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કરવામાં આવ્યું છે. જે રીતે લલિતભાઇ વસોયાએ વાત કરી કે ગ્રામ પંચાયતની મંજૂરી તે ભૂતકાળમાં હતી અને જયારે જયારે આવા પ્રોબ્લેમ આવ્યા હોય અને સરકાર પાસે આવ્યું હોય ત્યારે અમે કરીએ છીએ. હમણાં સુખરામભાઇ રાઠવાએ વાત કરી કે અમારા આદિવાસીની કમાણી હોળી સુધી જ હોય છે. હોળી આવે એટલે હોળીના તહેવારમાં વાપરી દે છે. ભૂતકાળની અન્ય સરકારો એ

જ ઇચ્છતી હતી કે આદિવાસીની કમાણી હોય તે દિવાળીએ પૂરી થઇ જાય અને ફરી તે મજૂરી કરવા જાય. તેના બદલામાં અમારી સરકાર ઝીરો ટકાના વ્યાજે આદિવાસી હોય કે અન્ય કોઇ ખેડૂત ખાતેદાર હોય તેને લોન આપી રહી છે. પંચાયતની જોગવાઇઓ અનુસૂચિત વિસ્તારોમાં લાગુ પાડવા બાબતના અધિનિયમ ૧૯૯૬ એટલે કે પેસા એક્ટ તે ભારત સરકારનો કાયદો છે. આ કાયદા હેઠળ દરેક રાજયોએ નિયમો બનાવવાના થતા હતા. એ મુજબ ગુજરાત રાજયના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા પંચાયતની જોગવાઇઓ અનુસૂચિત વિસ્તારોમાં લાગુ પાડવા બાબતના નિયમો ૨૦૧૭માં ઘડવામાં આવ્યા. એટલે કે પેસા નિયમ ૨૦૧૭ બનાવી અમલમાં મૂકેલ છે. જેના નિયમ-૪૦માં બંધારણની કલમ ૨૪૪ હેઠળના અનુસૂચિત વિસ્તારમાં અનુસૂચિત જનજાતિના સભ્યોને શાહુકારો દ્વારા નાણાં ધીરતા પહેલાં ગ્રામસભાની મંજૂરી લેવાની જોગવાઇ થયેલ છે. જયારે ગુજરાત નાણાં ધીરધાર કરનારાઓ બાબતના અધિનયમ ૨૦૧૧ની કલમ ૧૭(૨)માં અનુસૂચિત વિસ્તારોમાં આદિજાતિના ઇસમને શાહુકારો દ્વારા નાણાં ધીરતાં પહેલાં ગ્રામ પંચાયતની મંજૂરી લેવાની જોગવાઇ છે. આ જોગવાઇ પેસા એક્ટ ૧૯૯૬ હેઠળ બનેલ પેસા નિયમ ૨૦૧૭ હેઠળ આવતી હોઇ ગુજરાત નાણાં ધીરધાર કરનારા બાબત અધિનયમ ૨૦૧૧ની કલમ ૧૭(૨) એ પેસા નિયમ.૪૦ ની જોગવાઇ સાથે સુસંગત ન હોઇ તેમાં તુરત જ સુધારો કરવો આવશ્યક હતો. પરંતુ તે સમયે વિધાનસભાનું સત્ર ચાલુ ન હોઇ અનુસૂચિત વિસ્તારના આદિજાતિના ઇસમોના હિતોનું રક્ષણ કરવા તથા તેમનું શોષણ અટકાવવા સદરહુ જોગવાઇ વટહુકમથી રાજયમાં અમલી બનાવવી જરૂરી હોઇ વટહુકમ ક્રમાંક ૩/૨૦૧૭ તા.૧૩-૧૧-૨૦૧૭થી ગ્રામ પંચાયતની જગ્યાએ ગુજરાત નાણાં ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ ૨૦૧૧માં પેસા નિયમ ૪૦ મુજબ ગ્રામ સભાની જોગવાઇ કરતો વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવ્યો. ત્યારબાદ વિધાનસભા સત્ર ઉપલબ્ધ હોઇ સદરહુ વટહુકમ ગૃહની બહાલી અર્થે અહીંયાં રજૂ કરવામાં આવ્યો છે. આમ ઉપરોકત હકીકતે પેસા નિયમ.૪૦ અને ગુજરાત નાણાં ધીરધાર કરનારાઓ બાબતના અધિનિયમ ૨૦૧૧ની કલમ ૧૭(૨)ની જોગવાઇઓમાં વિસંગતતા જોવા મળે છે. જેથી આ વિસંગતતા ન રહે તે માટે અને બંને કાયદામાં એક સમાનતા આવે તેવા હેતુથી આવા આદિજાતિ વિસ્તારના લોકોને નાણાં ધીરતા પહેલાં ફકત ગ્રામ પંચાયતની મંજૂરીની જોગવાઇ હતી તેના બદલે હવે ગ્રામસભાની મંજૂરી મેળવવાની જોગવાઇ કરેલ છે. બંને કાયદાની જોગવાઇ એકસમાન છે. તે હેતુથી ગુજરાત નાણાં ધીરધાર અધિનિયમ ૨૦૧૧ની કલમ ૧૭(૨)ની જોગવાઇમાં રાજયના અનુસૂચિત વિસ્તારના આદિજાતિ લોકોને ગ્રામ પંચાયતના બદલે ગ્રામસભાની મંજૂરીથી જ નાણાં ધીરી શકાશે તેવી નવી જોગવાઇ કરતું અને તા.૧૩-૧૧-૨૦૧૭ના રોજ બહાર પાડેલ વટહુકમને મંજૂરી આપવા માટે આ વિધેયક અહીં લાવવામાં આવેલ છે. પરિણામે કાયદાના અમલીકરણમાં સરળતા રહેશે. ગ્રામ પંચાયતના બદલે ગ્રામસભાની મંજૂરીની જોગવાઇ થવાથી ફકત ગ્રામ પંચાયતના સભ્યો જ નહીં પરંતુ સમગ્ર ગ્રામજનો દ્વારા આ નિર્ણય લેવાનો હોવાથી આમાં પારદર્શકતા આવશે અને તેને ન્યાય મળશે. ત્યારે સુધારા વિધેયક સર્વથા અનુસૂચિત વિસ્તારોમાં રહેતા આદિવાસી ઇસમોના હિતોનું રક્ષણ કરનારું હોઇ આ સભાગૃહમાં બેઠેલા તમામ સદસ્યશ્રીઓને વિનાવિરોધે આ વિધેયક પસાર કરવા હું અપીલ કરું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહના સૌ આદરણીય સભાસદોને એક વિનંતી છે કે બીજાની સીટ ઉપરથી ઉભા થઇ ગમે તેમ બોલે છે. આ ખોટું છે. હવે મતદાનનો સમય થયો છે હવે આપની પોતાની જગ્યા ઉપર કિરીટભાઇ બેસી જાઓ. આપને તાકીદ કરું છું કે, ફરીવાર આવું ન થવું જોઇએ.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા વકતવ્યમાં વાત કરી હતી કે શાંતિ સમિતિ ગ્રામસભાને હકક છે અને કાયદામાં પણ જોગવાઇ છે અને પેસા કાયદો એમ કહે છે. આમાં શાંતિ સમિતિને બદલે આ વ્યવસ્થા છે તે તમામ વ્યવસ્થા ગ્રામસભાને આપવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ સભાની સમિતિ છે અને એના અન્વયે આ કામગીરી થશે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, વહીવટ એનો શાંતિ સમિતિને આપવામાં આવશે એવું લખ્યું છે, તો શાંતિ સમિતિને બદલે ગ્રામ સભાને આપવામાં આવે તો અમને વાંધો નથી અમે સર્વાનુમતે આ વિધેયકને પસાર કરવા તૈયાર છીએ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પંચાયત પેસા એકટમાં થયું હતું અને આ માત્ર અત્યારે ગ્રામ પંચાયતના બદલે ગ્રામ સભાનો ઉલ્લેખ કરવાનો છે એટલા પૂરતો સુધારો છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ફેરફાર આટલા પૂરતો જ છે એવું કલેરીફીકેશન આવી ગયેલ છે. હવે હું વટ હુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત માટે મૂકું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક : ૧, સન ૨૦૧૮નું ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર :માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૬માં આવેલો આ પેસાનો કાયદો છે એ ૨૦૧૭માં સરકાર અમલમાં લાવી અને ખાસ કરીને આદિવાસી વિસ્તારની વાત છે ત્યારે હું કોંગ્રેસ પક્ષ વતી જે શાંતિ સમિતિની જગ્યાએ ગ્રામ સભાનો જે મુદો હતો એ માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં કહ્યું છે માટે અમે આ બિલને સમર્થન આપીએ છીએ.

તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૧૮

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક : ૧, સન ૨૦૧૮નું ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક : ૧, સન ૨૦૧૮નું ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪**

**ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૧૮**

**ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ ( રા. ક.ના સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન–૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪, સન–૨૦૧૮નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪, સન–૨૦૧૮નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો**

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ ( સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હાલ સમગ્ર રાજ્યમાં ૨૨૪ જેટલી બજાર સમિતિઓ કાર્યરત છે, આ બજાર સમિતિઓ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિના અધિનિયમ, ૧૯૬૩થી રચાયેલ સંસ્થાકીય સંસ્થાઓ છે, કે જે પોતાના બજાર વિસ્તારના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળે તેમજ આ ખેત ઉત્પાદનનો સાચો તોલ, રોકડ નાણાં અને ખુલ્લી હરાજીના સિદ્ધાંત અનુસાર કામગીરી કરી રહેલ છે, આ રીતે ખુલ્લી હરાજી દ્વારા, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તો ખેડૂતની આર્થિક સમૃદ્ધિ વધે એ મુજબના પ્લેટફોર્મ પ્રોવાઇડર તરીકેની કામગીરી કરી રહેલ છે. આ માટે બજારધારાની કલમ–૨૬(૨) અંતર્ગત જે જોગવાઇ છે તે મુજબ ''આ અધિનિયમમાં ગમે તે મજકુર હોય તેમ છતાં બજાર સમિતિએ રાજ્ય સરકારની મંજૂરીથી નિયામકે આદેશ આપ્યા પ્રમાણે એવા આદેશ ફરમાવતા સંજોગો પ્રમાણે અને તાકીદની જરૂરિયાત એવા ખેત ઉત્પન્નની ખરીદી અથવા વેચાણનું કામકાજ, અથવા તો વેચાણ માટે એવા ખેત ઉત્પન્નની પ્રક્રિયાનું કામકાજ નિર્દિષ્ટ મુદત માટે ચાલુ રાખવું જોઇશે, જેના માટે એવી બજાર સમિતિને આ અધિનિયમ હેઠળ કોઇ લાયસન્સની જરૂર રહેશે નહિ. ''

માનનીય અધ્યક્ષશ્રી, આ કલમની જોગવાઇ અનુસાર બજાર સમિતિઓની મર્યાદિત ભૂમિકા છે, પરંતુ બજાર સમિતિઓની આ મર્યાદિત ભૂમિકાને વિશાળ કરવાના ઉમદા હેતુથી ખેડૂતોના વિશાળ હિતોને લક્ષમાં લઇ બજાર સમિતિઓ દ્વારા માત્ર ખેડૂતોના ખેત ઉત્પન્નની હરાજી દ્વારા વેચાણની કામગીરી કરે છે, તેને બદલે બજાર સમિતિઓ ખેડૂતોના આ ખેત ઉત્પન્નની સીધી ખરીદી કરી અને કલીનીંગ, ગ્રેડીંગ, સોર્ટીંગ, ગ્રાન્ડીંગ પ્રોસેસીંગ કરીને આ ખેત ઉત્પન્નનું વેલ્યુ એડીશન એટલે કે મૂલ્યવર્ધિત કરી અને બજારમાં મૂકે તો એને ખેત ઉત્પન્નના ખૂબજ ઉંચા ભાવો અને વાજબી ભાવો મળી શકે.

આપ સુવિદિત છો જ કે ખેડૂતનું ખેત ઉત્પન્ન બજારમાં આવે ત્યારે એકદમ પુરવઠો વધતાં ભાવો ખૂબજ નીચા જાય છે. સંગ્રહ વ્યવસ્થાના અભાવે ખેડૂતોને નીચા ભાવે ખેત ઉત્પન્ન ફરજિયાત વેચવું પડે છે, પરંતુ જો પૂરતી સંગ્રહ વ્યવસ્થા હોય તો ખેડૂતો સંગ્રહ કરી આ સંગ્રહ કરેલ ખેત ઉત્પન્નની સામે વેરહાઉસીંગ રિસિપ્ટ ઉપર પોતાની જરૂરિયાત મુજબના નાણાં નાણાંકીય સંસ્થાઓ પાસેથી મેળવી શકે છે એટલે કે તારણમાં માલ મૂકીને પણ આ ખેડૂતોને બેન્કો દ્વારા લોન મળી શકે છે. જેથી ઓછાં ભાવે ખેડૂતોને બજારમાં માલ વેચવો ન પડે અને જ્યારે બજારમાં ભાવો ઉંચકાય ત્યારે આ ખેત ઉત્પન્નને વેચાણ કરીને ઉંચા અને વાજબી ભાવો મેળવી શકે અને એ માટે બજાર સમિતિએ પોતાની પાસે સંગ્રહ વ્યવસ્થા ઉભી કરી શકે એ માટે આ સુધારામાં બજાર સમિતિઓ ગોડાઉન અને કોલ્ડ સ્ટૉરેજ જેવી સુવિધાઓ ઉભી કરી શકે તેવી જોગવાઇ લાવવામાં આવી છે.

આજે ખેડૂતો નાણાકીય વ્યવસ્થાના અભાવે પરંપરાગત રીતે ખેતી કરે છે જેથી પોતાની જમીનનું ઉત્પાદન ઘણું ઓછું આવે છે. પરંતુ બજાર સમિતિઓના પોતાના વિસ્તારના ખેડૂતો સાથે જો એ કોન્ટ્રેક્ટ ફાર્મીંગ કરે અને બજાર સમિતિઓ ખેડૂતોને તમામ પ્રકારની તાંત્રિક જાણકારી જેવીકે ખાતર, બિયારણો, દવાઓ વિગેરે પૂરી પાડે, વૈજ્ઞાનિક ઢબે વપરાશ કરાવે તો સ્વાભાવિક રીતે જ એમના ઉત્પાદનમાં વધારો થાય અને કોન્ટ્રેક્ટ ફાર્મીંગ એગ્રીમેન્ટ મુજબ ખેડૂતોના ખેત ઉત્પન્નની સીધી ખરીદી કરી વેચાણ કરે તો ખૂબ ઉંચા ભાવ ખેડૂતોને મળી શકે. બજાર સમિતિઓ કોન્ટ્રેક્ટ ફાર્મીંગ કરી શકે તેવો સુધારો સૂચવેલ છે. આમ સમગ્ર રીતે આ જોગવાઇ દ્વારા બજાર સમિતિઓ મારફતે પોતાના વિસ્તારના ખેડૂતો સાથે કોન્ટ્રેક્ટ ફાર્મીંગના માધ્યમથી ખેડૂતોને ખેતી સંબંધી તમામ સવલતો આપે, તાંત્રિક જાણકારી આપે, ખેતી કરાવી શકે તો જમીનની ઉત્પાદકતા

---

* વિધેયક તા.૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વધે, ઉત્પાદન ખર્ચ ઓછું આવે અને એ બજાર સમિતિઓ ખેડૂતો પાસેથી સીધી ખરીદી કરે, ખરીદ કરેલ ખેત ઉત્પન્નનું વેલ્યુ એડીશન થાય એ માટે પ્રોસેસીંગ, કલીનીંગ, ગ્રેડીંગ, ગ્રાન્ડીંગ કરી વેચાણ કરી ખૂબ ઉંચા ભાવ અપાવી શકે. ભાવ નીચા હોય, ભાવ જ્યાંસુધી પોષાય એવા ન હોય ત્યાંસુધી ગોડાઉન કે કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવા સંગ્રહ વ્યવસ્થા ઉભી કરી શકે તથા જરૂર પડે ત્યારે ટેકાના ભાવે ખરીદી કરી શકે એ માટે આ ખૂબજ મહત્વની જોગવાઇઓ બજાર ધારામાં લાવવામાં આવી છે. આથી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક, ૨૦૧૮ આ ગૃહ સમક્ષ હું રજૂ કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ–૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક લઇને જે આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક લઇ આવવા પાછળનો માનનીય મંત્રીશ્રીએ જે હાર્દ અને ઉદેશ્ય તેમના પ્રવચનમાં જણાવ્યું. ખેડૂતોના હિતોનું રક્ષણ થાય, ખેડૂતો જે ખેત ઉત્પાદન કરે છે અને જે જણસો વાવે છે તે જણાસોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટેની વ્યવસ્થા ઉભી કરવાની રાજય સરકારની પ્રાથમિક જવાબદારી છે. સહકારી માળખું ખેત ઉત્પાદન બજાર સમિતિઓ સ્થાપવા પાછળનો આશય, તેનો હેતુ અંતે તો એ વિસ્તારના ખેડૂતોને વધુમાં વધુ સારી રીતે લાભ મળી રહે તે માટેનો છે. પરંતુ આ બજાર સમિતિઓ યોગ્ય રીતે, યોગ્ય માળખામાં અને સહકારી કાયદાની જોગવાઇ મુજબ રાજય સરકારે જે પ્રસ્થાપિત સિદ્ધાંતો અને નિયમો નક્કી કર્યા છે તે મુજબ આ ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ વહીવટ કરે છે ખરી ?

માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે કહેવું પડે કે રાજયમાં અમુક ખેત ઉત્પન્નન બજાર સમિતિઓને બાદ કરીને મોટાભાગની ખેત ઉત્પન્ન બજાર સમિતિઓમાં મોટા પાયે નાણાકીય ગેરરીતિઓ ભ્રષ્ટાચાર કરીને વધુમાં વધુ ખેડૂતોને નુકસાન કયા પ્રકારનું થઇ શકે તે પ્રકારનો વહીવટ ચાલે છે અને તેના ઉપર રાજય સરકારનું કોઇ પણ પ્રકારનું નિયંત્રણ હોય તેવુ અત્યાર સુધી જોવામાં આવ્યુ નથી. આ બિલ લઇને આવ્યા ત્યારે એમ કહેવાય કે ઘોડો તબેલામાંથી નાસી જાય અને ત્યાર પછી તાળુ મારવાનું આવે તેમ આ સરકાર અત્યારે આ સુધારો લઇને આવી છે ત્યારે અગાઉ જે આપણો કાયદો અને નિયમ છે તે નિયમ પ્રમાણે ખેત ઉત્પન્ન બજાર સમિતિઓના વહીવટની અંદર અત્યાર સુધી તે વિસ્તારના ખેડૂતોને કેટલો લાભ મળ્યો તે રાજય સરકાર જો ગૃહના રેકર્ડ ઉપર મૂકશે તો આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ ખેડૂતોની જણસોનો ભાવ માર્કેટીંગ યાર્ડમાં જાહેર હરાજીની અહીંયા વાત કરી છે. હું આજે પણ સરકાર પાસેથી જાણવા માગુ છું કે, જેટલી રાજયમાં ખેત ઉત્પન્ન બજાર સમિતિઓ છે તેમાં મોટી જે ખેત ઉત્પાદન બજાર સમિતિઓ છે જેમ કે રાજકોટ, ગોંડલ, અમરેલી છે, સૌરાષ્ટ્રમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાતને બાદ કરતા જે તાલુકા પ્લેસ ઉપર છે ત્યાં કેટલી ઉત્પન્ન બજાર સમિતિઓમાં આજની તારીખે જાહેર હરાજી કરવામાં આવે છે તે પણ જો સરકાર આ ગૃહના રેકર્ડ ઉપર મૂકશે તો આનંદ થશે. મોટાભાગની ખેત ઉત્પાદન બજાર સમિતિની અંદર જાહેર હરાજી કરવામાં આવતી નથી. એ વિસ્તારના વેપારીઓ તે ગ્રામ્ય વિસ્તારમાં સીધા જઇને ખેડૂતોની જે કંઇ જણસો છે તેની ખરીદી કરે છે અને તે ખરીદી ઉપર જે તે માર્કેટીંગ યાર્ડો સેસ ઉઘરાવે છે. અને એ સેસ ઉઘરાવી અને તેમાંથી આવક મેળવે છે અને તે આવકમાંથી વિસ્તાર કરીને ખેડૂતોને વધુ સારી રીતે ફાયદો થાય તે પ્રકારનો વહીવટ કરવાનો હોય છે પણ આ સ્થિતિ એ.પી.એમ.સી.ની અંદર થતી નથી. અને છેલ્લા વર્ષોમાં ભાજપની સરકાર જયારથી આવી છે ત્યારથી સહકારી સંસ્થાઓને રાજકીય રીતે રાજકીયકરણ કરીને આ સહકારી સંસ્થાઓને નુકસાન પહોંચાડવાનું કામ કરવામાં આવ્યુ છે અને તેનો સરવાળે લાભ, ગેરલાભ જે છે તે ખેડૂતોને સહન કરવાનું આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાવો નિયંત્રણ કરવા તે અર્થશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે માગ અને પુરવઠાને આધારે હોય છે. માગ વધે અને પુરવઠો ઘટે એટલે ભાવ ઉપર જાય પણ માગ ઘટે અને પુરવઠો વધે તો ભાવ નીચે જાય છે તો આને નિયંત્રણ કરવાની જવાબદારી કોની ? રાજય સરકારની જવાબદારી ખરી કે નહીં ? રાજય સરકારની અસ્પષ્ટ નીતિઓને કારણે, ખેડૂત વિરોધી નીતિઓના કારણે છેલ્લા વર્ષોમાં ગુજરાત રાજયનાં ખેડૂતોને વધુમાં વધુ સહન કરવાનું આવ્યુ છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : રાજય સરકારની નીતિ ખેડૂત વિરોધી નથી પણ ખેડૂત તરફી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એ તો મગફળીમાં ખ્યાલ આવી ગયો. મગફળી આપે ટેકાના ભાવે ખરીદી. સરકાર એના જવાબમાં કહે મને વાંધો નથી. ગયા વખતે રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદી હતી. માનનીય મંત્રીશ્રી આપ કહો છો ત્યારે હું સરકારના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, ગયા વખતે આપે મગફળી ટેકાના ભાવે ખરીદી. રાજ્ય સરકારે વાહ–વાહ કરી. રાજ્ય સરકારને અભિનંદન. એ મગફળી ગયા વખતે ખરીદી કર્યા પછી એ મગફળીની ખરીદીનું વેચાણ ન થયું. ત્યારપછી ગયા વખતે ખરીદેલ મગફળીની જાહેર હરાજી કરી. એ પછી એ મગફળી આ વખતે જે લોકોએ રાખી હતી એ જ લોકોએ ટેકાના ભાવે ખરીદી અને પાછી એ જ મગફળી પધરાવી. નુકસાન કોને થયું? ખેડૂતોને થયું છે અને આ વખતે ચાલુ સાલે રાજ્ય સરકારે ટેકાના ભાવે મગફળી ખરીદવાની સૂચના આપી. બે દિવસ પહેલાં રાજ્યપાલના આભાર પ્રસ્તાવ ઉપર માનનીય મુખ્મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહમાં બોલતા હતા, મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યની અંદર ૩૨ લાખ મેટ્રીક ટન મગફળીનું ઉત્પાદન થયું છે. એની સામે રાજ્ય સરકારે ૮ લાખ મેટ્રીક ટન મગફળી ખરીદી. બાકીની મગફળીનું શું? હું સરકારને પૂછવા માગું છું કે, ૨૬ લાખ મેટ્રીક ટન જથ્થો આજે પણ ગુજરાત રાજ્યના ખેડૂતો પાસે પડ્યો છે. એની જવાબદારી કોની? સરકારની ખરી કે નહિ? આ બિલમાં સુધારા લાવવા પાછળનું કારણ શું? શા માટે એને મંજૂરીની જરૂરિયાત નથી પડતી. ખેડૂતોને મદદ થાય એટલા માટે. તો ખેડૂતોને મદદ કરવા માટે તો ખેત ઉત્પાદન બજાર સમિતિ સરકારના નિયંત્રણ નીચે છે. સરકારે ખરીદી કરવા માટે ટેકાના

કેન્દ્રો આપ્યા. માર્કેટીંગ યાર્ડને ખરીદી કરવાના બદલે ટેકાના ભાવે ગુજકોમાસોલે આપી હોય કે સરકારે આપી હોય એમાં હું પડવા માગતો નથી પણ માર્કેટીંગમાં કે સંઘને આપવાના બદલે ગામડાંઓની અંદર ભાજપ સાથે સીધી સંકળાયેલી મંડળી હોય એને ખરીદી કેન્દ્રો આપવામાં આવ્યા અને માર્કેટીંગ યાર્ડને આપવામાં ન આવ્યા અને પરિણામે ભયંકર નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી. જે મગફળી ખરીદવા માટે તમે સૂચનાઓ આપી. ત્યારપછી સમગ્ર રાજ્યમાં ફરિયાદો ઊભી થઇ. એ ફરિયાદો ઊભી થઇ ત્યારપછી તેની ઉપર નિયંત્રણ મૂકવામાં આવ્યા અને ત્યારપછી સરકારે અને ગુજકોમાસોલે નવા નિયમો આપ્યા કે હવે જો ખરીદી કરવાની થતી હોય તો આ નિયમો મુજબ જ કરવાની થશે. નિયમો સારા છે. એટલા માટે કે એમાં ગેરરીતિ ન થાય. એમાં વિડીયોગ્રાફી કરવી, જી.પી.એસ. સિસ્ટમ ટ્રકમાં ફીટ કરવી, સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી ખરીદી કરવી. આ નિયમોને કારણે માર્કેટીંગ યાર્ડ વાળા જે ખરીદી કરતા થાય એ લોકોએ ખરીદી ન કરી કે આ નિયમો હળવા કરવામાં આવે. મારે સરકારને પૂછવું છે કે, તમે નિયમો શા માટે કર્યા કે, ગેરરીતિ ન થાય એટલા માટે, નિયંત્રણ આવે એ માટે, સરકાર આદેશ કરે. એ લોકો માર્કેટીંગ યાર્ડમાં સરકારનો લાભ લે એને આપણે મદદ કરીએ, એને આપણે નાણાકીય મદદ કરીએ અને એ યાર્ડ સરકારે આપેલા નિયમોનું ઉલ્લંઘન કરે અથવા એને ન સ્વીકારે તો કોની જવાબદારી? એ ખરીદી ન કરી પરિણામે છેલ્લી ૧૦ તારીખની જે મુદ્દત હતી એ જતી રહી અને એ મુદ્દત પસાર થવાને કારણે આજે પણ સૌરાષ્ટ્રની અંદર તમામ જિલ્લાઓના ખેડૂતોની મગફળી એમના ઘરમાં પડી છે. ત્યારે હું સરકારને પૂછવા માગું છું કે, આવનાર દિવસોની અંદર તમે આ મગફળી ખરીદવાના છો? મુદ્દત વધારવાની કેન્દ્ર સરકારને વાત કરી છે? જો સરકારની ખેડૂત વિરોધી નીતિ ન હોય તો હું સરકાર પાસે જાણવા માગું છું કે, જો ખેડૂતોના હિતમાં તમારી નીતિ હોય તો આગામી દિવસોમાં ૨૬ લાખ મેટ્રીક ટન નહિ પણ એની ૫૦ ટકા મગફળી પણ તમે ખરીદશો તો મને લાગે છે કે, આ સરકાર ખેડૂતોના હિતની વાત કરે છે. અમે સરકારને તેમાં ટેકો અને સમર્થન આપીશું. ખેડૂતોના નામે વાતો કરવી અને નુકસાન ખેડૂતોને થાય તે રીતે કામ કરવું, તેવો અમલ કરવો. આજે માર્કેટિંગ યાર્ડમાં જે ચાલી રહ્યું છે. હું જૂનાગઢ જિલ્લાની વાત કરું તો અમારે ત્યાં ગ્રોફેડ હતી બંધ થઇ ગઇ. આજે પણ મંત્રીશ્રી હજી પણ ગામડાંઓની અંદર મંડળીઓ છે અને તે પણ કાર્યરત છે, ગ્રોફેડ નથી ત્યારે પણ આ મંડળીઓ ચાલતી હતી. તો પછી નવી મંડળીઓ ઉભી કરવાનું ચાલુ રાખ્યું છે. આ નવી મંડળીઓના મત મળે એટલા માટે વધારો કરો છો. અને તેના કારણે તમારા કબજામાં આવી સંસ્થાઓ આવે એટલા માટે આવી ગેરકાયદેસર નોંધણી કરવામાં આવે છે અને તેના કારણે આવી સંસ્થાઓ ચાલે અને પરિણામે ખેડૂતોને નુકસાન થાય આવા પ્રકારની માનસીકતા આ સરકારની છે અને એટલે આ બાબતમાં સરકાર કંઇક ગંભીરતાથી વિચારે.

સહકારી સંસ્થાઓનો મૂળ હેતુ તો તેના મારફતે ગુજરાતના ખેડૂતોને વધુમાં વધુ સારી રીતે લાભ આપી શકાય તેના માટેનો છે. હવે છેલ્લા વરસોમાં આ સરકાર દ્વારા સહકારી સંસ્થાઓનો દૂરપયોગ કહીશ તો આપ એ શબ્દો કાઢી નાંખશો.એટલા માટે જે રીતે સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે આખા રાજયની અંદર ખેત ઉત્પન બજાર સમિતિઓની અંદર જાહેર હરાજી કડક રીતે થાય અને એના માટેના જે કાયદા છે તેનો અમલ ખેત ઉત્પન બજાર સમિતિઓ દ્વારા થાય અને ખેડૂતોના હિતમાં થાય, વાસ્તવમાં ખેડૂતોને લાભ થાય તેવા પ્રકારનું રાજય સરકાર અમલીકરણ કરાવે તો મને લાગે છે કે, ખેડૂતોને ફાયદો થાય. બાકી આવા કાયદામાં સુધારા કર્યા કરીએ પરંતુ તેનું અમરલીકરણ કરાવવું જોઇએ, આવા કાયદાનું અમલીકરણ કરાવવાની બાબતમાં સરકાર સંપૂર્ણપણે નિષ્ફળ જાય તો આવી રીતે કાયદામાં સુધારા કે ફેરફાર કરવાથી રાજયના ખેડૂતોને કોઇ ફાયદો થઇ જાય એવું મને પોતાને લાગતું નથી. જો રાજય સરકારની મનસા સાચી હોય ખેડૂતોના હિત માટેની હોય તો અહીં થી જે કાયદાઓ કરવામાં આવે તેનું વાસ્તવિક રીતે અમલ થવો જોઇએ તેનું અમલીકરણ કરવામાં આવે અને રાજયના ખેડૂતોને લાભ મળે. એ પ્રમાણે સરકાર ચાલશે તો માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહે ચુડાસમાજીએ જે વાત કરી કે અમે ખેડૂતોના હિત માટે જ કાયદા કરીએ છીએ. જો આપે ખેડૂતોના હિતમાં જ કામ કર્યુ હોય તો આપ જે કાયદા કરો એ રાજયના ખેડૂતોના અહિતના છે અને ખેડૂત હિતની વાત કરે છે. હકીકતમાં એમ બન્યું નથી એટલા માટે કહેવું પડે છે કે, આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં શહેરી વિસ્તારમાં તમે ફાવ્યા છો, ગ્રામ્ય વિસ્તારમાં ફાવ્યા નથી, •(×××) કારણે ગ્રામ્ય કક્ષાએ તમને મત મળ્યા નથી. ગુજરાતના ખેડૂતોના હિતમાં સરકારે કાયદા બનાવવા જોઇએ . ગ્રામ્ય વિસ્તારના લોકોએ કોંગ્રેસને મત આપ્યા છે. આ *(×××) હોવાના કારણે.

અધ્યક્ષશ્રી : ફાવ્યા અને નથી ફાવ્યા આ શબ્દો બરાબર નથી. આ *(×××) એ આપના શબ્દો કાઢી નાંખું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી આજે ૨૬ મી ફેબ્રુઆરી, વીર સાવરકરજીની પૂણ્યતિથિ છે. આ રાજયના અમારા સહકાર મંત્રીશ્રી એપીએમસી વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં વાત કરવા માગું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી સામેની બાજુએથી સભ્યશ્રીઓ બોલે છે.

અધ્યક્ષશ્રી : નામ આપો તો સારું. નામ આપો તો કહીશ. આ બાજુ પણ

શ્રી શૈલેષ મ. પરમાર : શ્રી પૂર્ણેશભાઇ મોદી.

શ્રી પુર્ણેશ મોદી : આ સાવરકરજીનું અપમાન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી તેઓ શું બોલ્યા છે. (અંતરાય) એમ કહે છે કે આ વીર સાવરકર કોણ છે ?

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૧૮

અધ્યક્ષશ્રી : આવું વકતવ્ય ઠીક નથી. બોલ્યા હોય તો ખોટું છે. આ બરાબર નથી. દેશ માટે જેણે પણ બલિદાન આપ્યા છે તેમના વિશે આડું અવળું બોલી શકો નહીં.

શ્રી બાબુભાઇ જ. પટેલ : ''વિના સહકાર નહિ ઉધાર'' મારે આ ગુજરાતની ગુણીયલ પ્રજાને કોટી કોટી વંદન અને અભિનંદન આપવા છે. જેણે અમને સહકાર આપીને અહીંયા છઠ્ઠીવાર બેસાડ્યા છે. સહકારી પ્રવૃત્તિની વાત કરીએ તો આમ આદમી જે ગામડાંમાં વસે છે એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જ ગતિશીલ બન્યો છે પહેલા કયારેય નહોતા. મારે આગળ એ પણ વાત કરવી છે કે ૩૧-૩-૧૭ના છેલ્લા દિવસે ૭૫ લાખ ૯ હજાર ૬૭ મંડળીઓ રચી છે એના સભાસદોની સંખ્યા જોઇએ તો ૧ કરોડ ૬૫ લાખ જેવી થવા જાય છે. એટલે કે દેશનો દર ચોથો માણસ સહકારી મંડળી સાથે જોડાયેલો છે. સેવા સહકારી મંડળીની વાત કરું. માનનીય પુંજાભાઇ વખતે ૧૮ ટકા વ્યાજ લેવામાં આવતુ હતું એના લીધે ખેડૂત થાકી જતો હતો, ખેડૂત ૧૮ ટકા વ્યાજ ભરતો હતો. પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ઝીરો વ્યાજ એટલે કે વગર વ્યાજે ૩ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે. એ જ બતાવે છે કે રાજયના ખેડૂતલક્ષી અભિગમને લીધે ગુજરાતમાં ૨૨૪ જેટલા માર્કેટ યાર્ડો આવેલા છે. જયારે ૧૭૬ જેટલા સબ યાર્ડો આવેલા છે. મને કહેતા આનંદ થાય છે કે આ ૪૦૦ જેટલા યાર્ડ અને સબ યાર્ડમાં સારામાં સારી રીતે બજાર સમિતિઓ ચાલી રહી છે, ખેડૂતોના હિતમાં ચાલી રહી છે. માનનીય સભ્યશ્રી પુંજાભાઇના વખતમાં ખેડૂતો પાસેથી ૧૫ ટકા શેષ લેવામાં આવતી હતી એ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખેડૂતો પાસેથી શેષ માફ કરીને વેપારીઓ પાસેથી લેવાનું નક્કી કર્યું છે. પહેલા ખેડૂત શોષાતો હતો પરેશાન થતો હતો.

મારે આ તબક્કે બીજી પણ વાત કરવી છે. શાકભાજીની વાત કરું તો આ ભારતીય જનતા પાર્ટીની માનનીય વિજયભાઇ રૂપાણી અને માનનીય નીતિનભાઇ પટેલની સરકારે ખેડૂતો શાકભાજી વેચવા શહેરોમાં આવે અને એમને પૂરતો ભાવ ન મળે અથવા તો માલ વેચાય નહિ તો એના માટે આ સરકારે ગોડાઉનો બનાવી દીધા છે. દા.ત. મહુવાથી ખેડૂત ડુંગળી લઇને આવ્યો હોય, ભાવનગરથી ખેડૂત બટાકા લઇને આવ્યો હોય એને જો ભાવ ન મળે અને માલ ન વેચવો હોય તો એને સરકારે ગોડાઉનો બનાવ્યા છે એમાં એ માલ મૂકી દે. એ.પી.એમ.સી. ટોકન ભાવ લે અને ચાર-પાંચ દિવસમાં ભાવ વધે તો એ ખેડૂત વેચીને ઘરે પહોંચી જાય આ પદ્ધતિ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આ ભાજપના રાજયમાં ખેડૂતો ભાવ લઇને જાય છે જયારે કોંગ્રેસના વખતમાં ખેડૂતો માલ વેચવા આવતા હતા અને પોતે વેચાઇને જતાં હતા. ખેડૂતોને કયારેય સારા ભાવો મળતા નહોત. અમદાવાદની વાત કરું તો અમારે ત્યાં ગોડાઉનો બનાવવામાં આવ્યા છે. અમારે ત્યાં એ.પી.એમ.સી. ચાલે છે. ત્યાંના કર્મચારીઓને છ પગાર બોનસ આપવામાં આવે છે. ખેડૂતોને ગોડાઉનમાં માલ મૂકવો હોય તો કોઇ ચિંતા નહિ એના ઉપર વગર વ્યાજનું ધિરાણ આપતા હતા, આ શું બતાવે છે? અમારી એ.પી.એમ.સી. એટલી સક્ષમ છે, ખેડૂતોની ચિંતા અમે કરીએ છીએ, વ્યથા નહિ અમે વ્યવસ્થા કરવા માંડ્યા છીએ. કોંગ્રેસની જીંદગી વ્યથામાં ગઇ અમે વ્યવસ્થા કરી છે. આ ગૃહમાંથી શ્રી નરેન્દ્રભાઇ બોલતા હતા અને આખો દેશ કાન દઇને સાંભળતો હતો. આજે આ જ શ્રી નરેન્દ્રભાઇ બોલે છે અને આખી દુનિયા કાન દઇને સાંભળે છે એનો મને આનંદ છે. સરકાર ખેડૂતોને જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં અડીખમ ઉભી છે. સિંચાઇના પાણી માટે પિયત મંડળી બનાવવી હોય તો તેમાં ૫૦ ટકાની માફી આપી છે. એ પિયત મંડળી હોય, સહકારી મંડળી હોય, દૂધ મંડળી હોય, બહેનોની દૂધ મંડળી હોય તો એમને રૂ. ૫,૦૦,૦૦૦/-(પાંચ લાખ) ની સહાય અને ૫૦૦ વારનો પ્લોટ આપ્યો છે. ગામડે ગામડે ઉન્નતિ આવી હોય, જાગૃતિ આવી હોય, ખેડૂતો ખેતી કરતા થયા હોય તો એ ભારતીય જનતા પાર્ટીના રાજમાં થયા છે. મિત્રો, મને કહેતા આનંદ થાય છે કે પહેલાના રાજમાં વેપારીનો છોકરો વેપારી બનતો હતો, પ્રોફેસરનો છોકરો પ્રોફેસર બનતો, ડોક્ટરનો છોકરો ડોક્ટર બનતા હતો. ભારતીય જનતા પાર્ટીના રાજમાં આજે ખેડૂતનો પુત્ર ખેડૂત થયો છે એનું મને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇ જે વિધેયક લઇને આવ્યા છે એ પ્રજાલક્ષી છે, ખેડૂતલક્ષી છે. એનાથી ખેડૂતોને ખૂબ ફાયદો થવાનો છે. આનાથી ૭૦-૭૦ ટકા સુધી એપીએમસીમાં ગોડાઉનો બનાવવામાં સરકાર મદદ કરવાની છે. મારે એ વાત કરવી છે કે, અમારો સત્તા નહીં સેવાનો અભિગમ છે, અધિકાર નહીં પણ કર્તવ્યની ભાવના છે, અમારે સફળતા નહીં પણ સંતોષનો આનંદ છે. આ અમારી નહીં પણ આપણી સિદ્ધિ છે. સમૃદ્ધિ સાથે સંસ્કારની સુવાસ છે. વિકાસની સાથે જનજન ભાગીદારી છે અને રાષ્ટ્ર નિર્માણમાં જો કોઇ મોખરે હોય તો ગુજરાત છે. મિત્રો આ સરકારે ખેડૂતો માટે જે કાંઇ કર્યું છે એના માટે જુની સરકારે ક્યારેય વિચાર પણ કર્યો નહીં હોય, ૨૦૧૫ની અંદર સમિતિની અંદર, એપીએમસીની અંદર વેપારી ચેરમેન બની જતો હતો. કોઇ મંત્રી ચેરમેન બની જતા હતા. ભારતીય જનતા પાર્ટીએ નિર્ણય કર્યો કે ખેડૂતોની એપીએમસી છે તો એમાં ખેડૂત જ ચેરમેન બનશે બીજો કોઇ બની શકશે નહીં. સમયના અભાવે મારી વાત પૂરી કરું છું અને માનનીય મંત્રીશ્રી ઇશ્વરભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇશ્વરસિંહ ખેત ઉત્પન્ન બજાર(સુધારા) વિધેયક લઇને આવ્યા છે ત્યારે ખેડૂતના પ્રતિનિધિ તરીકે અને માર્કેટ યાર્ડ બગસરામાં કામગીરી કરી રહ્યો છું એટલે આમાં મારા સૂચનો રજૂ કરવા માટે ઉભો થયો છું.

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાના વક્તા શ્રી બાબુભાઇ જેમના માટે મને બહુ ગર્વ થયો અમદાવાદ એપીએમસીના આંતરકલહના કારણે એમને દૂર કર્યા અને તેઓ હવે કવિતા બોલતા થઇ ગયા છે અને હજુ પણ વધારે કવિતા બોલતા થાય અને મને સાંભળવા મળે એવી એમની પાસે લાગણી વ્યક્ત કરું છું.

અધ્યક્ષશ્રી : જેને જેને આવડતી હોય એ બધાય બોલે, હું પણ કવિતા બોલું છું. તમે મારી ટીકા કરતા હોય એવું લાગે છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, નહીં, આપની ટીકા નહીં કરું. માનનીય મંત્રીશ્રીએ પ્રથમ તો સ્વીકાર્યું છે, માનનીય ભૂપેન્દ્રસિંહ બાપુએ, તેઓ પહેલા કૃષિ ખાતાના પ્રધાન રહી ચૂક્યા છે અને તેઓ જવાબ દેવા ઉભા થયા હતા. કૃષિ ખાતાએ ૧૯૯૫ પછી ખેડૂતો માટેની સાચી નીતિઓ રાખી હોત તો સારું હતું. હું ઇતિહાસને દોહરાવવા માગું છું. ૧૯૯૫માં શ્રી કેશુભાઇ પટેલની સરકાર આવી, •(×××) ત્યાર પછી ભુપેન્દ્રસિંહજી બાપુ કૃષિ ખાતાના પ્રધાન થયા અને પૂછો એમને શું પરિસ્થિતિ થઇ હતી? વળી પાછું એમને આ ડિપાર્ટમેન્ટ ન આવ્યું એટલે અત્યારે બેઠા છે. અમારા દિલીપભાઇ સંઘાણી અત્યારે ગુજકોમાસોલના ...

અધ્યક્ષશ્રી : માનનીય ઠુંમરભાઇ, પ્લીઝ..

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું સભ્યોની જ વાત કરુ છું.

અધ્યક્ષશ્રી : ના, પણ સભ્યો ચૂંટાઇને ના આવ્યા અને પછી લડયા નહીં.

શ્રી વિરજીભાઇ ઠુંમર : નથી ચૂંટાણા એમ નથી કહેતો.

અધ્યક્ષશ્રી : તમે આદરણીય રૂપલાજી માટે જે કહ્યું એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ખાતાના પ્રધાને જો ખેડૂતોની સારી સેવા કરી હોત તો હજુ સેવા ચાલુ રહેત હું એ કહેવા માગુ છું. દિલીપભાઇ સંઘાણી ત્યાર પછી કૃષિખાતાના પ્રધાન થયા કૃષિ માટે સારી કામગીરી કરી હોત તો એમની સેવા પણ અત્યારે અહીંયા ચાલુ હોત. અમારા ચીમનભાઇ સાપરીયા પણ છેલ્લી વખતે કૃષિખાતાના પ્રધાન હતા. કેમ દેખાતા નથી એ મને દેખાતું નથી. અહીંયા હોવા જોઇએ. ખેતી માટેની જો સારી વાતો થઇ હોત તો આ પ્રધાનો અહીંયા બેઠા હોત. વચ્ચે બાબુભાઇ હમણાં ઉઠીને ગયા પણ એ પણ પ્રધાન રહી ચૂકયા છે, શું પરિસ્થિત થઇ હતી એ પણ જાણે છે. અમારા ફળદુ સાહેબની શું પરિસ્થિતિ થશે એ તો સમય જ બતાવશે.

અધ્યક્ષશ્રી : માનનીય વીરજીભાઇ, તમારી વાત કરોને ચાર, આપને વિનંતી કે આપની વાત કરો તો સારું.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ પ્રધાન નહોતો રહ્યો.

અધ્યક્ષશ્રી : અહીંયા પછી સામે ઘણા બધા નામો આવશે. આવું ના હોય, જે છે એમની વાત કરતા નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિની વાત કરુ છું. ખેડૂતો માટેની જો સાચી ચિંતા કરી હોત તો અહીં બેઠા હોત, હું એટલું કહું છું.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, ટૂંકમાં કહો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હજી તો મેં શરૂ કર્યુ છે.

અધ્યક્ષશ્રી : આપણે વહેલા જવાનું છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : આમા તો હજી પણ ચાલશે. રાત્રે બાર વાગ્યા સુધી આજ કામ છે. લોકોની સેવા કરવાની છે. આપણે તો લોકોની સેવા કરવી છે. હું સંસદમાં એક એક વાગ્યા સુધી બેઠો છું અને ચર્ચાઓ કરી છે. આમાં અમારા વિચારો રજૂ કરવાની તક આપવી જોઇએ. પ્રથમ તો હું ઇશ્વરભાઇને અભિનંદન આપીશ કે એમના અને ભુપેન્દ્રસિંહના વિચારોમાં કંઇક ફેરફાર થાય છે. તેઓ આ બિલ એટલા માટે લાવ્યા છે કે નાણાકીય ખેડૂતોને બજારભાવ ઓછા મળે છે એટલા માટે આ બિલમાં સુધારો લઇને આવ્યા છે એ માટે અભિનંદન આપુ છું. ખેડૂતોને નાણાકીય અભાવ છે એ તમે સ્વીકાર્યુ છે. ખેડૂતોને ઓછા ભાવ મળે છે એ તમે સ્વીકાર્યુ છે. મગફળીમાં ખેડૂતોની શું દશા થઇ છે એનું બોલ્યા હોત તો ઇશ્વરભાઇ? એનું તો કંઇક બોલવું હતું. મેં તો અગાઉ પણ કહ્યું છે કે કાઠીયાવાડમાં કોઇક દિવસ ભૂલો પડ ભગવાન. અમારા કાઠીયાવાડમાં કોઇ મહેમાન આવે તો અમે અમારી વાડીએ ઓળા ખાવા લઇ જઇએ. આ વખતે પહેલી વખત એવું બન્યું કે એક સાથે ગોંડલના ગોડાઉનમાં કેટલા બધા ઓળા પડયા આજે પણ અમે ગોતી રહ્યા છીએ. શા માટે આ પરિસ્થિતિનું નિર્માણ થયું? કોણ દોષિત છે? ૩૫ લાખ મેટ્રીક ટનનું અત્યારે ખેડૂતોનું મગફળીનું ઉત્પાદન છે એમાંથી માત્ર આઠ લાખ મેટ્રીક ટન મગફળીની ખરીદી થઇ છે. હજુ બાકીના ખેડૂતોની શું દશા છે? ગઇકાલે રાત્રે હું મારા ઘરે અમરેલી સુતો હતો, કુતીયાણાથી એક ખેડૂતનો મારી ઉપર ફોન આવ્યો. મને કહે કે, વીરજીભાઇ, તમે પાકવીમાના પ્રીમીયમ માટે વાત કરતા હતા પણ બે મહિનાથી અમારા કુતિયાણા તાલુકા સંઘમાં મગફળી પડી છે, ઇશ્વરભાઇ એનો કોઇ ધણીધોરી નથી એની તો કાંઇક ચિંતા કરો. શા માટે કુતિયાણાના ખેડૂતો આવી કઠીન પરિસ્થિતિમાં મૂકાણા છે? આજે ખેડૂત માર્યો માર્યો ફરે છે એ સ્વીકારવું પડે તેમ છે. ખેતીનો પાક ઘટતો જાય છે. બાબુભાઇએ વાત કરી જો બાબુભાઇ સાચા હોય તો હું એમની સાથે ચેલેન્જ તરીકે પણ વાત કરવા માગુ છું. વૈજનાથન કમિટીનો જો કોઇએ અમલ કર્યો હોય તો શ્રીમતી સોનીયાજીના નેતૃત્વ સાથે આવેલી યુ.પી.એ.ની સરકારમાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મનમોહનસિંહજીએ કર્યો છે એના કારણે સહકારી સુધારા આવ્યા છે. તમારે સ્વીકારવું જોઇએ અને સાત ટકાનો નિર્ણય ૨૦૦૬-૦૭માં થયો છે , તો એની પહેલા અઢાર ટકા વ્યાજ લેવાતું હતું હું પણ મંડળીનો પ્રમુખ છું. અઢાર ટકા વ્યાજ અમે ભર્યું છે પરંતુ આ અઢાર ટકા વ્યાજની ચુંગાલમાંથી છોડાવવાનું જો કોઇએ કામ કર્યુ હોય તો અભિનંદન આપુ છું મનમોહનસિંહજીને કે જેણે આ કાર્ય કર્યુ છે. તમે જશ લો છો, સાચી વાત લાવો, આ બિલમાં માનનીય અધ્યક્ષશ્રી, જો હું કયાંય ખોટો ઠરીશ તો હું ધારાસભ્ય તરીકે રાજીનામું આપવા પણ સંમતિ આપુ છું માત્ર જશ લેવાની વાત કરે છે. હું બિલ લઇને આવીશ અને જો ૨૦૦૬ અને ૨૦૦૭માં જો સુધારો નહીં થયો હોય તો સ્પીકરસાહેબ, મને ધારાસભ્ય તરીકે દૂર કરજો વીરજી ઠુંમર જતો રહેશે, ખેડૂતો માટે વાત કરવા આવ્યો છું. હું સંસદસભ્ય પણ રહી ચૂકયો છું. માત્ર જશ લેવાની વાત ના કરો.

અધ્યક્ષશ્રી : જવાહરભાઇ, એમને રહેવા દેવાના છે. તમે જવાની વાત ના કરો. તમે પાટલી થપથપાવો નહીં, એમને રાખવાના છે ત્યારે તમે જવા માટે રાજી થાવ છો?

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર કે તમે રાખવા માગો છો. (અંતરાય) મારી ઉપર ધ્યાન આપો એવું હું કહેવા માગુ છું કે મને ધ્યાનમાં નહીં રાખતા હું તો ખેડૂતોનો પ્રતિનિધ છું. જયારે આ સુધારા લઇને આવ્યા છો એ બાબતમાં હું વધારાના સૂચનો કરવા માગુ છું. કે આ પરિસ્થિતિ અત્યારે થઇ છે. માનનીય બાબુભાઇ તરફથી રેકર્ડ ઉપર કહેવામાં આવ્યું કે ૨૨૪ એ.પી.એમ.સી. કાર્યરત છે. કેટલી કાર્યરત છે? કેટલીય રાજકીય હાથા બની ગઇ છે. ટીંબીના માર્કેટ યાર્ડની હમણાં ચૂંટણી થઇ. બીજા દિવસે પેપરમાં આવ્યું કે ભા.જ.પ.ના ધારાસભ્ય જીત્યા નહીં પણ એ.પી.એમ.સી. ટીંબીમાં ભારતીય જનતા પાર્ટીનો ધ્વજ લહેરાયો. એની આજે શું હાલત છે? માત્ર ગાય અને કૂતરા બેઠા છે. કોઇ ખરીદી થતી નથી, કોઇ જણસ ત્યાં આવતી નથી. આવી બાબતથી દૂર રહી ખેડૂતોને મદદ થવાની વાત હોય તો મારા સૂચનોથી અનુમતિ આપું છું. હાલની પરિસ્થિતિમાં ખેડૂતનો દીકરો ખેડૂત રહેતો નથી. બાબુભાઇ એમ કહે છે કે ખેડૂતનો દીકરો ખેડૂત બન્યો છે. પણ આપના મારફતે આ ગૃહના, ખેડૂતોની ધરતી ઉપર અને ગુજરાતના લોકોના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે રોજના ૨૫૦૦ ખેડૂતો ખેતી તરફથી આખા દેશમાંથી દૂર ભાગી રહ્યા છે. શા માટે આવું બને છે? કેટલા ખેડૂતો અત્યારે પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યા છે? માણસને મરવાનો છેલ્લો ઉપાય છે. ૧૦૦ વર્ષના બાપા હોય અને એમનું મરણ થાય અને ૯૮ વર્ષના બાપા બેઠા હોય એમને કહો કે પેલા રામજી બાપા ગુજરી ગયા તો કહેશે એ મારા કરતાં ત્રણ વર્ષ મોટા હતા. મતલબ કે એમને હજી બીજા ત્રણ વર્ષ જીવવું છે. છતાં આત્મવિલોપન કરવું પડે છે. કેટલા ખેડૂતોએ આત્મહત્યા કરી? શા માટે કરી એમાં જવાની જરૂર છે. માત્ર કોંગ્રેસ આ ઠરાવ લાવી હતી એટલા માટે થયું નથી. પણ વૈદ્યનાથન કમિટિના કારણે ઘણા બધા ખેડૂતોને લાભ થયો છે. સહકારી પ્રવૃત્તિને વેગ મળ્યો છે. સહકારી પ્રવૃત્તિ સંબંધમાં આવેલ બિલ જે તે સમયે જે કોઇ આગેવાને મૂક્યું હતું ત્યારે કોઇ ભારતીય જનતા પાર્ટી કે કોંગ્રેસ કે જનતા પક્ષ કે સમાજવાદી પક્ષ ન હતો. સહકારી આગેવાનો એ સમયે મળતા હતા. અમૂલ, ઇફકો વગેરેની સ્થાપનાનો શ્રેય ગુજરાતને જાય છે. દેશનું નંબર વન ફેડરેશન ઇફકો બન્યું છે. અત્યાર સુધી બીજી પ્રવૃત્તિઓ ચાલતી હતી ત્યાં ગુજરાતનું ક્યાંય સ્થાન ન હતું એ પ્રવૃત્તિ આજે ગુજરાતનું નહીં પણ દુનિયાનું નંબર વન સહકારી ક્ષેત્ર અને સહકારી પ્રવૃત્તિ બની હોય તો ગુજરાતના ઇફકો, ક્રીભકો છે. અમૂલની સ્થાપના જ વિઠ્ઠલભાઇ પટેલે કરી. અત્યારે પ્લેનમાં વિદેશ જાઓ તો ત્યાં અમૂલનું બટર મળે જે અત્યાર સુધી મળતું ન હતું. ઉદ્દેશ સાચો હતો અને ઉદ્દેશ પ્રમાણે ભા.જ.પ. અને કોંગ્રેસ તરીકે કામ ન કરીએ અને સહકારી પ્રવૃત્તિ તરીકે કામ કરીએ તો ગુજરાતના ખેડૂતોને હજી પણ આ ચિત્રમાંથી બહાર લાવી શકીએ તેમ છીએ. પણ ઉદ્દેશ માત્ર પાર્ટીમાં સિમિત થઇ જાય. સહકારી પ્રવૃત્તિમાં વેગ અટકી ગયો છે એનું દુઃખ વ્યક્ત કરું છું. ઇશ્વરભાઇ પટેલ ખેડૂતોની વ્યવસ્થા માટેનું બિલ લાવ્યા છે એમાં જરૂર કહીશ કે એમાં રાજકારણ ન હોવું જોઇએ. મગફળીમાં એવું થયું કે ઓનલાઇન પેમેન્ટ આપ્યા છે પણ ખેડૂતોની ચિંતા કરવાની વાત હોય તો ઓનલાઇન ખરીદીની વ્યવસ્થા કરી હોત તો આ પ્રકારની દશા ન થાત. આજે ખેડૂતોની મગફળી કેવી રીતે ખરીદાઇ છે? તમારા કોઇ ભા.જ.પ.ના હોય અથવા જેની ખરીદી ચાલતી હોય એના વચેટિયા મારફતે ૫૦ રૂપિયા વધારાના લઇ મારું ફોર્મ ઉપર પડ્યું હોય એને નીચે નાખી દેવાનું અને જેનું ફોર્મ પાછળથી આવ્યું હોય એને ઉપર મૂકી દેવાનું. સાચી વાત હોય તો તમારા નાયબ મામલતદાર કક્ષાના અધિકારીને બેસાડ્યા હોત અને ફોર્મની બરાબર ચકાસણી રાખી હોત અને જેનું પહેલું ફોર્મ છે એની જ પહેલી ખરીદી કરવી જોઇએ. આજે કેટલાય ખેડૂતો એવા છે કે જેણે બે-બે મહિના પહેલા પોતાનું ફોર્મ ભર્યું છે છતાં એની મગફળીની ખરીદી થતી નથી. એ ખેડૂતોની ખરીદી થશે કે કેમ? શંકાનો એક દોર બની ગયો છે. ખેડૂતો ચિંતામાં મૂકાયા છે અને જે ખેડૂતોની મગફળી ખરીદાઇ છે એને બે મહિના થવા આવ્યા છે, મારા બાબરા તાલુકામાં વાંકીયા સેન્ટર ચાલતું હતું, કોનું ચાલતું હતું એ મને ખબર નથી પણ એને પેમેન્ટ મળ્યું નથી. ત્રણ મહિના થવા આવ્યા છતાં ૮૦૦ ખેડૂતોને આજ સુધી પેમેન્ટ મળ્યું નથી. પૈસા ક્યાં અને શા માટે રોકાયા છે? એની શા માટે ચિંતા કરવામાં આવતી નથી? માત્ર એવું કહેવામાં આવે કે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ ગુજરાતમાં એવા દાખલા દીધા હતા, મને બરાબર યાદ છે. નરેન્દ્રભાઇ મોદીએ મુખ્યમંત્રી તરીકે છેલ્લું વકતવ્ય આપ્યું હોય તો એ અમરેલીમાં આપ્યું હતું. ત્યારે એમણે કહ્યું હતું કે મારા ખેડૂત ભાઇઓ તમને કપાસના ૮૦૦ રૂપિયા મળી રહ્યા છે. હું તમને ૧૫૦૦ રૂપિયા આપવા માગું છું. એ મુખ્યમંત્રી તરીકે બોલ્યા હતા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિરજીભાઇ, તમે મારી સામે જોઇને બોલો. બિલ ઉપરની બાબતમાં ૧૦ જગ્યાએ ટોકી શકાય એમ હતું પણ સહન કર્યું છે. હવે તમે બિલ ઉપર સુધારા હોય તો કહો. બિલ ઉપર કાંઇ કહેવાનું નથી?

## તા. ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, બિલ ઉપર હું એ જ કહેવા માગુ છું કે આ ખેડૂતોને ૧૫૦૦ રૂપિયા કપાસના મળે, ખેડૂતોને બટાકા રોડ ઉપર ફેંકી દેવા પડે છે અને એની ઉપર ટ્રેક્ટર ચલાવી દેવા પડે છે, ડુંગળીને રોટોવેટર ચલાવી દેવા પડે છે એમાંથી ખેડૂતોને બહાર લાવવાની જરૂર છે. એમાં જો માર્કેટ યાર્ડ સાચી ખરીદી કરે, ઓનલાઇન ખરીદી કરે, મામલતદાર કે નાયબ મામલતદાર કેડરના કોઇ અધિકારીને ત્યાં નિમણૂક આપવામાં આવે, એને રાજકીય અખાડા ના બનાવવામાં આવે તો આ બિલનો જે ઉદ્દેશ છે એ સરી શકે એમ છે. પરંતુ પાછું રાજકીય રીતે જો કરવામાં આવશે તો આ વિરજીભાઇની ભલામણ છે તો એનું ફોર્મ લેવામાં નહિ આવે અથવા ઓનલાઇન ખરીદી કરવાની વાત કરવામાં આવે. ઓનલાઇન પેમેન્ટની જેમ સરકારે વિચારણા કરી છે એમ ઓનલાઇન ખરીદી માટે ઓનલાઇન ફોર્મ ભરવાની વ્યવસ્થા કરવામાં આવે તો આનો ઉદ્દેશ સરી શકે એમ છે એ માનનીય ઇશ્વરભાઇ કરવા માગે છે કે કેમ? આ બિલમાં એના હાર્દ સાથે નાણાકીય સત્તાઓ આપવા માટેની વાત કરી છે એ સત્તાઓ પ્રમાણે કામગીરી કરે છે કે કેમ? માત્ર અત્યારે સેસના માર્કેટ યાર્ડો થયા છે. મારા બાબુભાઇ કહેતા હતા માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત આપની સામે જોઇને કહેવા માગુ છું કે, બાબુભાઇ એક કહેતા હતા કે ખેડૂતોને અત્યારે સેસ આપવાનું ધોરણ હતું એ નાબૂદ કર્યુ છે શું વેપારીઓ એ એમના ખિસ્સામાંથી પૈસા આપવાના છે? એ તો ત્યાં ખેડૂતો ઉપર વધારે કમિશન ચઢાવી દેવાના. પાછલી વેબસાઇટ એન્ટ્રી કરી દીધી છે એના કારણે ખેડૂતોને માત્ર એમાંથી દૂર કર્યા છે. પરંતુ એ કમિશન વેપારીઓ ખેડૂતો પાસેથી વસૂલ કરવાના છે એવા સંજોગોમાં ઇશ્વરભાઇ તમારી જે કદાચ સાચી દ્રષ્ટિ તરીકે કામગીરી લઇને આવ્યા છો તો સહકાર મંત્રી તરીકે મારાં જે બે-ત્રણ સૂચનો કર્યા છે એક તો ઓનલાઇન ખરીદી માટેના એમાં જો સુધારાઓ દાખલ કરવામાં આવે તો તમને સમર્થન આપવા માટે પણ સંમત છું. માર્કેટ યાર્ડના અને બજાર નીતિ મિશનના ડાયરેક્ટર તરીકે પણ મને ખબર છે કે ખેડૂતોની શું પરિસ્થિતિ છે? એ પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે વધારાનો એક સુધારો સૂચવવામાં આવ્યો છું કે આ જો માર્કેટયાર્ડ જે કોઇ ખરીદી કરશે એ એમનું ઓનલાઇન સોફ્ટવેર બનાવવામાં આવશે અને જે ખેડૂતોની એમાં નોંધણી કરશે એ સોફ્ટવેર મારફત જેનો વારો આવશે એનો નહિત્તર તો વહાલા-દવલાની નીતિ શરૂ થશે અને વહાલા-દવલાની નીતિ શરૂ થશે તો (અંતરાય)

અધ્યક્ષશ્રી : વિરજીભાઇ સમાપ્ત કરોને.

શ્રી વિરજીભાઇ ઠુંમર : ખેડૂતોની આ જે જણસ છે એના ઉત્પાદનના ભાવ મળવાના છે એ નહિ મળી શકે એટલા સુધારા સાથે માનનીય ઇશ્વરભાઇ પોતાના બિલમાં સુધારા સાથેની વાત લઇને આવશે તો અમે જરૂર વિચારીશું, જય હિન્દ.

શ્રી મહેશકુમાર ક. રાવલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં પ્રથમ વખત ચૂંટાઇને આવ્યા પછી આજે પ્રથમ વખત બોલવા ઉભો થયો છું ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, સહકાર મંત્રી ઇશ્વરભાઇ પટેલ જે વિધેયક લઇને આવ્યાં છે તેને મારા સમર્થનથી હું અનુરોધ કરવા ઉભો થયો છું ત્યારે 'સાચો તોલ અને રોકડા દામ' આ નીતિ જ્યારે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની હોય ત્યારે ૧૯૯૦થી અતારાંકીત પ્રશ્નો અમે ચોપડીઓ વાચતા હતા અને અતારાંકીત પૂછનારા સૌથી સિનિયર સભ્યોને અમે જોયા ન હતા કે સાંભળ્યા ન હતા ત્યારે એમ હતું કે આમની પાસેથી અમને કંઇક જ્ઞાન મળશે પણ આજે જોઇએ છીએ ત્યારે આક્ષેપો અને પ્રતિ આક્ષેપો સિવાય કાંઇ નથી. સિનિયરોની વાત કરું પણ અતારાંકીત પ્રશ્નોમાં જેના સૌથી વધારે નામ હતા એમની પણ પહેલા વાત કરું છું. વિરજીભાઇ ઠુંમર સાહેબ સૌથી સિનિયર સભ્ય છે. મારા વડિલ છે. એમણે રૂપાલા સાહેબની વાત કરી, સંઘાણી સાહેબની વાત કરી, સાપરિયા સાહેબની વાત કરી પણ સાથે એમને એ ખ્યાલ રહેવો જોઇએ કે ચિમનભાઇ પટેલની સરકારમાં કૃષિમંત્રી શંકરસિંહ ઠાકોર હતા એ પણ આજે ૧૯૯૫ પછી ક્યાંય નથી દેખાતા, ગુજરી ગયા પછી નથી દેખાતા એટલે એ પણ યાદ રાખવું જોઇએ. (અંતરાય) એટલે આપણે આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય ચાલુ રાખો. (અંતરાય) સામસામે નામોથી આ જ થાય. (અંતરાય) નામોથી એ પણ બોલતા હતા. એ જે હાજર નથી એમના માટે પણ બોલ્યા છે.

શ્રી મહેશકુમાર રાવલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય બજાર અને આંતર રાષ્ટ્રીય બજારમાં ગુણવત્તા યુક્ત પ્રોડકશનની માગણી ખૂબ જ છે. આજના આધુનિક યુગમાં કોઇ પણ વસ્તુનું મૂલ્ય માત્ર તેની પેદાશના આધારે નહીં પરંતુ તેની સાથે સાથે તેના ક્લીનીંગ, ગ્રેડિંગ, શોર્ટિંગ, બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ વેલ્યુ એડિશન પર નિર્ભર છે. આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાત રાજ્યની ૨૨૪ બજાર સમિતિઓ ખેડૂતના હિત રક્ષક તરીકે સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોની ખેત પેદાશોના યોગ્ય ભાવ ખેડૂતોને મળી રહે તેવા ઉદેશ્યથી બજાર સમિતિઓ કાર્યરત છે. આ બજાર સમિતિઓ ખરીદ-વેચાણની પ્રક્રિયા ઉપરાંત ક્લિનીંગ, ગ્રેડિંગ, સોર્ટિંગ, બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ, વેલ્યુ એડિશન, સ્ટોરેજ, માર્કેટિંગ કરે તો ખેડૂતોના ખેત ઉત્પાદનનું સ્થાનિક વિસ્તારમાં પ્રોસેસિંગ થાય તો ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે. ઘણી વખત વધુ ઉત્પાદનના સંજોગોમાં પાક વેડફાઇ જવાની શક્યતાઓ નકારી શકાતી નથી. આ સંજોગોમાં ખેડૂતોના હિતનું ઉત્પાદન સ્થાનિક વિસ્તારોમાં ક્લિનીંગ, ગ્રેડિંગ, સોર્ટિંગ, બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ, વેલ્યુ એડિશન, સ્ટોરેજ, માર્કેટિંગ બજાર સમિતિઓ દ્વારા થાય તો ખેડૂતોના ખેત ઉત્પાદનની ગુણવત્તા વધી જાય. ઉદાહરણ તરીકે જ્યાં ટામેટાનું વધુ ઉત્પાદન થતું હોય ત્યાં ટામેટાનું કેચઅપ પ્રોસેસીંગ યુનિટ બને તો ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે. બજાર સમિતિઓના પરિણામથી નાશવંત વસ્તુઓના ઉત્પાદનને ઉત્તેજન મળશે પરંતુ આ માટે બજાર સમિતિ કક્ષાએ ક્લિનીંગ, ગ્રેડિંગ, સોર્ટિંગ, બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ, વેલ્યુ એડિશન, સ્ટોરેજ, માર્કેટિંગ થવું જરૂરી છે જેથી ખેડૂત, વેપારી અને બજાર સમિતિ લાભાન્વિત થાય. સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના ઉદેશ્યને પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ હોય ત્યારે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમની કલમ-૨૬(૨)માં આ સુધારો કરી,

બજાર સમિતિઓમાં અને તેના દ્વારા ખેડૂતોના કૃષિ ઉત્પાદનોની ખરીદી કરી કિલનીંગ, ગ્રેડિંગ, સોર્ટીંગ, બ્રાન્ડિંગ, પ્રોસેસિંગ, વેલ્યુ એડિશન, સ્ટોરેજ, માર્કેટિંગ કરી શકે તે સુધારો આવકારદાયક છે અને આ સુધારાનો આ ઉદેશ્ય પરિપૂર્ણ થઇ શકશે. જેથી ગુજરાત ખેત બજાર સુધારા વિધેયક ૨૦૦૮ને સર્વાનુમતે પસાર કરવા ગૃહના તમામ માનનીય સભ્યશ્રીઓને હું નમ્ર વિનંતી કરું છું.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેત ઉત્પન્ન સુધારા વિધેયક ૨૦૧૮ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. એક સભ્યએ કહ્યું કે, વિના સહકાર, નહીં ઉદ્ધાર. સહકારી ક્ષેત્રનું આ બહું જુનું સૂત્ર છે. સૂત્ર સહકારી ક્ષેત્રની શરૂઆતમાં જે સહકારી ક્ષેત્રોના આગેવાનો હતા એને સાર્થક કરવા માટેનો પ્રયત્ન કર્યો હતો પરંતુ અત્યારે વિના સહકારી નહીં ઉદ્ધાર, જેની પાસે સહકારી નથી એનો ઉદ્ધાર નથી થતો. સહકારી ક્ષેત્રના આગેવાનોના ઘણા બધા વખાણો કરવામાં આવ્યા પણ કોઇ સભ્યએ આ સહકારી ક્ષેત્રના જે કાળા ધાબાઓ છે એના વિશે વાત નથી કરી. હમણાં જ માનનીય અધ્યક્ષશ્રી, નોટબંધી આવી, સહકારી ક્ષેત્રની બેન્કોની અંદર..

અધ્યક્ષશ્રી : બિલ ઉપર બોલોને.

શ્રી લલીત વસોયા : બિલ ઉપર જ આવું છું. મારા સિવાયના બધા બિલ વગર જ બોલ્યા છે. સહકારી બેન્કોની અંદર કરોડો રૂપિયા જમા થયા અને કેન્દ્રની ભારતીય જનતા પાર્ટીની સરકારે છ-છ મહિના સુધી આ સહકારી ક્ષેત્રની બેન્કોના નાણાઓ નાબાર્ડે સ્વીકાર્યા નહીં જેના કારણે સહકારી બેન્કોને, સહકારી બેન્કોના સંચાલકોના કારણે કરોડો રૂપિયાની નુકસાની સહન કરવી પડી. માનનીય અધ્યક્ષશ્રી, અહીંથી ટીકાઓ થાય, ત્યાંથી વાહવાહી થાય પણ એના બદલે જે પણ કાયદાઓ ઘડાય એ કાયદાનું કડક અમલીકરણ થાય, ૨૨૪ માર્કેટીંગ યાર્ડો ગુજરાતની અંદર છે પણ એમાંથી કાર્યરત માર્કેટીંગ યાર્ડો કેટલા? ઘણા માર્કેટીંગ યાર્ડો કાગળ ઉપર ચાલે છે. ઘણા માર્કેટીંગ યાર્ડોને બિલ્ડીંગો નથી. અહીં માર્કેટીંગ યાર્ડોમાં કોલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા, ખેડૂતોના માલ રાખવા માટેના ગોડાઉનોની વ્યવસ્થાની વાત કરવામાં આવે છે. ઓકશન શેડ પણ માર્કેટીંગ યાર્ડોની અંદર નથી. હું માર્કેટીંગ બોર્ડની અંદર સભ્ય તરીકે રહી ચૂકયો છું એટલે મને આ પરિસ્થિતિનો ખ્યાલ છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : નવા સભ્ય છે એટલે એટલી છુટછાટ આપીએ. ઝડપથી.

શ્રી લલીત વસોયા : નવા સભ્ય છીએ એટલે શીખવા દો. ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે એવી વાત કરવામાં આવે છે પણ આજની તારીખમાં કોબીનો ભાવ ખેડૂતોને એક રૂપિયે કિલો મળે છે. ખેડૂતોની ચિંતા કરવાને બદલે ફકત કાયદાઓ ઘડી, વાતો કરી અને વાહવાહી મેળવવાનો પ્રયત્ન આ ગૃહની અંદર થતો હોય એવું લાગે છે. આ વિધેયક સુધારા વધારા સાથે મંજૂર કરવામાં આવે તો કદાચ સર્વાનુમતે પણ આ બિલને અમે સૌ ટેકો આપીશું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક-૧૮ ને મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું. હાલ આપણે ૨૧ મી સદીમાં જીવી રહ્યા છીએ. સમગ્ર દુનિયામાં સતત પરિવર્તનની સાથેસાથે પ્રગતિ પણ થઇ રહી છે. દુનિયાની સાથે કદમ મિલાવી આપણું રાજય પણ સતત પ્રગતિ કરી રહ્યું છે. આ પ્રગતિમાં કૃષિક્ષેત્રની પ્રગતિ પણ થઇ રહી છે અને કૃષિક્ષેત્રે વધુ ને વધુ પ્રગતિ થાય તેવા ક્રાંતિકારી પગલાંઓ આપણા દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને આ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ પણ સરકારમાં લઇ રહ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે સને ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં સરકાર સઘન પ્રયત્ન કરી રહી છે પરંતુ હાલ આપણે ત્યાં નાના મધ્યમ કક્ષાના ઓછી જમીન ધરાવતા ખેડૂતો આવકની મર્યાદાના કારણે પરંપરાગત ખેતી કરી આજીવિકા મેળવી રહ્યા છે કારણકે પરંપરાગત ખેતીમાં જમીનની જોઇએ તેટલી ઉત્પાદકતા જળવાતી હોવાથી એકરદીઠ ઉત્પાદન ઘણું ઓછું હોય છે. આવા સંજોગોમાં કોઇ એક કંપની પેઢી કોન્ટ્રાકટ ફાર્મિંગના માધ્યમ દ્વારા કોઇ એક વિસ્તારમાં ખેડૂતોના ગૃપ સાથે કોન્ટ્રાકટ કરી ખેતી કરે તો તે ખેતી આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે થાય. આ ઉપરાંત સુધારેલ બિયારણ, ટેકનીકલ જાણકારીનો ઉપયોગ પણ કોન્ટ્રાકટ ફાર્મિંગમાં થાય જેના કારણે જમીનની ઉત્પાદકતા વધે અને તેનો સીધો લાભ ખેડૂતોને મળી શકે એવા ઉચ્ચ ઉદ્દેશથી સરકાર દ્વારા ગુજરાત ખેત ઉત્પાદન બજાર અધિનિયમ -૧૯૬૩માં કોન્ટ્રાકટ ફાર્મિંગની જોગવાઇ કરવામાં આવી હતી. આમ ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ની કલમ -૨૬(૨) માં સુધારા દ્વારા બજાર સમિતિઓ પણ પોતાના વિસ્તારના ખેડૂતો સાથે કરાર કરી વિશાળ પાયા ઉપર ખેતી કરી શકે તેવી ક્રાંતિકારી જોગવાઇ સરકાર દ્વારા લાવવામાં આવી રહી છે. તે ખરેખર સહરાનીય, અભિનંદનને પાત્ર છે. જેથી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક-૨૦૧૮ ને સર્વાનુમતિ પસાર કરવા ગૃહના તમામ સન્માનનીય સભ્યશ્રીઓને હું મારો નમ્ર અનુરોધ કરું છું.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહમાં પહેલી વખત બોલવા ઊભો થયો છું. પહેલીવાર ચૂંટાઇને આવ્યો છું.

અધ્યક્ષશ્રી : આપને અભિનંદન.

શ્રી લલીતભાઇ કગથરા : ગુજરાત ખેત ઉત્પન્ન બજાર વિધેયક-૨૦૧૮ જે માનનીય મંત્રીશ્રી લાવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. આ સુધારો છે એ ગુજરાત ખેત ઉત્પાદન બજાર અધિનિયમ ૧૯૬૩ થી ટોટલ કોન્ટ્રાવર્સ થાય છે. મૂળ અધિનિયમ છે તે ખેડૂતોના હિત માટે સરકારશ્રીના નિયંત્રણ માટેનો આપણો અધિનિયમ ૧૯૬૩ હતો આમાં

બજાર સમિતિઓને છૂટ આપવાની વાત છે, એટલે મૂળભૂત હેતું આમાં સર થતો નથી. હું એ કહેવા માગુ છું કે હું સમજું છું ત્યાં સુધી આ બજાર સમિતિઓ હવે એ ઔદ્યોગિક એકમ થઇ જશે. આ બજાર સમિતિઓ હવે બ્રાન્ડિંગ કરશે. રામદેવની જેમ એ પણ એડવર્ટાઇઝિંગ કરવા માટે ભાડે રાખશે. મારું કહેવું છે કે બજાર સમિતિઓ જે ૨૨૪ જેટલી છે. આ કાયદા પછી અહીયા ગૃહમાં આવવા કરતા બજાર સમિતિના ચેરમેન થવા માટે પડાપડી થશે. આમાં ઉદ્યોગ ગૃહ બની જશે. એને પ્રોસેસિંગ એણે કરવાનું છે. કોન્ટ્રાક્ટ એણે કરવાનો છે. અમાનિત સત્તા આપણે બજાર સમિતિઓને આપી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું કે આ જે બજાર સમિતિઓમાં કેટલી ભરતી થાય છે? કઇ પ્રક્રિયાથી થાય છે? કેટલા લોકોને રાખવામાં આવે છે? કેટલો પગાર આપવામાં આવે છે? આમાં કોઇપણ જાતનું નિયંત્રણ સરકારનું છે નહિ, ત્યારે બજાર સમિતિમાં ભ્રષ્ટાચારના ભોરીંગ બની જશે. બજાર સમિતિની અંદર આટલી અબાધિત સત્તા આપવાથી લોકો તેની સાથે કોન્ટ્રાકટ કરશે ત્યારે ઓડિટ પદ્ધતિ શું હશે? આ અધિનિયમ પછી બજાર સમિતિઓ ઉપર કન્ટ્રોલિંગ કોણ કરશે? જો કોલ્ડ સ્ટૉરેજ બનાવશે તો કોલ્ડ સ્ટૉરેજમાં કેટલોક માલ બગડી જશે જેમ મગફળી બળી ગઇ તેમ ૮૦ ટકા માલ બગડી જશે. કોઇ કન્ટ્રોલિંગ નહિ કરી શકે. એટલે માનનીય મંત્રીશ્રીને આગ્રહ છે કે આ બિલ પાસ ન કરવું જોઇએ અને દરેક સભ્યને વિનંતી કરું છું કે આમાંથી બેફામ સત્તાનો દુરુપયોગ થશે અને બજાર સમિતિમાં •(×××) એટલે નફાખોરી થશે. ખેડૂતોને લાભ મળવાની વાત તો દૂર રહેશે. બજાર સમિતિ ઉદ્યોગગૃહ બની ન જાય તે માટે ધ્યાન દોરું છું. હું આ વિધેયકને નામંજૂર કરવા વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ ( સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮ નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયકમાં સૌ સભ્યશ્રીઓએ વિચારો વ્યક્ત કર્યા. આમાં પુંજાભાઇ વંશ, બાબુભાઇ પટેલ, વિરજીભાઇ ઠુંમર, મહેશભાઇ રાવલ, લલિતભાઇ વસોયા, મોહનભાઇ અને લલિતભાઇ કગથરા આ તમામ સભ્યોએ મારા આ બિલની અંદર પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, સામી બાજુએ તણખા ખરે છે.

અધ્યક્ષશ્રી : જોઇ લઇએ. આપ પ્રવચન ચાલુ રાખો પ્લીઝ ચાલુ રાખો.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત કૃષિ પ્રધાન દેશ છે. ભારતના અર્થતંત્રમાં કૃષિ મહત્વનો ભાગ ભજવી રહી છે. ભારતીય અર્થતંત્રમાં કૃષિ મહત્વની ભૂમિકા અદા કરી શકે તે માટે વર્ષ ૨૦૧૮-૧૯ના કેન્દ્રીય બજેટને કૃષિલક્ષી અને ખેડૂતલક્ષી બનાવવામાં આવ્યું. ગુજરાતની ભાજપ સરકારે પણ આ દિશામાં ઘણા મહત્વના નિર્ણયો કરેલ છે. કૃષિ મહોત્સવની વાત કરું તો તેની શરૂઆત ૨૦૦૫માં થઇ. અગાઉ ભારતીય જનતા પાર્ટીની સરકારની પહેલાંની વાત કરું ત્યારે ૧૯૯૫માં ૯ હજાર કરોડ રૂપિયાનું કૃષિ ઉત્પાદન હતું. આજે કૃષિ મહોત્સવને લઇને તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરવાને કારણે, જમીનની ચકાસણી થવાને કારણે આજે સવા લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન થયું છે. આપ સૌ સુવિદિત છો કે, ખેડૂતોના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે હેતુથી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ અમલમાં છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં ૨૨૪ જેટલી બજાર સમિતિઓ કાર્યરત છે. વર્ષ ૨૦૧૬-૧૭માં બજાર સમિતિઓમાં અંદાજિત કુલ વેચાણ આશરે ૩૦ હજાર કરોડ જેટલું થયેલ છે. જણસીઓની આવક અંદાજિત ૧૬૬૦ લાખ ક્વિન્ટલ જેટલી થઇ છે. આ આંકડાઓ બજાર સમિતિઓની કાર્યક્ષમતા, કાર્યદક્ષતા અને ખેડૂતોના બજાર સમિતિઓ પરના વિશ્વાસનું પ્રતિબિંબ છે. આ તમામ બજાર સમિતિઓને તેમના ટર્ન ઓવરના આધારે અનુક્રમે અ, બ, ક, અને ડ વર્ગમાં વિભાજિત કરવામાં આવેલ છે. જેમાં અ-વર્ગમાં ૧૦૦ જેટલી બજાર સમિતિઓ આવેલ છે, બ-વર્ગમાં ૨૧, ક-વર્ગની અંદર ૩૯ અને ડ-વર્ગની અંદર ૬૪ જેટલી બજાર સમિતિઓ આવેલી છે. આ તમામ બજાર સમિતિઓ તેમના વિસ્તારમાં ખેડૂતોને ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. બજાર સમિતિઓના કાર્યોમાં ગતિ આવે, બજાર સમિતિઓ વધુ સુચારું રીતે ખેડૂતોના હિતમાં કાર્ય કરી શકે તે માટે કામગીરી કરી રહી છે. અત્યારે જ સભ્યશ્રી લલિતભાઇ વસોયાએ કહ્યું અને મારે ધ્યાન પર લાવવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કિસાન કલ્પવૃક્ષ યોજના અને અન્ય યોજનાઓના માધ્યમથી અત્યાર સુધીમાં માતબર કહી શકાય તેવી ૨૯૦ કરોડ રૂપિયાની સહાય આ બજાર સમિતિઓને ચુકવવામાં આવી છે. તેનો સીધો લાભ ખેડૂતોને મળ્યો છે. સાચો તોલ, રોકડ નાણાં અને ખુલ્લી હરાજીના સિદ્ધાંતને અનુસરીને કાર્યાન્વિત એવી બજાર સમિતિઓની આવકનું સાધન તે સેસની આવક છે. બજાર સમિતિઓ તેના સમગ્ર બજાર વિસ્તાર હેઠળ આવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે, ખેડૂતોની આર્થિક સમૃદ્ધિ વધે તે માટે સતત પ્રયત્નશીલ છે. આ માટે બજાર સમિતિઓ ખેડૂતલક્ષી સુવિધાઓ પણ આ રાજ્ય સરકારના સહયોગથી પૂરી પાડી રહી છે. આ દિશામાં દેશમાં સતત ચિંતા કરતી ભાજપ સરકાર દ્વારા ખેડૂતોના વિશાળ હિતને ધ્યાનમાં લઇ એક મહત્વનું નવું આયામ એટલે કે મહત્વલક્ષી ઇનામ યોજના આપણે અમલમાં લાવ્યા છીએ. તેની શરૂઆત એપ્રિલ ૨૦૧૬થી ગુજરાતમાં કરી હતી. તેના પ્રથમ તબકકામાં ૪૦ જેટલી બજાર સમિતિઓ જોડવામાં આવી અને બીજા તબકકામાં ૨૫ જેટલી બજાર સમિતિઓને આ ઇનામ યોજનામાં આવરી લેવામાં આવી છે. ઇ-ગેટ એન્ટ્રી, ઇ-ઓકશન અને ઇ-પેમેન્ટના ત્રણેય સ્તરથી પારદર્શીય રીતે ખેડૂતોના ખેત ઉત્પાદનના વધુ ભાવ મળી રહે તે માટે આ યોજના કાર્યરત છે ત્યારે

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આ યોજના પૂર્ણરૂપે કાર્યરત થશે ત્યારે ખેડૂત રાજયની અને દેશની અન્ય બજાર સમિતિઓમાં પોતાના ખેત ઉત્પાદનનું સીધેસીધુ વેચાણ કરી શકશે અને પોતાના ખેત ઉત્પાદનના મહત્તમ ભાવ મેળવી શકશે.

માનનીય સભ્યશ્રી વિરજીભાઇએ જે વાત કરી કે જયારે ઉત્પાદન વધે ત્યારે એના ભાવ ન મળવાના કારણે, સ્ટોરેજ ક્ષમતા ન હોવાના કારણે ઓછા ભાવે આપવું પડે છે અથવા એનો નિકાલ કરવામાં તકલીફ પડતી હતી ત્યારે આ સહકાર વિભાગ દ્વારા કે.કે.વાય. યોજના હોય એવી અનેક યોજનાઓ દ્વારા ગોડાઉનો બનાવવા માટે અને એવી અન્ય પાયાની સુવિધાઓ માટે પૈસા આપીને તમામ માર્કેટીંગ યાર્ડ પોતાની રીતે સક્ષમ બને તે માટે તમામ પ્રયત્નો ભારતીય જનતા પાર્ટીની સરકારના રહ્યા છે. આ યુગ એ ગુણવત્તા અને વલ્યુએડિશનનો યુગ છે, ભારતીય બજાર અને આંતરરાષ્ટ્રીય બજારની ગુણવત્તા યુક્ત માગને પહોંચી વળવા માટે ખેડૂતોના ખેત ઉત્પાદનનું ક્લિનીંગ, ગ્રેડિંગ સોર્ટિંગ, બ્રાન્ડીંગ, પ્રોસેસિંગ, સ્ટોરેજ, માર્કેટિંગ, વેલ્યુએડિશન કરવું ખૂબ જરૂરી છે અને જે લોકો માટે આર્થિક રીતે ખૂબ ઉપકારક છે. એક ઉદાહરણને લઇને સમજીએ તો એક કિલો બટાકાનો ભાવ અંદાજીત ૧૦ રૂપિયા હોય પરંતુ જો એજ બટાકાનું પ્રોસેસિંગ કરી વેલ્યુએડિશન થાય અને ૧૦૦ ગ્રામ બટાકાની વેફર બનાવીએ તો એ ૧૦ રૂપિયાની કિંમતે વેચાય. બદલાયેલા સંજોગોમાં બજાર સમિતિઓની ભૂમિકા માત્ર એક પ્લેટફોર્મ પ્રોવાઇડરથી વિશેષ બને એ ખૂબ જરૂરી છે. ભાજપ સરકાર ખેડૂતોના મુદ્દે ખૂબ જ ચિંતિત છે અને એટલા જ માટે ખૂબ ચિંતા અને મનન કરીને ખેડૂતોની આવક ૨૦૨૨ સુધીમાં બમણી થાય અને એટલા જ માટે ખેત ઉત્પાદન જયારે વધવાનું છે ત્યારે પ્રોસેસીંગ યુનિય હોય એમાં ખૂબ જ સારી રીતે ખેડૂતોને ભાવો મળી શકે અને માર્કેટિંગ યાર્ડોને પણ આર્થિક રીતે લાભ થઇ શકે એ માટે ખેડૂતોને સીધા ફાયદાકારક અને ખેડૂતોની પોતાની સંસ્થા તરીકે બજાર સમિતિઓ આ દિશામાં નાનો પણ મક્કમ પ્રયત્ન કરે તે સમયની માગ છે જેના માટે ખેડૂતોના ખેત ઉત્પાદનની ખરીદી અને વેચાણની સાથે સાથે ખેડૂતોના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે બજાર સમિતિ ખેત ઉત્પાદનની ખરીદી અને બજાર પ્રક્રિયાની સાથે સાથે ખેડૂતોના ખેત ઉત્પનનું ક્લિનિંગ, ગ્રેડિંગ સોર્ટિંગ, બ્રાન્ડીંગ, પ્રોસેસિંગનું વેલ્યુએડિશન બજારમાં મૂકે તો ખેડૂતોને ખૂબ ઉંચા ભાવો મળે અને તેનો સીધો ફાયદો ખેડૂતોને જ મળે તેમજ ખેડૂતોની આવક વધે આ માટે ચિંતન મનનના અંતે બજાર ધારામાં સુધારો કરી બજાર સમિતિ આ પ્રવૃત્તિ કરી શકે જેથી જે તે વિસ્તારના ખેડૂતોને તેનો ફાયદો થશે. તદુપરાંત અનુભવે એવું જણાયું છે કે, ખેડૂતોના ખેતરથી કૃષિ ઉત્પન્ન બજારમાં આવે ત્યારે એના ભાવો એકદમ ઘટી જતા હોય છે આવા સંજોગોમાં સગ્રહ વ્યવસ્થાના અભાવે બહુ નીચા ભાવે ખેડૂતોને તેનું કૃષિ ઉત્પાદન વેચી દેવું પડે છે ત્યારે આ સવલતો બજાર કક્ષાએ ખેડૂતોને ઉપલબ્ધ થાય તો ખેડૂતો પોતાના ઉત્પાદનનો સંગ્રહ કરી શકે અને જયારે ભાવો ઉંચા જાય એવા સંજોગોમાં આપણે આપણું ખેત ઉત્પાદન વેચી શકીએ આ માટે ખેડૂતોના ઉત્પાદનનું સંગ્રહ કરવા માટે બજાર સમિતિ ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજ જેવી સંગ્રહ વ્યવસ્થા ઉભી કરી શકે. ખેડૂતોના ખેત ઉત્પાદનનું માર્કેટિંગ કરી શકે, કોન્ટ્રાકટ ફાર્મિંગમાં પોતાની ભૂમિકા અદા કરે તે જરૂરી છે. સામાન્ય રીતે કોન્ટ્રાકટ ફાર્મિંગ ખેડૂતો અને ખાનગી કંપનીઓ વચ્ચે થાય છે પરંતુ જો ખેડૂત અને બજાર સમિતિ વચ્ચે પણ આ પ્રકારનું કોન્ટ્રાકટ ફાર્મિંગ થાય તો ખેડૂતોને આધુનિક કૃષિ, ટેકનોલોજી, સુધારેલા બિયારણો સહિત અન્ય સુવિધાઓ મળે તો જમીનની ઉત્પાદકતા વધે, ગુણવત્તાયુક્ત કૃષિ ઉત્પાદન થાય અને સરવાળે તેમના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો એમને મળી રહે. આ ઉપરાંત સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવેલ ન્યુનતમ ટેકાના ભાવ હેઠળ ખેત ઉત્પાદનની ખરીદી બજાર સમિતિ કરી શકે કે જેનાથી ખેડૂતોના પરસેવાથી ઉત્પન્ન થયેલા ખેત ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય મળી શકે આ તમામ કાર્યો બજાર સમિતિ દ્વારા થઇ શકે તે માટે બજાર સમિતિ ખેડૂત તેમજ વેપારીઓની ભૂમિકાને વિશાળ ફલક ઉપર લઇ જવી આવશ્યક જણાય છે. આ ખેડૂત હિતકારી ઉદેશને સાકાર કરવા ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સમિતિ ૧૯૬૩ની કલમ ૨ની હાલની જોગવાઇમાં સુધારો કરવો આવશ્યક જણાયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા દ્વારા બજાર સમિતિની પ્લેટફોર્મ પ્રોવાઇડર તરીકેની ભૂમિકા પૂરતી મર્યાદિત ન થતાં ખેડૂતોના કૃષિ ઉત્પાદનની ખરીદી  કલીનીંગ, ગ્રેડીંગ, સોર્ટીંગ, બ્રાન્ડીંગ, પ્રોસેસીંગ, વેલ્યુ એડીશન થાય એના કારણે ખેડૂતોની આવક વધે તે માટે રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ખેડૂતોના વિશાળ હિતને ધ્યાનમાં લઇને બજાર સમિતિની પ્રવૃત્તિઓને વિશાળ ફલકમાં લઇ જવા, તેના દ્વારા જગતનો તાત એવા ખેડૂત કે જે કાળી મજૂરી, પરસેવો પાડીને જે મહેનત કરે છે તેનું તેને ખૂબજ ઉંચું વળતર મળે તે માટે આ ધારામાં સુધારો કરી કાયદાકીય સ્વરૂપ આપી ખેડૂતોના ખેત ઉત્પાદનની ખરીદી, કલીનીંગ, ગ્રેડીંગ, સોર્ટીંગ, બ્રાન્ડીંગ, પ્રોસેસીંગ, વેલ્યુ એડીશન કરી ઉંચી ગુણવત્તાવાળો માલ બજારમાં મૂકી ઉંચા ભાવો ખેડૂતોને મળે એ દિશામાં પગલું ભરેલ છે જેને ક્રાંતિકારી પગલું ગણી શકાય એવા સુધારા સૂચવેલ છે. વળી આ સુધારામાં ખેડૂતો આધુનિક, વૈજ્ઞાનિક ઢબે ખેતી કરે તમામ તાંત્રિક જાણકારી તેઓને મળે, જમીનની ઉત્પાદકતા વધે તે માટે કરાર આધારિત ખેતીની જોગવાઇ કરી બજાર સમિતિઓ કરાર કરી ખેતી કરી શકે એ પ્રકારનો સુધારો સૂચવેલ છે. બજાર સમિતિઓ ખેડૂતોને ખૂબજ મદદરૂપ થઇ શકે તે માટે ટેકાના ભાવે ખરીદીની જોગવાઇ કરેલ છે. રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગુજરાતના ખેડૂતોને માર્કેટીંગ ક્ષેત્રે કોઇ મુશ્કેલી ન પડે, ખેડૂતોને તેમની મહેનતનું ફળ મળે તે દિશામાં આ ક્રાંતિકારી પગલું ભરવામાં આવેલ છે. જેથી ગુજરાત ખેત ઉત્પન્ન બજાર સુધારા વિધેયક, ૨૦૧૮ને આપ સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે પસાર કરો તેવો હું અનુરોધ કરું છું.

શ્રી વિરજીભાઇ  ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, નવા સુધારાયુક્ત ખેતી કરવા માટેની માનનીય મંત્રીશ્રીએ પોતાના વકતવ્યમાં વાત કરી, એવી વાત મૂકે તો સારી વાત છે. પરંતુ ગ્રામસેવકો અત્યારે એટલા બધા ઘટે છે કે અમારા અમરેલી જિલ્લાની વાત કરું તો ૧૦૦ ગ્રામસેવકોની જગ્યાએ એક ગ્રામસેવક છે, ૯૯ જગ્યાઓ ખાલી છે. સરકાર અહીંયાથી નીતિઓ નક્કી કરે લોકો સુધી કે ખેડૂતો સુધી પહોંચવા માટેની આ સરકારની શું વ્યવસ્થા છે અને બીજું મેં મારા વકતવ્યમાં પણ જણાવ્યું હતું કે, ઓનલાઇન જે પેમેન્ટની સિસ્ટમ છે, આ માર્કેટયાર્ડ દ્વારા ખરીદીની પદ્ધતિ જયારે લાવ્યા છીએ ત્યારે

ખેડૂતો પોતાનો માલ ઓનલાઇન એમાં વેચવા મૂકી શકશે અથવા ગોડાઉનમાં રાખવા મૂકી શકશે કે કેમ તે વાત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : મેં હમણાં જે વાત કરી એમાં ઓનલાઇનની જે વાત થઇ છે એમાં પહેલાં તબક્કામાં ચાળીસ જેટલી માર્કેટીંગ યાર્ડને આપણે ઇનામ દ્વારા જોડાણ કર્યું છે સેકન્ડ તબક્કામાં ૨૫ જેટલી બજાર સમિતિઓને જોડવાના છીએ જેને લઇને પારદર્શકતા પૂરેપૂરી આવશે એવી હું આપને ખાતરી આપું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે ટેકાના ભાવે ખરીદી કરવા માટેની વાત ઉભી થઇ છે ત્યારે જે ખેડૂતોએ ઓનલાઇન અરજી કરી છે અને ઓનલાઇન રેકર્ડ ઉપર છે અને મગફળીના વારામાં હજી આવ્યા નથી, દોઢ દોઢ બે બે મહિના સુધીનું હજી પેન્ડીંગ પડ્યું છે અને રાજ્ય સરકારે જાહેરાત કરેલી અને ત્યારપછી મુદત પૂર્ણ થઇ ગઇ છે તો એ મગફળી ઓનલાઇન જે અરજીઓ આવી છે કે ઓનલાઇન થયેલી છે એવી અરજીઓ જેટલી પેન્ડીંગછે એ તમામ મગફળીઓ ખરીદી કરવા રાજ્ય સરકાર માગે છે કે કેમ અને હું વિનંતી કરું છું કે આ ઓનલાઇન થયેલું છે એના કારણે ખેડૂતોને નુકસાન ન થાય તે માટે આ મગફળી ખરીદી લેવી જોઇએ.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૮, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**કલમ ૨ અને કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક : ૪, સન ૨૦૧૮નું ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮ના વિધેયક ક્રમાંક : ૪, સન ૨૦૧૮નું ગુજરાત ખેત–ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬–૫૬ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર, તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮**
**ફાલ્ગુન ૮, ૧૯૩૯ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી, અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ માં પ્રતિનિધિઓ

* ૧૬૩૪ શ્રી રતનસિંહ રાઠોડ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર ખાતે વાયબ્રન્ટ ગુજરાત-૧૫ સમિટ યોજવામાં આવેલ હતું, તે સમિટમાં કેટલા દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો, | (૧) વાયબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૫માં ૧૧૦ દેશોના ૨૫૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. |
| (૨) તે સમિટમાં કેટલા પાર્ટનર દેશો હતા, અને | (૨) સમિટ દરમિયાન ૦૮ પાર્ટનર દેશો હતા. |
| (૩) તે સમિટ દરમિયાન કેટલા સેમિનારો યોજવામાં આવેલ હતા ? | (૩) આ સમિટ દરમિયાન ૧૪ કન્ટ્રી સેમિનાર અને ૧૦ થીમ સેમિનાર યોજવામાં આવેલ હતા. |

શ્રી રતનસિંહ મ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ સમિટમાં કયા કયા આંતરરાષ્ટ્રીય મહાનુભાવોએ ભાગ લીધો? વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં પાર્ટનર દેશોની પસંદગી કઇ રીતે કરવામાં આવે છે? તથા વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૫માં કયા કયા દેશો પાર્ટનર દેશ તરીકે તથા પાર્ટનર ઓર્ગેનાઇઝેશન તરીકે જોડાયેલ હતા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશના સૌથી પ્રખ્યાત અને જયાં સૌથી વધારે દેશ અને દુનિયાના પ્રતિનિધિઓ ઇન્ડસ્ટ્રીયલ સમિટમાં આવતા હોય તો એ વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં આવતા હોય છે અને આ ૨૦૧૫ની અંદર Hon'ble Prime Minister of Bhutan His Excellency Mr.Tobage, Hon'ble Prime Minister of Republic of Macedonia H.E. Mr.Nicola, Hon'ble Deputy Prime Minister of Poland આવ્યા હતા, Hon'ble Secretary of USA જે હાર્ડલી કોઇ જગ્યાએ આવા એકઝીબીશનમાં ઇન્ટરનેશનલમાં જતા હોય એવા મિસ્ટર જહોન કેરી આવ્યા હતા, Hon'ble Secretary General of United Nations Mr.Ban Ki Mun આવ્યા હતા, Hon'ble Minister of Trade and Investment, Australia Mr.Andrew આવ્યા હતા, Hon'ble Ministers of Canada, Japan, Singapore, United Kingdom આવ્યા હતા, Foreign Ministers, Ministers આવ્યા હતા, World Bank President Dr.Jim Yong Ki આવ્યા હતા, ઇઝરાયલમાંથી આવ્યા હતા, જાપાનમાંથી આવ્યા હતા, ઓસ્ટ્રેલિયાથી આવ્યા હતા, ભૂતાનથી આવ્યા હતા, આવા અનેક મિનિસ્ટર આની અંદર હાજર રહ્યા હતા. જે એમનો બીજો સવાલ છે કે કયા પાર્ટનર કન્ટ્રીઝ હતા અને કેવી રીતે એમનું સિલેકશન કરવામાં આવે છે? માનનીય અધ્યક્ષશ્રી, મારે જણાવવું છે કે આપણે ત્યાંથી ડેલીગેશન્સ મોકલવામાં આવે છે અને ઉદ્યોગકારો અને આપણા સચિવશ્રીઓના જોઇન્ટ ડેલીગેશનો ૧૦ ઇન્ટરનેશનલ ડેલીગેશન તો જુદાજુદા કન્ટ્રીઝમાં મોકલ્યા હતા અને સાઉથ કોરીયા અને તાઇવાનનું એક હતું, બીજું ચાઇના, હોંગકોંગ અને સિંગાપુરનું હતું, ત્રીજું, નેધરલેન્ડ અને સ્વિડનનું હતું , ચોથું, ફ્રાન્સ, જર્મનીનું હતું, પાંચમુ, રશીયા, પોલેન્ડ અને જેકોસ્લેવીયાનું હતું. યુ.એ.ઇ., કતાર, યુ.એસ.એ.નો વેસ્ટ કોસ્ટ, જાપાન, ઓસ્ટ્રેલીયા અને યુ.એસ.એ.નું ઇસ્ટ કોસ્ટ અને કેનેડા આવા ૧૦ ડેલીગેશનો દ્વારા આપણે એ લોકોના દેશો સાથે વાતચીત કરવામાં આવી અને એની અંદરથી પાર્ટનર કન્ટ્રીઝ આપણે નકકી કર્યા. એ વખતે ૮ પાર્ટનર કન્ટ્રીઝ નકકી કર્યા એટલે આપણે તમે જુઓ કે ટોટલી ડેવલપ કન્ટ્રીઝ ગુજરાતના પાર્ટનર કન્ટ્રી તરીકે જાપાન, કેનેડા, યુ.એસ.એ. યુ.કે. ઓસ્ટ્રેલીયા, સીંગાપુર, નેધરલેન્ડ અને સાઉથ આફ્રિકા આ આઠ દેશો આપણા પાર્ટનર કન્ટ્રી તરીકે આની અંદર હાજર રહ્યા હતા. ઓર્ગેનાઇઝેશન એવી રીતે નકકી કરવામાં આવ્યું હતું કે આપણને, ગુજરાતને કેવી રીતે લાભ થાય છે અને કયા ઓર્ગેનાઇઝેશન સાથે આપણે સબંધ વધારીએ તો ગુજરાતના ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ચેમ્બર્સને પણ લાભ થાય એટલે JETRO જે Japan External Trade Organization છે સૌથી મોટું જાપાનનું ટ્રેડ ઓર્ગેનાઇઝેશન છે એ આપણા પાર્ટનર ટ્રેડ ઓર્ગેનાઇઝેશન હતા, US-India Business Council હાજર હતા, UK-India Business Council હાજર હતા, Australia-India Business Council હતા. આવી રીતે Sustainable Energy for All આ પણ એક ઓર્ગેનાઇઝેશન છે એટલે પાંચ ઓર્ગેનાઇઝેશનને આપણે પાર્ટનર ઓર્ગેનાઇઝેશન તરીકે આ સમિટની અંદર માન્યતા આપી હતી.

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાકેશભાઇ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વાઇબ્રન્ટ સમિટ જે હવે ગુજરાતની ઓળખ બની ગઇ છે તો ૨૦૧૫માં કયા સેક્ટરમાં કેટલા સેમિનાર યોજવામાં આવ્યા હતા અને કેટલા કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા હતા?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સેમીનાર આવે છે એ સેમીનારની અંદર પણ એ વખતના important દેશના અને ઇન્ટરનેશનલ ઇશ્યૂઝ એ સેમીનાર્સમાં આવે છે. બીજું, લોકોને કેવી રીતે લાભ થાય એ પ્રમાણે પણ ઇશ્યૂઝ થાય છે અને આપણા પણ ગુજરાતના ઉદ્યોગકારોને લાભ થાય એ રીતના આ સેમીનાર ગોઠવવામાં આવે છે. ૨૪ સેમીનાર ગોઠવવામાં આવ્યા હતા એમાં ૧૦ થીમ સેમીનાર, એક સી.એસ.આર. હતા. સી.એસ.આર. એ વખતે ખૂબ મોટી એકટીવીટી હતી. તો સી.એસ.આર.નો એક સેમીનાર રાખ્યો હતો પછી ડીફેન્સમાં કેવી રીતે ગુજરાતને વધારે લાભ થાય એનો સેમીનાર હતો. હેલ્થ ફોર ઓલ એટલે કેવી રીતે આરોગ્યમાં આપણે વધારેમાં વધારે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકીએ, લોકોને લાભ થાય. ઇનોવેશન અને ટેકનોલોજી ઇન ફૂડ પ્રોસેસિંગ માટે હતો. ઇનોવેશન માટે હતો, જેમાં એ વખતે આપણે સ્ટાર્ટઅપથી માંડીને બધુ શરુ કર્યુ હતું, પછી ફાઇનાન્સિંગ ફોર ફ્યુચર ગ્રોથ એનો સેમિનાર હતા, સ્માર્ટ સિટી ફોર નેકસ્ટ જનરેશન, એસ.એમ.ઇ., વોટર સિક્યોરિટી, કલાઇમેટ ચેઇન્જ એમ કરીને ૧૦ સેમિનાર હતા. આ ઉપરાંત ૧૦ દેશોએ પોતાના સેમિનાર રાખ્યા હતા. કન્ટ્રીવાઇઝ જોવા જઇએ તો ઓસ્ટ્રેલિયાએ સેમિનાર રાખ્યો હતો.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે જે પ્રશ્ન પૂછ્યો એનો જવાબ તો આપે ને મંત્રીશ્રી. સભ્યશ્રી જે જાણવા માગે છે. પ્લીઝ, પ્લીઝ. તમે શરૂઆતથી જ આ ન કરશો.

શ્રી સૌરભ પટેલ : યુ. કે., જાપાન, સ્વીડન, કેનેડા, યુ.એસ.એ., ડેન્માર્ક, અફઘાનિસ્તાન, ઇઝરાયલ, બહેરીન, રશિયા અને પોલેન્ડ આ ૧૪ દેશોએ પોતાના દેશોના સેમિનાર રાખ્યા હતા. અને પહેલેથી ઓનલાઇન લોકોને ઇન્વીટેશન આપ્યું હતું કે તમારે અમારી આ દેશની તાકાત છે. તમારે ત્યાં કે અહીયા અમારા દેશની તાકાત જોડે તમારે કઇ કરવું હોય તો ઓનલાઇન ડેલિગેશન કરીને એ લોકોએ પણ આટલા કન્ટ્રી સેમિનાર રાખ્યા હતા.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫ સમિટ દરમિયાન ૧૧૦ દેશના પ્રતિનિધિ આવ્યા. આ સમિટ રાખવાનું કારણ એ છે કે ગુજરાતમાં વધુ રોકાણો થાય, એમ.ઓ.યુ. થાય, તે ગણતરીએ રાખવામાં આવે છે. *(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે અને આ વાતને કોઇ લેવાદેવા નથી. માનનીય સભ્યશ્રી આપ સમજો છો.(અંતરાય) આપ ખૂબ સિઝન્ડ સભ્ય છો. આપ ખૂબ સિઝન્ડ સભ્ય છો. (અંતરાય) આપ સીધા પ્રશ્ન ઉપર આવો. સીધો પ્રશ્ન પૂછોને?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે એમના પાછળનાં નામો બોલ્યાં એના સિવાયના ટોટલની વાત કરું. આ વિષય આવતો નથી, પણ હું સંમત છું કે આ વાયબ્રન્ટની પાછળ આપણો હેતુ છે કે વધારેમાં વધારે મૂડી રોકાણ આવે, વધારેમાં વધારે રોજગારી આવે અને એ સ્પેસિફિક ઇસ્યુ માટે ચોક્કસપણે આપણી સરકાર ચિંતા કરે છે અને મને કહેતા આનંદ થાય છે કે આ પ્રશ્ન સીધો નથી, તો પણ હું માહિતી આપું.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : આ ગીતાંજલિની, નક્ષત્રની નીરવ મોદીની કંપનીમાં રોકાણ કર્યુ કે નથી કર્યુ અને કર્યુ તો કેટલો લાભ થયો આની અંદર એ જાણકારી જોઇએ છીએ. સ્પેસિફિક આ ૩-૪ કંપનીની વાત કરું છું.

શ્રી સૌરભ પટેલ : આ પ્રશ્ન બરાબર રીતે વાંચે તો કોઇ જગ્યાએ એમ.ઓ.યુ. વિષેની માહિતી નથી માગી. આ પ્રશ્ન વાંચે (અંતરાય) ભાઇ, તમે પ્રશ્ન વાંચીને આવો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી મને કહો.

શ્રી સૌરભ પટેલ : આની અંદર કોઇ સ્પેસિફિક આપી નથી. આજે નિરવ મોદીની ચિંતા કરો આ બધા કૌભાંડો નિકળ્યા છે એ યુ.પી.એ. સરકારમાં લોન આપેલી છે. (અંતરાય) મારે બોલવું નહોતું. મારી પાસે મોઢામાં આંગળા નંખાવો છો. આ વિજય માલ્યાએ સૌથી એક વખત ગુજરાતમાં રોકાણ કર્યુ નથી. એક વખત પણ વાયબ્રન્ટમાં આવ્યો નથી. આ વિજય માલ્યા કોંગ્રેસનો ખાસ મિત્ર હતો. સૌથી વધારે ગાળો દીધી હોય તો આ વિજય માલ્યાએ નરેન્દ્ર મોદીને ગાળો દીધી છે. અને આજે નરેન્દ્રભાઇ મોદી એને પાછા લાવવા માટે મહેનત કરે અને તમારા વાળા પણ મહેનત કરે છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય જગદીશભાઇ આપનો પ્રશ્ન.

શ્રી જગદીશ પંચાલ : માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા ગુજરાતને જે માન-સન્માન મળ્યું છે તે માત્ર દેશમાં નહિ, પણ આખી દુનિયામાં વાયબ્રન્ટ ગુજરાતની અલગ ઓળખ ઊભી થઇ છે. ત્યારે સાથી સભ્યોને કહેવું છે કે વાયબ્રન્ટ ગુજરાતને કારણે ગુજરાતને જે ફાયદો થયો છે, એ અકલ્પનીય છે. મંત્રીશ્રીને પૂછવું છે કે વાયબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા ૨૦૧૫ દરમિયાન ગ્લોબલ ટ્રેડ શો યોજવાનો હેતુ શું હતો? આ કાર્યક્રમમાં કેટલી કંપનીઓએ ભાગ લીધો અને કયા કયા સેક્ટરના કેટલા પેવેલિયન ઊભા કરવામાં આવ્યા? (અંતરાય)

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : સામે પણ એક જ જણાને આપ્યો છે. શરૂઆતમાં આપના તરફથી આ પ્રશ્ન છે. કેમ આવું કરો છો? હું ગણીને લખીને રાખું છું. આપ રિસેસમાં મને પૂછી લેજો. ચાલો. આપણા બધાનો સમય બગડે છે. માનનીય જવાહરભાઇ. આપ જવાબ ન આપતા.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાતની અંદર ટોપ મોસ્ટ સીઇઓઝ આવે છે અને અહીં આ વખતે ગ્લોબલ સીઇઓ કોન્કલેવમાં હાજર રહ્યા હતા. આ ગ્લોબલ સીઇઓ કોન્કવલેવની અંદર આપણા આમંત્રણને માન આપીને તમે જુઓ તો કેટલી મોટી કંપનીઓના તેમાં દાખલા તરીકે વૉડાફોનના સીઇઓ મી.વીટોરીયો આવ્યા હતા, તે પછી એમ.એસ.એન. ઇલેકટ્રીકના મી. ડેવીડ ફરાર, રાયોટીક ઇન્ટોના સેમવોલ, સુઝુકીથી મી.ઓસામુ, ટેકસટન સિસ્ટમસ આમ આમાં ઘણી બધી કંપનીઓના લોકલ અને ઇન્ટરનેશનલ સી.ઇ.ઓ. આવ્યા હતા. લોકલ સી.ઇ.ઓ. માં મુકેશભાઇ અંબાણી, સુનીલ ભારતી, નાયકજી, દિપક પારેખ, શશી રૂઇયા, કુમાર મંગલમ બિરલા, સ્ટેટ બેંકના ચેરમેન આ બધા નામો તમને બતાવું. આ બધા લોકો અહીં આવ્યા હતા. સીઇઓ કોન્કલેવમાં ભાગ લીધો હતો. બી ટુ બી મિટીંગ કરી હતી. બિઝનેશ ટુ બિઝનેશ મિટીંગ કરી અને ગુજરાતની અંદર મૂડી રોકાણ કઇ રીતે કરવું તેની ચર્ચા કરી. ગુજરાત સરકાર પાસે કેટલી ઓપર્ચ્યુનિટી છે તેની વાત કરી અને મારે એટલું જ ધ્યાન દોરવું છે કે ગુજરાત સરકાર આ બધી કંપનીઓને લોન આપતી નથી. સમજયા કોઇ રૂપિયો આપતી નથી. આપણે તો તેમને ઓપર્ચ્યુનિટી ક્રિએટ કરવા માટે આકર્ષિત કરીએ છીએ. તે કર્યા પછી રોજગારીની તકો કેવી રીતે મળે તેના માટે મહેનત કરીએ છીએ. બીજું કહેવું છે કે, આનો લાભ કેટલો થયો તે સમજાવું તો ૨૦૧૫ને હજું બે વર્ષ થયા છે. યુઝવલી ઇન્ડસ્ટ્રીઝને આવતાં ખૂબ મોટી વાર થતી હોય છે. સકસેસ રેશીયો જોઇએ તો....

અધ્યક્ષશ્રી : આપણા મિત્રો જ બધા પૂછે છે. માનનીય સભ્યશ્રીઓ જ પૂછે છે. જોષીજી શાંતિ રાખો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તમને જાણીને ચોક્કસપણે આનંદ થશે કે ગુજરાતના હિતમાં કેટલો લાભ થયો. ટોટલ એમઓયુ વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૫માં ૧૭૦૮૧ થયા છે. આ ૧૭૦૮૧..(અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કયા દેશોએ ભાગ લીધો એટલો જ સવાલ છે. એમઓયુનું જયારે પૂછયું ત્યારે મંત્રીશ્રીએ ના પાડી. અત્યારે જવાબ ખોટો આપે છે.

અધ્યક્ષશ્રી : એમને જાણવું ન હોય તો ના કહેશો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નો પ્રોબ્લેમ.

અધ્યક્ષશ્રી : શ્રી અલ્પેશ ઠાકોર. માનનીય જગદીશભાઇ આપ બેસી જાઓ. આપ બેસી જાઓ. અલ્પેશભાઇ બોલો.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સર્વપ્રથમ સભાગૃહમાં પહેલીવાર ઉભા થવાનો મોકો મળ્યો છે. એટલે બે મિનિટ જરા બોલી લઉં તો...

અધ્યક્ષશ્રી : ના, ના, પ્રશ્ન પૂછવાનો છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછીશ પણ નાનો સમજી બે મિનિટ બોલવા દેજો.

અધ્યક્ષશ્રી : ના ના એવું નહીં, આપ પ્રશ્ન પૂછો પ્રેમથી. પ્રશ્ન પૂછો.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વાઇબ્રન્ટનો ઉદ્દેશ એ છે કે રોકાણ અને રોજગાર આવે છે. સીધો સવાલ એટલો જ છે કે આ જેટલા સમિટ થયા અને તેની અંદર જે જે લોકો આવ્યા તેની પાછળ કેટલો ખર્ચ થયો, કેટલું રોકાણ આવ્યું અને કેટલી રોજગારી ઉત્પન્ન થઇ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો સવાલની બહાર છે પણ મારી પાસે જેટલી માહિતી છે તે હું આપીશ.

અધ્યક્ષશ્રી : સવાલની બહાર જ છે પુંજાભાઇ. આપ તો સમજો છો. હું સમજું છું અને આપ તો વધારે સમજો છો. આ સવાલની બહારનો સ્કોપ છે છતાં જે પ્રશ્ન પૂછયો છે તેનો જવાબ માનનીય મંત્રીશ્રી આપે છે. મંત્રીશ્રી આપ જવાબ ઝડપથી આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આનો જે લાભ થયો તેની વાત પહેલાં કરું. આમાં ટોટલ એમઓયુઝ આપણે કર્યા તે ૧૭૦૮૧ આપણે કંપનીઓ જોડે જુદા જુદા ૩૬ સેકટરની અંદર કર્યા છે. તે સેકટરોની વિગતો નથી આપતો કારણ કે તેમાં ઘણો બધો સમય જાય તેમ છે. પરંતુ એની અંદર કમીશન થયા તો આ ૧૭૦૮૧માંથી ૧૧૯૯૯ એટલે કે ૧૨૦૦૦ કમીશન થયા છે એટલે કે પ્રોડકશન ચાલુ થઇ ગયું છે. આ ૧૨૦૦૦ ફેકટરીઓ આવી એટલે આપણને લાભ થયો કે ન થયો, બીજું જે અન્ડર ઇમ્પ્લીમેન્ટેશન છે એટલે કે જમીન ખરીદી લીધી છે અને અત્યારે તેની કામગીરી ચાલી રહી છે તેવા જોઇએ તો ૧૧૭૬ છે. એટલે તેનું ટૂંક સમયમાં કમીશન થશે. પ્રિલીમીનરી સ્ટેજે એટલે કે જમીન ખરીદવાની કામગીરી ચાલી રહી છે તેવા ૫૫૨ છે. એટલે ૧૭૦૮૧માંથી માત્ર ૩૦૦૦ ડ્રોપ થયા છે. બાકીના બધા કામો થયા છે. જેનો સકસેસ રેશીયો ખૂબ સારો ગણાય. આ રેશીયોના કારણે આપણે રોજગારીની તકો આપી છે. તેમનો બીજો સવાલ છે, ભાઇ સવાલ પૂછયો છે તો જવાબ આપુ છું.

અધ્યક્ષશ્રી : આપણા માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એનો જવાબ આપી રહ્યા છે. મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો એ આપણે કહી નહીં શકીએ. (અંતરાય) હું પણ જોઇ રહ્યો છું મને લાગશે તો હું કહીશ. માનનીય મંત્રીશ્રી, આપને પૂછ્યું છે એનો જવાબ આપો.

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આખા વાઇબ્રન્ટ ગુજરાતનો ત્રણ દિવસનો જે સમિટ થયો એ આખા વાઇબ્રન્ટ ગુજરાતમાં ૧૫ જાતના જુદા જુદા ખર્ચા થયા એની અંદર આખા વાઇબ્રન્ટમાં ૬૧.૫૩ કરોડનો ખર્ચ થયો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો બહુ ટૂંકો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાજિક અને આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭માં દર્શાવ્યા મુજબ ૧લી જાન્યુઆરી, ૧૯૮૩થી સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં રાજયની અંદર કુલ ૨ લાખ ૭૪ હજાર કરોડનું રોકાણ આવ્યું એવું રાજય સરકારના સામાજિક અને આર્થિક સર્વેક્ષણ ૨૦૧૭માં સ્વીકાર્યું છે. વાઇબ્રન્ટ ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૪, ૧૫ અને ૧૭ આના એમ.ઓ.યુ.નો આંકડો ગૃહ સમક્ષ આવે તો અંદાજે ૧૪૦ લાખ કરોડ કરતા વધુ (અંતરાય)માનનીય સૌરભભાઇ, આ વિષયના સંદર્ભમાં પૂછું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કુંમર, તમારે ઉભા થઇ જવાની જરૂર નથી. ભાઇશ્રી, કુંમર દર વખતે ઉભા થઇ જાવ છો એ ઠીક નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ સ્પષ્ટ છે કે, વાઇબ્રન્ટ ૩ થી વાઇબન્ટ ૧૭ સુધીમાં ૧૪૦ લાખ કરોડના એમ.ઓ.યુ. રાજય સરકારે જાહેર કર્યા હોવા છતાં સોશ્યો ઈકોનોમિકલ સર્વે ૨૦૧૭માં દર્શાવ્યા મુજબ જાન્યુઆરી ૧૯૮૩ થી લઇ સપ્ટેમ્બર ૨૦૧૬ સુધીમાં માત્ર ૨ લાખ ૭૪ હજાર અને સમર્થીંગ પ્લસ કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું એ હકીકત ખરી છે કે કેમ? અને માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૩ થી ૨૦૦૨ સુધી કોણ મુખ્ય મંત્રી હતા? કોની સરકાર હતી? આટલું માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપ કરે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ જો પ્રશ્ન બરાબર વાંચ્યો હોત તો એમને સ્પષ્ટતા મળી ગઇ હોત. આ બાબતમાં કોઇ જાતનો આ પ્રશ્નમાં એમનો સવાલ ઉપસ્થિત થતો નથી અને એમણે જો આ પ્રશ્ન ઉપસ્થિત કરવો હોય તો જુદી નોટીશ આપે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એ એમનું સૂચન છે.

### રાજ્યમાં જીનબેન્ક

* ૧૬૫૦ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સાયન્ય અને ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા એક વર્ષ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારમાં ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર દ્વારા જીનબેન્ક સ્થાપવામાં આવેલ હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ જીનબેન્ક દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં શું કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર (GBRC) દ્વારા સ્થાપવામાં આવેલ જીન (ડી.એન.એ.) બેંકમાં કુલ ૩૬૨૬ સેમ્પલ (પ્રાણીઓ, વનસ્પતિ સૂક્ષ્મ જીવાણુંઓ) નું અત્યાધુનીક પદ્ધતિ થી બેન્કિંગ કરવામાં આવેલ છે.<br>• આ ઉપરાંત ૧૫ જીનોમ, ૩૫ મેટાજીનોમ, ૨૪ ટ્રાન્સક્રીપ્ટોમ અને ૩૦ એકઝોમનું સીકવન્સીંગ કરેલ છે.<br>• ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર (GBRC) દ્વારા ૮૬૭૯થી વધારે જીન સીકવન્સનું બેન્કીંગ કરેલ છે.<br>• ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર (GBRC) દ્વારા ગુજરાતની વિવિધ પ્રજાતીઓના ૩૦૦૦ થી વધારે ડી.એન.એ. બારકોડીંગ કરેલ છે. |

શ્રી જીતેન્દ્ર ર. સુખડીઆ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું એ જાણવા માગુ છું કે, બાયોટેકનોલોજી દ્વારા આપે જે કાર્યવાહી કરી એમાં ૧૫ જીનોમ, ૩૫ મેટાજીનોમ, ૨૪ ટ્રાન્સક્રીપ્ટોમ અને ૩૦ એકઝોમનું સીકવન્સીંગ કરેલ છે. આ બાયોટેકનોલોજી દ્વારા ગુજરાતના લોકોને કયા કયા ફાયદા થયા એ માનનીય મંત્રીશ્રી જણાવવા કૃપ કરે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એના ફાયદા પહેલા બાયોટેકનોલોજી શું છે એ થોડું જાણવું જરૂરી છે. બાયોટેકનોલોજી એટલે જીવ વિજ્ઞાન વત્તા ટેકનોલોજી અને માનવ જાત માટે, વનસ્પતિ માટે, એગ્રિકલ્ચર માટે, દવા માટે સજીવ આ વિષય ઉપર જે કાંઇ છે એના માટે વપરાતી એની મુશ્કેલીઓ દૂર કરતી દવાઓ અને ઉપચારમાં કામ કરતી ટેકનોલોજી એનું નામ છે બાયોટેકનોલોજી. મારે માનનીય નરેન્દ્રભાઇ મોદીને અત્યારે અભિનંદન એ આપવા જોઇએ કે દસ વર્ષ

પહેલા એમણે આજનું વિચારેલું અને એમણે એવું સુત્ર આપેલું કે, ભારત ટુડે પ્લસ બાયોટેકનોલોજી બી.ટી. ઇક્વલ ટુ બાયોટેકનોલોજી ઇક્વલ ટુ ભારત ટુમોરો. ભારત ટુડે બી.ટી. પ્લસ બાયોટેકનોલોજી બી.ટી.ઇક્વલ ટુ ભારત ટુમોરો. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એમાં કૃષિ ક્ષેત્રે બાયોટેકનોલોજીનો ઉપયોગ ટીસ્યુ કલ્ચર પધ્ધતિથી કેળા અને બાકી પાકો માટે ગુજરાતમાં ખૂબ સારા પરિણામો આવ્યા છે. અહીંયા ખેડૂતો મારા સાથીઓ બેઠાં છે એટલે મારે કહેવું છે કે, બાયોટેકનોલોજીમાંથી ટિસ્યુ કલ્ચરની પેશીઓ દ્વારા એનું બિયારણ પેદા કરવામાં આવે છે અને એકજ ખેતરની અંદર ઉંચાનીચી પાક હોય એના બદલે એકસરખાં જ છોડ આ બાયોટેકનોલોજીના ઉપયોગથી થઇ શકે છે અને એના ઉદાહરણ તરીકે કેળા છે, પરવર છે, જરબેરા છે એ ઉપરાંત બાકી બધા અનેક પાકો છે એવી જ રીતે રસાયણિક ખાતરોને તેના દ્વારા ફેલાતા પ્રદૂષણને રોકવા માટે બાયો ફર્ટીલાઇઝર અને બાયો પેસ્ટીસાઇડ્સ ઓર્ગેનીક ખેતી માટે પણ સૌથી ઉત્તમ વિકલ્પ તરીકે પણ બાયોટેકનોલોજીનો ઉપયોગ થાય છે, આરોગ્ય ક્ષેત્રે વાત કરું તો હમણાં જ WH O એ ભારતને પોલિયોમુક્ત જાહેર કરેલ છે, ત્યારે એના મુળમાં બાયોટેકનોલોજીની દેન છે, આજકાલ દસમાંથી સાત લોકો એમ કહે કે મને ડાયાબીટીસ છે, તો છેલ્લી શોધ પ્રમાણે ગર્ભાવસ્થા દરમિયાન માતાનું લોહી લેવામાં આવે તો જન્મનાર બાળકને ડાયાબીટીસ થશે કે કેમ? અને થશે તો કેટલી ઉંમરે થશે એ શોધવાની આ બાયોટેકનોલોજીમાં તાકાત છે. આપણે આ WH Oના રિપોર્ટ પ્રમાણે બાયોટેકનોલોજીના ખૂબ સારા પ્રમાણમાં ઉપયોગથી પોલિયોમુક્ત થયા છીએ. પશુપાલનક્ષેત્રે પણ દૂધાળા ઢોરનું દૂધ કેવી રીતે વધે. એનું આરોગ્ય કેવી રીતે સચવાય, એની ઉત્પાદકતા કેવી રીતે વધે, આ બધાના સંશોધનો આ બાયોટેકનોલોજીના આધારે થાય છે અને ગુજરાતે એનો ખૂબ મોટો લાભ ઉઠાવ્યો છે. પર્યાવરણ ક્ષેત્રે વાત કરું તો જે આજકાલ આપણી મોટી ફરિયાદ છે ગ્લોબલ વોર્મીંગની, એના ઉકેલ માટે બાયોટેકનોલોજીનો ઉપયોગ થાય છે. સૌથી વધારે ગુનાહિત પ્રવૃત્તિઓની શોધ માટે ગુજરાત સરકારે બાયોટેકનોલોજીનો ઉપયોગ કરીને ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી/યુનિવર્સિટી કરી છે, આ સિસ્ટમ મારે માત્ર જાણકારી માટે વિષય નીકળ્યો છે એટલા માટે કહેવું છે (અંતરાય) માનવજાત માટે, આરોગ્યક્ષેત્રે, પર્યાવરણક્ષેત્રે અને પશુપાલનક્ષેત્રે ગુજરાતે બાયોટેકનોલોજીનો ઉપયોગ કર્યો છે.

શ્રી કેતનભાઇ  મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકાર દ્વારા બાયોટેકનોલોજીના વિકાસ માટે કોઇ પગલાં લેવામાં આવ્યા છે કે નહિ?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ અને આવતી સદી એ બાયોટેકનોલોજીની સદી છે. જ્યારે આપણે હરિફાઇના ક્ષેત્રમાં છીએ ત્યારે આપણે વિશ્વથી પાછળ રહીએ તે ન ચાલે અને વિશ્વની સાથે કદમ મિલાવવા માટે ગુજરાતે પણ બાયોટેકનોલોજી ક્ષેત્રમાં ખૂબ સારા પ્રયત્નો કર્યા છે, મોટું રોકાણ પણ કર્યું છે. એની લેબોરેટરી પણ કરી છે અને એક નોડલ એજન્સી માનનીય સભ્યશ્રી ઇનામદારના વિસ્તારમાં સાવલીમાં જ માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ એક ટેકનોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટરની સ્થાપના પણ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પણ બાર અને ત્રણ સુપર કમ્પ્યુટરાઇઝ્ડ લેબોરેટરીની પણ સ્થાપના કરવામાં આવી છે. રાજ્યમાં બાયોટેકનોલોજીના ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે એક નીતિ પણ જાહેર કરવામાં આવી છે અને આ નીતિની અવધિ ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીની છે.

ડો. સી. જે.  ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાયોટેકનોલોજી રિસર્ચની સૌપ્રથમ ચિંતા મને લાગે છે કે આપણા મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ પટેલ હતા ત્યારે કરેલી અને એમણે યુ.એસ.એ. માં સ્થાયી થયેલી પુરી ફાઉન્ડેશન નામની સંસ્થાને ગાંધીનગરની ૧૦ લાખ ચોરસમીટર જમીન એક રૂપિયાના ટોકન ભાડાથી બાયોટેકનોલોજીના રિસર્ચ માટે અને યુનિવર્સિટી માટે આપેલી તો ત્યાં ખરેખર કામ થાય છે કે ખાલી શિલારોપણ વિધિ જ થયેલી છે?

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય કેશુભાઇએ જે પાયો ખોદયો હતો એના ઉપર બિલ્ડીંગ માનનીય નરેન્દ્રભાઇએ ખૂબ મોટું બનાવ્યું છે અને એની કામગીરી સરસ ચાલે છે.

શ્રી કુબેરભાઇ  મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ભાજપ સરકાર આવ્યા પછી ગામડાંમાં પહેલી વખત બેન્કોની લોકોને જાણ થઇ સ્ટેટ બેંક, બરોડા બેંક, દેના બેંક આપણે ખાતા ખોલાવ્યાં એટલે તે લોકો તેનાથી પરિચિત થયા પણ રાજયમાં આ નવી બેંક સ્થાપી છે જીન બેંક. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જીન, જીનોમ, મેટાજીનોમ, એકઝોમ એ છે શું ?

શ્રી ભૂપેન્દ્રસિંહ  મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ વ્યકિતના, કોઇ પણ પ્રાણીના કે વનસ્પતિના ગુણધર્મ જાણવા હોય આપણે ઘણી વખત કહીએ છીએ કે કોઇ વર્ગ માટે કોઇ વ્યકિત માટે કે એનુ તો ડીએનએ જ એવુ છે. આ શોધવા માટે એક જીન બેંક, એક ખાસ પ્રકારની વ્યવસ્થા અને એ જીન એટલે મેં કહ્યું તેમ કોઇ પણ વ્યકિત, પ્રાણી, વનસ્પતિના ગુણધર્મ જાણવા માટેની વ્યવસ્થા તેને જીન બેંક કહેવામાં આવે છે.  માનનીય અધ્યક્ષશ્રી કોઇ પણ સજીવમાં રહેલી ડીએનએ આખી સિકવન્સ ગોઠવવાની હોય છે એને જીનમ કહેવામાં આવે છે. મેટાજીનોમ કોઇ પણ વાતાવરણ, પર્યાવરણમાં રહેલાં સજીવોના સમૂહોના ડીએનએની સિકવન્સ એ મેટાજીનોમ સિકવન્સ કહે છે. અને આના કારણે રણની માટી, સમુદ્રની નીચે તળિયાની માટી, પેટ્રોલિયમ પેદાશયુકત માટી વગેરેના (અંતરાય ) આ સમજવાનું થોડું અઘરું છે પણ મને જે પૂછયું છે તે તો મારે કહેવું જ જોઇએ. (અંતરાય ) હવે એવુ તો મારાથી કેવી રીતે કહેવાય ? પણ એક વસ્તુ માનનીય અધ્યક્ષશ્રી, સમજવા માટેનું પણ જીન જોઇએ. (અંતરાય).

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮
## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ, આપના પ્રશ્નનો જવાબ નથી. આપ બેસી જાવ પ્લીઝ. આપ બેસી જાવ પ્લીઝ કેટલી વખત કહેવાનું હોય, આપ સમજદાર છો. મને ખબર છે પ્રશ્નકાળ છે આ આપના માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સમજવા માટેનું પણ જીન જોઇએ.

### રાજ્યમાં પો.સ.ઈ/એ.એસ.આઇ. ની ભરતી

* ૧૬૭૬ શ્રી કાંતીભાઈ બલર (સુરત ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં પોલીસદળમાં કેટલા પો.સ.ઈ. ની અને એ.એસ.આઇ. ની સીધી ભરતી કરવામાં આવી ? | તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં પોલીસદળમાં ૩૪૪ પો.સ.ઈ. અને ૨૦૦ એ.એસ.આઇ. ની સીધી ભરતી કરવામાં આવી. |

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, આજે પી.એસ.આઇ. તથા એ. એસ.આઇ.ની સીધી ભરતી કરવામાં આવે છે તેમાં કેવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે ? મારો પ્રશ્ન નંબર–૨ કે પોલીસદળમાં પો.સ.ઈ. અને એ.એસ.આઇમાં સીધી ભરતી માટેની શૈક્ષણિક લાયકાત શું છે ? અને તેના શારીરિક માપદંડોનું ધોરણ શું છે ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, પો.સ.ઇ.વર્ગ–૩ સંવર્ગમાં સીધી ભરતી ઉપરાંત અન્ય કોઇ રીતે જગ્યા ભરવામાં આવે છે કે કેમ ? અને જો અન્ય રીતે હોય તો ૨૦૧૭–૧૮માં આમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જે આગળનો પ્રશ્ન ચાલતો હતો ત્યારે મને એક પ્રશ્ન પૂછવાની ઇચ્છા થઇ પણ ના પૂછયો. મારો પ્રશ્ન એ હતો કે, •(×××) (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપના મનમાં આવેલી વાત આપણે રેકર્ડ ઉપર રાખવી નથી. (અંતરાય) હું બોલ્યો પણ આપે સાંભળ્યું જ નહીં મેં એ જ કહ્યું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદિપસિંહભાઇ *( ×××)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું વિભાગ હેઠળના નિયંત્રણમાં પોલીસ દળમાં સીધી ભરતીમાં પારદર્શક અને ક્ષતિરહિત ભરતી થાય તે માટેની ટેકનોલોજીમાં તેની પ્રિલિમિનરી પરીક્ષા માટે ઉપસ્થિત તમામ ઉમેદવારોનું બાયોમેટ્રિક આઇડેન્ટીફિકેશન માટે તેની ફિંગર પ્રિન્ટ લેવામાં આવે છે, દરેક ઉમેદવારોને પ્રિલિમિનરી એકઝામ માટે તેના ફોટોગ્રાફ્સ લેવામાં આવે છે અને ઓ.એમ.આર. સિસ્ટમ પ્રમાણે ત્રણ સીટની અંદર એનું arrangement કરવામાં આવે છે. આ ઉપરાંત આ ઓ.એમ.આર. સીટમાં bar coded ત્રણેય અલગ–અલગ રીતે રાખવામાં આવે છે. પરીક્ષા જ્યાં લેવાય ત્યાં સમગ્ર જગ્યાએ CCTV કેમેરાની સુવિધાઓ હોય છે અને એની શારીરિક કસોટી વખતે ઉમેદવારની દોડ અંગેની પરીક્ષાના સમયની ચોક્કસાઇ માટે એનું રેડિયો ફ્રિક્વન્સી identificationના માધ્યમથી પરીક્ષા લેવામાં આવે છે. જેના કારણે ફ્રેક્સન ઓફ ધી સેકન્ડની error હોય તો એને પણ identify કરી શકાય છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું તે પ્રમાણે પી.એસ.આઇ.માં ઉમેદવાર સ્નાતક ડિગ્રી ધરાવતા હોવા જોઇએ અને એની ઉંચાઇ ૧૬૨ સે.મી. અને અનુસૂચિત જનજાતિના ઉમેદવાર માટે ઉંચાઇ ૧૬૫ સે.મી. અને છાતી ફુલાવ્યા વગરની ૭૯ સે.મી. અને ફુલાવેલ ૮૪ સે.મી.ની હોવી જોઇએ. વજન ઓછામાં ઓછું ૫૦ કિ.ગ્રા. હોવું જોઇએ. મહિલા ઉમેદવાર માટે ઉંચાઇ ૧૫૬ સે.મી. અને અનુસૂચિત જનજાતિના મહિલા ઉમેદવાર માટે ઉંચાઇ ૧૫૮ સે.મી. હોવું જોઇએ. વજન ઓછામાં ઓછું ૪૦ કિ.ગ્રા. હોવું જોઇએ. આ ઉપરાંત એના જુદા–જુદા ગ્રેડની વાત કરું તો એમાં મોડ–૧માં કુલ જગ્યાઓ પૈકીની ૫૦ ટકા જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવે છે. મોડ–૨ માં પી.એસ.આઇ.ની ૩૦ ટકા જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી લેવામાં આવે છે. મોડ–૩ માં ૨૦ ટકા જગ્યાઓ એવી છે જેમાં એ.એસ.આઇ. સંવર્ગમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા ઉમેદવારથી ભરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, નવમો પ્રશ્ન કે.જી.બેઝિનનો ન આવે માટે અડધો કલાક કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આવો કોઇ તર્ક તમે કામે લગાડશો નહિ. આપણા મિત્ર સભ્યોએ પ્રશ્નો પૂછ્યા છે અને એના જવાબો આપવામાં આવે છે. આવું બોલીને આપણે બીજી અડધી મિનિટ બગાડી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવું છે કે, રાજ્યમાં પી.એસ.આઇ.નું મહેકમ કેટલું છે અને હાલ કેટલી જગ્યાઓ ખાલી છે અને બીજો પ્રશ્ન એ છે કે, રાજ્યમાં એ.એસ.આઇ.નું મહેકમ કેટલું છે અને હાલમાં કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કુલ પી.એસ.આઇ.નું ૨૩૮૮નું મહેકમ છે અને આ જગ્યાઓ પૈકી ૮૪૫ જગ્યાઓ ખાલી છે. એ જ પ્રમાણે હથિયારધારી પી.એસ.આઇ.ની કુલ ૭૬૪માંથી ૨૪૪ જગ્યાઓ ખાલી છે. એ જ પ્રમાણે હથિયારધારી પી.એસ.આઇ.ની ૩૬૬ પૈકી માત્ર ૫૨ જગ્યાઓ જ ખાલી છે. એજ પ્રમાણે બિન હથિયાર ધારી એ.એસ.આઇ.ની ૬૩૧૫ પૈકી ૯૫૬નું મહેકમ ખાલી છે. પણ ગુજરાત એક એવું રાજ્ય છે કે જેમાં છેલ્લા એક

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વર્ષમાં ગુજરાતના પોલીસ તંત્રમાં ૧૭,૫૩૨ જગ્યાઓ ભરાઇ છે. રાજ્યનું પોલીસ તંત્ર આજે આખા દેશની અંદર યુવાન વયનું પોલીસ તંત્ર છે અને આગામી વર્ષોમાં પણ અને આ બજેટમાં પણ માનનીય નાણામંત્રીશ્રીએ ગુહ વિભાગની જે જરૂરિયાત હતી એ પ્રમાણે ૫૩૬૨ નવી જગ્યાઓ ચાલુ સાલમાં ભરવાનો નિર્ધાર કર્યો છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૩૪૪ અને એ.એસ.આઇ.ની ૨૦૦ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવી છે. તેમાં કેટલા પુરૂષ ઉમેદવારો અને કેટલી મહિલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી છે. તેમજ રાજ્ય પોલીસ દળમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલ ભરતી પૈકી મહિલાઓની સંવર્ગવાર કેટલી ભરતી કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી દ્વારા જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે એમાં આ ગુજરાતની સરકાર મહિલા સશક્તિકરણમાં માનવાવાળી સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ભૂતકાળમાં ક્યારેય મહિલાઓ માટે ૩૩ ટકા જગ્યાઓની ફાળવણી નહોતી કરવામાં આવી પણ ગુજરાતની સરકારે મહિલાઓ માટે ૩૩ ટકાની ફાળવણી કરી છે. હવે, આ ૩૩ ટકાની ફાળવણી કરીને માનનીય ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલે જે પ્રશ્ન પૂછ્યો છે એ પ્રમાણે ત્રણ વર્ષમાં બિન હથિયારધારી કુલ ૧૪૭ પુરુષ અને ૭૩ મહિલા, હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરમાં ૧૨૪ પુરુષ અને એની અંદર મહિલાઓ નથી. બિન હથિયારધારી એ.એસ.આઇ.ની અંદર ૧૩૪ પુરુષ અને ૬૬ મહિલા, એમ કુલ ૪૦૫ પુરુષ અને ૧૩૯ મહિલા એમ ૫૪૪માંથી ૧૩૯ જેટલી હથિયારધારી પી.એસ.આઇ અને એ.એસ.આઇ.ની અંદર મહિલાઓની ભરતી કરવામાં આવી છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે અત્યારનું જે મહેકમ છે એ મહેકમ તમારી દ્રષ્ટિએ પૂર્ણ છે કે કેમ અને હાલમાં જે ભરતી થઇ છે એ ભરતીમાં એસ.ટી., એસ.સી, અને બક્ષી કેટલા છે અને આ જે ભરતી થઇ છે એ ભરતીમાં સર્ટિફિકેટના નામે કેટલાક બીજી જાતિના માણસો ઘુસી ગયા છે એવી ફરિયાદ સરકારને મળી છે કે કેમ, અને જો સરકારને ફરિયાદ મળી હોય તો તેની સામે તપાસ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી સુખરામભાઇએ પ્રશ્ન કર્યો કે, હાલમાં જે ભરતી કરવામાં આવી છે એ ભરતીમાં એસ. ટી., એસ. સી.ના કેટલા છે? તો માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં જે ભરતી થઇ છે એમાં બિનહથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરમાં એસ.સી.ના ૧૦ પુરુષ અને ૫ મહિલા એમ ૧૫ છે. એસ.ટી.ના કુલ ૨૨ પુરુષ અને ૧૧ મહિલા એમ ૩૩ છે. એમ બિન હથિયારધારી એ. એસ. આઇ.માં એસ.સી.ના ૯ પુરુષ અને ૫ મહિલા છે. એસ.ટી.ના ૨૦ પુરુષ અને ૧૦ મહિલા છે એટલે કુલ ૩૦ જેટલા છે એટલે આ પ્રમાણેના તમારી વિગત પ્રમાણેના આંકડા છે. બીજું, ગુજરાતની સરકારે માત્ર પોલીસની ભરતી નહીં પણ પોલીસનું મોડેલાઇઝેશન અને ટેકનોલોજીના માધ્યમથી આ સરકારે પ્રયાસ કર્યા છે. આ સરકારે રક્ષા શક્તિ યુનિવર્સિટીના માધ્યમથી સ્કીલ્ડ યુવાનો પોલીસ ફોર્સની અંદર ભર્યા છે. આ સરકારે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી જે વિશ્વની પ્રથમ નંબરની છે એના માધ્યમની ક્રાઇમના ડીટેક્શન અને ઇન્વેસ્ટીગેશનની અંદર ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના માધ્યમથી કર્યા છે. હાઇએસ્ટ ટેકનોલોજી વર્લ્ડમાં જે ઇજરાયેલ કે બાકીની કન્ટ્રીઝના લોકો વાપરતા હોય છે એ ગુજરાતની પોલીસ દ્વારા વાપરવામાં આવે એટલે માત્ર ભરતીના આધાર ઉપર નહીં પણ પોલીસના હાઇસ્કીલ્ડ હાઇટેકનીક અને હાઇટેકનોલોજીના માધ્યમથી ગુનેગારોને પકડવા માટે ગુજરાતની પોલીસ સમગ્ર દેશની અંદર જાણીતી છે.

માનનીય સભ્યશ્રીએ જે સર્ટિફિકેટનો પ્રશ્ન કર્યો છે. (અંતરાય) લાંબુ ચાલશે પછી, મારી પાસે આંકડા છે. માનનીય અધ્યક્ષશ્રી, ઓ.બી.સી.ના પણ આંકડા આપી દઉં. હમણાં જે ભરતી થઇ છે પોલીસ સબ ઇન્સ્પેક્ટરની એની અંદર ઓ.બી.સી.ના ૪૦ પુરુષ અને ૨૦ મહિલા એમ ૬૦ એ બિન હથિયારધારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર માટે, અને એ જ રીતે બિન હથિયારધારી એ.એસ.આઇ. માટે ૩૬ પુરુષ અને ૧૮ મહિલા એમ કરીને કુલ ૫૪ લોકોની ભરતી કરવામાં આવી છે.

માનનીય સુખરામભાઇની જે ચિંતા છે પણ એમની ચિંતા કરતાં ભારતીય જનતા પાર્ટીએ પહેલીવાર ચિંતા કરી છે. અનેક એવા લોકો ખોટા પ્રમાણપત્ર લઇને પોતે આદિવાસી ન હોય છતાં પણ આદિવાસીનું પ્રમાણપત્ર લઇને કોઇ જુદા જુદા સંવર્ગોની અંદર નોકરી મળે. અરે, કોઇ ધારાસભ્ય બને તો એની સામે પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર, તમે આના માટે ક્યારેય નથી કર્યુ અને માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજયના માનનીય આદિજાતિ મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા આગામી દિવસોમાં એના માટેનું બિલ લાવવાના છે એટલે આ સરકાર કટિબદ્ધ છે કે આદિવાસીને એને મળતો હક્ક માત્ર એને જ મળે, ખોટા પ્રમાણપત્રના આધાર ઉપર આદિવાસી સમાજ એના હક્કની વંચિત ન રહી જાય એના માટે આ સરકાર કટિબદ્ધ છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : આપની મારફત માનનીય મંત્રીશ્રીને મારો સીધો સવાલ છે કે, આ સબ ઇન્સ્પેકટરોને ની કેટલા સમય ગાળા માટે કેવા પ્રકારની તાલીમ આપવામાં આવે છે. નવી ભરતી થયેલા બિન હથિયારધારી પોલીસ અને સબ ઇન્સપેકટર કેટલા સમય માટે કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મેં જે કહ્યું એ પ્રમાણે ટેકનોલોજી આખી સ્કીલની અંદરથી જે પોલીસ કોન્સ્ટેબલો , પોલીસ સબ ઇન્સપેકટરો અને એની જે ભરતી કરવામાં આવે છે એ ભરતીની અંદર ડીટેલ પ્રોગ્રામ બનવાવમાં આવે છે અને ૧૨ મહિના સુધીની એ ટ્રેનિં આપવામાં આવે છે. આ પ્રોગ્રામમાં ઇન્ડોર તાલીમ આપવામાં આવે છે આ ઇન્ડોર તાલીમમાં કાયદાની

તાલીમ આપવામાં આવે છે. તેમાં ભારતીય દંડ સંહિતા, આઇ.પી.સી, સી.આર.પી.સી. , એવીડન્સ એકટ આ પ્રકારના જુદા જુદા ૬૦ કાયદાઓ છે અને આ તાલીમમાં કાયદાઓથી એને પ્રશિક્ષિત કરવામાં આવે છે. એ જ પ્રમાણે ફીઝીકલ ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. માનનીય શૈલેષભાઇ હું જવાબ આપી રહ્યો છું, માનનીય નીતિનભાઇ....જીનની વાત પૂરી થઇ ગઇ હવે.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલષભાઇ સભાગૃહમાં કયારની શાંતિ છે અને આપ પણ શાંતિપ્રિય છો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ પ્રમાણેની ક્રોસ ટોકથી ગૃહનો ટાઇમ બગડે, તમારા પ્રશ્નોમાં ડીલે થાય છે. આ આઉટડોર ટ્રેનિંગમાં સાયન્ટીફીક પી.ટી, રાઇફલ પી.ટી, યોગા, પી.ટી, કરાટે, બોકસીંગ, સ્કોટ ડીલ જેવી માનનીય અધ્યક્ષશ્રી આ રીતે બધી જ વસ્તુઓની આઉટડોરમાં ટ્રેનિંગ પણ આપવામાં આવે છે.

ડો. આશા પટેલ :આપના મારફતે હું મંત્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, આપનું જે મહેકમ સંવર્ગવાર એ કયા વર્ષના આધારે આ રજૂ થયેલું છે અને હાલમાં તાજેતરના આ જે વર્ષમાં વસતિના ધોરણે આ મંજૂર થયેલ છે કે કેમ? જો ના હોય તો કરવાનું છે કેમ તેનો સ્પષ્ટ અને ટૂંકમાં જવાબ આપો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ આદેશ કર્યો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મેં પોલીસ મહેકમની વાત કરી રાજયનું પોલીસ મહેકમના હાઉસમાં જે આંકડા બોલ્યો છું તે ૩૧-૧૨-૨૦૧૭ ની પરિસ્થિતિને આધારે બોલ્યો છું.

અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ મહેકમ

* ૧૭૪૯ શ્રી ઇમરાન ખેડાવાલા (જમાલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજુર થયેલ છે, | (૧) સામેલ પત્રક-ક મુજબ. |

પ ત્ર ક - ક

તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર અને સંવર્ગવાર મંજુર મહેકમની વિગત

| ક્રમ | સંવર્ગ | અમદાવાદ ગ્રામ્ય | અમદાવાદ શહેર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર (બિન હથિયારી/મહિલા) | ૨૦ | ૧૨૬ | ૧૦ |
| ૨ | હથિયારી પોલીસ ઈન્સ્પેકટર | ૦ | ૧૦ | ૦ |
| ૩ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૭૧ | ૭૫૫ | ૨૫ |
| ૪ | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર | ૭ | ૩૫ | ૮ |
| ૫ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર | ૧૮૫ | ૧૨૬૯ | ૮૮ |
| ૬ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર | ૩૫ | ૩૧૩ | ૩૫ |
| ૭ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૫૧ | ૨૨૭૪ | ૧૨૨ |
| ૮ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૬૦ | ૫૭૩ | ૬૫ |
| ૯ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૨૩ | ૮૨૨૧ | ૩૭૦ |
| ૧૦ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૫૩ | ૨૬૪૨ | ૩૫૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | (૨) તે પૈકી અમદાવાદ ગ્રામ્યમાં કુલ-૬૨ તથા અમદાવાદ શહેરમાં કુલ-૨૨૨૦ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં |

કુલ-૩૧૩ જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિં.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ શહેરમાં આજકાલ નકલી પોલીસના સમાચાર ખૂબ ચર્ચામાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ સીધા પ્રશ્ન ઉપર આવો, સીધો પ્રશ્ન પૂછો.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : આજે નકલી પોલીસના સમાચાર બહુ ચર્ચામાં છે. એટલા માટે એવું લાગે છે કે નકલી પોલીસને પણ ખબર પડી ગઇ છે કે, અમદાવાદ શહેરમાં ૨૧૨૦ જગ્યાઓ પોલીસ કોન્સ્ટેબલોની ખાલી છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અમદાવાદ શહેરમાં કુલ ૨૨૨૦ પોલીસ મહેકમ ખાલી છે એ કયારે ભરવા માગે છે. અત્યારે રાજયમાં બેરોજગારીનું પ્રમાણ ઉંચું જઇ રહ્યું છે ત્યારે પોલીસમાં સક્ષમ યુવાનોની ભરતી કરી રોજગારી આપવા માગો છો કે કેમ? અમદાવાદ શહેરમાં જે રીતે માનનીય મંત્રીશ્રીએ હમણાં મૉર્ડેનાઇઝેશનની વાત કરી, મારા મત વિસ્તારમાં ચાર પોલીસ સ્ટેશન આવેલા છે. એમાં ગાયકવાડ હવેલી, કાગડાપીઠ અને કારંજ પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે. એ સિવાય આ વિસ્તારમાં પોલીસ ચોકીઓ આવેલી છે. એક તો મારા મત વિસ્તારમાં જગન્નાથ મંદિરની પાસે જ પોલીસ ચોકી જર્જરિત હાલતમાં છે. એ જ રીતે બહેરામપુરા પોલીસ ચોકી પણ જર્જરિત હાલતમાં છે. ઉપર પતરા નાખેલા છે. એ જ રીતે ખમાસા પોલીસ ચોકી છે એના છાપરા ઉપર પણ પતરા આવેલા છે તો આ પોલીસ ચોકીઓનું રીનોવેશન કરાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સૌ પ્રથમ તો બેરોજગારીની વાત કરી. બેરોજગારીના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે આખા દેશની અંદર કેન્દ્રમાં યુપીએની સરકાર હતી એને દસ વર્ષ સુધી જે આંકડા પ્રસિદ્ધ કર્યા છે એ પ્રમાણે આખા દેશની અંદર રોજગારી આપવા માટે બધા જ રાજયોમાં પ્રથમ રાજય કોઇ હોય તો એ ગુજરાત રાજય છે. આ ગુજરાત એક એવું રાજય છે, હમણાં જ માનનીય સૌરભભાઇએ જવાબ આપ્યો એ પ્રમાણે ગુજરાતની ધરતી ઉપર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ, શાંતિ અને સલામતી હોવાને કારણે દેશ અને દુનિયાના ઉદ્યોગકારો ગુજરાતની ધરતી ઉપર પોતાના ઉદ્યોગો સ્થાપવા આવે છે. ગુજરાત એક એવું રાજય છે કે યુપી હોય કે બિહાર હોય કે રાજસ્થાન હોય દેશના તમામ રાજયોમાંથી રોજગારી લેવા માટે કોઇ આવતું હોય તો એ ગુજરાત રાજયમાં આવે છે. રોજગારી માટે ગુજરાતની સ્થિતિ અંગે તમે અમને ન શીખડાવશો. માનનીય સભ્યશ્રીએ ભરતી અંગેની વાત કરી, અગાઉ પણ મેં કહ્યું એ પ્રમાણે ૧૭૫૩૨ ગયા વખતે ભરતી કરી છે જયારે આ વખતે ૫૬૩૨ જેટલી જગ્યાઓ ભરવાના છીએ. આ રીતે સરકારની પોલીસ ભરતીની પ્રક્રિયા સતત ચાલી રહી છે. નાણા વિભાગની ઉદારતાથી જયારે જયારે રાજય સરકારને જરૂર પડે ત્યારે ભરતીમાં છૂટછાટ આપે છે. માનનીય સભ્યશ્રીએ ત્રીજો પ્રશ્ન કર્યો પોલીસ સ્ટેશનોનું રહેણાંક અને બિન રહેણાંક ઇન્ફ્રાસ્ટ્રકચર હોય એ બાબતમાં માનનીય ઇમરાનભાઇ ખેડાવાલાને જણાવું કારણ કે એ વખતે માનનીય સભ્યશ્રી કોર્પોરેટર હતા એમના વિસ્તારમાંજ પોલીસ સ્ટેશન તથા ડી.વાય.એસ.પી.ની ઓફિસના મકાનના ઉદ્દ્ઘાટન માટે હું આવ્યો હતો. તમારી વાત સાચી છે. પહેલા પોલીસ સ્ટેશનનું ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું કરીએ એ પછી બીજા તબક્કામાં જિલ્લાઓમાં આવેલી આઉટ પોસ્ટો અને પોલીસ ચોકીઓનું કામ હાથ ઉપર લઇશું. અમદાવાદમાં કેટલીક એવી પોલીસ ચોકીઓ પણ છે જેને સ્વૈચ્છિક સંસ્થાઓએ નવી બનાવી છે. એટલે એ બાબતમાં રાજય સરકાર કટિબદ્ધ છે અને આ વખતે ૫૩૨ કરોડ રૂપિયા પોલીસ આવાસ નિગમના માધ્યમથી રાજયના રહેણાંક અને બિન રહેણાંક માટે ફાળવવામાં આવેલ છે.

શ્રી કિશોર બા. ચૌહાણ : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે બેરોજગારીને નાથવા માટે છેલ્લા વર્ષમાં ૧૭ હજાર જેટલી ભરતી કરવામાં આવી છે જે ખૂબ જ પ્રશંસનીય છે. ૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ સંવર્ગ-૩માં કુલ કેટલી ભરતી કરવામાં આવી છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : અગાઉ કહ્યું એ મુજબ આ રાજય સરકારે પોલીસ ડિપાર્ટમેન્ટની ભરતીમાં અગ્રતા આપી છે. છેલ્લા ત્રણ વર્ષની ભરતીના સંદર્ભમાં વાત કરી તો છેલ્લા ત્રણ વર્ષમાં ૨૬૬૬૭ લોકોની પોલીસ ડિપાર્ટમેન્ટમાં ભરતી કરવામાં આવી છે. જે પૈકી પોલીસ સબ ઇન્સ્પેક્ટ બિન હથિયારધારી ૭૨૦, પોલીસ સબ ઇન્સ્પેક્ટર હથિયારધારી ૧૨૪, ઇન્ટેલીજન્સ ઓફિસર ૫૯, આસિસ્ટન્ટ ઇન્ટેલીજન્સ ઓફિસર ૮૨, એએસઆઇ ૧૦૦૦, લોક રક્ષક ૨૦૧૫૦, એસઆરપીના લોક રક્ષક ૩૭૮૦, જેલ સિપાઇના ૭૫૨ આમ છેલ્લા ત્રણ વર્ષમાં ૨૬૬૬૭ લોકોને પોલીસ ફોર્સની અંદર ભરવામાં આવ્યા છે.

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## તારાંકિત પ્રશ્નો

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ સમગ્ર દેશ અને ગુજરાતની વાત કરી. ખાસકરીને સલામતીની વાત કરી. યુપી, બિહાર અને બીજા બધા કરતાં અહીંયાં સલામતી છે. મારે દાવા સાથે કહેવું છે. એક ધારાસભ્ય તરીકે મારા ઘરના કેમેરાની તપાસ માટે બે બે વખત મેં જાતે ફરિયાદ કરી. પણ આજ દિન સુધી તપાસ થઇ નથી. ખાસકરીને એની તપાસ કરવા માગે છે કે નહીં?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કોઇપણ લોકોની ફરિયાદ હોય એ ફરિયાદને પોલીસ દ્વારા યોગ્ય કાર્યવાહી કરી બધાજ અરજદારોને ન્યાય મળે અને જ્યારે માનનીય ધારાસભ્યશ્રી પોતે ફરિયાદ કરે તો એ બાબતમાં ચોક્કસ હકારાત્મક રીતે જવાબદાર અધિકારીઓ સાથે હું સીધી વાત કરીશ.

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે પોલીસ દળમાં પોલીસ કોન્સ્ટેબલ અને સક્ષમ સંવર્ગ પોલીસની સીધી ભરતી પરીક્ષા પદ્ધતિ શું છે અને સાથોસાથ આ ગુજરાત સરકાર શ્રી વિજય રૂપાણીની સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું કે તેમણે ઐતિહાસિક ભરતી કરેલ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર ગૃહમાં અમારા પોલીસ તંત્રને ખૂબ ખૂબ અભિનંદન મળી રહ્યા છે. મને પણ મંત્રી તરીકે અને માનનીય મુખ્યમંત્રીશ્રી માટે ગૌરવની વાત છે. માનનીય ધારાસભ્યશ્રીને એમના પ્રશ્ન પ્રમાણે, આની પ્રક્રિયા શું છે એ જાણવા અંગેની ઉત્સૂકતા છે. સૌથી પહેલા આખા રાજ્યમાં જે તે સંવર્ગની સીધી ભરતીથી ભરતી કરવાની જગ્યાઓ અંગેનું માગણાં પત્રક મંગાવવામાં આવે છે. એ માંગણાપત્રક મંગાવીને એનું તબક્કાવાર આયોજન કરવામાં આવે છે અને પહેલા ઓબ્જેક્ટીવ ટાઇપના લેખિત સો માર્કસની એક્ઝામ લેવામાં આવે છે અને એ ૧૦૦ માર્કસની એક્ઝામ લીધા પછી એમાંથી જે પાસ થાય એના આઠ ગણા લોકોની શારીરિક એક્ઝામ લેવામાં આવે છે અને આ શારીરિક એક્ઝામ લીધા પછી એનું લેખિત પરીક્ષા અને શારીરિક ક્ષમતાની કસોટીમાં મેળવેલા માર્કસના આધારે બોર્ડ દ્વારા મેરિટ્સ અનુસાર આખરી પરિણામ બોર્ડ અને વેબસાઇટ ઉપર નોટિસ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. આ રીતે આખી પરીક્ષાની પદ્ધતિ છે.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી પૂછવા માગું છું કે અમદાવાદ શહેરની ૬૦ લાખ કરતાં પણ વધારે વસતિ છે. એની અંદર અત્યારે જે મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ૨૨૨૦ જગ્યાઓ ખાલી છે. શહેરની જે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે એ દિવસે દિવસે કથળતી જાય છે. પોલીસ ચોકીઓ જ્યાં લોકોને આપણે રક્ષણ આપીએ છીએ, લોકોની ફરિયાદ સાંભળવામાં આવે છે એ રીતે એની રચના કરવામાં આવી છે. પોલીસ સ્ટેશન હોય અને પોલીસ ચોકી હોય, પણ મારે શરમ સાથે કહેવું છે કે પોલીસ ચોકીઓને તાળા હોય છે. પોલીસ અધિકારી કોઇ હોતા નથી અને પોલીસ અધિકારીઓની જગ્યાઓ ખાલી હોવાના લોકોને હાલાકી થાય છે. આ પોલીસ ચોકીઓને લોકો માટે ખુલ્લી રાખવા માગો છો કે કેમ? કે પછી તેને તાળા જ મારી રાખવા માગો છો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નનો સ્કોપ બહુ વધતો જાય છે. મૂળ પ્રશ્ન તો જુદો છે અને માનનીય હિંમતસિંહભાઇની સાથે તો મેં ઘણું કામ કર્યુ છે. આ સરકાર મેં અગાઉ કહ્યું તેમ પોલીસની ભરતીમાં કોઇ કોમ્પ્રોમાઇઝ કરવા માગતી નથી. ઉપરાંત આ સભાગૃહનું હું ધ્યાન દોરવા માગુ છું કે આખા શહેરની અંદર હવે માત્ર પોલીસ ચોકીઓના મકાનોથી રાજયમાં, શહેરમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિમાં મુશ્કેલી ન થાય એટલા માટે પી.સી.આર.ના માધ્યમથી આખા શહેરની અંદર પોલીસ પેટ્રોલીંગ કરવામાં આવે છે અને હમણાં ત્રણ દિવસ પહેલા જ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આખા શહેરને સીસીટીવીના માધ્યમથી કનેકટ કરવામાં આવ્યું છે અને એના કંટ્રોલ રૂમના માધ્યમથી ચોરી કે કોઇપણ પ્રકારની ક્રીમીનલ એકટીવીટી થતી હોય તો એ ક્રીમીનલ એકટીવીટીને ટેકનોલોજીના માધ્યમથી પોલીસને મદદરૂપ થવા માટે આખા શહેરને સીસીટીવીના નેટવર્કથી જોડવામાં આવ્યું છે. રાજ્ય સરકારનો કોઇ પોલીસ ચોકીને તાળા મારવાનો વિષય નથી અને જયાં પણ જરૂરિયાત છે ત્યાં ટેકનોલોજીના માધ્યમથી, વિહિકલના માધ્યમથી રાજ્ય સરકાર એ દિશામાં કામ કરશે અને અમદાવાદ શહેરનો જયાં સુધી સવાલ છે, અમદાવાદ શહેરમાં આજે નાના મોટા ક્રાઇમ નથી થતા એવું નથી કહેતો પરંતુ ક્રાઇમ થયા પછી એના ડીટેકશનનો જે ક્રાઇમ રેટ છે એ અમદાવાદ શહેરમાં ઉત્તમ પ્રકારનો ક્રાઇમ રેટ એ અમદાવાદ પોલીસ સ્કવોર્ડે મેળવેલો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગુ છું અમારા બાપુને રાજયકક્ષાનો હવાલો સોંપી અને રાજયની પ્રજાની રખેવાળી કરવાની જવાબદારી માનનીય ગૃહના નેતાએ સોંપી છે. જો એમને રાજયકક્ષામાંથી કેબીનેટનો દરજજો આપે તો સારું.

અધ્યક્ષશ્રી : તમારી શુભેચ્છાઓ તો હંમેશા રહેશેજ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ તો અમારી લાગણી આપના મારફત નેતા સુધી પહોંચાડીએ. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું, માનનીય ગૃહમંત્રીશ્રીના ગામની અંદર એમના ગૃહનગરની અંદર કુલ ૨૬૪૨ જગ્યાઓ પૈકી ૨૨૨૦ જેટલી પોલીસની જગ્યાઓ ખાલી છે. દ્વારકામાં ૩૫૩માંથી ૩૧૩ જગ્યાઓ ખાલી છે. એનો મતલબ કુલ ૨૯૯૫ જગ્યાઓ પૈકી ૨૫૩૩ જગ્યાઓ ખાલી છે. આ અસલી પોલીસની ઉણપના કારણે સમગ્ર રાજયમાં નકલી પોલીસ અત્યારે રાજ કરી રહી છે એટલે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે આ અંદાજીત ૩,૦૦૦માંથી ૨૫૦૦ જેટલી પોલીસની જગ્યાઓ ખાલી હોવાને કારણે રાજયમાં કાયદો અને વ્યવસ્થા ભાંગી પડી છે તો

માનનીય ગૃહમંત્રીશ્રી આ ૨૫૩૩ જગ્યાઓ એક વર્ષ ઉપરથી ખાલી છે એનું કેલેન્ડર નક્કી કરે. અહીંયા જવાબમાં આપ્યું છે કે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહીં. આ રાજયની પ્રજાની રખેવાળી કરવાની સરકારની જવાબદારી છે તો સરકાર જો એ વાત લઇને આવે કે અમે મહિનામાં, બે મહિનામાં, છ મહિનામાં, એક વર્ષમાં જગ્યા ભરશું તો આનંદ થાય એટલે આ ખાલી જગ્યાઓ ભરવા માટેનું સ્પષ્ટ કેલેન્ડર ગૃહ સમક્ષ મૂકવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એક આંકડાનું કરેકશન કરાવું કે અમદાવાદ શહેરમાં કુલ મંજૂર થયેલી ૧૬,૨૧૮ પૈકી માત્ર ૨૫૮૮ જગ્યા ખાલી છે. આ એક કરેકશન છે. આપે જે ઉલ્લેખ કર્યો એ પ્રમાણે આટલી જગ્યા પૈકીની આટલી છે અને આગામી જે ૫૬૩૫ નવી ભરતી નાણા વિભાગે કરી છે એના માધ્યમથી અમે પૂર્ણ કરવાના છીએ અને માનનીય વિપક્ષના નેતાને હું એ કહેવા માગુ છું કે ગુજરાતમાં છ વખતથી જો ભારતીય જનતા પાર્ટીનું શાસન બનતું હોય તો એ ગુજરાતની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિના કારણે બને છે. તમારા વખતમાં તો રથયાત્રામાં ભગવાન જગન્નાથજીને બુલેટપ્રુફ રથની અંદર લઇ જવા પડતા હતા. તમારા વખતમાં છાશવારે અસામાજીક તત્વો શહેરની શાંતિ, સલામતિ બાનમાં લેતા હતા. પ્રજા પારેવાની જેમ ફફડતી હતી પરંતુ જયારથી ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને ગુજરાતમાં વિજયભાઇ રૂપાણીએ છ ફૂટ લાંબા ગૃહમંત્રી બનાવ્યા છે એટલે તમારે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. ગુજરાતની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે અને ગુજરાતની પ્રજા સારી રીતે જાણે છે કે અમારા ગુજરાતનો વિકાસ અને ગુજરાતનું હિત શેમાં છે. એટલા માટે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉત્તમ પ્રકારની છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

માહિતી ખાતા દ્વારા પરંપરાગત માધ્યમનો ઉપયોગ

* ૧૭૦૪ શ્રી વલ્લભભાઈ કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ છેવાડાના માનવીઓ સુધી પહોંચે તે માટે માહિતી ખાતા દ્વારા પરંપરાગત માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે શું એ વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા પરંપરાગત માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે ? | (૨) નાટક, ભવાઈ, લોકડાયરા, કથાકિર્તન, કઠપૂતળી પપેટ શો વગેરે પરંપરાગત માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. |

---------

રાજ્યમાં શીપ બિલ્ડીંગ પાર્ક વિકસવવા બાબત

* ૧૭૭૪ શ્રી વિક્રમભાઈ માડમ (ખંભાળીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકિનારે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા માટે તા.૧૯–૧૧–૨૦૦૯ ના રોજ બે દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ઉકત શીપ બિલ્ડીંગ પાર્ક કઈ જગ્યાએ વિકસાવવામાં આવેલ છે, અને | (૨) દહેજ ખાતે બે હયાત શીપયાર્ડ છે અને ત્રણ સુચિત શીપયાર્ડ માટે જમીન ફાળવવામાં આવેલ છે. તેમજ જૂના બંદર, ભાવનગર ખાતે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૩) શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે ? | (૩) દહેજ ખાતેનાં શીપ બિલ્ડીંગ પાર્કમાં સ્થપાનાર પ્રત્યકે સુચિત શીપયાર્ડ માટે પર્યાવરણ/સીઆરઝેડની મંજૂરી મેળવવાની રહે છે. તેથી દહેજ ખાતેનાં શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. તેમજ જૂના બંદર, ભાવનગર ખાતે શીપ બિલ્ડીંગ પાર્ક માટે પર્યાવરણ/સીઆરઝેડની મંજૂરી મળ્યા બાદ વિકાસકાર નક્કી કરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. |

# તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## અતારાંકિત પ્રશ્નો

### સરકારી ઉત્સવો/કાર્યક્રમોની જાહેરાત પાછળ ખર્ચ

* ૧૮૬૧ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવ અને કાર્યક્રમોની જાહેરાત પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા સરકારી ઉત્સવોની જાહેરાતો પાછળ કોઈ ખર્ચ કરવામાં આવ્યો નથી. પરંતુ સરકારી કાર્યક્રમોની જાહેરાતો પાછળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવેલ કુલ ખર્ચની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | રકમ રૂપિયા |
|---|---|
| તા.૧–૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | (અ) ઈલેક્ટ્રોનીક મીડીયા – રૂ.૫.૨૩ કરોડ<br>(બ) પ્રિન્ટ મીડીયા – રૂ.૭.૫૦ કરોડ |
| તા.૧–૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | (અ) ઈલેક્ટ્રોનીક મીડીયા – રૂ.૩.૦૫ કરોડ<br>(બ) પ્રિન્ટ મીડીયા – રૂ.૫.૩૧ કરોડ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કરકસરના ભાગરૂપે ઉકત ખર્ચમાં ઘટાડો કરવાનું સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૨) રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની તથા જાહેર સુખાકારીની બાબતોની પ્રજાને વ્યાપક પ્રમાણમાં જાણકારી મળી રહે તેવા ઉદ્ધેશને ધ્યાનમાં રાખીને માહિતી નિયામકશ્રીની કચેરી દ્વારા ઓછામાં ઓછા ખર્ચે પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. |
| (૩) ઉકત ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ? | (૩) ઉકત ખર્ચ બજેટના નીચેના હેડ હેઠળ ઉધારવામાં આવ્યો. |

| | | |
|---|---|---|
| માંગણી નંબર | – | ૫૪ |
| મુખ્ય સદર | – | ૨૨૨૦–માહિતી અને પ્રચાર |
| પેટા મુખ્ય સદર | – | ૦૧–ચલચિત્રો. |
| ગૌણ સદર | – | ૦૦૧–નિર્દેશ અને વહીવટ. |
| પેટાસદર | – | (૦૨) પીંયુબી–૧ પ્રચાર માધ્યમોનો ઉપયોગ (મહેસૂલી) |

---------

### કચ્છ જિલ્લામાં મુખ્ય ખનિજ બ્લોકની હરાજી

* ૧૬૭૩ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારના એમ.એમ.ડી.આર. અમેન્ડમેન્ટ એકટ–૨૦૧૫ અમલમાં આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં મુખ્ય ખનિજના કેટલા બ્લોકની જાહેર હરાજીથી નિકાલ કરવામાં આવેલ છે, અને | (૧) ૦૩ (ત્રણ). |
| (૨) ઉકત હરાજીમાંથી કેટલી આવક પ્રાપ્ત થયેલ છે ? | (૨) રૂ.૧૭૮૪.૮૧ લાખ. |

---------

### કે. જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન

* ૧૮૧૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કે.જી. બેઝીન માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કે.જી. બેઝીન માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવ્યો.
(૮૦ ટકા જીએસપીસી ના શેર પ્રમાણે)
વર્ષ ૨૦૧૫-૧૬ રૂ.૭૯૮.૭૫ કરોડ.
વર્ષ ૨૦૧૬-૧૭ રૂ.૫૮૪.૯૯ કરોડ.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કે.જી. બેઝીનમાંથી કેટલા મીલીયન ક્યુબીક મીટર ગેસ ઉત્પન્ન થયો ?

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કે.જી. બેઝીનમાંથી નીચે પ્રમાણે ગેસનું ઉત્પાદન થયું.
વર્ષ ૨૦૧૫-૧૬ ૭૧.૧૨ મિલિયન ક્યુબીક મીટર ગેસ
વર્ષ ૨૦૧૬-૧૭ ૭૩.૭૭ મિલિયન ક્યુબીક મીટર ગેસ

---------

### સ્માર્ટ સીટી યોજના અન્વયે કેન્દ્ર સરકારે જાહેર કરેલ એવોર્ડ

* ૧૬૫૭ શ્રી પ્રવિણભાઈ ઘોઘારી (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૭ માં સ્માર્ટ સીટી યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કોઈ એવોર્ડ જાહેર કરેલ છે કે કેમ, અને

(૨) આ એવોર્ડમાં ગુજરાતના કોઈ શહેર અગ્રક્રમે પસંદગી પામેલ છે કે કેમ ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૭માં સ્માર્ટ સીટી યોજના અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કોઈ એવોર્ડ જાહેર કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### કચ્છ અને સુરત જિલ્લામાં ધર્મપરિવર્તન માટે મંજૂરી

* ૧૭૦૮ સંતોકબેન આરેઠીયા (રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કયા ધર્મના કેટલા વ્યક્તિઓએ ધર્મપરિવર્તન માટે મંજૂરી માંગી,

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં?

જવાબ

(૧) અને (૨)
પરિશિષ્ટ-અ મુજબ

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

<u>પરિશિષ્ટ-અ</u>

| ક્રમાંક | જિલ્લાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતએ છેલ્લા બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે મળેલ અલગ અલગ ધર્મની વ્યક્તિઓની અરજીઓની વિગત. | | | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજુરીની વિગત. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હિંદુ | મુસ્લિમ | શીખ | ખ્રિસ્તી | પારસી | બૌધ્ધ | |
| ૧ | કચ્છ | ૦૯ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૨ | સુરત | ૧૫ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૫ |

---------

### દાહોદ અને પંચમહાલ જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ/ગૌવંશ

* ૧૮૭૨ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(ગરબાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા, અને

જવાબ

(૧)

| જિલ્લો/ શહેર | વર્ષ | ગૌમાંસ | ગૌવંશ |
|---|---|---|---|
| દાહોદ જિલ્લો (દાહોદ શહેર સહિત) | ૨૦૧૬ | ૨૯૪૭ કિ.ગ્રા | ૩૯૭ |
| | ૨૦૧૭ | ૫૮૭ કિ.ગ્રા | ૧૭૪ |
| ~~દાહોદ શહેર~~ | ૨૦૧૬ | ૧૬૭૨ કિ.ગ્રા | ૧૩૦ |

| | | | |
|---|---|---|---|
| | ૨૦૧૭ | ૫૬૨ કિ.ગ્રા | ૫૯ |
| પંચમહાલ જિલ્લો (ગોધરા શહેર સહિત) | ૨૦૧૬ | ૨૦૦૦૫ કિ.ગ્રા | ૮૪૭ |
| | ૨૦૧૭ | ૫૧૩૮ કિ.ગ્રા | ૩૫૨ |
| ગોધરા શહેર | ૨૦૧૬ | ૧૧૦૧૦ કિ.ગ્રા | ૪૧૨ |
| | ૨૦૧૭ | ૦૦ કિ.ગ્રા | ૧૩૬ |

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) દાહોદ જિલ્લા/શહેરમાંથી કૂલ-૧૪૫ તથા પંચમહાલ જિલ્લા/શહેરમાંથી કુલ-૨૯૬ આરોપીઓની ધરપકડ કરી તેમના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગુમ થયેલ બાળકો

* ૧૭૬૯ શ્રી પ્રવિણભાઇ મુસડીયા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા,

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|
| જિલ્લો | બાળકોની સંખ્યા |
| જામનગર | ૧૪ |
| દેવભૂમિ દ્વારકા | ૦૫ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | |
| જિલ્લો | બાળકોની સંખ્યા |
| જામનગર | ૧૪ |
| દેવભૂમિ દ્વારકા | ૦૪ |

(૨) ઉક્ત જીલ્લાવાર કેટલા બાળકો પરત મળી આવ્યા, અને

(૨) તમામ બાળકો પરત મળી આવેલ છે.

(૩) જે બાળકો પરત મળી આવ્યા નથી તેની શોધખોળ માટે સરકારે શી કાર્યવાહી કરી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

છોટાઉદેપુર જિલ્લામાં પોલીસનાં બિનરહેણાંક મકાન

* ૧૬૮૨ શ્રી અભેસિંગ તડવી (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ માં તા.૩૧-૧૨-૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિનરહેણાંક મકાનો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૧) કુલ-૦૧ બિનરહેણાંકના મકાન પૂર્ણ કરવામાં આવ્યા.

(૨) આ માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) કુલ રૂ.૧૪૮.૦૦ લાખ

---------

રાજ્યમાં શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા બાબત

* ૧૭૯૫ શ્રી મોહનલાલ વાળા (કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) રાજ્યના દરીયાકિનારે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા માટે તા.૧૯/૧૧/૨૦૦૯ ના રોજ બે દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૧) હા જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ

(૨) દહેજ ખાતે બે હયાત શીપયાર્ડ છે અને ત્રણ

ઉક્ત શીપ બિલ્ડીંગ પાર્ક કઇ જગ્યાએ વિકસાવવામાં આવેલ છે, અને

સૂચિત શીપયાર્ડ માટે જમીન ફાળવવામાં આવેલ છે. તેમજ જૂના બંદર, ભાવનગર ખાતે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી પ્રગતિમાં છે.

(૩) શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) દહેજ ખાતેનાં શીપ બિલ્ડીંગ પાર્ક માં સ્થપાનાર પ્રત્યેક સુચિત શીપયાર્ડ માટે પર્યાવરણ/સીઆરઝેડ ની મંજૂરી મેળવવાની રહે છે. તેથી દહેજ ખાતેનાં શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની કામગીરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. તેમજ જૂના બંદર, ભાવનગર ખાતે શીપ બિલ્ડીંગ પાર્ક માટે પર્યાવરણ/સીઆરઝેડ ની મંજૂરી મળ્યા બાદ વિકાસકાર નક્કી કરી તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે.

---------

મહેસાણા જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૬૯૪ શ્રી કરશનભાઈ સોલંકી(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે?

(૨) ૧ (એક).

---------

રાજકોટ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

(૨) તે પૈકી કેટલા ગુન્હામાં આરોપીઓને તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ પકડવાના બાકી છે અને કેટલા આરોપીઓ ભાગેડુ જાહેર થયા છે, અને

(૨) ૬૬ ગુન્હામાં આરોપીઓને પકડવાના બાકી છે અને ૧૪ આરોપીઓ ભાગેડુ જાહેર થયા છે.

(૩) પકડવાના બાકી તથા વોન્ટેડ આરોપીઓને

(૩) ગુનેગારોની ધરપકડ કરવાની બાકી છે તેવા તેમજ

પકડવા શી કાર્યવાહી કરી?

વોન્ટેડ આરોપીઓને પકડવા માટે આરોપીઓ મળી આવવાના સંભવિત સ્થળો તથા મિત્રો વર્તુળ, સગા સંબંધી તેમજ આશ્રયસ્થાનોએ તપાસ કરવામાં આવેલ છે. આરોપીઓના મોબાઇલ નંબર મળ્યેથી તેની કોલ ડીટેઇલ મેળવી લોકેશન પર તપાસ કરવામાં આવેલ છે તેમજ ખાનગી રાહે હકીકત મેળવી તને પકડી પાડવા પુરતા પ્રયાસો કરવમાં આવેલ છે.

---------

ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં પોલીસ મહેકમ

* ૧૮૨૫ શ્રી અજીતસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર, સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજુર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) સામેલ પત્રક–ક મુજબ

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં એક વર્ષ કરતાં વધુ સમયથી કુલ ૧૬૮ તથા જુનાગઢ જિલ્લામાં કુલ ૨૪૭ જગ્યાઓ ખાલી છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

પત્રક–ક

| તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર અને સંવર્ગ મંજુર મહેકમની વિગત | | | |
|---|---|---|---|
| ક્રમ | સંવર્ગ | ગીરસોમનાથ | જુનાગઢ |
| ૧ | પોલીસ ઈન્સપેક્ટર (બિન હથિયારી/મહિલા) | ૧૨ | ૧૩ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર | ૨૭ | ૫૭ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર | ૭ | ૯ |
| ૪ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર | ૧૦૧ | ૧૫૮ |
| ૫ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સપેક્ટર | ૩૫ | ૮૪ |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૬૧ | ૧૫૧ |
| ૭ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૫૯ | ૧૨૨ |
| ૮ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૪૪૨ | ૫૨૬ |
| ૯ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૬૪ | ૫૭૬ |

---------

ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં પોલીસ મહેકમ

* ૧૮૪૦ શ્રી સંજયભાઇ સોલંકી(જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ ભરૂચ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર, સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં

જવાબ

(૧) સામેલ પત્રક–ક મુજબ

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી રહેલ જગ્યા ભરૂચ જિલ્લામાં કુલ–૩૫૫ તથા છોટાઉદેપુર જિલ્લામાં કુલ–૩૦૨ છે.

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે

આવશે?

આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહિ.

પત્રક–ક

| ક્રમ | સંવર્ગ | ભરૂચ | છોટાઉદેપુર |
|---|---|---|---|
| ૧ | પોલીસ ઇન્સપેક્ટર (બિન હથિયારી/મહિલા) | ૨૨ | ૬ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર | ૬૫ | ૧૯ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર | ૭ | ૭ |
| ૪ | બિન હથિયારી આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર | ૧૫૯ | ૬૬ |
| ૫ | હથિયારી આસિસ્ટન્ટ સબ ઇન્સપેક્ટર | ૬૬ | ૩૯ |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૩૨૭ | ૧૧૯ |
| ૭ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૧૬ | ૭૯ |
| ૮ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૯૫૮ | ૨૮૧ |
| ૯ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૬૦૪ | ૩૩૬ |

---------

તાપી અને વલસાડ જિલ્લામાં દારૂ વિરૂધ્ધ ફરીયાદ

* ૧૮૪૭ શ્રી પુનાભાઇ ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને વલસાડ જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓ વિરૂદ્ધ કેટલી ફરીયાદો મળી, અને

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા/શહેરનું નામ | દારૂના બુટલેગરો/ અડ્ડાઓ વિરૂધ્ધ મળેલ ફરીયાદો |
| તાપી જિલ્લો (શહેર સહિત) | ૧૦ |
| વ્યારા શહેર | ૦૫ |
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૦૭ |
| વલસાડ શહેર | ૦૦ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | |
| જિલ્લા/શહેરનું નામ | દારૂના બુટલેગરો/ અડ્ડાઓ વિરૂધ્ધ મળેલ ફરીયાદો |
| તાપી જિલ્લો (શહેર સહિત) | ૧૩ |
| વ્યારા શહેર | ૦૩ |
| વલસાડ જિલ્લો (શહેર સહિત) | ૦૮ |
| વલસાડ શહેર | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરી?

(૨) મળેલ અરજીઓ અન્વયે તપાસ કરેલ છે, જ્યાં ગુનાહીત પ્રવૃત્તિ જણાયેલ છે ત્યાં આવી ગુનાહીત પ્રવૃત્તિ કરનારા ઇસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

બનાસકાંઠા અને તાપી જિલ્લામાં ધર્મપરિવર્તન માટે મંજૂરી

* ૧૭૧૫ શ્રી નાથાભાઇ પટેલ(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કયા ધર્મના કેટલા વ્યક્તિઓએ ધર્મપરિવર્તન કરવા માટે મંજૂરી માંગી, | (૧) અને (૨) પરિશિષ્ટ-અ મુજબ % |
| (૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને | |
| (૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં? | (૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે. |

પરિશિષ્ટ-અ

| ક્રમાંક | જિલ્લાનું નામ | વર્ષ | તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ધર્મ પરિવર્તન માટે મળેલ અલગ અલગ ધર્મની વ્યક્તિઓની અરજીઓની વિગત. | | | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજુરીની વિગત. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હિંદુ | મુસ્લિમ | શીખ | ખ્રિસ્તી | પારસી | બૌદ્ધ | |
| ૧ | બનાસકાંઠા | ૨૦૧૬ | ૧૯૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | | ૨૦૧૭ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | તાપી | ૨૦૧૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | | ૨૦૧૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

### આણંદ અને વડોદરા શહેર/જિલ્લામાં વિદેશી દારૂનાં સંગ્રહ/વેચાણનાં પરવાના

* ૧૮૬૯ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નશાબંધી આબકારી મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા આણંદ અને વડોદરા શહેર જિલ્લામાં વિદેશી દારૂના સંગ્રહ અને વેચાણના છેલ્લા બે વર્ષમાં કેટલા પરવાના આપવામાં આવેલ છે, અને | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત સ્થિતિએ સરકારને પરવાનેદાર દીઠ કેટલી આવક મળી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ શહેરને મેટ્રો સીટી જાહેર કરવા બાબત

* ૧૮૬૩ શ્રી પુંજાભાઇ વંશ(ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ અમદાવાદ શહેરને મેટ્રો સીટી જાહેર કરવા માટે સરકારે છેલ્લા બે વર્ષમાં શું કાર્યવાહી કરી, | (૧) અમદાવાદ શહેરને મેટ્રો સીટી જાહેર કરવા માટેની કાર્યવાહી ભારત સરકાર દ્વારા કરવાની રહે છે. |
| (૨) અમદાવાદને ક્યાં સુધીમાં મેટ્રો સીટી જાહેર કરવામાં આવશે, અને | (૨) ખંડ (૧) જોતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મેટ્રો સીટી જાહેર કરવાથી કયાં પ્રકારના ફાયદા થશે? | (૩) ખંડ (૧) જોતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### આણંદ અને વડોદરા જિલ્લામાં ધર્મપરિવર્તન માટે મંજૂરી

* ૧૮૧૨ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર | (૧)અને(૨) પરિશિષ્ટ-અ મુજબ |

કયા ધર્મના કેટલા વ્યક્તિઓએ ધર્મપરિવર્તન કરવા માટે મંજૂરી માંગી,

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધાં?

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પધ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

પરિશિષ્ટ–અ

| ક્રમાંક | જિલ્લાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ધર્મ પરિવર્તન માટે મળેલ અલગ અલગ ધર્મની વ્યક્તિઓની અરજીઓની વિગત. | | | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજુરીની વિગત. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હિંદુ | મુસ્લિમ | શીખ | ખ્રિસ્તી | પારસી | બૌદ્ધ | |
| ૧ | આણંદ | ૧૨ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૧૫ |
| ૨ | વડોદરા | ૦૯ | ૦૩ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૧૫ |

---------

## કચ્છ અને અમદાવાદ જિલ્લામાં દારૂ વિરૂધ્ધ ફરીયાદ

* ૧૭૧૦ શ્રી સંતોકબેન આરેઠીયા(રાપર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ અને અમદાવાદ જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓ વિરૂધ્ધ કેટલી ફરિયાદો મળી, અને

જવાબ

(૧) તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬

| જિલ્લા/શહેર | દારૂના બુટલેગરો/અડ્ડાઓ વિરૂધ્ધ મળેલ ફરીયાદ |
|---|---|
| કચ્છ જિલ્લો (શહેર સહિત) | ૧૦૭ |
| ભુજ શહેર | ૩૯ |
| અમદાવાદ ગ્રામ્ય | ૩૫ |
| અમદાવાદ શહેર | ૧૧૭૯ |

તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭

| જિલ્લા/શહેર | દારૂના બુટલેગરો/અડ્ડાઓ વિરૂધ્ધ મળેલ ફરીયાદ |
|---|---|
| કચ્છ જિલ્લો (શહેર સહિત) | ૫૮ |
| ભુજ શહેર | ૦૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૦ |
| અમદાવાદ શહેર | ૧૦૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરી?

(૨) મળેલ અરજીઓ અન્વયે તપાસ કરેલ છે. જ્યાં ગુનાહિત પ્રવૃતિ જણાયેલ છે ત્યાં આવી ગુનાહિત પ્રવૃતિ કરનારા ઈસમો વિરૂધ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

## સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં ગાય/ભેંસોની ચોરી

* ૭૮ શ્રી પ્રતાપ દૂધાત(સાવરકુંડલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લાના સાવરકુંડલા તથા લીલીયા તાલુકામાં ૨૦૧૬ અને ૨૦૧૭ ના વર્ષમાં કેટલી ગાયો અને ભેંસોની ચોરીની ગુનાહિત ઘટના બનવા પામી,

(૨) ૩૧ ડિસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ કેટલા

જવાબ

(૧) લીલીયા તાલુકામાં ૨૦૧૭ના વર્ષમાં ભેંસની ચોરીની એક ફરિયાદ નોંધાયેલ છે.

(૨) ૪ આરોપીઓ પકડાયા છે. કોઈ આરોપી

આરોપીઓ પકડાયા અને કેટલા પકડવાનાં બાકી છે, અને

(૩) ચોરી થયેલ કેટલી ગાયો અને ભેંસો આરોપીઓ પાસેથી મેળવીને ઉક્ત સ્થિતિએ મુળ માલીકોને પરત કરવામાં આવી અને કેટલી કતલખાનામાં મોકલ્યાનું સાબિત થયેલ છે?

પકડવાના બાકી નથી.

(૩) એક પણ નહિં.

---------

જુનાગઢ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૭૪ શ્રી જવાહરભાઇ ચાવડા(માણાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જીલ્લા સન ૨૦૧૭માં ખૂન, ચોરી, ધાડ, લુંટ, અપહરણ તથા બળાત્કારના કેટલા ગુન્હાઓ તાલુકાવાર નોંધાયા છે,

જવાબ

(૧)

| તાલુકા | ખૂન | ચોરી | ધાડ | લૂંટ | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|---|
| જૂનાગઢ | ૭ | ૮૦ | ૧ | ૯ | ૨૬ | ૮ |
| મેંદરડા | ૩ | ૩ | ૦ | ૦ | ૩ | ૦ |
| વિસાવદર | ૧ | ૭ | ૦ | ૦ | ૧ | ૪ |
| ભેંસાણ | ૦ | ૨ | ૦ | ૦ | ૬ | ૨ |
| કેશોદ | ૪ | ૧૬ | ૦ | ૩ | ૨ | ૫ |
| વંથલી | ૧ | ૧૧ | ૦ | ૧ | ૬ | ૧ |
| માણાવદર | ૧ | ૬ | ૦ | ૨ | ૨ | ૨ |
| માંગરોળ | ૧ | ૯ | ૦ | ૦ | ૫ | ૪ |
| માળીયા | ૦ | ૫ | ૦ | ૦ | ૬ | ૧ |

(૨) તે પૈકી કેટલા ગુન્હામાં આરોપીઓને તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ પકડવાના બાકી છે અને કેટલા આરોપીઓ ભાગેડું જાહેર થયા છે, અને

(૨) ૩૯ ગુન્હામાં આરોપીઓ પકડવાના બાકી છે અને ૦૧ આરોપી ભાગેડુ જાહેર થયેલ છે.

(૩) પકડવાના બાકી તથા વોન્ટેડ આરોપીઓને પકડવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) વોન્ટેડ આરોપીઓને પકડવા માટે મોબાઈલ ટ્રેસીંગ, કોલ ડીટેલ એનાલીસીસ જેવી પદ્ધતિનો ઉપયોગ કરવામા આવેલ છે. તેમજ સી.આર.પી.સી. કલમ–૭૦,૮૨,૮૩ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. આ સિવાય અવાર–નવાર કોમ્બીંગ નાઇટનું આયોજન કરવામાં આવેલ છે, તેમજ સઘન નાઇટ પેટ્રોલિંગ, મોબાઇલ પેટ્રોલિગ રાખવામાં આવેલ છે, વોન્ટેડ આરોપીઓને પકડવા અસરકારક પરિણામ મળે તે પ્રમાણેની કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ ઉપરી અધિકારી દ્વારા સતત ચેકિંગ કરી પેટ્રોલિંગને અસરકારક બનાવવામાં આવેલ છે. નાઇટ રાઉન્ડ દરમ્યાન અવાર–નવાર વોન્ટેડ આરોપીઓને ચેક કરવામાં આવેલ છે. ભરોસાના બાતમીદારો દ્વારા આવા વોન્ટેડ આરોપીઓને પકડવા માટે બાતમીઓ મેળવવામાં આવેલ છે.

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ પાછળ ખર્ચ અને એમ.ઓ.યુ.

* ૧૭૮૨ શ્રી ભીખાભાઇ જોષી(જૂનાગઢ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ ૨૦૧૫ અને ૨૦૧૭ માં સમિટવાર કુલ કેટલો ખર્ચ થયો,

જવાબ

(૧) રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૫ માં કુલ રૂ.૭૯.૭૩ કરોડ ખર્ચ થયો. વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૭માં (તા.૩૧–૧૨–૨૦૧૭ સુધીમાં) કુલ રૂ.૭૧.૧૮ કરોડનો ખર્ચ થયો.

(૨) સમિટવાર ક્યા સેકટરના ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને

(૩) તે પૈકી કેટલા એમ.ઓ.યુ. વાસ્તવિક રોકાણમાં

(૨) અને (૩) *પત્રક–૧ અને *પત્રક–૨ મુજબ. વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૭માં મૂડીરોકાણ ધ્યાને લેવામાં આવેલ નથી. મોનિટરીંગ સિસ્ટમમાં

પરિણમ્યા અને તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કેટલું મૂડીરોકાણ થયું ?

એમ.ઓ.યુ./ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન કરનાર ઈન્વેસ્ટર દ્વારા રજૂ થતી માહિતીના આધારે મૂડીરોકાણની વિગતો તથા પ્રોજેક્ટના સ્ટેટસની વિગતો અદ્યતન થતી હોય છે. આથી, જ્યારે માહિતી અપટેડ થયેલ હોય તે તારીખ મુજબની હોય છે. જેથી તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ જે ખરેખર મૂડીરોકાણ થયું હોય તે સિસ્ટમમાં જોવા મળતું નથી. પરંતુ, જે તારીખે માહિતી મળી હોય અને અપટેડ થયેલ હોય તે તારીખની હોય છે. આથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ એમ.ઓ.યુ. /ઈન્વેસ્ટમેન્ટ ઈંટેન્શન પ્રોજેક્ટોમાં થયેલ મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થતી નથી. સિસ્ટમમાં જે મૂડીરોકાણની વિગતો ઉપલબ્ધ થાય છે, તેનાથી વધારે મૂડી રોકાણ થયેલ હોઈ શકે. મૂડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મૂડીરોકાણ થવાનું ચાલતું રહે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં પોલીસ મહેકમ

* ૧૭૦૭ શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જીલ્લાવાર, સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજુર થયેલ છે, | (૧) સામેલ પત્રક-અ મુજબ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં એક વર્ષ કરતા વધુ સમયથી કચ્છ-પશ્ચિમમાં કુલ-૧૯૫ અને કચ્છ-પૂર્વમાં કુલ-૧૭૨ તથા બનાસકાંઠા જિલ્લામાં કુલ-૪૧૦ જગ્યાઓ ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહીં. |

પત્રક-અ

| ક્રમ | સંવર્ગ | કચ્છ | | બનાસકાંઠા |
|---|---|---|---|---|
| | | પશ્ચિમ | પૂર્વ | |
| ૧ | પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી/ મહિલા) | ૧૭ | ૧૪ | ૧૭ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૫૧ | ૪૭ | ૬૫ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૮ | ૫ | ૯ |
| ૪ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૨૦૫ | ૧૧૯ | ૨૬૪ |
| ૫ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૮૪ | ૪૨ | ૬૪ |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૨૮૩ | ૧૮૨ | ૩૧૭ |
| ૭ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૬૮ | ૪૯ | ૧૩૫ |
| ૮ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૭૪૮ | ૪૫૬ | ૮૧૦ |
| ૯ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૭૯૬ | ૩૭૬ | ૬૬૦ |

## અતારાંકિત પ્રશ્નો

---------

### વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક રોજગારી

* ૧૮૯૩ શ્રી મહેશકુમાર પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૩ અને ૨૦૧૫ માં યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં બનાસકાંઠા જિલ્લામાં ઉદ્યોગ સ્થાપવા થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ કેટલા પ્રોજેક્ટમાં કેટલા સ્થાનિક બેરોજગારોને રોજગારી ૩૧–ડીસેમ્બર–૨૦૧૭ની સ્થિતિએ પૂરી પાડવામાં આવી છે, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં થતા એમ.ઓ.યુ./ ઇન્વેસ્ટમેન્ટ ઇન્ટેન્શનમાં ઉદ્યોગકારો દ્વારા સ્થાનિક રોજગારીની માહિતી આપવામાં આવતી નથી. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૩ સમિટમાં બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ ૨૦૪ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે, જેમાં ૨૬૩૧ રોજગારી ઊભી થયેલ છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ સમિટમાં ૨૨૬ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. જેમાં ૨૮૯૦ રોજગારી ઊભી થયેલ છે. |
| (૨) જાહેરાત મુજબ એમ.ઓ.યુ. કરનાર ઉદ્યોગો રોજગારી પૂરી પાડવામાં નિષ્ફળ જવાના શા કારણો છે ? | (૨) વ્યક્તિગત કારણોસર, પ્રોજેક્ટ માં આધુનિક મશીનરી તથા નવી આધુનિક ઉત્પાદન પ્રક્રિયા અપનાવવાના કારણે, બજારની પરિસ્થિતિ, બિઝનેસ પ્લાનમાં ફેરફાર પ્રોજેક્ટની આર્થિક પોષણક્ષમતામાં ફેરફાર વિગેરે કારણોસર |

---------

### રાજ્યમાં નવા બંદરો વિકસાવવા બાબત

* ૧૭૮૮ શ્રી બાબુભાઇ વાજા(માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કયા ક્યા નવા બંદરો જાહેર કરવામાં આવ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ નવા બંદર જાહેર કરવામાં આવ્યા નથી. પરંતુ હયાત બંદરો માં બંદરીય સુવિધાઓ વિકસાવવા માટે મંજુરી આપવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કયા કયા બંદરો ખાનગી એકમો દ્વારા કયા કયા હેતુ માટે વિકસાવવાનું આયોજન છે, અને | (૨) હયાત બંદરોમાં ખાનગી એકમો દ્વારા કેપ્ટિવ કાર્ગો એલ.એન.જી. કાર્ગો વગેરે માટે નીચે મુજબની બંદરીય સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે.<br>૧. મે.અદાણી પોર્ટ એસઇઝેડ લિમિટેડ દ્વારા મુંદ્રા ખાતે નવા કન્ટેનર ટર્મિનલ બર્થ અને એલ.એન.જી. ટર્મિનલ બર્થ વિકસાવવાનું આયોજન છે.<br>૨. મે.અદાણી હજીરા પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હજીરા ખાતે ૩૦૦મી લંબાઈ ના મલ્ટિપર્પઝ બર્થ વિકસાવવાનું આયોજન છે.<br>૩. છારા બંદર ખાતે મે.એચ.એસ.પી.એલ. ને સબ કન્સેશનમાં એલ.એન.જી.ટર્મિનલ બાંધવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ક્યા કયા બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી છે ? | (૩) ઉક્ત સ્થિતિએ કોઈ પણ બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી નથી. |

---------

### રાજ્યમાં નવા બંદરો વિકસાવવા બાબત

* ૧૮૦૩ શ્રી અમરીશભાઇ ડેર(રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કયા ક્યા નવા બંદરો જાહેર કરવામાં આવ્યા છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કોઈ નવા બંદર જાહેર કરવામાં આવ્યા નથી. પરંતુ હયાત બંદરો માં બંદરીય સુવિધાઓ વિકસાવવા માટે મંજુરી આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી કયા કયા બંદરો ખાનગી એકમો દ્વારા કયા કયા હેતુ માટે વિકસાવવાનું આયોજન છે, અને

(૨) હયાત બંદરોમાં ખાનગી એકમો દ્વારા કેપ્ટિવ કાર્ગો એલ.એન.જી. કાર્ગો વગેરે માટે નીચે મુજબની બંદરીય સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે.

૧. મે.અદાણી પોર્ટ એસઈઝેડ લિમિટેડ દ્વારા મુંદ્રા ખાતે નવા કન્ટેનર ટર્મિનલ બર્થ અને એલ.એન.જી. ટર્મિનલ બર્થ વિકસાવવાનું આયોજન છે.
૨. મે.અદાણી હજીરા પોર્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા હજીરા ખાતે ૩૦૦મી લંબાઈ ના મલ્ટિપર્પઝ બર્થ વિકસાવવાનું આયોજન છે.
૩. છારા બંદર ખાતે મે.એચ.એસ.પી.એલ. ને સબ કન્સેશનમાં એલ.એન.જી.ટર્મિનલ બાંધવાનું આયોજન છે.

(૩) ઉક્ત સ્થિતિએ ક્યા કયા બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી છે ?

(૩) ઉક્ત સ્થિતિએ કોઈ પણ બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી નથી.

---------

પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં ધર્મપરિવર્તન માટે મંજૂરી

* ૧૭૧૯ શ્રી અલ્પેશ ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લાવાર કયા ધર્મના કેટલા વ્યકિતઓએ ધર્મપરિવર્તન કરવા માટે મંજૂરી માંગી,

(૧) અને (૨) પરિશિષ્ટ- અ મુજબ

(૨) તે અન્વયે કેટલી વ્યક્તિઓને ધર્મ પરિવર્તનની મંજૂરી આપવામાં આવી, અને

(૩) રાજ્યમાં ધર્મ પરિવર્તન અટકાવવા રાજ્ય સરકારે શું પગલાં લીધા?

(૩) ધર્મ પરિવર્તન માટે અનુસરવાની પદ્ધતિ અંગે રાજ્ય સરકાર દ્વારા વિગતવાર માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવી છે.

પરિશિષ્ટ-અ

| ક્રમાંક | જિલ્લાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધર્મ પરિવર્તન માટે મળેલ અલગ અલગ ધર્મની વ્યક્તિઓની અરજીઓની વિગત. | | | | | | તે અન્વયે આપવામાં આવેલ મંજુરીની વિગત. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હિંદુ | મુસ્લિમ | શીખ | ખ્રિસ્તી | પારસી | બૌદ્ધ | |
| ૧ | પાટણ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨. | છોટાઉદેપુર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

---------

સુરત અને રાજકોટ શહેરની પડતર ટી.પી. સ્કીમ બાબત

* ૧૮૪૪ શ્રી આનંદભાઈ ચૌધરી(માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૭ ની સ્થિતિએ ટાઉન પ્લાન (ટી.પી.) સ્કીમોની મંજૂરી માટેની સુરત અને રાજકોટ શહેરની કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે,

(૧) સુરત - ૧૦
રાજકોટ - ૧૫.

(૨) પડતર દરખાસ્તો પૈકી કેટલી દરખાસ્તો એક

(૨)

વર્ષ, ત્રણ વર્ષ અને ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

| | સુરત | રાજકોટ |
|---|---|---|
| – એક વર્ષ – | ૩ | ૫ |
| – ત્રણ વર્ષ – | ૩ | ૯ |
| – ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી | ૪ | ૧ |

(૩) ઉક્ત દરખાસ્તોની મંજૂરી નહીં આપવાના કારણો શાં છે અને કેટલા સમયમાં મંજુરી આપવામાં આવશે ?

(૩) સત્તામંડળ દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજનામાં મૂળ રજુઆતો અને યોજનાનું અન્ય સાહિત્ય સાથે યોજનાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૮ હેઠળ સરકારની મંજૂરી અર્થે સાદર કરવામાં આવે છે. મંજૂરી માટે રજુ થયેલ મુસદ્દારૂપ યોજના અને સાહિત્યની ચકાસણી, યોજના સંદર્ભે મળેલ વાંધા સુચનો ધ્યાને લઇ યોજનાને મંજુર/નામંજુર અથવા પરત મોકલવાની હોય યોજના કેટલા સમયમાં મંજુર કરી શકાશે તે સમયમર્યાદા નક્કી કરી શકાય નહિ.

નગર રચના અધિકારી દ્વારા જરૂરી કાર્યવાહી કર્યા બાદ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનયમ ૧૯૭૬ ની કલમ–૬૪ હેઠળ સરકારમાં યોજના મંજૂરી અર્થે રજુ કરવામાં આવે છે. રજુ થયેલ દરખાસ્ત સરકાર કાયદાની જોગવાઇઓ મુજબ ક્ષતિ, અવિધિસરતા અને અનિયમિતતા વિગેરે બાબતે, તેમજ મળેલ જુદી જુદી રજુઆતો બાબતે કાયદાની જોગવાઇઓ મુજબ યોજના મંજુર/નામંજુર કરવાની રહેતી હોય, સમયમર્યાદા નક્કી કરી શકાય નહિ.

---------

## અરવલ્લી જિલ્લામાં આઉટ પોસ્ટ પોલીસ ચોકીના મકાન

* ૧૮૮૩ ડૉ. અનીલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કેટલી આઉટ પોસ્ટ પોલીસ ચોકીઓ આવેલી છે,

(૨) તે પૈકી કેટલી પોલીસ ચોકીઓના મકાનો બનેલા છે, અને કેટલી પોલીસ ચોકીઓના મકાનો બાંધકામના બાકી છે, અને

(૩) આ મકાનો ક્યા સુધીમાં બાંધવામાં આવશે ?

જવાબ

(૧) ૧૮ આઉટ પોસ્ટ
૦૧ પોલીસ ચોકી

(૨) ૧૧– આઉટ પોસ્ટના મકાનો બનેલા છે.
૭–આઉટ પોસ્ટ અને ૧–પોલીસ ચોકીના મકાનો બાંધવાના બાકી છે.

(૩) ૧– આઉટ પોસ્ટ અને ૧–ચોકીના બાંધકામ માટે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે, ૬–આઉટ પોસ્ટના બાંધકામનો સને ૨૦૧૮–૧૯ ની અગ્રતાયાદીમાં સમાવેશ કરેલ છે.

---------

## રાજકોટ અને મોરબી જિલ્લામાં દારૂ વિરુદ્ધ ફરિયાદ

* ૧૮૩૮ શ્રી અક્ષયકુમાર પટેલ(કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને મોરબી જિલ્લા/શહેરમાં દારૂના બુટલેગરો/અડ્ડાઓ વિરૂદ્ધ કેટલી ફરિયાદો મળી, અને

જવાબ

(૧)

| તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા/શહેર | મળેલ ફરીયાદો |
| રાજકોટ શહેર | ૦૦ |
| રાજકોટ ગ્રામ્ય | ૧૮ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૨૨ |
| મોરબી શહેર | ૦૫ |
| તા.૦૧–૦૧–૨૦૧૭ થી તા.૩૧–૧૨–૨૦૧૭ | |

| જિલ્લા/શહેર | મળેલ ફરીયાદો |
|---|---|
| રાજકોટ શહેર | ૦૪ |
| રાજકોટ ગ્રામ્ય | ૪૩ |
| મોરબી જિલ્લા (શહેર સહિત) | ૩૦ |
| મોરબી શહેર | ૦૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરી ?

(૨) મળેલ અરજીઓ અન્વયે તપાસ કરેલ છે. જ્યાં ગુનાહીત પ્રવૃત્તિ જણાયેલ છે ત્યાં આવી ગુનાહીત પ્રવૃત્તિ કરનારા ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

મહીસાગર અને અમરેલી જિલ્લામાં પોલીસ મહેકમ

* ૧૮૨૬ શ્રી અજીતસિંહ ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર અને અમરેલી જિલ્લામાં જીલ્લાવાર, સંવર્ગવાર પોલીસ મહેકમ કેટલું મંજુર થયેલ છે,

(૧) સામેલ પત્રક–ક મુજબ

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં એક વર્ષ કરતા વધુ સમયથી કુલ–૧૦૫ ખાલી છે. તેમજ અમરેલી જિલ્લામાં એક વર્ષ કરતા વધુ સમયથી કુલ–૨૩૬ જગ્યાઓ ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીના ફાળે આવતી જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીના ફાળે આવતી જગ્યાઓ બઢતીથી ભરવા અંગેની નિયત પ્રક્રિયા હાથ ધરી જગ્યાઓ ભરવામાં આવતી હોય છે. જગ્યાઓ ખાલી પડવાની અને ભરવાની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે. આથી, આ જગ્યાઓ ભરવા બાબતે ચોક્કસ સમયમર્યાદા નિયત કરી શકાય નહીં.

પત્રક–ક

| ક્રમ | સંવર્ગ | મહીસાગર | અમરેલી |
|---|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેક્ટર (બિન હથિયારી/ મહિલા) | ૭ | ૧૪ |
| ૨ | બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૧૬ | ૪૪ |
| ૩ | હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૮ | ૭ |
| ૪ | બિન હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૫૬ | ૧૯૦ |
| ૫ | હથિયારી આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર | ૪૧ | ૫૨ |
| ૬ | બિન હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૧૦૨ | ૨૧૯ |
| ૭ | હથિયારી હેડ કોન્સ્ટેબલ | ૬૫ | ૧૧૨ |
| ૮ | બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૨૫૮ | ૫૩૭ |
| ૯ | હથિયારી પોલીસ કોન્સ્ટેબલ | ૩૩૦ | ૬૦૪ |

---------

ભરૂચ અને ગાંધીનગર જિલ્લામાં દારૂ વિરુદ્ધ ફરિયાદ

* ૧૮૪૧ શ્રી સંજયભાઇ સોલંકી(જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ અને ગાંધીનગર જિલ્લા / શહેરમાં દારૂના બુટલેગરો / અડ્ડાઓ વિરૂદ્ધ કેટલી ફરિયાદો મળી, અને

(૧)

| તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૧૨/૨૦૧૬ | |
|---|---|
| જિલ્લા/શહેરનું નામ | દારૂના બુટલેગરો / અડ્ડાઓ વિરૂદ્ધ મળેલ ફરીયાદો |

| | |
|---|---|
| ભરૂચ જીલ્લો (શહેર સહિત) | ૧૦૬ |
| ભરૂચ શહેર | ૩૩ |
| ગાંધીનગર જીલ્લો (શહેર સહિત) | ૧૭૭ |
| ગાંધીનગર શહેર | ૧૧ |
| તા.૦૧/૦૧/૨૦૧૭ થી તા.૩૧/૧૨/૨૦૧૭ | |
| જિલ્લા/શહેરનું નામ | દારૂના બુટલેગરો / અડ્ડાઓ વિરૂદ્ધ મળેલ ફરીયાદો |
| ભરૂચ જીલ્લો (શહેર સહિત) | ૧૪૭ |
| ભરૂચ શહેર | ૨૯ |
| ગાંધીનગર જીલ્લો (શહેર સહિત) | ૧૯૬ |
| ગાંધીનગર શહેર | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે અંગે સરકાર દ્વારા શું કાર્યવાહી કરી ?

(૨) મળેલ અરજીઓ અન્વયે તપાસ કરેલ છે. જ્યાં ગુનાહીત પ્રવૃત્તિ જણાયેલ છે ત્યાં આવી ગુનાહીત પ્રવૃત્તિ કરનારા ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**સંકલ્પના સ્વરૂપ અંગે**

શ્રી પૂંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. હું વિધાનસભાના નિયમ ૧૧૮ ઉપર સંકલ્પોના સ્વરૂપને લગતો મારો પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરી રહ્યો છું અને આપનું ધ્યાન દોરવા માગું છું તથા આપનું માર્ગદર્શન આ ગૃહને મળી રહે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમોમાં જણાવેલ બંધનોને આધિન રહીને સામાન્ય જાહેર હિતને લગતી કોઇપણ બાબત ઉપર સંકલ્પ રજૂ કરી શકાય એમ છે. પરંતુ જે કોઇ સંકલ્પ નીચેની શરતો અનુસાર ન હોય તો તે દાખલ કરી શકાશે નહીં. એટલે કે (ક) તે સ્પષ્ટ અને મુદ્દાસર હોવો જોઇએ અને તેમાં કોઇ ચોક્કસ મુદ્દો ઉઠાવેલો હોવો જોઇએ. આપના દ્વારા જે પેપર બહાર પાડવામાં આવ્યું છે, શુક્રવાર, તારીખ ૨૩મી ફેબ્રુઆરીના રોજ તેમાં માનનીય સભ્યશ્રી હિતુભાઇ કનોડિયાનો જે સંકલ્પ દાખલ કરવામાં આવ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, સંકલ્પના સ્વરૂપની ચર્ચા કરવાની હોય તો મારી ચેમ્બરમાં રિકવેસ્ટ કરી શક્યા હોત. આ પ્રશ્ન પોઈન્ટ ઓફ ઓર્ડરનો બનતો નથી. ક્ષમા કરજો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : ભૂતકાળમાં આ પ્રકારની સ્થિતિ નિર્માણ થઇ છે એટલા માટે ગૃહનું અને આપનું ધ્યાન દોરું છું કે આ સંકલ્પમાં કોઇ સ્પષ્ટ મુદ્દો નથી. કોઇ એક વિભાગ નથી. ગૃહની વ્યવસ્થાનો ભાગ છે. ભૂતકાળમાં આ પ્રકારના સંકલ્પો રજૂ કરવામાં આવ્યા છે ત્યારે ....(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ ખૂબ સિનિયર છો. ગૃહની કાર્યવાહી આગળ વધે તે માટે આદર સાથે આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું. (અંતરાય) સાંભળી લીધું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મોટાભાગના મુદ્દા કૃષિ, રમત-ગમત, ગ્રામ વિકાસ, જળસંપત્તિ અને પાણી પુરવઠા, પંચાયત વિભાગ આ બધા વિભાગો આમાં સંકળાયેલા છે.

અધ્યક્ષશ્રી : પુંજાભાઇ, નામંજૂર કર્યા પછી આદર સાથે આપને વિનંતી કરું છું કે આપ સ્થાન ઉપર બેસી જાઓ. આપનું સ્થાન લો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : આ વ્યવસ્થા બરાબર નથી.

અધ્યક્ષશ્રી : આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો છે. આપ આપનું સ્થાન લો. (અંતરાય) આપને સાંભળી લીધા. (અંતરાય) પ્રાથમિક રીતે પણ પોઈન્ટ ઓફ ઓર્ડર નથી બનતો. આપે ધ્યાન દોર્યું, મારા ધ્યાનમાં આવી ગયું. આપ બેસી જાઓ.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : ભૂતકાળમાં આ વિધાનસભામાં સંકલ્પો નામંજૂર કર્યા છે.

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## મંત્રીશ્રીના પ્રસ્તાવ

શ્રી પરેશ ધાનાણી : મારી વિનંતી છે કે પોઈન્ટ ઓફ ઓર્ડર એટલે આપના મારફત આ ગૃહનું ધ્યાન દોરવા માટે આ ગૃહના દરેક સભ્યને (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારા નિર્ણયની આપ ટીકા કરવા માગો છો? (અંતરાય) તો આપ બોલી રહ્યા છો એ યોગ્ય નથી લાગતું. હું સારી રીતે સમજ્યો છું અને નામંજૂર કરું છું પછી આની ચર્ચા ન હોય, નેક્સ્ટ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારી વિનંતી છે, આ ચેર છે એની ગરિમા છે અને એને હંમેશા અમે સન્માનથી જોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : એ સન્માન અને આદર સાથે પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરું છું. એનાથી વધારે શું કહું?

શ્રી પરેશ ધાનાણી : આ ગૃહની થોડી પરંપરાઓ છે. આપને વિનંતી કરીએ, માનનીય પ્રદિપસિંહભાઇ, ભૂપેન્દ્રસિંહ ખૂબ અનુભવી લોકો છે. ચર્ચાનું સ્તર સુધરે એટલા માટે આ ગૃહમાં નિયમોથી વિરુદ્ધ અજાણતામાં દાખલ થયો હોય, આપના મારફત જે રીતે વિનંતી કરતા હોઇએ (અંતરાય) કન્ટેનને સાંભળો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : કન્ટેન્ટ ૧૦ મિનિટ ન હોય. નિયમો વાંચી લીધા છે. પુંજાભાઇ, વારે–ઘડિયે આમ ન કરો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : એક નવી પરંપરા ચાલુ થઇ રહી છે.

અધ્યક્ષશ્રી : (અંતરાય) આ પરંપરાના નામ ઉપર તમે ખોટી પરંપરા પાડી રહ્યાં છો. આપ બેસી જાવ. આદરણીય પૂંજાભાઇ આપ બેસી જાવ પ્લીઝ. આપ બેસી જાવ. આપના સિનિયર સભ્ય મેં કદી જોયું નથી કે આવું કહેવું પડે. પ્લીઝ, નથી સાંભળવું કાંઇ, બેસી જાવ. નેક્સ્ટ.

**મંત્રીશ્રીના પ્રસ્તાવ**

**શિક્ષણમંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપરની ચૂંટણી અંગે**

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ ૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો પેટા કલમ–૧૦ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના પાંચ સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની ચૂંટણી કરવા અંગે**

શ્રી ગણપતસિંહ વે. વસાવા ( આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ ભારતના બંધારણના પરિશિષ્ટ–૫ ના ફકરા–૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા.૧૯–૦૮–૬૦ના જાહેરનામાં ક્રમાંક–ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રિતિનિધિઓ પૈકી પંદર સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**સહકાર મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત રાજ્ય સહકારી પરિષદની ચૂંટણી કરવા અંગે**

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ ( ( સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સને ૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ–૧૫૬(૧) (૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**ગુજરાત રાજ્ય પંચાયત પરિષદની ચૂંટણી કરવા અંગે**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ સન ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ની પેટા કલમ–૧(ગ)ના ખંડ–(૬) મુજબ રાજ્ય પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**યુનિવર્સિટીની સેનેટ ઉપર સભ્યોની ચૂંટણીના કાર્યકર્મની જાહેરાત**

અધ્યક્ષશ્રી : હવે, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર પાંચ, ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત કાઉન્સિલ ઉપર ત્રણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવસિર્ટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવસિર્ટીની કોર્ટ ઉપર એક ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટે અને અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

| | | |
|---|---|---|
| ૧ | નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય... | શુક્રવાર, તા.૧૬-૦૩-૨૦૧૮ સાંજના ૬.૦૦ વાગ્યા સુધી. |
| ૨ | નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ... | શનિવાર, તા.૧૭-૦૩-૨૦૧૮ બપોરના ૩.૦૦ વાગે. ના.સ.શ્રી એમ.આઇ.મહેતાની ચેમ્બરમાં. |
| ૩ | નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય... | મંગળવાર, તા.૨૦-૦૩-૨૦૧૮ સાંજના ૫.૦૦ વાગ્યા સુધી. |
| ૪ | મતદાન, જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ... | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામ-નિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલા માળે આવેલી સમિતિ શાખા-૧માંથી મળી શકશે.

**વિધેયક સરકારી**

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૫**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮**

**ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવસિર્ટી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૧૮નું ગુજરાત ખાનગી યુનિવસિર્ટી (સુધારા) વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯માં પહેલીવાર રાજ્યમાં ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધે અને વિદ્યાર્થીને સરકારની સાથે સાથે પણ ખાનગી શિક્ષણનો વિકલ્પનો લાભ મળે એ હેતુથી જે તે વખતે ૨૦૦૯માં આ વિધાનસભાગૃહની અંદર ખાનગી યુનિવસિર્ટી એક્ટ અમલમાં આવ્યો. એ પહેલાં રાજ્યમાં છ યુનિવસિર્ટીઓ પણ હતી, ધીરુભાઇ અંબાણી, નિરમા યુનિવસિર્ટી, સેપ્ટ યુનિવસિર્ટી, ધરમસિંહ દેસાઇ યુનિવસિર્ટી, ગણપત યુનિવસિર્ટી અને કડી યુનિવસિર્ટી. આ અગાઉની અને નવા એક્ટ પછી એકસુત્રતા જળવાઇ રહે એ હેતુથી એનું પ્રાવધાન રાખીને ૨૦૦૯ની અંદર આ એક્ટ ઘડવામાં આવ્યો. ૨૦૦૯ પછીથી અત્યાર સુધી તબક્કાવાર ગુણવત્તા ચકાસીને, વ્યવસ્થા ચકાસીને, યોગ્યતા ચકાસીને વૈશ્વિક હરિફાઇ ગુજરાતનો વિદ્ધાર્થી પણ કરી શકે, જેમણે આ ક્ષેત્રની અંદર કામ કરીને કાંઇક સમાજને યોગદાન આપ્યું છે એને પણ તક મળવી જોઇએ આ બધું ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર પણ સરકારી યુનિવસિર્ટી પણ વધારે છે અને આવી વ્યવસ્થા અને માનસિકતા ધરાવતા સમાજને ઉપયોગી થાય એવા ટ્રસ્ટો હોય, સેવાભાવી સંસ્થાઓ હોય કે શૈક્ષણિક સંસ્થાઓ હોય એમના દ્વારા ખાનગી યુનિવસિર્ટી પણ ગુજરાતમાં અમલમાં આવી છે. આજે હું એવી જ એક ઉત્તર ગુજરાતની એક શૈક્ષણિક સંસ્થા ગોકુલ ગ્લોબલ યુનિવસિર્ટીનો મુસદ્દો લઇને સુધારા લઇને હું આવ્યો છું. આ ફાઉન્ડેશનની સ્થાપના ૨૦૦૯માં થઇ. ગુજરાતમાં ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં ખેરવા, ગણપત યુનિવર્સિટી પછી હમણા જ ૨૦૧૫-૧૬માં વિસનગર ખાતે સાંકળચંદ યુનિવર્સિટી અને આ ત્રીજી યુનિવર્સિટી. રાજ્ય સરકારની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી તો છે જ અને પાટણ અને બનાસકાંઠામાં બીજી કોઇ યુનિવર્સિટી નહોતી. આ યુનિવર્સિટી આ બે જિલ્લાના વિકાસ માટે ખૂબ પાયાનું કામ કરશે એવી શ્રદ્ધા છે. આ

* વિધેયક તા.૨૧મી ફેબ્રુઆરી,૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ફાઉન્ડેશન પાસે અત્યારે ૯ કોલેજો, જેમાં ડિગ્રી, ડિપ્લોમા એન્જીનીયરીંગ, ફીઝીયોથેરાપી, લો, સાયન્સ, કોમર્સ, નર્સિંગ, આર્કીટેકચર આવી બધી ફેકલ્ટીઓ અત્યારે પોતાના સંકુલમાં અલગ અલગ કક્ષાએ ચલાવે છે. સંસ્થા બીજી યુનિવર્સિટી સંલગ્ન ચલાવે અને પોતે ચલાવે એમાં થોડો તફાવત છે. પોતાના ઉદ્યોગને, વિસ્તારને, વિદ્યાર્થીઓને, સમાજને જરૂરિયાત મુજબ નવા નવા અભ્યાસક્રમો ઘડવા, ચલાવવા, સુધારવા, યુનિવર્સિટી સક્ષમ બને અને ગ્લોબલ કક્ષાએ પહોંચે એના માટેનો પ્રયત્ન કરવા માટે આ સંસ્થા આતુર છે. પોતાની રીતે નવા સંશોધનો કરીને ઉચ્ચ અભ્યાસક્રમમાં આવશ્યક ફેરફારો કરે અને આજે જયારે માનનીય વડાપ્રધાનશ્રી જે આજના યુવાન માટે સ્કીલ ઈન્ડીયા, સ્ટાર્ટ અપ ઈન્ડીયા, સ્ટેન્ડ અપ ઈન્ડીયા, મેઈક ઇન ઈન્ડીયા, ડીઝીટલ ઈન્ડીયા એમાં કદમથી કદમ મિલાવવા માટે આ સંસ્થાએ ઉત્સુકતા બતાવી છે. આ યુનિવર્સીટીને વિશ્વ કક્ષાની અન્ય યુનિવર્સિટીઓ દા.ત. યુ. કે. ની De-Montfort, Leicester અને કેનેડાની Saskatchewan Polytechnic સાથે જોડાણ પણ કર્યું છે. આ યુનિવર્સિટીનો વિસ્તાર એવો છે કે જયાં આજુબાજુ બીજી કોઇ યુનિવર્સિટીઓ પણ નથી. દર વર્ષે ગુજરાતમાં ચાલુ/નવા કોર્સીસની માંગ જે આવતી જાય છે એને ધ્યાનમાં રાખીને પણ કોલેજોના કલસ્ટરને સામેલ કરી યુનિવર્સિટી બને તો વિદ્યાર્થીઓને આજે અને ભવિષ્યમાં પણ લાભ થાય. આ યુનિવર્સિટી ઈન્કયૂબેશન સેન્ટર પણ શરૂ કરવા માગે છે. માનનીય વડાપ્રધાનશ્રીએ એક સ્ટાર્ટઅપ યોજના શરૂ કરી છે. સભાગૃહના ધ્યાન ઉપર મૂકું છું કે આજકાલનો યુવાન સંશોધન કરે છે, રીસર્ચ કરે છે અને સમાજને જે કંઇ સમસ્યા છે એનો ઉકેલ આપે છે પણ એની પાસે વ્યવસ્થા નથી હોતી. કયાં બેસવું, કયાં પ્રયોગ કરવો, કયાં ચર્ચા કરવી, કયાં માર્ગદર્શન મેળવવું, આ બધી બાબતો માટે પણ ઈન્કયૂબેશન સેન્ટર જોઈએ. ઈન્કયૂબેટરને બેસવા માટે. રાજય સરકારે આવા ઈન્કયુબેટર હોય તો એને માસિક ૧૦૦૦૦ રૂપિયા ૧૨ મહિના સુધી આપવાની અને દરેક સરકારી યુનિવર્સિટીમાં બેસવાની વ્યવસ્થા પણ કરી છે અને હમણા અહીંયા ઈઝરાઈલના વડાપ્રધાન સાથે જયારે આપણા વડાપ્રધાન આવ્યા ત્યારે સન્માનનીય ગૃહને માહિતી માટે અને જેને પણ રસ હોય તો મને કહેજો વ્યવસ્થા કરીશું. આખા વિશ્વમાં ન હોય એવી સંસ્થા આઇ ક્રીએટ. આજના યુવાન માટે એક પ્રેરણા મળે, પ્રોત્સાહન મળે અને હું કંઇક કરી શકું છું. આઇ કેન એવો ભાવ પેદા થાય એટલા માટે આઇ ક્રીએટમાં પણ હું તમને બધાને આમંત્રણ આપું છું. અત્યારના જે અભ્યાસક્રમો છે અને બીજા નવતર અભ્યાસક્રમો આ સંસ્થા સ્કૂલ ઓફ ડિઝાઇન, સ્કૂલ ઓફ મેનેજમેન્ટ અને કોમર્સ, સ્કૂલ ઓફ એન્જીનીયરીંગ અને એમ.બી.એ., સ્કૂલ ઓફ એજયુકેશન સાયન્સ, પેરા મેડિકલ, માસ મિડીયા કોમ્યુનિકેશન, ઓટોરોબેટીક કલાઇડ, આ બધા જ સાઇબર સિકયુરીટી, આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ આ બધા વિષયો ઉપર પણ અત્યારે નવા નવા સંશોધનોની જરૂર છે અને એ સંશોધનો કરવા માટે પણ આ સંસ્થા તૈયાર છે. શિક્ષણ જગતમાં હરિફાઇને કારણે શું બને છે? હમણા જ તાજેતરમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ બંનેએ એ-ગ્રેડ પણ મેળવ્યો છે. હરિફાઇ થઇ છે એટલા માટે. ખાનગીથી કેમ આગળ વધીએ એમ આ સરકારની યુનિવર્સિટી માને છે. લાભ વિદ્યાર્થીઓને છે અને સમાજને છે. ગુજરાત યુનિવર્સિટી અને ટેકનોલોજી યુનિવર્સિટીમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન માટે સરેરાશ અત્યારે ૫૦ વિદ્યાર્થીઓ નવા આઇડિયા લઇને પણ ડેવલપ કરતા થયા છે. આ ગોકુલ યુનિવર્સિટી ઈક્વિબેશન સેન્ટર કરીને વિદ્યાર્થીઓ માટે આ સુવિધા આપવા માટે તૈયારી બતાવી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં શિક્ષણ વિભાગની સરકારી યુનિવર્સિટીઓ કુલ ૩૪ છે અને ખાનગી યુનિવર્સિટીઓ ૩૩ છે. એટલે બેલેન્સ રાજ્ય સરકારે જાળવ્યું છે. જ્યારે ૨૦૦૨-૦૩ માં નરેન્દ્રભાઇ શાસનમાં આવ્યા, તે વખતે સરકારી યુનિવર્સિટી માત્ર ૬ કે ૭ હતી અને આજે આપણે ૩૪ સુધી પહોંચી ગયા છીએ. માત્રને માત્ર ખાનગીને પ્રોત્સાહન આપીએ છીએ એવું નહિ. આપણે પણ એ જ રીતે હમણા જ ગયા વર્ષે ગુરુગોવિંદ યુનિવર્સિટી ગોધરા અને જૂનાગઢ ખાતે નરસિંહ મહેતા યુનિવર્સિટી એમ સરકારી અને ખાનગી ક્ષેત્રે સમાન સંખ્યામાં અત્યારે યુનિવર્સિટીઓ ચાલે છે. હમણા સૂરત ખાતે પી.પી. સવાણી યુનિવર્સિટીને છેલ્લા વર્ષે આપણે પરવાનગી આપી છે. એ પણ ખૂબ સુંદર કામ કરે છે. સાથે સાથે એક બીજો પણ નાનકડો સુધારો છે. આ સુધારો ગઇ વખતે મંજૂર થયેલ હતો. એ છે ધોલેરા વિસ્તારમાં ઈન્ડસ્ટ્રિયલ યુનિવર્સિટી. હવે આ સંસ્થાનું શૈક્ષણિક ઈન્ફ્રાસ્ટ્રકચર કડી પાસે આવેલ છે. એમને તરત જ કામગીરી શરૂ કરવી છે. એમણે સરકારને વિનંતી કરી કે અહીંયા ધોલેરા વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવામાં જે સમય લાગશે, તો મારી સંસ્થાનું, મારી કંપનીનું ઈન્ફ્રાસ્ટ્રકચર અત્યારે કડી પાસે તૈયાર છે, તો મારે મારી કામગીરી શરૂ થાય અને વિદ્યાર્થીઓને લાભ મળે એટલા માટે આ કામગીરી શરૂ કરવા માટેની આ બધી વ્યવસ્થા મારી પાસે હોય ત્યારે મને સ્થળ ફેર ટેમ્પરરી બે-ત્રણ, ચાર વર્ષ સુધી કામ કરવાની પરવાનગી આપો તો આ ગૃહ સમક્ષ એક ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી અને ઈન્દ્રશીલ યુનિવર્સિટીનો સ્થળ ફેર માટેનો સુધારો લઇને આવ્યો છું. આપ સૌને હું ચર્ચા માટે નિમંત્રણ આપું છું અને ચર્ચા પછી શિક્ષણના હિતમાં આ સર્વાનુમતિ આ સુધારો મંજૂર કરવા માટે વિનંતી કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના એક સિનિયર નેતા શિક્ષણ સાથે જોડાયેલ શિક્ષણમંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટીનું સુધારા વિધેયક લઇને જે આવ્યા છે, તેમનો હું વિરોધ કરવા માટે ઊભો થયો છું. કેવા કારણોસર અમારા માનનીય બાપુને આ વિધેયક લાવવું પડ્યું એનાં કારણોમાં હું જવાં માગતો નથી. (અંતરાય)બાપુએ કહ્યું તો હું જવા પણ માગીશ કદાચ. બાપુની લાગણી તો હું એમને કહીશ. ગઇ રાજ્યસભાની ચૂંટણીનો હિસાબ ચૂકતે કરવા માટે આ સુધારાનું વિધેયક લાવ્યા છે, એટલા માટે હું વિરોધ કરવા માટે ઊભો થયો છું. ધારાસભ્યોની બહુમતી હોવા છતા પાછલા બારણેથી આર્થિક વહીવટ કરીને રાજ્યસભામાં સભ્યો પહોંચાડવા માટેનું કૌભાંડ આચર્યુ હતું, એનો ગુજરાતની વિધાનસભામા કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ જવાબ આપી ચૂક્યા છે. અમારા જે ખરેખરના નિયમ પ્રમાણેના રાજ્યસભાના સભ્યો

ચૂંટાય તે ચૂંટાઇ ચૂક્યા છે. પ્રજાએ પણ એનો જવાબ આપવા માટે તમારી લગોલગ અમને ચૂંટીને મોકલ્યા છે, તો એની પાછળનું કોઇ કારણ હોય તો આ રાજ્યસભાની ચૂંટણી હતી એ પણ તમારા ધ્યાનમાં મૂકું છું. તે શોકમાંથી હજુ બહાર આવ્યા નથી એટલે આ એક સુધારા વિધેયક જુના હિસાબો પતાવવા માટેનું લઇને આવ્યા છે એનો હું સખત વિરોધ કરું છું. ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપીને સરકારી હાટડા ખોલવા માટેનું જે કામ કર્યુ છે તેના કારણે ૨૦૦૯ પછી ગુજરાતમાં શિક્ષણનું સ્તર નીચે ગયું છે. ગામડાંનો સામાન્ય ગરીબ કુટુંબનો સભ્ય ભણી શકતો નથી. ઉંચી ઉંચી ફીના ધોરણો, સરકાર રોજેરોજ જાહેરાતો કરે છે કે ફીનું ધોરણ ઘટાડવા માગીએ છીએ પરંતુ આ ફીનું ધોરણ એટલા માટે ઘટાડી શકાય તેમ નથી, એની પાછળના ભારે મોટા કૌભાંડ અને કૌભાંડ આચરનારની યુનિવર્સિટીઓની સાથે જોડાયેલા જો કોઇ હોય તો આ ૩૩ યુનિવર્સિટીઓ જે પ્રાઇવેટ છે તેના પદાધિકારીઓ કોણ છે? તેનો ખ્યાલ રાખવામાં આવે તો ભારતીય જનતા પાર્ટીની ચાલતી સરકાર તેમના લોકોને લાભ કરવા માટે આ યુનિવર્સિટી અને ગુજરાતના સામાન્ય લોકો અને ગરીબ માણસને લૂંટવા માટેનું આ વિધેયક છે. સામાન્ય માણસ ભણી ન શકે, ટેકનિકલ્સ અને ટેકનોક્રેટ અત્યાર સુધી ગુજરાતમાંણી ઘણા બન્યા છે. આ ગુજરાતનું ગૌરવ તો આજનું નથી. આજે ૫૨૫૦ વર્ષથી વધારે વર્ષ થવા જાય છે. કૃષ્ણ ભગવાનનો જન્મ ત્યારે ત્યાં થયો હતો છતાં પણ દ્વારીકા નગરી પસંદ કરી હતી. ગુજરાત તો ત્યારનું ગૌરવવંતુ ગુજરાત છે. કોઇને તેનો જશ લેવાની જરૂરિયાત નથી. ભગવાન જેવા વ્યક્તિ કૃષ્ણ ભગવાન તેને દ્વારીકા પસંદ કરી હતી ત્યારનું ગુજરાતનું ગૌરવ છે. એ ગુજરાતના ગૌરવને હણ્યું છે,

અધ્યક્ષશ્રી : ભગવાન જેવા વ્યક્તિ એમ નહીં, એ ભગવાન જ છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાન જ. કદાચ એ વ્યક્તિ કહ્યું હોય તો મારા શબ્દો સુધારી લઉં છું. ભગવાને તે દિવસે પણ ગુજરાત પસંદ કર્યુ હતું ત્યારથી ગુજરાત ગૌરવવંતુ છે. ૨૦૦ વર્ષનું અંગ્રેજોનું શાસન સમાપ્ત કરવા માટે જો કોઇએ પહેલી હાકલ કરી હોય તો તે ગુજરાતે કરી છે. તે ગાંધી આપણા રાષ્ટ્રપિતા કે જેની જન્મજયંતિ આખી દુનિયામાં ઉજવાઇ રહી છે. તે રાષ્ટ્રપિતાનું ખૂન કરનાર કોણ હતું? શા માટે મારી નાંખવામાં આવ્યા? મારે આ વિધાનસભાના ફ્લોર ઉપર એટલા માટે મૂકવું છે. •(×××)

અધ્યક્ષશ્રી : થોડીક અપ્રસ્તુત બાબતો ઠુંમરજી અને આ યુનિવર્સિટીમાં આવું ભણાવવાનું છે એવું કોઇ જગ્યાએ હોય નહીં. તમે શેના પરથી ધારણા કરી લો છો. એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે. પ્લીઝ મંત્રીશ્રી એ શબ્દો કાઢી નાખ્યા છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ સ્વતંત્ર ન બને તેના માટે આ રાષ્ટ્રપિતાનું તો બહુ પહેલાં ખૂન કરવાનું હતું. રાષ્ટ્રપિતાનું તો બહુ પહેલાં ખૂન કરવા માટે આ લોકોએ નિર્ણય કર્યો હતો નાથુરામ ગોડસે એ. હું ઇતિહાસ તરફ..

અધ્યક્ષશ્રી : તમે યુનિવર્સિટીના સંદર્ભમાં બોલો. બિલથી અપ્રસ્તુત બાબત તમે બોલશો નહીં.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ અપ્રસ્તુત વાત જ નથી.

અધ્યક્ષશ્રી : આ પ્રસ્તુત વાત જ છે.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, તમે કહો તો હું બેસી જાઉં.

અધ્યક્ષશ્રી : બેસવું હોય તો તમારી મરજી છે પણ હું અપ્રસ્તુત બાબતો બોલવા નહીં દઉં.

શ્રી વિરજીભાઇ ઠુંમર : હું ઇતિહાસ કહેવા માગુ છું.

અધ્યક્ષશ્રી : અત્યારે ઇતિહાસની અહીં જરૂર નથી. યુનિવર્સિટીના બિલ ઉપર જે કહેવું હોય તે કહો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : આ ઇતિહાસ છે.

અધ્યક્ષશ્રી : તમારા આ ઇતિહાસનું અહીં કોઇ પૂછતું નથી. ઇતિહાસનો વિષય પણ અત્યારે નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : અમારી સાચી વાત પણ સાંભળવામાં ન આવે..

અધ્યક્ષશ્રી : તમારી સાચી વાત અને તમે બીજા પાસેથી થોડું માર્ગદર્શન મેળવી લો. હું આપને વિનંતી કરું છું. આપના પક્ષના નેતા પાસેથી થોડું માર્ગદર્શન મેળવો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ લઇને આવ્યા છે એનો એટલા માટે વિરોધ વ્યક્ત કરું છું કે ભારતીય જનતા પાર્ટીની સરકાર શાસનમાં જયારથી આવી ત્યારથી શિક્ષણ પાછળનો નાણાંનો બિનઉત્પાદિત ખર્ચ ગણવામાં આવી રહ્યો છે. સોદાબાજીના કારણે આવી પ્રાઇવેટ યુનિવર્સિટી લાવવામાં આવી રહી છે. એક ઉત્તમ માનવ સંશાધન તૈયાર કરવું તે રાજય સરકારની પાયાની ફરજ છે. તે પાયાની ફરજ રાજય સરકાર ભૂલી રહી છે. કમનસીબે ગુજરાત ભારતીય જનતા પાર્ટીની સરકાર ગ્રાન્ટેડ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓના માળખા તોડી નાંખવા માટેની નીતિ અખત્યાર કરી રહી છે. એટલા માટે ભારતીય જનતા પાર્ટીની આ યુનિવર્સિટી લાવવા માટેની જે નીતિ છે તેનો હું વિરોધ કરું છું. સરકારી, ગ્રાન્ટેડ કોલેજો, યુનિવર્સિટીઓમાં શિક્ષકો, અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂક વર્ષોથી થતી નથી. કેટલી જગ્યાઓ ખાલી છે? ખાલી જગ્યાઓના કારણે ગામડાંનું શિક્ષણ, શહેરનું શિક્ષણ બગડી ગયું છે. સરકારી સ્કૂલોને બદલે પ્રાઇવેટ સ્કૂલોમાં વિદ્યાર્થીઓ જાય તેવી ફરજ પાડવામાં આવે છે. કારણકે કોઇ શિક્ષકો પૂરું શિક્ષણ આપતા નથી તેના કારણે....

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સિનિયર સભ્ય છે એટલે એમને ખ્યાલ હોવો જોઇએ કે આ યુનિવર્સિટીનું બિલ છે શાળાનું બિલ નથી. એટલે યુનિવર્સિટી ઉપર જે બોલવું હોય તે બોલે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું એજ વાત કરું છું કોલેજોમાં પણ અધ્યાપકો નથી. આવો અમારી ડો. જીવરાજ મહેતા, ગુજરાતના પ્રથમ મુખ્ય મંત્રીશ્રીએ સ્થાપેલી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજમાં આજે પ્રોફેસરોની જગ્યા ખાલી છે અને પ્રાઇવેટ લોકોને જગ્યા આપી દેવામાં આવી છે અને અધ્યાપકોની જગ્યાઓ ત્યાં ખાલી છે, અભ્યાસ મળતો નથી જેથી એ વિદ્યાર્થીઓને પ્રાઇવેટ યુનિવર્સિટી તરફ જવું પડે છે. આ સરકારની બદદાનત હોય એવું મને લાગી રહ્યું છે, હોય કે કેમ એ સરકાર નક્કી કરે મને જરૂર લાગી રહ્યુ છે અને એટલા માટે હું કહેવા માગુ છું કે આવી ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક નામ વાચીને પ્રથમ દ્રષ્ટિએ એવું લાગે છે કે, ખાનગી યુનિવર્સિટીમાં ચાલતી ગેરરીતિ, અવ્યવસ્થા, ઉંચા ફીના ધોરણો, નિયમોના ઉલ્લંઘન, કડક નિયમો સાથે સુધારા આ વિધેયકમાં હશે. પણ હકીકતમાં આ સુધારા વિધેયક એક વધારાની ખાનગી યુનિવર્સિટી બનાવવા માટેનું આ વિધેયક છે. પારુલ યુનિવર્સિટી ગુજરાતના શિક્ષણની ધજિયા ઉડાડનારી યુનિવર્સિટી બની રહી છે એનો જયેશ પટેલ જે સંચાલન કરે છે એ આજે જેલમાં છે. ગઇ કાલે ટી.વી.ના માધ્યમથી જોયું બીજી વધારાની ત્યાં ફરિયાદો થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓએ પોતે બહાર પડ્યું છે અને આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ કહ્યું છે કે, અમારે પાસ થવું હોય તો અમારે ફરજિયાત આટલા પૈસા આપવા પડે છે તો જ અમને પાસ થવાય છે. અમારે ઉંચા માર્કસ મૂકવા હોય તો ઉંચા માર્કસ લેવા માટે પણ પૈસા આપવાની ફરજ પાડવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપ પણ એ જિલ્લામાંથી આવો છો અને આપને આ વિધાનસભા ગૃહમાં ગરિમાભર્યું સ્થાન પ્રાપ્ત થયું છે ત્યારે આ વડોદરાનું નામ અને ગુજરાતનું નામ આ યુનિવર્સિટીને કારણે કેટલું બદનામ થયું છે? ટી.વી. વગેરે માધ્યમો મારફત આ બધી વાતો બહાર પડી રહી છે, કયા પ્રકારના ધંધાઓ ત્યાં ચાલી રહ્યા છે? એનું નિયંત્રણ કેવી રીતે થશે? પ્રાઇવેટના નામે, પ્રાઇવેટાઇઝેશનનો હું વિરોધી નથી પરંતુ અમારી કૃષિ યુનિવર્સિટીના જે સંશોધન કેન્દ્રો હતા એમાંનું સાણંદનું કૃષિ યુનિવર્સિટીનું કેન્દ્ર, ચોખાનું સંશોધન કેન્દ્ર સરકાર વેંચીને ટાટા નેનો લાવી. લાવ્યા એની સામે વાંધો નથી પણ યુનિવર્સિટીની જગ્યા વેંચીને ટાટા નેનો આવી, ટાટા નેનો આવી, નેનો આવી એમ જેને ત્યાં દીકરાનો જન્મ ન થતો હોય એને ત્યાં દીકરાનો જન્મ થયો હોય એવા મોટા ઉપાડા થયા અને આજે શું પરિસ્થિતિ થઇ છે? કોને ત્યાં દીકરો જન્મ્યો? શું થયું ટાટા નેનોનું? કેટલા પૈસા ગુજરાતની પ્રજાના ગયા? ચોખાનું સારામાં સારું સંશોધન કેન્દ્ર જતું રહ્યું છે આ ભારતીય જનતા પાર્ટીની ૨૦૦૯ની પ્રાઇવેટ યુનિવર્સિટીની સ્થાપનાના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ખેડૂતો માટે સંશોધન વધારવું જોઇએ, કૃષિ યુનિવર્સિટી તો સંશોધન માટેની યુનિવર્સિટીઓ હતી આજે વેચવા માટેની યુનિવર્સિટી બની ગઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હજુ પણ ભારતીય જનતા પાર્ટીના અમૂક પદાધિકારીઓની તરાપ છે, સૂરત ખાતે મધ્યમાં આવેલી યુનિવર્સિટીની જગ્યા એને કોઇ રીતે હજુ ક્યાંકને ક્યાંક થાળે પાડવા માટેનો પ્રયાસ ચાલી રહ્યો હોય આ યુનિવર્સિટીના નામે એવું લાગી રહ્યું છે. પ્રાઇવેટ સભ્યને દાખલ કરવામાં આવશે, બીજાને દાખલ કરવામાં આવશે અને પછી આ જમીનો વેંચી નાંખવામાં આવશે એની પાછળ કાળો કારોબાર ચાલતો હોય એવું મને લાગ્યું છે એટલા માટે આ બિલનો હું વિરોધ કરવા માટે ઉભો થયો છું. આ યુનિવર્સિટીને કારણે ફાયદો થશે કે કેમ એ તો સમય જ બતાવશે, હજુ સુધી એના ફાયદા દેખાયા નથી. ૩૩ યુનિવર્સિટી જે સરકારે સ્થાપી, આ દેશ સ્વતંત્ર થયો ત્યારે રાજ્યના પ્રથમ મુખ્ય મંત્રી અમારા અમરેલી જિલ્લાના ડો. જીવરાજ મહેતા બન્યા હતા અને ત્યારે જે યુનિવર્સિટીઓ સ્થપાયેલી છે અને એ યુનિવર્સિટીઓ જે સ્થપાયેલી છે એના કારણે આજે અનેક નાના લોકો ભણીને આગળ આવ્યા છે. એક ખેડૂતનો દીકરો હું આજે વિધાનસભાના સભ્ય તરીકે આ ગૃહમાં જયારે વાત કરી શકતો હોઉં, એક ૭૦૦ માણસોની વસતિ ધરાવતું નાનું એવું ગામડું, ખેડૂતની વસતિ વાળું ગામડું એમાં મારો જન્મ થયો અને આ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થવા માટેની મને તક મળી અને હું ધારાસભ્ય પણ બન્યો, લોકોના સેવાના ઘણાં બધા કામો કરવા માટેની પણ મને તક મળી, દેશની લોકસભાનો સંસદ સભ્ય પણ બન્યો..(અંતરાય) માનનીય નીતિનભાઇ વચ્ચે કાંઇક ટીકા ટીપ્પણ કરી રહ્યા છે, ભલે કરે એનો જવાબ પણ આપવો પડશે તો હું આપીશ. આજે એમની સરકાર છે, એમની સત્તા છે અનેક અમારી ઉપર ફરિયાદો કરી હશે અને હજુ પણ કરશે એની હું ના નહીં પાડું કારણ કે, આ લોકો આ ટેવાયેલા છે, આવું જ બધું કરે છે.

અધ્યક્ષશ્રી : આવા લોકો ટેવાયેલા છે આવા તમે આક્ષેપો વારંવાર કરશો નહીં.(અંતરાય) આવા આક્ષેપો વારંવાર કરશો નહીં, નહીં તો આપનું આખું પ્રવચન જ મારે રેકોર્ડ ઉપરથી કાઢી નાંખવું પડશે. મહેરબાની કરીને તમે ખૂબ સારું ચિંતન રજૂ કરો પણ શબ્દોને મર્યાદામાં રાખો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, બંને બાજુ કહો.

અધ્યક્ષશ્રી : અત્યારે તો આપની જ વાત ચાલે છે (અંતરાય) અત્યારે આપની વાત ચાલે છે, બીજાને લાગશે ત્યારે હું ચોક્કસ કહીશ મારું ધ્યાન દોરજો. તમે ધ્યાન દોરશો તો હું ચોક્કસ કહીશ.

શ્રી વિરજીભાઇ ઠુંમર : રાજયના ઉપ મુખ્ય મંત્રી ટોકા ટોકી કરે અને માનનીય અધ્યક્ષશ્રી અમને જ કહેવાનું?

અધ્યક્ષશ્રી : આમાં કોઇ ટોકાટોકીની વાત નથી. આવી સામાન્ય વાત છે તે તો તમે સો વાર આવી અહીંયા ઉભા થઇને કરો છો, તમને તો કોઇએ એકવાર કહ્યું એમાં તમને શું લાગી આવ્યું?

શ્રી વિરજીભાઇ ઠુંમર : મને લાગી આવ્યું નથી.

અધ્યક્ષશ્રી : ઉલ્ટું પ્રેમથી આ વાત થાય છે. ગૃહ સ્મૂધલી ચાલે છે, આપનું પ્રવચન ચાલુ રાખો.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, આપ અમારા ઉપર ગમે તેટલીવાર ગરમ થશો, અમને ગમશે, અમારા તરફથી કોઇ ભુલ થતી હશે તો અમારા સભ્યશ્રીઓને સુધરવાની તક મળશે, એનું અમે ગૌરવ વધારીશું. પણ બન્ને પક્ષે આવું થાય તો એ વધારે ગમશે. આજે આ યુનિવર્સિટીના બિલ સાથે હું જે વાત કરવા માગું છું પારૂલ યુનિવર્સિટીની, એમાં ગઇકાલે પણ ફરિયાદ થઇ છે. આ યુનિવર્સિટી ઉપર કોનો અધિકાર છે ત્યાં જે ખોટી બાબતો ચાલે છે એને રોકવા માટે આ યુનિવર્સિટીનું આપ શું કરવા માગો છો? માનનીય મંત્રીશ્રી એ પણ હું જાણવા માગું છું. એટલા માટે હું કહીશ કે ગુજરાત એક ગૌરવવંતુ ગુજરાત છે અને એ ગૌરવવંતું ગુજરાત બન્યું છે ત્યારે આજે ગુજરાતનું સામાન્ય એક આદિવાસી કુટુંબ, આજે ગુજરાતનું દલિત કુટુંબ, આજે ગુજરાતનું વાલ્મિકી સમાજનું કુટુંબ કે પછી દેવીપૂજક સમાજ હોય, એના છોકરા, છોકરીઓ, દીકરા–દીકરીઓ ભણી છે, ભણીગણીને આગળ વધી છે, એના કારણે ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ગુજરાતનું ગૌરવ હમણાંથી જ વધ્યું છે એવું નહિ પણ જુની યુનિવર્સિટીઓમાં આપણા દીકરા દીકરીઓ ભણ્યા છે, તમામ સમાજના દીકરા–દીકરીઓ ભણ્યા છે એના કારણે ગુજરાતની ગરિમા ઉંચી આવી છે, હવે આવી પ્રાઇવેટ યુનિવર્સિટીઓને વધારે પડતી તક આપવા માટે આવા જે બિલ લઇને આવે છે એના કારણે ભારેમોટી ગેરરીતિ સર્જાવાનો એક અમને ભય લાગી રહેલ છે એટલા માટે આ બિલનો હું બહુ વિરોધ કરું છું અને માનનીય બાપુ જ્યારે આ બિલ લઇને આવ્યા છે, મારા માટે બાપુ તો બહુ સન્માનનીય છે, હું જ્યારે સંસદ સભ્ય હતો ત્યારે માનનીય બાપુ અને મેં રાજ્યનું પ્રવાસન વધે તેના માટે ખાસ્સી કામગીરી કરી છે પરંતુ બાપુને પણ કેવા કારણોસર ફરજ પડી છે તે હું જાણતો નથી. બાપુ જો પોતે દિલથી વિચારે, પોતાના આત્માથી વિચારે તો તેઓ ક્યારેય પણ આવું બિલ લાવવાનું વિચારી ન શકે, પરંતુ બાપુ પણ પાર્ટીમાં જકડાયેલા છે અને એ પાર્ટીમાં જકડાયેલા હોવાના કારણે.

અધ્યક્ષશ્રી : આપ આપની પાર્ટીમાં જકડાયેલા નથી?

શ્રી વિરજીભાઇ ઠુંમર : હું છું જ માનનીય અધ્યક્ષશ્રી,

અધ્યક્ષશ્રી : એટલે આમાં જકડાયેલા જેવું કશું ના હોય, તમે કબૂલ થાઓ છો, બાપુ કબૂલ થતાં નથી.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય ભુપેન્દ્રસિંહ જેવા એક સંનિષ્ઠ, અમારા શિક્ષણમંત્રીશ્રી સાચી વાત લોકો સમક્ષ કરે અને એમની પાર્ટીને પણ સમજાવે અને કહે કે આવું બિલ ગુજરાતના હિતમાં નહિ લાવવું જોઇએ અને આ બિલ વીથડ્રો કરે તેવી લાગણી સાથે આ બિલનો હું સખત વિરોધ કરું છું અને આવા પ્રાઇવેટ યુનિવર્સિટીઓના બિલ ભવિષ્યમાં ન લાવે અને પ્રજાને તેના કારણે મુશ્કેલી પડે છે તે ન પડે તેના માટે અને વધારેમાં વધારે સારું કામ માનનીય મંત્રીશ્રી કરે તેવી હું માનનીય બાપુ માટે લાગણી વ્યક્ત કરું છું.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક, ૨૦૧૮ના બિલ નંબર–૫ ને અમારા મંત્રીશ્રી દ્વારા ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે, જે રાજ્યના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવાની વધુ એક સુવિધા પ્રાપ્ત કરનારું બની રહેશે તેવું મારું સ્પષ્ટ મંતવ્ય છે અને આ વિધેયકને હું અનુમોદન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

આજે અમારા ઉત્તર ગુજરાતમાં ચારેય દિશામાં શિક્ષણની ભૂખ ઉઘડી છે અને એનો વ્યાપ વધી રહ્યો છે. ખેરવામાં ગણપત યુનિવર્સિટી, વિસનગરમાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટી, પાટણ ખાતે ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી અને આજે જે વિધેયક રજૂ થયું છે એમાં સિદ્ધપુર ખાતે યુનિવર્સિટી બની રહી છે. એટલે કે ઉત્તર ગુજરાતમાં તાલુકાદીઠ યુનિવર્સિટી બની રહી છે. ત્યારે ભા.જ.પ.ની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું કે અમારા ઉત્તર ગુજરાતના ગામડાંના વિસ્તારને સપોર્ટ કર્યો છે. એક સમય હતો, જ્યારે કોંગ્રેસનું શાસન હતું, રાજ્યના વિદ્યાર્થીઓને અન્ય રાજ્યમાં શિક્ષણ માટે જવું પડતું હતું, ખૂબ ખર્ચો થતો હતો, સમયનો વ્યય થતો હતો, વિદ્યાર્થીઓને અસલામતી મહેસૂસ થતી હતી. વાલીઓ પણ ચિંતિત હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે શિક્ષણનું મહત્વ સમજી, વિદ્યાર્થીઓની મુશ્કેલી સમજી એ નિવારવા માટે ઘરઆંગણે સુવિધાઓ પ્રાપ્ત થાય તેના માટેની વ્યવસ્થા કરી. કોલેજોની સીટોમાં વધારો કર્યો અને તેના માટે સરકાર સતત ચિંતિત રહી અને કાર્યશીલ રહી, એના પરિણામે સાત યુનિવર્સિટીમાંથી એકસઠ યુનિવર્સિટીઓ બની અને કોલેજો બની, જેમાં મેડિકલ, એન્જીનીયરીંગ, ડેન્ટલ, એમ.બી.એ. જેવા અભ્યાસક્રમોની સીટોમાં વધારો કર્યો. મેડિકલની સીટો જ્યાંસુધી કોંગ્રેસનું શાસન હતું ત્યાંસુધી ફક્ત ૮૫૨ હતી, આજે ૪૦૦૦ બેઠકો મેડિકલની પ્રાપ્ત થઇ છે. અમારા આ ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પણ તેના આંકડા સુપેરે આ ગૃહમાં રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારનો એક મંત્ર રહ્યો છે કે, " સૌનો સાથ સૌનો વિકાસ " જેના થકી આ ગુજરાતના સપુતોએ, ઉદ્યોગપતિઓએ અને સમાજના અગ્રણીઓએ લોકહિતના સરકારના કાર્યથી પ્રભાવિત થઇને સરકારની કામગીરીમાં વિશ્વાસ મૂકીને આ પ્રાઇવેટ સ્કૂલો, કોલેજો અને યુનિવર્સિટીઓ પણ સમાજ સેવા શરૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાતમાં સિદ્ધપુર ખાતે ગોકુલ એજયુકેશન કેમ્પસ છેલ્લા ૩૫ વર્ષથી શૈક્ષણિક વિકાસ થકી સમાજ અને રાષ્ટ્રના વિકાસના ભગીરથ કાર્ય કરી રહી છે. પ્રાથમિક શિક્ષણથી અનુસ્નાતક સુધીના ગોકુલ એજયુકેશન કેમ્પસમાં શિક્ષણ ક્ષેત્રે આ ૧૭ જેવી વિવિધ સંસ્થાઓ ડિગ્રી, ડિપ્લોમા, કાયદો, આર્કીટેક, ઇજનેરી, ઇન્ટીગ્રેટેડ લો, ફિઝીયોથેરાપી, સાયન્સ અને કોમર્સ, નર્સીંગ જેવા વિવિધલક્ષી અભ્યાસક્રમો છેલ્લા વર્ષોથી આ સંસ્થામાં કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગોકુલ એજયુકેશનલ કેમ્પસ ગ્રામ્ય અને છેવાડાના વિસ્તારમાં શિક્ષણની જયોત પ્રગટાવી છે જે અંતરિયાળ અને અન્ય વિસ્તારમાં એક ઉમદા ઉદાહરણ પૂરું પાડયુ છે. ગોકુલ ગૃપ સિદ્ધપુર અને તેની આજુબાજુના વિસ્તારમાં

સામાજીક, શૈક્ષણિક તથા આરોગ્ય ક્ષેત્રે પણ વર્ષોથી સતત સેવાકીય પ્રદાન કરી રહી છે. જેમાં ગોકુલ સાર્વજનિક હોસ્પિટલ સિદ્ધપુર અને તેની આજુબાજુના વિસ્તારમાં, અંતરિયાળ વિસ્તારના તમામ લોકોને આરોગ્યની સુવિધા રાહતદરે પૂરી પાડી રહી છે. ગોકુલ ગૃપ સામાજીક અને શૈક્ષણિક ક્ષેત્રે જરૂરિયાતમંદના ઉત્થાન માટે વિવિધ સામાજીક સેવાઓમાં કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગુજરાતના પનોતા પુત્ર અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના વિઝન, સ્કીલ ઈન્ડિયા, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, મેકઇન ઈન્ડિયા મિશનને ઉજાગર કરવા સરકાર હંમેશા કટિબદ્ધ રહી છે. કોઇ પણ રાષ્ટ્રને જો સુપર પાવર બનાવવા માટે તેમાં વસતા લોકોની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવાની જરૂરિયાત પડે છે. અને આ ઉત્પાદન ક્ષમતા વધારવા તેમાં યોગ્ય કૌશલ્યવાળા યુવાનો તૈયાર કરવા પડે છે અને હાલ જો આ યુગમાં આ પ્રકારના યુવાનોને તૈયાર કરવાનું જો કોઇ સાધન હોય તો શૈક્ષણિક ક્રાન્તિ દ્વારા જ તે શકય છે. આજે કોઇ પણ વ્યકિત ડિગ્રી સાથે, સ્કીલ સાથે હશે તો તેને રોજગારી મેળવવાની ક્ષમતામાં વધારો થાય છે. આ જ વિષયની સાથે ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી સરહદી અને છેવાડાના વિસ્તારના વિદ્યાર્થીઓને આજના હરિફાઇના શિક્ષણ સાથે શિક્ષણનો રોજગારી મેળવવા માટે ઉપયોગ કરી શકે તેવા અભ્યાસક્રમોને પ્રાધાન્ય આપી શકે તેવુ માળખું તે ગોઠવવા માગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશ સમક્ષ જો કોઇ મહત્વનો પડકાર હોય તો વ્યવસાયલક્ષી સ્કીલ ડેવલપમેન્ટ કોર્સમાં ફકત પાંચ ટકા લોકો જ ભારતમાં પ્રવેશ મેળવે છે. જેની સામે સાઉથ કોરીયામાં ૯૬ ટકા, જાપાનમાં ૮૦ ટકા અને ચીનમાં ૫૦ ટકા લોકો સ્કીલ ડેવલપમેન્ટની વ્યવસ્થામાં તાલીમ લે છે. એટલે આજે તેને અનુરૂપ સ્કીલ ધરાવતા યુવાનો તૈયાર કરવાની તાતી જરૂર છે અને જેના માટે આ યુનિવર્સિટીનું વિધેયક લાવ્યા છે તેને હું અનુમોદન આપું છું. રાજયમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છીત વિદ્યાર્થીઓને આ અભ્યાસક્રમમાં બહુજ વિદ્વતાના લાભો સહિત કારકિર્દી અને રોજગારીની વિશાળ તકો પ્રાપ્ત થશે એટલે આ સભાગૃહને હું નમ્ર વિનંતી કરું છું કે આ પ્રસ્તુત કરેલા બન્ને વિધેયકોને સર્વાનુમતે અનુમતિ આપે અને પ્રદાન કરે એ જ અપેક્ષા સાથે મારી વાત પૂર્ણ કરું છું થેંકયુ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આદરણીય ભૂપેન્દ્રસિંહજી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે અને તેમાં થોડા સુધારાઓ સાથે એ સ્વીકારશે તો ચોક્કસ હું તેમાં સમર્થન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ સાયન્સ ગ્રેજયુએટ થયો એ વખતે અમે સરકારી કોલેજોમાં અભ્યાસ કરેલો. માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે પણ ભાવનગરની સર પી.પી.ઈન્સ્ટીટ્યુટ અને એની સામે જ આર્ટ્સ અને કોમર્સ કોલેજ જે યુનિવર્સિટી સંચાલિત હતી એ સરકારી હતી. એ સરકારી કોલેજનું નામ ખૂબ સારું હતું અને આજે પણ છે. ભૂતકાળની અંદર જે સરકારી કૉલેજો જે યુનિવર્સિટી મારફતે સંચાલિત હતી એનું માળખું પણ ખૂબ સારી રીતે સુગ્રથિત હતું અને સારી રીતે એનું સંચાલન અને વ્યવસ્થા થતી હતી. એ વખતે મારા જેવા ગામડાંમાંથી આવેલ આર્થિક રીતે નબળા અને પછાત વર્ગના દીકરા, દીકરીઓ પણ સાયન્સ ગ્રેજ્યુએટ ખૂબ નજીવા ખર્ચથી થતા હતા. આ ભારતીય જનતા પક્ષની સરકાર આવી પછી જાહેર અને ખાનગી શિક્ષણનું બિલ આવ્યું. એ વખતે હું આ ગૃહમાં સદસ્ય હતો. મેં એ વખતે એવું પણ કહ્યું હતું કે, તમે શિક્ષણનું ખાનગીકરણ કરો એની સામે વાંધો નથી પણ એની ઉપર સરકારનો કંટ્રોલ રહેશે ખરો? એ વખતના શિક્ષણમંત્રીશ્રી આજે બીજા રાજ્યમાં ગવર્નર થયા છે. એમણે પણ કહ્યું હતું કે, ચોક્કસ એમની ઉપર કંટ્રોલ રહેશે. આજે ખાનગીકરણની સંસ્થા ઉપર પછી એ સેકન્ડરી હોય કે હાયર સેકન્ડરી હોય કે કોલેજ હોય પણ એની ઉપર કંટ્રોલ રહ્યો નથી. મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એક વાત મૂકવી છે કે, જ્યારે ૨૦૦૯માં ખાનગી યુનિવર્સિટીનું વિધેયક પસાર થયું એ વખતે પણ જે ખાનગી યુનિવર્સિટીઓને માન્યતા અને મંજૂરી આપી છે એ બધી યુનિવર્સિટી આજે યુ.જી.સી.ના નિયમો પ્રમાણે ચાલે છે કે કેમ? જે કોઇ ધારાધોરણ મુજબ એમને મંજૂરી આપી છે એ બધી શરતોનું પાલન થાય છે કે કેમ? સરકારમાંથી કમિટી બનાવીને એનું મોનીટરીંગ પણ કરવું જોઇએ. માતા-પિતા પોતાના બાળકને જન્મ આપી દે એટલે એમની ફરજો પૂરી થતી નથી. એ બાળકને મોટું કરવું, સંસ્કાર આપવા, ભણાવવું અને એ વ્યવસાય સુધી પહોંચે ત્યાં સુધીની તમામ જવાબદારી માતા-પિતાએ નિભાવવી પડતી હોય છે. હું એક દાખલો આપીશ કે, અમારા રાજકોટમાં જે યુનિવર્સિટીને મંજૂરી અપાઇ છે એ લગભગ આજે મૃતપ્રાય સ્થિતિમાં છે. ત્યાં જે બાળક પ્રવેશ લે છે એમની પાસેથી કેટલી ફી લેવામાં આવે છે? જે તે વખતે જે ધારાધોરણો નક્કી થયા હતા એની અમલવારી થાય છે કેમ? જે ખર્ચ કરી શકે એવા પરિવારના બાળકો હોય એ ચોક્કસ ખાનગી શાળા-કૉલેજોમાં જાય, ઉચ્ચ શિક્ષણ મેળવે, એની કારકિર્દી ઉજ્જ્વળ બને એ માટે વિદેશમાં જાય એનો વિરોધ ન હોઇ શકે. ખાનગીકરણ થાય એનો પણ વિરોધ ન હોય પણ એની સામે સરકારનો કંટ્રોલ હોવો જોઇએ. યુ.જી.સી.ના નિયમોનું પાલન થવું જોઇએ. આજે સરકારી કૉલેજોની જે હાલત છે એ સુધારતા નથી. એમાં સુધારો કરવો જોઇએ એ નથી થતો. એના બદલે ખાનગી યુનિવર્સિટીને માન્યતા અપાય છે એમાં પણ વાંધો નથી. લગભગ સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી જવા માગે છે. સરકારી યુનિવર્સિટીઓ ૩૪ જેટલી છે અને ખાનગી યુનિવર્સિટીઓ ૩૩ જેટલી છે એટલે લગભગ ૫૦ ટકા પર પહોંચવા આવી છે. માનનીય મંત્રીશ્રીએ આપેલ આંકડા મુજબ હું એટલું ચોક્કસ કહી શકું કે, ખાનગી યુનિવર્સિટીઓ છે એની અંદર જે થતી ગેરરીતિઓ છે, અવ્યવસ્થા છે, ઉંચા ફીના ધોરણો છે, જે કંઇ યુ.જી.સી.ના નિયમો અને આપણા નિયમો છે અને સરકારી શરતોને આધિન એમને મંજૂરી આપી છે એ નિયમોનું ઉલ્લંઘન થાય અને આ બધાની સામે એક પ્રશ્નાર્થ આવીને ઉભો રહે છે કે, જે ખરેખર માનસિકતા યુનિવર્સિટીના સંચાલકોની છે એ જે શિક્ષણ આપી રહ્યા છે. સારી ગુણવત્તાવાળું આપી રહ્યા છે, પરંતુ જે જગ્યાએ ફકતને ફકત અમારી ભાષામાં કહીએ કે

શિક્ષણના હાટડા ખોલીને બેઠા છે એમાં વિદ્યાર્થીઓ અને વાલીઓનું ખૂબ શોષણ થાય છે એ ના થવું જોઇએ, એ જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે અને યુ.જી.સી.ના નિયમો પ્રમાણે પણ જવાબદારી રાજ્ય સરકારની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે એમ હતું કે, હું જે વાત સરકારી કોલેજોની કરતો હતો કે સરકારી કોલેજોમાં શું સ્થિતિ છે? રાજકોટની સાયન્સ કોટક ઇન્સ્ટીટ્યુટની વાત કરું, માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહમાં લગભગ પાંચમી વખત એટલે કે ૨૫ વર્ષથી આ રાજકોટની સાયન્સ કોટક કોલેજ જોઉં છું. એનું એ જ બિલ્ડીંગ, એનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્ટાફને ત્યાં બેસવાની જગ્યા નહીં, વિદ્યાર્થીઓને બેસવાની પૂરતી જગ્યા નહીં. આ સાયન્સ કોલેજની રાજકોટની કોટક કોલેજની પરિસ્થિતિ છે. આ હું ધારાસભ્ય હતો ત્યારે પણ વારંવાર આ હાઉસની અંદર મેં વાત કરી હતી. આ સાયન્સ કોલેજ આખા સેન્ટરની રાજકોટ શહેરમાં છે. કોઇ ખાનગીને અપાય તો વાંધો નથી પણ આ સરકારી કોલેજમાં એની અંદર અભ્યાસ કરવા આવતા સામાન્ય ગરીબ વર્ગના, સામાન્ય વર્ગના બાળકો જે બી.એસ.સી. કરવા આવે છે એ વિદ્યાર્થીઓના ભોગે ખાનગી કોલેજોને મંજૂરી અપાય એ યોગ્ય નથી. એવી સ્થિતિ આજે અનેક સાયન્સ કોલેજોમાં ઉભી થઇ રહી છે. કેટલીક સાયન્સ કોલેજો જે ગ્રાન્ટેડ હતી એ કોલેજવાળાને એમ થયું કે, આ યુનિવર્સિટીમાં સાથે જોડાયને, એને ગ્રાન્ટેડમાંથી નોન ગ્રાન્ટેડ કરી નાખી. શું કામ કરી? એની અંદર પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ પાસેથી સહેલાઇથી ઉંચી ફી લઇ શકાય એટલે માનનીય મંત્રીશ્રી આ જે સુધારા વિધેયક લઇને આવ્યા છે, લગભગ ૩૩ જેવી આ ખાનગી યુનિવર્સિટીઓને સરકારે મંજૂરી આપી છે. મારો સવાલ એ છે કે, આ ખાનગી ૩૩નું લિસ્ટ પણ છે. એમાં રાજકોટની જે બે ત્રણ ખાનગી યુનિવર્સિટીઓ છે એમાં મેં પહેલાં એક કહ્યું કે, જેમાં આર. કે. યુનિવર્સિટી જે છે એ આજે લગભગ મૃતઃપાય સ્થિતિમાં છે. ત્યાં વિદ્યાર્થીઓ પાસે કેટલી ફી લેવાય છે ત્યાંથી થયેલો ગ્રેજ્યુએટ વિદ્યાર્થી બહાર જશે, વિદેશમાં ભણવા જશે તો એનું સર્ટિફિકેટ ત્યાં માન્ય રાખશે કે કેમ? એનોય સવાલ છે. એટલે જે ૩૩ જેટલી ખાનગી યુનિવર્સિટીઓમાંથી નીકળેલા વિદ્યાર્થીઓનું ભવિષ્ય પણ આવતા દિવસોમાં ધુંધળું ન બને એ પણ જોવાની જવાબદારી આજના માનનીય મંત્રીશ્રી અને રાજ્ય સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર આ જે બિલ લઇને આવી છે એને આ ધ્યાન બરાબર રાખવાની એટલા માટે જરૂર છે કે આવતી કાલે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ધુંધળું ના બને.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી બધી ખાનગી યુનિવર્સિટીઓમાં હમણાં માનનીય શ્રી વિરજીભાઇ કહ્યું છે એટલે મારે વિશેષ કહેવું નથી. સરકારે ખાનગી યુનિવર્સિટીઓમાંથી એ એક શિક્ષણનું માધ્યમ ખૂબ ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ મળે, સારી લાયકાતવાળા અને પાત્રતા ધરાવતા અને જે યુ.જી.સી.ના નિયમ પ્રમાણે, એના નોમ્સ પ્રમાણે એના શૈક્ષણિક સ્ટાફની નિમણૂક થાય એવા અધ્યાપકો અંદર રહે કે, જે અધ્યાપકો ત્યાં ઉચ્ચ ગુણવત્તાવાળુ સારું શિક્ષણ આપી શકે અને ફકત બિન કવોલીફાઇડ ભરીને યુનિવર્સિટી ચલાવવાની વાત હોય તો એની સામેનો મારો વાંધો છે. અત્યારે જે ખાનગી યુનિવર્સિટીઓમાં શિક્ષણ અપાઇ રહ્યું છે તેમાં મોટા ભાગની કોલેજોમાં અને મોટા ભાગની યુનિવર્સિટીઓમાં યુ.જી.સી.ના નિયમથી પર રહીને એવા અધ્યાપકો, સંચાલકો, પ્રોફેસરો, એસોસીએટ પ્રોફેસરો અને અગત્યના ચાવીરૂપ જગ્યાઓ ઉપર જે કાયમી અધિકારીઓ કામ કરે છે એમની પાસે પણ પૂરતી કવોલિફાઇડ ડીગ્રીઓ નથી. તેમની પાસે પૂરતી કવોલીફાઇડ ડીગ્રીઓ નથી. અને જે છે એ માત્ર કાગળ ઉપર જ છે. એમાં કામ અહીં કરતા હોય અને બીજી જગ્યાએ એમના ડોકયુમેન્ટ હોય તેવી સ્થિતિ છે. એ રીતે આ યુનિર્વસીટીમાં આજે કામ કરી રહ્યા છે. એટલા માટે અમારો વાંધો છે. ખાનગી યુનિર્વસીટીને માન્યતા અપાય કે મંજૂરી આપો ત્યારે તે યુનર્વસીટીઓમાં યુજીસીના નોમર્સ પ્રમાણે કવોલીફાઇડ સ્ટાફ અને અધ્યાપકો હોય અને તેની નિમણૂંકો થાય તો અમને વાંધો વાંધો નથી. પરંતુ યુનિર્વસીટીઓમાં જે ચાલી રહ્યું છે એ બાબતો મારે મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવી છે.

બીજી વાત એ છે કે કોઇકને સાચવવા માટે પણ આવી ખાનગી યુનિર્વસીટીઓને મંજૂરી અપાય છે. આ ખાનગી યુનિર્વસીટીમાં જે કુલપતિશ્રી આવશે, પરીક્ષા નિયામક, ચીફ એકાઉન્ટ ઓફિસર, ફીઝીકલ નિયામક અને લાયબ્રેરીના અધિકારી આવશે એ પણ સરકારના દખલગીરી કરવા આવવાના છે. આમ સરકારમાં પણ આવા કુલપતિઓ છે તો આમ કુલપતિઓની સંખ્યા પણ ખાનગી યુનિર્વસીટીમાં વધે નહીં તે પણ જોવાની જવાબદારી શિક્ષણ મંત્રીશ્રીની છે તે પણ તેમના ધ્યાને મૂકીને વિનંતી કરું છું.

પ્રાથમિક, સેકન્ડરી, હાયર સેકન્ડરી, ઉચ્ચ શિક્ષણમાં પેરેલલ સરકાર સંચાલિત કે સરકારની ગ્રાન્ટ ઇન–એઇડથી ચાલતી કોલેજો કે યુનિર્વસીટીઓ સરકાર સંચાલિત છે એને ધીમે ધીમે ઓછી કરી ને પેરલલ જાણે ખાનગીકરણની પ્રક્રિયા ચાલતી હોય અને એ પ્રમાણે એમાં સરકાર આગળ વધી રહી હોય એવું મને આમાંથી ફલિત થાય છે.

મારે બીજી વાત પણ એ ધ્યાન પર મૂકવી છે કે મોટાભાગની જે મંજૂર કરેલી અને ખાનગી યુનિર્વસીટીઓ છે એ બધી યુનિર્વસીટીઓમાં રાજ્ય સરકારે એકવાર એક કમિટી રચીને તપાસ કરાવવી જોઇએ કે જે વખતે એમને મંજૂરી આપવામાં આવી હતી એ વખતે એમની પાસે એ પ્રમાણેનું ઇન્ફ્રાસ્ટકચર છે કે કેમ, શિક્ષણનો સ્ટાફ અને લાયકાત ધરાવતા કવોલીફાઇડ હોય તેવા અધિકારીઓ છે કે કેમ, એ જોવાની અને ચેકીંગ કરવાની અને એ યુજીસીના નિયમ પ્રમાણે ચાલે છે કેમ એ જોવાની જવાબદારી પણ રાજ્ય સરકારની છે. જો એમ કરવામાં નહીં આવે તો ગ્રેજયુએટ થયેલા જે તે ખાનગી યુનિર્વસીટીમાંથી ભણેલા વિદ્યાર્થીઓ બહાર જશે કે ફોરેન જશે ત્યારે એમની ડીગ્રીઓ માન્ય રહેશે કે કેમ ? એ પણ જોવાની જવાબદારી રાજ્ય સરકારની છે.

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી આજનું જે પૂરવણી બિલ માનનીય મંત્રીશ્રી લઇ આવ્યા છે તેમને મારે બે વાત કરવી છે કે, ચોકકસ એમની વાતને સમર્થન આપીશ પણ મારે એક– બે વાત જે એમના ધ્યાન પર મૂકવી છે તે એ છે કે, તેમાં એક તો અત્યાર સુધીમાં જેટલી ખાનગી યુનિર્વસીટીઓને માન્યતાઓ આપવામાં આવેલી છે, તે યુજીસીના નિયમ પ્રમાણે ચાલે છે કે કેમ ?

બીજો મુદ્દો એ છે કે જે વિદ્યાર્થીઓ વિદેશ જાય તો આ ખાનગી યુનિર્વસીટીની ડીગ્રીઓ માન્ય રહે શે કે કેમ? મારો ત્રીજો મુદ્દો એ છે કે, હાલમાં ખાનગી યુનિર્વસીટીઓ નાણાંકીય વહીવટ કરી પી.એચ.ડીની ડીગ્રીઓ વેચે છે. માનનીય મંત્રીને મારી વિનંતી છે કે પી.એચ.ડીની ડીગ્રીઓ વેચે છે, એવા દાખલા ઉપસ્થિત થયા છે અને અનેક જગ્યાએ આ બાબતો ધ્યાન ઉપર આવી છે. આ પીએચડીની ડીગ્રીઓ પૈસા લઇને વેચાય છે, ઉઘાડી લૂંટ ચાલે છે અને ખરેખર આ રીતે પીએચડીની ડીગ્રી મેળવીને આગળ આવે છે તેને ચેક કરવાની તેની તપાસ કરવાની જરૂર છે, એના માટે પણ વિનંતી કરું છું. હું જે મુદ્દાઓ ઉપસ્થિત કરું છું તે મુદ્દાઓ માનની મંત્રીશ્રી સ્વીકારશે અને તપાસ કરશે તો અમે એમને ચોકકસ સમર્થન આપશું. કોઇ નવી ખાનગી યુનિર્વસીટીને માન્યતા આપો તો વાંધો નથી. હાલ ગુજરાતમાં મંજૂર કરેલી યુનિર્વસીટીઓમાં વિદ્યાર્થીઓ માટે પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર છે કે કેમ ? એમને પૂરતી સુવિધાઓ અપાય છે કે કેમ? અગાઉ વાત કરી હતી પણ મુદ્દાના સ્વરૂપમાં કહું છું.

મારો પાંચમો મુદ્દો એછે કે હાલ ગુજરાતમાં મંજૂરી આપેલી ખાનગી યુનિર્વસીટીઓમાં સંશોધનને લગતું કાર્ય થતું નથી. મોટા ભાગની યુનિર્વસીટીઓમાં સંશોધન, ફકત શિક્ષણ નહીં, સંશોધનનું કાર્ય પણ થવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી આ ગુજરાતમાં મંજૂર કરેલી ખાનગી યુનિર્વસીટીઓમાં સંશોધનનું કોઇ પણ કાર્ય થતું નથી. ફકત ચીલાચાલુ શિક્ષણ આપીને પછી સર્ટિફિકેટ આપી દેવામાં આવે છે. યુનિવર્સિટીઓ ભણાવે એના કરતાં સંશોધન કરાવે એ મહત્વની કામગીરી છે. ખાનગી યુનિવર્સિટીઓમાં આ સંશોધનની કામગીરી થવી જ જોઇએ એ થતી નથી.

ખાસ કરીને રાજય સરકારમાં યુનિવર્સિટીઓના કુલપતિઓની કમિટી હોય છે એમાં સરકારી યુનિવર્સિટીઓ અને ખાનગી યુનિવર્સિટીઓના જે કુલપતિઓ હોય છે એ એના સભ્ય બને છે. અત્યારે સરકારી કરતાં ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓની સંખ્યા વધી ગઇ છે એના લીધે ખાનગી યુનિવર્સિટીઓના કુલપતિઓનો પ્રભાવ વધતો જાય છે જયારે સરકારી યુનિવર્સિટીઓના કુલપતિઓનું મહત્વ ઘટતું જાય છે. જેના લીધે સરકાર ઉપર ખાનગી યુનિવર્સિટીઓનો પ્રભાવ વધારે રહે છે તેથી શિક્ષણ ઉપર આ એક મોટું ભયસ્થાન છે. આ મારો ખૂબ જ મહત્વનો મુદ્દો છે.

માનનીય મંત્રીશ્રી જે મુદ્દાઓ લઇને આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે અને પુરવણી વિધેયક લઇને આવ્યા છે એને હું ચોક્કસ સમર્થન આપીશ પરંતુ મેં જે પાંચ મુદ્દા રજૂ કર્યા છે એને સ્વીકારી લે તો. ખાનગી યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૮ લઇને આવ્યા છે એને અમે સમર્થન કરવાની ના પાડતા નથી પરંતુ આપની મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સારી ગુણવત્તાવાળુ ઉચ્ચ શિક્ષણ મળે. ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપો એનો અમે વિરોધ કરતાં નથી પરંતુ એ આપ્યા પછી એ સંસ્થાઓ યુ.જી.સી.એ આપેલા નોમ્સ મુજબ ચાલતી નથી તેથી સરકારનો જે ઉદ્ધેશ છે એ બર આવતો નથી એની સામે અમારો વાંધો છે. મેં મારા પાંચ મુદ્દા રજૂ કર્યા છે એ સ્વીકારશે તો હું ચોક્કસ આ બિલને સમર્થન આપીશ.

શ્રી દુષ્યંતભાઇ ૨. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮ લઇને આવ્યા છે એને મારું સમર્થન કરું છું અને સાથે સાથે મારા વિચારો રજૂ કરું છું.

આ સાથે અભિનંદન પણ આપું છું. બેઠેલા તમામ સભ્યશ્રીઓ એક વાતનો સ્વીકાર કરશે કે આ જ્ઞાનનો યુગ છે, knowledge is the only potential power એના સિવાય બીજુ કશું નથી. વિશ્વસ્તરે માનવીય વિકાસ કેળવણી દ્વારા થાય છે. એક સર્વે આવ્યો છે એ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું. India is the youngest country.આજે ૫૬ કરોડ ૨૫ વર્ષના યુવાનો આ દેશની અંદર છે અને તેમાં પણ ૧૦ થી ૧૮ વર્ષના બાળકો ગણીએ તો લગભગ ૨૩ કરોડ થવા જાય છે. જે આજે demographic trend તરીકે જોઇએ તો આવનાર દિવસમાં ભારત youthful dynamic workforce બનવાનું છે. વિશ્વ જયારે ઘરડું થઇ રહ્યું છે એમાં યુરોપ અને ચાઇના પણ સામેલ છે ત્યારે India will poise to become the only powerful workforce in the world. એ સર્વે interesting છે. આ અંગે સંસદમાં અનેક વખત ચર્ચાઓ પણ થઇ છે ત્યારે શું જોશું તો એક કી ફેકટર એજયુકેશન અને સ્કીલ ડેવલપમેન્ટ. આ કોઇ રાજકીય રીતે જોતા નથી એને જોવું હોય તો આ national security obligation છે અને એમાં આપણે ફેઇલ જઇએ તો એ disaster થાય. પહેલા બાળકો નહોતા ભણતા એ મા–બાપનો વાંક આવતો હતો. આજે બાળકને શિક્ષણ ન મળે તો એ રાજય સરકારની જવાબદારી ગણાય છે. એટલા માટે શિક્ષણનો વ્યાપ વધારવો જોઇએ. શહેરોમાં પ્રાઇવેટ યુનિવર્સિટીઓ કે કોલેજો છે પરંતુ અંતરીયાળ ગામડાંની અંદર છેવાડાના વિસ્તારોમાં આવી યુનિવર્સિટીઓ નથી એ થવી જોઇએ અને એના દ્વારા બાળકો આ પ્રકારનું એજયુકેશન લઇ શકે. વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૦૩માં શરૂ કર્યું. એનો પહેલો એપિસોડ, બીજો એપિસોડ અને ત્રીજો એપિસોડ. ત્રણ એપિસોડ કે બે એપિસોડ બાદ દેશ અને દુનિયાને ગુજરાત ઉપર ભરોસો બેઠો અને વાઇબ્રન્ટ ગુજરાતમાં અનેક એમઓયુ થયા અને ત્યારથી ઉદ્યોગો સ્થપાયા. ત્યારે આ વિઝનરી લિડર શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિચાર કર્યો કે આટલા બધા ઉદ્યોગો આવશે અને એની સામે આટલી બધી રોજગારી ઉભી થવાની તો આપણી પાસે સ્કિલ–મેન પાવર નહીં હોય તો શું થશે? વિચાર કરો કે ૨૦૦૦ પહેલા આપણી પાસે કેટલી યુનિવર્સિટી હતી? પાંચ, સાત એટલીસ્ટ દસ અને આજે આપણી પાસે કેટલી યુનિવર્સિટી છે? આ વિચાર વિઝનરી લિડરને એટલા માટે આવ્યો કારણ કે તે વખતે તેમણે સૂત્ર આપ્યું

હતું democracy, demography and demand. Democracy થકી ડેમોગ્રાફી પછી ડિમાન્ડ આ મંત્ર હતો. એ મંત્રને સાકાર કરવા માટે આ રાજ્યની અંદર અનેક યુનિવર્સિટી સ્થાપી. આપણે સૌ સાક્ષી છીએ. બધા જ વડીલ ધારાસભ્યશ્રીઓ બેઠા છે ત્યારે કહું છું કે ગુજરાતમાંથી શિક્ષણ માટે કેટલો બધો રૂપિયો બહાર જતો હતો! કરોડો રૂપિયા આપણે બહારના સ્ટેટની અંદર અનેક યુનિવર્સિટીમાં આપ્યા છે. આજે તમે જુઓ તો ક્યા ગ્રેડની યુનિવર્સિટી ગુજરાતમાં નથી? બધા જ ગ્રેડની યુનિવર્સિટી છે. વિદ્યાર્થીને જે વિચાર કરવો હોય એ કરી શકે છે એને એમ થાય કે મારે આમાં કેરિયર બનાવવી છે તો એ કેરિયર એ ગુજરાતની અંદર રહીને બનાવી શકે છે. હું પણ એક ઉદ્યોગકાર છું. મારી બાજુમાં બેઠેલા શ્રી જગદીશભાઇ સાથે હમણાં અમે વાતો કરતા હતા. આજે ટેકનોલોજી બદલાઇ છે. બધાને અપગ્રેડ થવું છે.

અધ્યક્ષશ્રી : ચાલુ બેઠકમાં વાતો કરતા હતા. મારું ધ્યાન પડ્યું નહીં, નહીંતર હું ટકોર કરત.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : સોરી સર, જ્યારે જ્યારે ઉદ્યોગમાં અપગ્રેડેશન આવે છે કે અપગ્રેડ કરવું છે કે આજે ઇન્ડસ્ટ્રીઝ સ્થાપવી હોય..

અધ્યક્ષશ્રી : પાટલી બદલવાની છૂટ છે એ તકલીફ ન કરતા હોય તો !

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : આજે ધારો કે અમદાવાદ, વાપી, અંકલેશ્વર કે કોઇ જગ્યાએ ઉદ્યોગ સ્થાપવો હોય તો પહેલો નિયમ એવો છે કે ઝીરો ડિસ્ચાર્જ જોઇએ. હવે જ્યારે zero discharge વાત કરી તો તમારે એવી નવી અપગ્રેડેશનવાળી મશીનરી તમારી પાસે હોવી જોઇએ, તમારી પાસે ટેકનોલોજી ઉપલબ્ધ હોવી જોઇએ. આ ટેકનોલોજી સાથે આપણી પાસે ગુજરાતમાં એવો યુવાન, એવો વિદ્યાર્થી તૈયાર જોઇએ કે જે આવતી કાલના વિશ્વની જે ઇનોવેટીવ વસ્તુ છે એની જોડે મેચ થાય અને એટલા માટે આ જે યુનિવર્સિટીનું સુધારા વિધેયક લાવવાનો માનનીય શિક્ષણ મંત્રીનો ઉદ્દેશ છે એ આ છે. Success is the time to redefine our goals બધા ધારાસભ્ય ચૂંટાયા છે તો આપણે જીત્યા પણ છીએ પણ એનો મંત્ર બહુ સરસ છે. Success is the time to redefine our goals અને failure is the time to redefine our methods સાહેબ, આ તો redefine goals ને આપણે કરીએ છીએ કે ગુજરાતમાં આવનાર દિવસોની અંદર શું જોઇશે? આપણું ભવિષ્ય શું હશે? આ સ્ટેટને આપણે કઇ દિશામાં લઇ જવું છે? અને એ માટે થઇને આ યુનિવર્સિટીનું જે સુધારા વિધેયક લઇને આવ્યા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. અનેક ઉદાહરણ આપણે આપી શકીએ છીએ. આજે વાઇબ્રન્ટ ગુજરાત થકી શાનું હબ નથી. પોઝીટીવ વિચાર કરીએ કે આજે હબ શાનું નથી? કેમિકલનું ગુજરાત હબ છે, ઓટોમોબાઇલ્સ હબ છે, આપણે પેટ્રોકેમિકલ્સમાં સૌથી વધારે પ્રોડક્ટસ ૬૬૦૦ કેમિકલ્સ પ્રોડક્ટસ આપણે બનાવી શકીએ છીએ. dyes છે, intermediates છે, pharmaceuticals છે, glass છે, ceramics છે, રાજકોટની અંદરની વાત કરીએ તો foundry છે, પાવર, ગેસ. શ્રી પુનમભાઇ, હું પછી જવાબ આપીશ. Plastic છે, textile છે, diamond છે agro products. હવે આટલી બધી રેન્જની અંદર જ્યારે આપણી પાસે આ ગુજરાતની અંદર આ થઇ ગયું છે ત્યારે એવા કેલીબર થયેલા કારીગરો, એવા કેલીબર થયેલા વિદ્યાર્થીઓ, એવા કેલીબર થયેલા આપણી પાસે છોકરાઓ જોઇએ અને માટે મેં કહ્યું કે જેટલી નવી નવી યુનિવર્સિટી સ્થાપી છે. મેં ગયા વર્ષે પણ કહ્યું હતું, જ્યારે માનનીય મંત્રીશ્રી ગુજરાત મેરી ટાઇમ બોર્ડનું બિલ લઇને આવ્યા હતા. આવનાર યુગમાં દરીયાઇ માર્ગથી ટ્રાન્સપોર્ટેશન થવાનું છે. મેં તે વખત પણ કહ્યું હતું અને આજે ફરીથી પણ યાદ કરાવું કે આપણે કોમ્પીટ કરવું હશે વિશ્વ જોડે કે ચાઇના જોડે તો આપણને સહુથી વધારે કોસ્ટ તો અહીં પણ પડે છે અને ત્યાં પણ પડે છે પણ competitive ways કયાં છે તો કોમ્પીટીટીવ ways ટ્રાન્સપોર્ટેશનમાં છે. ગુજરાત મેરીટાઇમ યુનિવર્સિટીનું એમેન્ડમેન્ટ લાવ્યા, સાહેબ, એ આજે ખબર નહીં પડે. આ તો બીજ વાવેલા છે એનું ફળ આપણને આવનારા દિવસોમાં મળવાનું છે. તો આવી તો અનેક યુનિવર્સિટીસ છે. સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે. સ્ટેન્ડઅપ યુનિવર્સિટીનું નિર્માણ કર્યુ છે તો આવનારા દિવસોમાં આપણે ભણીશું કે આવા વિદ્યાર્થીઓ તૈયાર કરીશું તો ગુજરાતની અંદર જે રોજગારીની બધા આ જ સભ્યો ચિંતા કરે છે, હું કોઇ ટીકા ટીપ્પણ આમાં નથી કરતો પણ જયારે આ ચર્ચા થતી હોય ત્યારે એનો પોઝીટીવ એટીટયુડથી વિચાર કરો તો ખરેખર અભિનંદનને પાત્ર છે. આમ તો બધા જ માનનીય સભ્યશ્રીઓએ વાત કરી છે, માનનીય મંત્રીશ્રીએ વિશેષ વાત કરી છે ત્યારે કહું કે ઇન્ડિયાની સૌથી મોટી તકલીફ માનનીય સભ્યશ્રી હમણાં બોલ્યા અને હું ધ્યાનથી સાંભળતો હતો. કોરીયાની અંદર ૯૬ ટકા લોકો એ ટ્રેડ કોટાના એજ્યુકેશનલ એવા પણ સિલેકટ કરે છે કે મારે કયા ટ્રેડમાં જવું છે. અહીંયા લખ્યું છે કે ૯૬ ટકા સાઉથ કોરીયામાં લોકો એવું વિચારે કરે છે કે મારે વ્યવસાયલક્ષી સ્કિલ ડેવલપમેન્ટમાં જવું છે. ૮૦ ટકા જાપાન, ૫૦ ટકા ચાઇના, અને આપણે ૫ ટકા. તકલીફ અહીંયા છે કે આજે આપણે એમ કહીએ કે બી.ઇ. થયા તો જયારે પહેલી વખત નોકરી કરવા જાય છે તો એને સમજ પડે છે ખરી? એ વિષયને એટલા માટે અડવાનો છે કે એ પ્રકારના વિદ્યાર્થી, એ પ્રકારના કારીગરો આપણે તૈયાર કરીએ અને માટે જ આ જયારે ચિંતા આપણે કરી હોય ત્યારે પ્રમાણિત કરેલા ૧૫૦૦ જેટલા સર્ટીફાઇડ કોર્ષીસ આ યુનિવર્સિટીમાં એડ થયા છે અને તમે જુઓ એની અંદર એનો વિસ્તાર જુઓ તો બિલ્ડીંગ કંસ્ટ્રકશન્સ, જેમ્સ એન્ડ જવેલરી, ઓટોમોબાઇલ, ઓર્ગેનાઇઝ રીટેલ માર્કેટીંગનું છે. ઇન્ફર્મેશન ટેકનોલોજી, બેન્કિગ ટુરીઝમ, ઇન્ફોર્મર સેકટર, મેન્યુફેકચર સેકટર, એન્જિનિયરીંગ સેકટર આમ બધા જ સેકટરને જયારે આ છેવાડાની અંદર જયારે આ યુનિવર્સિટી સ્થપાતી હોય ત્યારે મારે વધુ નથી પ્રકાશ પાડવો પણ એક વસ્તુ એવી કહી શકાય કે પ્રોગ્રેસ માટે તમે કંઇ પણ કરો તો પ્રોગ્રેસ માટે તમારે આ જરૂરી છે અને પ્રોગ્રેસ એ ઇમ્પોસીબલ વીધાઉટ ચેન્જ એટલે માનનીય મંત્રીશ્રી જે આ બિલ લઇને આવ્યા છે એમાં વધુ પ્રકાશ નથી પાડતો કારણ કે ઘણા બધા સભ્યોએ એકની એક વાત કરી છે તો મોરપીંછની અંદર

વધુ એક પીંછું ઉમેરાય છે. હું માનનીય શિક્ષણ મંત્રીશ્રી, માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને નીતિનભાઈને હું હ્રદયપૂર્વકના અભિનંદન આપુ છું.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે અને અભિનંદન આપવાના છે માનનીય ધારાસભ્યશ્રી અજીતસિંહજી ચૌહાણને એક રકમ અહીંયા આપણા પ્રવેશ દ્વાર પાસેથી મળી છે એ મને અહીંયા જમા કરાવી છે એ જે કોઇની હોય એ અધ્યક્ષની ચેમ્બરમાં આવીને લઇ જાય. જેમના પણ પૈસા ખોવાયા હોય એ આવીને લઇ જાય. એ રકમ એટલા માટે બોલતો નથી કે રકમ (અંતરાય) અર્જુનસિંહ એમની છે, ચાલો શોધી પણ લીધા કોની છે, એ મારી ચેમ્બરમાં આવીને લઇ જાય. ધન્યવાદ.

ડો. આશા પટેલ(ઉંઝા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ વધુ સુધારા વિધેયકની જે વાત છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. યુનિવર્સિટી શરૂ કરવી એ સમાજની વિકાસની એક જવાબદારી સમાન છે. નવી યુનિવર્સિટી સ્થાપવાથી સમાજની નવી પેઢીમાં નફારૂપ વધારો થાય છે અને democraphic dividend સમાજને મળે છે આ રીતે જયારે સમાજ માટે નફારૂપ પેઢી તૈયાર થશે આવો ઉમદા ઉદ્દેશ યુનિવર્સિટી સ્થાપવા પાછળ સરકારનો હોવો જોઈએ. રાજય સરકાર ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી શિક્ષણ પૂરું પાડવાના આશયથી રાજયમાં ખાનગી યુનિવર્સિટીની સ્થાપના કરવા માટેની જોગવાઇ કરવા માટે અને અધિનિયમની જોગવાઇઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ અધિનિયમિત કર્યો છે. આજે ગોકુલ ફાઉન્ડેશન, સિદ્ધપુર, જિલ્લો પાટણની પણ ખાનગી યુનિવર્સિટી તરીકે દરખાસ્ત મળી છે ત્યારે આ સુધારા વિધેયકમાં મારા સૂચનો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં શિક્ષણના ખાનગીકરણના કારણે શિક્ષણનું સ્તર ગગડી રહ્યું છે. જો ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી શિક્ષણ આપવાનો ઉદ્દેશ હોય તો શિક્ષણનું સ્તર કાગળ ઉપર નહીં પણ હકીકતમાં ઉંચું આવવું જોઇએ. જે હકીકતથી તદ્દન વિરુદ્ધ છે. કારણ કે હું પણ શિક્ષણ સાથે સંકળાયેલી છું. હકીકતમાં જો આપણને ઉદ્યોગલક્ષી શિક્ષણ મળતું હોત તો આ રાજ્યમાં શિક્ષિત બેરોજગારોનો આંકડો જે વધ્યો છે એ વધ્યો ન હોત. રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ શૈક્ષણિક સંસ્થાઓ વર્ષો પહેલા કોંગ્રેસના શાસનમાં સ્થપાયેલી અને એ સુગ્રથિત માળખાના શિક્ષણથી લાખો ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવીને ઉચ્ચ કારકિર્દી બનાવી રાષ્ટ્ર અને રાજ્યના નિર્માણમાં ઉમદા યોગદાન આપ્યું છે અને આપી રહ્યા છે. ભા.જ.પ. સરકાર જ્યારથી શાસનમાં આવી છે ત્યારથી શિક્ષણ પાછળના નાણા એના બિન ઉત્પાદકીય ખર્ચ તરીકે ગણવામાં આવે છે. રાષ્ટ્ર અને રાજ્ય માટે ઉત્તમ માનવ સંશાધન તૈયાર કરવું એ રાજ્ય સરકારની પાયાની ફરજ છે. કમનસીબે ગુજરાતની ભા.જ.પ.ની સરકાર સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ અને યુનિવર્સિટીઓના માળખાને તોડી નાખવાની નીતિ અખત્યાર કરી રહી છે. એક તરફ સરકારી શાળા, કોલેજો અને યુનિવર્સિટીઓમાં શિક્ષકો, અધ્યાપકો, કર્મચારીઓની નિમણૂંક વર્ષો સુધી થતી નથી અને એવી ઘણી સંસ્થાઓ છે, ઓન રેકોર્ડ જોઇએ તો મારી પાસે આવશો તો આપીશ. ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક નામ વાંચીને પ્રથમ દ્રષ્ટિએ એવું લાગ્યું હતું કે, (અંતરાય) તમારા માધ્યમથી હું શિક્ષણ મંત્રીશ્રીને જ કહું છું. આ ખાનગી યુનિવર્સિટીમાં ચાલતી ગેરરીતિઓ, અવ્યવસ્થાઓ, ઉંચી ફીના ધોરણો અને નિયમોના ઉલ્લંઘન સામે કડક નિયમોના સુધારા માટેનું વિધેયક હશે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે હકીકતમાં આ સુધારા વિધેયક એક વધારાની ખાનગી યુનિવર્સિટીના ઉમેરા માટેનું આ વિધેયક છે. મારે કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર સંસ્થાને સુધારા વિધેયક હેઠળ ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપવા આગળ વધી રહી છે ત્યારે હકીકતમાં આ સંસ્થાના કેમ્પસમાં ચાલતી ઈજનેરી કોલેજમાં છેલ્લા બે–ત્રણ વર્ષમાં નામપૂરતા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. મોટાભાગના વિદ્યાર્થીઓએ ઇજનેરી કોલેજને પસંદગી પણ આપી નથી. મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, રાજ્યમાં છેલ્લા પંદર વર્ષમાં શિક્ષણના વ્યાપારીકરણનો વેગ વધી રહ્યો છે ત્યારે ભાજપ સરકારે જ્યારે એમાં કમર કસી છે ત્યારે એ તપાસ, અભ્યાસ સાથે સંશોધનનો વિષય બની રહ્યો છે. રાજ્યની અંદર ખાનગી યુનિવર્સિટીઓના મંજૂરીઓના નામે મોટા પાયે થઇ રહેલી ગોઠવણો પણ એક અભ્યાસનો વિષય બન્યો છે. જે સંસ્થા એક–બે વિદ્યાશાખા સાથે માત્ર નામની શૈક્ષણિક સંસ્થાનો સંચાલનનો અનુભવ અને તેઓને યુનિવર્સિટીનું લાયસન્સ, પરવાનો આપવાનું કામ ભાજપ સરકાર કરી રહી છે. વડોદરા ખાતે આવેલ પારૂલ યુનિવર્સિટીના દાખલાથી કોઇ અજાણ નથી. એમાં મારે વિશેષ કહેવું નથી પરંતુ મારે છેલ્લે કહેવું છે કે તેમાં ફરજ બજાવતા યુનિવર્સિટીના એકાઉન્ટન્ટ હતા એણે વ્યથા સાથે અગનપછેડી ઓઢી મરણચિઠ્ઠીમાં એનો ઉલ્લેખ કર્યો હતો. કોઇપણ યુનિવર્સિટીની પાયાની મૂળભૂત ફરજ પ્રવેશ, પરીક્ષા, પરિણામ અને પદવી પણ ખાનગી યુનિવર્સિટી માટે આ મૂળભૂત ફરજ એ આર્થિક ઉપાર્જનનું સાધન બની રહ્યું છે. પ્રવેશમાં ગેરરીતિ, ડોનેશન, ઉંચી ફી, પરીક્ષામાં ગોલમાલ, પરિણામમાં સુધારા–વધારા અને છેલ્લે પદવી પ્રમાણપત્ર આપતી વખતે નાણાની વસુલાત એવી અનેક ફરિયાદો અવાર–નવાર શિક્ષણ મંત્રીશ્રી સમક્ષ ફાઇલોમાં વજન હેઠળ છવાઇ રહેલી છે. વર્તમાન પત્રો અને ઇલેક્ટ્રોનિક માધ્યમોમાં આ બાબતો વારંવાર પ્રકાશિત પણ થયેલી છે. રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ આવી ફરિયાદો અંગે સ્ટીરિયો ટાઇપ જવાબ આપે છે કે તપાસ ચાલુ છે. પણ હજુસુધી એક પણ ખાનગી યુનિવર્સિટી કે ખાનગી સંસ્થા સામે પગલાં લેવાયા નથી. ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયકમાં નવી ખાનગી યુનિવર્સિટીના પરવાના આપવાના બદલે વિધેયકના નામ મુજબ ખાનગી યુનિવર્સિટી જે હાલમાં અસ્તિત્વમાં છે તે મોટાભાગની ખાનગી યુનિવર્સિટીમાં મંજૂરી વખતે જે શરતો અને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન એટલે યુ.જી.સી.ના ધારા–ધોરણનું પાલન થાય,

શૈક્ષણિક સ્તર સુધરે એ દીશામાં કામગીરી થાય તો આ ગૃહના માધ્યમથી રાજ્યમાં ભવિષ્ય સમાન ઉંચી ફી ભરતા વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળે અને સારું શિક્ષણ મળશે તો જ વિદ્યાર્થીઓનું ભવિષ્ય પણ સ્પર્ધાત્મક સમયમાં ઉજ્જવળ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયકમાં આ ગૃહ સમક્ષ વિનંતી સહ જણાવવાનું કે, હાલમાં અસ્તીત્વમાં અને રાજ્ય સરકારે ખાનગી યુનિવર્સિટી કાયદા હેઠળ મંજૂરી આપી છે. આ યુનિવર્સિટીઓ માટે જરૂરી પાયાના અધિકારીઓની જગ્યા, અધ્યાપકોની કાયમી જગ્યા સહીતના મુદ્દાઓની ચકાસણી માટે ગૃહના સભ્યોની, બંને પક્ષના સદસ્યોનો સમાવેશ કરી ફેક્ટ ફાઇન્ડિંગ કમિટી બનાવવામાં આવે તો મોટાભાગની ખાનગી યુનિવર્સિટીમાં કુલ સચિવ, પરીક્ષા નિયામક, ચીફ એકાઉન્ટ ઓફિસર, ફિઝિકલ એજ્યુકેશન ડીરેક્ટર, આસિસ્ટન્ટ પ્રોફેસર, પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસરની જગ્યાઓ આવી બધી જગ્યાઓ ખાનગી યુનિવર્સિટીમાં નામ પુરતી જ રહેલી હોય છે અને વાસ્તવમાં ત્યાં ઉપલબ્ધ હોતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટીમાં સુધારા વિધેયક પાછળ રાજ્ય સરકારની મંશા શિક્ષણની ગુણવત્તાને બદલે વ્યક્તિઓને સાચવવા માટે ઓબ્લાઇઝ પોલિટિકલી હોય તેવું જણાય રહ્યું છે. રાજ્ય સરકારે છેલ્લા ઘણાં વર્ષોથી જે રીતે ખાનગી શાળા, કોલેજ, યુનિવર્સિટીઓને આડેધડ પરવાના આપ્યા છે તેના કારણે ગરીબ, સામાન્ય, મધ્યમ વર્ગના બાળકો, વાલીઓ માટે શિક્ષણનો અધિકાર સ્વપ્ન બની રહ્યો છે. રાજ્ય સરકાર જે રીતે શિક્ષણના ખાનગીકરણ, વ્યાપારીકરણને જે બુલેટ ગતિએ આગળ વધારી રહી છે તેના જ ભાગરૂપે ભાજપ સરકાર જુનિયર કે.જી., સિનિયર કે.જી., અને એકાદ સંસ્થા ચલાવનારાઓને ખાનગી યુનિવર્સિટીના દરજ્જા પણ આપી દીધા છે. ગુજરાત સરકાર પ્રયોગ શાળાની જેમ ખાનગી યુનિવર્સિટીઓ ખોલી રહી છે જે ઘણી ગંભીર બાબત છે. હું શિક્ષણ સાથે સંકળાયેલી છું ત્યારે કહું છું કે ૧૦–૧૦ વર્ષ સ્થાપનાને થયા હોવા છતાં પણ અનેક યુનિવર્સિટીઓ પાસે યુ.જી.સી.ના ધારા–ધોરણ મુજબ તેમની પાસે બિલ્ડિંગો અને જમીનો પણ નથી સાથો સાથ પ્રોફેસરો, આસિસ્ટન્ટ પ્રોફેસરો, એસોસિએટ પ્રોફેસરો અને અન્ય અધિકારીઓ પણ નથી ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી, આપને કહેવું છે કે હવે હું એક વાત ચોક્કસ કરીશ કે ગોકુલ ફાઉન્ડેશન સિદ્ધપુર તાલુકા, જિલ્લો પાટણની સંસ્થા મારા વતનથી તદ્દન નજીક છે અને મેં તેનો વારંવાર તદ્દન બારિકાઇથી યુનિવર્સિટીમાં સિન્ડીકેટ મેમ્બર હતી ત્યારે અભ્યાસ પણ કરેલો છે. જે જગ્યાએ ગોકુલ ફાઉન્ડેશન સંસ્થા છે અને ત્યાં જે વિસ્તારમાં બિલ્ડિંગ બનેલી છે એ વિસ્તારની અંદર ઇન્ડિયન ઓઇલ કોરપોરેશનની પાઇપ લાઇન જાય છે અને એ પાઇપ લાઇન જતી હોવાના કારણે આપ નકશામાં અભ્યાસ કરી શકો છો જે પ્રોપરલી નથી પરિણામે તેને મંજૂરી મળી શકે નહિ. ભવિષ્યમાં અકસ્માત થાય તો એના માટે જવાબદાર કોણ? આ એક મોટો પ્રશ્ન ઉપસ્થિત થઇ શકે તેમ છે. આ સંસ્થામાં તમે જુઓ તો એન્જિનિયરીંગ કોલેજ પણ બંધ પડી છે તેના આંકડા મારા સાથી મિત્ર આપશે. તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા પણ મળતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થી વગરની યુનિવર્સિટી બનાવી સરકાર શું કરવા માગે છે? એ મને સમજાતું નથી. આ સંસ્થાની તદ્દન નજીક લગભગ ૨૦ કિલોમીટરના અંતરે આ જ પાટણ જિલ્લાની સ્ટેટ યુનિવર્સિટી હેમચંદ્રાચાર્ય નોર્થ ગુજરાત યુનિવર્સિટી અને ૩૦ કિલો મીટરના અંતરે બીજી ખાનગી યુનિવર્સિટી સાંકળચંદ પટેલ યુનિવર્સિટી આવેલી છે, તેમજ ગણપત યુનિવર્સિટી ખેરવા પણ આવેલી છે. આટલા નજીક નજીકના વિસ્તારમાં આવી ખાનગી યુનિવર્સિટી આપવાનો કોઇ મતલબ નથી. કારણ વિદ્યાર્થીઓ પણ મળતા નથી. કોઇ રાજકીય વ્યક્તિના રાજકીય સહકાર મેળવ્યા બાદ તે જ વ્યક્તિને પુરસ્કાર આપવા માટેનું આ સુધારા વિધેયક લાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં સ્વાર્થ વૃત્તિમાં પડવાના વિષય ભણાવશે? આ યુનિવર્સિટીમાં લોભવૃત્તિમાં પડવાનો વિષય ભણાવશે? ઇમાન વેચવાની કળાનો વિષય ભણાવશે? કે ભરોસો ભાંગવાની કળાનો વિષય ભણાવશે? એ એક પ્રશ્નાર્થ છે. માનનીય અધ્યક્ષશ્રી, •(×××)(અંતરાય)

અધ્યક્ષશ્રી : (અંતરાય) એક મિનિટ બેન, આપ બેસી જાઓ, આપ બેસી જાઓ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આદરણીય પરેશભાઇ, એક મિનિટ, હા શું હતું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા સશક્તિકરણનો હિમાયતી છું. હું વચ્ચે બોલવા નહતો માગતો પરંતુ જે રીતની વાત થઇ છે એટલે રાજ્ય સભામાં..(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ શાંતિ, (આ તકે વિરોધપક્ષના નેતાશ્રી પોતાના સ્થાને ઉભા થતાં) પ્લીઝ શાંતિ.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : (અંતરાય) વિરોધપક્ષના નેતાને (અંતરાય) મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, જે રીતની આદરણીય સભ્યશ્રીએ વાત કરી છે, રાજ્ય સભાની..(અંતરાય) (અંતરાય)

અધ્યક્ષશ્રી : પરેશભાઇ આપ બેસો બે મિનિટ.. (અંતરાય)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : મને બોલવા દોને ભાઇ (અંતરાય) વિરોધપક્ષના નેતાશ્રીને વિનંતી કરું કે, આપ વિરોધપક્ષના નેતા છો, એટલે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે, રાજ્યસભાની જે વાત કરી એમણે કે, *(×××) એની સામે...(અંતરાય)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. ચાલો, આપનું પ્રવચન ચાલુ રાખો.(અંતરાય)..

શ્રી પરેશ ધાનાણી : (અંતરાય) *(×××) માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : આ તમારા શબ્દો પણ કાઢી નાખવામાં આવે છે. આ ના હોય એમાં, અહીંયા રાજ્યસભાની વાત ના હોય, ચાલો.(અંતરાય) અરે, બિલ ઉપર વાત હોય. એ શબ્દો પણ કાઢી નાખવામાં આવે છે, બેન આગળ આપનું પ્રવચન ચાલુ રાખો.(અંતરાય)

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી સ્થાપવા માટે પૂરતી ફેકલ્ટી, અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ હોવા જોઇએ. યુનિવર્સિટી તો ઓક્સફર્ડ, હાર્વર્ડ કે કેમ્બ્રીજ જેવી યુનિવર્સિટી આંતર રાષ્ટ્રીય કક્ષાની યુનિવર્સિટી સ્થાપવામાં બાવીસ વર્ષમાં આ ભા.જ.પ. સરકાર નિષ્ફળ નિવડી છે. પણ દેશમાં પ્રથમ નંબરે આવે એવી એક પણ યુનિવર્સિટી આપણા ગુજરાતમાં નથી. જે બતાવે છે કે, આપણે યુનિવર્સિટીની સંખ્યામાં વધારો કરીએ છીએ નહીં કે ગુણવત્તામાં. ગુણવત્તા વગરની યુનિવર્સિટીઓ સ્થાપવી એ વિદ્યાર્થીઓ સાથે છેતરપીંડી છે. આમ આ રાજ્ય સરકાર કોઇ વ્યક્તિને સંતોષ આપવા માટે ગામના છોકરાને જતી શા માટે બનાવે છે, એ મારો એક પ્રશ્ન છે? ખાનગી યુનિવર્સિટીઓને સરકાર સ્વાયત્તતા આપવા માગે છે આવી *(×××) એવા દાખલા ગુજરાતમાં ઘણા બન્યા છે અને વર્તમાનપત્રોમાં પણ છપાયેલા છે. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો પાછા ખેંચવામાં આવે અથવા કાઢી નાખવામાં આવે.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આવા બિનપાયાદાર આક્ષેપો ના થાય.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ આપ બેસી જાઓ, આપ બેસી જાઓ. હા,જી. શાંતિ જાળવો (અંતરાય) આશાબેન આપ બેસી જાઓ (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : *(×××) આવા બિનપાયાદાર આક્ષેપો..(અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : યુનિવર્સિટીમાં લીધા છે (અંતરાય) ફરિયાદ થઇ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : મને ફરિયાદ કરજો ને પણ, મને ફરિયાદ કરજો. (અંતરાય) અરે, મને ફરિયાદ કરજો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, બે મિનિટ, આપ પણ બેસી જાઓ, બધા બેસી જાઓ, હા.જી.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ખાનગી યુનિવર્સિટી પર સરકારનું કોઇ નિયંત્રણ ન હોય તેવી છાપ હાલ પણ સમાજમાં ઉપસી આવી છે. આમાં રાજ્યની યુવા પેઢીને ભોગે નાણા કમાવી દેવાના બદલે માલ્યાથી માંડીને તાજેતરમાં નિરવ મોદી પ્રજાના રૂપિયા લઇ ગયા એ રીતે સરકારી તિજોરીમાં આપો ને. આ સરકાર કદાચ *(×××) આ બિલ પાસ કરે...

અધ્યક્ષશ્રી : •(×××) શબ્દો કાઢી નાખવામાં આવે છે.

ડો. આશા પટેલ : અને નિરવ મોદીની જેમ પૈસા આપીને ભગાડી મૂકે તો આ રાજ્યના યુવા ધનને *(×××) બચાવી શકાય.

અધ્યક્ષશ્રી : આ *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

ડો. આશા પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ આ બિલ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ બોલાય, એ વાત પણ બોલાય, બીજી રીતે બોલાય...

ડો. આશા પટેલ : અરે, જે કાઢવું હોય એ કાઢજો પહેલાં સાંભળો, અત્યારે સાંભળો મારી વાત....(અંતરાય)

અધ્યક્ષશ્રી : મને ખબર છે, તમે અને હું બોલી શકીએ છીએ બીજી રીતે.

ડો. આશા પટેલ : આમ આ બિલ એ ભાવી પેઢીના ઘડતર માટે જરૂરી ન હોઇ આ બિલને અમારું બિલકુલ સમર્થન નથી. ખાનગી યુનિવર્સિટીમાં વહીવટી ખર્ચ વધુ હોવાથી વિદ્યાર્થીઓના ફીના ધોરણો સ્ટેટ યુનિવર્સિટીની સરખામણીમાં વધુ હોય છે. વહીવટી ખર્ચ ઘટાડવા માટે યોગ્ય લાયકાતવાળા સ્ટાફની ભરતી ખાનગી યુનિવર્સિટીમાં કરવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, ગૃહ ૩.૧૫ વાગ્યે ફરી મળશે, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫ )**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

ડો. આશા પટેલ : (ક્રમશ:) માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી યુનિવર્સિટીમાં વહીવટી ખર્ચ વધુ હોવાથી વિદ્યાર્થીઓના ફીના ધોરણો સ્ટેટ યુનિવર્સિટી કરતા વધારે હોય છે. વહીવટ ખર્ચ ઘટાડવા માટે યોગ્ય લાયકાતવાળા સ્ટાફની પણ ભરતી કરવામાં આવતી નથી. યુનિવર્સિટીઓના રિઝલ્ટ ઉંચા લાવવા માટે નબળા વિદ્યાર્થીઓનું રિઝલ્ટ પણ ઉંચું બતાવવામાં આવે છે. લર્નીંગ એટમોસ્ફીયર અને ફેસીલીટી સ્ટેટ યુનિવર્સિટી કરતા ઘણી નબળી હોય છે. ખાનગી યુનિવર્સિટીમાં વહીવટી સત્તા એ મર્યાદિત લોકો પૂરતી હોય છે અને નબળા વિદ્યાર્થીઓને પણ સત્તાના જોરે સારા રિઝલ્ટ આપવામાં આવે છે. યુ.જી.સી. અને એ.આઇ.સી.ટી.ના નિયમોનું ચુસ્તપણે પાલન થતું નથી. ઇન્સ્પેકશનના સમયે જ સ્ટાફ પૂરતો બતાવવામાં આવે છે, બાકી કાગળ ઉપર જ હોય છે એ મને અનુભવ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે તો કાગળ ઉપર નથીને? (અંતરાય) હું તો લાઇટ ટોનમાં કહું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ડો. આશા  પટેલ : સાહેબ, તમે જે બોલો એ સર્વ સ્વીકાર્ય છે. સ્ટેટ યુનિવર્સિટી રાજ્ય સરકારના પ્રત્યક્ષ માર્ગદર્શન હેઠળ ચાલતી હોવાથી તેનો વહીવટ, શિક્ષણ ગુણવત્તા અને વિશ્વસનિયતા વધુ હોય છે જયારે ખાનગી યુનિવર્સિટીમાં આવું થતું નથી. યોગ્ય ધારાધોરણ મુજબ ખાનગી યુનિવર્સિટી કાર્ય કરે ત્યારે યુ.જી.સી., એ.આઇ.સી.ટી. કે કોર્ટ યુનિવર્સિટીની માન્યતા રદ કરે ત્યારે તેમાં અભ્યાસ કરતા તેમજ અભ્યાસ કરીને બહાર પડેલા વિદ્યાર્થીઓની કારકિર્દી જોખમાય છે. ૧૯ જાન્યુઆરી, ૨૦૧૦માં કેન્દ્ર સરકારે ૪૪ ડીમ્ડ યુનિવર્સિટીને બ્લેક લિસ્ટ કરી હતી. ૧૬ ગવર્મેન્ટ સાયન્સ કોલેજોમાં ૨ થી ૩ અધ્યાપકોનો સ્ટાફ છે તો ખાનગી યુનિવર્સિટીની હાલત કેવી બની શકશે એ વિચારવાનો વિષય છે અને તપાસનો પણ વિષય છે તેથી આ વિધેયકને મારું અનુમોદન આપવા માટે હજુ પણ હું સુધારા સુચવું છું. મહિલા સશક્તિકરણની ભા.જ.પ. સરકારમાં વાત થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે કહેલું કે મેડિકલ કોલેજમાં ખાનગી મેડિકલ કોલેજો છે એમાં ચાર લાખ ફી મહિલાઓ માટે લેવામાં આવશે પરંતુ હાલની સ્થિતિમાં ચાર લાખ લેવામાં આવે છે કે  તેથી વધારે એ પણ એક અભ્યાસનો વિષય છે. યુનિવર્સિટી, ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયકમાં નવી નવી યુનિવર્સિટીને એડ કરવા કરતા જે સ્ટેટ યુનિવર્સિટી છે એના સ્ટેચ્યૂટ અને ઓર્ડિનન્સ હજુ સુધી પણ સુધારવામાં આવતા નથી એ સુધારા વિધેયક બિલ લાવવું બહુ જરૂરી છે. તાલુકાવાઇઝ જો સરકારી કોલેજો ખોલવામાં આવે તો ગ્રામ્ય વિસ્તારના લોકો જે બિચારા ખેડૂતોના પુત્રો છે, જે ગરીબ છે, જે મધ્યમ વર્ગના છે એમને સારું શિક્ષણ મળી રહે એ અભિગમ સરકારનો હોવો જોઇએ. ખાનગી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓનું ઉત્પાદન કરવામાં આવે છે અને સારા વિદ્યાર્થીઓ બહાર પડતા નથી અને પછી પકોડા તળવાની હાલત એ વિદ્યાર્થીઓની ઉભી થાય છે. ખાનગી યુનિવર્સિટીઓને પ્રોત્સાહન આપવા કરતા કોલેજમાં નોકરી કરતા કર્મચારીઓને ફીકસ વેતનમાંથી કયારે બહાર કાઢવામાં આવશે એ સરકારે વિચારવું જોઇએ. ૧૧ માસના કરાર આધારિત કર્મચારીઓને ૧૧ માસ પૂર્ણ થતાં, મેં  પણ ૧૧ માસમાં પાંચ વર્ષ જોબ કરી છે. ૧૧ માસ પૂર્ણ થતાં જ ફરીથી ઇન્ટરવ્યૂની પ્રક્રિયામાં એ પોતે લાયકાતવાળા, પી.એચ.ડી. હોવા છતાં પણ ફરીથી એને ઇન્ટરવ્યૂ ફેસ કરવું પડે છે તેના કરતાં તેમાં સુધારા લાવવાનું સરકાર કરશે તો વધારે યોગ્ય ગણાશે. આ વેદના અને વ્યથા એ ૧૧ માસના કરાર આધારિત અધ્યાપકોની પણ છે. ત્રણ ઓઇલ કંપનીઓ જે ૨૦૦ થી ૧૦૦ મીટરના અંતરમાં આઇ.ઓ.સી., બી.પી.સી.એલ., એચ.પી.સી.એલ.એ ગોકુલ સંસ્થાની આજુબાજુ આવેલી છે ત્યારે આપણે એ પ્રશ્ન અભ્યાસનો છે કે એ યુનિવર્સિટીને આપણે ખાનગી યુનિવર્સિટીનો દરજજો આપવો કે નહીં? મહિલા સશક્તિકરણની વાતો થાય છે ત્યારે ભા.જ.પ. સરકાર જશ લે છે કે અમે મહિલાઓનું સશક્તિકરણ કર્યું , મહિલાઓને માન આપીએ છીએ ત્યારે આદરણીય સભ્યશ્રી, મારે નામ નથી દેવું, એમને મારે કહેવું છે કે કદાચ હું તો નવી હતી, શરૂઆતમાં શીખતી હતી અને શીખવાના સમયગાળામાં કદાચ મારી ભૂલ પણ થઇ હોય ત્યારે સભ્યશ્રી ઊભા થઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી અને મને ડિસ્ટર્બ કરતા હતા. ત્યારે મહિલા સશક્તિકરણનું અપમાન છે. મહિલા સશક્તિકરણની વાત નથી. એક વ્યકિતના સ્વાર્થ ખાતર  ખાનગી યુનિવર્સિટી આપવાના વિચારને સરકાર મોકુફ રાખે અને વડનગર જેવી કોલેજમાં પુરતો સ્ટાફ, પ્રયોગશાળા અને બિલ્ડિંગ આપે, એટલી તાલુકા કક્ષાએ કોલેજો ખોલે એટલું જરૂરી છે. અરવલ્લી જિલ્લામાં તમે જુઓ એક માર્કશીટ કૌભાંડ આવ્યું એ પણ આવી ખાનગી  સંસ્થાઓને  કારણે શકય બને છે. પારુલ યુનિવર્સિટીના આરોપીઓને છોડી મુકવામાં આવશે એવું અંગત સૂત્રો જણાવે છે. આ ચૂંટણીમાં આ સરકારે પારૂલ યુનિવર્સિટીનો રાજકીય સપોર્ટ લીધો હતો. મારે આપની મારફત મંત્રીશ્રીને જણાવવું છે કે બનાસકાંઠા, સાબરકાંઠા ઉત્તર ગુજરાતની ચિંતા છે. આ બનાસકાંઠા, સાબરકાંઠા એમાં એક પણ યુનિવર્સિટી નથી. આપણી સરકારે ૨૦૦ થી ૩૦૦ એકર જમીન રમણભાઇ મંત્રી હતા એ જગ્યાએ આપેલ છે. અમારી યુનિવર્સિટીએ ત્યાં  ઉદ્‌ઘાટન અને ખાતમુહૂર્ત કરેલ છે. ત્યાં સરકારી સ્ટેટ યુનિવર્સિટી બનાવવી જોઇએ. આવી ખાનગી યુનિવર્સિટીને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી નજીક હોવા છતા પણ જો તમે એનું વિધેયક પાસ કરવા માગતા હોય તો તદન  ખોટી વાત છે. જો આપણે ખરેખર આ દેશનો વિકાસ કરવો હોય, આ રાજ્યનો વિકાસ કરવો હોય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની વેદનાને વાચા આપવી હોય તો આવી ખાનગી યુનિવર્સિટીઓનું વિધેયક પાસ કર્યા વગર જયાં જયાં જરૂરિયાત છે ત્યાં પુરતો સ્ટાફ અને જયાં જયાં જરૂરિયાત છે ત્યાં કોલેજો આપીએ એ મહત્વનું છે. એટલા માટે આટલાં બધાં સચોટ, સ્પષ્ટ કારણોને અંતે હું એક શિક્ષિત અધ્યાપક હતી એ નાતે હું કહેવા માગુ છું કે આવી ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપવી જોઇએ નહિ, એટલા માટે હું મારો વિરોધ વ્યક્ત કરું છું.

શ્રી કીર્તિસિંહ  પ્ર. વાઘેલા (કાંકરેજ) :  માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૫ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક–૨૦૧૮ ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ– ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક આ સભાગૃહ સમક્ષ રજૂ કર્યુ છે, જેના ઉપર સૌ પ્રથમ મારા વિચારો વ્યક્ત કરવા આ સન્માનનીય સભાગૃહમાં ઉપસ્થિત થયો છું.  રાજ્ય અને રાષ્ટ્રની સરકાર રાષ્ટ્રને પુનઃ વિશ્વગુરુ બનાવવાના ધ્યેય સાથે આપણી સંસ્કૃતિના જતન અને ઘડતરના લક્ષ્ય સાથે ભારતની ભાવી પેઢી એટલે કે વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું અને ઉત્તમ પ્રકારના શિક્ષણ સાથે  સંસ્કારોનું સમન્વય કરી ઉત્તમ નાગરિકોના નિર્માણ માટે ભવ્ય ભારત અને દિવ્ય ભારતના નિર્માણ માટે રાજ્ય સરકારે શિક્ષણને મહત્વ આપ્યું છે. રાજ્ય સરકારે રાજ્યમાં ગુણવત્તાસભર, ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના ઉમદા હેતુથી રાજ્યમાં સરકારી અને ખાનગી યુનિવર્સિટી સ્થાપવાની જોગવાઇ કરી છે. જેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓ ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરી શિક્ષિત અને સંસ્કારી બન્યા છે. ગુજરાતના શિક્ષિત યુવાનો પ્રદેશ અને દેશ દુનિયામાં ખ્યાતિ પ્રાપ્ત બન્યા છે તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. ગુજરાતનો યુવાન દરેક ક્ષેત્ર હોય ધંધો રોજગાર હોય, વેપાર ઉદ્યોગ હોય, કૃષિ ક્ષેત્ર હોય કે

સેવાકીય પ્રવૃત્તિઓમાં પ્રગતિ કરી છે. રાજ્ય અને રાષ્ટ્રની પ્રગતિમાં સહભાગી બન્યા છે. જેનો યશ ગુજરાત સરકારને જાય છે. રાજ્ય સરકારે શિક્ષણને મહત્વ આપ્યું છે એને આભારી છે. ગોકુલ ફાઉન્ડેશન સિદ્ધપુર જિલ્લો પાટણે રાજ્યમાં ખાનગી યુનિવર્સિટી સ્થાપવાની અરજી કરી છે. આ સંસ્થા ઉત્તર ગુજરાતમાં અને ખાસ કરીને પાટણ અને બનાસકાંઠા જિલ્લાના છેવાડાના સરહદી વિસ્તારમાં આવેલ એક મોટું શૈક્ષણિક સંકુલ છે. તે મારા મત વિસ્તારની બાજુમાં આવેલ છે. અમારા પાટણ લોકસભા મત વિસ્તારમાં આવેલ છે. ગોકુલ ફાઉન્ડેશન દ્વારા અમારા સરહદી વિસ્તાર એટલે કે પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં શૈક્ષણિક સ્તર અને વ્યાપ વધારવા માટે આ સંસ્થામાં પ્રાથમિક શિક્ષણથી લઇને માધ્યમિક શિક્ષણ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, લો કોલેજ, સાયન્સ એન્ડ ટેકનોલોજી કોલેજ તેમજ વિવિધ ફેકલ્ટીઓના અભ્યાસક્રમો ચાલે છે. સૂચિત ગોકુલ યુનિવર્સિટીની સ્થાપના થશે તો અમારા સરહદી વિસ્તારના લોકોને ઘર આંગણે ઉચ્ચ પ્રકારના અભ્યાસક્રમો પ્રાપ્ત થશે. અમારા વિસ્તારમાં શિક્ષણનું સ્તર અને વ્યાપ વધશે. શિક્ષીત અને સંસ્કારી સમાજનું નિર્માણ થશે. જેના થકી લોકોમાં સુખ શાંતિ અને સમૃદ્ધિમાં વધારો થશે. આ વિસ્તારનો વિકાસ થશે. દેશ અને રાજયના વિકાસમાં આ વિસ્તાર સહભાગી બનશે. માનનીય મંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવેલા આ વિધેયકને મારું સમર્થન આપું છું. માનનીય મંત્રીશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા પાટણ અને બનાસકાંઠા જેવા છેવાડાના વિસ્તારની જે ચિંતા કરી છે તથા યુનિવર્સિટી સ્થાપવા માટેની જે દરખાસ્ત લઇને આવ્યા છે તે બદલ અભિનંદઅ આપું છું અને આભાર માનું છું. જય જય ગરવી ગુજરાત, ભારત માતાકી જય, વંદે માતરમ્.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદરણીય અને બહુ લાગણીશીલ એવા પૂજ્ય બાપુ એટલે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા બાપુ લાગણીવશ થઇ કદાચ આ જે અધિનિયમ લાવ્યા છે, સુધારા અધિનિયમ તેમાં સૌથી પહેલાં તો તેનું જે નામ છે ખાનગી યુનિવર્સિટી સુધારા અધિનિયમ તે નામ સાથે મારો વાંધો છો. એટલા માટે કે આમાં યુનિવર્સિટીના સ્થળ ફેરફાર અંગેનું જે સુધારા વિધેયક છે તે બરાબર છે પણ જે ગોકુલ યુનિવર્સિટીનું સુધારા વિધેયક છે તે નવી યુનિવર્સિટી માટેનું છે એટલે સૌથી પહેલાં તો તેનું નામ બદલવું જોઇએ. બીજી બાબત કે વારંવાર આ ગૃહની અંદર કહેવામાં આવે છે કે કોંગ્રેસે કંઇ નથી કર્યુ જે કર્યુ છે તે ભાજપ સરકારે કર્યુ છે. શિક્ષણની અંદર કર્યુ. મારે કહેવું છે કે, અહીં જે બધા માનનીય મંત્રીશ્રીઓ અને સભ્યો બેઠા છે તે બધા જે યુનિવર્સિટીઓમાં ભણ્યા છે તે કોંગ્રેસે બનાવેલી છે. વારંવાર ઘણા બધા મુખ્યમંત્રી બન્યા પણ કોઇ મુખ્યમંત્રીએ કંઇ ના કર્યુ હોય અને માત્રને માત્ર મોદી સાહેબે આ ગુજરાતનો વિકાસ કર્યો હોય તેવી વાતો થાય છે. મને કહેતાં આનંદ થાય છે કે મોદી સાહેબ પણ ગુજરાત યુનિવર્સિટીમાં ભણ્યા હતા અને તેની સ્થાપના કોંગ્રેસ વખતે થઇ છે. મારી ખાસ વિનંતી કે જે યુનિવર્સિટી નવી બનાવવાની વાત થઇ, પ્રાઇવેટાઇઝેશનને પ્રાધાન્ય મળવું જોઇએ. સારી યુનિવર્સિટી બને જેમ કે નિરમા, ડીડીઆઇટી આવી યુનિવર્સિટીઓને પ્રાધાન્ય મળે તેમાં અમારી સહમતિ હોઇ શકે. જે યુનિવર્સિટીઓ માત્રને માત્ર •(×××) તે યુનિવર્સિટીઓ સામે મારો વાંધો છે. કેન્દ્ર સરકારે યુજીસી એકટ બનાવ્યો છે. તે એકટને ૨૦૦૩ની અંદર...

શ્રી રણછોડભાઇ ચ. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે શબ્દપ્રયોગ કર્યો કે *(×××)તે કાઢી નાંખવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાંખીએ છીએ. મેં વારંવાર કાઢયા છે તો પણ સભ્યો બોલે છે. વિનંતી કરું છું કે આ *(×××) શબ્દ ન આવે તે શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપને જે શબ્દ યોગ્ય ન લાગે તે રેકોર્ડ ઉપરથી કાઢી નાંખવા માટે વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.સી. એક્ટ ૧૯૫૬ જે કેન્દ્ર સરકારે બનાવેલો છે અને એની સેકશન ૨૬ પ્રમાણે ૨૦૦૩માં એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું અને એ નોટિફિકેશનના પેરા ૩માં એવું સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, કોઇ પણ પ્રાઇવેટ યુનિવર્સિટી બનાવવામાં આવે "any private university will have to maintain all the standards of UGC and other autonomous bodies like NCT, AICTE". એટલે જે પણ યુ.જી.સી.ના સ્ટાન્ડર્સ હોય એ સ્ટાન્ડર્સ, એના ધારા ધોરણો પ્રાઇવેટ યુનિવર્સિટીએ નિભાવવા પડશે અને એનું પાલન કરવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડશે કે અત્યારે યુ.જી.સી.ની વેબસાઇટ ઉપલબ્ધ છે અને હમણા જ માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે અમે ૩૨ જેટલી ખાનગી યુનિવર્સિટીને મંજૂરી આપી છે, પણ આજે યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર જોવામાં આવે તો આ ૩૨ યુનિવર્સિટીમાંથી ૧૬ યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર એક પણ રજિસ્ટ્રારનું નામ નથી, એક પણ વાઇસ ચાન્સેલરનું નામ નથી, એના પરીક્ષા નિયામક કોણ છે, એનો સ્ટાફ કોણ છે? એ યુનિવર્સિટીની વેબસાઇટમાં માહિતી ઉપલબ્ધ નથી. માનનીય અધ્યક્ષશ્રી, મારે ધ્યાન દોરવું છે ઉચ્ચ શિક્ષણમાં, હમણા કહ્યું કે, અમે ઘણી બધી સરકારી કોલેજો શરૂ કરી છે. હમણા જ અહીંયા માનનીય પરબતભાઇ પટેલ બેઠા છે થરાદના તો થરાદની જે સરકારી સાયન્સ કોલેજ બનાવવામાં આવી એ અમારી નોર્થ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી હતી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, સરકારી કોલેજ થરાદના વિદ્યાર્થીઓએ પ્રેક્ટિકલની પરીક્ષા આપવા માટે ૧૩૦ કિલો મીટર દૂર વિસનગર આવવું પડે છે. વડનગરના વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલની પરીક્ષા આપવા માટે પાટણ કે વિસનગર જવું પડે છે. આજે એક પણ સરકારી કોલેજમાં સ્ટાફ નથી. હું પાટણની અંદર જે કોલેજ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કેમ્પસમાં નોકરી કરું છું એ કોલેજ કેમ્પસમાં ટી.એસ.આર. કોમર્સ કોલેજ આવેલી છે એની અંદર આજે પણ ૭૦૦ વિદ્યાર્થી ભણે છે, સરકારી ગ્રાન્ટેબલ કોલેજ છે એ કોલેજમાં છેલ્લા ૭ વર્ષથી પ્રિન્સિપાલ નથી, એક પણ પટાવાળો નથી, એક પણ સ્ટાફ નથી એના પુરાવા જોઇતા હોય તો હું આપવા તૈયાર છું અને આ બહુ ગુજરાતની એજ્યુકેશન સિસ્ટમ માટે *(×××) બાબત છે. પ્રાઇવેટ યુનિવર્સિટીઓને પ્રાધાન્ય આપવા છતાં આ બાબતે સરકારે વિચારવું જોઇએ.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દો રેકોર્ડ ઉપરથી હું દૂર કરું છું.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, યુ.જી.સી.ની ટીમે ૧૬ જેટલી ખાનગી યુનિવર્સિટીની મુલાકાત લીધી છે એનો રીપોર્ટ પણ મારી પાસે છે જરૂર હોય તો આપશ્રીને રજૂ કરું છું. એ યુનિવર્સિટીની અંદર યુ.જી.સી.ની ટીમે મુલાકાત લીધી એ તમામ ખાનગી યુનિવર્સિટીની અંદર સુવિધાનો અભાવ છે, સ્ટાફનો અભાવ છે, અધ્યાપકોનો અભાવ છે. સૌથી પહેલા ખાનગી યુનિવર્સિટીનો રાફડો કરતા પહેલા અથવા નવી યુનિવર્સિટીઓ આપતા પહેલા જે આ જૂની યુનિવર્સિટીઓ છે એની હાલ શું પરિસ્થિતિ છે એ આપણે જોવાની જરૂર છે. સુપ્રિમ કોર્ટે ૨૦૦૩માં ગાઇડલાઇન આપી હતી અને એ ગાઇડલાઇનના આધારે રાજયની અંદર અને દેશની અંદર ખાનગી યુનિવર્સિટી સ્થાપવા માટેની જોગવાઇ કરવામાં આવી અને એના ધારા ધોરણો નકક્કી કરવામાં આવ્યા અને એ ધારા ધોરણોના આધારે સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇનના આધારે ગુજરાત સરકારના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટે તા. ૧૭ માર્ચ, ૨૦૦૭ના રોજ સરકયુલર નંબર ઇ.પી.યુ.૨૦૦૭-૮૫૯-કે.એચ.નંબર-૧, એ પરિપત્ર બહાર પડ્યો છે અને એમાં નવી પ્રાઇવેટ યુનિવર્સિટી આપવા માટેની જોગવાઇ કરી છે અને એના ધારાધોરણ નક્કી કર્યા છે અને એ પરિપત્રના એનેક્ષ્ચર-૨ ની અંદર એની જે શરતો છે એની શરત નંબર-૩માં એવું સ્પષ્ટ લખ્યું છે કે . ‘‘if you want to start any private university there should be ten years of teaching experience in higher education." એટલે કે કોઇપણ પ્રાઇવેટ યુનિવર્સિટી સ્થાપવી હોય અને એ યુનિવર્સિટીની મંજૂરી આપવી હોય તો એમાં મીનીમમ દસ વરસનો હાયર એજ્યુકેશનનો અનુભવ જોઇશે, એમાં હાયર એજ્યુકેશનની સંસ્થાઓ ચાલુ હોવી જોઇશે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે આ ગોકુલ કેમ્પસની અંદર સૌથી પહેલાં હાયર એજ્યુકેશનની શરૂઆત કરી, પણ હજી નિયમ પ્રમાણે અને ગુજરાત સરકારના પરિપત્ર પ્રમાણે, સુપ્રિમ કોર્ટની ગાઇડલાઇન પ્રમાણે એને દસ વરસ પૂરા થયાં નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં બીજા નંબરની કન્ડીશન છે એમાં એવું લખ્યું છે Institutes shall already have assessment and accreditation certificate from NET. કેન્દ્ર સરકારે એક નેટ નામની સંસ્થા બનાવી છે યુનિવર્સિટીને અને કોલેજોને accreditation આપવા માટે. આ નેટનું accreditation ફરજીયાત હોવું જોઇએ. આ સંસ્થાને નેટનું accreditation છે કે નહિ એની તપાસ કર્યા સિવાય આ પ્રાઇવેટ યુનિવર્સિટીનો દરજ્જો આપવાનો અધિનિયમ અહીંયા રજૂ કરવામાં આવ્યો છે.

એમાં છ નંબરની જે કન્ડીશન છે એમાં એવું લખેલ છે કે "at least 50% of the faculty members of the respective institute should have clear NET, SLET, or Ph.D." એટલે કે ૫૦ ટકાથી વધુ જે ફેકલ્ટી મેમ્બર્સ હોય એને યુ.જી.સી. ના નિયમ પ્રમાણે નેટ, સ્લેટ કે પી.એચ.ડી. ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. મને માહિતી છે ત્યાંસુધી આ સંસ્થાની અંદર એક પણ કર્મચારી, એક પણ અધ્યાપક એવો નથી કે જેણે નેટ, સ્લેટ કે પી.એચ.ડી.ની પરીક્ષા પાસ કરી હોય.

માનનીય અધ્યક્ષશ્રી, સંખ્યાની વાતો કરી. આ કોલેજો અમારી નોર્થ ગુજરાત યુનિવર્સિટી સાથે એફીલીએટેડ છે. મને કહેતા બહુ શરમ આવે છે કે આ કોલેજને યુનિવર્સિટીએ ૧૫૦૦ જેટલી સંખ્યાની મંજૂરી આપી છે વિવિધ સાત જેટલી ફેકલ્ટીઓમાં. આ ફેકલ્ટીની આજની પરિસ્થિતિ જોવા જઇએ તો ત્યાં જે લો કોલેજ ચાલે છે એના સેમેસ્ટર-૧ ની અંદર ૮૦ની સંખ્યાની બાર કાઉન્સીલે તેમજ યુનિવર્સિટીએ પણ મંજૂરી આપી છે તેની અંદર અત્યારે ૫૩ની સંખ્યા છે, સેમેસ્ટર-૩ ની અંદર ૮૦ની મંજૂરી આપેલી છે તેની સામે ૪ની સંખ્યા છે. ઇન્ટીગ્રેટેડ લો કોલેજ જે આવેલી છે એમાં બાર કાઉન્સીલે ૮૦ની મંજૂરી આપેલી છે એની સામે ૧૦ની જ સંખ્યા છે. સેમેસ્ટર-૩ ની અંદર પણ ૮૦ની સામે ૧૦ની સંખ્યા હયાત છે અને બી.કોમ. જે ચાલે છે એમાં ૧૨૦ની મંજૂર કરેલી સંખ્યાની સામે ૪૭ની સંખ્યા છે અને હમણાં જ માનનીય સભ્યશ્રીએ આર્કીટેકટ અને ડીઝાઇનની વાતો કરી. મેઇક ઇન ઇન્ડીયા, મેઇક ઇન ગુજરાતની વાતો કરી, જે આર્કીટેકટ કોલેજ છે ત્યાં ૬૦ની મંજૂરી આપેલી છે અને એની સામે માત્ર એકજ સંખ્યા છે. જે યુનિવર્સિટીની અંદર જે કોલેજોની અંદર એન્જીનીયરીંગની અંદર કોઇ વિદ્યાર્થી નથી અને જુદી જુદી સાત ફેકલ્ટીની અંદર યુનિવર્સિટીએ ૧૪૦૦ની સંખ્યાની મંજૂરી આપી છે એની સામે માત્ર ૫૬૦ની સંખ્યા છે. ૫૬૦ની સંખ્યામાં યુનિવર્સિટીનો દરજ્જો આપવો એ કેટલો યોગ્ય ગણાશે? તેના કરતા અમારી ઘણી બધી નોર્થ ગુજરાતની અંદર એવી કોલેજો છે કે જેની અંદર દસ દસ હજારથી પણ વધુની સંખ્યામાં વિદ્યાર્થીઓ છે છતાં તેણે કોઇ દિવસ પ્રાઇવેટ યુનિવર્સિટીનો દરજ્જો માગ્યો નથી કે તેની માગણી કરી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ યુનિવર્સિટી આપતાં પહેલાં બીજા જે મહત્વના જે મારા સૂચનો છે અને હું શિક્ષણ સાથે સંકળાયેલો છું એટલે આપના મારફતે માનનીય શિક્ષણ મંત્રીશ્રીના ધ્યાને મૂકવા માગુ છું કે આ જે પણ ખાનગી યુનિવર્સિટીની અંદર જે માન્યતા આપવામાં આવે છે, મંજૂરીઓ આપવામાં આવે છે તેની અંદર ફીની કોઇ સમાનતા નથી. માત્ર જે ટેકનિકલ

કોર્સીસ છે તેની ફી કમિટી દ્વારા નક્કી કરવામાં આવે છે. મને લાગે છે કે, આ જે ફી નક્કી કરવામાં આવે છે તે પણ જે ભાજપના •(×××)

અધ્યક્ષશ્રી : આ વાત કાઢી નાખવામાં આવે છે તેના બોલતાની સાથે કાઢી નાંખી.(અંતરાય) આપ બેસી જાવ.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ભાજપ સાથે લાગતાં વળગતાં છે એવા લોકોને ખાનગી કોલેજો, ખાનગી યુનિવર્સિટીનો દરજ્જો આપી અને આપણાં માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ અહીંયા બેઠાં છે આમ તો આપણાં નાણાંની બહુ ચિંતા કરે છે પણ મારે કહેવુ છે કે, આ એક પ્રકારનું સુઆયોજીત પ્લાનીંગ ચાલી રહ્યું છે. ગુજરાતના ગરીબોના પરસેવાના લોકોના ટેક્સના જે પૈસા છે તે પૈસા ખાનગી યુનિવર્સિટીને અને ખાનગી કોલેજોને ફી દ્વારા સ્કોલરશીપ આપવી તે બહુ સારી બાબત છે હું સ્કોલરશીપનો વિરોધી નથી. જરૂરિયાતવાળા એસ.ટી./એસ.સી./ઓ.બી.સી.ને સ્કોલરશીપ આપવી જોઇએ. હું એ કહેવા માગુ છું કે, જો આ જે સ્કોલરશીપ રૂપી ફી જાતે નક્કી કરવાની આ તો *(×××) છે

અધ્યક્ષશ્રી : આ કાઢી નાંખવામાં આવે છે, તમે બોલશો જ નહીં.

શ્રી કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોલેજોની ફી ઉંચી નક્કી કરવામાં આવે છે અને જે ફી ઉંચી નક્કી કરવામાં આવે છે તે સ્કોલરશીપ રૂપે સંચાલકોને આપવામાં આવે છે. હું એક ઉદાહરણ આપીશ અમારી એક સંસ્થાની અંદર એક કોલેજ ચાલે છે એમ.એસ.ડબલ્યુ. સામેવાળાની જ આ છે. તેની અંદર ૬૦ વિદ્યાર્થી અભ્યાસ કરે છે અને તેની અંદર એસ.સી/એસ.ટી.ના ૪૨ વિદ્યાર્થીઓ છે. એસ.સી./એસ.ટી.ના વિદ્યાર્થીને લગભગ એક સેમેસ્ટ એક વર્ષની ૬૦ હજારથી વધુ સ્કોલરશીપ આપવામાં આવેલ છે. સ્કોલરશીપ આપવી જોઇએ પણ આ સ્કોલરશીપની ગણતરી કરીએ તો એ સ્કોલરશીપનો જેટલો ખર્ચ થાય છે તે સ્કોલરશીપના ખર્ચના બદલમાં જો ગવર્નમેન્ટ એમ.એસ.ડબલ્યુ.કોલેજ ખોલવામાં આવે અને સરકારી ભરતી કરવામાં આવે તો એને જે પણ ફી આપવામાં આવે છે તેનાથી ઓછી ફીની અંદર ગવર્નમેન્ટ એમ.એસ.ડબલ્યુ કોલેજ બની શકે અને તેની ફીમાંથી અધ્યાપકોની ભરતી થઇ શકે અને યુવાનોને રોજગારી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી મહત્વની જે આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે આ જે પણ યુનિવર્સિટીઓ બનાવવામાં આવી છે તેની અંદર સરકારનો કોઇ અંકૂશ નથી. પ્રવેશ પ્રક્રિયા પણ સમાન નથી. પ્રવેશ પ્રક્રિયાના ધોરણો અલગ અલગ છે. કોઇ યુનિવર્સિટી પ્રવેશ ફોર્મના પાંચ હજાર રૂપિયા લે છે, તો બીજી કોઇ યુનિવર્સિટી પ્રવેશ ફોર્મના સો રૂપિયા લે, ત્રીજી યુનિવર્સિટી પ્રવેશ ફોર્મના બે હજાર રૂપિયા લે એટલે આ જે પ્રવેશ પ્રક્રિયા છે તે પણ સમાન નથી તેને સમાન બનાવવામાં આવે તો ઘણાં બધા વિદ્યાર્થીઓને ફાયદો થઇ શકે તેમ છે.

ચોથી મહત્ત્વની બાબત કે, એનો જે અભ્યાસક્રમ છે અને અભ્યાસક્રમ પણ સમાન નથી અને અભ્યાસક્રમ સમાન નહિ રાખવાનું ઈરાદાપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું છે. એટલા માટે કે, વિદ્યાર્થી એકવાર આ કોલેજમાં એડમિશન લે તો બીજી યુનિવર્સિટીમાં ન જઇ શકે અને એ જ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવો પડે અને ચાર કે પાંચ વર્ષ સુધી એ જ યુનિવર્સિટીમાં ફી ચૂકવવી પડે. હું આપના દ્વારા સરકારશ્રીના ધ્યાન પર મૂકવા માગું છું કે, આવી ખાનગી યુનિવર્સિટીઓનો અભ્યાસક્રમ સમાન બનાવવામાં આવશે તો વિદ્યાર્થીઓને એક કોલેજમાંથી બીજી કોલેજમાં ટ્રાન્સફરની પ્રક્રિયા પણ પારદર્શક બનશે. મૂલ્યાંકન પદ્ધતિ મહત્ત્વની બાબત છે. હમણાં પારૂલ યુનિવર્સિટીમાં જે બનાવ બન્યો. વિદ્યાર્થીઓને ઈરાદાપૂર્વક નાપાસ કરવામાં આવ્યા અને નાપાસ કર્યા પછી એમને પાસ કરવા માટે ઊંચી ફી લેવામાં આવે છે, પૈસા લેવામાં આવે છે એટલે પરીક્ષા પદ્ધતિ પણ centralize કરવામાં આવે અને એક સમાન કરવામાં આવે તો જે પ્રાઇવેટ યુનિવર્સિટીઓ બનાવી છે એની સમાનતા જળવાશે. બીજું કે જે ખાનગી યુનિવર્સિટીઓમાં ડિગ્રી વેચાય છે. આપણે બહુ લાંબા જવાની જરૂરિયાત નથી. આપણે ત્યાં જ એમ.બી.એ.ની બોગસ ડિગ્રી મેળવવામાં આવી છે એટલે મારી આપશ્રીને નમ્ર વિનંતી છે કે, જે આ વિધેયક લાવવામાં આવ્યું છે એ વિધેયક મંજૂર ન થવું જોઇએ અને જે વિધેયક લાવવામાં આવે છે એ કોઇ શિક્ષણના હેતુ માટે નહિ, એ વિસ્તારના વિદ્યાર્થીઓને ફાયદો કરાવવા માટે નહિ પણ રાજકીય ફાયદો કરાવવા માટે અને બોનસ તરીકે આપવામાં આવેલ છે. આ વિધેયકને મારો ટેકો નથી અને આ વિધેયક નામંજૂર થવું જોઇએ.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા (નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લાવ્યા છે એની ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. આપણે બધા જાણીએ છીએ તેમ રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી, નૈતિક જવાબદારી રાજ્યના વિદ્યાર્થીઓને સસ્તું, સારું, ગુણવત્તાવાળું શિક્ષણ આપવાની છે.

અધ્યક્ષશ્રી : એકવાર માનનીય બાબુભાઇ જશભાઇ પટેલ સાહેબે કહ્યું હતું કે, સસ્તું, સારું, નમતું અને પછી ઉધાર.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : એવું રાખો વાંધો નહિ સાહેબ. માનનીય મંત્રીશ્રી જ્યારે પહેલું વાંચન કરતા હતા ત્યારે આ રાજ્યમાં ૩૪ સરકારી યુનિવર્સિટીઓ છે અને ૩૩ ખાનગી યુનિવર્સિટીઓ છે. મારે આપના દ્વારા સરકારને પૂછવું છે કે, ૩૩ ખાનગી યુનિવર્સિટી આ રાજ્યમાં આવી હોય તો સરકાર શું કરવા માગે છે? આ ગૃહમાં હું જ્યારથી આવ્યો છું ત્યારથી એક જ વાત સાંભળતો આવ્યો છું કે, અમારી સરકારે ખૂબ વિકાસ કર્યો છે, ખૂબ વિકાસ કર્યો છે. તો આ યુનિવર્સિટી દ્વાર કોનો વિકાસ થાય છે એ પણ ગુજરાતની પ્રજા જાણવા માગે છે. આ યુનિવર્સિટીઓના સંચાલકો કોણ છે એ પણ ગુજરાતની જનતા જાણવા માગે છે તો ખરી પરિસ્થિતિ આપણને ખબર પડશે કે, રાજયની સરકારે શિક્ષણ ક્ષેત્રે કેટલી પ્રગતિ અને કેટલો વિકાસ કર્યો છે?

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શિક્ષણ એ કોઇપણ સમાજ માટે પાયાની જરૂરિયાત છે એ વાત સાથે આપણે સૌ સહમત થઇએ પણ માનનીય અધ્યક્ષશ્રી, મારે સીધો અને સાદો એક જ દાખલો આપવો છે કે, આ સન્માનનીય ગૃહમાં ભૂતકાળમાં એક યુનિવર્સિટી જેનું હું નામ આપું તો પારૂલ યુનિવર્સિટીનું જયારે બિલ આવ્યું તે વખતે આ સન્માનનીય ગૃહમાં એ સંસ્થાના એટલાં બધાં વખાણ થયાં કે એના આવ્યા પછી શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિકારી ફેરફાર આવશે. ગુજરાતની પ્રજા જાણે છે, સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓ જાણે છે કે, ભૂતકાળમાં આ સંસ્થામાં, આ યુનિવર્સિટીમાં શું થયું? આવી રીતે જો ચાલતું થશે અને ચાલુ રહેશે તો ગુજરાતનું શિક્ષણ કયા સ્તરે જશે એ ચિંતાનો વિષય છે. આમ પણ, આ રાજયના શિક્ષણવિદો, સામાજિક સેવાઓની સંસ્થાઓ અવારનવાર, આપણે પણ છાપામાં વાંચીએ છીએ કે, ગુજરાતમાં શિક્ષણનું સ્તર ખાડે ગયું છે. કેમ? તો એની પાછળ તો મને એક જ કારણ લાગે છે કે, આ જે યુનિવર્સિટી આપણે આપીએ છીએ એમાં ખરેખર શિક્ષણ જગતના શિક્ષણવિદો હોય છે કે પછી જેણે સરકાર સાથે સુંવાળી લાગણી હોય એને આપણે યુનિવર્સિટી આપીએ છીએ? શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે બધાયની જવાબદારી છે. ફકત સરકારની જ છે એમ હું કહેવા નથી માગતો, આપણા સૌની પણ છે. યુ.જી.સી.ના ધારાધોરણ મુજબ, રાજય સરકારના ધારાધોરણ મુજબ આ યુનિવર્સિટી પરિપૂર્ણ અથવા તો એનું જે કંઇક ઇન્ફ્રાસ્ટ્રક્ચર કે બીજું હોય એ ખેરખર એની પાસે છે ખરું? એ ઇન્કવાયરી કમિટી જાય છે એલ.આઇ.સી, લોકલ ઇન્કવાયરી કમિટી એના રિપોર્ટને માનનીય શિક્ષણ મંત્રીશ્રી આપણે પ્રાધાન્ય આપીએ છીએ? એ એલ.આઇ.સી.માં કોણ કોણ જાય છે એ અંગે આપણે કોઇ દિવસ વિચાર્યું છે ખરું? કારણ કે મારી સંસ્થા હોય તો પછી મને યોગ્ય લાગે એ જ બધા અધિકારીઓ આવવાના છે તો એમાં સરકારનો જે આશય છે એ તો પરિપૂર્ણ થવાનો નથી અને ખાનગી યુનિવર્સિટીમાં કોઇ સરકારના ધારોધોરણો કે યુ.જી.સી.ના ધારાધોરણો લાગતા જ નથી. વિદ્યાર્થીઓનું તો શોષણ થાય છે સાથેસાથે વાલીઓનું પણ આમાં શોષણ થાય છે. ફીનું ધોરણ નક્કી હોતું નથી. મનફાવે એ રીતે ફી લેવાની. પ્રવેશ પદ્ધતિમાં કોઇ ચોક્કસ પ્રક્રિયા હોતી નથી. એમાં વિદ્યાર્થીઓને અન્યાય, પરીક્ષા લેવાની તો એમાં પણ અન્યાય, મારા માનનીય સભ્યશ્રીઓને આ બાબતે ઘણી બધી વાત કરી છે એટલે એમાં મારે વધારે નથી કહેવું, પણ ખાસ કરીને આ યુનિવર્સિટીઓમાં સરકારના જે નોર્મ્સ છે, આદેશો છે કે આમાં પ્રવેશમાં એસ.ટી., એસ. સી., ઓ.બી.સી.ના ધોરણો સચવાય છે કે કેમ? એ પણ મારે શિક્ષણ મંત્રીશ્રી પાસેથી જાણવું છે કારણ કે આ ગુજરાતમાં એટલા બધા અમીરો નથી. અમીરોના બાળકો તો ગમે ત્યાં શિક્ષણ મોંઘુ પણ લઇ લેશે પણ જેની આર્થિક સ્થિતિ સારી નથી, જેની આવક બહુ નથી એની મોટી આશા હોય છે કે, આવી ખાનગી યુનિવર્સિટીઓમાં સસ્તી ફીમાં આપણને પ્રવેશ મળશે અને મારા દીકરાને કંઇક સારી નોકરી મળશે એવી બહુ મોટી આશા વિદ્યાર્થીઓના વાલીઓ રાખતા હોય છે. તો માનનીય અધ્યક્ષશ્રી, મેં જે એસ.ટી., એસ.સી. અને ઓ.બી.સી.ની વાત કરી છે એના આ ધોરણો સચવાય છે ખરા? આમાં સરકાર ગ્રાન્ટ નથી આપતી, ગ્રાન્ટ નથી લેતા પણ શાના માટે લે? સરકારની ગ્રાન્ટ કરતાં તો ત્યાં એટલી બધી આવક આવે છે કે, જેની કોઇ વાત ન થાય તો આવી ૩૩– ૩૩ ખાનગી યુનિવર્સિટીઓ આ રાજયમાં હોય તો સરકારે એમ પણ કરવા જેવું નથી. સાહેબ, હવે તો સરકારને એ શબ્દ કોઠે પડી ગયો છે કે ખાનગીકરણ, ખાનગીકરણ બધામાં, ખરેખર આ બધાનું ખાનગી કરણ કરશે તો સરકારની જવાબદારી શું રહેશે, વાહ વાહ કરવાની. તો મારી વિનંતી છે અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી તો આધ્યાત્મિક જીવ છે. તમે તમારા આત્માને પૂછો કે આવું બિલ સરકારે કયા મોંઢે આપને વાંચવા માટે આપ્યું હશે એ પણ વિચારવું જોઇએ. મને ક મને પણ માનનીય ચુડાસમા બાપુએ આ જવાબદારી સ્વીકારી હશે, કારણ કે એ તેમની ફરજ છે.(અંતરાય) એ તો મારા મિત્ર છે. અમે સાથે કોંગ્રેસમાં હતા એટલે અમને ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઘણા કોંગ્રેસમાં હતા અને ઘણા બધા આવ્યા છે અને નવી યુનિર્વસટીઓ પણ બની છે અને તેના પર સુધારા આવ્યા છે, મારે કોઇ પોલીટીકલ ઓબર્જવેશ નથી કરવું. સરકાર ભવિષ્યમાં આવી ખાનગી યુનિર્વસીટીઓને મંજૂરીઓ આપવાની હોય ત્યારે એમાં આ કે તે વિચાર્યા વગર શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે મંજૂરી આપશે કે કેમ એ પણ માનનીય શિક્ષણ મંત્રીશ્રી તેમના જવાબમાં જણાવે.

મારે બીજી વાત કરવી હતી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ગુજરાતમાં આદિવાસી અને પછાત વિસ્તારો છે એ પછાત વિસ્તારોમાં હાયર એજયુકેશનની યુનિર્વસીટી રાજપીપળામાં સ્થાપી છે તે માટે માનનીય મંત્રીશ્રી ગણપતભાઇ વસાવાનો આભાર માનવો જોઇએ. બિરસા મુંડા યુનિવર્સિટી, પરંતુ માત્ર યુનિવર્સિટીઓ ખોલવાથી કે તેની મંજૂરી આપવાથી આદિવાસીઓનો ઉદ્ધાર થવાનો નથી. ભલે આપણે પ્રશંસા માટે કહેતા હોઇએ, પરંતુ સમાજના પછાત વિસ્તારમાં આ યુનિર્વસીટીની ખરેખર જે શુભ હેતુથી અને આશયથી સ્થાપના કરી છે એ મને લાગે છે કે એના માટે ૨૨૦૦ કે ૨૭૦૦ કરોડ ની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય વન મંત્રીશ્રી ગણપતભાઇ પાસેથી એટલું જાણવા માગું કે આવી તમારી કોલેજો કે યુનિર્વસીટી છે એ રાજપીપળામાં આપી છે, એ કયાં ચાલે છે, એનો સ્ટાફ કેટલો છે, એનું વાતાવરણ કેવું છે, કોણ કોણ આવશે. આ તો એવું છે કે •(×××)

અધ્યક્ષશ્રી : આપની એ કહેવત કાઢી નાંખું છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : એ બાબતમાં ગણપતભાઇ વિચારે કે તમે પાંચ વર્ષ તો લગભગ રહેવાના જ છો, તો આ પાંચ વર્ષમાં એનું બાંધકામ, જુદી જુદી ફેકલ્ટીઓ અને સ્ટાફ, કુલપતિ, ઉપ કુલપતિ, રજીસ્ટ્રાર આ બધા તમામ જગ્યાઓ એક વર્ષમાં આપ પૂરે પૂરી ભરી દેશો, એની ખાતરી આપના દ્વારા માનનીય આદિજાતિ વિકાસ વિભાગના મંત્રીશ્રી ગણપતભાઇની પાસેથી હું લેવા માગું છું. મારે બહુ વાત નથી કરવી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ શિક્ષણ ઉપર બોલો.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં યુનિર્વસીટી છે એટલે બોલું છું. હવે કન્કલુડ કરું તો આપે મને બોલવાની તક આપી, મને એમ લાગ્યું સાહેબ મારો વારો કયારે આવશે. એ બદલ આભાર, આમાં હું તો શોધતો હતો કે પ્રેમસીંગ વસાવા કયાં છે.

અધ્યક્ષશ્રી : આપનું નામ જ એવું છે, પ્રેમસીંગભાઇ.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારું નામ પ્રેમસીંગ વસાવા છે પણ બધા મને પી.ડી. વસાવા તરીકે ઓળખે છે. અભેસિંહભાઇ આપ પણ મને પી.ડી. કહીને બોલાવો છો. માનનીય અધ્યક્ષશ્રી મને બોલવાની તક આપી તે બદલ આભાર. આ જે સુધારો લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપી શકું તેમ નથી કારણ કે શુભ હેતુ માટે આ યુનિવર્સિટી ખુલતી નથી.

શ્રી નૌશાદજી ભ. સોલંકી(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી આજે ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ સુધારા વિધેયક આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપી શકતો નથી. કારણ કે આ સુધારા વિધેયક જે નામ છે એની જગ્યાએ આ શિક્ષણ સુધારા વિધેયક હોત તો વધારે યોગ્ય લેખાત પરંતુ એવું લાગી રહ્યું છે કે ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક નહિ પરંતુ ગુજરાત ખાનગી વધારા વિધેયક હોય તેવું લાગી રહ્યું છે. ખાનગી શિક્ષણની વાત અહીંયા આવી છે. હમણાં માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇ પટેલ વાત કરતા હતા, કેટલી યુનિવર્સિટીઓ હતી એની પણ ચર્ચા કરી પરંતુ એની કોન્ટિટી કરતાં કવોલિટી શું છે એની ચર્ચા થાય તો વધુ યોગ્ય ગણાશે.

ગુજરાતમાં આજે જે પ્રકારે શિક્ષણની હાલત છે એનો એક દાખલો આપવા માગું છું. મારા મત વિસ્તારમાં એક શાળાની મેં મુલાકાત લીધી હતી. જે પ્રકારે કેન્દ્ર સરકાર જવાહર નવોદય વિદ્યાલય મૉડેલ છે એવું ગુજરાત સરકારની એકલવ્ય મૉડેલ સ્કૂલની યોજના છે. એનું બિલ્ડિંગ અદ્યતન છે પરંતુ નવમાં ધોરણના વિદ્યાર્થીને એનું નામ પણ લખતા નહોતું આવડતું. મેં દસ છોકરાઓને પ્રિન્સિપાલની હાજરીમાં ઉભા કર્યા અને કહ્યું કે બેટા માઇ નેઇમ ઇઝ રમેશ એટલું લખ, પરંતુ દસમાંથી એક પણ વિદ્યાર્થી નામ ન લખી શકયો. મેં પ્રિન્સિપાલને પૂછ્યું કે મારે આપનુ ગ્રંથાલય જોવું છે, મૉડેલ સ્કૂલ છે એટલે ગ્રંથાલય અદ્યતન હશે પરંતુ એમાં ચાર દિવાલ સિવાય કોઇ વસ્તુ નહિ, એમાં કોઇ ટેબલ નહિ, માત્ર ચાર દિવાલ. હું એની લેબ જોવા ગયો તો કબાટમાં સાધનો પડ્યા હતા એ પણ પ્લાસ્ટિકના પેપરમાં પેક હતા એટલે કે એનો ઉપયોગ પણ થયેલો નહોતો. હું કવોલિટીની વાત કરું છું એનો હું દાખલો આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ કોઇ કોલેજના શિક્ષણનો દાખલો આપો તો સારું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : એક તરફ સરકારી શિક્ષણનો ક્ષય થઇ રહ્યો છે. આ સરકારી સંસ્થાનો છે એમાં મોટે ભાગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે અન્ય પછાત જાતિના વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય છે. •(×××)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે શબ્દોનો ઉપયોગ કર્યો એ હું રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલી વખત બોલવા માટે ઉભો થયો છું. અને આ તબક્કે મેં કોઇ બિન સંસદીય શબ્દનો પ્રયોગ પણ કર્યો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બિલની મર્યાદામાં જ વાત કરો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : હું બિલની મર્યાદામાં જ શિક્ષણની વાત જ કરી રહ્યો છું, (અંતરાય)જાણી જોઇને વાત કરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર આ ખાનગી યુનિવર્સિટીનું સુધારા વિધેયક લાવ્યા છે એને એટલા માટે સમર્થન આપી શકતો નથી કારણ કે જે આ જે ખાનગી યુનિવર્સિટીઓ છે સમગ્ર દેશ અને ગુજરાતમાં એમાં *(×××) (અંતરાય)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**શબ્દો દૂર કરવા અંગે**

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી નવા છે એમ કરીને ઉપરા ઉપરી ન બોલાય એ પ્રકારના વાક્યો બોલે છે. શ્રી બળદેવજી, શાંતિ રાખો. એમણે જે વાત કરવી હોય એ આ યુનિવર્સિટીના બિલ ઉપર કરે. ડો.આશાબેન બોલ્યા, શ્રી પી.ડી.વસાવા બોલ્યા, શ્રી કિરીટભાઇ પટેલ બોલ્યા તો અમારા તરફથી કોઇ ડિસ્ટર્બન્સ થયું નથી. શ્રી નૌશાદજી જાણી જોઇને, પોતાની વાતનું મહત્વ વધારવા માટે આ શબ્દો વાપરે છે. એમણે એમ કહ્યું કે ભારતીય જનતા પાર્ટી અનામતના ધોરણોને જુદી રીતે દૂર કરવા માટે આ બધું કરી રહી છે.

અધ્યક્ષશ્રી : આ આખું વાક્ય કાઢવામાં આવે છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપને વિનંતી છે કે, આવી વાતને હળવાશથી ન લેવાય. તેઓ આવી રીતે બોલીને ગૃહને અશાંત કરે છે, *(×××). આ જાણી–જોઇને બોલે છે. એમને એક બીજા પ્રશ્નમાં તક આપી. એ વખતે અમે સાહેબ આપને વિનંતી કરેલી, શ્રી શૈલેષભાઇએ વિનંતી કરેલી કે એમને તક આપો. ત્યારે તેઓ એ વાતને બીજી વાત ઉપર લઇ ગયેલા. એવું ન ચાલે. બેસી જાઓ બધા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સંખ્યાબળ બતાવવાની જરૂર નથી. એમની વાત તો સાંભળવી પડશે. આપ એવું ઇચ્છો છો કે આપ બોલતા હોય ત્યારે આ બાજુવાળા બધા ઉભા થઇ જાય. (અંતરાય) તો તમામ બેસી જાઓ. આપ ઉભા થશો તો આ બધા ઉભા થશે. બધા બેસી જાઓ. સંખ્યાબળ બતાવવાની જરૂર નથી. બેસી જાઓ. માનનીય શૈલેષભાઇ, આપ પણ બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી, પ્લીઝ. આપ પણ બેસી જાઓ. તમામને વિનંતી છે, બધા બેસી જાઓ. તમામને વિનંતી છે કે માનનીય વિપક્ષના નેતાશ્રી બોલતા હશે અને આ બાજુવાળા ઉભા થઇ જશે તો ચાલશે? નહીં ચાલે. ખોટી વાત નહીં કરવાની. તમે પણ ઘડી ઘડી ઉભા થઇ જાઓ છો. આ બાજુથી પણ કોઇ બોલતા હોય તો દરેકે સંસદીય ગરીમા જાળવવી જરૂરી છે. તમામને મારી ફરીવાર વિનંતી છે અને જે વક્તવ્ય આપી રહ્યા છે એ શ્રી નૌશાદજીને પણ વિનંતી છે કે તેઓ મર્યાદામાં રહી અને જાણી–બૂઝીને ગૃહને ઉશ્કેરે નહીં, એવો પ્રયાસ કરશે. (અંતરાય) ભાઇ, વચ્ચે ટહૂકા કરવાની જરૂર નથી. (અંતરાય) બધા શું કામ ઉભા થઇ જાઓ છો. શબ્દનો પ્રતિકાર વાક્યથી થાય. માનનીય પરેશભાઇ, આપને વિનંતી કરું છું કે આપના સભ્યોને કહો કે તેઓ બેસી જાય. તમે આખરે શું ઇચ્છો છો? હું આપ સૌને વિનંતી કરું છું કે આપ સૌ બેસી જાઓ. બધા જ બેસી જાઓ. સૌ બેસી જાઓ, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ અમારા સભ્યશ્રી નવા છે છતાં ખૂબ સંસદીય મર્યાદાઓની વચ્ચે શિક્ષણની કથળેલી સ્થિતિ અને એમાં શિક્ષણનું ખાનગીકરણ એનાથી ગરીબ, છેવાડાના માણસને પડતી તકલીફ વર્ણવી રહ્યા હતા. એ ગામડાંના પ્રતિનિધિ છે. એમાં નીતિનભાઇ જેવા સીનીયર નેતા આ ગૃહના ઉપનેતા રેકોર્ડ ઉપર એમ કહે કે •(×××) સંસદીય બાબતોના જાણકાર મંત્રીશ્રી ...

અધ્યક્ષશ્રી : એવું નથી કીધું ઓ.બી.સી.ની બાબતની બાબતમાં વાત થઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમ કહે કે *(×××).

અધ્યક્ષશ્રી : એવું હોય તો હું કાઢી નાખીશ. એમણે જાણી જોઇને બોલે છે એવું કીધું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે આપના આદેશનું પાલન કરી અને સરકારી કામકાજમાં સહકાર આપી રહ્યા છીએ અને જાણકાર સંસદીય મંત્રીશ્રી આ સરકારી કામમાં વચ્ચે અંતરાય ઉભો કરી રહ્યા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાલો, હવે આપણે કોઇ અંતરાય એકબીજાને ઉભો ના કરીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપે માનનીય ઉપનેતાને ઠપકો આપવો જોઇએ કે આ સરકારી કામકાજમાં અંતરાય ના કરાય.

અધ્યક્ષશ્રી : આ ગૃહમાં કોઇને ઠપકો આપવા જેવી વાત જ નથી. પ્લીઝ.. માનનીય સભ્યશ્રી આપ આપનું પ્રવચન આગળ શરૂ કરો. (અંતરાય)

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષ તો... (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બંન્ને પક્ષ વાળા થોડીક વાર હસી મજાક કરી લો. ત્યાં સુધી આપણે ગૃહને ઇચ્છા હોય તો મુલતવી રાખીએ. (અંતરાય) ચાલો, હવે આગળ વકતવ્ય શરૂ કરો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે અનુસુચિત જાતિના લોકોની કે અન્ય પછાત જાતિના લોકોની ચિંતા વ્યકત કરતા આદરણીય નીતિનભાઇ આ પ્રકારે ઉશ્કેરાઇ જશે એની મને કલ્પના નહોતી.

અધ્યક્ષશ્રી : અહીં સભામાં ઘણા બધા ઉશ્કેરાય છે ભાઇ. કોઇના ઉશ્કેરાવાની વાત ના કરશો. આઘાત–પ્રત્યાઘાત સરખા હોય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાત ખોટી રીતે રેકોર્ડ ઉપર જાય છે. કોઇપણ સભ્ય કોઇપણ અવિવેકી શબ્દ બોલે, જે ના ચલાવી લેવાય એવા શબ્દ બોલે તો આપનું ધ્યાન દોરવું એ અમારી ફરજ છે. એમાં ઉશ્કેરાવાની કે ના ઉશ્કેરાવાની કોઇ વાત જ નથી. સાહેબ, એ શબ્દો રદ કરો. (અંતરાય) હજી કહુ છું તમે નહીં બોલો બધા નહિં તો આવું ને આવું જ થશે તમારું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે ફરીને ફરી એ વિષય છોડોને, આગળ ચાલોને નૌશાદભાઇ.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હા, પણ આ ગૃહના ઉપનેતા મને વિક્ષેપ કરી રહ્યા છે. આપ મને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : કોઇ વિક્ષેપ નથી કરતા. આ બાજુથી અને આ બાજુથી બંન્ને બાજુથી વિક્ષેપ કરી રહ્યા છો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે હું રક્ષણ માગું છું.

અધ્યક્ષશ્રી : મેં આપને રક્ષણ આપ્યું. હવે વાત શરૂ કરો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા એટલા માટે વ્યકત કરવામાં આવી હતી કે ખાનગી સંસ્થાઓની અંદર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ હોય કે અન્ય તમામ પછાત જાતિના વિદ્યાર્થીઓ ફી ભરી શકતા નથી. એને સરકારની જે સંસ્થાઓ છે, સરકારી સંસ્થાઓ છે ત્યાં એને નિઃશુલ્ક અને યોગ્ય શિક્ષણ મળે એ સુનિશ્ચિત કરવા બાબતની આ માત્ર ચિંતા હતી. અત્યારે આ જે સુધારા વિધેયક છે મારી બાજુમાં માનનીય ધારાસભ્યશ્રી રાજેશભાઇ ગોહિલ બેઠા છે અને એમણે હમણાં એક બાબત ઉપર મારું ધ્યાન દોર્યું કે એમનો પોતાનો જે મતવિસ્તાર છે અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી આદરણીય ભુપેન્દ્રસિંહજી બાપુના વતનની અંદર એક યુનિવર્સિટી છે ઇન્દ્રશીલ યુનિવર્સિટી ધોલેરા ત્યાં આજની તારીખ સુધી કંઇ નથી, કોઇ પાટીયું પણ નથી. કંઇ જ નથી. એમના ધોલેરાના વતનથી માત્ર ૨૦ કિલોમીટરના અંતરે આવી યુનિવર્સિટીઓ ખાલી પેપર ઉપર છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : (અંતરાય)સ્વભાવિક કાંઇ ન હોય. હું સ્થળ બદલવા માટે જ આવ્યો છું. આવી અજ્ઞાનતા શા માટે પ્રદર્શિત કરો છો? ખબર ન પડતી હોય તો ના બોલો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારના જે ખાનગી યુનિવર્સિટીઓના વિધેયકો લાવવામાં આવે છે એની અંદર ખૂબ સ્કીલ ડેવલપમેન્ટની વાતો થઇ. અત્યારે સમગ્ર દેશમાં સ્કીલ ડેવલપમેન્ટની ખૂબ ચર્ચાઓ ચાલે છે. ઠેક–ઠેકાણે અનેક રાજ્યોમાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : યુનિવર્સિટીના સંદર્ભમાં અત્યારે સ્કીલ ડેવલપમેન્ટ ક્યાંથી આવે?

શ્રી નૌશાદજી ભ. સોલંકી : માનનીય દુષ્યંતભાઇએ એમ કહ્યું કે એવી યુનિવર્સિટી હોવી જોઇએ કે જેની અંદર સ્કીલ ડેવપમેન્ટ થવું જોઇએ. અત્યારે સમગ્ર દેશમાં પકોડા તળવાના સ્કીલ ડેવલપમેન્ટની ખૂબ ચર્ચાઓ કરી રહ્યા છે. આવી યુનિવર્સિટીઓમાં આવનારા સમયમાં કોઇ પકોડા યુનિવર્સિટી પણ નહીં બને એની શું ખાતરી છે?

અધ્યક્ષશ્રી : આપની આગળ કોઇએ પકોડા તળ્યા? બીજા પાસેથી ઉદાહરણ શા માટે લો છો? માનનીય સભ્યશ્રી તળી રહ્યા હોય ત્યારે તમે ફરી શા માટે તળો છો? આપનું વકતવ્ય પૂરું થાય છે. બેસી જાઓ. (અંતરાય) એમની પાસે કોઇ વિષય રહ્યો નથી. એકનો એક વિષય રીપિટ કર્યા કરે એનો કોઇ અર્થ છે? (અંતરાય) હવે કંઇ વિશેષ હોય તો કહો.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : હું મારી રજૂઆત કરવા આવ્યો છું પણ દેશના માનનીય વડાપ્રધાનશ્રી જે વાતનો ઉલ્લેખ કરતા હોય અને એક સભ્યશ્રી જે ઉલ્લેખ કરે એમાં બીજા સભ્ય ઉલ્લેખ કરે એમાં વાંધો શું હોઇ શકે?

અધ્યક્ષશ્રી : તમને આદેશ આપ્યા પછી અધ્યક્ષશ્રી સામે તકરાર ન કરો તો સારું.

શ્રી નૌશાદજી ભ. સોલંકી : છેલ્લી વાત રજૂ કરીને, દિલકી બાત કરીને પૂરી કરીશ કે આ ખાનગી વિધેયક લાવવામાં આવ્યું છે એ માત્રને માત્ર એટલા માટે એને સમર્થન કરતો નથી કે •(×××)

અધ્યક્ષશ્રી : આ વાક્ય કાઢી નાખવામાં આવે છે. આ તમે જાણી જોઇને ઉશ્કેરવા પ્રયાસ કરતા હતા એ દેખાય છે અને આપના માટે એની નોંધ મેં લીધી છે.

ડો. સી. જે. ચાવડા (ગાંધીનગરખ–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક લઇને આવ્યા છે એને હું અનુમોદન આપી શકતો નથી. એટલા માટે કે આની ખૂબ વિચારણા કરી નથી અને બધા જ સભ્યશ્રીઓના સૂચનો ધ્યાનમાં લઇ અને આ બિલ પ્રવર સમિતિને મોકલવું જોઇએ અને પછી પુખ્ત વિચારણાને અંતે નિર્ણય લેવો જોઇએ. આ માટે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક સરકાર એ ભાજપ હોય કે કોંગ્રેસ હોય, આ રાજ્યના શિક્ષણની ચિંતા કરવાની હોય છે અને એ કરતા આવ્યા હોય છે. આ ગુજરાત રાજ્ય અને ભારત દેશ તક્ષશીલા અને નાલંદા જેવા વિશ્વવિદ્યાલયોથી સમગ્ર વિશ્વમાં જાણીતો હતો. મધ્ય યુગમાં ગુજરાતમાં વલ્લભીપુર સરસ્વતીનું ધામ કહેવામાં આવતું હતું અને સારામાં સારી યુનિવર્સિટીઓ ગુજરાતમાં એ જમાનામાં ચાલતી હતી. આપણે એ સ્તરને ક્યાં લઇ જઇ રહ્યા છીએ? ક્યાં જઇ રહ્યા છીએ એની પુખ્ત વિચારણા કરવાની જરૂર છે. બે–ચાર દિવસ પહેલા એન.સી.આર.ટી.નો રિપોર્ટ હું વાંચતો હતો. એમાં ગુજરાતની ખૂબ ચિંતા કરી છે. આ ગુજરાત શિક્ષણમાં કેરાલા પછી બીજા ક્રમાંકે હતું. આજે ૧૪મા ક્રમાંકે ધકેલાયું છે એની ચિંતા કરવી જોઇએ. એન.સી.આર.ટી.ના રિપોર્ટ પ્રમાણે અંગ્રેજી તો ભૂલી જાઓ પણ પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી માતૃભાષાની બાબતમાં દેશમાં નબળો પુરવાર થયો છે.એ એન.સી.આર.ટી.નો રિપોર્ટ કહે છે. હવે આ પરિસ્થિતિમાંથી આપણે આગળ જવું હોય તો ખાનગી યુનિવર્સિટી શિક્ષણના સ્તરને ઉંચા લઇ જઇ શકશે ખરા? એનો વિચાર, મંથન, મનન પ્રવર સમિતિમાં થવું જોઇએ એ હું ચોક્કસપણે માનું છું. આ ખાનગી યુનિવર્સિટી સુધારા બિલ લઇને આવ્યા છે ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી એમાં ક્યાંય શિક્ષણનું સ્તર ઉંચું લઇ જવાની વાત થાય એવું મને જણાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ચિંતા કરવી હોય તો ગુજરાત યુનિવર્સિટી જેવી, હેમચંદ્રચાર્ય યુનિવર્સિટી જેવી અને છેલ્લે માનનીય કેશુભાઇ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે આ રાજ્યની શ્વેતક્રાંતિના ભાગરૂપે પશુપાલકો માટે એક એનિમલ હસબન્ડરી એન્ડ ડેરી સાયન્સ યુનિવર્સિટી શરૂ કરવાનું નક્કી કર્યુ હતું અને આ ગૃહમાં વિધેયક લઇને આવ્યા હતા અને વિધેયક પસાર થયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, પછી એનું ખાલી ૨૨ વર્ષમાં નામ બદલવામાં આવ્યું કામધેનું યુનિવર્સિટી કરવામાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવ્યું. આ કામધેનું યુનિવર્સિટી સાચા અર્થમાં લોકોનું શિક્ષણ, ટેકનિકલ શિક્ષણ, ડેરી શિક્ષણ જે ગુજરાતના લોકો માટે ઉપયોગી છે એવું શિક્ષણ આપી શકાય એવી યુનિવર્સિટીની ચિંતા આજે પણ કરવામાં આવતી નથી અને ૨૨-૨૨ વર્ષથી વાઇસ ચાન્સેલર પણ મૂકવામાં આવતા નથી. એ આજે પણ પેન્ડિંગ છે એની ચિંતા આ સરકાર કરતી નથી પણ મારે એટલા માટે ના કહેવું જોઇએ કે ગુજરાતની સમગ્ર પ્રજા જાણે જ છે કે અહીંયા કોંગ્રેસ કે ભાજપના લોકોની વાત નથી પણ ગુજરાતની પ્રજા જાણે છે કે રાજ્યસભામાં શું રંધાયું અને કેવા અગન ખેલ ખેલાયા, કેવું કુદમ કુદ ચાલ્યું, કેવું આમ તેમ થયું આ બધું ગુજરાતની પ્રજા બરાબર જાણે છે. આ ગૃહના માધ્યમ મારફતે મને કહેવાની જરૂર જણાતી નથી. એના ભાગરૂપે આ યુનિવર્સિટી જતી હોય તો ચોક્કસપણે વિચાર થવો જોઇએ. માનનીય ચુડાસમા સાહેબ આપ તો રાજકીય સંત જેવા છો અને આપના તરફથી આ વાત થાય અને આ રાજ્યમાં ગુજરાતના શિક્ષણરૂપી દ્રૌપદીનું ચીરહરણ થઇ રહ્યું છે તેમાં ભીષ્મ પિતામહની જેમ ચૂપ બનીને જો તમે જોયા કરશો તો બાણશૈયા ઉપર ઉંઘવાનો વારો આવશે એ માનનીય ચુડાસમા સાહેબ તમે યાદ રાખજો કે ગુજરાતની પ્રજા તમને માફ નહિ કરે. એટલા માટે હું કહું છું કે આપ જેવા તજજ્ઞ શિક્ષણમંત્રી જ્યારે બેઠા હોય ત્યારે શિક્ષણનું સ્તર ઉંચું લઇ જવા માટે શિક્ષણનો જે વેપાર થઇ રહ્યો છે, શિક્ષણની જે હાટડીઓ ખુલી રહી છે અને *(×××) આજે જ્યારે (અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાવડાજી આ આખું વાક્ય કાઢી નાખું છું. મને તમારી પાસેથી વધારે આશા છે. એટલે મારે ફરીવાર કોઇ વાક્ય કાઢી નાખવું પડશે તો મને દુ:ખ થશે.

ડો. સી. જે. ચાવડા : સાહેબ, શિક્ષણના માફિયાઓ જ્યારે ગુજરાતમાં ઠેરઠેર હાટડીઓ ખોલીને બેઠા છે ત્યારે આપણે બધાએ ભેગા થઇને ચિંતા કરવાની જરૂર છે. આ પક્ષ કે પેલો પક્ષ ભૂલી જાવ પણ આપણે બધાએ ભેગા થઇને ચિંતા કરવાની જરૂર છે કે આવી ખાનગી યુનિવર્સિટી ખોલીને આપણા ગુજરાતના શિક્ષણને ફાયદો થશે ખરો? માનનીય અધ્યક્ષશ્રી, જાપાનમાં બીજા વિશ્વ યુદ્ધ પછી જ્યારે આખું હીરોશીમા, નાગાસાકી અને આખું જાપાન તહસ નહસ થઇ ગયું હતું ત્યારે ત્યાંના લોકોએ વિચાર્યું કે જાપાનના લોકોને બેઠું કરવા માટે શું કરાય? જાપાનને બેઠું કરવા શું કરી શકાય? તો સમગ્ર ચર્ચા-વિચારણાને અંતે, સંસદમાં ચર્ચા-વિચારણાને અંતે બધા જ લોકોના અભિપ્રાયો જાણ્યા પછી એક થઇને સ્વીકાર્યું કે શિક્ષણનું સ્તર ઉંચું લાવવું પડે અને શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે સરકારે, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓએ આ પક્ષ કે પેલો પક્ષ ભૂલીને શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે આપણી સ્કૂલો અને કોલેજોમાં દરરોજ એક કલાક વધારે શિક્ષણ સરકાર દ્વારા ભણાવવામાં આવે તો જાપાન બેઠું થાય અને એ લોકોએ કરી બતાવ્યું અને જાપાન બેઠું થયું. આપણે જાપાન જઇએ છીએ ખરા પણ જાપાન જઇને આવીને કહીએ છીએ ખરા કે હવે ગુજરાતને જાપાન બનાવી દઇશ પણ જાપાન જેવું બનાવવા માટે જે કોઇ કામગીરી કરવાની છે એ નક્કર રીતે થતી નથી અને માનનીય અધ્યક્ષશ્રી, આ બિલને અમે સપોર્ટ આપી શકતા નથી. અમારા સદસ્યશ્રીઓએ વાત કરી કે રજિસ્ટ્રાર, સ્ટાફ ઓછો છે, પ્રોફેસર નથી, પ્રોફેસર નેટ કે પી.એચ.ડી. થયેલા નથી આ બધી ખામીઓ તો તેમાં છે જ. વિદ્યાર્થીઓની સંખ્યા પુરતી નથી, વિદ્યાર્થીઓની સંખ્યા જે હોવી જોઇએ તે નથી, નોર્મ્સ પ્રમાણે નથી, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના જે નિયમો છે એ નિયમો ત્યાં સચવાતા નથી, જમીનને લગતા જે રૂલ્સ અને રેગ્યુલેશન છે એ ત્યાં સચવાતા નથી, સુપ્રીમ કોર્ટે જે ગાઇડ લાઇન આપી છે એ ગાઇડ લાઇન પણ ત્યાં સચવાતી નથી જો આટલું બધું સચવાતું ના હોય તો એવા કેવા શિક્ષણવિદ છે કે તમારે ત્યાં યુનિવર્સિટી સ્થાપવી જ પડે? એવા કેવા શિક્ષણવિદ છે કે ગુજરાત આખું પાંગળું બની ગયું હોય? શિક્ષણ ખાડે ગયું હોય અને શિક્ષણને રાતોરાત ઉંચું લાવવાનું હોય એવી કઇ તમારી મજબૂરી છે કે સરકારે આ નિર્ણય લેવો પડે છે એ આ ગૃહના માધ્યમ દ્વારા સરકાર પાસે જાણવા માગુ છું. આજે પાટણ ખાતે ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી કામ કરે છે. ૨૦ કિલોમીટરના અંતરે આપણ સ્વર્ગસ્થ અનિલભાઇ પટેલ અહીંયા એક વખતના આપણા મંત્રીશ્રી, એમનું કુટુંબ અને એમના સગા-સ્નેહીઓ અને મહેસાણા જિલ્લાના તમામ શિક્ષણવિદ એકત્ર થઇને ખેરવા ખાતે ગણપત યુનિવર્સિટીની સ્થાપના કરી છે. વીસ કિલોમીટરના કે ત્રીસ કિલોમીટરના અંતરે છે, સાંકળચંદ પટેલે આખા ઉત્તર ગુજરાતની અને વીસનગરની કાયાપલટ કરી છે. એક સદસ્ય કહેતા હતા કે, પહેલાં ઉત્તર ગુજરાતમાં શિક્ષણ બરાબર નહતું. સાહેબ, ઉત્તર ગુજરાતમાં વીસ નગર ખાતે, પિલવાઇ ખાતે યુનિવર્સિટીઓ, કોલેજો એ જમાનામાં ચાલતી હતી ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ-ભૂજથી લોકો ભણવા ઉત્તર ગુજરાતમાં મહેસાણા ખાતે અને વીસનગર ખાતે આવતા હતા. એ વીસનગર ખાતે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની સ્થાપના થઇ છે, આ બાજુ ગણપત યુનિવર્સિટી છે, આ બાજુ ઉત્તર ગુજરાત યુનિવર્સિટી છે, દાંતિવાડા જાઓ તો કોંગ્રેસના શાસનમાં એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી સ્થાપયેલી છે, બધી યુનિવર્સિટીઓ ત્યાં કામ કરી રહી છે અને પોત પોતાની રીતે કામ આગળ ધપાવી રહી છે ત્યારે બધા જ નોર્મ્સને બાજુએ મૂકી ને બધુ જ સુપ્રીમ કોર્ટ, હાઇ કોર્ટ, યુ.જી.સી., ગ્રાન્ટ કમિશન, એન.સી.આર.ટી., એ.આઇ.સી.ઇ.ટી. આ બધું જ બાજુમાં મૂકી અને ગુજરાત સરકારને એવી શું મજબૂરી થઇ છે કે, આ ખાનગી યુનિવર્સિટીનું બિલ આટલા ઉતાવળા અને આ જ સત્રમાં પહેલી વખત સૌથી પહેલું બિલ ખાનગી યુનિવર્સિટીનું લાવવાની ફરજ પડી એ કયા કારણો છે એ સમજી શકાતું નથી. રાજ્યસભાનું ઇલેકશન અને એ બધી ચર્ચા કરીએ તો આપણને એવું લાગે. ગુજરાતની પ્રજા જાણે છે, ગુજરાતની પ્રજા બહુ હોંશિયાર અને પ્રવિણ છે એની યુનિવર્સિટી આખી અલગ જ છે એટલે એને કોઇ સમજાવવાની જરૂર નથી પણ મને ચોક્કસ પણે લાગે છે કે, આમાં કાંઇક લાલચ અથવા તો કાંઇક પોલિટીકલ પુરસ્કાર આપવાનું અથવા પોલિટીકલ પુરસ્કાર નવાજવાનું આમાં થયું હોય એવું લાગે છે અને આવું ભૂતકાળમાં શિક્ષણ માટે, ક્યાંક એનો ધંધો કરતો હોય વ્યક્તિ અને સરકાર એની નીતિઓ બદલીને એને ક્યાંક

ધંધામાં વિકાસ થાય અને પોતે ધંધામાં વિકાસ કરે, રોજગારી આપે એ બધામાં મદદ થઇ શકે પણ શિક્ષણ જેવી બાબત, શિક્ષણ અને આરોગ્ય જેવી બાબત આ બંનેમાં આ રીતે ખરેખર •(×××) એ વાજબી જણાતું નથી.

અધ્યક્ષશ્રી : *(×××), કાઢી નાખીશ.

ડૉ. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના આપણા મુખ્યમંત્રી અને હાલ વડાપ્રધાન છે એ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કન્યા કેળવણી ફંડ ઉભું કર્યું હતું. તો ગુજરાતની કન્યાઓને ઉચ્ચતર શિક્ષણ મળે, સારું શિક્ષણ પ્રાપ્ત કરી શકે, કોલેજોમાં સસ્તુ શિક્ષણ મળે એના માટે કન્યા કેળવણી ફંડ કર્યું હતું. આપણે એને ખાનગી યુનિવર્સિટીઓને જવાબદારી સોંપીએ છીએ અને જે ખાનગી યુનિવર્સિટીઓ ચાલાવે છે, શિક્ષણ મારે હૈયે છે, મારે ગુજરાતના શિક્ષણનો વિકાસ કરવો છે, મારા યુવાનો અને મારી દીકરીઓ ભણી ગણીને ખૂબ આગળ વધે એવી જે શિક્ષણની ચિંતા કરીને એવા શબ્દો મૂકીને જે યુનિવર્સિટીઓ માગે છે અને ખોલે છે એમાંથી કોઇ પણ વ્યક્તિએ ખાનગી યુનિવર્સિટીના માલિકે આ કન્યા કેળવણી ફંડમાં એક પણ રૂપિયો જમા કરાવ્યો છે ખરો? કે લો આ મારા તરફથી આ સહાય અને કન્યા કેળવણી આગળ વધારો. સમજી લો એમના ઇરાદાઓ ચોક્કસ છે. એમના ઇરાદાઓ વેપાર કરવાના છે, એમના ઇરાદાઓ શિક્ષણની હાટડીઓ ખોલવાના છે, એમના ઇરાદાઓ શિક્ષણનો વેપાર કરવાના છે, એમના ઇરાદાઓ શિક્ષણનું સ્તર ઉંચું લઇ જવાના નથી અને એટલા માટે માનનીય ચુડાસમા સાહેબને વિનંતી કરું છું કે, આ બિલ છે એ આપ લઇ જાવ પ્રવર સમિતિમાં અને *(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો પણ કાઢી નાખવામાં આવે છે. હવે તમે વાત તમારી પુરી થઇ ગઇ છે મને લાગે છે, રાજ્ય સભાવાળી વાત તમારી પુરી થઇ ગઇ છે કયારની.

ડૉ. સી. જે. ચાવડા : પણ હવે શિક્ષણ સાથે આપ આ રીતે...

અધ્યક્ષશ્રી : કશું જ નથી.

ડૉ. સી. જે. ચાવડા : ખાનગી યુનિવર્સિટી આપવાની વાત ના કરો...

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સાહેબ છે ને, કોંગ્રેસને વાંધો આ જ છે, બીજો કોઇ વાંધો નથી, આ જ વાંધો છે સાહેબ. બધા માનનીય સભ્યશ્રીઓ બોલ્યા છે ને તો માત્ર ને માત્ર આ જ કારણસર, એ જ વાંધો છે બસ.

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ.

ડૉ. સી. જે. ચાવડા : એટલે આ બિલને અમે ટેકો આપતા નથી.

અધ્યક્ષશ્રી : પૂરું થઇ ગયું.

શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક, ૨૦૧૮ના બિલ નંબર–૫ ને ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે જેને મારું પૂર્ણ સમર્થન છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઇએ ગૃહ સમક્ષ ગુજરાતના જુદાજુદા ક્ષેત્રોમાં જે વિકાસ થયો છે એની વાત મૂકી હતી. જયારે ગુજરાત સરકાર નીતિમત્તા, સલામતી, સૂરક્ષા, પ્રમાણિકતાના ધ્યેય સાથે આ છઠ્ઠીવાર ગુજરાતમાં રાજય કરી રહી છે ત્યારે આજનો યુગ એ જ્ઞાનનો યુગ છે. આજે પ્રગતિશીલ વિકાસ પ્રાપ્તિનું ખૂબ જ અગત્યનું માધ્યમ એ શિક્ષણ છે. વિકાસના લક્ષ્યાંકો પ્રાપ્તિ અને લક્ષ્યાંક પ્રાપ્ત થયા પછી તેની અખંડ જાળવણી માટે રાજય સરકાર આથી જ શિક્ષણને પ્રાધાન્ય આપે છે. ગુજરાતના પ્રત્યેક રહેવાસીનો સર્વાંગી વિકાસ એ જ ગુજરાત રાજયનો સર્વાંગી વિકાસ છે. ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી જેના માટે વિધેયક છે એ વિદ્યાર્થીઓને ભૌતિક અને નેચરલ વાતાવરણ મળી રહે તે માટે ૬૦ એકરથી વધારેની જમીનમાં આ યુનિવર્સિટીનો વિકાસ કરવામાં આવવાનો છે. એની અંદર હોસ્ટેલ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ઓડિટોરીયમ, ટ્રાન્સપોર્ટેશન જેવી સુવિધાઓ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થવાની છે. ગુજરાત રાજય આજે જુદાજુદા અનેક ક્ષેત્રોમાં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે અને આ વિકાસ ક્ષેત્રોને કાબેલ યુવા ધનની આવશ્યકતા પણ થવાની છે ત્યારે રાજયનો એક પણ યુવાન શિક્ષણ અને કૌશલ્યથી વંચિત ન રહે એ માટે સરકાર દ્વારા શિક્ષણનો વ્યાપ સતત વધતો રહ્યો છે. ગુજરાતના છેવાડાના ગામમાં વસતો આપણો યુવાન શિક્ષણ પ્રાપ્ત કરી પોતાના કાંડાના કૌવતથી આત્મનિર્ભર થાય અને સમાજમાં સ્વમાનથી જીવી શકે તે દિશામાં સરકાર પ્રયત્નશીલ છે જ. આજના આપણા વડાપ્રધાનશ્રી અને એ વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદ્રષ્ટિથી પાયાથી શિક્ષણનું સ્તર સુધરે તે માટે શાળા પ્રવેશોત્સવ, બેટી બચાવો, બેટી પઢાવો જેવા કાર્યક્રમો અંતર્ગત માનનીય આનંદીબેન પટેલ હોય, માનનીય ભુપેન્દ્રસિંહજી હોય, માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇ સૌએ સાથે મળી અને સહિયારા પ્રયાસથી પાયાથી શિક્ષણ સુધારી અને જે ડ્રોપ આઉટ રેશીયો છે એ ઝીરો સુધી લઇ આવ્યા છે એવા સંજોગોમાં આપણે જાણીએ છીએ કે રાજયમાં જુદીજુદી યુનિવર્સિટીઓ સ્થપાઇ, જુદીજુદી વિદ્યાશાખાઓ અને અનેક કોલેજો જેના કારણે રાજયના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે બીજા રાજયોમાં દોડધામ નથી કરવી પડતી. માતા પિતા હવે ચિંતામુકત થઇ અને પોતાના સંતાનોને ઘરઆંગણે જ કોલેજોમાં અભ્યાસ કરતા જોઇ શકે છે. રાજય સરકારના પ્રયત્નોથી પ્રત્યેક યુવાનો માટે રોજગારીની તકો તો ઉજળી બની જ છે પણ હું આનંદ સાથે કહું છું કે યુવાનો ભણતરની સાથે સાથે સોનેરી ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે. યુવાનો સાથે આપણા દેશનું ભવિષ્ય જોડાયેલુ છે, તેથી એક પ્રકારે યુવાનો દ્વારા દેશના વિકાસને પોલાદી મજબૂતાઇ હાંસલ થઇ રહી છે. સરકાર શિક્ષણ અને કેળવણી એ બે પાસા ઉપર ધ્યાન આપી રહી છે. શિક્ષણ એ શૈક્ષણિક જ્ઞાન આપે છે. કેળવણી આપણા યુવાનોને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સુસંસ્કૃત અને કૂશળ બનાવી રહી છે. આ બંનેના સમન્વયથી નિશ્ચિતપણે આપણા યુવાનો આપણા ભારત દેશને વિશ્વ ગુરુનો દરજ્જો અપાવવામાં સિંહફાળો આપ્યો છે. આજના યુગમાં ઉચ્ચ શિક્ષણ, સાયન્સ અને ટેકનોલોજી ઇનોવેશનને વધારેને વધારે મજબૂત બનાવવા માટે જે પ્રયત્નો થયેલ છે તેને હું આવકારું છું. વળી, રાજ્ય સરકારે માનનીય નાણામંત્રી નીતિનભાઇ આ વખતે વિદ્યાર્થીઓનો રસ વધે અને તક મળે તે માટે બે ડગલા આગળ વધીને અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં રિસર્ચ પાર્કની મંજૂરી આપીને ૪ર કરોડ રૂપિયાની માતબર રકમ ફાળવી છે અને રિસર્ચ માટેનું પ્લેટફોર્મ મળશે. આ માટે સરકારશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. હું આ વિધેયકને સમર્થન આપીને વિરમું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી પરેશ ધાનાણી(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી સન ૨૦૧૮ નું ગુજરાત વિધેયક ક્રમાંક પ ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક-૨૦૧૮ આ ગૃહ સમક્ષ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

આ ગૃહમાં આ બિલ રજૂ કરવા માટેનાં જે ઉદેશો અને કારણો છે એમાં સરકારે વાત સ્વીકારી છે કે ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી રાજ્યમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઇ કરવા માટે ખાનગી યુનિવર્સિટી અધિનિયમ ૨૦૦૯ ને અધિનિયમિત કર્યુ હતું. અને એમાં આ સુધારા વિધેયક લઇને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છે. મારી અગાઉ આ ગૃહના સન્માનનીય સભ્યોએ વિદ્વતાપૂર્ણ રીતે રાજ્યની કથળેલી શિક્ષણની વ્યવસ્થા સામે ઘણા સવાલો ઉઠાવ્યા છે. અપેક્ષા રાખું કે માનનીય મંત્રીશ્રી સવાલોના જવાબ ગુજરાતની જનતાને આ સન્માનનીય ગૃહ મારફત આપશે. ઉત્તર ગુજરાત જે રાજ્યનો પાયો ૧૯૬૦ માં નખાયો. જ્યાં માત્રને માત્ર સરકારી શાળા, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ મુઠ્ઠીભર યુનિવર્સિટીઓ હોવા છતા આ ગૃહને કેટલાક વિદ્વતાપૂર્ણ જનપ્રતિનિધિઓ એ જ પાઠશાળાની અંદર વિનામૂલ્યે શિક્ષણ લઇને સરળતાથી શિક્ષણ લઇને, સસ્તાદરે શિક્ષણ લઇને આ રાજ્યની સેવા કરવા માટે સક્ષમ બન્યા એવો આ શિક્ષણનો પાયો છે. અને સમગ્ર વિશ્વની અંદર જો મારી ભૂલ થતી ન હોય તો બાપુ સાહેબ ૧૮૯૭ ની અંદર ફરજિયાત શિક્ષણનો પાયો નાખનાર આ ગુજરાતની ગાયકવાડ સરકાર જે મહેસાણા ગાયકવાડ સરકારને તાબે હતું. અમરેલી ગાયકવાડ સરકારને તાબે હતું, વડોદરા ગાયકવાડ સરકારને તાબે હતું. સમગ્ર વિશ્વને જ્યારે શિક્ષણ શબ્દની સમજ નહોતી પડી ત્યારે ગુજરાતના એક પનોતા પુત્ર ગરવા રાજવી એણે ૧૮૯૭ માં ફરજિયાત શિક્ષણનો પાયો નાખ્યો અને એનો પાયલોટ પ્રોજેકટ અમરેલીમાં શરૂ કર્યો હતો એનું અમને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાઇલોટ પ્રોજેકટ ૧૮૯૭માં શરૂ થયો અને તે અમરેલીની લેબૉરેટરીમાં ફરજિયાત શિક્ષણની વ્યવસ્થા શરૂ થઇ તે લેબૉરેટરીમાં સમગ્ર શિક્ષણની વ્યવસ્થા ચકાસણી અને સમગ્ર રાજને ૧૯૦૩માં ફરજિયાત શિક્ષણની વ્યવસ્થાનો જન્મ કરનારી આ ગરવી ગુજરાતની અંદર વીતેલા વર્ષોમાં શિક્ષણનું સ્તર દિન પ્રતિદિન કથળતું જાય છે. કોઇપણ વ્યક્તિ, વર્ગ હોય કે સમૂહ હોય તેના વિકાસ માટે પાયાની જરૂરિયાત છે જ્ઞાન. આ ઋષિ પરંપરાનો દેશ છે જયાં શિક્ષણના મંદિરોમાં મા સરસ્વતીના જ્ઞાનનો આવિષ્કાર થતો હતો, જ્ઞાનની દેવી મા સરસ્વતીની પૂજા થતી હતી આ જ ગરવી ગુજરાતની અંદર આજે મા સરસ્વતીના મંદિરની અંદર શિક્ષણ વેચાતું મળે તે પ્રથા ખૂબ પીડાદાયક છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાતમાં ખાસ કરીને મહેસાણા અને પાટણ જિલ્લો સરહદે જોડાયેલા જિલ્લા છે. આપણે ત્યાં ગણપત યુનિવર્સિટીને ખાનગી યુનિવર્સિટી તરીકે આ ગૃહે મંજૂરી આપી, સાંકળચંદ પટેલ યુનિવર્સિટીને ખાનગી યુનિવર્સિટીને આ ગૃહ મારફત મંજૂરી આપી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વર્ષોથી ઉત્તર ગુજરાતમાં ગુજરાત સરકાર દ્વારા ચાલી રહી છે. મારી ભૂલ ન થતી હોય તો ૨૫ કિલોમીટરની ત્રિજયામાં ત્રણ જેટલી યુનિવર્સિટીઓ શિક્ષણ ક્ષેત્રે સેવા આપી રહી છે. ત્યારે આ ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે વધુ ચેડાં કરવા માટે આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી સ્થાપવાની જરૂરિયાત શું કામ ઉભી થઇ તે સવાલ સ્વાભાવિક રીતે દરેક ગુજરાતીના મનમાં થાય. આપના મારફત ગુજરાતની જનતા જાણવા માગે છે કે કઇ સ્થિતિ ઉભી થઇ કે આ ત્રણ ત્રણ યુનિવર્સિટીઓની ઉપલબ્ધિ હોવા છતાં આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીની સ્થાપના કરવા માટે રાજય સરકારે મજબૂરીવશ આ બિલ ગૃહ સમક્ષ લાવવું પડયું છે? મારે ટીકા ટિપ્પણીઓમાં નથી પડવું. આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીની સ્થાપના કરવા જઇ રહ્યા છો તેમાં બેચલર ઓફ એન્જિનિયરીંગની ૬૦૦ જગ્યાઓ મંજૂર થઇ છે તે પૈકી ૧૨૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ડિપ્લોમા એન્જિનિયરીંગના કોર્ષમાં ૬૬૦ પૈકી ૫૫૮ વિદ્યાર્થીઓ શિક્ષણ લઇ રહ્યા છે. બેચરલ ઓફ આર્કિટેકટમાં ૪૦, ફીઝીયોથેરાપીમાં ૫૦, નર્સિંગમાં ૫૦, બેચલર ઓફ કોમર્સની અંદર ૬૦ અને બેચલર ઓફ સાયન્સની અંદર ૬૦ એમ કુલ મંજૂર થયેલી ૧૭૦૦ જગ્યાઓ પૈકી માત્ર ૧૧૨૬ વિદ્યાર્થી આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો આપણે દરજ્જો આપવા જઇ રહ્યા છે તેમાં અભ્યાસ કરી રહ્યા છે. માત્ર ૧૧૨૬ વિદ્યાર્થીઓ માટે કોઇ શૈક્ષણિક સંસ્થાને યુનિવર્સિટીનો દરજ્જો આપવા માટે મજબૂર શું કામ થવું પડે તે જાણવાનો ગુજરાતની જનતાને અધિકાર છે. મેં આગળ કહ્યું તેમ વિવિધ કોર્ષ ચાલે છે. મને યાદ છે ગૌરવવંતા ગુજરાતની અંદર ચૂંટાયેલા જનપ્રતિનિધિની ઉપર વીતેલી એ દરેક પળ. મીસકોલ પાર્ટીના રાષ્ટ્રીય વડાને આ ગૃહના બે સન્માનીય બાપુ માનનીય ભૂપેન્દ્રસિંહ બાપુ અને પ્રદિપસિંહ બાપુ ઉપર વિશ્વાસ ન હતો એટલે અમારે ત્યાંથી ત્રીજા બાપુને લઇ જવા માટેનું લંગર કર્યું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું નીતિનભાઇ, અમસ્તોય ક્યારેય ખોટું નથી બોલતો. માનનીય નીતિનભાઇની ચિંતા ખૂબ વાજબી છે. તેઓ અહીંયા બેઠા બેઠા અમારા સભ્યો સામે કહેતા હતા કે તમે ટોપી પહેરીને શા માટે નથી આવ્યા? ટોપી પહેરીને શા માટે નથી આવ્યા? ટોપી પહેરીને શા માટે નથી આવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, હું તો આપના મારફત આ ગૃહના વરિષ્ઠ આગેવાન અને નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇને

કહેવા માગુ છું કે અમારે ત્યાં ટોપી પહેરવાની આદત છે ટોપી ફેરવવાની આદત નથી, ટોપી ફેરવવાની અમને આદત નથી. અમારા સંસ્કારો દરેક ટોપીનું સન્માન કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ટીકા–ટીપ્પણમાં નથી જવું પણ ભૂતકાળમાં આ ગરવા ગુજરાતમાં રાજકીય વિચારધારાઓની વિવિધતાની વચ્ચે વિરોધ પક્ષના ચૂંટાયેલા જનપ્રતિનિધિનું ઇમાન ભંગ કરવા માટે એની ટોપી ફેરવવાનું ષડયંત્ર અને ષડયંત્રમાં સરકારી સત્તાથી માંડી એના સ્વાર્થને પોષવા માટેના કદાચ વચનો અપાયા હશે એનું પ્રતિબિંબ આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનું બિલ આ સન્માનીય ગૃહ સમક્ષ લાવવામાં આવ્યું હોય એવું લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, આ રાજયમાં સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓ એ વિવિધ અભ્યાસક્રમોને લઇ અને આ રાજયના બાળકોના શિક્ષણની ચિંતા કરતી હશે પણ મને લાગે છે કે, આ નવી જે પાઠશાળા ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીની સ્થાપના થવા જઇ રહી છે એમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર નવા વિષયોનો આવિષ્કાર કરશે. માનનીય મંત્રીશ્રીને મારે આપના મારફત પૂછવું છે કે, ગુજરાતમાં એવા કયા વિષયોની ઉણપ હતી કે ગુજરાતની હયાત યુનિવર્સિટીઓ ભણાવી નહોતી શકતી કે જેથી આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીની આપણે રચના કરી રહ્યા છીએ? મને લાગે છે કે આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીની રચના થશે ત્યાં નવા વિષયોનો અભ્યાસક્રમ લાગુ કરવામાં આવશે અને એ નવા અભ્યાસક્રમમાં ગુજરાતની આવતી પેઢીને •(×××) શીખવવામાં આવશે? આ નવી યુનિવર્સિટીમાં એવા વિષયો લાગુ કરવામાં આવશે અને ત્યાં *(×××) એવા વિષયો લાગુ કરવામાં આવશે? આ નવી યુનિવર્સિટીમાં નવા વિષયો લાગુ કરીને*(×××) એ *(×××) શીખવવામાં આવશે?

અધ્યક્ષશ્રી : આ *(×××) એ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું વિષય ઉપર બોલી રહ્યો છું, સંસદીય મર્યાદામાં બોલી રહ્યો છું, જવાબદાર આગેવાન તરીકે બોલી રહ્યો છું અને માનનીય મંત્રીશ્રી પાસે ગુજરાતની પ્રજા અપેક્ષા રાખે છે કે આ નવી યુનિવર્સિટીમાં એવા ક્યા વિષયો લાગુ થશે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપના શબ્દો આ અસંસદીય શબ્દોની યાદીમાં છે અને મારા માટે આ ગીતા છે એમાં આ શબ્દો અસંસદીય છે માટે હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પરેશ ધાનાણી : હું પણ વાચું છું, એવા કયા નવા વિષયો લાગુ કરવામાં આવશે?

અધ્યક્ષશ્રી : વાચવાની વાત નથી ચાલતી, *(×××) એ શબ્દો કોઇ પણ સંજોગોમાં ગૃહમાં આવી ન શકે મારા ચોક્કસ ધ્યાનમાં છે માટે આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા તરીકે એમણે જે કંઇ વર્ઝન કર્યું છે એ વિષયાંતર જ કર્યું છે. એકદમ વિષયાંતર કર્યું છે, હું આ ટાંકીને કહું છું કે જે વિષયની ચર્ચા ચાલતી હોય એ વિષયની બહારના કોઇપણ પ્રકારના વકતવ્ય હોય તો એ ન જ ચાલે. આ બિલ ઉપરની ચર્ચા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી પણ છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપણે બિલને વળગીને ચાલોને.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વ્યકિતને, સભ્યને, ત્રીજી વ્યકિતને ટાંકીને આ શબ્દોનો પ્રયોગ કર્યો નથી. એક પાઠશાળાની અંદર ...

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, બિલના સંદર્ભને પકડીને ચાલોને.

શ્રી પરેશ ધાનાણી : એક પાઠશાળામાં નવા વિષયોનો આવિષ્કાર અને એ વિષયોમાં આ ગુજરાતની જનતાને લાગી રહ્યું છે કે * (×××)

અધ્યક્ષશ્રી : આ *(×××) હોતી નથી અને એનો કોઇ વિષય હોઇ શકે નહિ, એ વાક્ય કાઢી નાંખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, *(×××) શું આવી વ્યવસ્થા આપણે આ ગુજરાતમાં ઉભી કરવા જઇ રહ્યા છીએ? માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે. ૨૦૦૯થી તત્કાલિન યુ.પી.એ. સરકાર કેન્દ્રમાં શાસન કરતી હતી અને એણે ગુજરાતના નવી પેઢીના યુવાનોની ચિંતા કરી. હું અપેક્ષા રાખું કે માનનીય મંત્રીશ્રી આ મુદ્દાને ગંભીરતાથી લેશે. ૨૦૦૯માં ગાંધીનગરની અંદર ભાડાના મકાનમાં સેન્ટ્રલ યુનિવર્સિટીની શરૂઆત થઇ. આ સેન્ટ્રલ યુનિવર્સિટી માટે સમગ્ર દેશની અંદર જમીન ઉપલબ્ધ કરાવવી એ રાજ્ય સરકારની ફરજ છે. આ ગુજરાતનો યુવાન સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ભણી અને ગ્લોબલ વિશ્વની અંદર પોતાના જ્ઞાનનો લાભ આપવા માટે સક્ષમ બને એના માટે જો આ સેન્ટ્રલ યુનિવર્સિટીને ગાંધીનગરમાં એનું ઘરનું ઠેકાણું મળ્યું હોત તો મને ખૂબ આનંદ થાત. પણ આજ ૨૦૦૯થી ભાડાના મકાનમાં ચાલતી એ સેન્ટ્રલ યુનિવર્સિટી ગુજરાતના યુવાનના ઘડતર માટે ગાંધીનગરની અંદર જમીનના ટુકડાની ભીખ માંગે છે, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી આજે આ દેશમાં પ્રધાનમંત્રી તરીકે રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે તોય સેન્ટ્રલ યુનિવર્સિટી એટલે કે કેન્દ્રીય સંસ્થાને એની માગણી મુજબની જમીનની ઉપલબ્ધ કરાવવામાં આ સરકાર નિષ્ફળ નીવડી છે. કેન્દ્રીય યુનિવર્સિટીને આપણે જમીન નથી આપતા, પણ *(×××) લાખ પ્રયત્નો પછી પણ હું ધન્યવાદ આપું છું, *(×××)

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ પાછા વિષયાંતર કરો છો, આ આખો વિષય તમારા વકતવ્યમાંથી કાઢી નાંખવામાં આવે છે. અત્યારે આ વિષય નથી. (અંતરાય) બેસી જાઓ. બન્ને પક્ષે હાંકોટા–દેકારાં ના કરો, આપ બધા બેસી જાઓ, હું અહીંયા છું સંભાળવા માટે,

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય પરેશભાઇ, આ રાજ્યસભાની ચુંટણી આ બિલમાં આવે છે ખરી?

અધ્યક્ષશ્રી : બન્ને પક્ષના લોકોને કહુ છું. બન્ને પક્ષે કહુ છું બેસી જાઓ. (અંતરાય) આપ વધારે ઉભા થાઓ છો આપ બેસી જાઓ. તમારા નેતા ઉભા છે ત્યાંસુધી તમારે ઉભાં ન થવાય.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા: માનનીય પરેશભાઇ, હું આપને પુછું છું કે, રાજ્યસભાની ચુંટણી આ બિલમાં આવે છે ખરી? માનનીય અધ્યક્ષશ્રી, હું આપનું માર્ગદર્શન માગું છું. આ બિલના વિષયમાં રાજ્યસભાની ચુંટણીનો વિષય છે ખરો? પછી ઉભાં થઇ જ જાય. કેમ ન થાય?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપ આપના સભ્યશ્રીઓને કહો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિષય સાથે કોઇને લેવા દેવા નથી ખરી બળતરા હવે બહાર આવી છે. બાકી બધા મોઘમમાં બોલતાં હતા, શરમમાં બોલતાં હતા ખરી બળતરા હવે બહાર આવી છે અને છેલ્લે બોલ્યાં તેમાં દિલ્હીથી ફોન આવ્યો હશે, ઠપકો આવ્યો હશે કે જાવ જઇને બોલો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપણે વિષય ઉપર આવો નહીંતર આ પૂરું જ નહીં થાય.

શ્રી પરેશ ધાનાણી : બાપુ, હું મારી બળતરા નથી કરી રહ્યો તમારા બે બાપુ ઉપર માનનીય ભૂપેન્દ્રસિંહ અને પ્રદિપસિંહ આ બન્ને બાપુઓ ઉપર તત્કાલિન *(×××) ભરોસો નહોતો તેની મને ચિંતા છે.

અધ્યક્ષશ્રી : આમાં *(×××) કયાં આવે છે આ શબ્દો કાઢી નાખવામાં આવે છે આપ સીધા વિષય ઉપર આવી જાવ.

શ્રી પરેશ ધાનાણી : કાઢી નાંખો સાહેબ, માનનીય અધ્યક્ષશ્રી, હું મૂળ વિષય ઉપર આવુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતા કાં નિયમો જાણતા નથી કાં ઈરાદાપૂર્વક કરે છે. (અંતરાય )

અધ્યક્ષશ્રી : તમને જવાબ આપવાની તક આપીશ (અંતરાય) પણ તમે નથી જાણતા તો એમ કહેજો કે તમારા કરતાં વધારે સારી રીતે જાણીએ છીએ એવું બોલજો, પણ બેસો. એક વખત બધા બેસી જાવ. શેના માટે ઘડી ઘડી ઉભાં થઇ જાવ છો. બેસી જાવ, આ ઉઠબેસ ના કરશો ઘડી ઘડી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે રાજયસભાના ચૂંટણીના સંદર્ભમાં કરેલા ઉલ્લેખો આ બિલના સંદર્ભમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, તમારામાં તાકાત નહોતી એટલે ૫૭માંથી ૪૪ થઇ ગયા હતા, તમારામાં તાકાત હતી તો સાચવવી હતીને ? અરે, ૫૭માંથી ૪૪ એટલા માટે થઇ ગયા હતા કે તેમના રાષ્ટ્રીય નેતૃત્વ સામે એ લોકોને આક્રોશ હતો. રોકવા જોઇતા હતા તમારે, કોણ ના પાડતું હતું તમને ? (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે જવાબ આપજો, બેસો તો ખરાં. તમે આટલો અવાજ કરશો તો મને કશું સંભળાશે પણ નહીં. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયસભાની જો ચર્ચા કરવી હોય તો મારી સંપૂર્ણ તૈયારી છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, બન્ને પક્ષે જવાબ આપી શકે તેમ છે તમારે ઉભા થવાની જરૂર નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયસભાની ચૂંટણીના તેમના જે બાકીના ૪૪ હતા તેની સાથે શું વાર્તાલાપ થયો હતો તેની પણ મારી કહેવાની તૈયારી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પ્લીઝ, આપ પણ બેસી જાવ. માનનીય પરેશભાઇ આપ પણ બેસી જાવ. મારી વિનંતી છે (અંતરાય) અહીંયા કોઇ નામો ખોલવાની જરૂર નથી એ ફરી કોઇ પ્રસંગે કરી લઇશું. આપને સૌને વિનંતી છે કે, આટલુ સારી રીતે કામ ચાલી રહ્યું છે ત્યારે તમો વારંવાર સામસામે ઉભાં થઇ જશો એનાથી આ ગૃહનું કામ ચાલે નહીં, મારે અન્ય પગલાં લેવા પડે તે યોગ્ય નથી. કામ શાંતિથી ચાલે અને સુચારૂ રૂપ ચાલે. બન્ને સિનિયર આગેવાનો બન્ને પક્ષે મહેરબાની કરીને કોઇ જૂની વાતમાં જશો નહીં, પોપડાં ઉખેળવાની કોઇ જરૂર નથી. આપણે બિલ ઉપર આવીએ. (અંતરાય) મેં શબ્દો કાઢી નાંખ્યા છે તેમાં કોઇને પાછા ખેંચવા કે નહીં ખેંચવાનો પ્રશ્ન નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ મારે ત્રણ કાર્યકાળ પૂરાં થયા પણ આજસુધીમાં હું કયારેય અસંસદીય શબ્દો બોલ્યો નથી, અમને શોભતું પણ નથી. હકીકતોને છૂપાવવા માટે હા દેકારો કરવાથી સત્યને છૂપાવી શકાશે નહીં. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે*(×××) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ગુજરાતની જનતા એ જાણવા માગે છે કે, *(×××)

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૮

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : આ કોઇ વાતને હું માનતો નથી. એને હું કાઢી નાંખું છું. એક પણ શબ્દ રાજ્યસભા બાબતનો આ ચર્ચામાં જશે નહિ. એ હું કાઢી નાખું છું. વારંવાર પરેશભાઇ એ જ વાત કરે છે. મારી વિનંતી છે કે, ઘડી–ઘડી એ વાતને રીપીટ કરવાનો કોઇ અર્થ નથી.

શ્રી પરેશ ધાનાણી : આ મેં ડસ્ટર લઇને ભૂંસી નાંખ્યું. હવે બેસી જાવ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસી જાવ. ૧૦ મિનિટ માટે સભાગૃહ મુલતવી રાખવામાં આવે છે. સભાગૃહ ફરી ૧૦ મિનિટ પછી મળશે.

**વિરામ બાદ ૫–૧૧ કલાકે સભાગૃહની બેઠક ફરીથી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ ( દંડકશ્રી ) : : માનનીય અધ્યક્ષશ્રી, આજના એજન્ડા ઉપરના જે બિલો આપણે કામકાજમાં લીધેલ છે એ મંજૂર થાય ત્યાં સુધી હાઉસનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : આજના દિવસનું તમામ કામકાજ પૂરું ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની નવી પેઢીનું ભવિષ્ય ઘડવાની આપણા સૌની સામૂહિક જવાબદારી છે ત્યારે ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી બનાવવા માટે આટલું ઉતાવળું પગલું ભરી અને સરકાર આ ગૃહ સમક્ષ બિલ લાવી એનો વાંધો નથી. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીના કર્તા હર્તા અને સમાહર્તા અમારા સન્માનનીય પૂર્વ સાથી ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીનો સ્પષ્ટ ઉચ્ચાર આ ગૃહ સમક્ષ કરી દે તો તમે એને યુનિવર્સિટી આપો તો વાંધો નથી. યુનિવર્સિટી અને માનનીય મંત્રીશ્રીને દરજ્જો ભેટ આપી દે તો અમને કાંઇ વાંધો નથી. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, ૨૦૦૯થી માંડી કેન્દ્રીય યુનિવર્સિટી ભાડાના મકાનમાં ચાલે અને ગાંધીનગરમાં જમીન મેળવવા માટેની દરખાસ્ત આજ દિન સુધી સ્વીકારવામાં ન આવી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતીનો અભાવ છે અથવા તો અજ્ઞાનતા છે. રાજ્ય સરકારે સેન્ટ્રલ યુનિવર્સિટીને જમીન આપી દીધી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બહુ જ્ઞાની છે એટલે હું એમને કહું કે, એણે જમીન માગી હતી ગાંધીનગરમાં અને વડોદરા – પાદરા રોડ ઉપર કે એ બાજુ ક્યાંક બારોબાર જંગલમાં જમીન ફાળવી છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, એવું ના બને. પોતાની પસંદગી પ્રમાણે કાંઇ ચાલતું નથી અને બધા સેન્ટ્રલ યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલરોએ ભેગા મળીને આ જમીન પસંદ કરી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી ખૂબ જ્ઞાની છે. અમે વિરોધપક્ષમાં છીએ. અમારા જ્ઞાનના સંશોધન માટે સરકારી મશીનરીનો અમને સહયોગ નથી મળતો. એ આ ગૃહમાં જણાવવા કૃપા કરશે કે, આ ગાંધીનગરની અંદર ચૂંટણીમાં મદદ કરે એને ૬૦૦ કરોડ રૂપિયાની કિંમતની સરકારી મોંઘી જમીન •(×××) કરી દેવામાં આવે.

અધ્યક્ષશ્રી : *(×××) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી: માનનીય અધ્યક્ષશ્રી, લ્હાણી કરી એમ કહું છું. *(×××) શબ્દ કાઢી નાખો.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ બિલ ઉપર આવો ને. માનનીય પરેશભાઇ, આપ બિલની આજુબાજુ ફર્યા કરો છો.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જે લ્હાણીની વાત કરે છે, *(×××) વાત કરે છે એમની પાસે વિગતો હોય તો અમને આપે.

અધ્યક્ષશ્રી : આપની પાસે કોઇ પૂરાવા છે? આપ જે કહો છો એના કોઇ પૂરાવા છે આપની પાસે?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી મારફત (અંતરાય) સાંભળો તો ખરા, મળશે, પૂરાવા મળશે. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરમાં સેન્ટ્રલ યુનિવર્સિટીએ સરકારના નિયમોનુસાર યુનિવર્સિટી સ્થાપવા માટે જમીનની માગણી કરી હતી. (અંતરાય) માનનીય પ્રદિપસિંહજીભાઇ, આપ પણ બોલજો, હું સાંભળીશ, હું જવાનો નથી. મારી વિનંતી છે કે, મારું રાજકીય અવલોકન નથી. આપ જવાબદાર મંત્રી છો.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, આજની ચર્ચામાં માનનીય વિપક્ષના નેતાશ્રી દ્વારા સ્કોપની બહાર અને રાજ્યસભાની ચૂંટણી મને લાગે છે કે કેમ વારંઘડીયે યાદ કરીને, અને માનનીય અધ્યક્ષશ્રી, આપે અત્યાર સુધીમાં એકવાર, બે વાર, ત્રણ વાર અને ચાર ચાર વાર કહ્યા પછી પણ એ પ્રકારના ઉલ્લેખો કર્યા કરે છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ આશા બેન, આપની જગ્યા પરથી બોલશો નહીં, આપ શાંતિ રાખો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના નિર્ણયો છે એ નિર્ણયો– ૧૯૬૦થી...

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : બેન આપે બોલવાનું નથી, છતાંય બોલો છો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એના નિર્ણય છે કે, સભાગૃહમાં વિપક્ષના નેતાશ્રી મને લાગે છે કે, એમને ખ્યાલ જ હોવો જોઇએ કે સભાગૃહમાં કોઇપણ પ્રકારના આક્ષેપાત્મક શબ્દો વાપરવા હોય તો તે અંગે તમામ પ્રકારની વિગતોની જાણ અગાઉથી અધ્યક્ષશ્રીને કરવી પડતી હોય છે અને માનનીય અધ્યક્ષશ્રી, છતાં પણ આ પ્રકારના ઉલ્લેખો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય સભ્યશ્રી હોય તો ચાલે, અને આ તો વિપક્ષના નેતાશ્રી છે અને આ પ્રમાણેના ઉલ્લેખો, અત્યાર સુધીની આજની સ્પીચ આપ જોજો, કેટલા વખત આપશ્રી દ્વારા ટોકવામાં આવ્યા છતાં પણ પુનરોચ્ચાર કરીને આ આખી ચર્ચાને ગેરમાર્ગે દોરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપે આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો કોઇ જવાબ આપવો છે? હું રૂલિંગ આપું છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટણીઓ છે એ ચૂંટણીઓથી જ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇ, માનનીય ભૂપેન્દ્રસિંહજી બાપુ, માનનીય પ્રદિપસિંહભાઇ સરકારી મશીનરીથી જ્ઞાનનો સ્ત્રોત એ ગુજરાતને જણાવે અને અહીંયાં વિરોધપક્ષમાં અમારે બેસવાનું થયું એ પણ ચૂંટણીઓથી જ બેસવાનું થયું છે એ અમે સ્વીકારીએ છીએ એટલે ચૂંટણીઓથી બધા જ લોકો અનુભવી છે, પ્રભાવિત છે પણ રાજ્ય સભાની ચૂંટણી શબ્દ બોલીએ તો આખી ટ્રેઝરી બેંચ ઉભી શું કામ થઇ જાય છે એની મને ખબર નથી પડતી.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો કોઇ જવાબ આપે આપવો છે? તો બીજી વાત નહીં સાંભળીએ. મારી પણ કોઇ સહનશક્તિ હોય. આપે પોઇન્ટ ઓફ ઓર્ડરનો કોઇ જવાબ સીધો આપવો હોય તો આપો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય પ્રદિપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે, મેં કોઇ આક્ષેપ કર્યો નથી, માનનીય અધ્યક્ષશ્રી, મારું પ્રવચન વાંચી જવામાં આવે. મેં કહ્યું છે કે, સરકારની પાસે મશીનરી છે, સ્ત્રોત છે. અમે વિરોધપક્ષમાં બેઠા છીએ, અને ગુજરાતની જનતા જાણવા માગે છે કે, તમે કેન્દ્રીય યુનિવર્સિટીને ૨૦૦૯થી માગણી છે તો જમીન શું કામ ન આપી?

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે આપે બીજું કંઇ કહેવું છે? બીજી બધી વાત સાંભળી છે પણ પોઇન્ટ ઓફ ઓર્ડર અંગે આપે કંઇ કહેવું છે? મારી પણ સહનશક્તિ હોયને?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર માનનીય પ્રદિપસિંહજીભાઇએ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોને ટાંક્યા કે આક્ષેપ, પણ માનનીય અધ્યક્ષશ્રી, મારો આક્ષેપ નથી, એને હું ખંડન કરું છું.

અધ્યક્ષશ્રી : હવે હું રૂલિંગ આપું છું. આપના આક્ષેપ નથી તો પહેલાં હું રૂલિંગ આપું છું. એમના વક્તવ્યની અંદર જે કોઇ આક્ષેપો આવ્યા છે એ તમામ રદ કરવાનો છું. હવે આપનું પ્રવચન આગળ વધારો અને મને શ્રદ્ધા છે કે, હવે સ્કોપની અંદર રહીને આપ બોલશો.

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮ (ક્રમશ:)

શ્રી પરેશભાઇ ધાનાણીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું અને ગુજરાતની જનતા પણ જાણવા માગે છે કે, આપે ગોકુલ ગ્લોબલ યુનિર્વસીટીને સ્થાપવા માટે આ વિધેયક કે તેની જોગવાઇ લાવી શકતા હોય તો રાજયમાં ભાજપની સરકાર છે, કેન્દ્રમાં પણ ભાજપની સરકાર છે તો સેન્ટ્રલ યુનિર્વસીટીએ ગાંધીનગરમાં જે રાજયનું વડું મથક છે, એ ગાંધીનગરમાં તેઓએ જમીન માગી હતી એને હજી સુધી જમીન ફાળવવામાં આવી નથી, માનનીય મંત્રીશ્રી ખોટું હોય તો કહે અને મને વધુ જાણકારી આપે, ગુજરાતની પ્રજાને જાણકારી આપે, કે સેન્ટ્રલ યુનિર્વસીટીને ગાંધીનગરમાં જમીન કેમ આપી નથી.

બીજી વાત એ કરવી છે કે ગાંધીનગર જિલ્લામાં કઇ શિક્ષણ સંસ્થાઓને સરકારે જમીન રાહત દરે આપી અને છેલ્લા ૬ મહિના કે એક વર્ષમાં ફાળવામાં આવી કે નહીં, જો ફાળવવામાં આવી હોય તો કેટલી જમીન આપી એની જંત્રીનો દર શું હતો, કઇ સંસ્થાને કેટલી જમીન આપી ? તેનો ખુલાસો કરે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ આપ સ્કોપના સંદર્ભમાં નથી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપની આટલી સૂચના આપવા છતાં, બિલના સ્કોપની બહાર, વિષયની બહાર જાણી બૂઝીને ઇરાદાપૂર્વક બોલી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ આપે હવે કશું કહેવાનું રહેતું નથી.

શ્રી પરશેભાઇ ધાનાણી : કશું ખોટું ન થયું હોય તો કહેવું જોઇએ, શું કામ છૂપાવામાં આવે છે. જવાબ આપી દેવો જોઇએ. હું બિલ ઉપર જ વાત કરું છું. મને લાગે છે કે આ બિલ છે એ •(×××) તરીકે માનનીય અધ્યક્ષશ્રી આ યુનિર્વસીટી આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રીઃ આ શબ્દો હું કાઢી નાંખું છું, આપ જેટલી વાર બોલશો તેટલી વાર દૂર કરીશ.

શ્રી પરેશભાઇ ધાનાણીઃ ત્યારે *(×××)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રીઃ આપે જે આ વાત આપના પ્રવચનમાં કરી છે, પાંચવાર કરી છે એ પાંચે પાંચ વારની વાત કાઢી નાંખું છું. રેકર્ડમાંથી રદ કરું છું, એમનું માઇક બંધ કરો. પહેલાં બધા બેસી જાઓ. મારે કહેવું છે, હું કહું છું તમને આપ બધા બેસી જાઓ, આપ સૌ બેસી જાઓ. હું ઉભો છું ને, આપ સૌ બેસી જાઓ. તો પછી માઇક બંધ કરવાની વાત એટલે કરી કે મેં એમને વિનંતી કરી કે આપનું વકતવ્ય બંધ કરો, બંધ નથી કરતા. માઇક તો બંધ કરવું જ પડે ને, આપ બેસી જાઓ બધા પરેશભાઇ આપ નેતા છો આપના પક્ષના મિત્રો ઉભા છે. તેમને કહો કે બેસી જાય. આપ ગૃહનું અવમાન કરી રહ્યા છો આપ બધા આપના સહિતના તમામ. મારા ઉભા રહેવા છતાં તમારા બધા સભ્યો ઉભા છે. અધિકારની પછી વાત આવે છે, પહેલાં અધ્યક્ષ જયારે કંટ્રોલીંગ કરતા હોય કહેતા હોય તો બધાએ બેસવું જ જોઇએ એ આટલી કોમનસેન્સ વાત કરી રહ્યો છું. માનનીય પરેશભાઇ બેસી જાઓ બે મિનિટ બેસી જાઓ. મેં વારંવાર આપને ટોકયા કે આ સબજેકટ તમે ના લેશો, આ સ્કોપ બહારની વાત છે એ આપને પાંચમી વાર કહ્યા પછી પણ તમે જો આ રીતે વાત કરવાના હોય તો મારી પાસે કોઇ વિકલ્પ રહેશે નહીં. પ્લીઝ, બિલના સંદર્ભમાં તમારે જે કહેવું હોય તે કહો. પણ એના સ્કોપની બહાર જઇને પાંચમી વાર આપ બોલ્યો છો.એકની એક વાત એની મારે નોંધ લેવી પડે છે.

શ્રી પરેશ ધાનાણી : ઉચ્ચત્તમ સંસદીય પ્રણાલિઓનું પાલન કરવા અમે ટેવાયેલા છીએ. આપના આદેશનું અમે માન કરીએ છીએ. પણ મારી સરકારને વિનંતી છે મેં મંત્રીશ્રીને ઉદ્વેશીને સીધુ કંઇ નથી કહ્યું પણ મેં કોઇ પાર્ટીનું નામ નથી લીધું મેં એવું નથી કીધું કે આ ભાજપની સરકારે કર્યું છે. સરકારો તો બદલાતી રહેવાની છે. મારા બે જ મુદ્દા છે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ ખોટી પ્રણાલિઓનો સંદેશો સમગ્ર ગુજરાતમાં ન જાય, રાજયમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓને આવતા દિવસોમાં એનો ઇમાન વેચવા માટે પ્રેરાવું પડે તેવી સ્થિતિ પેદા ન થાય એટલે આ ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીની રચના માટેનું ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૮ સરકારશ્રી પરત ખેંચે અને પ્રવર સિમિતને સોંપે. યુનિવર્સિટી એની ત્રિજ્યા, સભ્ય સંખ્યા, એના પ્રાયમરી ઈન્સ્પેકશન દરમિયાન ઉભા થયેલા સવાલો આ બધી વાતોને ધ્યાનમાં લઇને આવતા દિવસોમાં એક તંદૂરસ્ત વિચાર સાથે આ રાજયના યુવાનને ઘડવા માટે શૈક્ષણિક ક્ષેત્રને ખૂબ ઉંચાઇ સુધી લઇ જવા માટે આ બિલ પાછું આવશે તો મને આનંદ થશે.

મારી બીજી વાત આપના મારફત કરવી છે. આપના મારફત કોઇ એવી પરંપરા ઉભી થાય કે જન પ્રતિનિધિઓ છે, સરકારો તો બદલતી રહેવાની સમય બદલતો રહેવાનો, તમે ૧૨૭ હતા એ નવર્સ નાઇટીએ આવી ગયા અમે ૫૧ ઉભા હતા આજે ૮૧ એ પહોંચી ગયા છીએ . મારી વિનંતી છે કે જો જન પ્રતિનિધિઓના ઇમાનને સરકારી સહાયથી ભ્રષ્ટાચારની લાલચ આપવાનો કોઇ પ્રયાસ થાય તો એની સરકાર ઉપર ભ્રષ્ટાચાર વિરોધી કાયદા નીચે કામ ચલાવવાનો આપના મારફતે આદેશ થવો જોઇએ. અમારી બહુ સીધી અને સાદી માગણી છે કમનસીબે સરકાર એ વાતને સ્વીકારી શકતી નથી, •(×××)

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. હવે આપ જો બિલને ટેકો આપવા માગતા હોય તો ટેકો આપો અને વિરોધ કરવા માગતા હોય તો વિરોધ કરીને આપની વાત પૂરી કરો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય નીતિનભાઇ બેઠા બેઠા બોલ્યા કે તમારી મજબૂરી છે એટલા માટે બોલો છો. અમે ગબ્બર છીએ. અમે કોઇની મજબૂરીથી નથી બોલ્યા, અમારો પાર્ટ છે હજી બીજા ચાર સભ્યો બોલવા માટે તૈયાર છે.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે બધા બિલ ઉપર બોલશે. શરૂઆતમાં થોડી શિક્ષણની ચિંતા થઇ. બધામાં માત્રને માત્ર કુંવરજીભાઇ એક માત્ર સ્કોપમાં મર્યાદામાં અને માત્રને માત્ર બિલ ઉપર બોલ્યા છે એ બદલે હું તમને અભિનંદન આપું છું. બાકી બધાને એવું કહ્યું હશે કે આ વાંધો છે એટલા માટે તમારે વિરોધ કરવાનો છે, બાકી સાંભળો પાંચ વર્ષ ગઇ ટર્મમાં મેં બધા જ બિલો મૂકયાને તો માનનીય અમિતભાઇની જગ્યાએ બેઠેલું ગોકુલ એમણે તમારા બધા વતિ સર્વસંમતિથી મંજૂરી આપી છે પછી એ સાંકળચંદ યુનિવર્સિટી હોય, સ્ટાર્ટઅપ યુનિવર્સિટી હોય, સ્કિલ યુનિવર્સિટી હોય એ બધી જ યુનિવર્સિટીઓને સમર્થન આપ્યું છે. આ વિષય ઉપર આટલી ગંભીરતા અને ચિંતા હોય તો વિપક્ષના નેતા શરૂઆત કરે. એ બોલવાના નહોતા. પણ ઉપરથી ફોન આવ્યો હશે, તમે શું કરો છો? અરે, બધા બોલ્યા, તમે બોલો.

**પોઇન્ટ ઓફ કલેરીફિકેશન**

**ગૃહમાં ફોન ઉપાડવાની મનાઇ બાબત**

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ કલેરીફિકેશન છે. માનનીય નીતિનભાઇ, અમે સાંભળવાના છીએ. અમે જવાના નથી. મેં તો અધ્યક્ષશ્રીને વિનંતી કરી હતી કે નવી પરંપરા પાડીએ, રાત્રે બે વાગ્યા સુધી ગૃહ ચલાવીએ. ઉત્કૃષ્ટ કોટીની ચર્ચાઓ થાય, એના માટે સરકારી કામકાજમાં અમે હંમેશાં સહકાર આપવાના છીએ. આ સન્માનનીય ગૃહની અંદર ફોન ઉપાડવાની મનાઇ છે. તમારી જે સૂચના છે અને ગૃહના નિયમો છે. એનાથી ઉપર સંદેહ કર્યો છે. અમારે ઉપરથી ફોન આવતા નથી. પણ ઉપરના ફોનના આદેશથી આ બિલ લાવવું પડ્યું છે એ બાપુએ સ્વીકારી લીધું હોત તો ખૂબ આનંદ થાત.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ઉપરથી આદેશ નહીં (અંતરાય) તમે જેટલા બધા બોલ્યા એ સમયે હું શાંતિથી બેઠેલો કે નહીં? તો કમસે કમ બોલેલા લોકો તો શાંતિ રાખો. પુજ્ય પુજ્ય કહીને, આદરણીય બાપુ કહીને, મને તો પાછો ચણાના ઝાડ ઉપર તમે ચડાવી દીધો ! ફોન અહીંયાં ન આવે. ફોન તો ત્યાં આવે અને અહીંયાં ચિઠ્ઠી આવે કે જલદી આવો કે ફોન છે. એટલે અહીંયાં ફોન નહીં પણ ત્યાં આવ્યો હોય. ફોનમાં એવું જ કહ્યું હશે કે, શ્રી પરેશભાઇ, ફોનમાં એવું જ કહ્યું હશે કે(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેસી જાઓ, તમે શું કરવા ઉભા થાઓ છો. શ્રી બાપુની વાત ચાલે છે અને શ્રી પરેશભાઇની વાત ચાલે છે. આ બન્ને નેતામાં તમે વચ્ચે ક્યાં પડો છો. બેસી જાઓ.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ફોનમાં એવું કહ્યું હશે કે..

અધ્યક્ષશ્રી : હું તો કશું જાણતો નથી. હું તો બોયોય નથી અને ચાયોય નથી. હવે તમે બધા બહુ બોલ્યા છો એટલે જવાબ તો સાંભળવો પડશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અત્યાર સુધી અમે બહુ ફિલ્ડીંગ ભરી, હવે અમે દાવ લઇએને! બરાબર ફિલ્ડીંગ ભરાવો.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સી.જે.ચાવડા બોલ્યા, શ્રી પરેશભાઇ બોલ્યા, ગુજરાતની પ્રજા જવાબ માગે છે. ગુજરાતની પ્રજાએ તો જવાબ આપી દીધો. હજુ મેં ગઇકાલે જ શ્રી શૈલેષભાઇને કહ્યું હતું કે તમારે સામે જ બે ટર્મ અહીંયાં જ રહેવાનું છે. મારો મહત્વનો મુદ્દો છે જેની તમને કોઇને ખબર નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ભૂપેન્દ્રસિંહજી, કમસે કમ શ્રી શૈલેષભાઇ બે ટર્મ ચૂંટાવાના એની ખાતરી તમે આપી દીધી.

શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઇને મારી શુભેચ્છા છે. મારા મિત્રને પણ ગમશે. બહેનશ્રી, તમો બોલ્યા ત્યારે હું બિલકુલ સાંભળતો હતો. શ્રી કુંવરજીભાઇ તમારા સૂચન મેં લખ્યા છે. તમારા બધાના સૂચન ગંભીરતાથી લખ્યા છે. તમારા મનમાં તો પેલી દાઝ હતી. મારા મનમાં દાઝ નહોતી. મારા મનમાં શિક્ષણ પ્રત્યેની દાઝ છે. મિત્રો, શાંતિથી સાંભળો તો ખરા. તમને નવી વાત જાણવા મળશે. એ ફોનમાં એવું કહ્યું હશે કે ભાઇ, બાપુ કે ભાજપ સરકાર એનો આભાર માનો કે આ બિલ લાવી છે. તા.૨૫મી જુલાઇ ૨૦૧૧, આ ફાઉન્ડેશનની કોલેજોના કેમ્પસમાં ઉદ્ઘાટન સમારંભ, ઉદઘાટન સમારંભમાં તે સમયના વિજ્ઞાન અને ટેકનોલોજી ખાતાના કેન્દ્રિય મંત્રી સ્વર્ગસ્થ વિલાસરાવ દેશમુખ અને એમના નેતા અહેમદભાઇ પટેલ હાજર હતા. એ વખતે ઓઇલની પાઇપ લાઇન કયાં ગઇ હતી? અને એ વખતે નેતાએ ભા.જ.પ. સરકારનો અને મારો આભાર એટલા માટે માન્યો હશે કારણ કે એમણે જ પોતાના ભાષણમાં કીધું હતું કે, અહીંનું વાતાવરણ જોતા દેશમુખજીએ કીધું કે અહીંયા તો યુનિવર્સિટી બનાવો. એટલે લાવ્યા છીએ. એમના આત્માને શાંતિ મળેને એટલા માટે અમે યુનિવર્સિટી લાવ્યા છીએ પરેશભાઇ, કોઇના કહેવાથી નહીં અને હું બિલકૂલ પ્રમાણિકતાથી કહુ છું શ્રી સી.જે. ચાવડા કે ગોકુલ કોંગ્રેસમાં હોતને તો પણ અમે એને યુનિવર્સિટી આપવાના હતા અને તમે સાચવી ના શકયા એમ નથી કહેતા. ૫૭ના ૪૪ થઇ ગયા. ભીખાભાઇ, બેસો હવે, અને સાહેબ હજી આમાંથી પણ ઘણા લોકોની ઇચ્છા છે. (અંતરાય) સરકારી યુનિવર્સિટીનો બહુ પ્રેમ હોય અને ખાનગી યુનિવર્સિટીનો વિરોધ કરતા હોય તો તમે(અંતરાય) નિરમા એ ખાનગી છે ભાઇ, તો આ સારું નામ જ છે પણ જયાં સુધી મારી સાથે હોય ત્યાં સુધી સારું અને સામે ગયા એટલે ખરાબ થઇ ગયું? અને તમે બધાય ત્યાં ગયા છો અને એ સમારંભમાં તમારામાંથી કેટલાકના ફોટા છે અને એ વખતે કેમ હા પાડતા હતા અને ૪૦ વર્ષમાં તમને માત્ર અને માત્ર સરકારી યુનિવર્સિટી અને કોલેજોનો પ્રેમ હોય તો તમે ૪૦ વર્ષમાં સાત જ યુનિવર્સિટી કેમ કરી. નરેન્દ્રભાઇએ આ ૨૨ વર્ષની અંદર ૩૪ યુનિવર્સિટી કરી. બીજું મને શ્રી સી.જે. ચાવડાએ સારા માણસનું સર્ટીફીકેટ આપ્યું એ બદલ આભાર માનુ છું પણ આ બિલ છે ને હું દિલથી લાવ્યો છું. એમાં કોઇ બનાવટ નથી. સમજી, વિચારીને દિલથી બિલ લાવ્યો છું. કેટલાક મિત્રો સહેજ આઉટ ઓફ કોન્ટેકટ પણ ગયા એમાં શ્રી સી.જે.ચાવડાએ એન.સી.આર.ટી.નો ઉપયોગ કર્યો. એમણે દાખલો આપ્યો. બે દિવસ પહેલાના અહેવાલમાં હતું પણ એ આખા રાજયમાં રેન્ડમ જિલ્લા દીઠ ૬૧ જગ્યાએ એ તપાસ કરે છે અને તમે જે કહો છો ને એ રાજયમાં માત્ર એક જિલ્લાનો અહેવાલ હતો. રાજયમાં તો છેલ્લા બે વર્ષમાં ગુણોત્સવને કારણે ૯.૪૫ ટકાનો ગુણોત્સવમાં વધારો થયો છે અને કીરીટભાઇએ કહ્યું કે નવમા ધોરણમાં કેમ? (અંતરાય) નૌશાદભાઇ, એનું કારણ ખબર છે? નવમા ધોરણમાં કેમ? નો ડીટેન્શન એટલે નપાસ નહીં કરવાના અને નપાસ નહીં કરવાના એટલે કોણ ભણે, કોણ ભણાવે? કોણ મા-બાપ? આ નો ડીટેન્સન પોલિસીએ શિક્ષણને ખૂબ નુકસાન કર્યુ છે. એ વખતે પહેલા ધોરણમાં બેઠેલો બાળક સીધો આઠમા ધોરણમાં આવી જાય અને નવમા ધોરણમાં આવે તો પણ એને નાજ આવડે એટલા માટે મેં જઇને નરેન્દ્રભાઇને કહ્યું કે સાહેબ આ નો ડીટેન્શન પોલીસીને કારણે શિક્ષણમાં ખુબ નુકસાન થયું છે આ શાખાના શિક્ષણ મંત્રીઓ મારી સાથે સંમત થયા. વચ્ચે ના બોલો તો સારું. આ રીતે નવા નવા કહીને અમારી ઉદારતાનો ગેરલાભ ન લો તો સારું. નપાસ નહીં કરવાના એટલે ન તો સમાજની જવાબદારી, ન મા-બાપની જવાબદારી, ન શિક્ષકની જવાબદારી કે ન તો વિદ્યાર્થીની જવાબદારી, પાસ થવાના જ છીએ. હું અને તમે ભણ્યા ત્યારે પાસ તો પાસ અને નપાસ તો નપાસ એ પદ્ધત્તિ હતી અને કોંગ્રેસની યુ.પી.એ. સરકારે ૧૦ વર્ષ માટે આ પોલિસી રાખી. હવે અમે લાવી રહ્યા છીએ કે ૩, ૫ અને ૮, મેં દરખાસ્ત મૂકી અને કેન્દ્ર સકારે આવતા વખતથી ધોરણ ૫ અને ૮ માં પરીક્ષા લેવામાં આવશે એવું નક્કી કર્યું છે. મારી વ્યાખ્યા છે કે education is a slow and long process. ૨૦૦૯માં લીધેલો નિર્ણય અત્યારે મારે અહીં સાંભળવાનું આવે છે કે વાંચતા નથી આવડતું. અમે અત્યારે નિર્ણય લઇએ છીએ એનો ફાયદો ૨૦૨૨-૨૪માં થવાનો છે. (અંતરાય) તમે કવેરી કાઢેલ, પ્રશ્ન

પૂછેલ એ રાજકીય હતો એ મને યોગ્ય લાગતું નથી. (અંતરાય) કુંવરજીભાઇ તમને કહું છું કે સમાજમાં બધું નબળું દેખાય એ પણ સારું નથી. સમાજમાં ખાનગી અને સરકારી બન્નેમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે એવા પણ દાખલા આપણા ગુજરાતમાં છે. જ્યાં જ્યાં આપણી નબળાઇ હશે, કોઇ સૂચનો હશે તો ફ્લોર ઉપરથી કહું છું કે તમારા દરેક સૂચનો બધા લખી રાખેલા છે. આમાંથી ઘણા લોકોને ખબર ન હતી કે આપણે ફી લઇએ છીએ. અજ્ઞાનતા છે કે માહિતીનો અભાવ છે એ તમે નક્કી કરજો. કોલેજોમાં તો છેલ્લા ૧૦ વર્ષથી એફ.આર.સી. ચાલે છે. હાઇકોર્ટના નિવૃત્ત જજ એના હેડ છે એ નક્કી કરે છે. એમાં કોઇપણ ખાનગી કોલેજ કે યુનિવર્સિટીને મનમાની ફી લેવાની છૂટ નથી આપતા. એ એફ.આર.સી. નક્કી કરે છે. છેલ્લે અત્યારે ઈસ્યુ ચાલે છે, તમે અહીંયા શું વાત કરો છો અને દિલ્હીમાં જઇને શું વાત કરો છો? અહીંયા અમને ઠપકો આપો છો કે તમે ખાનગીકરણ કરો છો અને સુપ્રીમ કોર્ટમાં જઇને કોંગ્રેસના જવાબદાર વકીલ ખાનગીકરણનું સમર્થન અને બચાવ કરે છે એ કેમ ભૂલી જાઓ છો? એ કપિલ સિબ્બલ, ઓન રેકોર્ડ છે અને (અંતરાય) તમે ના પાડો એનાથી નામ ભૂંસાઇ નહિ જાય. રેકોર્ડ ઉપરનું નામ છે. અહીંયા આવીને શીખામણ આપી જાય કે ખાનગીકરણનો વિરોધ કરો. અભિષેક મનુ સિંઘવી અને કપિલ સિબ્બલ.

અધ્યક્ષશ્રી : પ્રવિણભાઇ મારુ, ક્યારનો સાંભળું છું, તમે ખૂબ દરમિયાનગીરી કરો છો. આ તમને છેલ્લી વોર્નિંગ આપી, પ્લીઝ.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ગૃહમાં હાજર ન હોય તેના નામનો ઉલ્લેખ કરવા બાબત**

શ્રી પરેશ ધાનાણી (વિરોક્ષપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આ ગૃહના સભ્ય ન હોય એવા બે વકીલોને ટાંકીને માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે આ ખાનગી શાળાઓની ફી વધારાની તરફેણ કરવા માટે એણે વકીલાતનામું રજૂ કર્યું છે. જો વકીલાતનામું હોય તો ગૃહ સમક્ષ માનનીય મંત્રીશ્રી રજૂ કરે. નહીં તો આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું વળગી રહું છું. હું જવાબદારીપૂર્વક વળગી રહું છું. સુપ્રીમ કોર્ટમાં વકીલાતનામું મૂકીને દલિલો કરી છે અને મેં પછી રિએકશન આપ્યું, મારા જવાબની જરૂર ન પડી, તમારા પ્રવક્તાએ ઉપર કાગળ લખ્યો કે તમે હવે આ કેસમાંથી ખસી જાઓ. કાગળ કેમ લખવો પડ્યો? તમારા પ્રવક્તાએ કબૂલ કર્યું છે કે એમણે કાગળ લખ્યો છે.

શ્રી પરેશ ધાનાણી : સત્યથી વેગળી વાત છે. (અંતરાય) સન્માનનીય મંત્રીશ્રી ગૃહને ગેરમાર્ગે દોરી રહ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વ્યક્તિનું પ્રોફેશન હોય તો એ પ્રોફેશનમાં અરૂણ જેટલી સાહેબે માધુપુરા બેંકમાં થાપણદારોની વિરુદ્ધ કર્યું હતું. (અંતરાય) ભાજપના કેટલાક વકીલોએ કર્યું હતું. એમણે જે સંદર્ભ ટાંક્યો એ વકીલોએ આ ફી વધારાના કેસની અંદર એપિઅર નથી કર્યું. એ બીજા કોઇ કેસની અંદર હોઇ શકે. એટલે જો માનનીય મંત્રીશ્રી પાસે હોય તો હું માનનીય અધ્યક્ષશ્રી, આ ફ્લોર સમક્ષ પુરાવો રજૂ કરે એવી હું આપના મારફત વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું માનનીય અધ્યક્ષશ્રીને ખાતરી આપું છું. જવાબદારીપૂર્વક ખાતરી આપું છું કે હું એ પુરાવો રજૂ કરીશ.

અધ્યક્ષશ્રી : પુરાવો રેકર્ડ પર લઇશ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક સભ્યશ્રીએ કહ્યું કે, અમને શરમ આવે છે તો તમારા ઉત્તર ગુજરાતમાં આ સાંકળચંદ સારી ચાલે છે એમાં તમને શરમ નથી આવતી? એ ખાનગી હતી. (અંતરાય) એ બધા જ તમે જ્યારે બોલ્યાને ત્યારે તમે બોલી શકતા નહતા. હવે પરેશભાઇએ ખુલાસો કર્યો એટલે બધાને ખબર પડી કે વિરોધ કેમ કરે છે? વિરોધ કરવાનું કારણ પરેશભાઇએ જે કહ્યુંને માનનીય અધ્યક્ષશ્રી, એ વિરોધ છે. બીજું બધું ટૂંકમાં પતાવું છું. (અંતરાય) પૂંજાભાઇ આ યુનિવર્સિટી મારી સાથે ચર્ચામાં મેં કહ્યું છે કે સામાન્ય બીજી યુનિવર્સિટી કરતા તમારે બે થી ૫ નવા વોકેશનલ સ્કીલ, સ્ટાર્ટ અપ એ બધા જ કોર્સિસ તમારે શરૂ કરવા પડશે ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ ઉત્તર ગુજરાત, ગુજરાત સ્ટેટ વિદ્યાર્થીઓ માટે, સમાજ માટે અને એ કર્યુ છે અને એમની પાસે અનુભવી માણસો પણ છે કે જે લોકોએ અમેરિકા અને બાકીની જગ્યાએ ખૂબ સારી રીતે કામ કર્યુ હોય એવા યુ.જી.સી., એન.સી.આર.ટી. બાકી બધી જ પ્રક્રિયા કુંવરજીભાઇએ મને ખાતરી આપેલી કે, મારાં સૂચનો જો તમે મંજૂર કરશો તો હું ટેકો આપીશ. તમારું સૂચન હતું કે મોનિટરીંગ સેલ મંજૂર. બધાને કહું છું કે મોનિટરીંગ સેલ ચાલે જ છે. જેટલી ખાનગી શાળાઓ છે, કોલેજો છે, યુનિવર્સિટીઓ છે એ બધાનું મોનિટરીંગ હું જાતે કરું છું. મેં લખ્યું છે કે મોનિટરીંગની વ્યવસ્થા ઉભી કરવી. યુ.જી.સી.ની માન્યતા, ફી કંન્ટ્રોલની (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય કુંવરજીભાઇ, આપના પ્રશ્નનો જવાબ આપે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : વ્યવસ્થા છે, મોનિટરીંગની વ્યવસ્થા છે, યુ.જી.સી.ની. મંજૂરી છે, આ બધું જ છે તો તમે હવે બધાની વચ્ચે સમર્થન જાહેર કરો. (અંતરાય) તમે એક ગાંધીવાદી માણસ છો સાહેબ. એક સજ્જન માણસ છો તમે બોલેલું ના ફરી જાવ યાર. (અંતરાય) તમારી સંસ્થા સાથે મારો ઘનિષ્ઠ ઘરોબો છે યાર. આ સંસ્થાએ જરૂરી તમામ રાજ્ય, કેન્દ્ર સરકારની બધી મંજૂરીઓ અને 'એ' વર્ગની કામગીરીને ધ્યાનમાં રાખીને આ મંજૂરી રાજ્ય સરકારે આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, લાખોનો ખર્ચ કરવો પડતો હોય, ઘરથી દૂર જવું પડતું હોય આ દિવસો હતા. એ યાદ કરો કે જ્યારે ખાનગી યુનિવર્સિટીઓ અહીંયા ન હતી. આપણી પણ ૭ જ હતી, રિપિટેડલી કહું છું. સરકારની ૭ ખાનગી એક પણ ન હતી ત્યારે

ગુજરાતના વિદ્યાર્થીઓને મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં લાખો રૂપિયા ખર્ચીને ત્યાં ભણવા જવું પડતું હતું અને મા-બાપથી દૂર જવું પડતું હતું. આજે રાજ્ય સરકારે આ વ્યવસ્થા ઉભી કર્યા પછી એક પણ વિદ્યાર્થીને ઓન ધ કોન્ટરરી આપણી બધી જ સ્થાનિક દરેક યુનિવર્સિટીમાં બહારથી, વિદેશથી વિદ્યાર્થીઓ ગુજરાતમાં ભણવા આવે છે ભારતીય જનતા પાર્ટીને એનું ગૌરવ છે. આ વ્યવસ્થા ઉભી કરી એનું ગૌરવ છે. આ કામ કરીને બંનેને અમે સમતોલ રાખ્યાં છે. તમે અમને કહી શકતા હતા કે તમે પેલી ૭ ની ૭ રાખી હોત તો અને આને અમે ૩૪-૩૫ કરી શકતા હતા પણ અમે સભાનતાપૂર્વક એવું નથી કર્યું. બે આ વધે છે તો બે એ પણ વધે છે. અમે નરસિંહ મહેતા આપી, ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી આપી અને હજુ પણ જ્યાં જરૂર પડશે ત્યાં, જ્યાં માગણી આવશે ત્યાં સરવે કરાવીને, જરૂર પડશે ત્યાં સરકારી યુનિવર્સિટી આપવા માટેની કોઇ માનસિકતા નથી એવું નથી. અમે આપવા માટે તૈયાર છીએ પણ મહેરબાની કરીને આ એક સારા બિલ માટે થઇને તમારો •(xxx) આમાં આજે પડઘો પડે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે... (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી આ ગૃહમાં રજૂ કરેલા વિચારો એ *(xxx) કે અસંસદીય શબ્દો બોલ્યા છે એ બધા જ રદ થવા જોઇએ.

અધ્યક્ષશ્રી : કાઢી નાખવામાં આવે છે. આ ત્રણ શબ્દો કાઢી નાખીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : અને માનનીય અધ્યક્ષશ્રી, આવું બીજીવાર ન કરે એનો ઠપકો પણ આપો. ચાલો.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ આવી ગઇ વાત, કાઢી નાખ્યા.

શ્રી પરેશ ધાનાણી : એ સંસદીય મંત્રી છે સાહેબ અને સંસદીય પ્રણાલીઓનો ભંગ કરે છે.

અધ્યક્ષશ્રી : પણ તમે બહુ સંભળાવ્યું છે એટલે આ પ્રત્યાઘાત આવી રહ્યો છે થોડોક. બહુ બોલ્યા છીએ આપણે પણ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ચાલો ભાઇ હું તો સોરી કહું છું પણ આજે વિપક્ષના નેતા માનનીય અધ્યક્ષશ્રીએ પાંચ વખત, પાંચ વખતના એક પણ શબ્દો નહીં, જવાહરભાઇ એક પણ શબ્દ બિલ ઉપર નહીં અને બિલના પર્વ્યુની બહાર, મર્યાદાઓ બહાર અને માત્ર ને માત્ર રાજકારણ, કયું ? પેલો ફોન આવ્યો હતો ને કે, આ સાબિત કરી બતાવે કે જુઓ હું કેટલું બોલ્યો એની પ્રિન્ટ કઢાવીને મોકલવાની હવે, એની પ્રિન્ટ કઢાવીને મોકલવાની ...

અધ્યક્ષશ્રી : પરેશભાઇ ઉદાર છે, તમે પણ સોરી કહી દો અને મને કંઇ વાંધો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એટલે ખરેખર તો જવાહરભાઇ ઠપકો આપવો હોય ને તો પરેશભાઇને આપવો જોઇએ કે, પાંચ વખત અધ્યક્ષશ્રીએ કહ્યું હતું છતાં પણ તમે માન્યા નહતા. ઠપકો તમારા નેતાને મળવો જોઇએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું હતું કે, હું પુરાવો રજૂ કરીશ પણ કપિલ સિબ્બલ અને અભિષેક મનુ સિંઘવીનું હું અત્યારે પુરાવો રજૂ કરું છું, આ અત્યારે હું રજૂ કરું છું. સાહેબને આપો.( આ તકે પુરાવાના કાગળો માનનીય અધ્યક્ષશ્રીની સુપરત કરવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : પુરાવો રેકર્ડ ઉપર રાખવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : તમને આપું ? તમને આપું ? (અંતરાય) પુરાવો માન્ય રાખવામાં આવે, પ્લીઝ માય લોર્ડ પુરાવો માન્ય રાખવામાં આવે અને માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાને ઠપકો આપવામાં આવે અને ફરીવાર કમ સે કમ મારી પાસે આવા પુરાવા માગવાની હિંમત ના કરે. મને કહું કે કાલે પરમ દિવસે રજૂ કરીશ પણ મારા વિભાગને ધન્યવાદ આપું છું કે, તરત જ અને તમને મળવાપાત્ર માહિતી હોય ને એ તો મળી જ જાય. તમે તો ઘણું બધું લઇને આવો છો ભાઇ, ઘણું બધું લઇને આવો છો અમારા બાબતમાં અને જો છેલ્લે સેન્ટ્રલ યુનિવર્સિટીમાં અમે અમદાવાદ જિલ્લામાં અને વડોદરા એ બંને જગ્યાએ એમને બતાવી અને એમણે પસંદ કરેલી જગ્યા છે અમને કોઇ વાંધો નથી અને ત્યાં પછી અમેણે પસંદ કરી છે અને છેલ્લે હું આખા ગૃહને વિનંતી કરું છું કે, કોઇ પણ પ્રકારનો પૂર્વગ્રહ, હઠાગ્રહ રાખ્યા સિવાય, પેલા પ્રસંગને ભૂલી જઇને માત્ર ઉત્તર ગુજરાતના લોકો તો સમર્થન કરે, નહીંતર કાલે સવારે છાપમાં આવશે હોં બહેન છાપામાં આવશે કાલે સવારે કે ઉત્તર ગુજરાતના લોકોએ વિરોધ કર્યો, બળદેવજી વિરોધ કર્યો, મારી આપ સૌને વિનંતી છે કે, આ બિલ સર્વાનુમતે પસાર કરવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો મંત્રીશ્રીને રાજકારણથી ઉપર ઉઠી અને સેન્ટ્રલ યુનિવર્સિટી માટે આ રાજ્યના યુવાનોનું ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે પ્રશ્ન હતો. બાપુ, હું બહુ નજદીકથી આ કેસનો મેં અભ્યાસ કર્યો છે, ગાંધીનગરમાં માગી હતી ચૂંટણી પહેલાં, આપણે એને વડોદરાની અંદર જગ્યા આપી છે, સ્વાભાવિક સમગ્ર દેશની અંદર દરેક રાજ્યો કેન્દ્રિય યુનિવર્સિટી માટે ૨૫૦ એકર એની જમીનની પ્રપોઝલ હોય છે. એના બદલે મારા માનવા મુજબ ૨૫-૩૦ કે ૪૦ એકર જે ખરાઇ હોય તે પણ આટલી જ આપવામાં આવી છે પણ આટલી જ આપવામાં આવી છે એટલે આને રાજકારણથી ઉપર ઉઠી અને આજે મોસાળે જમણવાર અને મા પિરસનારી છે એટલે વિનંતી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે તો હું આખા ગુજરાતની વિધાનસભાનો અધ્યક્ષ છું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને વાંધો નીતિનભાઇ, માત્ર એટલો જ છે કે કેન્દ્રીય યુનિવર્સિટીને ગાંધીનગરમાં ન આપી અને બીજા કોઇને આપી છે તો શું કામ આપી? આની સ્પષ્ટતા થઇ જાય તો ખૂબ સારું. (અંતરાય)

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકાર છે, આપોને. ૬૦૦ કરોડ રૂપિયાની જમીન કોઇ શૈક્ષણિક સંસ્થાને છેલ્લા એક વર્ષમાં ફાળવવામાં આવી છે કે નહીં? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઇ બે ત્રણ વખત બોલ્યા એ વખતે મેં પણ કહ્યું હતું હજુ પણ કહું છું કે અમારી સરકારે ગાંધીનગરમાં કોઇ ખાનગી સંસ્થાને એ કહે છે એ પ્રમાણે ૬૦૦ કરોડની જમીન આપી હોય તો નામ આપોને? બાંધ્યા ભારે શું કરવા વાત કરો છો? બોલોને પણ? પહેલા બોલો તો ખરા કઇ સંસ્થાને? સાહેબ, આ કપિલ સિબ્બલના કેસ જેવું જ છે. બોલોને પણ બોલો, રેકર્ડ ઉપર બોલોને. પછી જવાબ માગો. શૈલેષભાઇએ કીધું બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના ઉપનેતા (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપણે મતદાન ઉપર છીએ. હવે હું પ્રસ્તાવ મત માટે મુકીશ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એણે જેટલા જોરથી સવાલ પૂછ્યો એમાં ધીમો અવાજ રાખ્યો હોત તો વાંધો નહોતો પણ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કોઇ શૈક્ષણિક સંસ્થાને શૈક્ષણિક હેતુ માટે સહાય દરે જમીન આપી છે કે નહીં આની સ્પષ્ટતા થાય. જો આપી હોય તો કઇ સંસ્થાને આપી છે?, કેટલી જમીન આપી છે, જંત્રી મુજબ એની કેટલી રકમ વસુલવાની થાય? આ જો ગૃહના ઉપનેતા જણાવશે તો ગુજરાતની જનતાને આનંદ થશે.(અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આમાં ગુજરાતની જનતાને કંઇ લેવાદેવા નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આ કોઇ પ્રશ્નોત્તરી નથી. હું હજુપણ એમને કહું છું કે તમે સંસ્થાનું નામ આપો. તમે બાંધ્યા ભારે કોથળામાં પાનશેરી શું કામ રાખો છો? તમારી હિંમત હોય તો નામ આપોને? શું કરવા નામ નથી આપતા?

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મુકીશ પ્રશ્ન એ છે કે ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક –૫ નું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : થોડી તો શરમ રાખો, હમણા નીતિનભાઇ કહેતા હતા પાંચ વર્ષ સાથે ટીફીન ખાધું છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક–૫ નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા, ઈનેક્ટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક–૫ નું ત્રીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

–––––––

**સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક–૩**

**ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮**

**ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૮ નું ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૮ નું ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની અંદર મહેસૂલ વિભાગનું આઝાદી વખતનું ૧૯૪૭ માં ભારત સરકારે લાવેલું બિલ એમાં એક નાનકડો સુધારો કરવા માટે ઉપસ્થિત થયો છું. મુંબઇનું ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ ૧૯૪૭ નો હેતુ જમીનોના ટુકડા પડતા જવાના અનિષ્ટને અટકાવવાનું અને ખેતીની છૂટી છવાઇ જમીન એકજથ્થે લાવી એકત્ર કરી ખેતીના સમય, મજૂરી અને ખર્ચમાં ઘટાડો કરી ખેતીની નવી અને સુધારેલી પદ્ધતિઓ અપનાવી ખેતીનું ઉત્પાદન વધારવાનો છે. રાજકીય ચર્ચા બહુ થાય છે. અમે પણ કરી છે. કરતા રહેવાના છીએ. અમે સાચા છીએ. કાયદો લાવવાની વાત કરો છો. કાયદાનો અમલ કરતા નથી.

* વિધેયક તા. ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૮ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮

આ એક નમૂનો છે. ૧૯૪૭ માં ભારત સરકારે એ વખતે કોની સરકાર હતી મારે કહેવાની જરૂર નથી. આજસુધી અમારા વખતમાં સુધારા કર્યા. તમને દેશની જનતાએ, ગુજરાતની જનતાએ સુધારા કરવા માટે ૫૦ વર્ષ આપ્યા હતા. અમલ કરવો હતો ને? નથી કરી શકયા એ વાસ્તવિકતા છે. આ તમે લાવ્યા છો. અમારા વખતમાં આ કાયદાનો ચુસ્તપણે અમલ થાય, ખેડૂતોને, સીમાંત ખેડૂતોને, નાના ખેડૂતોને મદદ થાય. વખતો વખત અમે સુધારા કર્યા. આ હાઉસની અંદર વર્ષોથી આ બિલ ઉપર ચર્ચાઓ થઈ છે. ખેડૂતોએ રજૂઆત કરી છે. ધારાસભ્યોએ રજૂઆત કરી છે. અનેક વાર રજૂઆતો આ ધારાસભામાં થઈ છે. ગૌરવ સાથે કહીએ છીએ કે અમારી ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આ બિલનો અમલ કરાવીને ખેડૂતોને ફાયદો થાય તેવું કામ કર્યુ છે તેવું કહેવા આવ્યો છું. ૨૦૧૩ માં જ્યારે ખ્યાલ આવ્યો કે ખેડૂતોને મુશ્કેલીઓ પડે છે. અમે ૯ સભ્યોની હાઈપાવર કમિટી બનાવી. ભારત સરકારે કાયદો કર્યો. આખા દેશના ૧૦-૧૨ રાજ્યમાં એ કમિટીએ અભ્યાસ કર્યો. રાજ્ય વાળા કેવી રીતે ઉકેલ લાવે છે? કયાં કેવી રીતે યોજનાઓ બનાવી છે એનો અભ્યાસ કર્યો. ૨૦૧૩ માં આ સમિતિએ અહેવાલ આપ્યો. સરળતા આવે, ઝડપતા આવે અને પારદર્શક રીતે આ કાયદાનો અમલ થાય એના માટે એમણે સૂચનો કર્યાં. એ સૂચનોની અંદર મૂળ કલમમાં કલમ-૭(૧) માં, કલમ-૯(૨) માં, કલમ-૧૦(૧) માં કલમ-૧૪ માં કલમ-૩૧ માં અનેકવાર અમારી સરકારે સુધારા કરી સરળતા લાવ્યા છીએ. આજે હું નાનકડો સુધારો લઈને આવ્યો છું. ૨૦૧૩ માં કલમ-૯(૨) માં જ્યારે ખેડૂતને દંડની રકમ ભરવાની હોય તો આ દંડની રકમ કયા ધોરણે ગણવી. આ પ્રશ્ન હતો? એ વખતે બજાર કિંમત શહેરી વિકાસની અંદર ૫૦૦૦ અથવા બજાર કિંમતના ૧૦ ટકા બેમાંથી જે વધારે હોય તે રીતે દંડ લેવો. અને શહેરી વિસ્તાર સિવાય ૨૦૦૦ અથવા બજાર કિંમતના ૧૦ ટકા એ રીતે દંડ લેવો. વર્ષોથી આવા પેન્ડિંગ કેસો આ રાજ્યની અંદર પડ્યા હતા. આનો કોઈ નિકાલ ન આવે કારણકે બજાર કિંમત નકકી કરવા માટે ટાઈમ જાય. સક્ષમ અધિકારી બજાર કિંમત નકકી કરે તો કોઈને વિશ્વાસ પડે કોઈને ના પડે. આવા અનેક મુદ્દાઓ ઉભા થતા હતા. આજે વિધાનસભાની અંદર જે સુધારો લઈને આવ્યો છું તે કલમ-૯(૨)માં મૂળ કલમની અંદર જે વાત હતી પાંચ હજાર કે દસ ટકા બજાર કિંમતના બેમાંથી જે વધારે હોય તે અને શહેરી વિસ્તારમાં બે હજાર કે દસ ટકા બજાર કિંમતના તેમાંથી જે વધારે એના બદલે અમારી સરકારે બિનખેતી કરવાના પ્રિમીયમની અંદર જંત્રીને ધ્યાને લીધી છે તેવો સુધારો લઈને આવ્યો છું. હવેથી દંડની રકમ બજાર કિંમત નહીં પણ પ્રવર્તમાન જે જંત્રી છે તેના આધારે લેવામાં આવશે. ખેડૂતોને બહુ મોટો સમયનો બચાવ, પૈસાનો બચાવ, વહીવટી સરળતા આ બધુ અમે લઈને આવ્યા છીએ. આમાં કોઈ પોલિટીકલ બાબત નથી. વહીવટી બાબત છે. અમને ગર્વ છે કે અમે આ કરી શક્યા છીએ. આ ૧૯૪૭નો કાયદો છે તે તમે નથી કરી શકયા. એટલે આટલો સુધારો આ બિલની અંદર કલમ ૯ (૨)માં બજાર કિંમત તેની જગ્યાએ માત્ર પ્રવર્તમાન જંત્રી આટલા શબ્દોનો સુધારો લઈને આવ્યો છું. આમાં ખેડૂતોનું ભલું થશે, તેની ગતિ વધશે, ભ્રષ્ટાચાર અટકશે આવું બિલ લઈને આવ્યો છું તો સૌ સભ્યોને વિનંતી કરું છું કે આમાં રાજકીય આટાપાટા સિવાય એક વહીવટી સુધારો કરવો છે તો તેમાં ભેગા થઈને સૌ સંમતિ આપે તેવી આપના દ્વારા વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આમાં વકતવ્ય વગર મંજૂર થઈ શકે તેમ છે તો વહેલા પૂરું થાય. ચાર બોલશે. બે નકકી કરો ને. ચારે બોલો પણ થોડું થોડું બોલો મારી વિનંતી છે. આદરણીય કુંવરજીભાઈ.

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ગુજરાતનો ખેતીની જમીન ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબત અધિનયમ ૧૯૪૭ સુધારા વિધેયક ૨૦૧૮ લઈને આવ્યા છે. આ બાબતે મારે વિશેષ કંઈ રાજકીય અવલોકન નથી કરવા. એટલું કહીશ કે ૨૨ વર્ષે પણ આ સરકારને આટલું સૂઝ્યું તે સારી વાત છે. તેમાં મારે બે વાતની તેમની પાસે સ્પષ્ટતા કરવી છે. માનનીય મંત્રીશ્રી આ સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં અધિનિયમ ૧૯૪૭ની કલમ ૨ માં પેટા કલમ ૨ માં બે જગ્યાએ બજાર કિંમત નકકી થતી હતી તેમાં સુધારો લાવીને તેના બદલે તે જગ્યાએ શબ્દ મૂકીને પ્રવર્તમાન જંત્રીની કિંમત મુજબ તે શબ્દ મૂકીને આ સુધારો કરવા માગે છે. તેમાં મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે તમે આ સુધારા વિધેયક લઈને આવ્યા છો તેમાં બે વાત એક તો એમનો ઉદ્દેશ જે છે અને તેના જે કારણો હતા તેમાં એવું દેખાઈ આવે છે કે ખેડૂતો ટુકડા પાડેલ જમીનના વેચાણ અને ખરીદમાં હાડમારી અનુભવવી પડે છે. આમાં કંઈ બરાબર સમજાતું નથી. આ જે માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઈને આવ્યા છે તેમાં ખેડૂતોના હિતની વાત લઈને આવ્યા છે. કયાંક જમીન તબદિલ થતી હોય કે વિભાજીત થતી હોય તો તેના માલિકી હકક બદલતા નથી. માલિક તો તેનો તે જ રહે છે. આમાં જે શબ્દ તેમણે મૂકયો છે તેમાં ઉદ્દેશ અને કારણો જોતાં ટુકડા પાડેલ જમીનના વેચાણ અને ખરીદમાં હાડમારી અનુભવવી રહ્યા છે આ બંને બાબતો વિરોધાભાસી છે. આવું કેમ છે? આની પાછળ સરકારનો ઈરાદો સ્પષ્ટ થતો નથી એવું લાગે છે. આમાં કંઈક રંધાઈ રહ્યું છે. આ તો શબ્દ બદલવાની વાત છે. માલિકી નથી બદલાતી. કિંમત બે જગ્યાએ નકકી થતી હતી તેની જગ્યાએ પ્રવર્તમાન જંત્રી મુજબ એમ કહ્યું છે. તમે અહીં હેતુની વાત કરો છો, તેમાં હેતુ અને કારણો જુદા છે. માનનીય મંત્રીશ્રી કંઈક જુદુ લઈને આવ્યા છે અને વાત કંઈક જુદી કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ માનનીય મંત્રીશ્રીએ વાત કરી કલમ ૯ની પેટા કલમ ૨ની જોગવાઈ કરી છે કે જે જમીન માલિક હોય એની જમીન તબદિલ થાય કે વિભાજીત કરીને જે જમીનનો માલિક હોય એ જમીનનો માલિકે જે શરત ભંગ કરી હોય એનો જો એને દંડ વસૂલ કરવાનો થતો ૧૯૪૭ની જોગવાઈઓ મુજબ એ દંડ વસૂલ કરવાનો થતો ત્યારે જે તે જિલ્લાના કલેકટરશ્રી એ શરત ભંગના કેસને લઈને શહેરી વિસ્તાર હોય તો એને ૫૦૦૦ અથવા તો જે કાંઈ બજાર કિંમત હોય એ

## ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮

કિંમતના ૧૦ ટકા લેખે રકમ ભરવા માટેની કિંમત નક્કી કરવાની વાત થઇ, બીજું, એ વિસ્તારમાં એટલે ગ્રામ્ય વિસ્તાર હોય તો એની અંદર જે શરત ભંગ થઇ હોય તો ૨૦૦૦ રૂપિયા અથવા તો એની જે બજાર કિંમત થાય એના ૧૦ ટકા લેખે રકમ વસૂલ કરવાની થાય. માનનીય અધ્યક્ષશ્રી, આમ જે દંડની જોગવાઇ હતી એની કિંમત નક્કી કરવામાં સમય જતો, કયાંક વચેટિયાઓ અથવા તો જે લોકો આની અંદર સંડોવાયેલા હોય અથવા તો કેસ ચાલતો હતો ત્યાં ખૂબ મોટી રકમની લેવડ દેવડ પણ થતી અને ખૂબ મોટો વહીવટ થતો તો કિંમત તાત્કાલિક નક્કી થાય એ ઉદેશને ધ્યાનમાં રાખીને ઝડપથી નહોતું થતું અને એટલા માટે હું સમજું છું ત્યાં સુધી માનનીય મંત્રીશ્રી એ ઉદેશને ધ્યાનમાં રાખીને આ સુધારા વિકેયક લઇ આવ્યા છે. એમાં જમીનની બજાર કિંમત નક્કી કરવામાં મોડું થતું હતું એના બદલે હવે પછીથી ફકત એક શબ્દનો સુધારો કરવાનો છે કે એની જગ્યાએ પ્રવર્તમાન જંત્રીની કિંમતે દંડ વસૂલ કરવાનું આ સુધારા વિધેયક છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરી એટલા માટે દોહરાવું છું કે, મને એક વાતની સ્પષ્ટતા થતી નથી કે હાલના વિધેયકના ઉદેશો અને કારણો જોતા ખેડૂતો ટુકડા પાડેલ જમીનના વેચાણ અને ખરીદી આ બંને કાંઇ આમાં બંધબેસતું નથી. આની સાથે સાથે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર હું મૂકવા માગુ છું કે, જો સરકારનો ખેડૂતોના આવા પ્રશ્નો હલ કરવાનો ઇરાદો હોય એ બાબતે સ્પષ્ટતા હોય તો મને એવું લાગે છે કે જે આ કલમોની જોગવાઇઓ થઇ છે એ પૈકીની હમણા જ માનનીય મંત્રીશ્રી પણ બોલ્યા જે કલમ નંબર ૯(૨)માં જે જોગવાઇ છે શબ્દ સુધારવાની તો માનનીય મંત્રીશ્રીને હું એમ કહેવા માગુ છું કે, તમે ખેડૂતોના હામી હોય તો ખરેખર આની પાછળનો ઉદેશ એવો છે કે ટુકડા ધારા થયા પછી શરત ભંગ થાય અને એ ખેડૂતની જમીન જળવાઇ રહે વેચી ન નાંખે. પરંતુ જરૂર પડે તો ક્યાંક વેચવી પણ પડે, કેમ કે એના દીકરા દીકરીને ભણાવવા માટે અથવા તો એને કોઇ ધંધો કરવો હોય અથવા તો એવું હોય કે એને ભાઇએ ભાગ પડતા બે ટુકડા થયા હોય તો એ જમીન વેચીને એમાંથી પૈસાનો ભાગ પાડીને બીજો વ્યવસાય પણ કરી શકે એવો હેતુ હોય તો વેચવી પણ પડે. માનનીય અધ્યક્ષશ્રી, જો ખરેખર ખેડૂતોના હામી જ હોય તો માનનીય મંત્રીશ્રીને આપના મારફત કહેવા માગુ છું કે, કલમ ૯ની અને કલમ ૧૪ની જે જોગવાઇઓ છે એ કાં તો કલમ જ રદ કરવી જોઇએ અને ખેડૂતોને આમાંથી બહાર નીકળી જાય જેથી આ બંનેમાંથી જંત્રીમાંથી અને આ બંનેમાંથી બહાર નીકળી જાય. પોતાની જમીન છે, પોતાની માલિકીની છે અને એને વિભાજીત થયેલી જમીન આવી છે અને વારસામાં આવેલી છે એ જમીન છે એનો એ પોતાની રીતે ઉપયોગ કરી શકે, એ તબદિલ થયેલી જમીન છે માટે એ પોતાની રીતે એનો ઉપયોગ કરી શકે. જેમ ખેડૂતો પોતાની માલિકીની જમીન છે એ જમીન વેચાવા માટે ખેડૂતોને હક્ક અને અધિકાર છે તેમ આ ટુકડા ધારાની જમીન પણ ક્યાંક જરૂરિયાત પડે તો દીકરા-દીકરીના લગ્ન કરવા હોય, ભણાવવા હોય અથવા તો બીજા કોઇ વ્યવસાય માટે પૈસાની જરૂરત હોય તો ચોક્કસ એ જમીન પણ ટુકડા ધારાની જમીનના શરત ભંગના જંત્રી મુજબ પણ શા માટે પૈસા લેવા જોઇએ? એને વેચવાની છૂટ આપોને જેથી વેંચી શકે જરૂરિયાત હોય તો એવી પણ આમાં જોગવાઇ કરવી જોઇએ જેથી કરીને એ વેચી શકે. હવે તો વિભાજીત પરિવારો થયા છે, ભૂતકાળની અંદર જમીનો જે રીતે એક માલિક પાસે હતી તેના વારસદારો પાંચ કે છ હોય તો એમાં સ્વાભાવિક છે કે ટુકડા ધારો એમાં લાગુ પડવાનો જ છે અને ટુકડા ધારો લાગુ પડશે એટલે કાં તો એને ક્યાંકને ક્યાંક જંત્રીને કિંમત ભરવી પડશે અને એ રીતે એને એ પૈસા સરકરમાં આપવા પડશે. જે પોતાની માલિકી હોવા છતાં એ પૈસા પોતાના હાથમાં રહેશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, એટલે મેં જે કલમની વાત કરી એ કલમ ૯ અને કલમ ૧૪ રદ કરવી જોઇએ. જો સરકાર ખેડૂતોની હામી હોય તો એ શા માટે નથી કરતા? એ કરોને કે જેથી કરીને પોતે પોતાની માલિકીની જમીન સરળતાથી વેંચી શકે. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માનનીય મંત્રીશ્રી જ્યારે આ સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે એમાં વિશેષ નહિ કહેતા હું એટલું ચોક્કસ કહીશ કે ખેડૂતો માટેની વાત લઇને આવ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મારે બે વાત મૂકવી છે, કાયદાનું જે મુળ આમુખ છે કે ટુકડા થતાં અટકાવવા અને જમીનનું એકત્રીકરણ કરવાનો છે, ટુકડા થતાં અટકાવવા અને જમીનનું એકત્રીકરણ એમાં આ કલમની જોગવાઇઓમાં જે સુધારા માટેનું વિધેયક લઇને આવ્યા છે એના બદલે મારી એમને વિનંતી છે કે, ખરેખર જો ખેડૂતોના હામી હોય તો એની અંદરની કલમ-૨, હમણાં જ આપને કહ્યું તેમ કલમ-૯ અને કલમ-૧૪ અને છેલ્લે કલમ-૧૩ની અંદર પણ જે કંઇ લેન્ડ રેવન્યુ કોડમાં જોગવાઇ છે એ પણ આમાંથી રદ કરવી જોઇએ કે જેથી કરીને ક્યાંક વિભાજીત થતું હોય, નાનો પરિવાર હોય, ટુકડા હોય તો પોતાની રીતે એ જમીન વેચી શકે. માનનીય મંત્રીશ્રી જે આ ટુકડાધારામાં સુધારા માટેનું વિધેયક, ૨૦૧૮ લઇને આવ્યા છે એમાં આટલી જોગવાઇ, કાં તો કલમ નંબર-૯, જો ખેડૂતોના હામી હોય તો હું એટલું કહીશ કે કલમ નંબર-૯ અને કલમ નંબર-૧૪ રદ કરે તો ચોક્કસ અમે પણ આમાં સમર્થન આપીશું એટલું કહી મારી વાત પૂરી કરું છું.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું ગુજરાત વિધેયક ક્રમાંક-૩ ગુજરાતમાં ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબતનું વિધેયક લઇને માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ વિધેયક બહુ સ્પષ્ટ છે, એક સામાન્ય સુધારો છે, કૃષિનું મહત્તમ ઉત્પાદન જળવાઇ રહે, ખેતીની જમીનના નાના નાના ટુકડા ન પડી જાય, શેઢા વધી ન જાય, એવા શુભ હેતુથી મુંબઇનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ આપણા રાજ્યમાં અમલમાં હતો, પરંતુ આ કાયદાના વ્યવહારુ અમલમાં ખૂબ મોટી મુશ્કેલી ખેડૂતોને પડતી હતી, ટુકડાધારા હેઠળ વેચાણ માટે કલેકટરની મંજૂરી લેવી પડતી હતી,

ખેડૂતો હેરાન પરેશાન થતાં હતા, લગોલગ સરવે નંબરના માલિકને જ પડેલો ટૂકડો વેચી શકાતો હતો, વેચાણની કિંમત પૂરતી મળતી નહોતી. અભણ અને કાયદાથી અજ્ઞાન ખેડૂતો જ્યારે ટૂકડો પાડે ત્યારે ખૂબ મોટી મુશ્કેલીમાં મૂકાતા હતા. આવા સીમાંત ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સન ૨૦૧૨માં તત્કાલિન સરકારે ગુજરાત અધિનિયમ, ૧૪/૨૦૧૨થી ઉપરોકત કાયદાની અમુક જોગવાઇઓમાં સુધારા કર્યા હતા. તેનાથી ખાતેદારોને ખૂબજ મોટી રાહત મળી ગઇ. પરંતુ અભણ અને અજ્ઞાન ખેડૂત કાયદાથી અજાણ ખેડૂત કદાચ પોતે કંઇક ભૂલ કરે તો ખાતેદારને દંડની જોગવાઇ કરવા માટેની એક યોજના એ કાયદામાં કરવામાં આવી હતી, જેમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ શહેરી વિસ્તાર માટે પાંચ હજાર રૂપિયા અથવા તો બજાર કિંમતના ૧૦ ટકા, ગ્રામ્ય વિસ્તારમાં બે હજાર રૂપિયા અથવા બજાર કિંમતના ૧૦ ટકા, પરંતુ અનુભવના આધારે સમજાયું કે જ્યારે બજાર કિંમત ગણવાની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે કલેકટર ઓફિસમાં બજાર કિંમત માટેની સમિતિ મળે, સમિતિ ત્રણ ચાર મહિને અથવા તો વરસમાં બે ત્રણ વખત મળે, ખેડૂતોની બજાર કિંમત નક્કી ન થાય, ઘણી વખત સમિતિ એટલી બધી ઉંચી બજાર કિંમત મૂકે કે ખેડૂતને પોષાય નહિ, આ બધી સમસ્યાના નિરાકરણ માટે, સ્પષ્ટ અને પારદર્શી વહીવટ થાય એના માટે ખેડૂતોને સ્પષ્ટ ન્યાય મળે એના માટે, માત્ર સુધારો એટલો જ છે કે બજારકિંમતની જગ્યાએ પ્રવર્તમાન જંત્રી એટલે ક્યાંય સમિતિની, વાદ વિવાદની જરૂર નહિ, જંત્રી જગજાહેર હોય, ખેડૂતને ન્યાય મળે, સત્વરે ફાઇલનો નિકાલ થઇ જાય અને એના ટુકડાધારાનો ભંગ થયેલ હોય તો દંડની કાર્યવાહી પૂરી થાય અને સીમાંત ખેડૂત સરળતાથી પોતાની જમીન વેચી શકે અથવા તો ખરીદી શકે. હું ઉત્તર ગુજરાતના ખેડૂત પરિવારમાંથી આવું છું. મારા વિસ્તારના અનેક ખેડૂતો આ ટુકડાધારાના ભંગના લીધે, પોતાના કેસોનો નિકાલ ન થવાને લીધે, ખૂબ દુઃખી છે, મને વિશ્વાસ છે કે આ સુધારા પછી એ ખેડૂતોની વ્યથાનો અંત આવવાનો છે, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન અને પ્રેરણાથી માનનીય મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઇ આવું ખેડૂત લક્ષી સુધારાનું બિલ લઇને આવ્યા છે તેના માટે અભિનંદનની સાથે સમર્થન આપું છું, અસ્તુ.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાતની ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રિકરણ કરવા બાબતનું સુધારા વિધેયક–૨૦૧૮ જે લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે બિલમાં ઉદેશ્યો બતાવ્યા છે જે હમણાં જ અમારા સભ્યશ્રીએ વાત કરી તેમ કે એમણે ખેડૂતોને જે ટુકડા પડવાથી જમીન વેચાણ અને ખરીદીની હાડમારી એટલે ખરેખર તો ખેડૂતને વેચાણ માટે તે પ્રેરાય તેના માટેનું પ્લાનીંગ કરતા હોય એવુ દેખાય છે. એકત્રિકરણ કરવાની બાબત આમાં આવતી જ નથી. જરૂર જૂના કાયદો હતા ૧૯૪૭થી કે તેને જમીનનો ટૂકડો ના થવો જોઇએ પહેલાં શરૂઆતમાં બે એકરનો ટૂકડો ગણાતો હતો અને પછી સમય ગયો ૧૯૪૭ની વાત કરું પછી ૧૯૫૬માં ફરી સુધારાઓ થયા અને તે પછી ૨૦૧૩માં ફરી છેલ્લે સુધારો થયો ત્યારે ૨ એકરના બદલે ફરી પાછી એક એકર અને એક એકરમાંથી પણ પીયત જમીનના ૨૦ ગુંઠા. ૨૦ ગુંઠા સુધી જમીનનો ટૂકડો પાડી શકાય અને બિન પીયત હોય તો એક એકર સુધીનો ટૂકડો પાડી શકાય આ જાતની પદ્ધતિ સમયાંતરોએ જેવો સમય જે તે વખતે વસતિનું ધોરણ ખૂબ ઓછું હશે, ખેડૂતોની સંખ્યા બહુ ઓછી હશે એટલે તે વખતે બે એકર સુધીનું હતું. બે એકરથી નીચેનો ટૂકડો ના પાડી શકાય પરંતુ આ જે બિલ લઇને આવ્યા છે તેમાં ખેડૂત જમીન વેચી દે અને એ ખેડૂત મટી જાય એવી પદ્ધતિ હોય એવુ દેખાઇ રહ્યું છે. કારણ કે નાનો ટૂકડો થઇ જશે તો એ વેચી મારશે કારણ કે તેના ઉપર તેનું જીવન ધોરણ ચાલવાનું નથી. અને એ વેંચી દેશે પછી તે ખેડૂત મટી જશે આ એમાં ભયસ્થાન રહેલું છે. પણ સાથે સાથે અમારા ગ્રામ્ય વિસ્તારની પણ મારે વાત કરવી છે કે ગ્રામ્ય વિસ્તારમાં ટૂંકી જમીન છે અને નાના ખેડૂતો છે અને એ ખેડૂતની એક એકર જમીન અને તેના ત્રણ દીકરા હોય તો એની જમીન પંદરથી વીસ ગુંઠા પણ નથી આવતી હાથમાં ઓછી આવી જાય છે. ત્યારે તમે તેનો સરવે નંબર આપતા નથી સરવે નંબર નથી મળતો એટલે સરકારની કોઇ યોજનાનો લાભ નથી મળતો. એને નથી તો લાઇટનું અલગ કનેકશન મળતું કે નથી કોઇ સરકારી ખાતર, બિયારણ કે કોઇ સબસિડી નથી મળતી કે કોઇ બેન્ક લોન પણ આપવા તૈયાર નથી આ પરિસ્થિતિ ઉભી થઇ છે ત્યારે મારે મંત્રીશ્રીને વિનંતી છે કે, આમાં ગહન અભ્યાસ કરો જે નાના ખેડૂતો છે તેના માટે અને એમાં જે નાના ૨૦ ગુંઠાથી પણ ઓછી જમીન છે તેને આપણે સરવે નંબર ના આપી શકતાં હોઇએ તો કમસે કમ તેને બ્લોક મળી શકે એનો પણ પ્રયત્ન કરવો જોઇએ. બ્લોક મળે કે જેથી તે માણસ સરકારી સહાયનો લાભ લઇ શકે. છેલ્લા ઘણાં સમયથી અમે જોઇ રહ્યાં છીએ કે રાજ્ય સરકાર ખેડૂતોના હિતમાં યોજનાઓ જરૂરથી બહાર પાડે છે. ધારો કે, એક સરવે નંબરમાં બીજુ કનેકશન લેવુ હોય તો મળી શકે અમે ખુશ થઇ ગયા કે ચાલો બીજુ કનેકશન મળશે. પહેલાં તો એવુ હતું જ નહીં ગમે એટલા કનેકશન મળતાં પણ આ કાયદો આવ્યા પછી સાહેબ બીજું કનેકશન નથી મળતું. કહેવાય છે કે મળે પણ નીચે લખેલું છે કે આઠ એકરથી વધુ જમીન હોય તો. હવે નાના ખેડૂતોને આઠ એકર જેટલી જમીન હોતી જ નથી એટલે આ યોજનાનો લાભ મળી શકતો નથી. એટલે આમાં સુધારો કરવામાં આવે. હમણાં જ બીજી પણ ગઇ સાલની યોજના જાહેર કરી હતી તારની વાડની. તેમાં દસ હેકટર એટલે ૨૫ એકર થઇ આ કોના માટે યોજનાઓ બહાર પાડો છો ? કોણ લાભ લેવાનું છે ? નાના અને સીમાંત ખેડૂતો કોઇ યોજનાનો લાભ મળતો નથી આ કહેવા માટેની યોજનાઓ છે. અત્યારે આપ રેકોર્ડ કઢાવો કે આ યોજના બહાર પાડ્યા પછી કેટલા ખેડૂતોએ તેનો લાભ લીધો. સાહેબ, નથી મળી શકતો ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ગામડાંના નાના અને સીમાંત ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખી અને તેમને બ્લોક આપવામાં આવે, બ્લોક નંબર મળે અને જે તમારો ઉદેશ્ય છે તેમાં જે

વિસંગતતા છે તે વિસંગતતા જંત્રી માટે થઇને બરાબર છે કે બજાર કિંમતનો સમય લાગતો હોય તો જંત્રી પ્રમાણે તમે તેને નક્કી કરો. પણ જંત્રીની કિંમત અત્યારે ઘણી બધી વધારે છે એના લીધો આ દંડ પણ ઘણો બધો થતો હોય છે એટલે આમાં પણ થોડોક વિચાર કરવામાં આવે. અને છેલ્લે ફરી હું સંમતિ એટલા માટે નથી આપી શકતો કે આ ખેડૂતોના અહિતની બાબત થઇ રહી છે તમારો અગાઉનો જે પહેલો મુદ્દો છે તે બહુ સરસ છે કે ટુકડા થતા અટકાવવા. પણ સાથે તેને હાડમારી પડે છે તેમ કરીને તમે જ વેચાણ માટેની જે પદ્ધતિ લાવવા જઇ રહ્યાં છો તે ખેડૂતના હિતની વાત નથી માટે હું સમર્થન આપી શકતો નથી આટલી વાત કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યના માનનીય મહેસૂલ મંત્રીશ્રી ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (સુધારા) વિધેયક લઇને આવ્યા છે અને એ બિલ ઉપર મારા કેટલાક વિચારો મૂકવા માટે ઊભો થયો છું. બિલનો હાર્દ જોતાં મને એવું લાગે છે કે, આ ખેડૂતોને જે હાડમારી પડે છે એને દૂર કરીએ. હું પોતે એવું માનું છું કે, શહેરી વિસ્તાર નજીકની જમીન જે નાના સીમાંત ખેડૂતો છે એ ખેડૂતોની જમીન કોઇએ લીધેલ હોય, કરાર કરેલ હોય અને તબદીલ ન થતી હોય, વેચાણ ન થતી હોય તો તેને આ સરખું કરી આપવાનો ઇરાદો તો નથી ને? એ મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે. જંત્રી પ્રમાણે પૈસા ભરી અને આ જમીન તબદીલ થઇ શકશે પણ મને ખબર છે ત્યાં સુધી સને ૧૯૫૬નો ટુકડા નહિ પાડવાનો કાયદો અને હવે તો તેમાં કલમ–૬ પ્રમાણે એની સુનાવણી કલેક્ટર સાહેબ રાખે છે અને એનો અધિકાર કલેક્ટર સાહેબ પાસે હતો અને આદિવાસીને નિયમ બદ્ધ કરી આપતા. અમારે ત્યાં આવા આદિવાસી વિસ્તારમાં ખેતીની જમીનો રહી નથી. ખેડૂતોની સંખ્યા કદાચ સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઓછી હશે પણ આદિવાસી વિસ્તારમાં એને પોતાને ખેતી કરીને જીવન જીવવા માટે ચાર ભાઇઓ હોય અને એક ભાઇના ભાગે એક એકર આવે અને એક એકર જમીન હોય તો એ ખેડૂતના નામે થતી નથી. ૨ કે ૩ એકર હોય તો નામે થાય છે. ચાર ભાઇઓ હોય અને એક સર્વે નંબરમાં ચાર ભાઇઓના નામ હોય તો એક જ ભાઇને એનો લાભ મળે છે. બીજા ભાઇને એનો લાભ મળતો નથી. કેટલીક જગ્યાએ પિયતની જમીનમાં નામ દાખલ થઇ શકે છે. એ જમીન એના નામ ઉપર થઇ શકે છે પણ જે બિન પિયત જમીન હોય તો હું માનું છું કે, ખેડૂત પાસે ૨૦ ગુંઠા જમીન રહી છે અને એ ૨૦ ગુંઠા જેટલી જમીન બિન પિયત જમીન આદિવાસી પોતાના સીધા વારસાઇ હક્કે મળતી જમીન હોય એ જમીન ૨૦ ગુંઠા સુધી પોતાના નામે કરવા એને ટુકડા ધારાનો ભંગ નહિ ગણવો એવું કંઇક વિચારો તો આદિવાસીને એનો લાભ થશે. અમારા માનનીય મંત્રીશ્રી ઘણી બધી યોજનાઓ લાવે છે પણ અમે લાભ લઇ શકતા નથી. અમારે ત્યાં છોટા ઉદેપુરમાં સ્ટેટ વખતની જમીન છે. બી.૩ સત્તા પ્રકારમાં એનું વેચાણ થઇ શકે છે. દસ્તાવેજ થઇ શકે છે. બાંધકામ પણ ગેરકાયદેસર કરી દઇએ છીએ પણ એની એન્ટ્રી સીટી સર્વેમાં પડતી નથી. આ સીટી સર્વેમાં એની એન્ટ્રી પડાવવા માટેના અધિકાર કોની પાસે છે? ડેપ્યુટી કલેક્ટર પાસે, કલેક્ટર પાસે અથવા તો રાજ્ય સરકાર પાસે હોય તો અમારા જે તે જિલ્લાના કલેક્ટરને એનાથી માહિતગાર કરે અને આ બી.૩ સત્તા પ્રકારની જે જમીન છે એનું વેચાણ થયા પછી સીટી સર્વેમાં રેકર્ડમાં એ દાખલ થાય એવા સરકાર આદેશ કરે. આ આદિવાસી વિસ્તારમાં અને સીટી વિસ્તારમાં જે જમીનો આવેલી છે એ જમીનો એન.એ. થયા પછી પણ સીટી સર્વેમાં નોંધ પડતી નથી. આ રાજ્ય સરકારનું સર્વર તંત્ર જેને કહેવામાં આવે છે. એ સર્વર તંત્ર કામ કરતું નથી એમ કહેવામાં આવે છે પણ મારે જાણવું છે કે, કયા કારણસર સીટી વિસ્તારમાં આવેલો જે સર્વે નંબર હોય એ ખેતીનો હોય અને એન.એ. થયો હોય તો એની એન્ટ્રી કેમ નથી પડતી. આપણે ચોક્કસ જાણીએ છીએ કે, જમીન લે – વેચના ધંધામાં અથવા તો ખેડૂતો સારી ખેતી કરી શકે એટલા માટે જે તે વખતના મુખ્યમંત્રીશ્રી કેશુભાઇએ આઠ કિ.મી.નો કાયદો દૂર કર્યો હતો અને આઠ કિલોમીટરનો કાયદો દૂર કર્યા પછી આ રાજયના ખેડૂતો આ જગ્યાએથી બીજી જગ્યાએ બીજા ગામમાં જમીન લઇ શક્યા અને એ જમીન લીધા પછી આદિવાસી વિસ્તારના ખેડૂતોની સંખ્યા ઓછી થતી જાય છે. જેની પાસે સગવડતા છે, જે ખેડૂત ઉદ્યમી છે અથવા જેની પાસે ત્રેવડ છે એવા ખેડૂતો જમીન લેતા જાય છે અને ખાસ કરીને જયાંથી હાઇવે પસાર થાય છે તે જમીનો, અથવા તો જયાં સિંચાઇની કેનાલો પાસ થયેલી છે એવી જમીનો વેચાણ થઇ રહી છે તો એને અટકાવવા માટે સરકાર કોઇક પગલાં લેવા માગે છે કે કેમ, એ હું આપના દ્વારા જાણવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મારા છોટાઉદેપુરનો બી થ્રી સત્તા પ્રકારની જમીનનો સીટી જમીનનો પ્રશ્ન છે એનો આપની કક્ષાએથી જલદી ઉકેલ આવે એવી વિનંતી કરું છું.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી ખેતીની જમીનના ટુકડા અટકાવવા માટોનો ધારો લઇને આવ્યા છે એના સમર્થનમાં હું વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મુંબઇ ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ તા.૨૦.૧.૧૯૪૮થી લાગુ કરવામાં આવેલ છે. મિત્રો, આ જમીન વેચવી હોય કે એના ભાઇને આપવી હોય તો પણ બાજુની જમીનવાળાને જમીન વેચવી પડે યા તો એની બજાર કિંમતની કમિટી કયારે બેસે, બેસે તો આજે આ અધિકારી હોય, કાલે બીજા અધિકારી હોય તો સાહેબ, મને ખબર છે કે, એક એક વર્ષ સુધી આ કમિટી નિર્ણય નથી આપતી. આ નિર્ણય નથી આપતી અને એની કિંમત થતી ન હતી, એના માટે આનો કોઇ નિર્ણય આવતો ન હતો, થાકીને કેટલાય લોકોએ આ ટુકડા ધારાનો અરજી કરીને છોડી દીધેલ છે તો આજે આપણા મંત્રીશ્રી જે વિધેયક લઇને આવ્યા છે એ જંત્રીના દસ ટકા એનો સમય

ઓછો થશે, એને ક્યાંય રખડવું નહીં પડે, ભટકવું નહીં પડે અને ખેડૂત બિચારાને શાંતિથી એક જ અરજીમાં આનો ઉકેલ આવી જશે.

મિત્રો, મારે તો એ કહેવું છે કે, માનનીય કુંવરજીભાઇ એમ કહેતા હતા કે, આ ખોટુ છે, આ બરોબર નથી પણ ભાઇ, તમે ૫૦ વર્ષ સુધી રાજ કર્યું અને પાર્લામેન્ટમાં સરકાર તમારી હતી, ત્યારે તમને કેમ ના સૂઝ્યું કે આ ટૂકડો આમ છે ને તેમ છે. શું આજે જ તમને ખબર પડે છે? મને ખબર છે કે, એમના રાજની વાત કરું તો ૧૯૮૨માં હું ગામનો સરપંચ હતો. ખેડૂતો તલાટી પાસે જાય, આ તલાટી મામલતદાર પાસે જાય પછી તલાટી કલેકટર પાસે જાય. સાહેબ, એમના રાજમાં આવું થતું હતું કે, કલેકટર કકળાટ કરે, મામલતદાર મૂંઝાય, સર્કલ બિચારો શું કરે? પેલો તલાટી કરે એ થતું હતું. આ રીતનું એમનું રાજ હતું. પ્રજા દુઃખી હતી. મિત્રો, મારે તો એ વાત કરવી છે કે, આજે સમય ઓછો છે પણ મારે વાત ચોક્કસ કરવી જોઇએ અને આ સરકારના મહેસૂલ મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા જોઇએ કે, ખેડૂત રિબાતો હતો, પીડાતો હતો, દુઃખી થતો હતો, પરેશાન થતો હતો, એમાંથી આ ખેડૂતને ઉગારવાનું કામ આપણા મંત્રીશ્રીએ કર્યું છે એમને હું અભિનંદન આપું છું.

મિત્રો, જયારે ખેડૂતો પરેશાન થતા હતા અને જયારે વેચવા જતો હતો ત્યારે ખેડૂત વેચાઇ જતો હતો. ખેડૂતને ત્યાં દીકરાના લગ્ન હોય, એના ઘરે એને દીકરી પરણાવવી છે, એને એના દીકરાને ભણાવવો છે અને એ માટે એને જમીનનો એક ટૂકડો વેચવો હોય તો એ વેચી શકતો ન હતો અને વેચવો હોય તો મજબૂરીથી બાજુની જમીન હોય એને જ વેચવો પડે યા તો એમના વખતે પિયત કરીને જમીન ટૂકડો કમી કરવો પડે કાં તો બોર બતાવવો પડે કે કયાંથી પાણી લાવતા હતા, એ બતાવવું પડે અને એને ખર્ચો કરવો પડે ત્યારે ટૂકડો કમી થતો હતો અને આ જે વિધેયક માનનીય મંત્રીશ્રી લાવ્યા છે તે માત્રને માત્ર આ સરકાર ખેડૂતોની છે. આ સરકા પિડીતોની છે. આ સરકાર દુઃખીયાઓની સરકાર છે. આ સરકાર જો ઝીણવટથી ઘ્યાન આપીને ખેડૂતોના હિતની વાત કરતી હોય તે સરકારને પણ અભિનંદન આપું છું.

માનનીય અઘ્યક્ષશ્રી, અહીં સભ્યશ્રીઓએ એન.એ.ની વાત કરી. આ એન.એ.ની વાત કરું તો જૂના રાજયની અંદર એન.એ.કરવા માટે ૮૫ કાગળ હતા અને ૨૫ ટેબલ ફરતા ત્યારે તેનું એન.એ. થતું . આ સરકારે શોર્ટ કરીને માત્ર ૬ ટેબલ રાખ્યા અને ૮૦– ૮૫ કાગળો લાવવાના બદલે માત્ર ૬ ટેબલથી કામ થઇ જાય.આમ સરળીકરણ કર્યું. આમ સરકારે આ એન.એ. ની બાબતમાં ઘણું સરળીકરણ કર્યું છે. અને એન.એ. જલ્દી થાય અને એન.એ.માંથી ખેડૂતો મૂકત થાય. માનનીય મંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું. એટલા માટે આટલી મહેનત કરી હોય, ખેડૂત માટે કરી હોય, આવી ખેડૂતોના હિતની બાબત પણ જો કોંગ્રેસના મિત્રોના ઘ્યાનમાં ન આવતી હોય તો ભગવાન તેમનું ભલું કરે. સન્મતિ આપે.

અઘ્યક્ષશ્રી : માનનીય બાબુભાઇ સમાપ્ત થઇ ગયું.

શ્રી બાબુભાઇ જ. પટેલઃ માનનીય અઘ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપી, આ બિલને મારો ટેકો આપી મારી વાત પૂરી કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અઘ્યક્ષશ્રી, ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબત તેમજ તેના અધિનિયમ વધુ સુધારવા વિધેયક માનનીય મંત્રીશ્રી લાવ્યા છે, તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે, અમે ખેડૂતોના હિત માટે આ વિધેયક લાવ્યા છીએ. અમે આવ્યા પછી જ અમે ખેડૂતોનું બધું સારું કરી દેવાના છીએ. ગુજરાત જયારે અલગ પડયું ત્યારે કરોડ સવા કરોડની વસતિ હતી. એમાં આજે લગભગ એ સવા છ કરોડ ની વસતિના આંકડાએ પહોંચ્યા છીએ. આજથી ૫૦ વર્ષ પહેલાં જે ખેડૂત પાસે ૧૦૦ વીઘા જમીન હતી એ આજે ૫ કે ૬ વીઘાના ટુકડાનો ખેડૂત બન્યો છે.એવું કહેવું હોય તો કહી શકાય. ૧૦૦ વીઘાનો માલિક આજે ૫, ૭ કે ૧૦ વીઘાનો માલિક બનીને અટકયો છે. એટલે મારે તમને કહેવાનું છે. આપ બધી શાબાશીઓ લો છો ને એટલા માટે આ વાત કરવી છે. ૧૦૦ વીઘાનો ખેડૂત આજે ૧૦ વીઘાના ખેડૂત તરીકે આવીને અટકયો છે. મંત્રીશ્રી કહેતા હતા કે આ સુધારો કરવાથી ઉત્પાદનમાં વધારો થવાનો છે, આ સુધારો તો કાગળ ઉપર જ થવાનો છે ખેતી તો ખેતરમાં થતી હતી જે થવાની જ છે. એમાં કશો ફરક પડવાનો નથી, તમે આ વાત કરો છો ત્યારે મારા સાથી મિત્ર બોલતા હતા કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી ધીરે ધીરે ખેડૂતો ઓછા થતા ગયા છે. આ એટલા માટે વાત કરું છું માનનીય અઘ્યક્ષશ્રી આપની મારફતે કહેવું છે વિપક્ષનો કોઇ પણ ધારાસભ્ય, સન્માનનીય સભ્ય જયારે કોઇ ટીકા કરે કે વાત કરે તો તેને હળવાશથી ન લો , તેની વાત પર થોડી તમે ચિંતા કરો, તેની વાત સાચી હોય તો એ વાત સ્વીકારવાનો પ્રયત્ન કરો. અને કયાંક ખોટું હોય તો તમારી ઓફિસે બોલાવીને કહો કે તમારી વાત ખોટી હતી.

આ ગૃહની અંદર આ પક્ષના સભ્ય કે આ પક્ષના સભ્ય કોઇ પણ સભ્ય હોય તે આ સભાગૃહ સમક્ષ પોતાની વાત મૂકે ને તો બીજી જ મિનિટે જે તે વિભાગના મંત્રીશ્રી એની તપાસ કરી અને એની વાત સાચી હોય તો તેને સાંભળીને તપાસ કરીને તેને ન્યાય મળે તેવા પ્રયત્નો કરતા હતા. અત્યારે તો કોઇ પણ વિપક્ષનો સભ્ય ઘ્યાન દોરે એટલે સરકાર જ એ અધિકારીને બોલાવીને એમ કહે કે તું ચિંતા ન કરતો અમે તારી પડખે બેઠા છીએ, આ વાત છે. માનનીય નીતિનભાઇ સાંભળજો. તમને બનાવ્યા હોત તો અમને વાંધો ન હતો. અમે તમારી સાથે છીએ. અમે તો આજે પણ ઇચ્છીએ છીએ કે તમે બનો, મુખ્યમંત્રી બનો. માનનીય અઘ્યક્ષશ્રી અને એટલા માટે મારે મંત્રીશ્રીનું ઘ્યાન દોરવું છે. મંત્રીશ્રી બોલ્યા, મંત્રીશ્રીએ વાત કરી. મંત્રીશ્રીએ

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮

ટુકડા ધારો અટકાવવાની વાત કરી, મેં કહ્યું તેમ સરકાર જો ઇચ્છા કરે તો સાત બારમાંથી પણ ટુકડા ધારો કાઢી નાખો તો ખેડૂતોને બહુ મોટી સરળતા થઇ જશે. જેમ જેમ નાના સુધારા લાવીને ખેડૂતોના હિતના નામે કયાંક બિલ્ડરોને કયાંક ઉદ્યોગપતિઓને ફાયદો કરાવવા જઇ રહ્યા છો એવું પ્રથમ દ્રષ્ટિએ મને લાગે છે. પહેલા ઘણું બધું બની ગયું, ગઇ વિધાનસભામાં ખેડૂતોને આ ફાયદો થશે પેલો ફાયદો થશે એના કારણે તમે બિલ લાવ્યા હતા એના લીધે જે ખેડૂતો નહોતા એવા લોકો ખેડૂતો બની ગયા હતા એને બોનાફાઇડ સર્ટી ગણીને એને કાયદેસર ગણવાનો પ્રયત્ન થયો એના કારણે ગુજરાત બહારથી આવેલા ઘણા બધા લોકો ગુજરાતનો વતની નહિ, કોઇક રાજસ્થાનથી, કોઇ યુ.પી. કોઇ મહારાષ્ટ્રથી આવ્યા હોય, કોઇ બીજા રાજયમાંથી આવ્યા હોય એમ કાયદા નીચે ઘણા બધા ગુજરાત બહારના ખેડૂતો ગુજરાતમાં બહુ મોટા ખેડૂતો બની ગયા. એમના માટે કદાચ આપણે કાયદો બનાવતા હોય તો મને ખબર નથી પડતી કે આપણે શાના માટે આવું કરી રહ્યા છીએ.

આ બિલના ઉદ્દેશો અને કારણોમાં લખ્યું છે. હાલમાં, કલમ–૯ની પેટા કલમ(૨)થી જોગવાઇ કરી છે કે એવી રીતે તબદીલી થયેલી અથવા વિભાજીત કરેલી કોઇ જમીનનો માલિક, કલેકટર ફરમાવે તે પ્રમાણે, શહેરી વિસ્તાર માટે પાંચ હજાર રૂપિયાનો અથવા જમીનની બજાર કિંમતના દસ ટકા, તે બેમાંથી જે વધુ હોય તેટલો અને બાકીના વિસ્તાર માટે બે હજાર રૂપિયાનો અથવા જમીનની બજાર કિંમતના દસ ટકા, તે બેમાંથી જે વધુ હોય તેટલો દંડ ભરવાને પાત્ર થશે. એવું અનુભવાયું છે કે જમીનના માલિક ઉપર દંડ નાખતી વખતે, જમીનની બજાર કિંમત નક્કી કરવા માટે ઘણો સમય લાગે છે. તેથી, જમીનની બજાર કિંમતને બદલે, જમીનની પ્રવર્તમાન જંત્રી કિંમતે દંડ નાંખવા માટેની જોગવાઇ કરવાનું જરૂરી જણાયું છે. વિધેયકની કલમ–૨ થી તેના માટેની જોગવાઇ કરી છે. આ એના ઉદ્દેશો અને કારણો તમે તમારા બિલમાં જણાવ્યા છે. ત્યારે મારે તમને વિનંતી કરવી છે કે આ રાજયની અંદર જંત્રી કઇ રીતે ચાલે છે, કઇ રીતે જંત્રી અમલમાં છે. એક ગામમાં ૫૦ રૂપિયા હોય તો બીજા ગામમાં પાંચ હજાર રૂપિયા હોય, વાસ્તવમાં એ ગામમાં બજાર ભાવ ૫૦ લાખ ચાલતો હોય ત્યાં જંત્રીની કિંમત વધારે હોય તો એની સામે કોઇ વાંધો હોઇ શકે નહિ. મારો વિસ્તાર તે અમદાવાદથી પશ્ચિમ વિસ્તારમાં આવેલો છે. ૬૮ ગામો છે ઔડામાં ઘણા ગામો છે એમાં કડી તાલુકા અને કલોલ તાલુકાના ગામો પણ આવેલા છે. રાંચરડામાં ૧૦૦૦ કે ૧૫૦૦ જંત્રીનો ભાવ ચાલતો હોય એથી આગળ જઇએ તો અઢાણા વાયણા ત્યાં પણ હજાર પંદરસો કે બારસો હોય કે અમારું થોળ ગામ આવે છે એ થોળ ગામની અંદર ૧૨૫ રૂપિયા જંત્રી હોય, એ થોળ ગામ વટાવીને આગળ જઇએ ત્યાં કણજરી આવતું હોય, આંબલીયારા આવતું હોય કે બીજા ત્રીજા ગામ હોય ત્યાં ૧૫૦૦ રૂપિયા જંત્રી થઇ ગઇ હોય એટલે જંત્રીની વિસંગતતાઓ છે એ ખૂબ મોટા પ્રમણમાં છે. અમારા બાપુશ્રી વડીલ જયારે મહેસૂલ મંત્રી હતા ત્યારે મેં પણ પત્ર લખ્યો હતો. એક ગામમાં વધારે એક ગામમાં ઓછી એ કયા કારણોસર છે, કેમ તમે જંત્રીમાં આટલો મોટો ફરક રાખ્યો છે. અલગ અલગ સરવે નંબરમાં અલગ અલગ જંત્રી હોય છે. એક ગામની અંદર એક સરવે નંબર ૧ થી ૧૦૦ સુધીની અલગ હોય, ૧૦૦ થી ૨૦૦ ની અલગ જંત્રી હોય, ૨૦૦ થી ૩૦૦ નંબરમાં જંત્રી અલગ હોય, આ જંત્રી કઇ રીતે એનું અવલોકન કરીને નક્કી કરવામાં આવી છે એ અમારે જાણવું છે. પુરવણીમાં તમારા બિલમાં એવી રીતે તબદીલ અથવા વિભાજીત કરેલી કોઇ જમીનનો માલિક, કલેકટર ફરમાવે તે પ્રમાણે, શહેરી વિસ્તાર માટે પાંચ હજાર રૂપિયાનો અથવા જમીનની બજાર કિંમતના દસ ટકા, તે બેમાંથી જે વધુ હોય તેટલો અને બાકીના વિસ્તાર માટે બે હજાર રૂપિયાનો અથવા જમીનની બજાર કિંમતના દસ ટકા, તે બેમાંથી જે વધુ હોય તેટલો દંડ ભરવાને પાત્ર થશે. આવો દંડ જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે. મારે આપનું ધ્યાન દોરવું છે કે આ તમે સુધારા વિધેયક લઇને આવ્યા છો. આ સુધારા વિધેયકમાં આખા ગુજરાતમાં કાયદો એક જ હોવો જોઇએ. તમે આ કાયદામાં બે અર્થઘટન કર્યા છે. શહેરી વિસ્તારમાં વધારે દંડ અને ગામડાં વિસ્તાર માટે ઓછો દંડ, ગામડાંનો માણસ ખૂન કરે તો એને ૩૦૨ ન લાગે અને શહેરનો માણસ ખૂન કરે તો એને ૩૦૨ લાગે. સાચી વાત છે. દરેક માટે કાયદો એક સરખો હોવો જોઇએ. શહેર માટે જુદો અને ગામડાં માટે કાયદો કેવી રીતે જુદો હોઇ શકે. ઓછો અને વધારે? આપણે બધા ગુજરાતમાં રહીએ છીએ. અમે બધા ગામડાંમાં રહીએ છીએ અને તમે શહેરમાં રહો છો. કાયદો બધાના માટે સરખો હોય. એટલા માટે વિનંતી કરું છું કે અહીંયાં ખેડૂતોને ધક્કા ખાવાની વાત થઇ. ૧૯૪૭થી આ કાયદો બન્યો છે. જે તે વખતે જમીનોના માલિકો સો–સો વિઘાના હતા. અત્યારે ભાઇઓના ભાગ પડતા પડતા બિલકુલ ૫–૧૦ વિઘામાં આવીને અટક્યા છે ત્યારે ૭/૧૨માં નામ હોય એમનું, ટુકડા ધારા રદ કરી જેના નામ હોય એ એનો માલિક બને એવી વ્યવસ્થા થાય તો સારું. આકાશી જમીન માપણીના કારણે વધારે પ્રોબ્લેમ થવાનો છે. હમણાં જ આપણે આકાશી જમીન માપણી કરવાનું સાધન લાવ્યા. ખરેખર, પહેલાના જમાનામાં, પહેલાની સરકારોમાં જમીન માપવા માટે સાંકળ હતી, ફૂટપટ્ટી હતી અને ખેડૂતના ખેતરમાં જઇ, સર્વેયર પોતે જમીન માપી આપે અને ખેડૂતને જ્યાં સુધી સંતોષ ન થાય, એના જમીનના ચારેય શેઢા મળી ન જાય ત્યાં સુધી એની જમીન માપી એની પાસે રહેતો હતો. અત્યારે સરકારનો ઉદ્દેશ ઘણો સારો છે. પણ એ ઉદ્દેશ જળવાયો નથી. વારંવાર ઘણા બધા ધારાસભ્યશ્રીઓએ ધ્યાન દોર્યું છે. અમે પત્રો લખીને પણ મહેસૂલ મંત્રીનું ધ્યાન દોરેલું છે. અમે વારંવાર કહીએ છીએ કે તમે તમારી એજન્સીને બચાવવાનો પ્રયત્ન ન કરો. તમે સાચી વાત સ્વીકારીને, સાચી તપાસ કરો. મેં કહ્યું તેમ સરકારનો ઉદ્દેશ ખરાબ ન હોઇ શકે. ઘણો સારો ઉદ્દેશ હશે. કઇ રીતે ખેડૂતને ફાયદો થાય અને કઇ રીતે ખેડૂતને મદદરૂપ થવાય, કઇ રીતે ખેડૂતને સારો ૭/૧૨નો ઉતારો નકશાવાળો મળે એવો સરકારનો ઉદ્દેશ છે. વાસ્તવમાં કોણે હેતુ જાળવ્યો નથી? જેમને સરકારે કોન્ટ્રાક્ટ આપ્યો છે એ

રિ-સરવેવાળાએ. જે કોન્ટ્રાક્ટ આપ્યો છે એણે કામગીરી સારી કરી નથી. એના કારણે ખેડૂતની સરકારમાં ફરિયાદો વધી છે. સત્ય હકિકત એ જ છે. સરવેવાળી જે એજન્સીઓ છે એ બિલ બનાવવા ખાતર જ જ્યારે સરવે કરતા હોય. દા.ત. જે સરવે કર્યું હોય એ કંપની સરવે કરીને જતી રહી. તમામે તમામ કેસનું ભારણ એ આપણી કચેરીમાં થયું છે. પેલા તો બિલ લઇને જતા રહ્યા. એવી કંપનીઓને ફરીવાર બોલાવીને એના ઉપર શિક્ષાત્મક પગલા લેવા જોઇએ. એટલા માટે આકાશી જમીન માપણીના કારણે ખેડૂતોની જમીનના વધુ ટુકડા થયા છે. કારણ કે નાના અને સીમાંત ખેડૂતોની ઓછા ક્ષેત્રફળવાળી જમીનની માપણી થઇ ત્યારે સ્થળ ઉપર ૭/૧૨માં ઘણી બધી જગ્યાએ ફેરફાર થઇ ગયા. કોઇની ૧૦૦ ગુંઠા જમીન હોય એ ૫૦ ગુંઠા થઇ ગઇ, ૫૦ ગુંઠા હોય એને ૧૫૦ ગુંઠા થઇ ગઇ. મારે સરકારનું ધ્યાન દોરવું છે કે તમામે તમામ ખેડૂતો તમારી પાસે ફરિયાદ કરવા માટે આવ્યા છે. મામલતદાર કચેરીમાં પહોંચી ગયા. મારી જમીન આટલી ઓછી થઇ ગઇ. પણ જેની જમીન વધી, જેના ૫૦ ગુંઠા હતી, એના ૧૫૦ ગુંઠા થઇ. એ જમીન વધી છે એવો એક પણ ખેડૂત આવી ફરિયાદ કરવા આવ્યો નથી કે મારી જમીન વધી છે. કદાચ હું ક્યાંક ખોટો પણ હોઉં, મારી પાસે માહિતી સાચી ન હોય તો આપ જરા ખાતરી કરાવજો કે ગૌચરોની આજુબાજુમાં જે જમીનો છે એને રીસરવે દ્વારા દસ વિઘા જમીન, કે દસ ગુંઠા જમીન હોય એની ૧૦૦ ગુંઠા કે સો વિઘા કરી દેવામાં આવી છે. આવા ક્યાંક સેટલમેન્ટ કરી, સેટલમેન્ટ કમિશ્નર દ્વારા સેટલમેન્ટ કમિશ્નરો છે ત્યાં કદાચ મોટા ખેડૂતોને ફાયદો કરાવવા માટે ક્યાંક આવા બનાવો બન્યા છે. અમદાવાદની આજુબાજુની જમીનો કિંમતી છે. તમે સ્વીકાર્યું છે. તમે એટલે સરકારે કહ્યું છે કે જમીનમાં ૫ ટકાની વધઘટ થઇ શકશે. સો ગુંઠા હશે એના એકસો પાંચ ગુંઠા થશે તો ચાલશે અને એકસો પાંચ ગુંઠા હશે એની સો ગુંઠા જમીન થશે તો ચાલશે. અત્યારે એક ગુંઠાની કિંમત કેટલી હોય છે? એવી રીતે દરેક જગ્યાએ જે હોશિયાર ખેડૂતો છે, હોશિયાર બિલ્ડરો છે, હોશિયાર ખેડૂત ખાતેદાર છે એ કયાંક સરકારી અધિકારીઓ પાસે જઇ અને કયાંક એમણે જમીન વધારવાના પ્રયત્નો કર્યા છે. સરકારનું હું ધ્યાન દોરું છું કે આવા કર્મચારીઓની તપાસ કરી અને ખેડૂતને કયાંય અન્યાય ન થાય એ તમે જરા ચેક કરજો. માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છો એમાં હું આપનું ધ્યાન દોરવા માગુ છું કે દિવસે દિવસે ખેડૂતો ઘટતા જાય છે. ખેતીનું પ્રમાણ એનું એ હોય છે પણ મોટા ખેડૂતો ઘટતા જાય છે. જે મોટા ખેડૂતો હોય ધીરે ધીરે એની જમીન પણ ઓછી થતી જાય છે તો સાત-બારમાં જેનું નામ હોય એ દસ્તાવેજ કરી શકે, વેચી શકે એના માટે એ રીતે હળવું કરી અને ખેડૂતને કયાંક ફાયદો થાય એવું તમે કરો એ જ મારી વિનંતી છે અને આ બિલ એ મારા માનવા પ્રમાણે ચોકકસ વ્યકિતઓને ફાયદો થાય એટલા માટે લાવેલા છો.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શબ્દોનો ત્રિવેણી સંગમ રચાયો છે. પ્રથમ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયો છું. ચૌદમી વિધાનસભાનું આ પ્રથમ સત્ર છે અને સાથેસાથે પ્રથમ વખત આ ગૃહમાં વિચારો વ્યકત કરું છું. સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંકઃ૩, ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતના સુધારા વિધેયકને કિસાનપુત્ર તરીકે આવકારવા, બિરદાવવા અને તેને સમર્થન આપવા ઉપસ્થિત થયો છું. ટુકડાની વાત કરું તો પિયત જમીન ૨૦ ગુંઠાથી ઓછી હોય તેને ટુકડો કહેવાય. બિન પિયત જમીન બે એકરથી ઓછી હોય તેને ટુકડો કહેવાય. અમારી ભા.જ.પ.ની સરકારે ૨૦૧૨-૨૦૧૩માં ઐતિહાસિક સુધારા કર્યા અને એના કારણે પહેલા ટુકડો ખરીદવો હોય તો લાગુ કિસાન ખાતેદાર જ ખરીદી શકતો હતો અને કાયદાના સુધારા પછી ગુજરાતનો કોઇપણ કિસાન આ ટુકડો ખરીદી શકે છે જેના કારણે ખરીદનારની સંખ્યા પણ વધી સાથેસાથે જમીનના સારા ભાવ પણ કિસાનોને મળતા થયા છે. ટુકડો વેચવો હોય તો પહેલા મંજૂરી લેવી પડતી હતી અને કાયદામાં સુધારા પછી ટુકડો વેચવા માટે કોઇપણ પ્રકારની મંજૂરી લેવી પડતી નથી. કલમ-૯(૨) મુજબ જે દંડની જોગવાઇ છે એની ચર્ચા થઇ ગઇ છે એટલે હું એમાં વધુ નથી કહેતો પરંતુ બજાર કિંમત નકકી કરવામાં ખુબ સમય જતો. જિલ્લા મૂલ્યાંકન સમિતિ મળે, આપણે બધા એ વસ્તુથી જાણકાર છીએ. એક વર્ષ સુધી એ કિંમત જે તે રહે, એક વર્ષ પછી બાર ટકાનો મૂલ્ય વૃદ્ધિનો ઉમેરો થાય. બે વર્ષ સુધી એની વેલીડીટી રહે અને પછી પાછું નવેસરથી આ પ્રક્રિયા આપણે કરવી પડે. ૫૦ લાખની કિંમત માટે સી.ટી.પી. એટલે ચીફ ટાઉન પ્લાનર પાસે જવું પડે. એસ.એલ.વી.સી.નો પણ અભિપ્રાય લેવો પડે. જમીનના વેચાણમાં ખુબ વિલંબ થતો હતો અને કિસાનોને હાલાકી થતી હતી. કલમ-૯(૨)માં સુધારો કરવાથી બજાર કિંમતની જગ્યાએ જે જંત્રી પ્રમાણે નકકી કરેલું છે, જંત્રી નકકી હોવાને કારણે અને ઓનલાઇન હોવાને કારણે, હું ખાસ કહુ છું ઓનલાઇન હોવાના કારણે આખી પ્રક્રિયા ખૂબ સરળ બનવાની છે. સમયનો બચાવ ખુબ થશે. આની અંદર પારદર્શકતા ખૂબ વધશે. કેસોનો ઝડપી નિકાલ થશે અને કિસાનોને પડતી હાલાકી દૂર થશે. મારે શબ્દોને સજાવવા છે. ‘‘ભગીરથ પ્રયાસ છે સરકારનો, આબાદ થયા છે ખેડૂતો, વીજળી, પાણી અને ખાતરની સુવિધાથી આજે ન્યાલ થયા છે ખેડૂતો.’’ માનનીય મંત્રીશ્રી કૌશિકભાઇ પટેલ સુધારા વિધેયકને લઇને વિધાનસભા ગૃહમાં આવ્યા છે તેને આવકારું છું, બિરદાવું છું અને મારું સમર્થન આપું છું. જય જવાન, જય કિસાન.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ખેતીની જમીનનો ટૂકડો પડતો અટકાવવા અને તેના એકત્રીકરણ કરવા બાબતનું સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે, એક મહેસૂલી અધિકારી તરીકે, પહેલા હું પ્રાન્ત અધિકારી રહી ચૂકયો છું, ખાસ જમીન સંપાદન અધિકારી રહી ચૂક્યો છું અને મામલતદાર રહી ચૂક્યો છું. એ રીતે જોતા આનો વિરોધ કરવો શક્ય લાગતો નથી. સુધારો સારો છે પણ માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી એમાં હજુ સુધારો થઇ શકે તેમ છે. દર દસ વર્ષે એક એક સુધારો કરો એમાં ટૂકડો, ટૂકડો ભમ્યા કરશે. ૧૯૪૭માં આ કાયદો બન્યો. જ્યારે

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮

ભારત દેશ આઝાદ થયો ત્યારે મુંબઇ જમીન મહેસૂલ કાયદો, એકત્રીકરણ અને ટુકડા ધારો અને જમીન સુધારણા, જમીન ટોચ મર્યાદાનો કાયદો અને સમય પ્રમાણે એમાં વધ-ઘટ થતી હોય છે. આઝાદી વખતે જમીન ટોચ મર્યાદાનો કાયદો ખૂબ અગત્યનો હતો. એ વખતે જમીનદારો પાસે જમીન હતી ત્યારે વાવે એની ખેતી એ કાયદો આવ્યો એટલે એ અગત્યતા ધરાવતો હતો. અગત્યતા એટલા માટે ધરાવતો હતો કે બ્લોક બને તો વધુ સારી ખેતી અને વધુ સારું ઉત્પાદન થાય. આઝાદી પહેલા એક વીઘાએ ૫ મણ પાકતું એ આઝાદી પછી ૫ થી શરૂ કરીને ૧૫ મણ સુધી પહોંચી શક્યા એ તમારા અને અમારા સહિયારા પ્રયત્નોથી. પણ આમાં સુધારો થયો એ સૌ પ્રથમ જે સુધારો થયો એ ૧૪/૨૦૧૨માં થયો. એમાં એવું કહ્યું, માનનીય સભ્યશ્રીએ બહુ સારી વાત કરી કે એમાં ૭(૧)ની કલમ છે એમાં બાજુના ખેડૂતને જ ટુકડો વેચી શકતા હતા અને કલેકટરની પરવાનગી લેવી પડતી હતી. આ બે પોઇન્ટ તમે દૂર કર્યા આ ૧૪/૨૦૧૨ના સુધારાથી. તા. ૧૦-૬-૨૦૧૩ના રોજ પરિપત્ર કર્યો કે હવે પછી બીજા ખેડૂતને પણ વેચી શકાશે અને દંડ પણ કરવામાં આવશે નહીં અને ખેડૂત ખાતેદારને વેચાણ કરવા માટે અન્ય કોઇની પરવાનગી લેવી પડશે નહીં. એ જ પરિપત્રમાં તમે જે દંડનો વધારો કર્યો. પહેલા ૨૫૦ રૂપિયા હતા એમાં વધારો શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર પ્રમાણે વધારો કર્યો. તમે એકબાજુ ખેડૂતોને બિલકૂલ ફ્રી કરી દીધા કે ટુકડા ધારામાંથી તમારે મંજૂરી કે તબદીલની મંજૂરી જરૂરી નથી. બાજુવાળાને જ વેચવું એવું નથી અને કલેકટરની મંજૂરી લેવી પડતી નથી. એટલે જે ટુકડાવાળો છે એને સ્વાયતતા આપી દીધી એ સારું કામ કર્યું. ખરેખર દંડ પણ કાઢી નાખવાનો હતો. આ દંડ રહ્યો કેમ? એનું કારણ હોઇ શકે. જે આ સુધારા કાયદો ૨૦૧૨માં અમલમાં આવ્યો એ પહેલાના કોઇ કેસ હોય તો આ કાયદો એ આ દંડ ચાલે અને એ અમલમાં રહે. ધારાકીય સત્તાઓ તમે વંચાણમાં લો છો એમાં તમે જે તારીખ નક્કી કરી એ તારીખથી એ કાયદાનો અમલ શરૂ થાય. જે તે વખતે આની તારીખ નક્કી કરી હોય એના પછીના કેસોમાં આ કાયદાના સુધારાનો લાભ મળ્યો. પણ એ પહેલાના કેસો ચાલતા હતા એમાં આ દંડ ચાલુ રહ્યો. હવે જે સુધારો થયો એ પાછો એ દંડમાં જે કમિટિ કિંમત નક્કી કરતી હતી એની જગ્યાએ જંત્રી કરી એ બહુ સારો સુધારો છે. તાત્કાલિક પ્રાન્ત અધિકારી એનો નિર્ણય કરે, પૈસા ભરી દે અને ટુકડા ધારામાંથી મુક્ત થાય. પણ એ બધા કેસોમાં એક લિટીનો હજી પણ સુધારો કરી દો કે જે ટુકડા ધારાના કેસો ચાલે છે એને પાછલી અસરથી ઈફેક્ટ આપી અને આ સુધારા મુજબ અમલ કરવાનો રહેશે તો આખા રાજ્યમાં એક પણ કેસ ટુકડા ધારાનો ચાલતો હોય તો એ બંધ થઇ જાય. એ થઇ શકતું હોય તો કરજો. મને લાગે છે કે માનનીય કૌશિકભાઇ જ્યારે જ્યારે આવે છે ત્યારે ટુકડો લઇને જ આવે છે. આપ પહેલા હતા ત્યારે પણ ટુકડા ધારાનો સુધારો કર્યો, અત્યારે ટુકડા ધારાનો સુધારો કર્યો, બહુ સારી વાત છે. હું આને સપોર્ટ કરું છું.

**માનનીય સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, જે સુધારા વિધેયક લઇને આ ગૃહમાં આવ્યો છું એમાં ૮ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ વહિવટી સુધારણા કરવામાં એક મત બતાવ્યો છે. એટલે ૮-૮ માનનીય ધારાસભ્યશ્રીઓને હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, બે-ત્રણ બાબત જે પ્રવચનમાંથી આવી એમાં ટુકડો. કલમ-૮ અને ૮-ક, ક ટુકડાની એમાં સ્પષ્ટ વ્યાખ્યા છે. બિનપિયતમાં ૨ એકરથી નાનો ટુકડો ના હોવો જોઇએ અને પિયત એટલે બાગાયત અને ક્યારીમાં ૨૦ ગૂંઠાથી ઓછો ના હોવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આ ભારત સરકારનો મૂળ કાયદો ખેડૂતો માટે જ હતો. મેં મારી વાત અભિનંદન આપ્યા પણ સવાલ એનો અમલ ના થયો એટલે મારી વાતમાં કહેવું પડ્યું. ખેડૂતના લાભમાં દરેક વસ્તુમાં ખેડૂતની ચિંતા કરવી જોઇએ. આની અંદર પણ ચિંતાનો જ ભાવ છે કે મિલકતના ટુકડા નહિ થવા જોઇએ. ટુકડા થઇ જાય તો જમીન નાની થાય, જમીન નાની થાય તો ઉત્પાદન ખર્ચ વધી જાય, ઉત્પાદન ખર્ચ સક્ષમ ના બને. જે પોષણક્ષમ ભાવોની વાતો કરીએ છીએ એ અને જમીન જેટલી નાની થશે તો ખેતી નહિ કરે, જમીન વેચી મારશે. એટલે અમે તો ખેતીની જમીન ખેડૂત વેચે નહિ એના માટે ભેગો રાખવા માગીએ છીએ. જમીનના ટુકડા ના કરો. તમે ખેતી કરો અને ખેતીમાંથી આવક ઉપજાવો. એટલે મૂળ ઉદ્દેશ ભારત સરકારનો ટુકડા નહિ પડવા જોઇએ અને જે ટુકડા છે એને એકત્રિત કરો આ મૂળ ઉદ્દેશ છે. એટલે ઉદ્દેશને ધ્યાનમાં રાખીને આ કાયદાનો સારી રીતે અમલ થાય એવું ગુજરાતમાં અમારી સરકારના સમયમાં ઘણા પ્રયત્નો કર્યા એના ભાગરૂપે જેમ શ્રી ચાવડાએ કીધું કે હું અધિકારી રહ્યો છું એટલે એમને પૂરી ખબર છે. એમણે જે બે-ચાર કલમોની વાત કરી ૨૦૧૩માં એક આખી કમિટી નીમી સરકારે ચિંતા કરી કે આમાં ખેડૂતો દુ:ખી થાય છે, હેરાન થાય છે. કામ થતા નથી એટલે એ ચિંતાના આધારે ૨૦૧૩માં જે આખી કમિટી બની સી. એલ. મીનાના અધ્યક્ષસ્થાને એમણે આખા દેશમાં સરવે કર્યો, બધા ખેડૂતોના, પ્રગતિશીલ ખેડૂતોના, નાના સીમાંત ખેડૂતોના બધાના અભિપ્રાયો લીધા અને શું કરી શકાય? એવું એમણે આપ્યું એમાંથી જે ૨-૪ બાબતોની વાત કરી એ પણ આપું છું પણ માનનીય સભ્યશ્રી કુંવરજીભાઇએ જે વાત કરી એમાં વેચાણ અને ખરીદી એ કાંઇ સમજણ પડતી નથી. વેચાણ એટલે ખરીદી. ખરીદી એટલે ટુકડો ના પડે અને વેચવાનો હોય એ વેચાણ. એ જે કોઇ લે એ ખરીદનાર એટલે વેચાણ અને ખરીદી એટલે આ રીતના સંદર્ભમાં છે. ટુકડો ના પડવો જોઇએ આ બેઝિક. ટુકડો પડ્યા પછી ટુકડો ના પડે અને જમીન વેચવી હોય એ વેચવાવાળો વેચાણ કરનાર, લેવાવાળો ખરીદ કરનાર આ સંદર્ભમાં છે એટલી ચોખવટ એમને થાય. પછી વાત કરી એમાં વહિવટની અંદર હવે જંત્રી ઓન લાઇન છે એટલે હવે ખેડૂતને પણ પોતાને આઇડિયા આવી જશે. જંત્રી ઓન લાઇન છે. ઓન લાઇન એને ભાવતાલ બધી ખબર પડી જશે એટલે વહિવટી સુગમતા પણ વધવાની છે. એમણે કલમ-૯(૨)ની વાત કરી એમાં ચોખવટ કરું તો આ ૯(૨)ની કલમમાં

દંડની જોગવાઇ છે. ટુકડો તમે ના પાડો તો કોઇ દંડ નથી. ટુકડો અને એકત્રીકરણ એમાં તમે એ કાયદાનો ભંગ કરો તો દંડ છે એ દંડ કલમ-૯(૨)માં છે. એટલે એ પ્રિન્સિપલ કલમ છે એટલે એ નીકળી શકે એમ નથી. ભૂતકાળમાં ૨૫૦ હતા એના પછી ૫૦૦૦ અને ૨૦૦૦ થયા એના પછી અત્યારે અમે જંત્રી લઇને આવ્યા. એટલે ૯(૨)ની કલમ મૂળ કલમનો ભાગ છે એટલે એઝ ઇટ ઇઝ છે. કલમ-૧૩ અને ૧૪ની હું વાત કરું છું. જે માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. હસમુખભાઇએ પણ આ કાયદાની ઉંડી માહિતી લઇને એમણે પણ એમાં ભાગ લઇને આ વહિવટી સુધારણાને બિરદાવ્યા છે. અનિલભાઇ જોષીયારાએ પણ એક-બે વાત કરી કરી કે ખેડૂત મટી જશે. આમાં એવું નથી. આ કાયદામાં ટુકડો નહિ પાડો આની ઉપર જ બાન છે ખેડૂતો મટી જાય, નહીં મટી જાય એનો સવાલ જ નથી. ટુકડો પડે તો દંડ લાવો આ કાયદાનું મૂળ હાર્દ છે, ત્યાં ખેડૂત નથી મટી જતો. એટલે બ્લોક એ એકત્રીકરણનો ભાગ છે. અમુક જિલ્લાની અંદર બ્લોક બનાવ્યા છે. એકત્રીકરણ કરીને બ્લોક બનાવ્યા છે. તમારી જે મૂળ વાત હતી કે ખેડૂત મટી જશે એવું એમાં નથી. સુખરામભાઇએ ટી.પી.ની વાત કરી. ટી.પી.માં ૨૦૦૮માં અલગ નિર્ણયો જે જે વિસ્તારમાં ટી.પી. પડી ત્યાં એનો અમલ નથી થતો. બી.૩ની વાત કરી આખી સિટી સરવેની એ.બી.સી.ની બાબત છે. એ પણ અમારા વિભાગમાં છે. હું ચોક્કસ ખાતરી આપું છું કે એમાં પણ જે જરૂરી હશે એ સુધારા કરીશું. એ બી.સી.ની સિટી સર્વેની બાબત છે, આમાં આવતી નથી. શ્રી બાબુભાઇ જમનાભાઇએ પણ એમના અનુભવના આધારે આ કાયદાના સુધારણાને એમણે પણ બિરદાવ્યા છે. શ્રી બળદેવભાઇએ જંત્રીની વાત કરી છે. અમારી સરકાર વખતો વખત એની ચિંતા કરતી હોય પણ એમણે મુખ્ય જે વાત કરી હતી, ગામડાંમાં અને શહેરમાં દંડની બાબતમાં જે મુખ્ય બાબત જે હું સમજ્યો છું એમાં, ભૂતકાળમાં પણ પાંચ હજાર અને બે હજાર હતા, ગામડાંમાં બે હજાર હતા એના દસ ટકા હતા, શહેરોમાં પાંચ હજાર હતા એના દસ ટકા, હવે આ જંત્રી લાવ્યા એટલે એમાં ગામડાંની જંત્રી ઓછી જ છે. એટલે ગામડાંના ખેડૂતોને અમે દંડ્યા નથી, શહેરમાં જંત્રી વધારે હોય છે, ગામડાંમાં ઓછી હોય છે. તો જંત્રીને આધાર બનાવ્યો છે. (અંતરાય) શ્રી બળદેવજી એટલે અમે ગામડાંને વધારે લેવાની એવી અમારી કલ્પના નથી અને અમે એવું કરી પણ નહીં શકીએ, ગામડાંના ખેડૂતોને માટે જ અમે સદાય બેઠા છીએ અને અમે અહીંયા બેઠા રહીશું અમે. પછી શ્રી વિવેકભાઇએ પણ અમને અનુમોદન આપ્યું છે અને ડો. સી.જે.ચાવડાએ પણ છેલ્લે એમણે પણ એમના અનુભવના આધારે આ વહીવટી સુધારણાને અનુમોદન આપ્યું છે. મારી આ ગૃહને અને વિરોધપક્ષના નેતાને વિનંતી છે કે બધા આ વહીવટી સુધારણામાં સહમત હોઇએ તો સર્વાનુમતે આપણે આ બિલને પાસ કરીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા મંત્રીને ખાલી એટલું જ ધ્યાન દોરવું છે સાહેબ, આક્ષેપ-પ્રતિ આક્ષેપથી દૂર રહીને ખાલી મેં એટલી જ વાત કરી છે કે, મારા વિસ્તારની અંદર દા.ત. જમીનના ભાવ પાંચ લાખ હોય પણ જંત્રી પ્રમાણે પચીસ લાખના દસ્તાવેજો કરવા પડે છે, એવી વિસંગતતાઓ અમારે દસ-પંદર ગામની અંદર છે એના કદાચ સાક્ષી અમારા નીતિનભાઇ નાયબ મુખ્યમંત્રી છે, મારા તાલુકાના જ છે, તમે કદાચ એમને પૂછજો મેં કહ્યું એમ નીતિનભાઇ, થોળમાં ૧૨૦ થી ૧૫૦, આંબલીયારા અને આ બાજુ અઢાણા પેલી બાજુ જાલોડા અને પેલી બાજુ બાવલુ ૧૫૦૦-૧૫૦૦ રૂપિયા જંત્રી છે એટલે કયા કારણોસરથી કે સરકારની કોઇક ભૂલથી રહી ગયું છે, વારંવાર મેં રજૂઆતો કરી છે. મારો તમને ખાલી પ્રશ્ન એટલો જ છે કે, ત્યાં આગળ સાચી તપાસ કરી સાચુ સર્વે કરાવી અને જંત્રી કાયદેસર જેટલી હોય એટલી વિસંગતતા દૂર કરવા સરકાર માગે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી બળદેવજીએ જે જંત્રીની વાત કરી છે વિસંગતતા બાબતમાં અલગ- અલગ અભિપ્રાયો હોઇ શકે પણ મેં એવી વાત કરી કે જનરલ, ગામડાંની જંત્રી ઓછી હોય. જંત્રી ત્રણ પ્રકારની છે ખેતીની, રહેણાંકની અને ઇન્ડસ્ટ્રીની કોમર્શીયલની એટલે ખેતીની ઓછી હોય એટલે મેં કહ્યું કે આ જે દંડની વાત છે એ ખેડૂતોને ઓછી લીધી. જંત્રીની વિસંગગતા માટે અલગ અભિપ્રાય હોઇ શકે આપનો પણ આપની વાતમાં એ હતું કે, ગામડાંને દંડ. હવે જંત્રી આધારે છે, જંત્રી ખેતીમાં ઓછી જ હોય છે. ક્યાંક વધારે-ઓછી હોઇ શકે, આપનો ક્યાંક અભિપ્રાય હોઇ શકે પણ એ જંત્રી વખતે જ્યારે ચર્ચા કરીશું ત્યારે આપણે એમાં ડિટેઇલમાં ચર્ચા કરી લઇશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : (અંતરાય) ખેડૂતના દીકરા છીએ તમે પણ ખેડૂતના દીકરા છો, મારો સવાલ એટલો જ છે કે, હું જે વિસ્તારમાંથી આવું છું જે બાજુથી આવું છું એ મોટાભાગના ગામડાંમાં આ જંત્રીનો મોટો પ્રોબ્લેમ છે, બરાબર. કોઇક જગ્યાએ ૨૦ ટકા, ૨૫ ટકા કે ૧૦૦ ટકા જંત્રીનો વધારો થયો છે. અમારા બાજુના ગામડાંમાં ૧૨૦૦ ગણો સીધો વધારો થયો છે એ વિસંગતતા દૂર કરવા માટે મહેસૂલ મંત્રી તરીકે હું આપને વિનંતી કરું છું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ભૂતકાળમાં સમયે સમયે જંત્રીની વિસંગતતા માટે પ્રયત્નો કર્યા છે અને નિર્ણયો લીધા છે ભૂતકાળમાં પણ વિસંગતતા માટે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય મંત્રીશ્રીએ મોટું મન રાખી આ ગૃહના ઉપ નેતાની વાતને એણે પણ સૂર પુરાવ્યો હતો માનીને એમ કહ્યું હતું કે,વધુ જંત્રી છે એવા ગામડાંની જંત્રી રિવ્યુ કરીને ઘટાડી દેશો તો આનંદ થશે. અમારે તમારા બિલમાં વિરોધ નથી કરવો પણ માનનીય કૌશિકભાઇ તમે પણ મન મોટુ રાખી અને આ શ્રી બળવેદજીનો એક પ્રશ્ન નથી, ગુજરાતના કેટલાય ગામડાંની અંદર જંત્રીની વિસંગતતાઓ છે. એક ગામમાં જ્યાં મજદુરો રહે, શ્રમિકો રહે એની જંત્રી ઉંચી હોય અને જે કમાણી કરે એની ત્યાં જંત્રી ઓછી હોય આવી પણ વિસંગતતા છે. એટલે મારી માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય

મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે કે, આ જંત્રીને રિવ્યુ કરવા માટેની જે ફરિયાદો છે. એમાં સકારાત્મક અભિગમ સાથે અલગ અલગ ગામોમાં જંત્રીનો તફાવત હોય, એક ગામમાં વિસ્તારોની અંદર જંત્રીઓમાં, નાના ગામડાંમાં વિસ્તાર તો ખૂબ એનું ક્ષેત્રફળ નાનું હોય છતાંપણ વિસંગતતા જોવા મળે છે તો આ સુધારશે તો એનાથી રાજયની આવકમાં પણ ફાયદો થવાનો છે અને લોકોની પીડા ઓછી થવાની છે એટલે મંત્રીશ્રી આ રીતે સરકારાત્મક લેશે તો અમને ગમશે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી વાતમાં પહેલા પણ કીધું આ સરકારે જંત્રીની વિસંગતતા બાબતમાં અનેકવાર નિર્ણયો લીધા છે જે કંઇ આવશ્યકતા હશે, અમારી સરકાર સારા, સરળ વહીવટમાં માને છે. જે કંઇ લેવલે જે ઘડીએ કંઇ કરવું હશે અમે વિચારીશું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ એટલો જ છે અમારા નીતિનભાઇને પૂછો તો પણ ખબર પડશે એટલા માટે કે એ આખા વિસ્તારની અંદર જયારે ૩૦ રૂપિયા, ૫૦ રૂપિયા અને સો રૂપિયા જંત્રી હતી ત્યારે બહુ મોટા લોકોએ ત્યાં આગળ હજારો વિઘા જમીન ખરીદી લીધી. મારી વાતને તમે સમજજો અને પછી જંત્રીમાં રાતોરાત એટલો વધારો થયો કે જે માણસે કરોડ રૂપિયાના દસ્તાવેજ કર્યા હતા એ રાતોરાત સો કરોડનો માલિક બની ગયો વ્હાઇટનો, અને એટલા માટે

આ પ્રોબ્લેમ ત્યાં થયેલો છે અને એટલા માટે ફરીવાર સરકાર વિચારે કે જંત્રીમાં કયાંય ભૂલ હોય તો વિસંગતતા ઘટાડી અને તમામે તમામ સરવે કરી અને એ ગામડાંની અંદર જંત્રી બાબતમાં ન્યાય મળે એવી વિનંતી કરું છું.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં પણ સરકારે જયાં જયાં આવી બાબત આવી ત્યાં નિર્ણયો કર્યા જ છે. એ સમયે પણ જે કરવાનું હશે તે સરકાર વિચારશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક –૩, સન ૨૦૧૮ ના ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (સુધારા )વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક –૩ સન ૨૦૧૮ ના ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (સુધારા )વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક –૩નું સન ૨૦૧૮ ના ગુજરાત ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૧૮ નું ગુજરાત વિધેયક ક્રમાંક – ૧૧**

**ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮**

**ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક– ૧૧, સન ૨૦૧૮ ના ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

સભાપતિશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૮ ના વિધેયક ક્રમાંક– ૧૧, સન ૨૦૧૮ ના ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના સંવિધાનમાં કરાયેલ ૭૩ મા અને ૭૪ મા બંધારણીય સુધારા અન્વયે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, તમામ સ્થાનિક પંચાયતો દા.ત. મહાનગરપાલિકાઓ હોય, પંચાયતો હોય, નગરપાલિકા હોય. એને બંધારણીય પીઠબળ આપવામાં આવેલ છે. તેને પ્રજાભિમુખ વહીવટ માટે સુદ્રઢ બનાવવા માટેની જોગવાઇઓ કરવામાં આવેલ છે. આ જોગવાઇઓને અનુરૂપ રાજ્યમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ઘડવામાં આવેલ છે અને અમલી બનાવવામાં આવેલ છે. ભારતના સંવિધાનમાં કરાયેલ ઉક્ત બંધારણીય સુધારાઓની જોગવાઇ સાથે સુસંગત રહે તે રીતે રાજ્યમાં તત્સમયે અમલી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ રદ કરીને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તા. ૨૬–૮–૧૯૯૩ થી અમલમાં લાવવામાં આવેલ છે. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ–૫૫(૪) માં સુધારો કરવા માટે નીચે મુજબનાં કારણો અને હેતુઓ ધ્યાને લઇ આ સન્માનનીય સભાગૃહમાં બિલ લઇને હું આવ્યો છું. અત્યારે જે કલમ છે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ–૫૫ની પેટાકલમ–૪ એમાં હાલની જોગવાઇ છે. કલમ–૫૫ ની પેટા કલમ–૪ ની જોગવાઇ મુજબ પેટા કલમ–૨ ના ખંડ–૪ માં ગમે તે મજદૂર હોય તે છતા સરપંચશ્રીની અથવા પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના કોઇ સભ્યની અને સેક્રેટરીની સહી સિવાય પંચાયતના ફંડમાંથી કોઇપણ નાણાં ઉપાડી શકાશે નહિ. બિલમાં જે જોગવાઇ સૂચવવામાં આવી છે તે આ સુધારાની કલમ–૫૫ ની પેટાકલમ–૪ ની જોગવાઇ મુજબ પેટા કલમ–૨ ના ખંડ–૪ માં ગમે તે મજકુર હોય તે છતા સરપંચશ્રીની અને સેક્રેટરીની સહી સિવાય પંચાયતના ફંડમાંથી કોઇપણ નાણા ઉપાડી શકશે નહિ. ગુજરાત રાજ્ય બીજા નાણા પંચની ભલામણ અન્વયે આ સુધારો કરવાનો થાય છે. આ સુધારો કરવાથી પંચાયતોમાં થતી નાણાકીય અનિયમિતતાનો પણ અંકુશ લાવી શકાશે. ઉપર મુજબનાં કારણો, હેતુઓ ધ્યાને લઇને ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૫૫ ની પેટા કલમ–૪ માં સુધારો કરતું ગુજરાત પંચાયત એમેન્ડમેન્ટ બિલ–૨૦૧૮ આ સન્માનનીય સભાગૃહમાં મંજૂર કરવા સન્માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી પણ કરું છું. કલમમાં સુધારો જે કર્યો છે, તેનાથી આ બિલ લાવવા પાછળનો મુખ્ય હેતુ સરપંચશ્રીને કાયદાકીય પ્રાપ્ત થતા અધિકારો અને સત્તાઓ સીધી રીતે આપવાનો છે. વધુમાં સરપંચશ્રીની સાથે સેક્રેટરીની સહી થતા તલાટી કમ મંત્રીશ્રીની વધુ

* વિધેયક તા. ૨૨ મી ફેબ્રુઆરી ૨૦૧૮ ના ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

જવાબદારીથી લોકશાહી પદ્ધતિથી ચૂંટાયેલા સરપંચશ્રીઓને મદદરૂપ થશે. પોતાની જવાબદારી ચોકસાઇપૂર્વક નિભાવશે. નાણાકીય પારદર્શિકતા પણ આવશે. હાલની જોગવાઇ મુજબ પંચાયતના ફંડમાંથી નાણા ઉપાડવા સરપંચશ્રીની અથવા પંચાયતે તે અર્થે અધિકાર આપેલા પંચાયતના કોઇપણ સભ્યની કે તલાટી કમ મંત્રીશ્રીની સહી ફરજિયાત છે. પરંતુ ઘણા કિસ્સાઓમાં પંચાયતો દ્વારા સરપંચશ્રીની સહીની જરૂરિયાત નથી તેવા ઠરાવ કરવામાં આવે છે. બેન્કની લેવડ–દેવડમાં સરપંચશ્રીની સહી મોકલવામાં આવતી નથી તેવા કિસ્સા બનવા પામેલ છે. કાયદાકીય અર્થઘટન અલગ અલગ રીતે કરીને, ઠરાવ કરવા બાબતમાં વહીવટી ગૂંચવણો ઊભી થયેલ છે. ભવિષ્યમાં આવી વહીવટી ગૂંચવણો ઊભી ન થાય અને કાયદાકીય અર્થઘટનોમાં એકસૂત્રતા જળવાય રહે તેવા શુભ આશયથી આ બિલ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું. સરપંચશ્રી એ ગ્રામ પંચાયતના કારોબારી વડા છે. ગ્રામ પંચાયતમાં બાંધકામ અંગેની રજા ચિઠ્ઠી આપવી તથા વિકાસની અને વહીવટી પ્રકારની તમામ કામગીરી સરપંચશ્રી દ્વારા કરવાની હોય છે. આમ ગ્રામ પંચાયત દ્વારા વિકાસનાં કામો અને અન્ય વહીવટી કામમાં ખર્ચ કરવામાં આવે તેવા તમામ વાઉચરો, બિલો સરપંચશ્રીની સહીથી મંજૂર થતા હોય છે. તેવા સંજોગોમાં નાણા ઉપાડવા માટે સરપંચશ્રી અને તલાટીની સંયુકત સહીથી કાર્યવાહી કરવી આવશ્યક છે. ગ્રામ પંચાયતમાં તેના ફંડના ઉપયોગ અંગે થતી અનિયમિતતામાં પણ નિયંત્રણ અને અંકુશ લાવી શકાશે. ગ્રામ પંચાયતના ફંડના અનિયમિત ઉપયોગ ઉપર અંકુશ લાવવાથી ગ્રામપંચાયતોનું ફંડ સાચા અર્થમાં વિકાસનાં કામમાં સમયસર ઉપયોગમાં લઇ શકાશે. બીજા નાણા પંચની ભલામણ ધ્યાને લેતા આ સુધારો કરવાથી નાણા પંચની ભલામણનો રાજય સરકારે અમલ કરેલ છે, તેવું સુનિશ્ચિત થશે. ગુજરાત રાજ્ય બીજા નાણા પંચની ભલામણ અન્વયે આ સુધારો થવાથી ગ્રામપંચાયતના ભંડોળમાંથી સરપંચશ્રી અને સેક્રેટરીની સહી સિવાય નાણા ઉપાડી શકાશે નહિ. આ સુધારો કરવા પાછળનો હેતુ ગ્રામ પંચાયત કક્ષાએ ૫૦ ટકા સરપંચશ્રીના હોદા મહિલાઓ માટે અનામત રાખેલ છે. તેમજ ગ્રામકક્ષાએ કાયદાકીય અને નિયમોની અજ્ઞાનતાનો ગેરલાભ લઇ ન શકે તે માટે સરકારના કર્મચારી તલાટી કે જે પંચાયતના સચિવ છે અને ચેકબુક તેમની કસ્ટડીમાં રહેતી હોય છે. સરપંચશ્રીઓ સામે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭ અન્વયે ખોટી કાર્યવાહી થાય નહીં અને સરપંચશ્રીની જવાબદારી ઉપસ્થિત ન થાય તેમજ તલાટી કમ મંત્રીશ્રી જાણકાર હોય તે અર્થે સરપંચશ્રી અને સચિવની સંયુકત સહીથી નાણાં ઉપાડી શકાય તથા નાણાંકીય અનિયમિતતા તથા ઉચાપત જેવા કેસો પર નિયંત્રણ આવે તે શુભ હેતુથી આ સુધારો આ સન્માનનીય સભાગૃહમાં લઇને આવ્યો છું.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી સુખરામભાઇ રાઠવા. બધાને વિનંતી છે કે સમય ખૂબ થયો છે. મુદ્દાસર આપ આપની રજુઆત કરશો. મુદ્દાસર રજુઆત થાય.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ને સુદ્રઢ બનાવવા માટે મારા પાડોશી જિલ્લાના મંત્રીશ્રી માન્યવર બાપુ આ વિધેયક લઇને આવ્યા છે અને મારા જુના જાણીતા છે. મંત્રીશ્રીની જે લાગણી છે તે દેખતાં કેટલીક પંચાયતોમાં નાણાંની અનિયમિતતા થતી હતી તે સરકારે સ્વીકારવું રહ્યું. આ ૧૯૯૩નો જે પંચાયત અધિનિયમ છે તે અધિનિયમ થકી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને આપણે નિયમો આપીને તેમના હકક આપ્યા છે. હું ભૂલતો ન હોઉં તો ગુજરાતમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ થયા પછી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોને અગાઉ જે હકકો આપેલા હતા તે હકકો આ સરકારે સીધો તરાપ મારીને તેની જે કામ કરવાની શૈલી હતી તે હકકો છીનવી લીધા છે તે વાત આમાં નથી આવી. આ જે સુધારો થયો છે તે સુધારો થવાના કારણે....

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો સ્કોપ છે તે ફકત ટૂંકો છે કે અત્યારે ગ્રામ પંચાયતમાં જે સહીનો નમુનો છે તે ગ્રામ પંચાયતના સરપંચ અથવા ગ્રામ પંચાયત નકકી કરે તે સભ્ય અને તલાટી તેના બદલે સરપંચ અને તલાટીની સંયુકત સહીથી આ ઉપાડાશે. આમાં તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતનો કોઇ વિષય આ બિલની અંદર નથી. એટલે એનો સ્કોપ છે તેની અંદર વાત કરે તો ખૂબ આનંદ થશે. તેમના સૂચનો આવશે તો આનંદ થશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુખરામભાઇ આ ગૃહના વરિષ્ઠ ધારાસભ્ય છે, ચોથી ટર્મમાં આવે છે. માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેની સ્કોપની મર્યાદામાં વાત કરી રહ્યા છે. ત્યારે મારી વિનંતી છે કે મંત્રી પોતે બિલ લઇને આવ્યા છે અને જવાબ આપવાના છે તેની વરાળ હોય તો તે નોંધો, તેની શું સમસ્યા છે અને તેનું સમાધાન આ બિલમાં મળે તેવા સુધારા લાવો તો ગૃહને ગમશે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આ પંચાયતનું બિલ છે. મર્યાદિત બિલ છે તે હું સમજું છું. ગામડાંમાં તેનો જે વહીવટ થાય છે, તેનો અમલ થાય છે તે વાત આ ગૃહ સમક્ષ અમે રજૂ ન કરીએ. સરપંચોની પણ અપેક્ષા હોય છે, મતદારોની પણ અપેક્ષા હોય છે રજૂ તો કરવું પડે. જવાબ આપવો ન આપવો તે તમારા અધિકારની વાત છે. બીજું નાણાપંચ તેના સૂચન પ્રમાણે કર્યુ છે. ગ્રામ પંચાયતોમાં નાણા પંચના જે પૈસા વપરાય છે તે વાપરવાના અધિકાર પંચાયત અને ગ્રામસભાને આપ્યા છે તે હું માનું છું. આ નાણાનો ઉપયોગ કેવો થાય છે તેની તપાસ આપણે કરાવી શકીએ ખરા કે કેમ? તેનું કોઇ ઓડિટ નહીં. ઓડિટ કોણ કરે છે? તે ઓડિટ કરનાર જિલ્લાના અધિકારી હોય તેમની મિલીભગતથી ગ્રામ પંચાયતોની અંદર હળહળતા ખોટા કામો કેટલીક જગ્યાએ થઇ રહ્યા છે. તેના પર પણ નિયંત્રણ લાવવું જરૂરી છે. આવા જયાં કામો થયા હોય ત્યાં તે કામોના રકમની જે ચુકવણી કરીએ છીએ તેના પર અંકુશ રાખવો જરૂરી છે.

## ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક દાખલો આપીને વાત કરવી છે ધારો કે જે તે સરપંચે પંચાયતમાં આર.સી.સી.નું કામ લીધું હોય તો એ આર.સી.સી.ના કામમાં સીમેન્ટ પણ આવે, સળિયા પણ આવે અને લેબર પણ આવે. તો એની અંદર એવી કોઇ જોગવાઇ છે ખરી કે જ્યાંથી સીમેન્ટ લીધો હોય અથવા જ્યાંથી સળિયા લીધા હોય એને સીધુ પેમેન્ટ કરી શકાય? અને એવી જો જોગવાઇ થઇ હોય તો આ નાણાં પંચાયતમાં સારી રીતે વપરાશે. કેટલીક જગ્યાએ તો એવી બૂમ આવી છે, અમારા ક્વાટ તાલુકાની વાત કરું છું, સીધો ક્વાટને સ્પર્શતો પ્રશ્ન છે કે, કામો થઇ ગયા પછી પણ નાણાં પંચાયતના મંત્રી અને તલાટી જે તે ધીરાણ કર્યું છે સીમેન્ટ અને સળિયાનું તેને ચૂકવાતા નથી, આ બાબતમાં થોડોક અભ્યાસ કરાવીને આપણે જેને સત્તા કહે છે પંચાયતના સરપંચ અને તાલાટીને એ સત્તાનો ઉપયોગ દુરુપયોગ ન થઇ જાય એની કાળજી રાખવી પડશે અને હું પોતે એમ માનુ છું કે, જ્યાં નાણાંની અનિયમિતતા થઇ હોય ત્યાં એની જવાબદારી સરપંચની સાથે સાથે તલાટીને સવિશેષ આપવી જરૂરી છે એટલા માટે કે સરકારનો એ નોકર છે અને ખોટું કરતા અટકશે. માનનીય મંત્રીશ્રી, આ જે તમારો હાર્દ છે સરપંચોને વધુ સત્તા આપવાનો આ પંચાયતી રાજમાં આપણે વખતો વખત સુધારા કરીને સરપંચોને અધિકાર આપીએ છીએ તે બદલ આપને અભિનંદન આપુ છું. આ પંચાયત સુધારામાં જે હાર્દ છે એને હું મારો ટેકો આપુ છું. !અસ્તુ!

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩, સુધારા અધિનિયમ ૨૦૧૮ માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને એમાં સમર્થન આપવા માટે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત એ પંચાયતી રાજનું મહત્વનું એકમ ગણાય છે. ગામડાંના લોકો આ ગ્રામ પંચાયતને ગ્રામ સેવા સદન તરીકે પણ સમજી શકે છે, આ ગ્રામ પંચાયતને ગ્રામ સચિવાલય તરીકે પણ લોકો સ્વીકારે છે. ત્યારે આ ગ્રામ પંચાયતમાં એક સારો વહીવટ થાય, સુદૃઢ બને, પારદર્શીતા આવે એ વિચારોથી જયારે ભારત સરકાર અને રાજય સરકાર, આજે હમણા જયારે સુખરામભાઇ બોલ્યા ત્યારે મને થોડું દુઃખ થયું, અમે કોઇ ઉપર તરાપ નથી મારી. ગામના લોકો ઉપર આપણે ભરોસો મૂકવો જ પડે, ગામમાં સારો વહીવટ થાય એ સ્વાભાવિક રીતે સૌ આ ગૃહના સભ્યો અપેક્ષા રાખતા હોય છે. મારે આજે સુખરામભાઇ કહેવું પડે છે કે, એક સમય એવો હતો, મારે કોઇનું નામ નથી લેવું પણ કહેવું પડતું હતું કે દિલ્હીથી એક રૂપિયો મોકલાવીએ છીએ તો ગામડાંમાં પંદર પૈસા જાય. ત્યારે આજે મારે કહેવું પડે છે કે, ભારત દેશના વડા પ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીસાહેબ ૧૪માં નાણાં પંચના પૂરેપૂરા રૂપિયા આજે ગામડાંમાં આપી રહ્યા છે અને એનો નાણાકીય રીતે ગેરવહીવટ ન થાય, કોઇ સરપંચ બિચારો ઓછો ભણેલો હોય, એને ઓછી સમજણ હોય અને નાણાંની ઉચાપતમાં એ ફસાઇ જાય અને એના ઉપર અનેક પ્રકારના કેસો થઇ જાય એમાંથી બચવા માટે પણ આ ગ્રામ સચિવાલયના સચિવને સાથે જોડવામાં આવ્યો છે એ સ્પષ્ટ દેખાય આવે છે અને આ વિધેયક જે તમે પણ સ્વીકારો છો કે એ બધાના માટે ખૂબ જરૂરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે પંચાયત પણ ભાજપ સમર્પિત સરપંચો પાસે આજે પ્રજાએ સોંપી છે, આ વિધાનસભા પણ ભારતીય જનતા પાર્ટીને સોંપી છે અને આ દેશની પ્રજાએ દેશનું શાસન પણ ભાજપને સોંપ્યું છે એનો અમને આનંદ છે અને અમે એવા સારા વિચારો સાથે ગામ સમૃદ્ધ બને, ગામ સારી રીતે વિકાસ કરી શકે, ગામમાં જતો રૂપિયો સારી રીતે વપરાય, લોકો સુધી પહોંચે, મહોલ્લા સુધી પહોંચે, ઘર ઘર સુધી પહોંચે એવા ઉદેશ સાથે જયારે આ વિધેયકમાં તલાટી કમ મંત્રીને જોડવામાં આવ્યા છે ત્યારે મિત્રો સ્વભાવિક રીતે હું સરકારને પણ અભિનંદન આપુ છું અને મંત્રીશ્રીને પણ અભિનંદન આપુ છું અને આ બિલને આપણે આવકારવું જ પડે. હું પણ ગામડાંમાંથી આવું છું, ઘણા બધા લોકો ગામડાંમાંથી આવે છે, સરપંચની ચુંટણી એવી હોય છે કે તે કોઇ પક્ષીય રીતે ચુંટણી થતી હોતી નથી, એ બધા લોકો સ્વીકારે છે પણ તેમ છતાં વિચારોથી કોઇપણ ચુંટણી લડે ત્યારે ભા.જ.પ. ની વિચારધારામાં પણ જોડાય છે અથવા કોંગ્રેસની વિચારધારામાં જોડાયેલા સરપંચો આપણને જોવા મળે છે. પણ કેટલીકવાર કોઇ એક ગામમાં સાત વોર્ડ હોય કે પાંચ વોર્ડ હોય તો ઘણીવાર એવું બને કે સરપંચ એ બિનપક્ષીય હોય છે, સરપંચ એની રીતે ઉમેદવારી કરે, પોતાની તાકાતથી કદાચ એનો એક વોર્ડ એનો મજબૂત હોય તો છ–સાત ઉમેદવારોમાંથી પણ એ માણસ જીતી શકે છે, ત્યારે આટલા મોટા ગામની પ્રજા જયારે આ ગ્રામ પંચાયત ઉપર સારા વિકાસની અપેક્ષા રાખતી હોય ત્યારે તલાટી–કમ–મંત્રી એક બહુ જવાબદાર વ્યક્તિ હોય છે અને એમાં એને જયારે જોડીએ છીએ ત્યારે ગામની પ્રજાને ભરોસો છે એ ચોક્કસ રીતે આવનારા દિવસોમાં એ ગ્રામ પંચાયતનો વહીવટ આજે છે એનાથી પણ સારો બનવા જઇ રહ્યો છે એટલે હું આપણા વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇને પણ અભિનંદન આપું છું અને આપણા પંચાયત મંત્રી શ્રી જયદ્રથસિંહભાઇ પરમાર સાહેબને પણ હું અભિનંદન આપું છું કે આ બિલ ખૂબ જ આવકાર્ય છે, સમર્થન આપવું જ જોઇએ અને આ ગૃહના તમામ સભ્યો ખૂબ સારી રીતે એને સમર્થન આપે. આવનારા દિવસોમાં ગામ સુખી હશે, ગામડાંનો સારો વિકાસ હશે તો રાજ્યનો પણ સારો વિકાસ દેખાશે, દેશનો પણ સારો વિકાસ દેખાશે એટલા માટે આ બિલને આપણે સૌએ આવકારીને ટેકો આપવો જોઇએ એ જ વાત સાથે મારી વાત પૂરી કરું છું. ધન્યવાદ.

શ્રી વિરજીભાઇ ઠુંમર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં મારા સૂચનો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. મારી પહેલાંના સભ્યશ્રી હમણાં ઘણું બધું કહેતા હતા પણ સેક્રેટરી અને સભ્ય તો પહેલેથી જ હતું, સેક્રેટરીને આ બિલમાં હમણાં જ દાખલ કર્યા છે એવું નથી, પરંતુ સભ્ય, સરપંચ અને સેક્રેટરી એમાં સરપંચ અને સભ્ય પછી કોઇપણ હોય અને સેક્રેટરી એ બન્નેમાંથી કોઇ એકની સહીથી વહીવટ કરવાનો હતો એના બદલે સભ્યને બાકાત કરવામાં

આવે છે એ બરાબર થતું નથી હું એ કહેવા માટે ઉભો થયો છે. આ દેશના પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ રાજીવજીનું એક સ્વપ્ન હતું, ત્રિસ્તરીય પંચાયત માટેનું હતું. એના કારણે ગુજરાતની પંચાયતો સુદ્રઢ બની છે. જશ અત્યારની સરકારે લેવો હોય તો લઇ શકે કારણકે અત્યારે શાસનમાં છે. કોઇએ મ્યુનિસિપાલિટીની વાત કરી છે અને બિલમાં ન હોય તેવી પણ ધારાસભ્યશ્રીએ વાત કરી છે. રાજીવજીનું નામ આવે અને સામે પક્ષે આટલા બધા ગરમ થતાં હોય તો હું એ નહિ ચલાવી લઉં. એમણે આજ આપ્યું છે એ સ્વીકારવું પડે. આ ત્રિસ્તરીય એમણે જ આપ્યું છે. અહીંયા બહેનો બેઠી છે ત્યારે મારે એમને કહેવું છે કે, ગ્રામ પંચાયતના સરપંચની અનામત આપી હોય તો રાજીવજીએ તમામ સમાજને આપી છે અને બહેનોને સરપંચ બનવાની પહેલી તક આપી હોય તો રાજીવજીના કારણે બન્યું છે નહિ તો કોઇ ભાઇઓ તમને આ બહેનોને સરપંચ બનાવવાના નહોતા. આ વાતને સ્વીકારવી જોઇએ. સેક્રેટરીની સહી ચાલતી નહોતી. પરંતુ ગત વિધાનસભામાં ત્રણ પૈકી કોઇ બે સભ્યો, એટલે એમાં સભ્ય, સરપંચ અને સેક્રેટરી એમાં સરપંચ અને સેક્રેટરી સહી કરે તો પણ ચાલતું હતું અને સરપંચ અને સભ્ય સહી કરે તો પણ નાણાંનો ઉપાડ થઇ શકતો હતો તેને બદલે સેક્રેટરીને દાખલ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, દાખલ કર્યા એની સામે હું અત્યારે વિરોધ નથી કરતો કારણકે આ સુધારો આપણે લાવતા નથી, પરંતુ અત્યારે કેટલા તલાટીઓની ઉણપ છે? મારા જ પ્રશ્નના જવાબમાં પંચાયત મંત્રીશ્રીએ હમણાં જવાબ આપ્યો હતો કે, ૫૯૮ તલાટીઓની જગ્યાઓ પૈકી ૨૫૫ તલાટીઓની જગ્યાઓ ભરેલી છે ૩૭૭ જગ્યાઓ ખાલી છે આમાં શાનો સુદ્રઢ વહીવટ તમે કરવા માગો છો? પહેલા તલાટી મંત્રીશ્રીઓ તો ભરો, તલાટી– મંત્રીશ્રીઓ ભરાતા નથી અને એની પાસે પાંચ પાંચ ગામના ચાર્જ છે, સરપંચ બિચારો તલાટીને શોધવા નીકળે છે, જૂઓ તો ખરા તમે કઇ વ્યવસ્થા ગોઠવી છે? કયા દિવસે અમારો સેક્રેટરી અમારા ગામમાં આવે, અમારા લોખંડના કે બીજા કોઇ પૈસા ચૂકવવાના હોય, પેલા દુકાનદારને મારી જવાબદારી ઉપર મને લોખંડ આપ્યું છે. મારી જવાબદારી ઉપર મને સિમેન્ટ આપ્યો છે. મંત્રીશ્રીની રાહ જોવામાં ને જોવામાં સરપંચની બેઆબરૂ થાય છે એના મનમાં શંકા ઉભી થાય છે કે શા માટે મને ચેક મળતો નથી? આ પરિસ્થિતિમાંથી બહાર લાવવા માટે જો સરપંચ અને સેક્રેટરી એના બદલે સેક્રેટરીને દૂર કર્યા અને બે સભ્યોને બદલે ત્રણ સભ્યો દાખલ કર્યા હોત તો મારે આ બાબતમાં સૂચનો કરવાની જરૂર નહોતી. મારા સભ્યએ કહ્યું અત્યારે કોઇ પક્ષના નિશાન ઉપર ચૂંટણી લડાતી નથી પરંતુ હમણાં સરપંચોની ચૂંટણી થઇ અને તેને કમલમ્ ખાતે બોલાવ્યા પણ કોઇ સરપંચ હાજર જ ના થયા અને લોકોનું સન્માન કરવુ પડયું તમે જુઓ તો ખરાં. એટલે હજુ પણ મંત્રીને સીધો અંકુશ આપી શકાય, મંત્રીને દબાવી શકાય કે આ સરપંચ સીધો ચાલતો નથી એટલા માટે મંત્રીને દાખલ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત કોંગ્રેસ પાસે આપી. બ્રોડ વિચાર જો ભારતીય જનતા પાર્ટીનો હોત તો હું કહેત કોંગ્રેસની સરકાર હતી અને અનેક જિલ્લા પંચાયતો ભારતીય જનતા પાર્ટીની આવી હતી ત્યારે હું પણ જિલ્લા પંચાયતનો સભ્ય બન્યો હતો. કયારેય તેની ઉપર તરાપ મારવાનો પ્રયાસ નથી કર્યો. આજે કોઇ તલાટીની બદલી થાય, કોઇ શિક્ષક આજે ગામડાંમાં ભણાવવા માટે જાય તો એની ઉપર જિલ્લા પંચાયતના પ્રમુખ કે તાલુકા પંચાયતના પ્રમુખનું કોઇ મોનીટરીંગ નથી. તેને કોઇ ગાંઠતુ જ નથી કારણ કે સીધા જ અહીંયાથી સચિવાલયમાંથી ઓર્ડરો થાય છે એટલે તેને કાંઇ પૂછવામાં આવતું નથી. જિલ્લા પંચાયતનો વહીવટ જયારે જિલ્લા પંચાયતના પ્રમુખ અને તાલુકા પંચાયતનો વહીવટ તાલુકા પંચાયતના પ્રમુખની રાહબરી નીચે ચાલે તો સુદ્રઢ ચાલ્યુ ગણાય. તેના બદલે તેની ઉપર તરાપ મારવા માટેનો પ્રયાસ કર્યો છે. લોકશાહીનું મૂલ્ય જાળવવા માટે ભારતીય જનતા પાર્ટી જો તૈયાર હોય તો પંચાયત મંત્રી તરીકે ભૂપેન્દ્રસિંહ બાપુ રહી ચૂકયા છે મને ખબર છે. બહુ જ સારી વાતો લઇને અમે આવતા ત્યારે સ્વીકારાતી જયદ્રથભાઇ, મારા યુવક કોંગ્રેસના પ્રમુખ રહી ચૂકયા છે અત્યારે ભારતીય જનતા પાર્ટીમાં છે, મારે વાંધો નથી. તમને ત્યાંથી ટીકીટ મળી અને તમે ધારાસભ્ય તરીકે ત્યાંથી ચૂંટાયા કદાચ જો મારા યુવક કોંગ્રેસના પ્રમુખ હોત અને અહીંયાથી ચૂંટાયા હોત તો આજે તમે વિરોધ કરતા હોત અને આ લોકશાહીની પ્રક્રિયા છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) હું મંત્રીશ્રી સામે જોઉં છું મારે કયાં જોવુ તે તમારે નથી જોવાનું તે માનનીય અધ્યક્ષશ્રી કહેશે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી આપ મારી તરફ જોઇને કહો.

શ્રી વિરજીભાઇ ઠુંમર : માનનીય અધ્યક્ષશ્રી, હું તમારી સામે જોઇને કહું છું પણ મંત્રીશ્રી સામે પણ જોવુ પડે. આટલો બધો સભ્યોને કેમ દુઃખાવો ઉપડયો છે (અંતરાય) તે તો શહેરમાં રહેનારા લોકો છે તેને ગ્રામ પંચાયતની ચિંતા ના હોય પણ અમે ગામડાંમાં રહેનારા લોકો છીએ. અમારે ગામડાંની ચિંતા છે નાના નાના ગામડાં છે અને સાતસોની વસતિ ધરાવતાં ગામડાં છે. ગામડાંમાં રોજી રોટી નથી મળતી તેના કારણે ગામડાંના લોકોને માઇગ્રેટ થઇને અમદાવાદ જવું પડે છે, તેને સૂરત જવુ પડે છે અને રોજી રોટી મેળવવી પડે છે. ગ્રામ પંચાયતના સ્તર નાના થયા છે હું એમાં એટલો બધો વિરોધ નથી કરતો પણ ગ્રામ પંચાયતનો વહીવટી સુદ્રઢ ચાલે તેના માટે જો આમાંથી સેક્રેટરીને દૂર કર્યા હોત તો હું જરૂર જયદ્રથભાઇને અભિનંદન આપત કારણ કે મંત્રી એ સીધા સરકારના નિયંત્રણ નીચે ચાલતા કર્મચારી છે. અત્યારે જે પરિસ્થિતિનું નિર્માણ થયુ છે તે નિર્માણના કારણે વહીવટી પ્રક્રિયા સરળ બનાવવાના કારણે ઘણી બધી અઘરી બની છે. અને આ જો સરળ બનાવવા માટેની પ્રક્રિયા હોત તો ગ્રામ પંચાયતનું ચૂંટાયેલુ બોડી એ પૈકીના કોઇ પણ ત્રણ સભ્યો ભલે તેમાં મંત્રી ના રાખે, પણ મંત્રી સહી ના કરે તો પણ એ ત્રણ સભ્યો નક્કી કરે ગ્રામ પંચાયતની મિટિંગ મળે અને ચૂકવણું કરવા માટેના નિયમો કર્યા હોત તો જયદ્રથભાઇ હું તમને અભિનંદન આપત. પરંતુ તલાટી મંત્રીને અને સાથે સરપંચને એકને રાખ્યા, સભ્યને પણ દૂર કર્યા તો સભ્યને શા માટે દૂર કર્યા ? સભ્યનો વાંક શું છે તે તો દેખાડો ? એના કારણે આ ગ્રામ પંચાયતનો કયો વહીવટ અટકી જતો હતો

? પરંતુ કોઈ કારણોસર, કોઇ પણ જાતનો બિલનો અભ્યાસ કર્યા વગર તમારી પાર્ટીએ કદાચ નિર્ણય કર્યો હોય કે સભ્યને દૂર કરી નાંખો, એટલે એક જ તમારા કલમના જોરે સભ્ય જે વહીવટ કરતો હતા તેને દૂર કરવા માટેનો પ્રયાસ છે એ લોકશાહીની દ્રષ્ટિએ, ત્રિસ્તરીય પંચાયતની દ્રષ્ટિએ અને ગ્રામ પંચાયતની દ્રષ્ટિએ જરા પણ વાજબી નથી એટલા માટે હું સૂચન રજૂ કરવા માટે ઉભો થયો છું. અમારા સુખરામભાઇ બહુ સિનિયર સભ્ય છે એમણે જયારે તમને સમર્થનની વાત કરી ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, અમારા જે કંઇ સૂચનો છે ગ્રામ પંચાયતને સુદ્રઢ બનાવવા માટે તમે જોયુ હશે આ વખતની વિધાનસભામાં ધારાસભ્ય જે કોંગ્રેસ પક્ષના ચૂંટાયા મોટાભાગના ગામડાંમાંથી ચૂંટાયા છે. ગામડાંએ તો અમને સ્વીકાર્યા છે શહેરમાં કોઇ કારણોસર જીતી નથી શકયા એની પાછળના કારણોના અભ્યાસમાં અત્યારે હું નહીં પડુ પણ તેની જયારે ચર્ચા કરવાનો વિષય આવશે ત્યારે કહીશ. પરંતુ ગ્રામ પંચાયતમાં વધારેમાં વધારે વિશ્વાસ કોંગ્રેસ પક્ષનો વધ્યો છે એના કારણે સભ્યોને બાકાત કરવા માટેનું આ બિલ લઇને આવ્યા છો એ જરાય વાજબી નથી એટલા માટે હું મારા સૂચનો રજૂ કરું છું.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર જે બિલ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. આ વિધાનસભા ગૃહની અંદર ધારાસભ્ય તરીકે પ્રથમ વખત હું બોલવા ઊભો થયો છું ત્યારે ગૌરવની લાગણી અનુભવું છું. અમિતભાઇ અને વિરજીભાઇ બધા મારા મિત્રો છે. હું પહેલીવાર બોલું છું એટલે શાંતિ રાખો તો મજા આવશે. બાકી અમરેલી અને ભાવનગર એ પાડોશી જિલ્લાઓ છે એટલે ઘણા સમયથી આપણે એકબીજાને ઓળખતા હોઇએ. ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક લઇને મંત્રીશ્રી આવ્યા છે એમને હું અભિનંદન આપું છું અને ૧૯૯૩ની કલમ – ૫૫ ની પેટા કલમ – ૪ ની જોગવાઇ મુજબ પેટા કલમ–૨ ના ખંડ – ૪ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં સરપંચે અથવા તો પંચાયતે ઠરાવ કરી જેને અધિકાર આપ્યા હોય એટલે કે, જેની બોડીના સભ્યો વધારે ચૂંટાયેલ હોય અને બોડીના કોઇપણ સભ્યનો એ ઠરાવ થાય અને પંચાયત નક્કી કરે એ પ્રમાણે સરપંચ, સભ્ય અને તલાટી મંત્રી આમના ઠરાવને લઇને એ ચલણથી સહીના નમૂના જેના મોકલવામાં આવે એ સભ્ય સહી કરે તો પણ ભલે અને સરપંચ સહી કરે તો પણ ભલે. તલાટી એમની સાથે સહી કરે એ જોગવાઇ હતી એના બદલે સરપંચ એમાં સહી કરે અને સાથે – સાથે તલાટી મંત્રી પણ સહી કરે એ પ્રકારનો જોગવાઇમાં સુધારો કરવામાં આવી રહ્યો છે ત્યારે હું એને આવકારું છું અને હું મારું અનુમોદન આપું છું. અહીંથી વિરજીભાઇએ ઘણું બધું કહ્યું, સુખરામ ભાઇએ તો પંચાયત પર તરાપ મારવાની વાત કરી છે. આપના વખતની જે પંચાયતો હતી ત્યારે જેટલી ગ્રાન્ટ હતી એમાં લાખ, બે લાખ રૂપિયા માંડ પંચાયતને મળતા હતા. આજે કોઇ પણ એમ.એલ.એ. ગ્રાન્ટ હોય, એમ.પી. ગ્રાન્ટ હોય, એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ હોય, આઇ.જી.ની ગ્રાન્ટ હોય તો ત્રણ થી પાંચ લાખ રૂપિયા આપવામાં આવે છે. એક–બે લાખ રૂપિયા આપવામાં આવતા હતા ત્યારે પણ એના ટેન્ડર થતા હતા અને સરપંચ કે પંચાયત ઉપર કોઇને વિશ્વાસ નહોતો. એ આપ ભૂલી ગયા છો. એ પંચાયતને ત્રણ લાખ સુધીનો અધિકાર હતો અને આજે પાંચ લાખ સુધીનો અધિકાર મળ્યો છે. એ ભારતીય જનતા પાર્ટીની દેન છે. બીજા નાણા પંચની ભલામણ અનુસાર આ સુધારો કરવાનો થતો હોવાથી પંચાયતોમાં થતી નાણાકીય અનિયમિતતા ઉપર ખાસ કરીને અંકુશ લાવવા માટે આ સુધારા વિધેયક દાખલ કરવામાં આવ્યું છે ત્યારે આ બિલ લાવવા પાછળનો જે મુખ્ય હેતુ છે એ સરપંચને કાયદાકીય પ્રાપ્ત થતા હક્કો અને એમની સત્તાનો સીધે–સીધો અધિકાર આપવા માટેની વાતનો છે. સરપંચની સાથે તલાટી મંત્રી સહી કરે. તલાટી એક સરકારી નોકરીયાત છે. સરકારનો કર્મચારી હોવાના કારણે એક સારામાં સારો વહીવટ થઇ શકે. એમની પાસે પંચાયતનું જ્ઞાન હોય છે. નવા–નવા સરપંચો ચૂંટાયેલા હોય ત્યારે એમને ખબર ન હોય પણ તલાટી મંત્રીશ્રીની સહી ફરજિયાત હોય ત્યારે એ સારામાં સારો સુદ્રઢ રીતે વહીવટ થાય એ પ્રકારનો વહીવટ કરવા માટે થઇને તલાટી મંત્રી અને સરપંચની સહી એ સુધારા વિધેયકની અંદર દાખલ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પચાસ ટકા બહેનો માટે એમાં માનનીય વીરજીભાઇએ વાત કરી કે અમારી વખતથી પણ, આપણે બધાય જાણીએ છીએ કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં, પંચાયતોમાં ૫૦ ટકા એ કયારથી અમલમાં આવેલ છે. મારે આપને એ કરેવું છે કે, વિરોધપક્ષના મિત્રો, •(×××)

સભાપતિશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : મને લાગે છે કે, મિત્રો..

સભાપતિશ્રી : માનનીય રાઘવજીભાઇ, આપ મારી સામે જોઇને બિલ ઉપર બોલો, પ્લીઝ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : મને લાગે છે કે, પૂર્વ આયોજિત (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું પણ જિલ્લા પંચાયત, ભાવનગરના...

સભાપતિશ્રી : આપ મારી વાત સાંભળી લો. આપ પહેલીવાર બોલો છો, આપ અવલોકન કરવા કરતાં બિલ ઉપર બોલશો તો વધુ ગમશે, પ્લીઝ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એ કહેવા માગું છું કે, અહીંથી માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરની ચર્ચા હોય, અહીંથી આપણા બજેટ ઉપરની ચર્ચા હોય, સુધારા વિધેયકની ચર્ચા હોય,

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮

કોંગ્રેસના મિત્રો, કોઇ પણ પ્રકારનું પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને એ બોલતા નથી. અમે સહેજપણ બોલીએ તો એમના પેટમાં તેલ રેડાય છે. અમે માનનીય નરેન્દ્રભાઇ મોદીનું નામ પણ બોલી શકતા નથી એટલું બધું એમને બળવા આવે છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતોની અંદર એટલો બધો ભ્રષ્ટાચાર છે આજે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની અંદર એ લોકો બેઠા છે. પોતે કોમ્પ્યુટરની દુકાન ચલાવતા હોય એમ ઉધાર આપ્યું હોય એમ સરપંચોની આગળ મોટર સાયકલ લઇને જાય કહે કે બિલ આવી ગયું ચાર દિવસ થઇ ગયા છે, પૈસા આપી દો અમારી ટકાવારીના, આ પ્રકારનું શાસન આજે કોંગ્રેસની અંદર ચાલે છે, આ દુઃખની વાત છે ત્યારે ખૂબ મોટી મોટી માનનીય વીરજીભાઇ, માનનીય પરેશભાઇ, માનનીય પ્રતાપભાઇ દૂધાત વાતો કરે છે કે પાંચે પાંચ સીટો જીત્યા છીએ પણ સાથે સાથે બે મહૂવા વિધાનસભા આવે છે. માત્રને માત્ર મહૂવા એ વિધાનસભાની લીધે અમે લોકસભા જીતી છે એટલે પાંચે પાંચ જીત્યા છો એટલે એવું નથી અને તમે કહો છો કે આવનારી લોકસભાની ચૂંટણીમાં જીતીશું, એ દાવો કરે છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, બિલ ઉપર બોલો, પ્લીઝ.

શ્રી રાઘવભાઇ ચોં. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, એ દાવો કરે છે કે, અમે આ વખતની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ખૂબ વધારે સીટો જીતવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૬-૨૬ સીટો એ અમારા નરેન્દ્રભાઇની આગેવાનીમાં અમે જીતવાના છીએ એની હું ખાતરી આપું છું. માનનીય વીરજીભાઇ, અમારી લોકસભાની સીટ એક વખત લડ્યા છે, બેન પણ એકવાર લડ્યા છે. મહુવા ઉપર બંન્ને વખતે અમે એમને હરાવ્યા છે એટલે ખૂબ ગૌરવ સાથે હું કહું છું કે, અમે ૨૬-૨૬ સીટ જીતવાના છીએ.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી હવે બેસો. પ્લીઝ, આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી અલ્પેશ ખો. ઠાકોર(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮ જે લઇને આવ્યા છે એમાં થોડાક મારા વિચારો હું રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો. આઝાદ થયો પછી એ ગામડાંની, તાલુકાની ગ્રામ્ય સ્તરની વ્યવસ્થા, પંચાયતી રાજ વ્યવસ્થાનું સ્વપ્નું જે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જોયું હતું એને પૂરું કરવાનું કામ એ કોંગ્રેસ પાર્ટીની સરકારોએ કર્યું છે. ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા જેમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને અનેક સત્તાઓ આપવામાં આવી. જેના થકી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત પોતાનું રાજ, પોતાનો વિકાસ કરવાની નેમ સાથે જે સત્તાઓ આપવામાં આવી હતી એ સત્તાઓ આજે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને મળી રહી છે ખરી ? ના. સમાંયતરે આ સત્તાઓ લઇ લેવામાં આવી. જે રીતે ગ્રામ સ્વરાજનું સપનું , ગામડાંના વિકાસનું સપનું જે ઝડપથી સાકાર થવું જોઇએ તે નથી થયું, તેમાં ઘણી બધી ઉણપો છે અને તેને માટે આપણી કાર્યશૈલી જવાબદાર છે. આજે ગુજરાતની અંદર તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતમાં ૯૦ ટકા જગ્યાએ કોંગ્રેસનું શાસન છે.(અંતરાય) એ તો પૂરાવો આપ્યો ને કે તમારા તરફથી જે સરપંચો માટેનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો અને તેનો ફિયાસ્કો થયો, તે જ તેનો આધાર પૂરાવો છે.

મારે દુઃખ સાથે કહેવું પડે છે કે જે સત્તાઓ જે લઇ લેવામાં આવી તે કયા કારણોસર લેવામાં આવી તો માત્ર રાજકીય કારણોસર લેવામાં આવી. આ લોકો પાસે સત્તાઓ રહેશે તો સારો અને કુશળ વહીવટ કરશે જેના કારણે ગામડાંના લોકો સારો વહીવટ મળશે અને આ કોંગ્રેસના કાર્યકર્તાઓ સારો વહીવટ કરશે તો આવનાર સમયમાં અમે કોઇ પણ ક્ષેત્રે ગામડાંમાં ઘુસી પણ નહીં શકીએ. આવા ભયના કારણે તેઓની પાસેથી સત્તાઓ લઇ લીધી. ગ્રામ પંચાયતમાં જે તલાટીને બેસાડવામાં આવ્યા એ તલાટી આપણો જ કર્મચારી છે. પરંતુ એક પ્રકારે ગ્રામ પંચાયતામાં સરપંચની સત્તા પર કાપ મૂકવાનું કામ પણ રાજય સરકારે ૨૦ વર્ષથી કર્યું છે, આ હકીકત સ્વીકારવી પડશે. જે રીતે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને સત્તા આપી દીધી હતી તે તાલુકા અને જિલ્લા પંચાયતની સત્તા પર પણ રાજય સરકારે સીધી તરાપ મારવાનું કામ કર્યું છે એ વાસ્તવિકતા છે. એટલે ગામની અંદર જે રીતે વહીવટ થવો જોઇએ એમાં, આપણે બધા મોટાભાગના ગામડાંમાંથી આવીએ છીએ. જે બી.પી.એલ લાભાર્થીઓની યાદી બને છે જે ખરેખર ગરીબો છે તેને મળવું જોઇએ તેમાં પણ વિસંગતતા આવી રહી છે અને એમાં પણ સાચા ગરીબને નથી મળ્યું એ પણ વાસ્તવિકતા છે.

જે રીતે સાત બારના ઉતારા ગ્રામ પંચાયતને કાઢવા માટે કમ્પ્યુટર આપવા માટે અનેક ખર્ચાઓ કરવામાં આવ્યા. પરંતુ વાસ્તવિકતા એ છે કે આપણે જે કર્મચારીની નિમણૂંક કરી એને એક પણ રૂપિયો પગાર આપ્યા વગર સુખ-સાહ્યબીના સપનાં બતાવી એને ત્યાં ખુરશી આપવામાં આવી. ઘરેથી પાંચ રૂપિયા લઇને આવે અને વગર પૈસે પાછો જાય આ પાંચ રૂપિયા વાપરીને, આવી વ્યસ્થા કરવાનું કામ પણ આપણે કર્યું. પરંતુ જે સાત-બારના ઉતાર કાઢવાની વાત છે, ગામડાંમાં હજુ પણ લાઇટોના ઠેકાણા નથી. હજુ પણ આપણી વ્યવસ્થામાં કયાંક ઉણપ છે. ઇન્ટરનેટ કનેકટીવીટીનો ઘણો મોટો પ્રશ્ન છે. માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરવા માગું છું કે, જે બી.પી.એલ લાભાર્થીઓ છે અને સાચા ગરીબો છે તેને મળવું જોઇએ. એમાં પણ જો મંત્રીશ્રી સારી રીતે મોનીટરીંગ કરાવી અને વ્યવસ્થા કરાવે તો જે ગરીબો રાહ જોઇને બેઠા છે, બી.પી.એલ. લાભાર્થીઓ બનવા માટે પ્રયત્ન કરતા એ લોકોને ફાયદો થશે. આપણે બધા ગૃહના સભ્યો બેઠા છીએ, રાજ નીતિ ચાલવાની છે. પરંતુ લોકશાહીની આ સર્વોચ્ચ સંસ્થા છે, લોકશાહીની સંસ્થાના મૂલ્યો છે, એના પણ સિદ્ધાંતો છે અને જે કાંઇ કાર્યશૈલી છે, તેના શબ્દપ્રયોગો છે, આપણે જે શબ્દો વાપરીએ છીએ, આપણે જે વર્તન કરીએ છીએ તે જનતા જોતી હોય છે.

આપણને જનતાએ જનાદેશ આપ્યો છે કે ચાહે વિપક્ષમાં ચાહે, સત્તા પક્ષમાં હોય, પરંતુ જયારે ધારાસભ્ય તરીકેનો જનાદેશ આપ્યો છે ત્યારે આપણા બધાની સંયુકત જવાબદારી થાય છે. ગામડાં સમૃદ્ધ હશે, ગામડાં વિકાસશીલ હશે, ગામડાંની અંદર રહેલા સરપંચને સત્તા મળતી હશે, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને સત્તા મળતી હશે તો આપણો બધાનો જે ઉદેશ છે વિકાસનો એ આપણે બધા સર કરી શકીશું. પરંતુ આજે વાસ્તવિકતા છે એ જુદી જ છે. સરકારે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓની સત્તા ઉપર કાપ મૂકયો છે એ દુઃખપૂર્ણ અને દુઃખદ બાબત છે. તલાટીઓને સરપંચ સાથે સત્તા આપવામાં આવી છે પરંતુ આપણે ત્યાં તલાટીઓની ઘટ છે. આપણી પાસે અત્યારે દસ દસ ગામોમાં એક જ તલાટી કામ કરે છે. એક સરપંચને એક ગામનો વહીવટ કરવામાં તકલીફ પડતી હોય ત્યારે એક તલાટીને દસ દસ ગામ આપ્યા એ કેવા પ્રકારની વ્યવસ્થા આપણે ઉભી કરવા માગીએ છીએ? માનનીય પંચાયત મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરવા માગું છું કે સૌ પ્રથમ જે તલાટીઓની ઘટ છે એ પૂરી કરવામાં આવે અને વી.સી. કર્મચારી મૂક્યા છે એનું પગાર ધોરણ નક્કી કરવામાં આવે એવી વ્યવસ્થા જો આપના માધ્યમથી થતી હોય તો વધારે આનંદ થશે.

હું નવો સભ્ય છું, નવા સભ્ય તરીકે પહેલી વખત બોલવા માટે ઉભો થયો છું. આ સભાગૃહમાં બોલવા માટેનો મોકો મળ્યો એ બદલ હું આપનો આભાર માનું છું. આ વિધાનસભામાં હું ઇમાનદારીપૂર્વક વર્તવાનો પ્રયત્ન કરીશ, નવો છું એટલે તૈયાર થવામાં વાર લાગશે. આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી, વિરોધપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય મંત્રીશ્રી આર. સી. ફળદુ, અમારા માનનીય સભ્યશ્રી પુંજાભાઇ, માનનીય કુંવરજીભાઇ, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી ગૃહના સદસ્ય છે એમનામાંથી કંઇક લેવાનો પ્રયત્ન કરતો હોઉં છું. અહીંયા ઘણા બધા યુવાન ધારાસભ્યો છે ત્યારે હું સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે અહીંયા જે પ્રકારે કોમેન્ટો થાય છે એ ન થાય કારણ આપણે લોકશાહીના મંદિરમાં બેઠા છીએ તેવે વખતે આવી કોમેન્ટ ન થાય તો જ આપણે એના મૂલ્યોને સાચવી શકીશું.

હું આપના માધ્યમથી મને જયારે બોલવાનો મોકો મળ્યો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને આ સુધારા વિધેયક બાબતમાં સૂચન કરીશ કે સરપંચો, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયતને સત્તાઓ મળેલી છે એ સત્તાઓને રાજય સરકારે ઝૂંટવી લીધી છે એ પાછી આપવામાં આવે અને સત્તા પાછી આપીને સાચી લોકશાહીના દર્શન કરાવવામાં આવે. જયાં સુધી દરેક ગામમાં તલાટી ન મકી દો ત્યાં સુધી બંનેનો સમન્વય નહિ થઇ શકે. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે મેં થોડા ઘણા જે સૂચનો કર્યા છે એનો અમલ કરવા માનનીય મંત્રીશ્રી પ્રયત્ન કરે અને ઇમાનદારીથી સરપંચો વગેરેને સત્તા આપવામાં આવે તો હું ચોક્કસ સમર્થન કરી શકું.

શ્રી લલીતભાઇ કગથરા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પંચાયત સુધારા વિધેયક, ૨૦૧૮ ઉપર મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આપણે બધા એક વાત સાથે સહમત છીએ, ગ્રામસભા છે એને આપણે સચિવાલયનો દરજ્જો આપીએ છીએ. ગ્રામસભામાં થતાં ઠરાવો છે એને માન આપીએ છીએ. આપણું સંપૂર્ણ તંત્ર ગ્રામસભા ઉપર ધ્યાન કેન્દ્રત કરીને કામ કરે છે. આ ગ્રામસભાને સંપૂર્ણ અધિકાર હોય તો આ ગ્રામસભાના પાવર મંત્રીને કેમ આપવા માગે છે? સરપંચ ગામ લોકોમાંથી ચૂંટાઇને આવે છે એની કોઇ નિમણૂક કરતા નથી એ કોઇ સરકારશ્રીના કર્મચારી નથી ત્યારે સરપંચ ચૂંટાયેલ વ્યકિત હોવાથી ગામનો વહીવટ એ કરી શકે છે એમાં વચ્ચે મંત્રીને નાખીને સુસંગતતા લાવતા નથી એવું મારું માનવું છે. અત્યારે ઘણી જગ્યાએ તલાટીઓની ઘટ છે એમાં રેવન્યુ તલાટી અલગ હોય છે અને તલાટી મંત્રી અલગ હોય છે. રેવન્યુ તલાટી છે એ ગ્રામ પંચાયતમાં આવતા નથી માત્રને માત્ર તાલુકા પંચાયતમાં બેસે છે. એ લોકો પણ પાછા સ્ટે લઇને બેઠા છે. આવી પરિસ્થિતિમાં ખરેખર જો ગામડાંનો વહીવટ કરવો હોય તો માત્રને માત્ર સરપંચને અધિકાર આપવો જોઇએ, ચૂંટાયેલી બોડીને અધિકાર આપવો જોઇએ એવું મારું મંતવ્ય છે અને મારું માનવું છે. હમણાં અમારા વડીલ મુરબ્બીશ્રી બીજેપીએ જે શબ્દો કહ્યા હતા એ કહેવા માગું છું. એમના શબ્દો હતા કે, કલેક્ટર બિચારો કકળાટ કરે છે, મામલતદાર બિચારો મૂંઝાય છે અને તલાટી કમ મંત્રી બધા મજા કરે છે. મંત્રીઓને આ બધા પાવર આપીને સરપંચશ્રીઓને અને સભ્યશ્રીઓને મજબૂર કરો છો. અમુક જગ્યાએ જ્યારે બહેનો સરપંચ હોય છે ત્યારે આ મંત્રીઓ એનો ગેરલાભ લે છે. એટલે હું આ વિધેયકમાં આપના મારફત એવું સ્પષ્ટ કહેવા માગું છું કે આ બેંકના વહીવટનો અધિકાર સરપંચને આપવો જોઇએ. બીજું એવું થાય છે કે મંત્રીઓની તો બદલી થતી રહે છે. સરપંચ પાંચ વર્ષ માટે હોય છે. જ્યારે મંત્રીઓની બદલી થાય ત્યારે દર વખતે બેંકમાં જઇને એના નમુનાની સહીઓ આપવી, એના ખાતા ખોલાવવા આ બધી પીંજણ અને વહીવટમાંથી મુક્ત કરવા માટે આપ સરપંચશ્રીને પાવર આપો એવી મારી વિનંતી અને વિચાર છે. આભાર.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું પંચાયત સુધારા વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં મારું અનુમોદન આપી શકતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરપંચને અધિકાર આપવાની વાત એ કોઇ નવી વાત નથી. ૧૯૬૧ પંચાયત અધિનિયમની અંદર સરપંચશ્રીને સત્તાઓ આપવામાં આવેલ હતી. ૧૯૯૩ની અંદર સરપંચશ્રીને સત્તા આપવામાં આવેલ હતી. એની અંદર જે નવો ઉમેરો થયો તલાટી કમ મંત્રીનો કરવામાં આવ્યો છે. ખરેખર ગ્રામ પંચાયતની અંદર જે ચૂંટાયેલી બોડી છે, તમામ ગામના લોકોએ જેમને ચૂંટ્યા છે એનો સ્વતંત્ર હક્ક છે એના ઉપર સરકાર તરાપ મારી રહી છે. મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું કે લોકોનું,

## તા. ૨૭ મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮

લોકો માટે, લોકો દ્વારા ચાલતું રાજ્ય. એમાં પંચાયતની અંદર પંચ ત્યાં પરમેશ્વરની ભાવના રહેતી. પંચ ત્યાં પરમેશ્વર થકી ગામના લોકો સાથે મળી અને નિર્ણયો કરતા. આજે પણ ઘણા બધા ગામડાં એવા છે કે ગ્રામ પંચાયતના માધ્યમથી તમામ પ્રશ્નોનો ઉકેલ આવે છે. મારે કહેવું છે કે ભારત દેશના પ્રધાનમંત્રી સ્વ. રાજીવજી પંચાયતને સીધું ભંડોળ મળે એના માટે ૧૯૯૫ની આસપાસ શરૂઆત કરી. એમણે ૩૩ ટકા સ્ત્રી અનામત આપી. ઓબીસી એક્ટ અને એસ.સી., એસ.ટી.ની રોટેશન મારફત કરી અને એનું પ્રતિનિધિત્વ આખા ગુજરાત રાજયમાં જોવા મળે છે. જવાહર રોજગાર યોજનામાં સૌ પ્રથમ ગ્રામ પંચાયતોને સીધા નાણા મળે એની શરૂઆત કરવામાં આવી. ૬૦ ટકા મટિરિયલ્સ અને ૪૦ ટકા મજૂરીના કામની શરૂઆત કરવામાં આવી. ત્યારે પણ ગ્રામ પંચાયતમાં સરપંચને સહીઓના અધિકારો હતા એમાં એક સરપંચનો, એક સભ્યનો અને એક બીજા સભ્યનો. બે સભ્યમાંથી એક સભ્ય સહી કરે અને સરપંચ સહી કરે તો નાણાંની હેરફેર થઇ શકતી હતી. આજે આ અધિનિયમની અંદર જોવા જઇએ તો જે તલાટી કમ મંત્રીને જે સહીનો અધિકાર આપવામાં આવ્યો છે એની અંદર લોકશાહીનું હનન થાય છે. પંચાયતના સરપંચ, સભ્યની સહીથી જો નાણાંનો વ્યવહાર થાય તો ગ્રામ પંચાયતને ઘણી અનુકૂળતા થઇ શકે તેમ છે. આપના દ્વારા મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે, આની અંદર જે તલાટીની વાત છે, સચિવની વાત છે એની જગ્યાએ ગ્રામ પંચાયતનો સરપંચ અને સભ્યની સહીથી નાણાંની લેવડ–દેવડ થાય એવો એમાં એક સુધારો લાવવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ગ્રામ પંચાયતોની અંદર નાણાપંચની યોજનાની કોંગ્રેસની સરકારની વખતે માનનીય રાજીવજીએ સૌ પ્રથમ પહેલ કરી. આજે પણ નાણા પંચની યોજનાઓ સીધી ગ્રામ પંચાયતોમાં અમલમાં આવી છે. આજે પણ ગ્રામ પંચાયતના વહીવટ અંગે ગ્રામ પંચાયતના લોકો વડે ચાલતું રાજ અને એનું ગાંધીજીનું સ્વપ્ન સાકાર કરવા માટે લોકોને એના માટેની સ્વતંત્રતા મળે એ માટેના જો નાણા વપરાય એના માટેની વાત છે. સરકારે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના અધિકારો છીનવી અને સરકારી અધિકારીને આપી એ પંચાયતોને સરકારી કરવાનું અનુકરણ લાગે છે. સરકારી કર્મચારીઓ સરકારનો હસ્તક્ષેપ કરતા હોય અને ગ્રામ પંચાયતોનો સુદ્રઢ વહીવટ થાય એવી પરિસ્થિતિ ઉભી થાય. અગાઉ પણ ૧૯૯૫ પછી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતની અંદર ઘણી બધી સત્તાઓમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે એના હકકો છીનવી લીધા છે ત્યારે મને અહેસાસ થાય છે કે આવનાર દિવસોની અંદર સરપંચની સહી પણ કાઢી અને એમાં તલાટીઓની સહીથી થશે એવું પણ મને લાગી રહ્યું છે. ટૂંકમાં સરપંચને પણ *(×××) કરશે તો લોકશાહી દૂર થશે અને સ્વતંત્ર સરમુખત્યારશાહી અને સરકારી વલણ થશે માટે આપના માધ્યમથી સરપંચની સાથે ગ્રામ પંચાયતના સભ્યની સહી હોય અને તલાટીની ના હોય એના માટેની આપને હું રજૂઆત કરુ છું અને એ માટે હું મારા વિચારો વ્યકત કરુ છું.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮ના પંચાયત સુધારા બિલની અંદર મારા વિચાર રજૂ કરું છું. કોંગ્રેસ પક્ષે ગુલામીની બેડીઓમાં જકડાયેલા આપણા દેશને આઝાદીથી લઇ લોકશાહી પ્રસ્થાપિત કરાવી અને પંચાયતી રાજ સ્થાપવા માટે પ્રયાસ કર્યો અને પંચાયતી રાજ માટે દિન પ્રતિદિન વિધેયકોની અંદર સુધારા આવતા ગયા. ૧૯ અને ૫૯ની અંદર નાગોરની અંદર પંચાયત સ્થાપનાનું ઉદઘાટન જવાહરલાલ નહેરૂએ કર્યુ હોય, ત્યાર પછી બળવંતરાય મહેતાની સમિતિ હોય, અશોક મહેતાની સમિતિ હોય, દિન પ્રતિદિન પંચાયત રાજની અંદર સુધારા આવતા ગયા. સુધારાની અંદર પૂર્વ વકતા, મારા પૂર્વ ધારાસભ્યોએ વાત કરી એમાં મારો સૂર પૂરાવુ છું કે રાજીવ ગાંધીએ પંચાયતી રાજને પ્રસ્થાપિત કરવા માટે દેશની અંદર કાયદો બનાવ્યો, આ કાયદાની અંદર જે વાતો કરી એ વાતને હું દોહરાવતો નથી પણ આ જે બિલ આવ્યું છે તેની અંદર જે ભય સતાવી રહ્યો છે, જે વાત મારા પૂર્વ ધારાસભ્યોએ કરી તે પ્રમાણે સરપંચ સાથે સભ્યની એટલા માટે સહી જરૂરી છે કે ગામડાંની અંદર તલાટીઓની ઘટ તો છે પણ ગામની અંદર લોકશાહી પ્રણાલી પ્રમાણે જે સરપંચ ચૂંટાતા હોય એ સરપંચ હજાર મત, બે હજાર મત, પચ્ચીસો મતથી ચૂંટાતા હોય અને જે સભ્યોનું બોર્ડ એમની સાથે આવતુ હોય એ મતના આધારે લોકોના મતથી ચૂંટાતા હોય ત્યારે તલાટીની સાથે ત્રીજા સભ્યની સહી એટલા માટે જરૂરી છે કે આપણી લોકશાહી પ્રણાલિકા પ્રમાણે ગામડાંની અંદર કામ કરે કે કોઇ તાલુકાની અંદર કામ કરે કે કોઇ જીલ્લાની અંદર કામ કરે એ લોકોના મતથી ચૂંટાઇ આવીને પ્રતિનિધિ પોતાનું કામ કરતો હોય છે અને એનું મોનીટરીંગ અધિકારી કરતા હોય. છેલ્લા આઠ દિવસ પહેલાની વાત કરું. મારા સાથી મિત્ર હમણાં અમને અને વીરજીભાઇને વાત કરતા હતા કે લોકશાહીની અંદર હારીએ, જીતીએ એ ગૌણ બાબત હોય પણ લોકશાહીનું જયારે હનન થતું હોય ત્યારે સરપંચ ઉપર એ ભય સતાવી રહ્યો છે કે મારા વિધાનસભાની અંદર સો દિવસ પહેલાની વાત કરું કે તલાટીની સાઇનની વાત હોય, તલાટીના દબાવમાં આવી અને સરપંચ કરપ્શનમાં ભેળવાયા અને લાખ રૂપિયાની લાંચમાં તલાટીના મેળાપીપણાથી એને જેલ હવાલે થવું પડયું. તલાટીના મેળાપાથી આવી પરિસ્થિતિનું નિર્માણ એટલા માટે થઇ રહ્યું છે કે તલાટી સાથે હોય, અધિકારી સાથે હોય તો એ પૈસા લેવાની વાત આવે, પોતાના બિલ મુકવાની વાત આવે તો પોતાની સાઇનના વ્યવહારો થતા હોય, આપ લોકો પણ આપના ગામડાંની અંદર આપના વિસ્તારની અંદર જાણકાર છો, લોકશાહીને જો આગળ વધારવી હોય, લોકશાહીને આપણે જો જીવીત રાખવી હોય તો ગ્રામ પંચાયત પોતાનું કામ કરે. મારા સાથી મિત્ર ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય ભાઇશ્રી એ વાત કરી કે આયોજન મંડળની કોઇ યોજના હોય તો આ યોજના કયારે અમલમાં આવી પહેલાં એનું વાંચન કરી લે. સમયની મર્યાદામાં લોકોની લાગણી અને લોકોની વાત પંચાયત શાસનમાં તલાટી તો બદલાતા રહે. લીલીયા, સાવરકુંડલા કે અમરેલી તાલુકાના તલાટી હોય એ તલાટીઓ તાલુકા મથકે રહે છે. તલાટીઓ ગામડાંમાં રહેતા નથી. કોંગ્રેસના શાસનમાં તલાટીઓ ગામમાં રહેતા હતા. આજે એ શહેરોમાં રહે છે. સરપંચોએ સહી કરાવવા માટે તાલુકા મથકે જાય ત્યારે ટળવળવું પડે છે. આઠ દિવસમાં બે

દિવસ તલાટીએ ગામડાંમાં બેસવાનું હોય છે પણ તેઓ બેસતા નથી. તાલુકા મથકે જાય તો ત્યાં તાલુકાના ટી.ડી.ઓ દ્વારા જવાબ મળે છે કે તલાટી પતંગોત્સવમાં, ગરીબ કલ્યાણ મેળાની તૈયારી કરતા હોય ત્યારે પંચાયતી શાસન જોખમાઇ રહ્યું છે. તલાટીઓની ફેરબદલી થતી હોય ત્યારે સહીના વલણના કારણે સભ્યોના સહીના વલણને ઉમેરવામાં આવે અને પંચાયતી શાસનને મજબૂતીથી આગળ વધારાવામાં આવે એટલી વાત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૧, ગુજરાત પંચાયતી સુધારા વિધેયક લઇને જે આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અલ્પેશભાઇએ વાત કરી મહાત્મા ગાંધીની. મૂળભુત ગ્રામ સ્વરાજનું સ્વપ્ન અને વાસ્તવિક રીતે એ જુદું થાય એના માળખામાં ત્રિસ્તરીય પંચાયતી રાજની મુખ્ય ભુમિકાઓ છે. રાજ્ય સરકારની જે કોઇ યોજનાઓ છે એ યોજનાઓનો લાભ ગામડાંના છેવાડાના માણસ સુધી પહોંચાડવા માટેનું કામ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત મારફત થાય છે. મંત્રીશ્રીએ એના ઉદ્ધેશો અને કારણોમાં જે વાત કરી કે ગુણવત્તાવાળા કામો થાય, સરળતાથી થાય, જવાબદારી નક્કી થાય, એવી કોઇ બાબતો આવે તો જવાબદારી નક્કી કરીને પગલાં લઇ શકાય એવી વાત કરી. રેકોર્ડ ઉપર મંત્રીશ્રીએ વાત કરી એ સાથે સંમત પણ રીયાલિટી અને વાસ્તવિકતા એનાથી કંઇક અલગ છે. અત્યાર સુધી વિરજીભાઇએ કહ્યું એ પ્રમાણે ગ્રામ પંચાયત ચૂંટાય અને નવી પંચાયત બોડી અસ્તિત્વમાં આવે અને પછી પ્રથમ બેઠક મળે અને એ બેઠકમાં ગ્રામ પંચાયતનો વહીવટ કરવા માટે સહીનો નમૂનો લઇ અધિકાર આપવામાં આવે છે. એમાં ગ્રામ પંચાયતના ચૂંટાયેલા સભ્યમાંથી કોઇપણ વ્યક્તિ પૈકી એકને સહી કરવાની સત્તા આપવામાં આવતી. તલાટી, સભ્ય અને સરપંચ એ ત્રણમાંથી કોઇપણ બે વ્યક્તિની સહીથી વહીવટ ચાલતો. તલાટીની સહી ફરજિયાત ન હતી. સભ્યને બાદ કરીને તલાટી અને સરપંચ બન્નેને સાથે જોડવા માટેનો આપ જે સુધારો લઇને આવ્યા છો એ સુધારાને કારણે આવનારા દિવસોમાં નાણાકીય ગેરરીતિઓ વધુ થશે અને ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળશે. એટલા માટે સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, અત્યારે આપણી જે વ્યવસ્થાઓ છે એ વ્યવસ્થાની અંદર તલાટી એ સેક્રેટરી છે. જિલ્લા પંચાયતમાં ડી.ડી.ઓ. સેક્રેટરી છે. તાલુકા પંચાયતમાં ટી.ડી.ઓ. સેક્રેટરી છે. એ બહુમતિથી કોઇપણ નિર્ણય કરે પંચાયતી ધારાની જોગવાઇ પ્રમાણે અને એ જોગવાઇઓની વિરુદ્ધમાં કોઇપણ નિર્ણય કરે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત, તો એ સેક્રેટરી તરીકે તલાટી, ટી.ડી.ઓ. કે ડી.ડી.ઓ એ વાત સાથે સંમત છે કે નથી એનો અભિપ્રાય કાયદાથી આપી શકે છે અને કાયદાની આવશ્યકતા છે ત્યારે આવા વહિવટની અંદર અત્યારે જે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોનો વહિવટ ચાલે છે ત્યારે આ સરકારને પોતાને અનુકૂળ પડે અને પોતાને ફાયદો થાય ત્યારે સમયાંતર કાયદામાં સુધારો કરતા આવ્યાં છે. ભાજપની તાલુકા પંચાયતમાં બહુમતિ હતી, જિલ્લા પંચાયતો ભાજપ પાસે હતી ત્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને વિશાળ સત્તાઓ આપવા માટેની આ સરકારની માનસિકતા. લોકોએ ગઇકાલે પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપને નકાર્યું અને કોંગ્રેસને જિલ્લા પંચાયતમાં બહુમતિ આપે, કોંગ્રેસને તાલુકા પંચાયતમાં બહુમતિ આપે તો એ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોના વહિવટ અને સત્તાઓ ઉપર કાપ મૂકવામાં આવ્યો. આ જ પ્રકારની ગ્રામ પંચાયતની અંદર હમણાં અહીંયા એમ પણ કહેવામાં આવ્યું છે કે તેમને કોઇ પક્ષનું સિમ્બોલ હોતું નથી છતાં ચૂંટાય એટલે આપણે તરત જ આગળ વધી જઇએ છીએ એમાં મારે લાંબી ચર્ચા કરવી નથી. એક મિત્રએ પાછી એવી પણ વાત કરી કે, કોંગ્રેસવાળા જૂઠું બોલે છે, જોરથી બોલે છે. પહેલા વહેલા સભ્ય બોલે છે એટલે હું બહુ લાંબી વાત નથી કરતો પણ જૂઠું બોલવું , જોરથી બોલવું અને વારંવાર બોલવું એ ક્યાંથી શરૂ થયું એ મારે કહેવાની જરૂર નથી એ પણ સમજી લે ત્યારે મારે માનનીય અધ્યક્ષશ્રી, તમે આ પક્ષ કે આ પક્ષ ગામડાંમાં ભૂતકાળની અંદર ગ્રામ પંચાયતોના સરપંચ થવા માટે કોઇ તૈયાર ન હતું. ગામના આગેવાનો ગામની મુખ્ય વ્યક્તિ પાસે, પટેલ પાસે કે સારા માણસ પાસે જઇને સામેથી કહેતા કે તમે સરપંચ થાવ અને ત્યારે સરપંચ થવા કોમ્પિટિશન ન હતી. ભાજપની સરકાર આવ્યા પછી ભાજપની માનસિકતાના કારણે ગ્રામ્ય વિસ્તારમાં સરપંચોની ચૂંટણી થવા માટે કોમ્પિટિશન થઇ. વાત કોંગ્રેસ હોય કે ભાજપ હોય પણ એક વાત મારે અને તમારે, બધાએ સ્વીકારવી પડશે કે અંતે જે કોઇ નાણાનું ચુકવણું થાય છે અને વિકાસના કામો થાય છે એ વિકાસના કામોનો લાભ અંતે તો ગામડાંના છેવાડાના માનવીને મળે એ એનો હાર્દ છે. માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગમે તે હોય હું એમાં પડવા માગતો નથી પણ એટલું ચોક્કસ આપણે બધાએ સ્વીકારવું પડશે કે આજે કે ગ્રામ પંચાયતો દ્વારા, સરકાર દ્વારા કોઇ પણ યોજના હોય એ પછી એમ.પી. ગ્રાન્ટ હોય, એ.ટી.વી.ટીની ગ્રાન્ટ હોય, આયોજનની ગ્રાન્ટ હોય, મનરેગાની ગ્રાન્ટ હોય કે નાણાપંચની ગ્રાન્ટ હોય કોઇ પણ ગ્રાન્ટના કામો ગ્રામ પંચાયત મારફત જે થાય છે એ કામો સંપૂર્ણપણે હલકી ગુવણત્તાના થાય છે, થાય છે અને થાય છે એ વાતનો સ્વીકાર કરવો ઘટે. માનનીય અધ્યક્ષશ્રી, આજે માનસિકતા એ પ્રકારની ઉભી થઇ ગઇ છે કે લાખ રૂપિયા-બે લાખ રૂપિયાનું કામ હોય તો એમાં ૫૦% નો નફો કેમ રહે? મારે સરકારને એ પણ કહેવું છે કે, આપણે કેશુભાઇ હતા ત્યારે ગોકુળ ગ્રામ યોજના લઇ આવ્યા હતા. ગોકુલ ગ્રામ યોજના લઇ આવ્યા પછી ગામમાં આર.સી.સી.ના રોડોની વાત આવી અને આર.સી.સી.ના રોડ એ આજની તારીખે પણ મારે અને તમારે, બધાય ધારાસભ્યોએ સ્વીકારવું પડે કે ગ્રામ પંચાયતના સરપંચો પાસેથી ધારાસભ્ય પાસે જે કામની રજૂઆત આવે છે એ કામોમાં મોટાભાગે આર.સી.સી. રોડના કામો જ આવે છે એ પછી કોંગ્રેસ હોય કે ભાજપ હોય આ રિયાલિટી છે અને એ એટલા માટે કે એ કામ પાછળ નફો કેટલો મળે? ત્યારે રાજ્ય સરકારને કહેવા માગુ છું કે એક સમિતિની રચના કરાવો અને સમિતિની રચના દ્વારા માત્ર અને માત્ર છેલ્લા એક વર્ષની જ હું વાત કરું છું. હું લાંબા વર્ષની વાત નથી કરતો કે જે ગ્રામ પંચાયતો ભાજપની હોય કે કોંગ્રેસની હોય જે કોઇ વિચાર ધારામાં

માનતા હોય તે એક વર્ષમાં થયેલા આખા રાજ્યમાં ગ્રામ પંચાયતે કરેલા સી.સી.રોડના કામ આજે રિટાલિટીમાં એ કામો ખરેખર ગુણવત્તાવાળા છે કે નથી? એ ટક્યા છે કે નથી? દાવા સાથે સાહેબ, કહું કે ૬ મહિનામાં એ રોડો ઉખડી ગયા છે આ વાસ્તવિકતા છે. આપણે ચર્ચા ઘણી કરવા માગીએ છીએ કોઇ પણ જાતના કામો અને એમાંય નાણા પંચની ગ્રાન્ટ જે ફાળવવામાં આવે છે જે સીધી ગ્રામ પંચાયતમાં જમા થાય છે. એ કામનું જે કોઇ ગ્રામ પંચાયત નક્કી કરે એ કામ થાય, એનું એસ્ટીમેટ બનાવવા માટે તાલુકા પંચાયતમાં મોકલવાનું અને તાલુકા પંચાયતના એસ.ઓ. એનો એસ્ટીમેન્ટ બનાવે. એ સ્ટીમેન્ટ બનાવ્યા પછી મંજૂરી તાલુકા પંચાયત આપે. ગ્રામ પંચાયત કામગીરી કરે અને ગ્રામ પંચાયત આ કામગીરી કર્યા પછી એ નાણા પંચની ગ્રાન્ટ જે ફાળવવામાં આવે છે એ ગ્રામ પંચાયતમાં સીધી જમા થાય છે. એ કામોનું જે કોઇ ગ્રામ પંચાયત નક્કી કરે એ કામો થાય, એનું એસ્ટીમેટ બનાવવા માટે તાલુકા પંચાયતમાં મોકલવાનું ? તાલુકા પંચાયતના એસ.ઓ. એનું એસ્ટીમેટ બનાવે, એ એસ્ટીમેટ બનવ્યા પછી મંજૂરી તાલુકા પંચાયત આપે અને ગ્રામ પંચાયત કામગીરી કરે ગ્રામ પંચાયત એ કામગીરી કર્યા પછી એ પાંચ લાખનું કામ કરે. સાહેબ, યાદ રાખો તમે આપણે ઉજાલા યોજના નીચે અથવા એલ.ઇ.ડી. લાઇટો ફીટ કરવા માટેની કામગીરી સરકારે નક્કી કરી છે એ નાણા પંચની ગ્રાન્ટમાંથી, સરકારનું હું ગંભીરતા પૂર્વક ધ્યાન દોરવા માગું છું કે, મંત્રીશ્રી આમાં ઉંડાણમાં ઉતરો, સાહેબ આ એલ.ઇ.ડી.ની લાઇટો જે ફીટ કરવામાં આવે છે એના કંપનીના ભાવો અને સરકારે જે એલ.ઓ.આર.ના નક્કી કર્યા છે એ એસ.ઓ.આર.ના ભાવ પ્રમાણે ૪,૨૦૦ રૂપિયાની એક લાઇટ થાય છે, એની સામે ચાઇનાની માત્ર હજાર, બારસો અને નવસો રૂપિયામાં ગ્રામ પંચાયત દ્વારા ફીટ કરવામાં આવે છે, આટલો મોટો તફાવત છે. વાસ્તવિકતાને જુઓ આ ગ્રામ પંચાયતો મારફતે અંતે મારે અને તમારે જે કાંઇ નાણાની ઉપયોગીતા થાય એ અંતે તો આપણે પ્રજાના પૈસા છે, પરસેવાની કમાણી છે અને એનો લાભ વર્ષો સુધી ગામને મળી રહે, સાહેબ એ વાસ્તવિક એવી સ્થિતિ નથી. એ પછી સી.સી. રોડ હોય એ પછી કોઇ પણ બીજા કામો હોય કે અન્ય કોઇ પણ પ્રકારના કામો હોય તો એ કામોની અંદર મોટાભાગે થાય છે. મનરેગા યોજનામાં ઘર આંગણે કામ મળી રહે એનું મોનીટરિંગમાં ગ્રામ પંચાયતના સરપંચ પણ આવે છે, એમાંય પણ તલાટી આવો છે. એ તલાટી આવ્યા પછી પણ મનરેગાના કામોમાં પણ ઉપર જતા રહ્યા હોય એ લોકો પણ નીચે ખાળિયા ખોદવા આવ્યા છે અને એના નામે પણ નાણાકીય અને વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચારો થાય છે. સરકારમાં ફરિયાદો કરી છે એ ફરિયાદોનો નિકાલ કરવા માટે આ સરકારની માનસિકતા નથી. નાણા પંચની જે ગ્રાન્ટ આપવામાં આવે છે, મેં કહ્યું એ પ્રમાણે તો એનું મોનીટરિંગ કરવા માટે, એનું ઓડિટ થાય, એવા ઓડિટ માટેની કોઇ વ્યવસ્થા નથી. નાણા પંચની કામગીરી જે થાય એના ઓડિટ માટેની કોઇ વ્યવસ્થા નથી ત્યારે આ બિલ માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે ત્યારે એ જે કામગીરી છે એના ઉપર ઓડિટ થાય અને ઓડિટ થયા પછી એના જે કોઇ જવાબદારો હોય એની જવાબદારી નક્કી કરવાની વાત આવે...

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ પટેલ (અંતરાય ) એક મિનિટ, માનનીય પૂંજાભાઇ આ પહેલી પહેલીવારના ધારાસભ્યોને બોલવા દઇએ.

રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પૂંજાભાઇ બંધ કરે તો હું ચાલુ કરું. પૂંજાભાઇ, વડીલ બંધ થાવ તો હું ચાલુ કરું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : જે બિલ લઇને. આવ્યા છે, જે તરાપ મારવામાં આવી છે અને સભ્યોના હક્કોને છીનવી નાખવામાં આવ્યા છે એને ચાલુ રાખવામાં આવે અને સંપૂર્ણપણે ગ્રામ પંચાયત દ્વારા જે કાંઇ કામો થાય છે એનું સંપૂર્ણપણે ઓડિટ થાય એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : આભાર. શ્રી રમણભાઇ પટેલ.

શ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત પંચાયત સુધારા વિધેયક સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક-૧૧ને સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું છે, જેનાથી સરપંચોનું સન્માન વધશે, નાણાકીય વ્યવહારોમાં પારદર્શિતા અને સરપંચો કાયદાથી કારોબારીના વડા ગણાશે, એવું મારું સ્પષ્ટ મંતવ્ય છે અને આ વિધેયક ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારોમાં સરપંચોનું મહત્વ જળવાતુ નહતું, સરપંચની ચૂંટણી થાય ગામડાંમાં ઝઘડાઓ થાય આ પ્રકારનું વાતાવરણ અગાઉની સરકારોમાં હતું પરંતુ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકારો આવી ત્યારથી આ સરકારોએ ગામડાંમાં ચૂંટણી કેવી રીતે સમરસ પંચાયતો થાય એ દિશામાં પગલા ભરવામાં આવ્યા. સમરસ પંચાયતોને પ્રોત્સાહિત કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારો હંમેશા ચિંતિત રહી છે અને સરપંચોને ખૂબ મહત્વ અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. પછી એ ગ્રામ પંચાયત કોંગ્રેસની હોય કે ભા.જ.પ.. ક્યારેય ભારતીય જનતા પાર્ટીની સરકારોએ એની ચિંતા કરી નથી પણ સમરસ પંચાયતો બનાવવા માટે હંમેશા આગળ રહી છે અટલું જ નહીં પરંતુ અમારા તત્કાલીન મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે તો સરપંચોનું સંમેલન બોલાવીને અને એમનું સન્માન કરી અને પોગ્રામ કરીને ચૂંટાયેલા સરપંચો, પ્રતિનિધિઓનું સન્માન કરેલું. ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સરપંચોનું સન્માન કરેલું. ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભાનું આયોજન કરી ગામના પ્રશ્નોનો ગામમાં જ નિકાલ થાય, નિરાકરણ થાય તેવા પ્રયાસો ભારતીય જનતા પાર્ટીની સરકારે ગ્રામસભાઓ યોજીને કરેલા. હમણા જ અમારા એક સભ્યશ્રીએ કીધેલું કે બી.પી.એલ.ની યાદી પણ ગ્રામસભામાં મંજૂર કરવામાં આવતી અને એ ભલામણ કરે તો જ આગળ એ યાદીમાં ફેરફાર થતો હોય છે. એ પણ સત્તા

સરપંચના વડપણ હેઠળ ગ્રામસભાને આપેલી હોય છે. પહેલા કોઇ સરપંચ થવા તૈયાર નહોતા એ ચોકકસ વાત છે. પૂંજાજી જયારે વાત કરતા હતા કે પહેલા સરપંચ બનવા લોકો તૈયાર નહોતા. વાત સાચી છે કે જયારે અગાઉની સરકારો પંચાયતને ગ્રાન્ટ આપવામાં, એક સરપંચ ૫૦ ધકકા ખાય, જુતા ઘસે તો પણ ૫૦૦૦૦ ની ગ્રાન્ટ મળતી નહોતી, ગામના વિકાસના કામો કરી શકતા નહોતા પણ જયારથી ભા.જ.પ. સત્તા ઉપર આવી ત્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર સરપંચોને વિકાસ માટે પૂરતી ગ્રાન્ટ આપે છે. હમણા જે પ્રકારની વાત થઇ એ પ્રકારે સરપંચની સત્તા ઘટાડવામાં આવી છે પણ મિત્રો, વિધેયક જોશો તો સરપંચની સહી કમ્પલસરી છે. સરપંચ બિલ પાસ કરે, તલાટી ચેકમાં સહી કરે પછી જ સરપંચે કરવાની છે જેનાથી સરપંચ ઉપર કલમ–૫૭ ઉપર જે કેસો થતા હતા એ કેસોમાં ૧૦૦ ટકા ઘટાડો થશે એવું હું કહું છું. આ પ્રકારે આ વિધેયક લાવવાથી વધારે વાતો ફરીથી રિપીટ કરતો નથી પરંતુ ચોકકસ કહીશ કે આમાં સરપંચની સત્તામાં વધારો થયો છે અને ઘણી વખત એવું પણ થતું હતું કે કોઇ સરપંચ તલાટી સાથે મળીને, સરપંચને બાજુમાં રાખીને કામો થઇ જતા હતા, પેમેન્ટ ચૂકવાતું હતું પણ જયારે આખા ગામના પ્રતિનિધિ તરીકે સરપંચ હોય તો એની જાણ બહાર કશું જ ન થવું જોઇએ એટલે ચોકકસ હું કહું છું, આ વિધેયકને અનુમોદન આપું છું અને આ વિધેયકને સર્વાનુમતે સન્માનનીય ગૃહ સંમતિ આપે એવી હું અપેક્ષા રાખું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજય કક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે બિલ હું લઇને આવ્યો છું એમાં સન્માનનીય સભાગૃહના લગભગ દસેક માનનીય સભ્યશ્રીઓ સુખરામભાઇ, નરેશભાઇ, વિરજીભાઇ, આર.સી. ભાઇ, અલ્પેશભાઇ, લલિતભાઇ, કાંતિભાઇ, પ્રતાપભાઇ, પૂંજાભાઇ, રમણભાઇ આ બધાએ ભાગ લીધો છે. કોઇકે આ બિલને આવકાર્યું છે, કોઇએ એની ટીકા કરી છે, કોઇએ સૂચનો કર્યા છે. મેં એની નોંધ લીધી છે. મેં અગાઉ પણ વાત કરી આ બિલ માટે ફરી થોડી સ્પષ્ટતા પણ કરવા માગું છું કે ગ્રામ પંચાયતમાં તેના ફંડના ઉપયોગ અંગે થતી અનિયમિતતાનો આ બિલથી નિયંત્રણ અને અંકુશ લાવી શકાશે. ગ્રામ પંચાયતના ફંડના અનિયમિત ઉપયોગ ઉપર અંકુશ લાવવાથી ગ્રામ પંચાયતના ફંડનો સાચા અર્થમાં વિકાસના કામમાં સમયસર ઉપયોગમાં લઇ શકાય છે. બીજા નાણાપંચની ભલામણ છે એને ધ્યાને લેતા આ સુધારો કરવાથી નાણાપંચની ભલામણનો રાજય સરકારે અમલ કરેલ છે તેવું સુનિશ્ચિત થશે. અમુક કિસ્સાઓમાં જયાં મહિલાઓ સરપંચશ્રી છે એ સરપંચશ્રીઓ હોય જેઓ પંચાયત ધારાની જોગવાઇઓથી અજાણ હોય છે અને તેનો ગેરલાભ ઉઠાવી શકાશે નહીં. આ બિલ પસાર થશે એટલે એનાથી એ અટકશે. ગ્રામ પંચાયતમાં થતા ઉચાપત અંગેના કેસો પર નિયંત્રણ આવતા ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૫૭ હેઠળ થતી કાર્યવાહીમાં ઘટાડો થશે અને સરપંચશ્રીઓને તેમને મળેલી કાયદાકીય સત્તાઓ અને ફરજો સારી રીતે નીભાવી શકશે. જયારે પણ ગ્રામપંચાયતના ફંડમાંથી નાણા ઉપાડવાના હોય અથવા તો બિલનું પેમેન્ટ કરવાનું હોય તેવા સંજોગોમાં ગ્રામ પંચાયને ઠરાવ કરી મંજૂરી આપવાની જોગવાઇ છે. ગ્રામ પંચાયતના આ ઠરાવ બાદ તલાટી કમ મંત્રીએ ગ્રામ પંચાયતના હિસાબી નમુના નંબર–૧૫માં વાઉચર બનાવવાનું હોય છે અથવા તો નમુના નં. ૨૬માં કોન્ટ્રાકટરનું બિલ હોય અથવા નમુના–૨૭માં ઢાળીયા પત્રક હોય સદરહુ વાઉચરમાં તલાટી કમ મંત્રીશ્રી અને ત્યારબાદ સરપંચશ્રી દ્વારા મંજૂરી આપવાની હોય છે. બિલ મંજૂર કરતા પહેલા ચકાસણી કરવાની મંત્રીની ફરજ હોય છે. નાણાં ચુકવણીના વાઉચરમાં સહી થયા પછી તલાટી કમ મંત્રીશ્રીએ ચેક તૈયાર કરવાનો હોય છે. ચેકમાં સક્ષમ અધિકારીની સહી કરવાની હોય છે. સુધારા પછી પહેલા તલાટી કમ મંત્રીશ્રીએ સહી કરવાની રહેશે. ત્યારબાદ સરપંચશ્રી એમાં સહી કરશે. આમ, નાણાકીય વ્યવહારમાં વધુ પારદર્શકતા આવશે. અને સરપંચશ્રીને કાયદાથી કારોબારી વડા જાહેર કરેલ છે. ત્યારે સરપંચશ્રી અને સેક્રેટરીની સહી ફરજિયાત થતા ચૂંટાયેલા સરપંચશ્રીઓ પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદ્દઢ બનાવવામાં ભાગીદાર થશે. અહીયા જે વાત થઇ. પંચાયતની અનેક વાતો અનેક સૂચનો માનનીય સભ્યશ્રીએ કર્યા. ગ્રામ પંચાયતોનો વિકાસ થયો હોય, છેવાડાની વ્યક્તિનો વિકાસ થયો હોય તેવું કોઇ કામ કર્યુ હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આજે થોડી એની વાત આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મુકવા માગુ છું. ભલે કોંગ્રેસે એની ચિંતા કરી હોય. પણ આપણે એનો રેકોર્ડ જોઇ લેજો. ભાજપની સરકાર બન્યા પછી જે ગામોનો વિકાસ થયો છે. હું આ સન્માનનીય સભાગૃહના રેકોર્ડ ઉપર મુકવા માગું છું. ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી એની અહીયાથી વાત થઇ. તલાટી કમ મંત્રીશ્રીની જગ્યાઓ ખાલી છે. ભાજપની સરકાર આવ્યા પછી એકી સાથે સૌથી વધારે તલાટીઓની ભરતી કરી હોય એ લગભગ ૨૭૦૦ તલાટીની ભરતી એક જ વર્ષમાં ૨૦૧૭ માં કરી હોય તેવો પહેલો કિસ્સો ભાજપની સરકારમાં થયો છે. તલાટીશ્રીની સાથે પંચાયત કેડરમાં લગભગ ૧૨૦૦૦ જેટલી વર્ગ–૩ ની જગ્યા આ ભાજપની સરકારે ભરી છે અને એનો લાભ આપણી ભાજપની સરકાર થકી થયેલાં કામના લાભો ગ્રામ્ય વિસ્તારને થવાનો છે. આજે ગ્રામ પંચાયત એના નવા મકાનો બનાવવાની ચિંતા ભાજપની સરકારે કરી છે. નવા મકાનો આપ્યા છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત આની અંદર છે નહિ, પણ તાલુકા, જિલ્લા પંચાયતની વાત કરી. તાલુકા પંચાયતના મકાનો ૨ કરોડ ૪૦ લાખ જેટલી માતબર રકમ તમે તમારા ઇતિહાસમાં જોઇ લો કે ક્યારેય કોઇ ગ્રામ પંચાયતને ૨ કરોડ ૪૦ લાખ આપ્યા છે? ભાજપની સરકારે ૨ કરોડ ૪૦ લાખ રૂપિયા તાલુકા પંચાયતના મકાનો માટે આપ્યા છે. ૨૦ કરોડ કરતા વધારે રકમ જિલ્લા પંચાયતના મકાનો માટે આપી છે. પક્ષાપક્ષીથી પર ઉઠીને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કોંગ્રેસની હોય અમે નવા મકાનો આપ્યા છે. આ ભાજપની સરકારે આ મકાનો બનાવ્યા છે. અમારી સરકારે પક્ષાપક્ષીથી ઉપર ઉઠીને વિકાસ કર્યો છે. એના સિવાય વાત કરું. નાણા પંચની ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતના સ્વ–ભંડોળમાં જમા થાય. ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવ્યા પછી આપ એનો ઇતિહાસ જોઇ લો. આ સન્માનનીય સભાગૃહમાં અનેક સભ્યશ્રીઓ, સરપંચશ્રી તરીકે રહ્યા હશે. ગ્રામ પંચાયત ચલાવવા માટે કેટલી તકલીફ પડે એનો અનુભવ સરપંચ બન્યા હોય

એને હોય. આપણી સરકારે નાણા પંચે આપણા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે લાખો રૂપિયાની ગ્રાન્ટ સીધી ગ્રામ પંચાયતમાં આવે અને ગ્રામ પંચાયત નક્કી કરે કે કયા વિકાસનાં કામો કરવાનાં છે. વ્યક્તિદિઠ રકમ સીધી ગ્રામ પંચાયતના ભંડોળમાં જમા થાય. આ કામ ભાજપની સરકારે કર્યુ છે. ગામની ચિંતા ભાજપે કરી છે. મને ખબર છે ગુજરાતના ગ્રામ વિસ્તારોના રસ્તાઓ કેવા હતા? ગામની અંદર જઇએ તો પાકા રસ્તા નહોતા મળતા. તમે બધા સ્વીકારશો ગામને પાકા ડામરના રસ્તા કર્યા હોય તો ભાજપની સરકારે કર્યા છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ગામે ગામ પાકા ડામરના રસ્તા મળે. આજે કોઇ રેવન્યુ ગામ બાકી નહિ હોય કે પાકા ડામરના રસ્તા સાથે જોડાયેલ નહિ હોય. હું જાણું છું. હું બિલનો સ્કોપ જાણું છું. તમે સન્માનનીય સભાગૃહ સમક્ષ વાત કરી છે. સન્માનનીય સભાગૃહ સમક્ષ રેકર્ડ ઉપર ખોટી માહિતી ન જાય એટલા માટે આ વાત સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની સુવિધા ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. ગામના છેવાડાના વ્યક્તિ માટે આજે જરૂર પડે તો ૧૦૮ આવીને ઉભી રહે છે. મા–અમૃતમ્ યોજના હોય, મા–વાત્સલ્ય યોજના હોય તેની અંદર અનેક સુધારા કર્યા. પેસા એકટ બનાવ્યો. ગ્રામ પંચાયતને વિવિધ સત્તાઓ આપી. પ્રાથમિક શાળાના ઓરડાઓ બનાવ્યા, પીવાના શુદ્ધ પાણી માટે પાણી પુરવઠાની યોજનાઓ ગામે ગામ બનાવી. સમરસ ગામ બનાવ્યા. આવા અનેક કામો ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતની અંદર કર્યા છે. માનનીય અલ્પેશભાઇ વાત કરતા હતા કે ૯૦ ટકા સરપંચશ્રીઓ કોંગ્રેસના છે. અમારી કમલમમાં સરપંચશ્રીઓનું સન્માન કર્યુ તો ૭૫ ટકા કરતાં વધારે સરપંચશ્રીઓ ત્યાં આગળ હાજર હતા. તેના ફોટોગ્રાફસ છે અને વિડીયો રેકોર્ડિંગ થયું છે. અલ્પેશભાઇ તો કદાચ ગ્રામ પંચાયતમાં નહીં હોય એટલે તેમને ખ્યાલ નહીં હોય, કદાચ સીધા અહીં ચૂંટાઇને આવ્યા છે. ગ્રામ પંચાયતની અંદર સરપંચ તરીકે મેં કામ કર્યુ છે. સરપંચ તરીકે કેટલી તકલીફો પડે છે એ તો જે સરપંચ તરીકે રહ્યું હોય તેને ખબર પડે કે ભૂતકાળની અંદર કોંગ્રેસે શું કર્યુ છે અને અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર શું કરી રહી છે? અહીં જે વાત થઇ, લલિતભાઇએ વાત કરી કે ગ્રામસભાનો પાવર લઇ લે છે. ગ્રામસભાનો કોઇ પાવર આ બિલની અંદર આપણે લેતા નથી. આ બિલની અંદર ફકત એક જ બાબત છે કે, સરપંચ અને તલાટીમાંથી એક સહી અને પહેલાં તલાટીની સહી તો હતી જ, તમે ગામમાં પંચાયતમાં જઇને પૂછી લેજો. આજે તલાટીની સહી થાય છે પણ સરપંચ અને કોઇ એક સભ્યની સહી હતી તેની જગ્યાએ બીજા નાણાં પંચની ભલામણ અનુસાર સરપંચની સહી આપણે કમ્પલસરી કરી છે. ઘણી ગ્રામ પંચાયતોમાં એવું થતું હતું કે જયારે બેન્કની અંદર એક ઠરાવ મોકલે ત્યારે તેમાં સરપંચનું નામ ન હોય. સરપંચની સહી ન હોય. સભ્યની સહી અને તલાટીની સહીથી નાણાં ઉપાડતા હતા આવી અનેક ફરિયાદો સરકારને મળી છે. બીજા નાણાપંચની જે જોગવાઇ છે તે પ્રમાણે સરપંચની સહી અને તલાટીની સહીથી આ નાણાં ઉપાડવાના છે. ગ્રામ પંચાયતને અબાધિત અધિકાર છે કે તેણે જે કામ કરવું હોય તેનો ઠરાવ કરે, ઠરાવનો અમલ કરવાની જવાબદારી તલાટી અને સરપંચની છે. સરકારે કોઇ અધિકારો ગ્રામ પંચાયતના લીધા નથી. એટલે આ ખોટી માહિતી રેકર્ડ ઉપર ન જાય એટલે ધ્યાને મૂકું છું. આ સન્માનનીય સભાગૃહમાં માનનીય વીરજીભાઇએ વાત કરી કે, સેક્રેટરીનું નામ હમણાં દાખલ કરેલ છે. એવું નથી. તમે તમારી ગ્રામ પંચાયતની અંદર જઇને પૂછજો આજે પણ ગ્રામ પંચાયતના ચેક લખાય તેમાં તલાટીની સહી થાય છે. અમે તલાટીની સહી નવી નથી લાવ્યા. વીરજીભાઇ તમે આ બિલનો હજુ અભ્યાસ કર્યો હોત તો કદાચ આ વાત ન કરી હોત. વીરજીભાઇ તો સંસદની અંદર પ્રતિનિધિત્વ કરતા હતા. કેમ ગુજરાતમાં આવવું પડયું એ તો ખબર ના પડી. એ તો આખા દેશનું નેતૃત્વ કરતા હતા અને જો બિલનો અભ્યાસ કરીને આવ્યા હોત તો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવી વાત ન કરતા. અમે વાત કરી કે ફકત સરપંચની સહી કમ્પલસરી કરી છે. તેની અંદર કોઇ બાદબાકી કરી નથી. બાકીના સભ્યશ્રીઓએ જે સૂચન કર્યા છે તે મેં નોંધ્યા છે. આ ખૂબ અગત્યનો નિર્ણય જયારે રાજય સરકાર લેવા જઇ રહી છે ત્યારે હું સન્માનનીય સભાગૃહને વિનંતી કરું કે પક્ષાપક્ષીથી ઉપર ઉઠી આપણા ગામના વિકાસની ચિંતા કરી જે ચિંતા આ સરકાર કરે છે તે ચિંતા આપણે આ સન્માનનીય સભાગૃહમાં સાથે મળીને કરીએ એટલા માટે હું વિનંતી કરું છું કે, ઉપરોકત કારણો, હેતુઓ, કાયદાઓ, વિગતોને ધ્યાને લેતાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૫ ની પેટા કલમ ૪માં સુધારો કરવા અંગેનું આ બિલ આ સન્માનનીય સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સર્વસંમિતથી મંજૂર કરે તેવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : સર્વસંમિત?

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૮નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ રાત્રીના ૮.૪૧ વાગ્યે પુરું થતાં સભાગૃહ, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| પુસ્તક ૫૦ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| અક્ષયકુમાર પટેલ | આણંદ અને છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૯૭ |
| | મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ | ૧૩૩ |
| | રાજકોટ અને મોરબી જિલ્લામાં દારૂ વિરુદ્ધ ફરિયાદ | ૩૮૯ |
| | વડોદરા અને અમદાવાદ શહેરની પડતર ટી.પી.સ્કીમ | ૩૫૦ |
| | વડોદરા અને આણંદ જિલ્લામાં શ્રમિકોને આવાસ સહાય | ૨૩૪ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૯૬ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બાંધકામ મજૂર કલ્યાણ માટે થયેલ ખર્ચ | ૨૫૮ |
| | વડોદરા અને ડાંગ જિલ્લાને નવી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી | ૪૨ |
| | વડોદરા અને વલસાડ જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૭૯ |
| અજીતસિંહ ચૌહાણ | ખેડા અને આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૪૯ |
| | ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૮૧ |
| | મહિસાગર અને ખેડા જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ | ૨૧૬ |
| | મહીસાગર અને અમરેલી જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૯૦ |
| | મહીસાગર અને નર્મદા જિલ્લાની શાળાઓમાં રમત-ગમતના મેદાન બાબત | ૪૦ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૯૪ |
| | મહીસાગર અને સુરત જિલ્લામાં દારૂ વિરૂદ્ધ ફરિયાદ | ૩૫૨ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને તાપી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૭૨ |
| | નવસારી અને રાજકોટ જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૭૪ |
| | નવસારી અને વડોદરા જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ | ૨૨૭ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આઇ.ટી.આઇ તાલીમાર્થીઓને ટેબલેટ | ૨૫૪ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ | ૮ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ | ૧૧૭ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૮૩ |
| | વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અને ૨૦૧૭ પાછળ ખર્ચ અને એમ.ઓ.યુ. | ૩૪૪ |
| અનિલ જોષિયારા | ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૨૮૦ |
| | ગુજરાતનું ખેતીની જમીનના ટુકડા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનું(સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૪૨૭ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૩૭૫ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જંગલની જમીન મેળવવાના દાવા | ૯૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં લીઝ | ૩૪૫ |
| | અરવલ્લી જિલ્લામાં આંતર માળખાકીય સુવિધા માટે ગ્રાન્ટ | ૩૯ |
| | ભિલોડા તાલુકામાંથી અલગ શામળાજી તાલુકો બનાવવા બાબત | ૨૧૯ |
| | અરવલ્લી જિલ્લામાં આઉટ પોસ્ટ પોલીસ ચોકીના મકાન | ૩૮૯ |
| અભેસિંગ તડવી | છોટાઉદેપુર જિલ્લામાં પોલીસનાં બિનરહેણાંક મકાન | ૩૧૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી મહિલાઓને દૂધાળા પશુ આપવા બાબત | ૯૬ |
| | છોટાઉદેપુર જિલ્લામાં જાહેર ટ્રસ્ટોની નોંધણી માટે કચેરી | ૪૨ |
| | વડોદરા જિલ્લામાં પાલક માતા-પિતા યોજના અન્વયે મળેલ અરજીઓ | ૧૯૨ |
| | ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૨૮૨ |

| પુસ્તક ૫૦ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૬૧ |
| અમરિષભાઇ ડેર | અમરેલી અને ભાવનગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૩૪ |
| | અમરેલી અને બોટાદ જિલ્લાને નવી પ્રાથમિક શાળાઓને મંજુરી | ૭૮ |
| | અમરેલી અને બોટાદ જિલ્લાની શાળાઓમાં રમત-ગમત મેદાન બાબત | ૧૯ |
| | રાજ્યમાં નવા બંદરો વિકસાવવા બાબત | ૩૮૭ |
| | અમરેલી અને બોટાદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૧૨૦ |
| | અમરેલી અને બોટાદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૩૬૮ |
| | રાજ્યમાં શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવાની કામગીરી | ૩૩૧ |
| | બોટાદ અને નવસારી જિલ્લામાં બાંધકામ શ્રમિકોને આવાસ સહાય | ૨૫૭ |
| | અમરેલી અને મહીસાગર જિલ્લામાં આઇ.ટી.આઇ. તાલીમાર્થીઓને ટેબલેટ | ૧૯૪ |
| અમિત ચાવડા | આણંદ અને વડોદરા શહેર જિલ્લામાં ઔદ્યોગિક પ્રદુષણની ફરિયાદો | ૬૯ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ઘરથાળના પ્લોટની સનદ અને કબજો આપવા બાબત | ૩૫૬ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં રોપાનુ વાવેતર | ૧૧૬ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં જમીન તકેદારી સમિતિમાં ફરિયાદો | ૧૭૮ |
| | આણંદ અને વડોદરા જિલ્લામાં શિક્ષિત બેરોજગારો | ૨૫૪ |
| | આણંદ અને વડોદરા શહેર/જિલ્લામાં વિદેશી દારૂનાં સંગ્રહ/વેચાણનાં પરવાના | ૩૮૩ |
| | અમદાવાદ અને વડોદરા જિલ્લામાં બે વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં બનેલ મોટા અકસ્માતો બાબત | ૨૨૪ |
| અર્જુનસિંહ ચૌહાણ | આણંદ જિલ્લા પોલીસના રહેણાંક મકાનો | ૩૨૧ |
| | નડિયાદ ખાતે ઓફીસર માટે રહેણાંક ક્વાર્ટર બાંધકામ | ૫૬ |
| અરૂણસિંહ રણા | નર્મદા જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૫૨ |
| | ભરૂચ જિલ્લામાં વૃદ્ધોને પેન્શન | ૧૯૧ |
| અરવિંદ પટેલ | ધરમપુર તાલુકામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વાવેતર | ૫૪ |
| અરવિંદ રૈયાણી | ખંભાળીયા ખાતે ઓફીસરના રહેણાંક મકાનો | ૨૦ |
| | બોટાદ જિલ્લામાં જીનીંગ એકમો | ૩૧૬ |
| | રાજકોટ અને વાંકાનેર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૭૯ |
| અરવિંદ રાણા | રાજ્યમાં એસ.આર.પી.એફ.માં ભરતી | ૩૪૩ |
| | સુરત જિલ્લામાં આંગણવાડીઓને પોતાના મકાનો | ૩૮ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) | ૧૫૯ |
| | માંગલ્ય વન બનાવવા બાબત | ૫૦ |
| | રાજ્યમાં સ્ટોન આર્ટીઝન ક્ષેત્રે તાલીમ | ૩૨૩ |
| અલ્પેશ ખો. ઠાકોર | ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૪૩૯ |
| | કે.જી.બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ૩૬૯ |
| | પાટણ અને અરવલ્લી જિલ્લામાં આઇ.ટી.આઇ. તાલીમાર્થીઓને ટેબલેટ | ૨૨૨ |
| | પાટણ અને અરવલ્લી જિલ્લામાં દારૂ વિરુધ્ધ ફરિયાદ | ૩૩૩ |
| | પાટણ અને છોટાઉદેપુર જિલ્લામાં ધર્મપરિવર્તન માટે મંજૂરી | ૩૮૮ |
| | પાટણ અને પંચમહાલ જિલ્લાને નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી | ૮૫ |
| | પાટણ અને રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૧૨૬ |

| પુસ્તક ૫૦ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લાની શાળાઓમાં રમત–ગમતના મેદાન બાબત | ૨૭ |
| | પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં જમીન રી–સર્વેની કામગારી | ૨૫૧ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને ગાંધીનગર જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૭૨ |
| | ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૨૮૨ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અને ૨૦૧૭ પાછળ ખર્ચ અને એમ.ઓ.યુ. | ૩૪૦ |
| | સુરત અને તાપી જિલ્લાની શાળાઓમાં રમત–ગમતના મેદાન બાબત | ૯૨ |
| | સુરત અને તાપી જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૯૯ |
| | સુરત અને મોરબી જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ | ૨૩૬ |
| | સુરત અને રાજકોટ શહેરની પડતર ટી.પી. સ્કીમ બાબત | ૩૮૮ |
| | સુરત અને વડોદરા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ | ૩૬ |
| આશા પટેલ | કે.જી. બેઝિનમાંથી ગેસ ઉત્પાદન | ૩૪૬ |
| | ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક, ૨૦૧૮ | ૪૦૨ |
| | મહેસાણા અને અમરેલી જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ | ૨૩૧ |
| | મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને ટેબલેટ | ૨૫૬ |
| | મહેસાણા અને ડાંગ જિલ્લાની શાળાઓમાં રમત–ગમત મેદાન બાબત | ૧૨૬ |
| | મહેસાણા અને નર્મદા જિલ્લાને નવી પ્રાથમિક શાળાઓને મંજુરી | ૮૫ |
| | મહેસાણા અને પંચમહાલ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૯૦ |
| | મહેસાણા અને વલસાડ જિલ્લામાં ધર્મપરિવર્તન માટે મંજૂરી | ૩૭૬ |
| | મહેસાણા અને સુરત જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા | ૨૭ |
| ઈન્દ્રજીતસિંહ પરમાર | ખેડા અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક લોન માટેની અરજીઓ | ૨૪૯ |
| | ખેડા અને નર્મદા જિલ્લામાં દારૂ વિરૂદ્ધ ફરીયાદ | ૩૫૧ |
| | ખેડા અને પંચમહાલ જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મહેકમ | ૩૩ |
| | ખેડા અને મહિસાગર જિલ્લામાં જમીન રી સર્વેની કામગીરી બાબત | ૨૧૬ |
| ઈમરાન યુ. ખેડાવાલા | ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૨૭૫ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક | ૨૮૮ |
| | ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક | ૨૮૮ |
| | ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ, ૧૯૬૩ વધુ સુધારવા બાબત વિધેયક | ૨૯૬ |
| | ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૨૭૫ |
| | ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક, ૨૦૧૮. | ૨૮૬ |
| | ગુજરાત રાજ્ય સહકારી પરિષદની ચૂંટણી કરવા અંગે | ૩૯૨ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૦૬ |
| | વિભાગ દ્વારા વિવિધ વર્ગો માટે ફાળવેલ બજેટ | ૨૨૩ |
| ઋત્વિકભાઈ મકવાણા | સુરેન્દ્રનગર અને દાહોદ જિલ્લામાં બાંધકામ મજૂરોના કલ્યાણ માટે ખર્ચ | ૧૮૪ |
| | સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં પોલીસ મહેકમ | ૩૨૬ |
| | સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં દારૂ વિરૂદ્ધ ફરીયાદ | ૩૬૫ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લા પંચાયતનું સંવર્ગવાર મહેકમ | ૬૮ |
| ઋષિકેશ પટેલ | મહેસાણા ખાતે સંયુક્ત ચેરીટી કમિશનરની કચેરી શરૂ કરવા | ૫૦ |
| | મહેસાણા જિલ્લાની ગ્રામ પંચાયતોને કર વસુલાતના બદલામાં ગ્રાન્ટ | ૧૦૧ |
| | મહેસાણા જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ટ્રાન્સપોર્ટેશન સુવિધા | ૧૩૭ |
| | મહેસાણા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૧૯૭ |

| પુસ્તક ૫૦ ) | વિષયસૂચિ | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
| કેતન ઈનામદાર | વડોદરા જિલ્લામાં ખનિજ પરીવહનથી માર્ગોની મરામત માટેની ગ્રાન્ટ | ૩૨૧ |
| | વડોદરા જિલ્લામાં પાલક માતાપિતા યોજના હેઠળ સહાય | ૨૦૭ |
| કનુભાઇ દેસાઇ | વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેકટીવીટી બાબત | ૪૫ |
| | વલસાડ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી | ૩૧૬ |
| | વલસાડ જિલ્લામાં વિકલાંગોને શિષ્યવૃતિ | ૨૦૮ |
| | વલસાડ જિલ્લામાં સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટીની શાળાઓનું સંચાલન | ૯૯ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને બોટાદ જિલ્લાને નવી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી | ૧૧૫ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં બાંધકામ મજુર કલ્યાણ માટે થયેલ ખર્ચ | ૨૩૧ |
| | ભાવનગર અને ભરૂચ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૩૭૭ |
| | ભાવનગર અને અમરેલી જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી બાબત | ૧૯૦ |
| | ભાવનગર અને જામનગર શહેરની પડતર ટી.પી.સ્કીમ | ૩૪૮ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં તાલુકા પંચાયતનું સંવર્ગવાર મહેકમ | ૬૫ |
